આદિજાતિ વિદ્યાર્થીઓ માટે આ સરકારે ક્રાંતિકારી કહી શકાય તેવાં કેટલાંક પગલાં લીધેલાં છે તે પૈકી મેડીકલ કોલેજોમાં આદિજાતિ વિદ્યાર્થીઓને પ્રવેશ અંગેની બાબત મહત્વની છે. વર્ષો પહેલાં આદિજાતિ વિદ્યાર્થીઓની સીટો મેડીકલ કોલેજોમાં ખાલી રહેતી. આ સરકારે આ અંગે નિશ્ચિત અને મક્કમ રીતે પગલાં લીધા તેમાં આદિજાતિ વિદ્યાર્થીઓને મેડીકલમાં પ્રવેશ સુલભ બને તે અર્થે કેટલાંક

અગત્યના પગલાં લીધાં છે. તેમાં મારા સાથી શ્રી ગણપતસિંહ વસાવાએ ખૂબ સક્રિય એવી ભૂમિકા ભજવી છે. તે અર્થે તેમણે અંગત રસ લઇને વિવિધ સ્થળે કોચીંગ કલાસીસ શરૂ કરાવ્યાં અને આ વર્ષે મોટા ભાગની સીટો પ્રવેશથી ભરાઇ ગઇ છે. તે માટે શ્રી ગણપતસિંહને મોટો યશ જાય છે.

શ્રી ગણપતસિંહ ખૂબજ સાલસ સ્વભાવ ધરાવે છે અને ખૂબજ શાંત અને લો પ્રોફાઇલ વ્યકિતત્વ ધરાવે છે. મારા માનનીય સાથી શ્રી ગણપતસિંહ એવા માનનીય અધ્યક્ષશ્રી વિશે કેટલીક બાબતો આપણે શેર કરીએ તો આનંદ થશે. તેમની મહેનત તથા નિષ્ઠાથી એક અતિબિછડા વિસ્તારના દુર્ગમ સ્થળમાંથી આગળ આવીને માનવ કેટલી પ્રગતિ હાંસલ કરી શકે છે તેનું તેઓશ્રી ઉત્તમ ઉદાહરણ છે.

ઉમરપાડા જેવા વિસ્તારમાં વાડી જેવા નાનકડા ગામમાં આદિવાસી કુટુંબમાં તેઓશ્રીનો જન્મ થયો અને પ્રાથમિક ઉછેર થયો. ભાજપ પક્ષની એક ખાસીયત રહી છે કે નાના પરીવેશમાંથી આવેલી વ્યકિતઓ પણ લોકસેવા અને શુદ્ધ હેતુઓથી મહેનતથી આગળ વધે છે. આજ પરીપાટી પર ઘડાયેલા શ્રી ગણપતસિંહજી એક આદિજાતિ પરિવારમાંથી જાત મહેનતે આગળ વધ્યા છે.

કપરા સંજોગો અને અછત વચ્ચે પણ તેઓશ્રીએ એમ.એ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો તે જે તે સમયની ઘણી જ મહત્વની બીના ગણી શકાય. રાજકારણમાં ફકત ૩૨ વર્ષની વયે જ વિધાનસભાના સભ્ય બન્યા અને ત્રણ ટર્મથી તેઓ ચૂંટાતા રહ્યા છે. તે તેમની આદિજાતિ સમાજ સેવાની કટિબદ્ધતા દર્શાવે છે. તેઓશ્રી વિધાનસભાની વિવિધ સમિતિઓના સભ્ય પણ રહેલા છે. તેમાં સવિશેષ આદિજાતિ કલ્યાણ સમિતિના પ્રમુખનું સ્થાન પણ જવાબદારીપૂર્વક સંભાળેલ છે.

તેઓશ્રીએ વન વિકાસ નિગમમાં ડાયરેકટર તરીકે સેવાઓ આપેલ છે. તેમજ વન અધિકાર સમિતિમાં પણ સેવાઓ આપેલ છે અને ઉમરપાડા તાલુકામાં તો તેઓની સેવાની અનેરી સુવાસ ફેલાયેલી છે. તેઓશ્રીએ તાલુકા ખેત ઉત્પન્ન બજાર સમિતિમાં પ્રમુખ તરીકે સેવા આપેલ છે. આમ શ્રી વસાવા નાની ઉંમર છતાં ખૂબ જ કસાયેલા કટિબદ્ધ સેવાવ્રતધારી રહ્યા છે. એક નાના પરિવેશમાંથી માનવ સદભાવના અને સેવાનિષ્ઠાથી કેટલા આગળ વધી શકે છે તથા કયા પદ સુધી પહોંચી શકે છે તેનું આ વધુ એક ઉદાહરણ આપણી સમક્ષ આવેલું છે. આજની તેમની અધ્યક્ષપદ પરની પસંદગીએ તેમની સેવાવૃત્તિ, સદભાવના અને નિષ્ઠાને સલામીરૂપ છે અને તેમને આ માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ.

આ સરકાર આ મહેનતકશ અને સેવાનિષ્ઠ મારા સાથી મિત્ર માનનીય અધ્યક્ષશ્રીને સભાગૃહના સરળ સંચાલનમાં સંપૂર્ણ સહયોગ કરશે તેની ખાતરી આપે છે.

આ તબક્કે મારે વિપક્ષના સાથી મિત્રોનો પણ આભાર માનવો છે અને તેઓએ યોગ્ય વ્યકિતની પસંદગીમાં સહકાર દાખવીને પ્રશંસનીય કામગીરી કરી છે. ચાલો આપણે સૌ આવી જ રીતે રચનાત્મક અભિગમથી જનતાની સેવા કરીએ, ગુજરાત તથા ભારતનો વિશ્વસ્તરે જય જયકાર કરીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાં આ સ્થાન ઉપર આપ ૨૪ ફેબ્રુઆરી–૨૦૧૧માં બિરાજમાન થયા હતા. જે ૨૬ ડિસેમ્બર–૨૦૧૨ સુધી આપ આ પદ પર હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વિરોધપક્ષના લોકોએ.. આપના નામ ઉપર એ સ્વાભાવિક છે કે આપનું નામ હોત, નીતિનભાઇનું હોત, સૌરભભાઇનું હોત તો પણ અમે સમર્થન આપવાના હતા. ઘણી વખત આ હોદ્દાની ગરિમા અને એક શિક્ષણ વિભાગ બે વસ્તુ સ્વેચ્છાએ પ્રજાના પ્રતિનિધિએ જવાબદારી માથે આવે તો અદા કરવા માટે ઇચ્છા વ્યક્ત કરવી જોઇએ. અહીં ટેકનિકલી આપ હવે ભારતીય જનતા પાર્ટીના સભ્ય નથી. અમને પણ એવું લાગવું જોઇએ કે આપ સભ્ય નથી અને એટલા માટે આ ટેકનિકલ વિધિ જે મેમ્બરશીપના રાજીનામાની એ સાચા અર્થમાં પુરવાર થાય એવી અપેક્ષાઓ અમે આપની પાસે રાખીશું.

લોકશાહીની ઉચ્ચ પરંપરા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તેમ બહુ સ્વાભાવિક છે કે એક સામાન્ય પરિવારમાંથી આવીને આપ આજે વિધાનસભામાં ધારાસભ્યોનું સંચાલન, અમે બધા બાળકો કહેવાઇએ તેના હેડમાસ્તર તરીકેનો રોલ આપે પ્લે કરવાનો છે. અહીં સભ્યો પ્રજાની વાત રજૂ કરવા માટે આવે છે. કોંગ્રેસ–ભાજપ નથી હોતું. એ ટેકનિકલી છે. હાઉસની બહાર હોય છે. બહુ ટાઇટ કમ્પાર્ટમેન્ટ નહીં સારા, આઇધર ઓર. ત્યાં કે અહીં બન્ને ઠેકાણે ઘણી વખત હું જોઉં છું કે બહુ ટાઇટ કમ્પાર્ટમેન્ટ હોય છે. ટાઇટ કમ્પાર્ટમેન્ટથી

નુકસાન છેવટે લોકોને છે. પ્રશ્નો રજૂ થાય, અહીં થાય કે ત્યાં થાય. પ્રજાને લગતો હોય છે. કોઇ કોંગ્રેસ માટે કે ભાજપ માટે કોઇ સભ્ય અહીં રજૂઆત કરતા હોય કે મારી પાર્ટીનું આમ તેમ, એવું નથી હોતું. તો એ સ્પીરીટ સાથે જયારે આ હાઉસનું સંચાલન આપના હાથમાં આવ્યું છે ત્યારે કેટલીક ઉચ્ચ પરંપરાના દાખલાઓને અનુસરવાની કોશિશ થાય તો અમને ગમશે.

મને યાદ છે, સોમનાથ ચેટરજી સી.પી.એમ.ના બહુ કટ્ટર એટલે બી.જે.પી. કરતાંય કડક આઇડીયોલોજીવાળી પાર્ટીમાંથી એ રાજીનામું આપીને લોકસભાના અધ્યક્ષ બનેલા. સ્પીકર બનેલા. બહુ ક્રિટીકલ, એનર્જીની બાબતમાં એમની પાર્ટીએ એમને કહ્યું કે તમે આ સરકાર કાઢો અને તમે અધ્યક્ષ પદેથી રાજીનામું આપો. એ માણસ જે હાઉસના સિનિયર મોસ્ટ, બહુ સારા વકીલ કહી શકાય અને જે બધી સંસદીય પરંપરાઓના બહુ જાણકાર કહી શકાય તેમણે એ પાર્ટીને Disown કરવાનું પસંદ કર્યું અને ઘર પકડીને બેસી ગયા. કેટલા દુઃખી થયા હશે તેની કલ્પના આપણે કરી શકીએ, પણ પાર્ટીને પણ અધ્યક્ષપદ વશ ન થયું તેનો એક ઉત્તમ દાખલો સોમનાથ ચેટરજીનો કહી શકાય. અહીં હાઉસમાં ભૂતકાળમાં ઘણી વખત એવું બને છે કે ગેટ આઉટ.. અને અહીંથી પ્રસ્તાવ આવે કે આ ધારાસભ્યોને અમે ગૃહની બહાર કાઢી મૂકીએ છીએ. બહુમતી છે, કાઢી મૂકાય. પણ એ નથી. મારી શકાય. જીવાડવા માટે દવાખાના હોય છે. કાઢી મૂકવા માટે તમે એકના બદલે દસ લોકો કહો કે આ બધાને કાઢી મૂકો. નક્કી આપણે કરવાનું છે. એ કાઢી મૂકવાનો આશય, એમની જે સહિષ્ણુતા હોવી જોઇએ. હું સહનશક્તિ નથી કહેતો. ટોલરન્સ. એ જે સહિષ્ણુતા હોવી જોઇએ એ જો હાઉસમાં નહીં હોય તો બહુ લાંબી મજલ તમે ખેંચી રહ્યા છો. આટલા વર્ષોથી અહીં છો અને એટલી જો તમારામાં સહનશક્તિ યા સહિષ્ણુતા ન હોય અને એક જ પ્રસ્તાવ આવે કે આને કાઢી મૂકો, તો હું માનું છું ત્યાં સુધી આપની કક્ષાએ તેનું સંરક્ષણ અમને મળવું જોઇએ કે તમે બહુમતીમાં છો, તમે આ કરી શકો પણ અમારી વાત ખોટી હોય, ખોટી વાત આ હાઉસમાં ન થાય એવું અમે માનીએ છીએ અને એટલા માટે આપની પાસેથી ઘણી અપેક્ષાઓ છે. આપ અનુભવી છો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપના વિભાગની પણ પ્રશંસા કરી. પ્રશંસા અમે તો આપ સ્પીકર નહીં હો ત્યારે, એના સમયગાળા દરમ્યાન જે યાદગીરી રાખવાની હોય એ યાદગીરી પછી હોય. નીવડ્યે વખાણ જેને આપણે કહીએ એ. એટલે વિરોધપક્ષ તરીકે અમને જરા વધારે નમતું જોખવામાં આવે તો ખોટું નથી. એ પ્રજાના ભલા માટે હશે. કોઇ અમારો મુદ્દો ખોટો હોય તો આપ કહી શકો અને એ વાતને અમે પણ અમારા સભ્યને સમર્થન નહીં આપી શકીએ. એટલે આપની પાસેથી ઘણી બધી અપેક્ષાઓ છે અને એ અપેક્ષાઓની શરૂઆત હમણાં પ્રશ્નકાળ થશે એટલે જ કદાચ આપની પાસે અપેક્ષાઓની અમે રજૂઆત પણ કરીશું કે આમ છે અને તેમ છે તો એ અપેક્ષાઓ પૂરી થાય એ શબ્દો સાથે આપની આ ટર્મ હું માનું છું ત્યાં સુધી જે સ્વીકાર્યું છે તો દિલથી સ્વીકારીને બહુ સાચો ન્યાય આપવાની આપ કોશિશ કરશો એ શબ્દો સાથે મારા તરફથી, મારા પક્ષ તરફથી, વિપક્ષ તરફથી આપને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ધન્યવાદ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપના નામની અધ્યક્ષ તરીકેની દરખાસ્ત મૂકી અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને એમના પક્ષે ટેકો આપીને સર્વાનુમતે આપની આ ગૃહના નેતા તરીકે વરણી કરી છે ત્યારે સભાગૃહના બધા સભ્યશ્રીઓ વતી આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આપશ્રી વિધાનસભાનું ખૂબ સારી રીતે સંચાલન કરી ચૂક્યા છો, સંસદીય બાબતોના મંત્રી તરીકે પણ આપે ખૂબ સુંદર કામગીરી કરેલ છે. આ સ્થાન માટે આપનો અનુભવ, સંસદીય મંત્રી તરીકેનો અનુભવ અને જેમ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે ગરીબ આદિવાસી વિસ્તારમાંથી આ સ્થાન ઉપર આપ નાની ઉંમરે પહોંચ્યા છો. એ આપની પ્રજા પ્રત્યેની, ભૂતકાળમાં પક્ષ પ્રત્યેની અને આપશ્રી મંત્રી હતા ત્યારે મંત્રી તરીકેની કામગીરીમાં નિષ્ઠા, કર્તવ્ય પરાયણતાના કારણે આપશ્રીની આ ગૃહના સર્વોચ્ચ સ્થાન એવા અધ્યક્ષના સ્થાને આપની નિમણૂક કરી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આજે ખૂબ હળવા મુડમાં લાગે છે. ખૂબ

સારી રીતે ભૂતકાળના બનાવોની વાત કરી છે. અમે પણ સરકાર પક્ષ તરફથી ચોક્કસ અપેક્ષા રાખવાના. આપણા ગૃહનું સંચાલન ખૂબ સારી રીતે થાય અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી છે. સરકાર પક્ષે અને ભારતીય જનતા પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓ છે એમના તરફથી આપને સંપૂર્ણ સહયોગ આપીશું. વિપક્ષના નેતાશ્રીએ પણ ખાતરી આપી છે. આ ગૃહનું સંચાલન સારી રીતે થાય અને બન્ને પક્ષ સારી રીતે મળીને ગુજરાત સરકારની અને ભારત સરકારની યોજનાઓનો અમલ કરીને નાના માણસોની જરૂરિયાતો એમના પ્રશ્નોની અહીંયાં ચર્ચા થાય અને યોગ્ય દિશામાં વિકાસ તરફ આગળ વધીએ એ દિશામાં આપનું માર્ગદર્શન અને સહયોગ મળશે એવી સરકારની અપેક્ષા અને અમારા સૌ વતી આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી શક્તિસિંહ ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, આપને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. માવલંકર દાદાના સંસ્કારો અને ગુજરાતની વિધાનસભાની ખૂબ ઊંચી ગરીમા રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાની પરંપરાઓ સમગ્ર દેશમાં પ્રશંસનીય રહી છે. આપશ્રી આ આસન ઉપર બેસીને જે કોઇ કામગીરી કરો તે વિધાનસભાના ઈતિહાસમાં ચિરંજીવ રહેવાની છે. એક નદીની કવિતા કહેવાનું મન થાય છે. મેન મે કમ, મેન મે ગો, આઇ એમ ફોર એવર. એમાં આ ખુરશી, આ વિધાનસભામાં બેઠેલા આપણે સૌ  એમાં કોઇ ચિરંજીવ નથી. આપણે આવીશું, આપણે જતા રહીશું, પરંતુ વિધાનસભાની કાર્યવાહીની નોંધો, વિધાનસભાનો ઈતિહાસ એ ચિરંજીવ રહેવાનો છે. એ પરંપરાઓને જાળવવાની બન્ને પક્ષની જવાબદારી રહેલી છે. એમાં સત્તાધારી પક્ષના શિરે વધારે રહે છે. કારણ કે, આ સત્તાધારી પક્ષને અને એને બેલેન્સ રાખવાની જવાબદારી આપના આસન પાસે છે. એટલા માટે આપની પાસે અપેક્ષાઓ પણ વિશેષ હોય છે. આ જ આસન ઉપર બેસીને સ્વ.રાઘવજીભાઇ લેઉવા, સ્વ.કુંદનલાલ ધોળકીયા, સ્વ.નટવરલાલ શાહ, એમના બોલેલા શબ્દો, એમણે આપેલા નિર્ણયો આજે પણ અમે યાદ કરીએ છીએ. સામા પક્ષે એની નોંધ લેવાય છે. કારણ કે, એમણે કરેલા નિર્ણયો એનું બહુ જ મહત્વ છે. મને યાદ છે કે, સ્વ.હરિશ્ચંદ્ર પટેલ આ ચેર પર હતા. હું વિરોધપક્ષમાં હતો. એક બિલ ઉપર બોલતો હતો. એક કલાક બોલ્યા પછી ભારતીય જનતા પાર્ટીના સભ્યશ્રી યતિનભાઇ ઓઝાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો કે, ઘણા સમયથી બોલે છે. માનનીય અધ્યક્ષશ્રી હરિશ્ચંદ્ર પટેલે કહ્યું કે, બેસી જાઓ. બિલ ઉપર સ્કાય ઇઝ ધ લિમિટ. એ સ્કોપમાં બોલે છે. એને બોલવા દઇશ. અને અઢી કલાક સુધી આ વિધાનસભાગૃહમાં વિરોધ પક્ષના સભ્ય તરીકે મને સ્વ. હરીશચંદ્રભાઇ પટેલે બોલવાની રજા આપી હતી.  એ ઈતિહાસ યાદ રહેતો હોય છે.  સ્વ. નટવરલાલ શાહ અધ્યક્ષશ્રીની ખુરશી પર  બેઠા પછી ઓન રેકોર્ડ એમણે કહ્યું કે હું જયારે ચૂંટાયો ત્યારે સત્તાધારી પક્ષના નિશાનના સિમ્બોલ ઉપર ચૂંટાયો છું. પરંતુ આ ખુરશી ઉપર આવ્યા પછી એ નિશાન મટી જાય છે, મારે કામ તટસ્થતાથી કરવાનું છે.  પરંતુ વિરોધપક્ષ એ લઘુમતી માં છે.  લઘુમતી નો અવાજ બહુમતી  ન દબાવી દે એ જોવાની મારી ફરજ છે  અને આ ફરજ બજાવતા બજાવતા મારા માથે કદાચ કલંક લાગે કે હું પ્રોઓપોઝીશન છું, હું પક્ષપાત કરીને વિરોધપક્ષને મદદ કરું છું  તો આ કલંક મારા માથે લેવાની મારી તૈયારી છે આ અધ્યક્ષના ઉચ્ચ આસન પરથી બોલાયેલા શબ્દો જે વિધાનસભાના રેકર્ડમાં નોંધાયેલા છે.

આપણને સૌને ગૌરવ થાય સ્વ. શશીકાંતભાઇ લાખાણી આ આસન ઉપર બેઠા હતા, વિરોધ પક્ષના સભ્ય તરીકે એક જૂનીયર સભ્ય તરીકે ખૂબ આક્રમક રીતે હું બોલ્યો, અને હું બોલીને બેઠો ત્યારે ગ્રીન સહીથી લખાયેલી એક ચિઠ્ઠી આવેલી હતી, ખૂબ સરસ બોલ્યા અભિનંદન, શશીકાંત લાખાણી.  આ સ્પીકરોના રોલ રહ્યા છે.  જુનીયર મેમ્બર્સને પ્રોત્સાહિત કરવા માટે, આપના પૂરોગામી માનનીય વજુભાઇ વાળાને પણ હું યાદ કરીશ, હું ચૂંટાઇને આવ્યો ત્યારે હસતા હસતા એમણે કહ્યું હતું, એ મને કહેવા આવ્યા હતા કે આ બહુ વિરોધ કરે છે, વજુભાઇની જ શૈલીમાં તળપદી ભાષામાં એમણે કહ્યું હતું કે મેં અમારાવાળાને પણ કીધું કે વિરોધપક્ષ વિરોધ જ કરેને? મંજીરા થોડા વગાડવા અહીં આવતા હોય છે? આ એમનો રોલ હતો.  આપણે જોયું એમના કાર્યકાળ દરમિયાન વિરોધપક્ષનો આક્રોશ કયારેય એ હદે ન ગયો જયાં સુધી વજુભાઇ આ ખુરશી ઉપર બેઠા હતા, શા માટે ના થયું?  વિરોધ પક્ષ છે એને જયારે અન્યાયનો વધારે પડતો અહેસાસ ન થાય

ત્યાં સુધી વિરોધ પક્ષ પણ એની મર્યાદા મૂકતો નથી, કારણ કે તટસ્થતા અને ન્યાય કરનારું આસન છે એ અમને ન્યાય આપતું હોય તો અમે અમારી મર્યાદા મૂકીએ નહીં એ કોઇપણ વિરોધ પક્ષમાં હોય, એને એ વાતનો અહેસાસ હોય છે. માનનીય વજુભાઇએ મારા પક્ષના નેતાનું હંમેશાં માન રાખ્યું હતું, અમારી શિબિર હતી, સામેથી આમારા ધારાસભ્યોની વચ્ચે આવીને કહ્યું, તટસ્થતાપૂર્વક એમણે વાત કરી, અને કદાચ એમની તટસ્થતા અને ન્યાયની ભૂમિકા જ એમને આ પદથી ગવર્નર સુધીના પદ સુધી લઇ ગઇ છે. હું આપના માટે પણ શુભેચ્છાઓ વ્યકત કરું છું કે આપની તટસ્થતાવાળી ભૂમિકા (અંતરાય) વાત સાચી છે નિરંજનભાઇની, કે એમના પક્ષના સભ્યોના વખાણ કરો છો તો પણ ત્યાં પાટલી નથી થપથપાવતા. આ પદ એની શરૂઆતનો ઇતિહાસ પણ જોઇએ તો રાજાશાહીના વખતમાં જે પ્રજાહિત ઇચ્છતા હતા એ રાજાઓએ પરંપરા ચાલુ કરી એ રાજા સાથે બધા વાત ન કરી શકે અથવા રાજા પાસે કોઇ વિરુદ્ધની વાત કરવા આવે તો રાજાના મનમાં કદાચ દ્વેષ રહે એટલે રાજા એક તટસ્થ વ્યકિતને એપોઇન્ટ કરતા જે પ્રજાની વાત સાંભળતા અને એ પછી રાજાને કહેતા કે તમારી આ પોલીસીનો પ્રજામાં આ પ્રકારનો વિરોધ છે. એટલે કહેવાતું ઇગ્લેન્ડમાંથી શરુ થયેલી પરંપરા એ પરસન હુ કેન સ્પીક ટુ ધ કીંગ જે રાજાને વાત કરી શકે તે એ સ્પીકર અને એ રીતે સ્પીકરના હોદ્દાની શરૂઆત થઇ. જે પરંપરા લોકશાહીમાં ચાલુ છે. કેટલીક રાજય સત્તાઓ ભૂતકાળના રાજાઓની વખણાય છે, કારણ કે એ રાજા વેશ પલટો કરીને પ્રજામાં જતો કે મારી વિરુદ્ધનો શું સૂર છે લાવો જરા હું સાંભળું. અહીંયા વેશ પલટો કરવાની જરૂર નથી, એમને એમ અમે સંભળાવીએ છીએ અને એ બરાબર સંભળાય એની જવાબદારી આપના પાસે છે. આપના મારફ્ત થાય છે. આપના મારફ્તથી જોઇએ. આપણે રામ રાજ્યને યાદ કરીએ છીએ કારણ કે એ રાજમાં એક વિરોધનો સૂર ધોબી પાસેથી નીકળ્યો તો એ વિરોધના સૂરને માન અપાયું હતું. વિરોધ પક્ષના સૂરને માન આપે તે રામરાજ્ય એના સિદ્ધાંતે એ થઇ શકે છે. અમારી આપની પાસેથી ખૂબ અપેક્ષાઓ છે. અમારા નેતાશ્રીએ ખાતરી આપી છે એમાં હું સૂર પુરાવું છું કે અમારા તરફથી ગૃહના સંચાલનમાં પૂરેપૂરો સહયોગ રહેશે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે અમને ન્યાય મળે. એ માટે આપના આસન તરફથી આપણી ઉચ્ચ સંસદીય પ્રણાલિકાઓ જળવાય એ પ્રકારની પરસ્પર સમન્વયની ભૂમિકા રહે એવી સંપૂર્ણ અપેક્ષાઓ સાથે મારા અને મારા પક્ષ તરફથી આપશ્રીને ખૂબ ખૂબ હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવીને વિરમું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના અધ્યક્ષ તરીકે આપની પસંદગી થઇ છે ત્યારે હું અને ગુજરાતની ૯૦ લાખ આદિવાસી પ્રજા વતી આપને દિલથી આવકારીએ છીએ અને અભિનંદન પાઠવીએ છીએ. ભૂતકાળમાં આપે આ ગૌરવવંતુ પદ સંભાળ્યું હતું. ભૂતકાળમાં આવી જ રીતે માનનીય અમરશીભાઇએ મુખ્યમંત્રી તરીકે ખૂબ સારી કામગીરી કરી અનેક જવાબદારીઓ સંભાળી હતી અને પછાત વર્ગ માટે ખૂબ સારી કામગીરી કરી હતી. આપની પાસે અમે એવી જ અપેક્ષાઓ રાખીએ છીએ. ખાસ કરીને ધારાસભ્યો જ્યારે ચૂંટાઇને આવે છે ત્યારે પ્રજાના પ્રશ્નોને લઇને અહીંયા આવે છે. ધારાસભ્યનું કામ કાયદો ઘડવાનું હોય છે ત્યારે અમે એવી અપેક્ષા રાખીએ છીએ, અમે વિરોધ પક્ષમાં છીએ અને જે સામે સત્તા પક્ષમાં છે એ બન્ને પાર્ટી કાયદાથી વાકેફ હોય છે પણ એનું વલોવણું થઇ જાય અને તો જ સાચી રીતે કાયદાને એનું સ્વરૂપ મળી શકે. પ્રશ્નોત્તરી હોય ત્યારે ખાલી વિધિ પતાવવા માટે નહીં પણ એના પ્રશ્નોની બરાબર સમજણ આવે અને એનાથી પ્રજાને કોઇ ફાયદો થાય તો કદાચ એ પ્રશ્નનો ઉકેલ આવ્યો ગણાશે. બજેટ સેશનમાં પણ એવું જ થાય છે. આપણે ખાલી ટાઇમ ફાળવીએ છીએ કે પ્રૌરેટા પ્રમાણે તમને આટલો ટાઇમ આપીએ છીએ. પણ મને લાગે છે કે આવી ચર્ચાઓ જ્યારે થતી હોય ત્યારે વધારાનો ટાઇમ આપવાથી સભ્યશ્રીની લાગણી અને પ્રજાની જરૂરિયાત પ્રમાણે એને સ્વરૂપ આપી શકીએ. આપની આદિજાતિ વિકાસ અને વન વિભાગ અંગેની કામગીરી પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવી. પ્રજાને ઘણી જગ્યાએ ફાયદો પણ થયો છે. પહેલાં તો અમને ખૂબ આનંદ થયો કે અમારા સમાજમાંથી અધ્યક્ષ બન્યા. પરંતુ અનુભવે એવું જણાયું કે માનનીય પંકજભાઇ સામે બેઠેલા હોય તો એ નક્કી કરે કે અવાજ કોણ કરે છે અને નેઇમ કોને કરવાના છે. થોડીવારમાં તૈયારી કરતા હોય કે કોને બહાર કાઢવાના છે. અમે અપેક્ષા રાખીએ, આપ એવા પદ પર બેઠા છો ત્યારે બન્નેની ભૂમિકા જૂઓ અને તમારી ભૂમિકા ખૂબ અગત્યની છે. માનનીય

શક્તિસિંહભાઇએ કહ્યું એમ ઈતિહાસ યાદ રખાતો હોય છે કે તમે કેવો વહીવટ કર્યો. આવા સંજોગોમાં આપ આ પદ પર છો ત્યારે દરેકને ન્યાય મળે અને ખાસ કરીને વિરોધ પક્ષને. વિરોધ પક્ષની ભૂમિકા એવી રહેવાની કે એમાં થોડો આક્રોશ કરવો પડે પણ આપે એનો ન્યાય કરવાનો છે. ત્યાં અમારો અવાજ ક્યાંક દબાઇ ન જાય એટલી અપેક્ષા જરૂર રાખીએ છીએ. અમારા નેતાશ્રી અને શક્તિસિંહભાઇએ કહ્યું એ પ્રમાણે અમારો પૂરેપૂરો સહકાર રહેશે એવી આપને ખાતરી આપીએ છીએ.

**શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :** રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહના નેતા બેનશ્રી આનંદીબેન અને માનનીય વિપક્ષના નેતા શંકરસિંહ બાપુએ જોઇન્ટલી સર્વાનુમતે આપને જ્યારે વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિમણૂક કરી છે ત્યારે મારા વતી હું આપને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને ડો. બાબા સાહેબ આંબેડકરે રચેલ બંધારણ અને એ બંધારણના ભાગરૂપે ચાલતી લોકશાહી, એ રાજ્યસભા હોય, લોકસભા હોય કે વિધાનસભા હોય, વિધાનસભા હોય છેક પંચાયત સુધી સાચો ન્યાય, અધિકાર એ વંચિતોની જ્યારે વાત આવે ત્યારે આજે આ વિધાનસભા ગૃહમાં એક આદિવાસી ધારાસભ્ય તરીકે જ્યારે આપ જીતીને આવ્યાં છો અને આ સભાગૃહના આપ અધ્યક્ષ તરીકે જ્યારે બિરાજમાન થયા છો ત્યારે ડો.બાબા સાહેબ આંબેડકરે અનામત નીતિની અંદર જો ગુજરાતની અંદર ૨૭ સીટો ઉપર આદિવાસી સમાજને અનામતનું ધોરણ જો દાખલ ના કર્યુ હોત તો આજે આદિવાસીનો દીકરો આ વિધાનસભાના અધ્યક્ષ તરીકેના સર્વોચ્ચ પદ ઉપર બિરાજમાન ના થઇ શક્યો હોત એનો જશ જતો હોય તો એ ડો.બાબા સાહેબ આંબેડકરને જાય છે. એવીજ રીતે દલિત સમાજ માટે પણ ૧૩ સીટોનું આ રાજ્યમાં અનામતનું ધોરણ દાખલ કરીને જે ૧૩ દલિત ધારાસભ્યો આ વિધાનસભા ગૃહની અંદર બેસે છે એનો જશ પણ ડો.બાબા સાહેબ આંબેડકરને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપની જ્યારે વરણી થઇ છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કીધું કે આદિવાસી ધારાસભ્ય તરીકે આપ બીજી વખત આ વિધાનસભા ગૃહના અધ્યક્ષ તરીકે જ્યારે બિરાજમાન થયા છો ત્યારે ભૂતકાળની અંદર જ્યારે ૧૯૬૦ની અંદર જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપના થઇ અને ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ૭ વર્ષના ટૂંકા સમયગાળા દરમ્યાન પ્રથમ દલિત ધારાસભ્ય સ્વ.શ્રી રાઘવજીભાઇ લેઉઆને આ વિધાનસભાના અધ્યક્ષ બનવાનો મોકો મળ્યો હતો એ પણ આજે ઈતિહાસ ગવાહ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સભાગૃહની અંદર માનનીય શક્તિસિંહબાપુ, નિતીનભાઇ અને બાપુએ જે વાત કરી કે વિધાનસભા ગૃહના જે નિયમોને આધીન આ ગૃહ ચાલતું હોય છે ત્યારે સત્તાપક્ષ તરફથી માનનીય મંત્રીશ્રી તરફથી કોઇ જાહેર અગત્યની બાબતે જ્યારે કોઇ નિવેદન કરવાની વાત હોય નિયમ-૪૪ મુજબ, માનનીય અધ્યક્ષશ્રી, એની મંજૂરી અગાઉથી લેવામાં આવે છે અને જાહેર અગત્યની બાબતોના નિયમ બાબતમાં માનનીય મંત્રીશ્રી અગત્યનું નિવેદન સભાગૃહની અંદર કરી શકે છે. એ જ રીતે આ રાજ્યની અંદર બનતી કોઇ તાકીદની બાબત જ્યારે નિયમ-૧૧૬ હેઠળ દાખલ કરવામાં આવે છે ત્યારે એ નિયમ-૧૧૬ નો નિયમ એવો છે કે બે દિવસની અંદર એની દરખાસ્ત વિધાનસભા ગૃહમાં અધ્યક્ષ સમક્ષ મૂકી દેવાની હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું છે કે રાજ્યની અંદર કોઇ તાકીદની જાહેર અગત્યની બાબત બનતી હોય એ નિયમોની અંદર, ૧૧૬ની અંદર જ્યારે બે દિવસનો સમયગાળો આપ્યો હોય ત્યારે વિધાનસભાગૃહ જ બે દિવસ માટે મળતું હોય જાહેર અગત્યની બાબતે કોઈપણ ધારાસભ્યને એનો પ્રશ્ન જ્યારે પૂછવો હોય ત્યારે એ પ્રશ્ન પૂછવા માટે નિયમની અંદર જે પ્રાવધાન કરવામાં આવ્યું છે એના ભાગરૂપે ધારાસભ્ય નિયમ-૧૧૬ મુજબ બે દિવસની મળતી વિધાનસભામાં પ્રશ્ન પૂછી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને ફરી એક વખત વિનંતી કરું છું અને અભિનંદન પણ આપું છું કે આ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપ છો ત્યારે આ દેશનું સૌથી મોટું લોકશાહીનું આપણું મંદિર લોકસભા-પાર્લામેન્ટની અંદર ઝીરો અવર્સનું જ્યારે પ્રાવધાન છે ત્યારે આપણા વિધાનસભા ગૃહની અંદર ઝીરો અવર્સનું જ્યારે પ્રાવધાન નથી ત્યારે ભૂતકાળમાં ૧૦૦% અધ્યક્ષના નિર્ણયો આ કાર્યવાહી થકી વિધાનસભાના નિયમો મુજબ ચાલતી કાર્યવાહી થકી આપ ટૂંકા સમયગાળા દરમ્યાન એવા કોઇ ઐતિહાસિક નિર્ણયો લેવાય અને ભવિષ્યમાં આવનાર પેઢી પણ કહે કે માનનીય ગણપતભાઇ વસાવાએ આ નિર્ણય

લીધો હતો અને એ નિયમોને આધીન વિધાનસભાના અધ્યક્ષ પાસે દરખાસ્ત કરું છું. આ વિધાનસભા ગૃહમાં આપ આદિવાસી માનનીય અધ્યક્ષ તરીકે બિરાજમાન છો ત્યારે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ બનાવ હશે કે વિધાનસભા ગૃહના અધ્યક્ષશ્રી અને ઉપાધ્યક્ષશ્રી પણ એક આદિવાસી સમાજના છે એવો આ પ્રથમ બનાવ છે. એવી રીતે આ વિધાનસભા ગૃહના નેતા પણ પટેલ સમાજના છે અને વિધાનસભાના મુખ્યદંડક પણ પટેલ સમાજના છે. અને એવી જ રીતે વિપક્ષના નેતા પણ માનનીય અધ્યક્ષશ્રી, ક્ષત્રિય સમાજના છે અને એના મુખ્ય દંડક પણ ક્ષત્રિય સમાજના છે. આવા ત્રિવેણી સંગમમાં આપ જયારે બિરાજમાન થયા છો ત્યારે અમે આપની પાસે વિપક્ષના સભ્ય તરીકે, એક યુવાન ધારાસભ્ય તરીકે આપની પાસે અપેક્ષા રાખીશું કે, આપ અમને પૂરો સાથ અને સહકાર આપશો. ફરી એક વખત આપને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, આભાર.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(વિરોધ પક્ષના મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતા આદરણીય મુરબ્બી શ્રી શંકરસિંહજી વાઘેલા સાહેબ, બન્ને પાર્ટીના ભેગા થઇને જ્યારે માનનીય અધ્યક્ષશ્રીની નિમણૂક કરી છે ત્યારે હું મારી પાર્ટી વતી એક દંડક તરીકે આપને ખૂબ દિલથી શુભેચ્છાઓ પાઠવું છું અને જે લોકોએ હમણાં સરસ વાતો કરી છે એમાં મારો સૂર પુરાવું છું અને માનનીય અધ્યક્ષશ્રી, એક દંડક તરીકેની ભૂમિકા એ ભૂતકાળમાં પણ ૨૦૦૪ થી ૨૦૦૭ અને અત્યારે બજાવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી માટેની જે અમારી પાર્ટી તરફથી જે સહયોગ, ભૂતકાળમાં પણ અમે જેટલો હતો એટલો જ આપ્યો હતો અને આવનાર સમયમાં પણ ચોક્કસ આપીશું. ખાસ કરીને શૈલેષભાઈએ ઝીરો અવર્સની જે વાત કરી એ બહુ ટાઇમથી અમારી વિનંતી છે, કોઇ એવી એક નવી પરંપરા શરૂ થાય અને અમારી પાર્ટી વતીથી ફરીથી આપને શુભેચ્છા પાઠવું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે આપની સર્વાનુમતે થયેલી વરણીને હું આવકારું છું. ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રી અને અમારા નેતા માનનીય શંકરસિંહજીએ જે આપની વરણીને આવકારતા પ્રવચનો કર્યા એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ ઘણી બધી વાત કરી. હું તો માત્ર એટલું જ કહીશ કે, સાહેબ આ ખુરશી કાયમી નથી, બેસનાર વ્યક્તિ કાયમી નથી. એની જે કામગીરી છે એ કામગીરીની યાદગીરી કાયમી છે. એક કવિએ કહ્યું છે કે,

**નામ રહંતા ઠકરા, નાણાં નહિં રહંત,**
**કીર્તિ કેરા કોટડા, પાળ્યા નવ પળંત.**

આજે આપણે સ્વર્ગસ્થ વિઠ્ઠલભાઇ પટેલને યાદ કરીએ છીએ. અંગ્રેજોએ બનાવેલી ધારાસભામાં એ સ્પીકર હતા. એમણે એ વખતે જે હિંમતભર્યા નિર્ણયો લીધા એનો ઈતિહાર સાક્ષી છે. આજે આપણે પૂજ્ય માવલંકર દાદાને યાદ કરીએ છીએ. આજે આપણે સ્વ. રાઘવજીભાઇ લેઉઆ, નટવરલાલ શાહ, કુંદનલાલ ધોળકીયા, બરજોરજી પારડીવાળા, વજુભાઇ આ બધાને યાદ કરીએ છીએ. અમે અપેક્ષા રાખીએ કે, આપ આ જે હરોળ છે જેની યાદગીરી ગુજરાતના ઈતિહાસમાં કાયમ રહી છે એ હરોળમાં આપનું નામ રાખો, એવી તટસ્થતાથી આ વિધાનસભાની જે પરંપરા છે, પ્રણાલીઓ છે, નિયમો છે એનું બરોબર પાલન કરો અને ખાસ કરીને અમારા નેતાશ્રીએ કહ્યું એમ, અમે તો વિરોક્ષપક્ષમાં છીએ, અમારી તિતુડીનો અવાજ કોઇ સાંભળે એવી સ્થિતિ નથી ત્યારે આપ અમને રક્ષણ આપો. અમારી સાચી વાત તમે સાંભળો અને ગૃહમાં અમે સારી રીતે કામગીરી કરી અને પ્રજાના પ્રશ્નો ને સારી રીતે હાઇ લાઇટ કરી શકીએ એટલા માટે તમે મદદરૂપ થાવ એવી હું તમારી પાસેથી અપેક્ષા રાખું છું. ફરીથી હું તમને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ આપી વિરમું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભાગૃહના નેતાશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી, માનનીય મંત્રીશ્રીઓ, માનનીય સભ્યશ્રીઓ, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા વિપક્ષના નેતા માનનીયશ્રી શંકરસિંહજી વાઘેલાએ મને અધ્યક્ષપદે પસંદ કરવાની કરેલ દરખાસ્તનો આપ સૌએ સર્વાનુમતે સ્વીકાર કર્યો, તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રી તથા આપ સૌનો હૃદયપૂર્વક

આભાર માનું છું.આપ સૌએ મારામાં જે વિશ્વાસ મુકયો છે અને મારા વિશે જે વાતો કરી છે તેમજ મને જે જવાબદારી સોંપી છે તેને પૂરેપૂરો ન્યાય આપવા હું હંમેશાં પ્રયત્નશીલ રહીશ તેની આપ સૌને ખાતરી આપુ છું.

આપણે સૌ જાણીએ છીએ કે આ દેશના અને ગુજરાતના સપૂત સ્વ. શ્રી વિઠ્ઠલભાઇ પટેલ ૧૯૨૫ થી એ વખતના કેન્દ્રીય ધારાસભાના અધ્યક્ષ હતા. સ્વતંત્રતા બાદ દાદાસાહેબ માવળંકર પણ પ્રથમ લોકસભાના પ્રથમ અધ્યક્ષ હતા. આ બંને મહાનુભાવોએ આપણી સાંસ્કૃતિક પરંપરાને ધ્યાનમાં લઇને નીડરતાથી અને નિષ્પક્ષતાથી પાડેલી ઉચ્ચ સંસદીય પ્રણાલિકા અને પરંપરા આપણા સૌના માટે માર્ગદર્શક અને ગૌરવરૂપ છે. ગુજરાત વિધાનસભાની રચના થયા બાદ મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ ગુજરાત વિધાનસભા માટે કેટલીક આગવી સંસદીય પ્રણાલિકાઓ પાડી છે તે આપણા સૌના માટે માર્ગદર્શક બની રહેશે. આ મહાનુભાવોએ જે કેડી કંડારી છે તે કેડી ઉપર આપણે સૌ સાથે ચાલીએ તેવી હું આશા રાખું છું. ગુજરાત વિધાનસભામાં મારા પુરોગામી અધ્યક્ષે પ્રસ્થાપિત કરેલ ઉચ્ચ સંસદીય પરંપરા અને મૂલ્યોથી ગુજરાત વિધાનસભાએ દેશમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સંસદીય લોકશાહીમાં સભાગૃહની સર્વોપરિતા એ તેનું હાર્દ છે. કારોબારી એ સભાગૃહની અંગભૂત સંસ્થા છે અને રાજયનો વહીવટ ચલાવવા માટેની તમામ સત્તાઓ એ સભાગૃહ પાસેથી મેળવે છે. આ સંજોગોમાં આ સભાગૃહે જે તકેદારી રાખવાની હોય છે કે કારોબારી તંત્ર તેને સોંપવામાં આવેલી સત્તાનો બરાબર ઉપયોગ કરે છે કે કેમ? સંસદીય લોકશાહીમાં મંત્રીમંડળની કામગીરી ઉપર દેખરેખ રાખવાનો અને તેના કાર્યોનો હિસાબ માગવાનો અધિકાર સભાગૃહને આપેલો છે. આ સભાગૃહની ગરિમા અને ગૌરવ જાળવવાની જવાબદારી આપણને સોંપી છે તેથી વિધાનસભા ગૃહનું ગૌરવ અને ગરિમા ઘટે તેવા કોઇ કાર્યથી અળગા રહેવાનું અને પ્રજાના હિતને લક્ષમાં રાખીને જવાબદારી નિભાવવાનું ધ્યેય કેન્દ્રસ્થાને રહે તે આપણા સૌને માટે આવશ્યક છે.

આદર્શ આચારસંહિતા સંસદીય કારકિર્દી માટે આધારસ્તંભ છે. વિધાનસભા એ લોકશાહીનું મંદિર છે. ગુજરાતની પ્રજા એનો પ્રાણ છે અને પ્રજાના પ્રશ્નો ને વાચા આપનાર આપ એનો આત્મા છો, હું એનો પૂજારી છું તો આ લોકશાહીના મંદિરમાં થનારી નિત્ય પૂજા ઉત્તમ રીતે થાય, સમજણ અને સેવા ભાવના દ્વારા આ લોકશાહીના મંદિરની સુવાસ સમગ્ર ગુજરાતના ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચે તેવા પ્રયત્નો આપણે સૌએ સાથે મળીને કરવાના છે. આ સભાગૃહમાં અનેક માનનીય સિનિયર સભ્યશ્રીઓ મારી જમણી બાજુ, ડાબી બાજુ, સામેની બાજુ બેઠા છે. તેઓના અનુભવનું જ્ઞાન તથા માર્ગદર્શન મળતા રહેશે તેવી હું તેઓ પાસેથી અપેક્ષા રાખું છું. સભાગૃહમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ બંને વચ્ચે ચર્ચામાં કયારેક ઉગ્રતા આવતી હોય છે પણ એ ઉગ્રતા મર્યાદાપૂર્વક હોય તે જરૂરી છે. ધીરજ, સહિષ્ણુતા, મર્યાદા એ સંસદીય લોકશાહી માટે અતિ આવશ્યક છે. તેને નજર સમક્ષ રાખીને ગૃહની કાર્યવાહીમાં ભાગ લઇશું તો મને શ્રદ્ધા છે કે ગુજરાતની સંસદીય કાર્યરીતિ દેશ અને અન્ય વિધાન મંડળો માટે પણ માર્ગદર્શક બની રહેશે. આમ સભાગૃહનું સફળ સંચાલન કરવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે. ફકત અધ્યક્ષ એકલા જાતે આ કામગીરી કરી શકે નહીં. આપણે સૌ આ વાસ્તવિકતાને સ્વીકારીએ અને દ્રષ્ટિકોણથી આગળ વધીને સભાગૃહના સફળ સંચાલનમાં કોઇ અવરોધ આવશે નહીં તેવી હું આપને ખાતરી આપું છું. ગુજરાત વિધાનસભાનું ગૌરવ અને ગરિમા જળવાય તે રીતે સભાગૃહનું સંચાલન કરવામાં આપ સૌના સહકારની હું આશા રાખું છું.

આ ગૃહના મોટા ભાગના માનનીય સભ્યશ્રીઓ એ વાતના સાક્ષી રહ્યા છે કે ગત વિધાનસભામાં હું દેશના સૌથી નાની વયના સ્પીકર તરીકે કામગીરી આપ સૌના સહકારથી આ ગૃહમાં કરી ચૂક્યો છું. મારી આ સભાગૃહમાં અધ્યક્ષ તરીકેની બીજી ઈનિંગમાં આવોને આવો સાથ સહકાર પ્રજા કલ્યાણ માટે મળશે તેવી મને પૂરી શ્રદ્ધા છે અને એટલા માટે કાર્યભાર સંભાળતા પહેલા આપ સૌ પ્રત્યે આભાર પ્રગટ કરું છું. અંતમાં આપ સૌનો સંસદીય કાર્યકાળ સફળ નીવડે તેવી શુભેચ્છા પાઠવું છું. નેકસ્ટ.

## તારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર જિલ્લામાં કલોલમાં સબ જેલનું મકાન બનાવવાનું આયોજન

* ૧૩૩૦૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કલોલ સબ જેલનું મકાન બનાવવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) અને (૨) કલોલ મુકામે સબ જેલ માટે હાલ નવા મકાનનું આયોજન ન હોઈ મકાન બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો સબ જેલનું મકાન ક્યારે અને કઈ જગ્યાએ બનાવવામાં આવશે ? | |

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના વિકાસની વાતો કરવાવાળી આ સરકારને મારી વિનંતી છે કે કલોલ તાલુકાની અંદર આ સબ જેલનું મકાન કેટલા સમયથી નથી અને જેટલા સમયથી નથી તેટલા સમય દરમ્યાન કાચા, પાકા કામના કેદીઓની સંખ્યા કેટલી હતી અને એ કાચા–પાકા કેદીઓને કલોલ તાલુકામાંથી બીજી જગ્યાએ લઇ જવા માટે સરકારે કેટલો ખર્ચ કર્યો. મારો બીજો પ્રશ્ન જમીન ન હોવાના કારણે આ સબ જેલનું મકાન બાંધી શકાતું નથી એ વાત સાચી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને સકારાત્મક લાગણી સાથે વાત કરીશ કે કલોલ તાલુકાની આ સબ જેલ ૧૯૮૭–૮૮ માં બનેલ, જે ૨૦૦૧ ના વર્ષમાં ભૂકંપ આવતા ક્ષતિગ્રસ્ત થઈ હતી અને ત્યારબાદ આ જેલ એ ઉપયોગ કરવા લાયક નહોતી. એના કારણે બંધ કરવામાં આવેલ છે. અને આગામી સમયમાં ગાંધીનગર જિલ્લામાં ૫૦૦ કેદીઓની ક્ષમતાવાળી જિલ્લા જેલ બનાવવાનું આયોજન સરકાર વિચારી રહી છે. બીજી વાત એમણે કરી કે કયાં સુધીમાં કેટલા કેદીઓ એમાં રાખવામાં આવ્યા હતા અને કેટલો ખર્ચ થયો હતો. તો હાલમાં એમાં ૨૬ જેટલા આરોપીઓ એ જેલમાંથી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે રાખવામાં આવ્યા છે. સરેરાશ ૧૭ થી ૧૮ આરોપીઓ જેમને માસ દરમ્યાન કલોલ કોર્ટમાં રજૂ કરવામાં આવે છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તાલુકા સબ જેલમાં કેવા પ્રકારના આરોપીઓને રાખવામાં આવે છે અને હાલ કલોલ તાલુકામાં સબ જેલ નથી, તો આ તાલુકાના આરોપીઓને કયાં રખાય છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય સભ્યશ્રીએ કહ્યું કેવા પ્રકારના કેદીઓને સબ જેલમાં રાખવામાં આવે છે? તો સબ જેલ સૌથી નીચેની જેલ છે, એટલા માટે જામીન પાત્ર ગુનાઓ હોય એવા કેદીઓને રાખવામાં આવે છે. દારૂ, જુગાર અને સામાન્ય મારામારી સાથે જોડાયેલા હોય તેમાં પકડાયેલ કેદીઓને આ જેલમાં રાખવામાં આવતા હોય છે. અગાઉ મેં કહ્યું તેમ ૨૬ જેટલા આરોપીઓને અમદાવાદ મધ્યસ્થ જેલમાં રાખવામાં આવ્યા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીના જવાબમાં જ આપણને જાણવા મળ્યું કે ૨૦૦૨થી કલોલ તાલુકાની અંદર આ સબજેલનું મકાન નથી. આ સમયગાળા દરમ્યાન સરકારમાં નવી જેલ બનાવવા માટેની કોઇ દરખાસ્ત આવેલી છે કે કેમ? ૨૦૦૨ થી તે આજિદન સુધી કેદીઓની હેરાફેરી કરવા માટેનો કેટલો ખર્ચ થયો?

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ સમગ્રતયા જોઇએ તો રાજયની જેલોમાં કેદીઓની ક્ષમતા અને વાસ્તવિક પરિસ્થિતિ જોઇએ તો ૧–૧૦–૨૦૦૬ની સ્થિતિએ આ ક્ષમતા ૫૫૮૬ની હતી. તેની સામે કેદીઓ ૧૧૪૩૨ હતા.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું કલોલ તાલુકાની જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તેમનો પ્રશ્ન માત્ર કલોલ તાલુકા પૂરતો જ છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું તેના પર જ આવું છું, પરંતુ રાજય સરકારે અસરકારક પગલાંઓથી આજે એ પ્રકારની સ્થિતિ નિર્માણ કરી છે કે આજે કેદીઓની ક્ષમતા ૧૨૩૯૨ની સામે ૧૨૨૮૫ કેદીઓ જેલમાં છે. સમગ્ર ગુજરાતમાં કયાંય જેલમાં એકપણ કેદી વધારે નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સભ્યશ્રીનો પ્રશ્ન માત્ર કલોલ તાલુકા પૂરતો જ છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું તે જ વાત કરું છું કે, સમગ્ર રાજયમાં જયારે આ પ્રકારની સ્થિતિ છે ત્યારે કલોલમાં પણ ૨૬ જેટલા કેદીઓ છે તેમને અમદાવાદની મધ્યસ્થ જેલમાં રાખવામાં આવે છે અને ખર્ચની જે વિગતો છે તે તેમને હું આપીશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી દ્વારા ખર્ચની વિગતો આપને આપવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જમીન અંગેનો પ્રશ્ન પૂછયો છે તે તેમનું હાર્દ છે અને બીજો પ્રશ્ન ખર્ચ અંગેનો પૂછયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ખર્ચની વિગતો માનનીય મંત્રીશ્રી આપને પહોંચાડશે. બીજો પ્રશ્ન શું હતો તે બોલો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચની વિગતો આપીશ. જેલ બનાવવાની વાત કરી તેમાં હું કહીશ કે ગાંધીનગર જિલ્લામાં ૫૦૦ જેટલા કેદીઓને રાખી શકાય તેવી જિલ્લા કક્ષાની જેલનું આયોજન કરેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ જિલ્લા કક્ષાની જેલનું આયોજન છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દરેક તાલુકામાં સબજેલનું મકાન બનાવવું પડતું હોય છે અને દરેક તાલુકમાં સબજેલ હોવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ તાલુકામાં સબજેલ બનાવવા માગો છો કે કેમ એટલો પ્રશ્ન છે. કલોલ તાલુકામાં સબજેલ બનાવવા માગો છો કે કેમ તેટલા પ્રશ્નનો જવાબ આપો.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે કોઇ આયોજન નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે કલોલમાં જેલ બનાવવાનું કોઇ આયોજન નથી. ત્યારે દરેક મામલતદારશ્રી જેલર તરીકેની ભૂમિકા તાલુકા કક્ષાએ સંભાળતા હોય છે. ત્યારે કલોલ મામલતદારશ્રીએ જેલર તરીકે કલેકટરશ્રીના માધ્યમથી ગૃહ વિભાગને કલોલ ખાતે જેલ બનાવવા માટે કોઇ દરખાસ્ત મોકલાવી છે કે કેમ? અને જો મોકલાવી હોય તો નાણાંના અભાવે આ જેલ બનતી નથી કે કેમ? તે આપના દ્વારા જાણવા માગું છું.

શ્રી રજનીકાન્ત સો. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, નાણાંના અભાવે કયાંય અટકયું હોય તેવું નથી. કારણકે મેં કહ્યું તેમ સમગ્ર રાજયમાં આ પ્રકારની સ્થિતિ નિર્માણ થતી હોય ત્યારે અન્યત્ર જે જેલો બનાવવાની વાત કરતા હોઇએ છીએ. મેં કહ્યું તેમ ગાંધીનગરમાં જિલ્લા કક્ષાની એક જેલ બનાવવાનું રાજય સરકારે વિચાર્યુ છે .

## દહેગામ તાલુકાનાં ખેડુતોને નર્મદા નહેર દ્વારા પીયતનો લાભ

* ૧૩૨૨૧ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં થઈને પસાર થતી નર્મદા નહેર ધ્વારા વીસ ગામોને પીયતનો લાભ મળે છે તો બાકીના ગામોના ખેડુતોને નર્મદા નહેર ધ્વારા પીયતનો લાભ આપવા માટે કોઈ આયોજન હાથ ધરવામાં આવ્યું છે કે કેમ, અને | (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકામાં થઈને પસાર થતી નર્મદા નહેરો ધ્વારા દહેગામ તાલુકાના બાવીસ ગામોના પીયત વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે બાકીના ગામોનો નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં સમાવેશ થતો ન હોઈ પિયતનો લાભ આપવા માટે હાલમાં કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો બાકીના ગામોના ખેડુતોને નર્મદા નહેરનો લાભ ક્યારે મળશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, દહેગામ તાલુકામાં જયારે નર્મદાની નહેર પસાર થતી હોય છતાં ૨૦ ગામના ખેડૂતોને નર્મદા નહેર દ્વારા પિયત વિસ્તારમાં સિંચાઇનો લાભ મળતો હોય તો આપશ્રી બાકીના ગામોને સિંચાઇના કમાન્ડ એરીયામાં મૂકવા માગો છો કે કેમ અને ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આખી યોજનામાં ૪૫૮ કિલોમીટર લાંબી આ નહેર છે. આને કન્ટુર કેનાલ કહીએ છીએ. જે બાજુ ગ્રેવીટીથી ઢાળવાળો વિસ્તાર હોય તે આખી કેનાલમાં તે જ તરફ પાણી આપવાની વ્યવસ્થા છે. કમાન્ડ વિસ્તાર પણ એ જ ઢાળવાળા વિસ્તારની અંદર ગ્રેવીટીથી આપણે પાણી આપીએ છીએ. એટલે જે વિસ્તાર ઊંચાણવાળો છે તે વિસ્તારમાં આપણે પાણી આપવાનું આયોજન જ નથી. બાકીના વિસ્તારમાં જે માગણી કરે છે તે વિસ્તારમાં હાલ પાણી આપવાનું કોઇ આયોજન જ નથી. કારણકે પ્રોજેકટમાં તેનો સમાવેશ થયેલ નથી.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે દહેગામ તાલુકામાં નર્મદાનું પાણી કયારથી આપવામાં આવે છે અને દહેગામ તાલુકામાં નર્મદાનો પિયત વિસ્તાર કેટલો છે? આ વિસ્તારના કેટલા ખેડૂતો નર્મદામાંથી સિંચાઇનું પાણી લે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, દહેગામ તાલુકામાં ઓકટોબર ૨૦૦૭થી પાણી આપવાની શરૂઆત કરવામાં આવી. આ તાલુકાનો પિયત વિસ્તાર ૭૪૬૮ હેકટરનો છે અને હાલ તુરત ખેડૂતો ૩૪૫૪ હેકટરમાં જ પાણી લે છે બાકીના વિસ્તારમાં ખેડૂતો હજુ પાણી લેતા પણ નથી પાણી પૂરતું હોવા છતાં.

## અમદાવાદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૧૯ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યુ, | (૧) ૧૬૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩૮,૦૨૦ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૨,૯૩,૧૧૦ |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રશ્નમાં જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં જે પશુ આરોગ્ય મેળાઓ થયા એમાં તાલુકાવાઇસ ક્યા ક્યા પ્રકારની સારવાર કરવામાં આવી? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પશુ આરોગ્ય મેળા અમદાવાદ જિલ્લામાં જે કરવામાં આવ્યા એમાં બાવળા તાલુકામાં ૧૭ પશુ મેળા કરવામાં આવ્યા એમાં તબીબી સારવાર ૮૦૨ પશુઓને કરવામાં આવી, શસ્ત્રક્રીયાની ૨૪, જાતીય આરોગ્યની ૮૭૫ અને કૃમિનાશક દવા પીવડાવવાની ૨૬૯૪ આમ કુલ ૪૬૯૫ પશુઓની બાવળા તાલુકામાં સારવાર કરવામાં આવી. દસક્રોઇ તાલુકામાં ૩૨ મેળામાં તબીબી સારવાર ૭૩૯, શસ્ત્રક્રીયા ૧૨, જાતીય આરોગ્યની સારવાર ૧૩૦૩ અને કૃમિનાશક દવા પીવડાવવાની ૮૨૬૮ અને કુલ ૧૦૩૨૧ પશુઓને સારવાર આપવામાં આવી. દેત્રોજ તાલુકામાં ૧૫ મેળામાં તબીબીની ૨૩૨, શસ્ત્રક્રીયાની ૩૩૦ જાતીય આરોગ્યની ૫૦૪ અને કૃમિનાશક દવા પીવડાવવાની ૫૩૭ આમ કુલ ૨૦૦૬ને સારવાર આપવામાં આવી. ધંધુકા તાલુકામાં ૧૧ મેળામાં તબીબીની ૨૫૨, શસ્ત્રક્રીયાની ૧૩, જાતીય આરોગ્યની ૩૨૭, કૃમનાશક દવા પીવડાવવાની ૩૦૨ અને કુલ ૧૪૯૪ પશુઓને સારવાર કરવામાં આવી. ધોલેરા તાલુકાના ૮ મેળામાં તબીબી માટે ૫૩૫, શસ્ત્રક્રીયા ૧૩, જાતીય આરોગ્ય ૬૪૮ અને કૃમિનાશક દવા પીવડાવવા માટેની ૧૨૩૪ અને કુલ ૨૪૩૨ પશુઓની સારવાર કરવામાં આવી અને ધોળકા તાલુકામાં ૩૧ મેળાઓમાં તબીબી ૧૦૮૪, શસ્ત્રક્રીયા ૫૮,જાતીય આરોગ્ય ૨૧૭૪ અને કૃમનાશક દવા પીવડાવવા માટેની સારવાર ૪૧૯૪ અને કુલ ૭૫૦૭ પશુઓની સારવાર કરવામાં આવી છે. તો આમ કુલ ૧૬૫ પશુ આરોગ્ય મેળાઓ કરીને તબીબી માટેના કુલ ૫૧૩૦, શસ્ત્રક્રીયાના ૨૮૮, જાતીય આરોગ્યના ૭૬૧૨, કૃમનાશક ૨૪૯૯૦ અને કુલ ૩૮,૦૨૦ પશુઓને સારવાર આપવામાં આવી છે અને એમાં આ સારવાર શસ્ત્રક્રીયા જેવી ખૂબ ખર્ચાળ સારવાર અને સીઝેરીયન, રુમેનોટીસ, કરમોડી, પેશાબમાં પથરી, ગાંઠ, મોતિયાના ઓપરેશન, ખરીની સારવાર, આંખ–મસાનું ઓપરશેન અસ્થીભંગ, ઘોડાનું ખસીકરણ જેવા ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવેલા છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં કયા તાલુકામાં કેટલા વેટરનરી ઓફીસરોની ખાલી જગ્યાઓ છે, અને એ જગ્યાઓ ખાલી હોવા છતાં આ જે રીતે આખો ઇતિહાસ જિલ્લાનો કહ્યો  તેમાં ખરેખર જો જગ્યાઓ જ ખાલી હોય તો કઇ રીતે આ બધા પશુઓની સારવાર કરી? એ હું જાણવા માગુ છું.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન મહેકમનો નથી એટલે જવાબ આપવાની જરૂર નથી.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર અને પશુઓના વર્ગવાર કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : માત્ર રસીકરણની સંખ્યા બોલો માનનીય મંત્રીશ્રી,

શ્રી બચુભાઇ મ. ખાબડ : અમદાવાદ જિલ્લાના નવ તાલુકાની અંદર કુલ ૨,૯૩,૧૧૦ પશુઓનું રસીકરણ કરવામાં આવેલ છે.

શ્રી અશ્વિન  કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લાની અંદર કૃષિમેળામાં પશુઓના આરોગ્ય માટે જે આરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું એમાં પશુઓની અંદર અમદાવાદ જિલ્લામાં કુતરાઓનું પણ રસીકરણ કરવામાં આવેલ છે કે કેમ?  મારો બીજો પ્રશ્ન એ છે કે, અમદાવાદ જિલ્લામાં કુતરાઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી ગયેલ છે તો આ કુતરાઓનું ખસીકરણ કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : એમનું રસીકરણ કરવામાં આવેલ નથી.

**સરકારી પોલીટેકનીક-સુરતમાં અશ્લીલ ફિલ્મ શુટીંગ સંદર્ભે પોલીસ ફરિયાદ**

* ૧૩૦૯૬ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ સુરતમાં આવેલ સરકારી પોલીટેકનીકમાં અશ્લીલ ફીલ્મનું શૂટીંગ થયા અંગેની છેલ્લા ત્રણ માસમાં કોના દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવી, અને | (૧) આવી કોઈ ફરિયાદ દાખલ થયેલ નથી. |
| (૨) થયેલ ફરિયાદ અન્વયે પોલીસે કેટલા ઈસમોની ધરપકડ કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે સરકારી પોલીટેકનીક, સુરતમાં અશ્લીલ ફિલ્મ શૂટીંગ અંગે પોલીસની ફરિયાદ બાબતમાં કે કેટલી ફરિયાદ આવી છે? એની અંદર મને જવાબ આપવામાં આવ્યો છે કે, આવી પોલીસ ફરિયાદ કોઇ આવી નથી. હું માનું છું કે નહિ આવી હોય અને નહિ નોંધવામાં આવી હોય પણ મંત્રી મહોદય મારફતે વધારાના પૂરક પ્રશ્ન પૂછીને મારે થોડીક માહિતી માંગવી છે કે સરકારી પોલીટેકનીકની અંદર જે મંજૂરી આપવામાં આવી એમાં આચાર્યશ્રીએ મંજૂરી આપી છે અને એમણે કબૂલ કરેલ છે કે મેં મંજૂરી આપી છે ભૂત અને ધૂમ્રપાન કરવા બાબતેની આઉટડોર શૂટીંગ કરીને એક ટેલીફિલ્મ બનાવવા માટે મેં મંજૂરી આપી હતી એમ જણાવેલ છે. એ મંજૂરીના અનુસંધાનમાં ત્રણ દિવસ સુધી જે શૂટીંગ થયું એ શૂટીંગમાં આપણને શરમ આવે એવું શૂટીંગ કરવામાં આવ્યું. હું માનું છું ત્યાંસુધી આ સરકારની અંદર શૂટીંગ થાય એ બગીચામાં થાય, દરિયામાં થાય, પર્વત ઉપર થાય, કોઇ મોટા મકાનની અંદર થાય પણ સરકારી પોલીટેકનીક કોલેજની અંદર આવું અશ્લીલ જે શૂટીંગ કરવામાં આવ્યું એ સરકાર માટે શરમજનક કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક પ્રશ્નની અંદર પ્રશ્ન જ પૂછવા માગું છું. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આચાર્યશ્રી દ્વારા આની મંજૂરી આપવામાં આવી હતી કે કેમ? મંજૂરી આપ્યા પછી આ શૂટીંગ અંદર થયું છે કે કેમ? આ શૂટીંગની કોણે તપાસ કરી અને કોણે ફરિયાદ કરી ? ફરિયાદ કર્યા પછી એને બંધ કરવામાં આવેલ છે કે કેમ? ઇન્ચાર્જ આચાર્યશ્રીએ તે જ દિવસે લેખિતમાં પોલીસ સ્ટેશનમાં જઇને ફરિયાદ આપવા માટે પ્રયત્ન કર્યો પણ ફરિયાદ નોંધી નહિ અને એની તપાસ માંગી હતી તો એની તપાસ અત્યારસુધી કરવામાં આવી છે કે કેમ એટલું મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સરકારી પોલીટેકનીક કોલેજમાં જે શૂટીંગ થયું એના સંદર્ભે જે વાત કરી રહ્યા છે એમાં તારીખ ૨૪-૯-૨૦૧૪ના રોજ કોલેજના આચાર્યશ્રીએ એમના લેટરપેડ ઉપર એક અરજી ઉમરા પોલીસ સ્ટેશનમાં આપી હતી કે શ્રી હેમંતભાઇ પટેલ અને એમની સાથે જોડાયેલા કેટલાક લોકોએ પોલીટેકનીક કોલેજમાં અંધશ્રદ્ધા નિવારણ, નો સ્મોકીંગ અને સ્કૂલના છોકરાઓ ટૂંકા વસ્ત્રો પહેરીને સ્કૂલે જાય છે આવા પ્રકારના વિષયો સાથે આઉટડોર શૂટીંગ કરવા દેવા માટે કોલેજના આચાર્યશ્રી સમક્ષ મૌખિક રજૂઆત કરેલી અને આચાર્યશ્રીએ પણ મૌખિક હા પાડેલી કે તમે આમાં શૂટીંગ કરજો, આ સમય દરમ્યાન કોલેજના એક વ્યાખ્યાતાના ધ્યાન પર એક બાબત આવી કે આ લોકોને આઉટડોર શૂટીંગ કરવા દેવા માટેની પરવાનગી મૌખિક આપેલી છે પણ આ લોકો એક રૂમમાં શૂટીંગ કરે છે એવું એમના ધ્યાનમાં આવતા એમણે આ વાતની જાણ આચાર્યશ્રીને કરી અને ત્યારબાદ આચાર્યશ્રીએ પોલીસને પણ જાણ કરી અને પોલીસે સીડીનો અભ્યાસ કર્યો એમાં ક્યાંય કોઇપણ પ્રકારની અશ્લીલતા એ સીડીમાં ધ્યાનમાં આવી નથી અને એટલા માટે એમના પર કોઇપણ પ્રકારનો પોલીસ કેસ થયો નથી અને આચાર્યશ્રીએ આ પ્રકારની પરમીશન કેમ આપી એના સંદર્ભે શિક્ષણ વિભાગને કહેવામાં આવેલ છે અને એ લોકોને ખાતાકીય તપાસ કરીને યોગ્ય પગલાં લેવા જણાવેલ છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, ક્રિમીનલ જ્યુરીસ્પોન્ડન્સ એમ કહે છે કે જ્યારે ખ્યાલ આવે ત્યારે એફ.આઇ.આર. સામેથી લોન્ચ કરવી જોઇએ. જે માહિતી છે એ પ્રમાણે પ્રોફેસરે જોયું કે

રૂમની અંદર લાઇટનો પ્રકાશ પડે છે ત્યારે એમને એમ લાગ્યું કે કદાચ આગ લાગી હશે એમ માનીને જ્યારે રૂમનો દરવાજો ખોલીને જોયું તો પ્રોફેસર પોતે કહે છે કે, મેં જોયું કે, અશ્લીલ શૂટીંગ ચાલતું હતું અને સીડી પછી આપવા આવે તો એ મૂરખ હોય અને એ એમ કહે કે મેં આ શૂટીંગ કર્યું હતું એ તો ડીલીટ જ કરી નાંખે. તો આની તપાસ કરીને એક વખત એફ.આઇ.આર.ફાઇલ થવી જ જોઇએ આફટર ફાઇલીંગ ઓફ એફ.આઇ.આર.પ્રોપર ઇન્વેસ્ટીગેશન થાય અને પછી ગુન્હો બને છે કે નહીં તે નક્કી થાય. તો આ સંદર્ભે આવી કોઇ કાર્યવાહી નહીં કરનાર પોલીસ અધિકારીઓ સામે કોઇ પગલાં ભરવા માગો છો કે કેમ ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ સંપૂર્ણ વિગતો જયારે ધ્યાનમાં આવી ત્યારે આખા વિષયની તપાસ કરી અને તેમાં અશ્લિલતા નહીં જણાવાને કારણે તે કાર્યવાહી નથી કરી છતાં પણ તેમની અરજીના આધારે તે જવાબદારો સામે અટકાયતી પગલાં પણ લેવામાં આવ્યા છે અને બાકીના લોકોને ખાતાકીય રીતે શિક્ષા થાય તેના માટેની જાણ કરવામાં આવી છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જયારે કોઇ શૈક્ષણિક આવડી મોટી સંસ્થા હોય અને જયારે કોઇ મહિલા પ્રોફેસર આ બાબતની નોંધ લઇ અને જાણ કરતાં હોય અને બાજુમાં બે લેડીઝ હોસ્ટેલ આવેલી હોય એવી પરિસ્થિતિમાં મને ખ્યાલ છે ત્યાં સુધી આ તો તેમણે અરજી કરી અને ના કરી હોય છતાંય સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ પ્રમાણે જો પોલીસ ધારે તો એફ.આઇ.આર.કરી અને આવા ગુન્હાઓ અટકાવી શકે તો એવી કોઇ કાર્યવાહી માટે મંત્રીશ્રી હવે પછી સૂચના આપવા માગે છે કે કેમ ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફકત સુરતમાં નહીં સમગ્ર રાજયમાં કયાંય પણ આવા પ્રકારની ઘટનાઓ ધ્યાનમાં આવતી હોય તો હંમેશા તેમની સામે પગલાં લેવાતા હોય છે. અને એટલે સુરતમાં તો છેલ્લાં એક વર્ષમાં કયાંય આ પ્રકારની અશ્લિલ બાબતોના સંદર્ભે ફરિયાદ નોંધાઇ નથી એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરત આર.ટી.ઓ. કચેરીની આવક

* ૧૩૧૧૧ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત આર.ટી.ઓ. કચેરીની તા. ૩૦–૯–૨૦૧૪ના અંતે છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂ।. ૨૬૫.૭૭ કરોડની આવક થઈ. |
| (૨) ગયા વર્ષના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો અને ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો, અને | (૨) રૂ।. ૨૨.૨૪ કરોડનો વધારો થયો. |
| (૩) ઘટાડો થવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત આર.ટી.ઓ.કચેરીની તારીખ ૩૦–૯–૨૦૧૪ના એક વર્ષના કાર્યક્રમમાં ૨૨.૨૪ કરોડ રૂપિયાનો વધારો આવકમાં થયો છે. પરંતુ માટે એ જાણવું છે કે, સુરત આર.ટી.ઓ. દ્વારા રોડ ચેકીંગ કરવામાં આવે છે અને તે ઘણી વસૂલ કરવામાં આવે છે. તો સુરત ખાતે તેની આવકમાં ગત વર્ષ કરતાં કોઇ વધારો થયો છે કે કેમ, અને થયો હોય તો કેટલો વધારો થયો છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરોત્તમભાઇએ જે માહિતી માગી અને પૂરક માહિતી તરીકે તેમનુ એવું કહેવુ છે કે, આર.ટી.ઓ.ના અધિકારી રોડ ઉપર જઇને ચેકીંગ કરે અને તેના કારણે આવકમાં કેટલો વધારો થયો છે. સઘન અસરકારક મોનીટરીંગના કારણે ગત વર્ષની જે આર.ટી.ઓ.ની આવક રોડ ચેકીંગના કારણે જે હતી તે ૯.૯૦ કરોડ હતી આ વખતે વધીને ૧૯.૮૩ કરોડ જેટલી એટલે કે ડબલ કરતા પણ વધારે આવક થઇ છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત આર.ટી.ઓ.કચેરીમાં મોટરીંગ પબ્લિકની કઇ કઇ કામગીરી કરવામાં આવે છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મોટરીંગની જે કાર્યવાહી છે તેમાં નવા વ્હિકલને રજિસ્ટ્રેશન કરવું, વાહન ચલાવવા માટેના લાયસન્સ આપવા, વાહનોને લગતા પરમીટની કામગીરી, ટેક્સને લગતી કામગીરી, એક વાહનોના ફિટનેસ સંબંધી કામગીરી અને રોડ સેફટી અંગેની કામગીરી પણ કરવામાં આવે છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં આવેલ બારડોલી આર.ટી.ઓ.કચેરીની આવકમાં તારીખ ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ગત વર્ષની સરખામણીમાં કેટલો વધારો થયો? અને તેના કારણો શું છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલીની જે કચેરી છે એ એ.આર.ટી.ઓ.ની કચેરી છે તેની અંદર ગત વર્ષની જે આવક હતી એ ૨૮.૫૭ કરોડ અને આ વખતે ૩૫.૯૯ કરોડની આવક થઇ છે. એટલે બારડોલીની અંદર પણ ખાસ્સો એવો વધારો થયો છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, સુરતમાં આર.ટી.ઓ.ની કામગીરી માટે કેટલી અને કયાં કયાં કચેરી આવેલી છે? આ કચેરીમાં કયા વિસ્તારનો સમાવેશ થાય છે?

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ.ની કચેરી પહેલા નાનપુરમાં ચાલુ હતી, એ ખૂબ જૂનું મકાન હતું એટલે ત્યાંથી હાલ શીફ્ટ કરી અને પાલમાં અદ્યતન સુવિધા વાળું મકાન બનાવેલ છે ત્યાં અત્યારે કાર્યરત છે. બીજી બારડોલીમાં એક એ.આર.ટી.ઓ.ની કચેરી પણ છે અને તે કચેરીની હેઠળ મહુવા, માંગરોળ, ઉમરપાડા, પલસાણા, માંડવી વગેરે તાલુકાઓ આવે છે. અને બાકીના પાલ ખાતેની કચેરી હેઠળ આવે છે. આનંદ સાથે મારે કહેવું છે કે આવનારા સમયમાં નાનપુર ખાતેનું જે જૂનું બિલ્ડીંગ હતું તેનું રીનોવેશન કરી અને સુરત શહેરની બીજી એક વધારાની આર.ટી.ઓ. કચેરી પણ ત્યાં કાર્યરત થવાની છે.

## વાગરા તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અંતર્ગત મંજૂર યોજનાઓ

* ૧૩૧૫૨**શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૦૯ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૧૧૩.૯૦ લાખ. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના અંતર્ગત વાગરા તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજૂર થયેલ છે અને તેનો અંદાજિત ખર્ચ કેટલો થયેલ છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના અંતર્ગત વાગરા તાલુકામાં કુલ ૫૫ યોજનાઓ મંજૂર થયેલ છે. અંદાજિત ખર્ચ રૂ. ૭૮૪.૪૭ લાખ થયેલ છે. કુલ ૫૫ યોજનાઓમાં ૪૮ ગામોનો સમાવેશ થાય છે. અને ૪૫ યોજનાઓ પૂર્ણ થયેલ છે. ૯ માં કામ પ્રગતિમાં છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા

માગું છું કે, આ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા વ્યકિતદીઠ રોજનું કેટલું પાણી પૂરું પાડવાની જોગવાઇ કરવામાં આવેલ છે અને હાલમાં ગુજરાતમાં માથાદીઠ કેટલું પાણી આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા ગ્રામીણ વસતિને માથાદીઠ પીવાનું પાણી ૫૫ લીટર રોજનું આપવાનું નકકી થયેલ છે. અને ૨૦૨૨ સુધીમાં વ્યકિત દીઠ ૭૦ લીટર પાણી આપવાનું આયોજન છે. પરંતુ મને કહેતા આનંદ થાય છ કે હાલની ગુજરાત સરકારના આયોજન પ્રમાણે હાલમાં રાજયમાં માથા દીઠ ૧૧૦ લીટર પાણી આપવાનું ચાલુ છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના કાર્યક્રમ હેઠળ ગામોના આંતરિક પેય જળ યોજનામાં લોકભાગીદારીનું પ્રમાણ શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આંતરિક પેય જળ યોજના વાસ્મો દ્વારા સંચાલિત યોજના છે. ગ્રામ સમિતિ સંચાલન કરે છે. ૧૦ ટકા ગ્રામ સમિતિનો ફાળો હોય છે. ૪૫ ટકા રાજય સરકાર અને ૪૫ ટકા કેન્દ્ર સરકારનો ફાળો એમ આ યોજના અમલમાં આવે છે.

## રાજ્યની મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય સામે વળતર ગ્રાન્ટ

* ૧૩૧૬૩ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યની મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કઈ મહાનગરપાલિકાઓને કેટલી રકમ મંજુર કરી ચુકવવામાં આવેલ છે ?

**જવાબ**

રાજ્યની મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટ વર્ષ–૨૦૧૪–૧૫માં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને તા. ૦૧–૦૪–૨૦૧૪થી તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં કુલ રૂા. ૯૫૮.૦૪ કરોડની ઓક્ટ્રોય વળતર ગ્રાન્ટની રકમ મંજુર કરી નીચે મુજબ ચુકવેલ છે.

| એપ્રિલ–સપ્ટેમ્બર : ૨૦૧૪ | | |
|---|---|---|
| **ક્રમ** | **મહાનગરપાલિકાનું નામ** | **ચુકવેલ રકમ (રૂા. કરોડમાં)** |
| ૧ | અમદાવાદ | રૂા. ૪૩૦.૨૨ |
| ૨ | સુરત | રૂા. ૨૯૭.૨૬ |
| ૩ | વડોદરા | રૂા. ૧૩૨.૩૦ |
| ૪ | રાજકોટ | રૂા. ૫૩.૭૪ |
| ૫ | જામનગર | રૂા. ૧૪.૩૦ |
| ૬ | ભાવનગર | રૂા. ૧૪.૯૮ |
| ૭ | જુનાગઢ | રૂા. ૮.૯૨ |
| ૮ | ગાંધીનગર | રૂા. ૬.૩૨ |
| | **કુલ :** | **રૂા. ૯૫૮.૦૪** |

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયની કઇ કઇ મહાનગરપાલિકાઓમાંથી કયારે કયારે ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી સૌ પ્રથમ નગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી. ત્યારબાદ તે વખતે તા.૧૫-૧૧-૨૦૦૭ માં મહાનગરપાલિકાઓ જે સાત હતી તે સાત મહાનગર પાલિકાઓ જે ઓકટ્રોય ઉઘરાવતી હતી તેમની ઓકટ્રોય નાબૂદ કરી અને સરકારે બજેટમાં જોગવાઇ કરી અને મહાનગરપાલિકાઓને ફંડ આપે તે પ્રમાણેની યોજના અમલમાં મૂકવામાં આવી. ગાંધીનગર મહાનગરપાલિકા તે અગાઉ પાટનગર શહેર તરીકે હતું. મહાનગરપાલિકા હતી નહીં. અને મહાનગરપાલિકા બન્યા પછી માર્ચ ૨૦૧૧ થી ઓકટ્રોય નહીં ઉઘરાવતી હોવા છતાં ગાંધીનગર મહાનગરપાલિકાને પણ રાજય સરકાર તરફથી વળતર આપવામાં આવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ઓકટ્રોય વળતરની ગ્રાન્ટ માટે રચાયેલી ઉચ્ચ કક્ષાની સમિતિના સભ્યો કોણ કોણ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષનું એટલે કે સન ૨૦૧૪-૧૫નું બજેટ બનાવવાનું હતું એ વખતે મારા અધ્યક્ષ સ્થાને એક કમિટીની રચના કરવામાં આવી હતી. એમાં મારી સાથે માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય સૌરભભાઇ પટેલ, માનનીય જયંતિભાઇ કવાડિયા, માનનીય શંકરભાઇ ચૌધરી અને અન્ય સભ્યશ્રીઓ ભરતભાઇ ગરીવાલા, પોપટભાઇ પટેલ નગરપલિકા પરિષદના પ્રમુખ અને સચિવશ્રીઓની એક કમિટીની રચના કરેલ. આ કમિટીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કામગીરી સોંપેલ એ પ્રમાણે ભૂતકાળમાં ઓકટ્રોય નાબૂદ કર્યા પછી મહાનગરપલિકાઓને અમે વળતરની રકમ ચૂકવતા હતા એમાં કોઇ વધારો સન ૨૦૦૭ થી આપ્યો નહોતો. તમામ મહાનગરપાલિકાના મેયરશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કાર્યકરો દ્વારા તથા કોરપોરેટરો દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. શહેરોના વિકાસ માટે, શહેરોને વધારે જરૂરિયાત છે એટલે વધારે ગ્રાન્ટ ફાળવવી જોઇએ કારણ કે વીજળી અને અન્ય ખર્ચાઓ તથા કર્મચારીઓનો પગાર ખર્ચ પણ વધ્યો છે તેથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ જવાબદારી અમારી કમિટીને સોંપી અને અમે કમિટી તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીને જે અહેવાલ આપ્યો છે એ પ્રમાણે એમાં મહાનગરપાલિકાઓનું ત્રણ પ્રકારની વસતિને આધારે વિભાજન કર્યું. એમાં અમદાવાદ, વડોદરા અને સુરતને દર વર્ષે ૧૫ ટકા વધારો આપવાનો, રાજકોટ મહાનગરપાલિકા જે મધ્યમ મહાનગરપાલિકા છે એને ૨૦ ટકા વધારો આપવાનો અને જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર આ મહા નગરપાલિકાઓ નાની છે અને આ નાની સંસ્થાઓને વધુ મદદરૂપ થવા માટે થઇને એને ૨૫ ટકા દર વર્ષે વધારો આપવો. એ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અહેવાલ રજૂ કર્યો અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ સ્વીકારી લીધો અને આ વર્ષના બજેટથી જ એનું આયોજન અમલમાં મૂકવું એ પ્રમાણે મહા નગરપાલિકાઓને ગ્રાન્ટ ચૂકવવાનું ચાલુ કરી દીધું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે તા. ૧૫-૧૧-૨૦૦૭ થી ઓકટ્રોય નાબૂદ થઇ ત્યારબાદ રાજય સરકાર દ્વારા જે ગ્રાન્ટ આપવામાં આવે છે એમાં સન ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કુલ ટોટલ આઠે આઠ મહાનગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ આપવાનું નક્કી કરેલ છે. એના ભાગરૂપે કેટલી ગ્રાન્ટ આપવાની બાકી છે અને બીજું ખાસ કરીને અમદાવાદ શહેરમાં છેલ્લા સાતેક વર્ષથી ઓકટ્રોય નાબૂદ થઇ છે તો એની પહેલાની કોઇ ગ્રાન્ટ આપવાની બાકી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અત્યાર સુધી રાજય સરકાર તરફથી નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા હોય કોઇ પણ ગ્રાન્ટ ચૂકવવાની બાકી નથી. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ ઓકટ્રોય નાબૂદ કરવામાં આવી હતી. દેશની અંદર ખૂબ ઓછા રાજયોએ ઓકટ્રોય નાબૂદ કરી હતી. આ ઓકટ્રોય નાબૂદી સામે આપણે વળતર પણ આપીએ છીએ. માનનીય સભ્યશ્રીએ બીજો પ્રશ્ન કર્યો કે અમદાવાદ મહાનગરપાલિકાને અગાઉ ૮૨૬

કરોડ રૂપિયા દર વર્ષે ચૂકવવામાં આવતા હતા. એમાં ૧૫ ટકાના વધારા લેખે ૧૨૩.૯૯ કરોડ રૂપિયા એટલે કે ૧૨૪ કરોડ રૂપિયાનો વધારો આપવામાં આવ્યો છે. હવે અમદાવાદ મહાનગરપાલિકાને ૯૫૦ કરોડ રૂપિયા આ વર્ષે આપવામાં આવશે. અમે દર મહિને ગ્રાન્ટ રીલીઝ કરીએ છીએ એટલે આ છ મહિનાની ગ્રાન્ટ અમદાવાદ મહાનગરપાલિકાને ચૂકવી આપવામાં આવી છે. સુરતને અગાઉ ૫૭૧ કરોડ આપવામાં આવતા હતા એમાં ૮૫.૬૭ કરોડનો વધારો થયો એ પણ ચૂકવી આપી છે. વડોદરાને અગાઉ ૨૫૪ કરોડ આપતા હતા એમાં ૩૮ કરોડ રૂપિયાનો વધારો કર્યો એ પણ ચૂકવાઇ ગયા છે. રાજકોટને અગાઉ ૧૦૧.૬૫ કરોડની ગ્રાન્ટ ચૂકવતા હતા એમાં ૨૦.૩૬ કરોડનો વધારો કરવામાં આવ્યો છે અને એ પણ ચૂકવાઇ ગયા છે. જામનગરને અગાઉ ૨૬ કરોડ ૬૫ લાખની ગ્રાન્ટ આપતા હતા એમાં ૬.૬૬ કરોડનો વધારો કર્યો છે અને એ પણ ચૂકવાઇ ગયા છે. ભાવનગર મહાનગરપાલિકાને અગાઉ ૨૮ કરોડ ૯૨ લાખ ચૂકવતા હતા તેમાં ૬ કરોડ ૯૮ લાખ એટલે લગભગ ૭ કરોડ રૂપિયાનો વધારો કર્યો છે. જૂનાગઢ જે નાની મહાનગરપાલિકા છે, તેને અમે જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર. તેને અમે ૨૫ ટકા વધારો આપીએ છીએ. આ એક એવી સરકાર છે કે નાની સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા વધારે ગ્રાન્ટનો અમે ક્રાઈટેરિયા કર્યો છે. તો જૂનાગઢને ૧૬ કરોડ ૬૧ લાખની સામે ૪ કરોડ ૧૫ લાખ વધારે આપ્યા છે. ગાંધીનગરને ૧૧ કરોડની સામે ૨ કરોડ ૮ લાખ વધારે આપ્યા છે. આમ સમગ્ર આઠ મહાનગરપાલિકાઓનું જોઇએ તો વર્ષે અગાઉ ૧૮૩૬ કરોડની જે ચૂકવણી કરતા હતા તેમાં ૨૮૮ કરોડ ૭૧ લાખનો વધારો કરી હવે આઠે મહાનગરપાલિકાઓને દર વર્ષે રાજ્ય સરકાર તરફથી ૧૦૦ ટકા રાજયની ગ્રાન્ટમાંથી ૨૧૨૪ કરોડ ૭૧ લાખ રૂપિયા રાજ્ય સરકાર આપે છે.

### અમદાવાદ મહાનગરપાલિકાઓને વ્યક્તિગત શૌચાલય યોજના અંતર્ગત ગ્રાન્ટ

* ૧૩૧૬૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને | (૧) અમદાવાદ મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કુલ ૧૬૬૯૦ શૌચાલયો માટે રૂા. ૧૩૩૫.૨૦ લાખની ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે મંજૂર કરેલ પુરેપુરી રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે ? | (૨) તે પૈકી ૧૦,૦૦૦ શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે. |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં સેન્સસ–૨૦૧૧ના રિપોર્ટ પ્રમાણે કુલ કેટલા કુટુંબો શૌચાલય વિહોણા હતા?

મારો બીજો પ્રશ્ન છે કે અમદાવાદ મહાનગર વિસ્તારમાં સેન્સસ–૨૦૧૧ના રિપોર્ટ મુજબના શૌચાલય વિહોણા કુટુંબો પૈકી વિવિધ આવાસ યોજના હેઠળ કેટલા કુટુંબોને આવરી લેવાયેલ છે?

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વલ્લભભાઇનો હું આભાર માનું છું કે ખૂબ અગત્યનો પ્રશ્ન તેમણે, બધા જ સભ્યશ્રીઓના પ્રશ્નો અગત્યના હોય છે પણ આ પ્રશ્ન એટલા માટે અગત્યનો છે કે આપણાં વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત આખા દેશને દરેક જાહેર સ્થળોએ રસ્તા, બગીચા, હોસ્પિટલો, સ્કૂલો, સરકારી મકાનો દરેક જગ્યાએ સ્વચ્છતાનું પ્રમાણ ઉચ્ચ કક્ષાનું બને અને આપણો દેશ અનેક રીતે આગળ છે, પણ પરદેશમાંથી જયારે કોઇ

આવે અથવા આપણને પોતાને લાગે છે કે અહીં અસ્વચ્છતા છે. એ બાબતને ટાળવા માટે અને દેશને નિર્મલ ભારત બનાવવા માટે, સ્વચ્છ ભારત બનાવવા માટે મહાત્મા ગાંધીજીની જે સ્વચ્છતા માટેની એક સિદ્ધતા પરિપૂર્ણ કરવા માટે આ જે કાર્યક્રમ અમલમાં મૂકયો છે તેને આપણાં મુખ્યમંત્રી માનનીય આનંદીબહેને પણ ખૂબ આગ્રહપૂર્વક અમલમાં મૂક્યો છે તેના માટે જરૂરી એવા શૌચાલયની પણ ઉપયોગિતા છે. સ્વચ્છતામાં અનેક રીતે સોલીડ વેસ્ટ, લીકવીડ વેસ્ટ એ બધું આપણે સાફ કરવાનું હોય છે પણ જે ઘરોમાં શૌચાલય ન હોય તે ઘરોની બેન–દીકરીઓને, વડીલોને, વૃદ્ધોને જાહેરમાં આડશ લઇ, અંધારું શોધી ઝાડની પાછળ એમને શૌચાલય જવું પડે છે. તેના નિવારણ માટે ભૂતકાળમાં બેકલોગ હતો. ભૂતકાળમાં જયારે કેન્દ્રમાં અને ગુજરાતમાં બીજાં પક્ષની સરકારો હતી ત્યારે ગુજરાતમાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમના આંકડાકીય જવાબો છે એ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, એ જ કહું છું કે ૨૦૧૧ની વસતિગણતરીનો જે સેન્સસ રિપોર્ટ આવ્યો તેના આધારે અમદાવાદ શહેરમાં ૮૦,૩૬૫ કુટુંબોમાં શૌચાલય નહોતા. તેના માટે આગળની ભૂતકાળની સરકારોએ જે કામ નહોતું કર્યું તેની પરિપૂર્તતા કરવા માટે અમારી સરકારે શૌચાલયો બનાવવા માટે ખૂબ મોટી ઝૂંબેશ ઉપાડી છે. શહેરોમાં શૌચાલય બનાવે તેને વ્યક્તિગત રીતે ૮,૦૦૦ રૂપિયા ગુજરાત સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે. આ સબસિડીના આધારે મોટા પ્રમાણમાં ગરીબોએ શૌચાલય વિહોણી ચાલીઓમાં કે ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબોએ કામ ઉપાડ્યું છે અને તેના કારણે જે અગાઉ ૮૦,૩૬૫ કુટુંબો શૌચાલય વિહોણા હતા તે સંખ્યા ઘટીને ૩૩,૮૭૨ કુટુંબોને આપણે આવરી લીધા છે અને ઝડપથી અમદાવાદ શહેરના તમામ શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ સહિત તમામ કુટુંબો, તમામ ઘરોમાં શૌચાલય બને તે માટે અમારી સરકાર, અમારો પક્ષ સેવાભાવી સંસ્થાઓ અને દાતાઓનો સહકાર લઇને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ઝૂંબેશ ઉપાડી છે તેનો અમે પ્રજાને લાભ આપીશું.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માઘ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમદાવાદ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩ની અંદર કેટલા કુટુંબોને શૌચાલયોનો લાભ આપવામાં આવ્યો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૬૫૬ કુટુંબોને શૌચાલય બનાવવા માટે સબસિડી આપી છે અને આ કુટુંબોએ પોતાના શૌચાલયો બનાવ્યા છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. એમણે પોલિટિકલ ઓબ્ઝર્વેશન કર્યો. ભૂતકાળમાં ૨૨ વર્ષ સુધી તમારી પાર્ટીની સરકાર રહી. (અંતરાય) એમણે કહ્યું એટલા માટે કહું છું. મારો સવાલ એટલો જ છે કે, મહાનગરપાલિકામાં પણ તમારી સરકાર રહી છે. અત્યારે તમે જે ગુજરાત મોડલની વાત કરો છો ત્યારે એવો દાવો થાય છે કે, એકપણ ઘર શૌચાલય વગરનું નથી. ત્યારે આપનો ટાર્ગેટ શું છે? ક્યાં સુધીમાં આ વિસ્તારમાં એકપણ પરિવાર શૌચાલય વગરનો ન રહે? એ પરિપૂર્ણ કરવાનો આપનો ટાર્ગેટ શું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિગતવાર જવાબ એટલા માટે આપવો છે કે, ભૂતકાળના બેકલોગનો ખાડો પૂરવા માટે ઘણો બધો સમય ગયો અને પછી લેવલ થયું અને હવે લેવલ ઉપર કામ કરી રહ્યા છીએ. એ ખાડો પૂરવા માટે ઘણી બધી રીતો અપનાવી રહ્યા છીએ. જે ઝૂંપડપટ્ટીઓ હોય, ગરીબ વસાહતો હોય, સરકારી જમીન ઉપર દબાણ કર્યું હોય, એમના માટે અમે આવાસ યોજના આપી છે. ભૂતકાળમાં શૌચાલયો વગરના વિસ્તારો હતા એ વિસ્તારના લોકોને અમે પાકા મકાનો, ફ્લેટ આપ્યા છે. જેમાં બાથરૂમ હોય, સંડાસ હોય, રસોડું હોય એવી તમામ પ્રકારની સુવિધાઓ આવી જાય છે. એટલે એ લોકોને શૌચાલય મળી ગયા. એવી રીતે અમારો ટાર્ગેટ છે એ ૨૦૧૫ સુધીમાં અમદાવાદ શહેરમાં તમામને જ્યાં જાણકારી મળે, અરજી આવે, માગણી આવે એવા તમામ લોકોને સરકાર તરફથી પૂરેપૂરી સહાય મળશે. એમને રૂ.૮૦૦૦/–ની સહાય મળશે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તમામને શૌચાલયની સુવિધા આપવાનો અમારો નિર્ધાર છે.

## આણંદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૧૩૩૨૮ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૯૪૯ |
| આણંદ (શહેર) | ૩૫૯ |
| પેટલાદ | ૨૮૨૪ |
| સોજીત્રા | ૧૧૯૬ |
| ખંભાત | ૨૩૭૬ |
| તારાપુર | ૧૨૧૫ |
| બોરસદ | ૩૫૧૧ |
| આંકલાવ | ૧૯૨૮ |
| ઉમરેઠ | ૧૭૫૦ |
| **કુલ :–** | **૧૯૧૦૮** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી,

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૩૯૪૯ |
| આણંદ (શહેર) | ૩૫૯ |
| પેટલાદ | ૨૮૨૪ |
| સોજીત્રા | ૧૧૯૬ |
| ખંભાત | ૨૩૭૬ |
| તારાપુર | ૧૨૧૫ |
| બોરસદ | ૩૫૧૧ |
| આંકલાવ | ૧૯૨૮ |
| ઉમરેઠ | ૧૭૫૦ |
| **કુલ :–** | **૧૯૧૦૮** |

(૩) કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૩)

| તાલુકાનું નામ | નામંજૂર નોંધો |
|---|---|
| આણંદ (ગ્રામ્ય) | ૧૮૦ |
| આણંદ (શહેર) | – |
| પેટલાદ | ૨૪૩ |
| સોજીત્રા | ૨૧ |
| ખંભાત | ૫૯ |
| તારાપુર | ૪૩ |
| બોરસદ | ૮૩ |
| આંકલાવ | ૬૮ |
| ઉમરેઠ | ૪૧ |
| **કુલ :–** | **૭૩૮** |

(૪) નામંજૂર કરવાના કારણો શા છે ?

(૪) નિયમોનુસાર ન હોવાથી.

શ્રી રોહિત પટેલ : માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આણંદ જિલ્લામાં વારસાઇ માટે ઝૂંબેશ કરવામાં આવેલ છે તો જવાબમાં હા જણાવેલ છે. તો આ ઝૂંબેશ દરમિયાન આણંદ જિલ્લામાં કેટલી નોંધ પાડવામાં આવી છે? તે પૈકી કેટલી નોંધનો નિકાલ થયો અને કેટલી એપ્રૂવ થઇ અને કેટલી ડિસએપ્રૂવ થઇ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવા ધારાસભ્યશ્રી છે. એમનો આ પ્રશ્ન પૂછવા બદલ અભિનંદન પાઠવું છું. હું કહીશ તો કહેશે કે પોલિટિકલ ઓબ્ઝર્વેશન કરે છે. ખેડૂતોને જેમના જમીનના હક્ક વારસાઇના દાખલ કરવાના હોય એવા તમામ જેમાં એ ખેડૂત હોય, ગ્રામજન હોય, વિધવા હોય, પશુપાલક હોય એમની નોંધ ઝડપથી થાય, પારદર્શકતાથી થાય એ માટે અમારી સરકાર કટિબદ્ધ છે. અમારા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અગાઉ મહેસૂલ મંત્રી હતા ત્યારથી ખેડૂતોને લગતા પ્રશ્નોની સુધારણા માટે, રેવન્યૂ કાયદાની સુધારણા માટે ખૂબ મોટી ઝૂંબેશ ઉપાડેલ છે. અને એ ઝુંબેશોના કાયદા પણ અમે ઘણા સુધાર્યા છે અને એના ભાગરૂપે ભૂતકાળમાં જે હજારો કેસો પેન્ડિંગ રહેતા હતા એની સામે આ પ્રશ્નના જવાબમાં આપણે જોઇએ છીએ કે આણંદ જિલ્લામાં ૧૯૧૦૮ અરજી આવી તો ૧૯૧૦૮ આ તમામની નોંધ પાડી દેવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગતિશીલ ગુજરાતનો કાર્યક્રમ અમલમાં મૂક્યો એમાં વારસાઇ હકકની ખેડૂતોની નોંધણી પણ સમયમર્યાદામાં થાય એ લક્ષ્યાંક પણ અમે રાખ્યું છે અને એ લક્ષ્યાંક પણ અમે સિદ્ધ કર્યુ છે એટલે ખેડૂતો માટે, ગામડાના લોકો માટે મહેસૂલના જે કામો છે એ અમે ઝડપથી કરી રહ્યા છીએ.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર સભાગૃહને નવા વર્ષના ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ ગતિશીલ ભારતીય જનતા પાર્ટીની આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળની સરકારે ૧૦૦ દિવસનો ગતિશીલ ગુજરાતનો કાર્યક્રમ ખૂબ જ સફળ થયો છે અને એમાં જેટલા પણ કામો સરકારના છે એમાં ખૂબ ગતિ આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે વારસાઇ હકક દ્વારા જે બહેનોનો હકક નાબૂદ કરવામાં આવે છે એમાં બહેનોનો હકક નાબૂદ ન થાય એના માટેની કોઇ જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બહેનોના હકક નાબૂદ નથી થતા, બહેનોના હકક તો વધતા જાય છે. આજે હમણા જ હું બિલ લાવવાનો છું એમાં પણ બહેનોના હકક વધવાના છે. માનનીય આનંદીબહેને અગાઉ મહેસૂલ મંત્રી તરીકે અને હાલ મુખ્યમંત્રી તરીકે જે સુધારા કર્યા એ આપના ધ્યાન ઉપર ગંભીરતાપૂર્વક એટલા માટે મૂકુ છું કે આપણે બધા જાણીએ છીએ કે અગાઉ કોઇ પરિવારમાં દીકરી હોય, પરણાવી દીધી હોય, અત્યારે હાલ જમીનોની કિંમત અનેક ગણી વધી ગઇ છે એટલે સ્વાભાવિક છે કે બહેનનો હકક પૂરેપૂરો પ્રસ્થાપિત ન કરવા માટે કેટલાક પરિવારોમાં કેટલાક લોકો ખોટી રીતે વારસાઇ હકકમાં બહેનનું નામ દાખલ ન કરી અને ભાઇઓ જ પોતે જ આ જમીન કે મિલકતના હકકદાર છે એ પ્રકારના દસ્તાવેજ ઊભા કરી એ જમીન પોતાના નામે કરવા માટેના પ્રયત્નો કરતા હતા. રાજ્ય સરકારના ધ્યાન પર આ બાબત આવતા માનનીય મુખ્યમંત્રીશ્રી તરફથી, મહેસૂલ વિભાગ તરફથી ૧૦-૪-૨૦૧૩ના રોજ પત્રથી સૂચના આપવામાં આવી કે હવે દરેકે પોતે વારસાઇ કરવા માટે એફીડેવીટ કરવું પડશે કે મારા પરિવારની બહેન દીકરીનું નામ મેં વારસાઇ વૃક્ષમાં લીધું છે અને મારા પરિવારની બહેન દીકરીનો હકક આમાં છે એ એફીડેવીટ ઉપર એમણે કહેવું પડશે અને એ જ પછી એની એન્ટ્રીની કાર્યવાહી ચાલુ થશે. એટલે રાજયમાં જે દીકરીઓ, બહેનો માતાઓ પોતાના પિતાની જે વડીલોપાર્જિત મિલકતમાં હકક ધરાવે છે એમનો હકક એ સુરક્ષિત કરવાનું કામ અમારી સરકારે કર્યુ છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ આણંદ જિલ્લાનો સવાલ છે. ૭-૮ તાલુકા અને આણંદ શહેર સાથે ૧૯૧૦૮ અરજીઓ આવી. આ ૧૯૧૦૮ અરજીઓ જે ઓપરેટરો દ્વારા અને નાયબ મામલતદાર દ્વારા ઓપરેટ થાય છે. એમાં મારે એ જાણવું છે કે વારસાઇ એન્ટ્રીઓની અંદર કોઇ ખેડૂતનું બે દીકરા અને ત્રણ દીકરીઓ હોય તો એક દીકરાનું નામ રહી જાય અને એક દીકરીનું નામ રહી જાય એવી

ઓપરેટરો દ્વારા કેટલી ભૂલો કરવામાં આવી છે? આ એકલા આણંદ જિલ્લા પૂરતી વાત નથી, પણ આખા ગુજરાત રાજયની વાત છે. ભલે ભાજપની સરકાર વિકાસના પંથે હોય પણ આજે આ ગૃહના તમામ સભ્યશ્રીઓ પોતાના દિલ ઉપર હાથ મૂકીને પૂછી જોવે, એનું મુખ્ય કારણ એ છે મારે પ્રશ્ન એટલા માટે પૂછવો પડયો છે કે આ ઓપરેટરો કામચલાઉ છે. એમને ઉચ્ચક પગાર આપવામાં આવે છે અને કોઇ જવાબદારી નથી એટલે અમારા અનુભવ મુજબ એના પાંચ કે છ સંતાનો હોય તો એના બે સંતાનોનું નામ બાકાત રાખે અને ઓપરેટ થઇ જાય. આ ઓપરેટરોને સરકારી ધોરણે કાયમ કરવા માગે છે, સરકારી કર્મચારી બનાવવા માગે છે કે કેમ? નહીં તો મોટા ભાગે આખા ગુજરાત રાજયમાં ભલે કોઇ માને કે ન માને, આજે અમારા પંચમહાલ જિલ્લામાં પણ એક મહિને બે હજાર સુધારાના હુકમ થાય છે. તો એવા આખા ગુજરાત રાજ્યમાં જે ઓપરેટરો છે એ ઉચ્ચક પગારના કારણે અને લાપરવાહીભરી કામગીરીના કારણે ખેડૂતો અને અરજદારો ખૂબ હેરાન થાય છે, તો આવા ઓપરેટરોને કાયમી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી **:** વારસદાર રહી ગયા હોય એવી કોઇ ફરિયાદ મળી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ ઓપરેટરો ફકત ડેટા ઓપરેટરો છે. નોંધ પાડવાનું કામ એ ઇ–ધારાના નાયબ મામલતદાર દ્વારા કરવામાં આવે છે. (અંતરાય) છતાં પણ એ બાબત શક્ય છે કે પૂરેપૂરા નામ, સાચા નામ, સાચી અટક, સાચી ઉમર એ બધું ડેટા ઓપરેટર દ્વારા કદાચ સાચી રીતે નોંધવામાં ન આવ્યું હોય તો ભૂલ થવાનો અવકાશ રહે છે. આવી સુધારા નોંધ પણ અરજદારો અથવા જમીન માલિકોની રજૂઆત આવ્યેથી એમાં સુધારો કરવાની પણ આપણી પ્રક્રિયા છે. જે રીતે મતદાર યાદીમાં ભૂલો હોય છે કે બીજા રેકર્ડમાં ભૂલ હોય છે એમાં સુધારાને અવકાશ છે એમ આના માટે ઇ–ધારા નાયબ મામલતદાર, મામલતદાર, પ્રાન્ત અધિકારી એ બધાની એક આખી ટીમ આ કામ સંભાળે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ મહેકમનો પ્રશ્ન નથી, આમાંથી સવાલ ઉપસ્થિત થતો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી , હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આણંદ જિલ્લામાં વારસાઇ હકકની અરજીઓ કર્યા પછી કેટલા સમયમાં નોંધની અરજીનો નિકાલ કરવામાં આવે છે તેમજ આણંદ જિલ્લાના દરેક તાલુકામાં વારસાઇ નોંધમાં એન્ટ્રીનો મંજૂર કરવાનો ૫ થી ૧૦ હજારનો ભાવ ચાલે છે તો આ જે ભ્રષ્ટાચાર કરવામાં આવે છે અને નાણા લેવામાં આવે છે એ નાણા સરકારમાં જમા કરવામાં આવે છે? સરકારમાં જમા ન કરવામાં આવતા હોય તો કોઇ પાર્ટીમાં કે અધિકારીઓ...(અંતરાય)

અધ્યક્ષશ્રી : ચોક્કસ માહિતી હોય કે પ્રુફ હોય તો અહીંયા રજૂ કરજો. આવી રીતે આપણે રજૂ કરી શકતા નથી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : વેચાણની એન્ટ્રીઓમાં પણ ખેડૂતોના ખરાઇના દાખલા કાઢી નાખવામાં આવે છે અને પૈસા આપે તો જ એન્ટ્રી મંજૂર થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારી સરકાર ખેડૂતોના હિતોના રક્ષણ માટે કટિબદ્ધ છે. પુનમભાઇ, તમે કહ્યું એવું હોય તો એવું કરનાર સામે તમે એ.સી.બી. ગોઠવાવી શકો છો (અંતરાય) અમે તપાસ કરવા માટે તૈયાર છીએ. તમે પુરાવા આપો તો ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે.

### સુરત ખાતે અઠવા ફ્લાય ઓવર બ્રીજ હોનારત અંગે તપાસ સમિતિ બાબત

* ૧૩૦૮૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત ખાતે અઠવા ફ્લાય ઓવર | (૧) હા, જી. |

બ્રીજ હોનારતની તપાસ માટે સરકારે એક સભ્યની ઉચ્ચત્તરીય તપાસ સમિતિની રચના કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના સભ્ય તરીકે કોની નિમણૂંક કરાઈ અને આ સમિતિ એ તેનો રીપોર્ટ સરકારને ક્યારે સુપ્રત કર્યો ?

(૨) આ સમિતિના સભ્ય તરીકે શ્રી જી.આર.અલોરિયા, આઈ.એ.એસ., અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની નિમણૂંક કરવામાં આવેલ છે. આ સમિતિએ તેનો રીપોર્ટ તા. ૦૨–૦૮–૨૦૧૪ના રોજ સરકારશ્રીને રજુ કરેલ છે.

**શ્રી નિરંજન પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત ખાતે જે પુલ તૂટી ગયો એ બાબતના મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે એક સભ્યની નિમણૂક કરી અને એમણે રિપોર્ટ તા. ૨–૮–૨૦૧૪ના રોજ આપ્યો છે. આજે રિપોર્ટ મળ્યાને આપને ૧૦૦ દિવસ થયા છે, ૧૦૦ દિવસની ગતિની વાતો અહીંયા કરવામાં આવે છે તો આ જે રિપોર્ટ આવ્યો (અંતરાય) ગઇ વિધાનસભામાં બરોડાનો પુલ તૂટયો અને ફરી પાછો આજે આનો પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો. આ પુલ તૂટયો અને ૧૦૦ દિવસ પહેલા રિપોર્ટ આવ્યો છે તો એમાં કોણ ગુનેગાર છે અને જે ગુનેગાર છે એને તમે એવી કોઇ સજા કરવા માગો છો કે જેથી ફરી ભવિષ્યમાં પુલો ન તૂટે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય નિરંજનભાઇ ગભરાઇને પ્રશ્ન કેમ પૂછે છે એની ખબર પડતી નથી. સુરતમાં અઠવા લાઇન ઉપરનો જે ફ્લાય ઓવર બ્રીજ છે એ મહાનગરપાલિકાએ બનાવ્યો છે એ પુલ તૂટયો એ પછી રાજ્ય સરકારે સ્વયંભૂ પોતે અમારા અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક સભ્યની કમિટીની રચના કરી હતી. એ કમિટીએ એક મહિનામાં અહેવાલ આપવાની સૂચના આપવામાં આવી હતી અને એક મહિનામાં એમણે અહેવાલ આપ્યો હતો. એના આધારે સરકારે જે કાર્યવાહી કરવાની છે,એના અંગે અમે સુરત મહાનગરપાલિકાને સૂચના આપી. સુરત મહાનગરપાલિકાએ એ ડિઝાઇન ફોલ્ટી હતી એ ફોલ્ટી ડિઝાઇન બનાવનાર કંપનીને બ્લેક લિસ્ટ કરી છે અને સુરતની અમારી મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીએ તા.૨૫–૯–૨૦૧૪ નાં રોજ એની અમલવારી ચાલુ કરી છે અને જે જે ભૂલ કરી, નુકસાન થયું, આર્થિક નુકસાન થયું એ બધું જ આ ફોલ્ટી ડિઝાઇન બનાવનાર પાસે વસૂલ કરવાનો ઠરાવ કર્યો છે. બધી જ કાર્યવાહી અમારી ગતિશીલ સરકારે પૂર્ણ કરી છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એક સભ્યની કમિટીનો અહેવાલ રજૂ થયો છે. તા.૨–૮–૨૦૧૪ નાં રોજ રિપોર્ટ આવી ગયો છે ત્યારે મારે એ જાણવું છે કે આ સમિતિના અહેવાલ અનુસાર હવે કઇ એવી કામગીરી બાકી છે કે એને કરવાની બાકી રહે છે? એ વિગત જાણવી છે.

અધ્યક્ષશ્રી : અહેવાલ અનુસાર શું પગલા લેવાના બાકી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અધિક મુખ્ય સચિવશ્રીની કમિટીએ જે અહેવાલ આપ્યો એ અહેવાલ પ્રમાણે તા.૧–૫–૨૦૧૪ નાં રોજ સુરત મહાનગરપાલિકાને જે મેં કહ્યું એ પ્રમાણે કાર્યવાહી કરવાની છે એ પ્રમાણે કરી છે. બીજું, સરકારને એ પણ ધ્યાન પર આવ્યું છે કે, મહાનગરપાલિકાઓને, નગરપાલિકાઓને સરકાર દ્વારા અત્યારે જ્યારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ત્યારે એમની પાસે પૂરતો ટેકનિકલ અનુભવી સ્ટાફ નહિ હોવાના કારણે, એન્જિનિયરો, આર્કિટેક નહિ હોવાના કારણે એ જે ડિઝાઇનો બનાવે છે એ ડિઝાઇનો બનાવવા માટે એમને સ્પેશ્યાલિસ્ટ નિષ્ણાતની જરૂરિયાત પૂર્ણ કરવી પડે. એટલા માટે રાજ્ય સરકારે નક્કી કર્યુ છે કે જે ડિઝાઇન એ લોકો કરે એ ડિઝાઇન રાજ્ય સરકારના માન્ય માર્ગ મકાન વિભાગનું અમારું જે સ્ટ્રકચર એન્જિનિયરીંગનું આખું ડિવિઝન છે એની પાસે પણ એપ્રૂવ કરાવવાની રહેશે. એ સિવાય થર્ડ પાર્ટી કોઇ એજન્સી રાખી હોય તો એણે પણ આ કાર્યવાહી કરવાની રહેશે અને જે ગ્રાન્ટ સરકાર આપે છે એ ગ્રાન્ટના કામનું સુપરવિઝન પણ અવારનવાર માર્ગ મકાન વિભાગના અધિકારીઓ દ્વારા આપણે કરાવીશું. કોરપોરેશનને ટેકનીકલ સહયોગ પણ આપીશું અને એ રીતે

મજબુત અને ગુણવત્તાવાળા કામ થાય, કોઇ ભૂલ ના રહી જાય, કોઇ ટેકનીકલ ખામી ના રહી જાય એ અંગે જેટલા જેટલા દિશા–નિર્દેશ કમિટીએ આપ્યા છે એનો આપણે અમલ કરીશું.

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષ મહોદય, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, સુરતમાં અઠવા ફ્લાય ઓવર બ્રીજની જે દુંઘટના ઘટી એમાં એક સભ્યની સમિતિની રચના ક્યારે કરવામાં આવી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તુર્તજ માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી દ્વારા એ કમિટીની રચના કરવામાં આવેલી અને એના આધારે એક મહિનાની અંદર અહેવાલ આપી દેવામાં આવ્યો હતો.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ડિઝાઇન ફોલ્ટી હતી. હું માનું છું કે ડિઝાઇનમાં ફોલ્ટ હોય એનાથી પૂલ ના તૂટે પણ મટિરિયલ જો નિયમ પ્રમાણે વપરાયું ના હોય તો બાંધકામ તૂટે. કદાચ હું ખોટો પણ હોઇ શકું. જે રિપોર્ટ આવ્યો એ પબ્લિક રિપોર્ટને અહીંયા મેજ ઉપર મૂકવા માગો છો કે કેમ? એક. બીજું, ગેરી દ્વારા તપાસ કરાવવા માગો છો કે કેમ? ગેરીનો રિપોર્ટ આવે તો એ પણ મેજ ઉપર મૂકવા માગો છો કે કેમ? અને આમાં જે ૯ જણા મરી ગયા, પૂલ તૂટ્યો અને આર્થિક નુકસાન ગયું, પબ્લિકના ટેક્સના પૈસા ગયા, માનવોના જાન ગયા એની અંદર જો કાર્યવાહી સંપૂર્ણ પારદર્શક ના થાય તો આવનારા દિવસોમાં ભ્રષ્ટાચાર વધતો જાય માટે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તો આવી ગેરરીતિ થતી હોય એને સરકાર સદંતર રોકવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૧–૬–૨૦૧૪ ના રોજ માનનીય પ્રફૂલભાઇએ પૂછ્યું એ પ્રમાણે કમિટીની રચના કરી. એ કમિટીએ ગેરી, માર્ગ–મકાન વિભાગના સ્ટ્રચકચર એન્જિનિયર અને એમને જરૂરિયાત મુજબ ટેકનીકલ સપોર્ટ કરે એવા તજજ્ઞોની સહાય લેવા માટે પણ આપણે છૂટ આપી હતી અને એના માટે ડો. એમ. એસ. દહિયા ડાયરેકટર, ઈન્સ્ટિટ્યુટ ઓફ ફોરેન્સિક સાયન્સ, શ્રી એ. કે. પટેલ મુખ્ય એન્જિનિયર ગુજરાત હાઉસિંગ બોર્ડ, શ્રી એ.કે. પટેલ અધિક્ષક ઇજનેર, આલેખન અને માર્ગ મકાન વર્તુળ, ગાંધીનગર અને શ્રી ડી. આઇ. ગાંધી આસીસ્ટન્ટ રિસર્ચ ઓફિસર, ગેરી સુરત. એમ બધા જ તજજ્ઞોને એન્જિનિયરોની કમિટીમાં આપણે સામેલ રાખ્યા છે. એમણે જે પુલ તૂટી ગયો એનું મટિરિયલ પણ તપાસ્યું છે. ગેરીમાં પણ એના મટિરિયલની ગુણવત્તાની, સિમેન્ટ–સ્ટીલના પ્રમાણની તપાસ કરી છે અને એના પછી એમણે જે અહેવાલ આપ્યો છે કે, ડિઝાઇન ફોલ્ટના કારણે આ અકસ્માત થયો હતો.

## સુરત જિલ્લામાં દરિયાઈ ધોવાણ સંરક્ષણ યોજના બાબત

* ૧૨૯૫૬ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી દરિયાઈ ધોવાણ સંરક્ષણ યોજના પ્રગતિ હેઠળ છે, | (૧) એક. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામોમાં કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂા. ૧૬૯૬.૨૦ લાખ. |
| (૩) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના મોજે ડુમ્મસ–સુલતાનાબાદ ખાતે કુલ કેટલી માનવ વસ્તીને દરિયાઇ ધોવાણ સામે રક્ષણ મળનાર છે? બીજો પ્રશ્ન, તેમજ કુલ કેટલા હેકટર વિસ્તારને ખારપાટ તેમજ દરિયાઇ ધોવાણ સામે રક્ષણ મળશે? ત્રીજો પ્રશ્ન, ડુમ્મસ–સુલતાનાબાદ ખાતે દરિયાઇ ધોવાણની કામગીરી લંબાવવાની રજૂઆત અંગે શું કાર્યવાહી કરવામાં આવી?

અધ્યક્ષશ્રીઃ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વડોદરા મહાનગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ

* ૧૩૧૬૫ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ની તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ તથા ચૂકવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂ઼ા. કરોડમાં)** | **ચૂકવેલ રકમ (રૂ઼ા. કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૨૨૨ | ૨૨૨ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ) | ૩૪૨ | ૨૦૦ |
| **કુલ** | **૫૬૪** | **૪૨૨** |

**પ્રશ્ન** (૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ** (૨) ૨૩૮ કામો મંજૂર થયેલ છે અને ૨૦૩ કામો પૂર્ણ થયેલ છે.

---------

### તરણેતર મેળામાં પશુ હરિફાઈ

* ૧૩૦૨૦ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪માં તરણેતરના મેળા દરમ્યાન પશુ હરિફાઈમાં કેટલા પશુપાલકોએ ભાગ લીધો, અને | (૧) ૧૮૪. |
| (૨) તેમાં કેટલી રકમના ઈનામ વિતરણ કરવામાં આવ્યાં ? | (૨) રૂ઼ા. ૧૧.૭૩ લાખ. |

---------

### રાજ્યમાં કાર્યરત નારી અદાલતો

* ૧૩૧૭૧ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત નારી અદાલતોની સંખ્યા કેટલી છે, અને | (૧) કુલ–૧૦૨ નારી અદાલતો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લા તથા કયા શહેરોમાં નારી અદાલતો કાર્યરત છે ? | (૨) *પત્રક અ અને બ સામેલ છે. |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## ભાવનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

*૧૨૯૫૯ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ૧૮૯. |
| (૨) ઉક્ત તળાવો ઉંડા ઉતારવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૨) તા. ૦૧–૦૬–૨૦૧૨ થી તા. ૩૧–૦૫–૨૦૧૩ માં રૂા. ૮૬૭.૫૯ લાખ અને<br>તા. ૦૧–૦૬–૨૦૧૩ થી તા. ૩૧–૦૫–૨૦૧૪માં રૂા. ૪૬૫.૩૪ લાખ . |
| (૩) ઉક્ત તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો, અને | (૩) ૧૮૮.૧૪૫ એમ.સી.એફ.ટી. |
| (૪) કેટલા વધારાના વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો ? | (૪) આશરે ૩૮૮૭ હેકટર. |

---------

## રાજકોટ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૩૦ **શ્રી બાવજીભાઇ હ. મેતલીયા (ટંકારા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૬૩. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૧૬,૯૭૫. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૮૫,૬૮૧. |

---------

### અમદાવાદ જિલ્લામાં બનાવેલ નવા નંદઘર

* ૧૩૧૭૪ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા નંદઘર બનાવવામાં આવ્યા, અને | (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કુલ ૮૬ નંદઘર બનાવવામાં આવ્યા. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) તે માટે કુલ રૂા. ૪૭૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

### સુરત જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના બાકી કેસ

* ૧૩૩૨૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ જમીન મેહસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે, | (૧) બાકી કેસો –૭૦૦ |
| (૨) તે પૈકી એક વર્ષ સુધીના કેટલા અને છ માસ સુધીના કેટલા છે, અને | (૨) એક વર્ષ સુધીના –૨૨૯<br>છ માસ સુધીના –૨૨૪ |
| (૩) બાકી કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) અર્ધન્યાયીક પ્રક્રિયા હોવા છતા સત્વરે. |

---------

### મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવા બાબત

* ૧૩૧૧૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્યમાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી મહિલાઓને કઈ તાલીમ આપવામાં આવી છે ? | (૨) મહિલાઓને સ્વ–રક્ષણ માટે નિમ્નદર્શીત તાલીમ આપવામાં આવેલ છે –<br>(૧) જુડો /કરાટેની તાલીમ ૨,૦૨,૮૭૦ મહિલાઓ<br>(૨) રાયફલ શુટીંગની તાલીમ– ૧૭,૪૭૯ મહિલાઓ. |

---------

## કચ્છ જીલ્લામાં નર્મદા યોજનાની શાખા નહેરોની કામગીરી

* ૧૩૩૫૩ **ર્ડા. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં કચ્છ જીલ્લામાં મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા, વિ–શાખા, પ્ર–શાખા કેટલું કામ પૂર્ણ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકીનું કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં મુખ્ય નહેરમાંથી નીકળતી કચ્છ શાખા નહેરની શાખા, વિશાખા અને પ્રશાખાનું તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં નીચે મુજબ કામ પૂર્ણ થયેલ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| શાખા નહેર | ૨૭૪.૮૮૫ | ૯૦.૫૮ |
| વિશાખા | ૨૩૩.૦૦ | ૦.૦૦ |
| પ્રશાખા | ૧૦૭૧.૦૦ | ૦.૦૦ |

(૨) બાકીનું કામ જમીન સંપાદન, જંગલ અને અભ્યારણમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસીંગ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ ઓઈલ પાઈપલાઈન, ટેલીફોન, ઈલેક્ટ્રીક લાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## ગીર સોમનાથ જિલ્લામાં વારસાઈ હક્ક માટેની અરજીઓ

* ૧૩૩૨૭ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| વેરાવળ | ૧૩૨૧ |
| તાલાલા | ૯૩૬ |
| સુત્રાપાડા | ૧૫૮૧ |
| કોડીનાર | ૧૭૩૮ |
| ઉના | ૧૬૫૨ |
| ગીરગઢડા | ૨૦૮ |
| **કુલ :-** | **૭૪૩૬** |

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો |
|---|---|
| વેરાવળ | ૧૩૨૧ |
| તાલાલા | ૯૩૬ |
| સુત્રાપાડા | ૧૫૮૧ |
| કોડીનાર | ૧૭૩૮ |

| | |
|---|---|
| ઉના | ૧૬૫૨ |
| ગીરગઢડા | ૨૦૮ |
| **કુલ :-** | **૭૪૩૬** |

(૩) કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩)

| **તાલુકાનું નામ** | **નામંજુર કરવામાં આવેલ નોંધો** |
|---|---|
| વેરાવળ | ૩૨ |
| તાલાલા | ૯ |
| સુત્રાપાડા | ૩૯ |
| કોડીનાર | ૬ |
| ઉના | ૩૧ |
| ગીરગઢડા | ૧૨ |
| **કુલ :-** | **૧૨૯** |

(૪) નામંજુર કરવાના કારણો શા છે?

(૪) નિયમોનુસાર ન હોવાથી.

---------

## કડી તાલુકામાં રોડના જોબ નંબર આપવા બાબત

* ૧૩૩૮૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકામાં કેટલા રોડના જોબનંબર આપવામાં આવ્યા કેટલા રોડની નવીન ડામર પેવર સપાટી કરવામાં આવી, અને

(૨) નાની કડી–ચંદ્રાસણ રોડને ડામર–પેવર સપાટી કરવા માટે ક્યારે મંજૂરી આપવામાં આવી, કેટલુ કામ પૂર્ણ થયેલ છે, કેટલુ કામ કરવાનું બાકી છે, કામ બાકી રહેવાના કારણો શા છે, કામ પૂર્ણ ક્યારે થશે?

**જવાબ**

(૧) ૫૧ (એકાવન) રોડના જોબનંબર આપવામાં આવ્યા. જે પૈકી ૧ (એક) રોડની નવીન ડામર પેવર સપાટી કરવામાં આવેલ છે.

(૨) નાની કડી–ચંદ્રાસણ રોડને તા. ૨૬–૦૬–૨૦૧૩ના રોજ કી.મી. ૦/૦ થી ૨૧/૦ ની મંજુરી આપવામાં આવી જે કામ પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીના કી.મી. ૨૧/૦ થી ૨૮/૦ કી.મી. ની મંજુરી તા. ૯/૧૦/૨૦૧૪ના રોજ આપેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ટેન્ડર મંજુર થયે કામ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

---------

## ધોરાજી તાલુકાના સખી સંઘ દ્વારા ટેકહોમ રેશન ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના

* ૧૩૧૭૬ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સખી સંઘ દ્વારા ટેકહોમ રેશન ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યારથી કાર્યરત છે, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં સખી સંઘ દ્વારા ટેકહોમ રેશન ઉત્પાદન પ્લાન્ટની સ્થાપના કરેલ છે તે હકીકત સાચી છે.

(૨) રાજકોટ જિલ્લામાં ટેક હોમ રેશન (THR)પ્લાન્ટ પ્રોજેક્ટની શરૂઆત તા. ૨૧–૦૧–૨૦૧૪થી કરવામાં આવી. ટેક હોમ રેશન

પ્લાન્ટની (THR) પ્રોજેક્ટની પ્રથમ સ્થાપના રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સુપેડી ગામે કરવામાં આવી.

(૩) આ પ્લાન્ટ માટે તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી સહાય ચુકવી છે?

(૩) રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં સ્થપાયેલ ટેક હોમ રેશન પ્લાન્ટ માટે પ્લાન્ટ મશીનરીના ૩૦ ટકા સહાય પેટે રૂ. ૫,૭૧,૭૨૫/- ચુકવવામાં આવેલ છે.

---------

## ભાવનગર જિલ્લામાં જેટકોને સરકારી પડતર જમીન ફાળવવા બાબત

* ૧૩૩૨૬ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર, જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે તે વાત સાચી છે અને

(૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કૂલ ૪૯૦૦–૦૦ ચો.મી.

---------

## ભાવનગર જિલ્લામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા સહાય

* ૧૩૧૭૯ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતીએ ભાવનગર જીલ્લામાં ધાન્ય પાકોના ઉત્પાદન વધારવા સરકારે છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારની કેટલી સહાય ચૂકવી, અને

(૨) આ સહાય ચુકવાયા પછી ધાન્યપાકોમાં વૃદ્ધિ કેટલી થઈ?

**જવાબ**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે ડેમોસ્ટ્રેશન (ઘઉં અને બાજરી પાક આધારિત), પ્રમાણિત બીજ વિતરણ (ઘઉં), જીપ્સમ, સૂક્ષ્મતત્ત્વો, ફાર્મ મીકેનાઇઝેશન, સિંચાઈ સવલતો માટે પંપ સેટ અને સ્પ્રીંકલર સેટ, પાક પદ્ધતિ આધારીત તાલીમ વગેરે જેવા ઘટકોમાં વર્ષ ૨૦૧૨–૧૩ માં રૂ. ૬૯.૪૬ લાખ અંકે રૂ. ઓગણ સિત્તેર લાખ છેત્તાલીસ હજાર પુરા સહાય ચુકવેલ છે (ઘટકવાઈઝ પત્રક સામેલ છે.) વર્ષ ૨૦૧૩–૧૪થી ભારત સરકારે એ.જી.આર. ૯–વર્કપ્લાન યોજના બંધ કરેલ છે.

(૨) વર્ષ વાર ધાન્ય પાકોનું થયેલ વાવેતર અને ઉત્પાદન

| પાકનું નામ | વાવેતર વિસ્તાર (હે.માં) | | કુલ ઉત્પાદન મે. ટન | |
|---|---|---|---|---|
| | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
| બાજરી | ૩૧૦૦૦ | ૩૪૦૬૮ | ૪૭૯૦૦ | ૫૧૨૦૬ |
| ઘઉં | ૨૬૦૫ | ૨૯૦૭૩ | ૮૪૫૩ | ૯૩૦૩૪ |

આમ, ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૧૩–૧૪માં ધાન્ય પાકોના ઉત્પાદનમાં ૮૭,૮૮૭ મે.ટનની અને વિસ્તારમાં ૨૯,૫૩૬ હેક્ટરની વૃધ્ધિ થયેલ છે. એકંદરે ધાન્ય પાકોના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વૃધ્ધિ જોવા મળેલ છે. (વર્ષ ૨૦૧૨–૧૩માં ઓછા વરસાદને કારણે ધાન્ય પાક બાજરી અને ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયેલ હતો).

**પત્રક**

**ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨–૧૩માં ધાન્ય પાકમાં થયેલ કામગીરી**

**(રૂા. લાખમાં)**

| ક્રમ | ઘટકનું નામ | એકમ | કુલ સિધ્ધી | |
|---|---|---|---|---|
| | | | ભૌતિક | નાણાકીય |
| ૧ | **ઘઉં પાક માટે** | | | |
| | પ્રમાણીત બીજ વિતરણ | ક્વીંટલ | ૧૩૯૦ | ૬.૯૫ |
| | ફીલ્ડ ડેમોસ્ટ્રેશન | સંખ્યા | ૧૦ | ૦.૩૬ |
| | સુક્ષ્મ તત્ત્વો | હેક્ટર | ૧૦૦ | ૧.૭૨ |
| | જીપ્સમ | હેક્ટર | ૫૦૦ | ૨.૫૦ |
| | ખેડૂત તાલીમ (FFS ) | સંખ્યા | ૨ | ૦.૩૪ |
| | વીડ કંટ્રોલ | હેક્ટર | ૪૪ | ૦.૩૭ |
| ૨ | **બાજરી પાક માટે** | | | |
| | પ્રમા. બીજ વિતરણ | ક્વીંટલ | | |
| | ફીલ્ડ ડેમોસ્ટ્રેશન | સંખ્યા | ૧૭ | ૦.૩૪ |
| | સુક્ષ્મ તત્ત્વો | હેક્ટર | ૧૫૦ | ૦.૩૧ |
| | જીપ્સમ | હેક્ટર | ૩૪૦ | ૧.૭૦ |
| ૩ | **ફાર્મ મીકેનાઈઝેશન** | | | |
| | ટ્રેક્ટર ૪૦ હો.પા. સુધી | સંખ્યા | ૭૫ | ૩૩.૭૫ |
| | ટ્રેક્ટર ૧૮ હો.પા. સુધી | સંખ્યા | ૩૩ | ૧૪.૭૭ |
| | પાવર ટીલર | સંખ્યા | ૫ | ૨.૨૫ |
| | ટ્રેક્ટર/પાવરટીલરથી ચાલતા ખેત ઓજાર | સંખ્યા | ૨૦ | ૦.૯૩ |
| | પાવર થ્રેસર (બધા પ્રકારના) | સંખ્યા | ૧૧ | ૧.૨૨ |
| | પંપ સેટ (ડીઝલ/ઈલેકટ્રીક) | સંખ્યા | ૧૩ | ૧.૩૦ |
| | પાક સં.સાધન માનવ સંચા. | સંખ્યા | ૬ | ૦.૦૩ |
| | પાક સં. સાધન પાવર સંચા. | સંખ્યા | ૨ | ૦.૦૨ |
| | કન્ટીજન્સી | રૂપીયા | | ૦.૬૦ |
| | **કુલ** | | | **૬૯.૪૬** |

---------

### નવસારી જિલ્લામાં દરિયાઈ ધોવાણ અટકાવવા આયોજન

* ૧૨૯૫૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં દરિયાઈ ધોવાણ અટકાવવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની પાછળ કેટલો ખર્ચ કરવાનો અંદાજ છે, | (૨) રૂ. ૪૫૬૬.૫૭ લાખ. |
| (૩) આ કામ ક્યારે પૂર્ણ થશે, અને | (૩) આ કામો માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) આ કામથી કેટલી વસતીને લાભ થશે? | (૪) ૧૪૨૦૦ વસતી. |

---------

### ખંભાળીયા તાલુકામાં પીવાના પાણી માટે આગોતરૂ આયોજન

* ૧૩૩૦૧ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૦–૦૯–૧૪ની સ્થિતિએ ખંભાલિયા તાલુકામાં અપૂરતા વરસાદને કારણે પીવાના પાણીની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા સરકારશ્રીનું આયોજન શું છે? | ચાલુ વર્ષે ખંભાલિયા તાલુકામાં ૫૦૭ મીમી (૭૯.૭૨ ટકા) જેટલો પૂરતો વરસાદ થયેલો હોઈ, તા. ૩૦–૦૯–૧૪ની સ્થિતિએ પીવાના પાણીની વિકટ પરિસ્થિતિ ઉદભવેલ ન હોય કોઈ આયોજનની જરૂરીયાત જણાયેલ નથી તેમ છતાં, જરૂરીયાત ઉપસ્થિત થયેથી જરૂરી કામો કરવાનું આયોજન છે. |

### યુરીયા ખાતરનો જથ્થો રાજ્યને ઓછો મળ્યા બાબત

* ૧૩૨૨૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ની ખરીફ ઋતુમાં યુરીયા ખાતરની તીવ્ર અછત ઉભી થઈ હતી તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોની જરૂરિયાત સામે ઓછો જથ્થો રાજ્યને મળવાના શા કારણો છે, અને | (૨) ભારત સરકારશ્રી દ્વારા ફાળવણી કરેલ યુરીયા ખાતરનાં જથ્થા પૈકી આયાતી યુરીયા ખાતર આયોજન મુજબ જે તે માસમાં ઉપલબ્ધ ન થવાનાં કારણે. |
| (૩) આ માટે કોણ જવાબદાર છે, અને તેની સામે શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## દાહોદ જિલ્લામાં પશુપાલન કિટનું વિતરણ

* ૧૩૦૨૩ **શ્રી વીછીયાભાઈ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન દાહોદ જિલ્લામાં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૭૨૩૦. |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૭૨૩. |

---------

## નર્મદા મુખ્ય બંધની ઉંચાઈ અને જળવિજ ઉત્પાદનમાં વધારા બાબત

* ૧૩૩૩૧ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા મુખ્ય બંધની ઉંચાઈ કેટલી છે, | (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા મુખ્ય બંધની ઉંચાઈ EL. ૧૨૧.૯૨ મીટર છે. |
| (૨) છેલ્લા તબક્કે બંધની મહત્તમ ઉંચાઈ કેટલી થશે, અને | (૨) છેલ્લા તબક્કે ડિઝાઈન પ્રમાણે બંધની મહત્તમ ઉંચાઈ બ્રીજ સાથે ૧૪૬.૫૦ મીટર થશે. |
| (૩) આ મહત્તમ ઉંચાઈએ સરદાર સરોવરના જળવિજ ઉત્પાદનમાં કેટલો વધારો થશે? | (૩) આ મહત્તમ ઉંચાઈએ સરદાર સરોવરના જળવિદ્યુત ઉત્પાદનમાં ડિઝાઈન મુજબ હાલની ઉંચાઈ કરતાં પ્રતિવર્ષ ૧૫૦ કરોડ યુનિટનો મહત્તમ વધારો અંદાજી શકાય. |

---------

## તાપી જિલ્લામાં પશુપાલન કિટનું વિતરણ

* ૧૩૦૨૨ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન તાપી જિલ્લામાં કેટલી પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૫૨૧૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૫૨૧ |

---------

## પાનમ, કડાણા, કબુતરી સિંચાઈ યોજનાનાં અસરગ્રસ્તોને અપાયેલ જમીન સામે વન વિભાગને ચૂકવેલ રકમ

* ૧૩૨૪૨ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) :** તેરમી ગુજરાત વિધાનસભા ચોથા સત્રના તા.૧–૭–૧૪ના વારામાં ગૃહમાં રજૂ થયેલ *૯૯૧૦, અગ્રતા–૭૨ અન્વયે **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પાનમ, કડાણા કબુતરી સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને અપાયેલ વન વિભાગ હેઠળની જમીનોની સામે નેટ પ્રેઝન્ટ વેલ્યુની રકમ વન | આ અંગેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |

વિભાગને અંદાજે ચોર્યાસી કરોડ રૂપિયા ચૂકવવાના હતા તે રકમ ક્યારે ચૂકવવામાં આવી?

---------

**ગાંધીનગર જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ**

* ૧૩૦૩૧ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૧૧૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૩૧૧ |

---------

**વડોદરા જિલ્લામાં સાંઠોદ–ચાણોદ માર્ગને પહોળો કરવા બાબત**

* ૧૩૧૦૬ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સાંઠોદ–ચાણોદ માર્ગને પહોળો કરવાની કામગીરી તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) પ્રગતિમાં. |
| (૨) આ કામ પૂર્ણ કરવા માટે કેટલો ખર્ચ થશે? | (૨) અંદાજે રૂા. ૧૫૦૦.૦૦ લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ**

* ૧૩૦૨૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલી પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૬૩૭૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૬૩૭ |

---------

**શક્તિદૂત યોજના હેઠળ સહાય મંજૂર કરવા બાબત**

* ૧૩૦૧૪ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શક્તિદૂત યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં કુલ કેટલા ખેલાડીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) કુલ ૪૭ ખેલાડીઓને સહાય મજૂર કરવામાં આવી. |
| (૨) આ અંગે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂપિયા ૧,૧૮,૦૦,૦૦૦/– |

---------

**ભાવનગર જિલ્લામાં જસાપર બંધારા બાંધવાનું કામ બાબત**

* ૧૨૯૬૦ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ યોજના હેઠળ જસાપર બંધારા બાંધવાનું કામ કેટલું પૂર્ણ થયેલ છે, (૨) આ કામ પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને | (૧) અને (૨) તા. ૩૦-૦૪-૨૦૧૪ના રોજ કામ પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલી જમીનને લાભ મળશે? | (૩) આ યોજનાથી ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના જસપરા, માંડવા, સોસીયા અને અલંગ ગામની કુલ ૫૨૦ હેકટર જમીનને પ્રત્યક્ષ/પરોક્ષ રીતે સિંચાઈનો લાભ થશે. |

---------

**સરકારી ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું આયોજન**

* ૧૩૦૧૫ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના સરકારી ગ્રંથાલયોનાં કોમ્પ્યુટરાઈઝેશન કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરાયેલ છે, તે હકિકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના કુલ ૧૫ સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝડ કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના અંતર્ગત ગ્રાન્ટ**

* ૧૩૧૬૪ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને | (૧) ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ કુલ ૪૩૫૪ શૌચાલયો માટે રૂ. ૩૪૮.૩૨ લાખની ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે રૂ. ૨૭૦.૬૮ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયોની કામગીરી | (૨) તે પૈકી ૨૯૦૭ શૌચાલયોની કામગીરી |

| | |
|---|---|
| પૂર્ણ થયેલ છે? | પૂર્ણ થયેલ છે. |

---------

**વલસાડ તાલુકાની ચીચાઈ સિંચાઈ ઉદવહન પરીયોજના પાછળ ખર્ચ બાબત**

* ૧૩૨૯૪ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ વલસાડ તાલુકાની ચીચાઈ સિંચાઈ ઉદવહન પરિયોજના કયા વર્ષે શરૂ કરવામાં આવી, | (૧) વલસાડ તાલુકાની ચીચાઈ ઉદવહન સિંચાઈ પરિયોજનાના કામો અલગ અલગ તબક્કાવાર વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૮ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આ મંજુર થયેલ યોજના નિયત સમયમર્યાદામાં સમયસર અને મંજુર થયેલ ગ્રાન્ટમાંથી પૂરી કરવામાં આવી છે કે કેમ, અને | (૨) આ યોજના પ્રગતિ હેઠળ છે. |
| (૩) આ યોજના પાછળ નિયત કરતા વધારે સમય અને વધુ રકમનો ખર્ચ કરવામાં આવ્યો હોય, તે બદલ જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા? | (૩) કામના કન્સલ્ટન્ટને ટર્મીનેટ કરવામાં આવેલ છે, તેમજ તેની ડીપોઝીટ જપ્ત કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં હકકપત્રક નોંધોનો નિકાલ બાકી**

* ૧૩૩૨૫ **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ કેટલી હકકપત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૪૦૭૬. |
| (૨) આ બાકીની નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે. ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**સરસ્વતી નદી ઉપર ચેકડેમ બાંધવાનો ખર્ચ**

* ૧૩૦૭૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦/૬/૨૦૧૪ની સ્થિતિએ સિધ્ધપુરમાં આવેલ સરસ્વતી નદી ઉપર ચેકડેમ બાંધવાનો કેટલો ખર્ચ કેટલો કરવામાં આવ્યો હતો, | (૧) રૂા. ૧,૨૧,૯૭,૪૭૭.૦૦ |
| (૨) ઉકત સ્થિતિએ આ ચેકડેમના ઉદ્‌ઘાટન પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો, અને | (૨) શૂન્ય. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરસ્વતી નદીમાં કેટલીવાર પાણી નાંખવામાં આવ્યું છે ? | (૩) ત્રણ વાર. |

---------

### પિયજથી ધરોઈ પાઈપલાઈન કાર્યરત કરવા બાબત

* ૧૨૯૫૦ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા મુખ્ય નહેર આધારીત પિયજથી ધરોઈ પાઈપ લાઈન કયારથી કાર્યરત કરવામાં આવેલ છે, | (૧) ઓકટોબર–૨૦૦૪ થી. |
| (૨) આ પાઈપ લાઈન સાથે ગાંધીનગર જિલ્લાના કયા તાલુકાના ગામ તળાવો જોડવામાં આવેલ છે, અને (૩) તે પૈકી તા. ૩૦/૯/૨૦૧૪ સુધીમાં કેટલા ગામ તળાવોમાં પાણી આપવામાં આવેલ છે? | (૨) અને (૩) કલોલ તાલુકાના–૧૯ અને માણસા તાલુકાના–૧૦ એમ કુલ–૨૯ ગામ તળાવો જોડવામાં આવેલ છે અને આ તમામ ગામ તળાવોમાં પાણી આપવામાં આવેલ છે. |

---------

### માંગરોળ અને ચોરવાડ દરિયાકાંઠે જેટીનું બાંધકામ

* ૧૩૦૯૦ **શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦/૯/૨૦૧૪ ની સ્થિતિએ માંગરોળ અને ચોરવાડના દરિયાકાંઠે જેટીનું બાંધકામ કયા તબકકે છે, અને | (૧) માંગરોળ અને ચોરવાડના દરિયા કાંઠે જેટીનું બાંધકામ ચાલુ નથી. |
| (૨) આ કામ કયારે પૂર્ણ થશે અને અંદાજે કેટલો ખર્ચ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજયમાં મહિલા સશકિતકરણ પખવાડીયા દરમ્યાન કાર્યક્રમોનું આયોજન

* ૧૩૧૬૯ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજય સરકાર દ્વારા તા. ૧/૮/૨૦૧૪ થી તા. ૧૫/૮/૨૦૧૪ સુધી ઉજવવામાં આવેલ મહિલા સશકિતકરણ પખવાડીયા દરમ્યાન કયાં પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ? | * પત્રક અ અને બ સામેલ છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતેની હોન્ડા સ્કૂટર/મોટર સાયકલ કંપની અને રાજય સરકાર વચ્ચે કરાર બાબત

* ૧૩૦૬૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૦/૧૦/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા | (૧) અને (૨) હોન્ડા મોટર સાયકલ |

એક વર્ષમાં અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતેની હોન્ડા સ્કૂટર/મોટર સાયકલ કંપની અને રાજય સરકાર વચ્ચે કેટલી રકમના મુડીરોકાણ માટે કરાર/એગ્રીમેન્ટ થયેલ છે, અને

(૨) ઉકત એગ્રીમેન્ટ/ કરાર અન્વયે આ કંપનીને કયા લાભો સરકાર તરફથી આપવામાં આવશે ?

અને સ્કુટર ઈન્ડીયા પ્રા. લી સાથે તા. ૩૦/૯/૨૦૧૪ ના રોજ રૂ. ૧૧૦૦ કરોડના સૂચિત મુડીરોકાણ માટે સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જેમા એકમ ખાનગી જમીન ખરીદ કરે તો સ્ટેમ્પ ડયુટી અને ટ્રાન્સફર ચાર્જમાંથી મુકિત માટે વિચારણા કરવી, પાંચ વર્ષ માટે વીજ શુલ્કમાં માફી, ૧૮૦ મહિના માટે એકમે ભરેલ નેટ ટેક્ષ જેટલું રીફંડનો લાભ આપવાનું નિયત કરેલ છે.

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને ડામરના ન કરવા બાબત

* ૧૩૪૪૭ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦/૯/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૭ વર્ષથી ઉપરના સમયથી ડામર ન કરવામાં આવ્યા હોય એવા કેટલા અને કયા કયા રસ્તાઓ પ્લાન અને નોન પ્લાન છે, | (૧) * પરિશિષ્ટ અ મુજબ |
| (૨) આ રસ્તાઓ ડામર ન કરવાના કારણો શા છે, અને<br>(૩) હવે આ રસ્તાઓ કયાં સુધીમાં ડામર કરવામાં આવશે ? | (૨) અને (૩) તાંત્રિક જરૂરીયાત આંતરીક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણથી નુકશાન અટકાવવા આયોજન

* ૧૨૯૫૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણથી થતું નુકશાન અટકાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા તો, તા. ૩૦/૯/૨૦૧૪ની સ્થિતિએ કેટલી લંબાઈમાં કામગીરી કરવામાં આવી, | (૨) ૧૩૯૩૦ મીટર |
| (૩) આ કામથી કેટલા હેકટર જમીનનું ધોવાણ થતુ અટકશે, અને | (૩) ૫૯૦ હેકટર |
| (૪) આ કામોથી કેટલી વસતીને લાભ થશે ? | (૪) ૪૯૭૦૦ વસતીને લાભ થયેલ છે. |

---------

## પાટણ જિલ્લામાં નર્મદા આધારીત શાખા નહેરોના કામ

* ૧૩૩૫૪ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત તા. | (૧) નર્મદા યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં |

૩૦/૯/૨૦૧૪ સુધીમાં પાટણ જીલ્લામાં મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા, વિશાખા, પ્રશાખાનું કેટલું કામ પુર્ણ થયેલ છે, અને

મુખ્ય નહેરમાંથી નીકળતી પાટણ શાખા નહેરની શાખા, વિશાખા અને પ્રશાખાનું તા. ૩૦/૯/૨૦૧૪ સુધીમાં નીચે મુજબ કામ પૂર્ણ થયેલ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિ.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|
| શાખા નહેર | ૧૭૮.૦૭ | ૧૭૮.૦૭ |
| વિશાખા | ૪૯૩.૦૫ | ૪૨૦.૧૪ |
| પ્રશાખા | ૧૫૨૨.૨૧ | ૧૦૬૬.૧ |

(૨) ઉકત સ્થિતિએ બાકીનું કામ કયારે પુર્ણ કરવાનું આયોજન છે ?

(૨) ઉકત સ્થિતિએ માઈનોર (પ્રશાખા) નહેર સુધીના બાકીના કામો જમીન સંપાદન અને યુટીલીટી ક્રોસીંગ જેવાકે રેલ્વે, રસ્તાઓ, ગેસ ઓઈલ પાઈપલાઈન, ટેલીફોન, ઈલેકટ્રીક લાઈન વિગેરેની સંબધીત વિભાગોની મંજુરી મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દાહોદ જિલ્લામાં ઓછા વજનવાળા બાળકો માટેની યોજનાનો અમલ

* ૧૩૧૭૩ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** ( રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩–૧૪માં દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં ઓછા વજનવાળા બાળકો માટે રાજય સરકાર દ્વારા કઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને તે કયારથી અમલમાં છે,

(૨) આ યોજના અંતર્ગત ઓછા વજનવાળા બાળકોને શું વિશેષ કાળજી લેવામાં આવે છે. અને

**જવાબ**

(૧) સને ૨૦૧૩–૧૪માં દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં ઓછા વજનવાળા બાળકો માટે રાજય સરકાર દ્વારા નીચે પ્રમાણે યોજના અમલમાં આવી .–

૬ માસથી ૩ વર્ષના બાળકને અપાતા ટીએચઆર માંથી નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવી બાળકોને આંગળવાડી ઉપર આપવામાં આવે છે.

૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા તમામ બાળકો માટે ત્રીજા ભોજન તરીકે ૫૦ ગ્રામનો કેલેરી અને પ્રોટીનસભર લાડુ આપવામાં આવે છે.

વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

આ યોજના વર્ષ ૨૦૧૩–૧૪માં અમલમાં આવી.

(૨) ઓછા વજનવાળા બાળકોમાં સપ્રમાણ વજન થાય તે માટે રાજય સરકાર દ્વારા નીચે મુજબની કાળજી લેવામાં આવેલ છે.–

નિદર્શક ભોજનઃ–

૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિદર્શક

ભોજન તરીકે રાબ /સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.અને બાળકોની માતાને બાળકના તથા માતાના આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારો લાવવા માટે પોષણ શિક્ષણ આપવામાં આવે છે.

ત્રીજુ ભોજનઃ–

૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટીએચઆર તરીકે કેલેરી અને પ્રોટીનસભર ૫૦ ગ્રામનો લાડુ આપવામાં આવે છે.ન્યુટ્રીશન કાઉન્સિલિંગ વોલન્ટીયર (એન. સી. વી.) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણવિષયક શિક્ષણ આપવામાં આવે છે.

વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

(૩) ઉકત સમયગાળામાં આ જિલ્લામાં આ યોજનાનો લાભ કેટલા બાળકોને આપવામાં આવેલ અને તે માટે કેટલો ખર્ચ થયો હતો ?

(૩) ઉકત સમયગાળામાં આ યોજના પાછળ બાળકોને લાભ આપવામાં આવેલ ને તે માટે થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છેઃ–

નિદર્શક ભોજન યોજના હેઠળઃ–

૬ માસ થી ૩ વર્ષના કુલ ઓગણચાલીસ હજાર પાંચસો પચીસ.

ત્રીજુ ભોજન યોજના હેઠળઃ–

૩ થી ૬ વર્ષના કુલ સત્તર હજાર નવસો અડસઠ.

ખર્ચની વિગતઃ–

નિદર્શક ભોજન યોજના હેઠળ ખર્ચઃ રૂપિયા છેતાલીસ લાખ પિસ્તાલીસ હજાર પાંચસો.

ત્રીજુ ભોજન યોજના હેઠળ ખર્ચઃ રૂપિયા અઠ્ઠાણું લાખ દશ હજાર પાંચસો અઠ્યાવીસ.

કુલ ખર્ચ રૂપિયા એક કરોડ ચુમ્માલીસ લાખ છપ્પન હજાર અઠ્યાવીસ.

---------

## વ્યારા તાલુકામાં ઉકાઈ હાઈ લેવલમાં પાણી છોડવા બાબત

* ૧૨૯૪૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં ઉભા કૃષિ પાકને બચાવવા હાઈ લેવલમાં પાણી ક્યારે છોડવામાં આવશે ?

**જવાબ**

ઉકાઈ પૂર્ણા હાઈ લેવલ કેનાલની કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે. બાકીની કામગીરી તા. ૩૧–૩–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ત્યારબાદ પાણી છોડવામાં આવશે.

---------

## વિજાપુર તાલુકાની ધરોઈ ડેમની ભાવસોર–લાડોલ પ્રશાખાની જમીન સંપાદનની કામગીરી

* ૧૩૦૭૪ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ધરોઈ ડેમની વિજાપુર તાલુકામાંથી નિકળેલ ભાવસોર અને લાડોલ પ્રશાખાની જમીન સંપાદનની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) પ્રાથમિક દરખાસ્તના તબક્કે છે. |
| (૨) આ જમીન સંપાદનની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ના રૂલ્સ આખરી થયેથી નિયમોનુસાર પૂર્ણ કરવામાં આવશે. |

---------

## વલસાડ જિલ્લામાં બોર/હેન્ડપંપ મંજૂર કરવા બાબત

* ૧૩૧૫૪ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સુધીમાં વલસાડ જિલ્લામાં કેટલા બોર/હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬૦૦ બોર/હેન્ડપંપ |
| (૨) એ પૈકી કેટલા બોર હેન્ડપંપ શારવામાં આવ્યા તથા કેટલા બોર/હેન્ડપંપ શારવાના બાકી છે, અને | (૨) ૨૬૨ બોરનું શારકામ આવ્યું તથા ૩૩૮ બોર શારવાના બાકી છે. |
| (૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) માર્ચ ૨૦૧૫ સુધીમાં |

---------

## સુરત મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના અંતર્ગત ગ્રાન્ટ

* ૧૩૧૬૨ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને | (૧) સુરત મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કુલ ૫૭૮૫ શૌચાલયો માટે રૂા. ૪૬૨.૮૦ લાખની ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે અને તે પેટે રૂા. ૨૨૨.૮૦ લાખની ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે ? | (૨) તે પૈકી ૪૦૫૨ શૌચાલયોની કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

## રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સમક્ષ યુરીયા ખાતરની માંગણી

* ૧૩૪૫૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખરીફ સીઝન દરમ્યાન વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સામે યુરીયા ખાતરની કેટલી માંગણી કરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માંગ સામે કેટલું યુરીયા ફાળવવામાં આવ્યું છે, અને

(૩) કુલ માંગણી સામે ઘટ હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખરીફ સીઝન દરમ્યાન વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ભારત સરકાર સામે યુરીયા ખાતરની નીચે મુજબ માંગણી કરવામાં આવી છે.

| અ. નં. | સીઝન/વર્ષ | માંગણી કરેલ યુરીયા ખાતરનો જથ્થો (લાખ મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ખરીફ–૨૦૧૨ | ૧૩.૦૦ |
| ૨ | ખરીફ–૨૦૧૩ | ૧૨.૦૦ |
| ૩ | ખરીફ–૨૦૧૪ | ૧૨.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માંગ સામે ભારત સરકારશ્રી દ્વારા નીચે મુજબ યુરીયા ખાતર ફાળવવામાં આવ્યું.

| અ. નં. | સીઝન/વર્ષ | ભારત સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુરીયા ખાતરનો જથ્થો (લાખ મે.ટનમાં) |
|---|---|---|
| ૧ | ખરીફ–૨૦૧૩ | ૧૧.૨૩ |
| ૨ | ખરીફ–૨૦૧૪ | ૯.૮૯ |

(૩) ફાળવણી કરેલ યુરીયા ખાતરનાં જથ્થા પૈકી આયાતી યુરીયા ખાતર આયોજન મુજબ જે તે માસમાં ઉપલબ્ધ ન થવાનાં કારણે.

---------

## પાટણ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૨૫ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન પાટણ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૧૪૪

(૨) ૩૯,૬૯૩

(૩) ૨,૦૫,૪૬૭

---------

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની આવક

* ૧૩૧૧૨ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) :માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની તા. ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ના અંતે છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) રૂ।. ૩૨૪.૪૭ કરોડની આવક થઈ. |
| (૨) ગયા વર્ષના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો અને ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો, અને | (૨) રૂ।. ૧૫.૦૭ કરોડનો વધારો થયો. |
| (૩) ઘટાડો થવાના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વઢવાણ તાલુકાના વઢવાણ કુલગ્રામ રસ્તાના પુલને ઉંચો કરવા બાબત

* ૧૩૧૧૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વઢવાણ કુલગ્રામ રસ્તા પરના બેઠા પુલોને ઉંચા કરવાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૧) તા. ૧૬–૫–૨૦૧૪ના રોજ મંજુર કરવામાં આવ્યું. |
| (૨) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૨) સ્વીકૃતીપત્ર આપ્યાના તબક્કે. |

---------

## ઉના તાલુકામાં સીમર ગ્રામ વિકાસ મંડળને નિયમ વિરૂધ્ધ ફાળવેલ જમીન

* ૧૩૨૬૨ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમર ગ્રામ વિકાસ મંડળને જમીન ફાળવવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કયા હેતુ માટે કેવા પ્રકારની, કેટલી જમીન, શા ભાવે ફાળવવામાં આવી, | (૨) શૈક્ષણિક હેતુ માટે, સરકારી પડતર ૭૨૦ ચો.મી. જમીન શાળાના બાંધકામ માટે તથા ૪૦૪૭ ચો.મી. જમીન રમત ગમતના મેદાન માટે મળી કુલ ૪૭૬૭ ચો.મી. જમીન બજાર કીંમત રૂ।. ૨૬,૬૯,૫૨૦/–ના ૫૦ ટકા લેખે રૂ।. ૧૩,૩૪,૭૬૦/– વસુલ લઈને ફાળવવામાં આવેલ છે. |
| (૩) ફાળવવામાં આવેલ જમીન નિયમો વિરૂધ્ધ ગેરકાયદેસર રીતે ફાળવી હોવાની કેટલી | (૩) ત્રણ ફરીયાદ મળી છે. |

ફરીયાદો મળી, અને

(૪) મળેલ ફરીયાદ અન્વયે સરકારે શી કાર્યવાહી કરી ?

(૪) ફાળવવામાં આવેલ જમીનમાં યથાવત સ્થિતિ જાળવી રાખવા કલેક્ટરશ્રી, ગીર સોમનાથને સુચના આપવામાં આવેલ છે.

---------

**વાયબ્રન્ટ નવરાત્રી–૨૦૧૪માં વિજેતા ગરબાઓને રાજ્યમાં પ્રદર્શિત કરવાનું આયોજન**

* ૧૩૦૧૮ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતેના વાયબ્રન્ટ નવરાત્રી–૨૦૧૪ મહોત્સવમાં વિજેતા ગરબાઓને રાજ્યમાં પ્રદર્શિત કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) આવી કોઈ યોજના નથી. પરંતુ જુદા જુદા સ્થળે વિશિષ્ટ પ્રસંગોએ 'વિનર શો' યોજવવામાં આવે છે.

(૨) ચાલુ વર્ષે વાયબ્રન્ટ નવરાત્રી–૨૦૧૪ મહોત્સવમાં વિજેતા ગરબાઓને સાબરકાંઠા જીલ્લાના વડાલી ગામે તથા સુરત ખાતે પ્રદર્શિત કરવા વિચારાયું છે.

---------

**સંતરામપુર અને કડાણા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર ચોરીની ફરિયાદ**

* ૧૩૨૪૫ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર ચોરીની ફરિયાદના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ બનેલ છે, અને

(૨) ફરિયાદ આવેલ હોય તો શી કાર્યવાહી કરવામાં આવી, કેટલા આરોપી પકડાયા છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | કોમ્પ્યુટર ચોરીની ફરિયાદ |
|---|---|
| તા. ૦૧–૦૮–૨૦૧૨ થી તા. ૩૧–૦૭–૨૦૧૩ | ૪ |
| તા. ૦૧–૦૮–૨૦૧૩ થી તા. ૩૧–૦૭–૨૦૧૪ | ૧૮ |

(૨) ૩ ગુન્હામાં ૭ આરોપીઓ પકડેલ છે. જ્યારે અન્ય ૧૯ ગુન્હામાં વધુ તપાસમાં રહેવાની શરતે ‘અ’ ફાઈનલ ભરવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં રહેણાંકના મકાનોની કામગીરી બાબત**

* ૧૩૧૨૦ **શ્રી ચીમનભાઈ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા પોલીસ ખાતાના રહેણાંકના મકાનોની

**જવાબ**

(૧) કુલ–૧૭

| | |
|---|---|
| કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ **રૂ. ૧૯૫.૦૧** લાખ |

---------

**બાલાસિનોર, કપડવંજ, વિરપુર અને કઠલાલ તાલુકાઓ ખાતે ઉદવહન સિંચાઈ યોજનાઓ**

* ૧૩૨૭૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ બાલાસિનોર, કપડવંજ, વિરપુર અને કઠલાલ તાલુકાઓ ખાતે કેટલી ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત છે, અને | (૧) અને (૨) એક યોજના |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નવી ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત કરવામાં આવી ? | |

---------

**પ્રાંતિજ તાલુકાનાં લીંબલા ડેમમાં સાયફન બનાવાવ બાબત**

* ૧૩૧૮૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ તાલુકાના લીંબલા ડેમમાં સુજલામ સુફલામ યોજનાના કારણે ડેમની તોડી નંખાયેલ દિવાલોના કારણે પાણી સંગ્રહ થતું નથી જેથી સાયફન બનાવવાની જરૂરીયાત અંગે કેટલી અરજી/દરખાસ્ત મળી, | (૧) ૨ (બે) |
| (૨) મળેલ અરજી/દરખાસ્ત અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) સાયફનના અંદાજ મંજુરીની પ્રક્રિયામાં છે. |
| (૩) આ સાયફન બનાવવા માટેના અંદાજિત ખર્ચ કેટલો અને કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ થશે ? | (૩) અંદાજીત રકમ રૂ. ૯૨૦ લાખ. ટેન્ડર મંજુર થયેથી, સમયમર્યાદામાં પુર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગોતા–ઓગણજ–લપકામણ રસ્તાને ચાર માર્ગીય કરવા બાબત**

* ૧૩૧૦૭ **શ્રી હસમુખભાઈ સો. પટેલ(અમરાઈવાડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ગોતા–ઓગણજ–લપકામણ રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) વિભાગ હસ્તકની લંબાઈમાં કામગીરી પ્રગતિમાં |

| | |
|---|---|
| (૨) આ કામ માટે કેટલી રકમનો ખર્ચ થશે ? | (૨) અંદાજિત રૂ઼ા. ૧૨૦૦.૦૦ લાખ |

---------

**જામનગરની જી. જી. હોસ્પિટલમાંએક્સ–રે મશીન અને એમ.આર.આઇ. મશીન ચાલુ કરવા બાબત**

* ૧૩૩૮૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ જામનગર ખાતેની જી. જી. હોસ્પિટલમાં એક્સ રે મશીન અને એમ.આર.આઈ. મશીન બંધ હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ જામનગર ખાતેની જી. જી. હોસ્પિટલમાં ૫ એક્સ–રે મશીન અને એમ.આર.આઈ. મશીન ચાલુ હાલતમાં છે. |
| (૨) જો હા, તો ઉક્ત મશીનો ક્યારથી બંધ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ મશીનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવી ઔદ્યોગિક નીતિ–૨૦૦૯ અન્વયે સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ સહાય**

* ૧૩૪૧૯ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવી ઔદ્યોગિક નીતી ૨૦૦૯ અન્વયે સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ કોને સહાય કરવામાં આવે છે, અને | (૧) નવી ઔદ્યોગિક નીતી ૨૦૦૯ અન્વયે સેન્ટર ઓફ એક્સલન્સ યોજના હેઠળ ઈન્કયુબેસન સેન્ટર–ઈનોવેશન સેન્ટર–નોલેજ એપ્લીકેશન ફેસીલીટિશન સેન્ટર અને ઉદ્યોગ–આંતરમાળખાકીય સુવિધા, ઉદ્યોગ સાહસિકતા તેમજ ઔદ્યોગિક વિકાસ માટેની ટેક્નોલોજીના ક્ષેત્રમાં સ્થાપવામાં આવતા સેન્ટર ઓફ એક્સલન્સ ને સહાય કરવામાં આવે છે. |
| (૨) આ યોજના હેઠળ તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા સેન્ટર ઓફ એક્સલન્સ મંજુર કરવામાં આવ્યા છે અને કેટલી સહાય આપવામાં આવી ? | (૨) આ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં ૨૦–સેન્ટરોને રૂ. ૧૬૪.૫૦ કરોડની સહાય આપવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં પશુપાલન કિટનું વિતરણ**

* ૧૩૦૨૧ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલી પશુપાલન કિટનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૭૫૧૦ |

(૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૭૫૧

---------

**પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબોના જીવન નિર્વાહ માટે સહાય**

* ૧૩૦૧૭ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાકિસ્તાન સત્તા દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) તા. ૩૧–૦૩–૨૦૧૪ ની પરિસ્થિતીએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમાર કુટુંબોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પાકિસ્તાન સત્તાવાળા દ્વારા રાજ્યના માછીમાર જે તારીખે પકડાય તે તારીખથી પાકિસ્તાન જેલમાંથી છૂટીને વતન પરત આવે તે તારીખ સુધી રાજ્ય સરકાર દ્વારા માછીમારોના કુટુંબીજનોને જીવન નિર્વાહ માટે દૈનિક આર્થિક સહાય પેટે રૂા. ૧૫૦– ચૂકવાવમાં આવે છે.

(૩) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે સહાય ચૂકવવામાં આવેલ છે.

| વર્ષ | કુટુંબની સંખ્યા | ચૂકવેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ૫૬૨ | ૬૬,૩૯,૭૦૦– |
| ૨૦૧૩–૧૪ | ૩૨૮ | ૧,૧૪,૦૮,૮૫૦– |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ૮૦:૨૦ ધોરણે ચેકડેમનું બાંધકામ**

* ૧૩૩૬૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ૮૦:૨૦ ના ધોરણે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત કુલ કેટલા ચેકડેમનું બાંધકામ થયેલું છે, અને

(૨) તે પૈકી કેટલા ચેકડેમોનું તાલુકાવાર કેટલી રકમનું ચૂકવણું કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) ૩૯૬

(૨)

| તાલુકો | ચેકડેમની સંખ્યા | ચૂકવાયેલ રૂા. લાખમાં |
|---|---|---|
| છોટાઉદેપુર | – | – |
| પાવી જેતપુર | ૬૨ | ૨૯૨.૮૪ |
| ક્વાંટ | ૬૧ | ૩૬૬.૦૦ |

| | | |
|---|---|---|
| નસવાડી | ૧૦ | ૪૪.૦૦ |
| સંખેડા | ૨૧ | ૯૮.૫૦ |
| કુલ | ૧૫૪ | ૮૦૧.૩૪ |

(૩) કેટલી રકમનું ચૂકવણું તાલુકાવાર કરવાનું બાકી છે ?

(૩)

| તાલુકો | ચેકડેમની સંખ્યા | બાકી ચુકવણાની રકમ રૂા. લાખમાં |
|---|---|---|
| છોટાઉદેપુર | – | – |
| પાવી જેતપુર | ૧૩૧ | ૫૫૩.૦૦ |
| ક્વાંટ | ૧૧૭ | ૩૮૧.૮૫ |
| નસવાડી | ૯૯ | ૪૬૬.૦૦ |
| સંખેડા | ૪૯ | ૧૫૪.૦૦ |
| કુલ | ૩૯૬ | ૧૫૫૪.૮૫ |

---------

**છોટાઉદેપુર, નર્મદા, અને વડોદરા જિલ્લામાં ખેડૂતોને નર્મદાનું પાણી**

* ૧૩૨૩૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર, નર્મદા અને વડોદરા જિલ્લામાં કેટલા વિસ્તારમાં ખેડુતોને નર્મદા કેનાલનું પાણી આપવામાં આવે છે તે અન્વયે કેટલા વિસ્તારને આ પાણી આપવાનું આયોજન હતુ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ પાણી કેટલા ખેડુતોને આપવામાં છે અને બાકી રહેતા ખેડુતોને પાણી કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર, વડોદરા અને નર્મદા જિલ્લામાં પાણી આપવાનો આયોજિત વિસ્તાર અને સિંચાઈ માટે આપેલ પાણીના વિસ્તારની વિગત નીચે મુજબ છે.

| **અનુ. નં.** | **જિલ્લાનું નામ** | **આયોજિત વિસ્તાર હેકટરમાં** | **સિંચાઈ માટે આપેલ પાણીનો વિસ્તાર હેકટરમાં** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૦૯૦૦ | ૧૭૪૫૫ |
| ૨ | વડોદરા | ૧૫૦૫૮૦ | ૮૦૦૪૨ |
| ૩ | નર્મદા | ૧૪૦૦૦ | ૭૨૮૭ |
| | **કુલ** | **૧૯૫૪૮૦** | **૧૦૪૭૮૪** |

(૨) ઉક્ત સ્થિતિએ સિંચાઈ માટે પાણી ૭૦૯૮૮ ખેડૂતોને આપવામાં આવે છે અને બાકી રહેતા ખેડૂતોને સિંચાઈ માટે બાકી રહેતી માઈનોર નહેરોના જમીન સંપાદનનો પ્રશ્ન હલ થયે તથા સબ માઈનોર નહેરોના કામો ભૂગર્ભ પાઈપ લાઈનથી કરવા માટે ખેડૂતોની સંમતિ મળતા બાકીના કામો વહેલી તકે પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૨૭ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૫૬. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩૦,૮૩૪. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૧,૩૬,૧૭૦. |

---------

## લુણાવાડા કૉટેજ હોસ્પિટલમાં મંજુર થયેલ મહેકમ

* ૧૩૨૮૩ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં આવેલ કૉટેજ હોસ્પિટલમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં આવેલ કૉટેજ હોસ્પિટલમાં નીચે મુજબ મહેકમ મંજુર થયેલ છે.

| **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **કુલ** |
|---|---|---|---|---|
| ૦૫ | ૦૪ | | ૨૮ | ૧૩ |
| ૫૦ | | | | |

(૨) ભરાયેલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** | **કુલ** |
|---|---|---|---|---|
| ૦૧ | ૦૩ | ૨૩ | ૦૯ | ૩૬ |

ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **સંખ્યા** | **ક્યારથી ખાલી** |
|---|---|---|---|
| | વર્ગ–૧ | | |
| ૧ | અધિક્ષક | ૧ | ૩૧–૩–૨૦૧૪ |
| ૨ | ફીઝીશીયન | ૧ | ૧૨–૧૦–૨૦૧૨ |
| ૩ | સ્ત્રી રોગ નિષ્ણાંત | ૧ | ૧૬–૭–૨૦૧૪ |
| ૪ | બાળરોગ નિષ્ણાંત | ૧ | ૪–૩–૨૦૦૩ |
| | **વર્ગ–૧ કુલ :-** | **૪** | |

| | | | |
|---|---|---|---|
| | વર્ગ–૨ | | |
| ૫ | ડેન્ટલ સર્જન, વર્ગ–૨ | ૧ | ૧૫–૫–૨૦૧૪ |
| | **વર્ગ–૨ કુલ :-** | **૧** | |
| | વર્ગ–૩ | | |
| ૬ | સ્ટાફ નર્સ | ૧ | ૮–૮–૨૦૧૩ |
| ૭ | સીનીયર કલાર્ક | ૧ | ૩–૯–૨૦૧૦ |
| ૮ | એકસ–રે–ટેકનીશીયન | ૧ | ૧–૪–૨૦૧૧ |
| ૯ | લેબોરેટરી ટેકનીશીયન | ૧ | ૧૧–૧૧–૨૦૦૬ |
| ૧૦ | એલ.એચ.વી. | ૧ | ૧૬–૧૦–૨૦૦૯ |
| | **વર્ગ–૩ કુલ :-** | **૫** | |
| | વર્ગ–૪ | | |
| ૧૧ | આયા | ૧ | ૩૦–૬–૨૦૧૪ |
| ૧૨ | સ્વીપર | ૨ | ૩૦–૪–૨૦૦૯ |
| | | | ૩૧–૮–૨૦૦૮ |
| ૧૩ | ડ્રેસર | ૧ | ૧–૨–૧૯૯૯ |
| | **વર્ગ–૪ કુલ** | **૪** | |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે કોઈ જોગવાઈ કરી છે ખરી, અને

(૩) તજજ્ઞ, વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ સીધી ભરતી થી ભરવા માટે માંગણી પત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને મોકલીને ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ વર્ગ–૧, તજજ્ઞોની ખાલી જગ્યાઓ ભરવા માટે દર સોમવારે અને વર્ગ–૨, તબીબી અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે વોક–ઈન–ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. તદઉપરાંત, બોન્ડેડનાં ધોરણે, તેમજ એન.આર.એચ.એમ. કાર્યક્રમ, સી.એમ. સેતુ કાર્યક્રમ અને રોગી કલ્યાણ કાર્યક્રમ હેઠળ કરારનાં ધોરણે પણ જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ગ–૩ની પેરામેડીકલ, ટેકનિકલ નર્સિંગની અને વહીવટી વર્ગ–૨,૩ની ખાલી જગ્યાઓ સીધી ભરતી

| | |
|---|---|
| | અને બઢતીથી ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. જ્યારે વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ આઉટસોર્સથી ભરવામાં આવે છે. |
| (૪) જો હા, તો ક્યાં સુધીમાં સરકાર આ જગ્યાઓ ભરવા માંગે છે? | (૪) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |

---------

## કચ્છ જીલ્લામાં પાતાળકુવા બનાવવા બાબત

* ૧૩૧૫૬ **શ્રી પંકજભાઇ મહેતા (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા પાતાળકુવા બનાવવામાં આવ્યા, અને | (૧) ૭૪ પાતાળકૂવા. |
| (૨) ઉપરોક્ત કામો માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂા. ૩૭૫.૦૦ લાખ. |

---------

## ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલમાં મંજૂર જગાઓ બાબત

* ૧૩૧૯૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ગાંધીનગરમાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સભ્યશ્રીઓની જગ્યાઓ મંજૂર થયેલ છે, અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલ છે, | (૧) ત્રણ સભ્યશ્રીઓની જગ્યાઓ મંજૂર થયેલ છે. અને તે પૈકી એક જગ્યા ભરેલ છે. |
| (૨) જે જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયથી ખાલી છે, અને | (૨) એક જગ્યા તા. ૦૩–૧૦–૨૦૧૩ થી અને એક જગ્યા તા. ૦૭–૦૯–૨૦૧૪ થી ખાલી છે. |
| (૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

## આણંદ જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૧૩૩૭૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશન દીઠ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છેડતી, મહિલા અત્યાચાર અને અપહરણના કેટલા બનાવો નોંધાયા, | (૧) પત્રક સામેલ છે. |

**પત્રક**

| **પોલીસ સ્ટેશન** | **તા. ૧–૧૦–૧૨ થી ૩૦–૯–૧૩** | | | **તા. ૧–૧૦–૧૩ થી ૩૦–૯–૧૪** | | |
|---|---|---|---|---|---|---|
| | **છેડતી** | **મહિલા અત્યાચાર** | **અપહરણ** | **છેડતી** | **મહિલા અત્યાચાર** | **અપહરણ** |
| આણંદ ટાઉન | ૧ | ૧ | ૫ | ૨ | ૦ | ૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આણંદ રૂરલ | ૧ | ૦ | ૫ | ૧ | ૦ | ૪ |
| વિદ્યાનગર | ૨ | ૧ | ૩ | ૨ | ૦ | ૧ |
| ખંભોળજ | ૭ | ૦ | ૬ | ૨ | ૨ | ૪ |
| ઉમરેઠ | ૪ | ૧૪ | ૬ | ૧ | ૧૩ | ૬ |
| વાસદ | ૦ | ૨ | ૩ | ૦ | ૧ | ૮ |
| મહિલા | ૦ | ૫૨ | ૦ | ૦ | ૪૭ | ૦ |
| ભાલેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| પેટલાદ ટાઉન | ૧ | ૧૧ | ૨ | ૦ | ૪ | ૬ |
| બોરસદ ટાઉન | ૦ | ૫ | ૨ | ૨ | ૧૫ | ૬ |
| બોરસદ રૂરલ | ૨ | ૬ | ૦ | ૨ | ૩ | ૩ |
| પેટલાદ રૂરલ | ૦ | ૮ | ૧ | ૧ | ૪ | ૨ |
| મહેળાવ | ૦ | ૧૦ | ૩ | ૦ | ૩ | ૬ |
| ભાદરણ | ૧ | ૪ | ૦ | ૦ | ૭ | ૨ |
| આંકલાવ | ૧ | ૭ | ૨ | ૦ | ૩ | ૭ |
| ખંભાતસીટી | ૨ | ૨ | ૨ | ૩ | ૧૧ | ૨ |
| ખંભાત રૂરલ | ૧ | ૫ | ૫ | ૨ | ૫ | ૬ |
| તારાપુર | ૦ | ૨ | ૬ | ૦ | ૫ | ૧ |
| સોજીત્રા | ૦ | ૬ | ૬ | ૦ | ૫ | ૧ |
| વિરસદ | ૦ | ૩ | ૨ | ૦ | ૪ | ૩ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ગુન્હેગારોને પકડવામાં આવ્યા, અને — (૨) ૧૨૮૮

(૩) કેટલા ગુન્હેગારો નાસતા ફરે છે? — (૩) ૪૨

---------

## રાજકોટ જિલ્લાના મિતાણા–નેકનામ–પડધરી રસ્તાને પહોળો કરવા બાબત

* ૧૩૧૦૮ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાનાં મિતાણા–નેકનામ–પડધરી રસ્તાને ૭ મીટર પહોળો કરવાની કામગીરી | (૧) પ્રગતિમાં. |

| | |
|---|---|
| તા. ૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | |
| (૨) આ કામ પૂર્ણ કરવા માટે કેટલી રકમનો ખર્ચ થશે? | (૨) અંદાજે રૂા. ૧૮૦૦ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં જમીન સંપાદન અધિકારીઓ લાંચ/ગેરરીતી કરતાં પકડાયા બાબત**

* ૧૩૧૯૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા જમીન સંપાદન અધિકારીઓ લાંચ લેતા પકડાયા, અને | (૧) એક (૧) |
| (૨) તેમની સામે સરકારે શાં પગલાંઓ લીધા? | (૨) ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ અન્વયે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવી રહી છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હેન્ડપંપ**

* ૧૩૧૪૯ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા હેન્ડપંપ છે, અને | (૧) ૨૫૬૮ હેન્ડપંપ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કેટલા હેન્ડપંપ ચાલુ છે? | (૨) ૧૬૯૧ હેન્ડપંપ. |

---------

**રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી**

* ૧૨૯૬૧ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ગણોદ ગામ પાસે ભાદર નદી પર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, | (૧) અને (૨) ગણોદ ચેકડેમ બાંધવાની કામગીરી તા. ૦૩-૦૮-૨૦૧૪ના રોજ પુર્ણ થયેલ છે. |
| (૨) કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે? | (૩) ૫૨૦ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. |

---------

**ખેડા અને મહેમદાવાદ તાલુકાઓમાં ડામર સપાટીના રસ્તાઓ બનાવવા બાબત**

* ૧૩૦૫૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં રાજ્ય હસ્તક અને પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ હયાત છે,

**જવાબ**

(૧)

| **તાલુકો** | **રસ્તાની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **રાજ્ય** | **પંચાયત** | **કુલ** |
| મહેમદાવાદ | ૬ | ૧૩૮ | ૧૪૪ |
| ખેડા | ૪ | ૯૩ | ૯૭ |
| **કુલ** | **૧૦** | **૨૩૧** | **૨૪૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા કયા અને કેટલા કિ.મી.ના રસ્તાઓને પાકા રસ્તાઓ અને કેટલા રસ્તાઓને ડામર સપાટીના બનાવવામાં આવ્યા,

(૨) પરિશિષ્ટ–અ મુજબ

(૩) બાકી રહેલા રસ્તાઓને ડામર સપાટીના ક્યાં સુધીમાં બનાવવામાં આવશે, અને

(૩) તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

(૪) સને ૨૦૧૪–૧૫માં ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓ પર રીપેરીંગ તથા જંગલ કટીંગ કરવામાં આવ્યા ?

(૪) રીપેરીંગ – ૨૨,
જંગલ કટીંગ – ૪૨

પરિશિષ્ટ–અ

તા. ૦૧–૧૦–૨૦૧૨ થી તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં પાકા અને ડામર બનાવેલ રસ્તાઓ

| **ક્રમ** | **તાલુકો** | **રસ્તાનું નામ** | **લંબાઈ (કી.મી.)** |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| **તા. ૦૧–૧૦–૨૦૧૨ થી તા. ૩૦–૦૯–૨૦૧૩ દરમ્યાન** | | | |
| ૧ | મહેમદાવાદ | વિધ્યાનગર એ. રોડ | ૨.૫૦ |
| ૨ | મહેમદાવાદ | વચના મુવાડા એ. રોડ | ૦.૬૦ |
| ૩ | મહેમદાવાદ | જાળીયા વાંટા એ. રોડ | ૧.૬૫ |
| ૪ | મહેમદાવાદ | વિરણીયા એ. રોડ | ૧.૬૫ |
| ૫ | મહેમદાવાદ | કૈલાસપુરા એ. રોડ | ૧.૪૦ |
| ૬ | મહેમદાવાદ | અંબીકાનગર એ. રોડ | ૦.૬૦ |
| ૭ | મહેમદાવાદ | આંબડીયાની મુવાડી એ. રોડ | ૨.૫૦ |
| ૮ | મહેમદાવાદ | વિજયપુરા એ. રોડ | ૧.૫૦ |
| ૯ | મહેમદાવાદ | બીલીયાની મુવાડી એ. રોડ | ૧.૬૫ |
| ૧૦ | મહેમદાવાદ | દશરથપુરા એ. રોડ | ૧.૬૦ |
| ૧૧ | મહેમદાવાદ | ગુલાબપુરા એ. રોડ | ૧.૨૦ |
| ૧૨ | મહેમદાવાદ | નિઝામપુરા એ. રોડ | ૧.૬૫ |
| ૧૩ | મહેમદાવાદ | સોનાપુરા એ. રોડ | ૨.૪૦ |
| ૧૪ | મહેમદાવાદ | મોટી અડબોલી એ. રોડ | ૧.૧૦ |
| | | **કુલ–૧૪ રસ્તા** | **૨૨.૦૦** |
| ૧ | ખેડા | ચાંદણા ખોડીયારપુરા રોડ | ૧.૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ખેડા | માનપુરા એ. રોડ | ૨.૩૦ |
| | | **કુલ–૨ રસ્તા** | **૩.૭૫** |
| **તા. ૦૧–૧૦–૨૦૧૩ થી તા. ૩૦–૦૯–૨૦૧૪ દરમ્યાન** | | | |
| | મહેમદાવાદ | શુન્ય | |
| | ખેડા | શુન્ય | |

---------

## મહેસાણા જિલ્લામાં મુખ્ય નહેરની શાખા/વિશાખા/પ્રશાખાનું કામ

* ૧૩૩૬૨ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા, વિશાખા પ્રશાખાનું કેટલું કામ પુર્ણ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકીનું કામ ક્યારે પુર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા. ૩૦–૯–૨૦૧૪ સુધીમાં મહેસાણા જિલ્લામાં મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા/વિશાખા અને પ્રશાખાની કામગીરી નીચે મુજબ પૂર્ણ થયેલ છે.

| નહેરનો પ્રકાર | કુલ લંબાઈ (કિમી) | પૂર્ણ થયેલ લંબાઈ (કિમી) |
|---|---|---|
| શાખા નહેર | ૯૫.૩૫ | ૯૫ |
| વિશાખા નહેર | ૧૫૮.૫૪ | ૧૫૨.૪૬ |
| પ્રશાખા | ૫૯૦.૮૮ | ૪૦૮.૩૨ |

(૨) ઉક્ત સ્થિતિએ માઈનોર (પ્રશાખા) નહેર સુધીના બાકીના કામો માટે જમીન સંપાદન અને યુટીલીટી ક્રોસીંગ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ ઓઈલ પાઈપલાઈન, ટેલીફોન, ઈલેક્ટ્રીક લાઈન વિગેરેની સંબંધીત વિભાગોની મંજુરી મળ્યા બાદ વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દાહોદ જિલ્લામાં ભાગેડું જાહેર કરેલ વ્યક્તિઓ

* ૧૨૯૩૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર જિલ્લા પોલીસ દ્વારા કેટલી વ્યક્તિઓને ભાગેડું જાહેર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | ભાગેડું જાહેર કરેલ વ્યક્તિઓ |
|---|---|---|
| તા. ૧–૧૦–૨૦૧૧ થી તા. ૩૦–૯–૨૦૧૨ | દાહોદ | ૧૬ |
| | ગરબાડા | ૦ |
| | ધાનપુર | ૦ |
| | દેવ.બારીયા | ૦ |

| | | |
|---|---|---|
| | લીમખેડા | ૧ |
| | ઝાલોદ | ૫ |
| | ફતેપુરા | ૨ |
| | સંજેલી | ૦ |
| તા. ૧-૧૦-૨૦૧૨ થી તા. ૩૦-૯-૨૦૧૩ | દાહોદ | ૨૪ |
| | ગરબાડા | ૭ |
| | ધાનપુર | ૦ |
| | દેવ.બારીયા | ૯ |
| | લીમખેડા | ૨ |
| | ઝાલોદ | ૨ |
| | ફતેપુરા | ૬ |
| | સંજેલી | ૦ |
| તા. ૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૯-૨૦૧૪ | દાહોદ | ૨૦ |
| | ગરબાડા | ૪ |
| | ધાનપુર | ૦ |
| | દેવ.બારીયા | ૩ |
| | લીમખેડા | ૦ |
| | ઝાલોદ | ૩૧ |
| | ફતેપુરા | ૨ |
| | સંજેલી | ૦ |

---------

**ભરૂચ જિલ્લામાં મંજૂર હેન્ડપંપો**

* ૧૩૧૫૫ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૦-૯-૨૦૧૪ સુધીમાં કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૨૫ |
| (૨) કેટલા બોરનું શારકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૨) ૯૨ |
| (૩) બાકી બોરનું શારકામ ક્યાં સુધીમાં પૂર્ણ થશે ? | (૩) ક્રમશ: માર્ચ ૨૦૧૫ સુધીમાં |

---------

**ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ અન્વયે આંતરમાળખાકીય સુવિધા માટે ઉદ્યોગોને સહાય**

* ૧૩૪૧૮ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ હેઠળ ઉદ્યોગોની આંતરમાળખાકીય સુવિધાઓ સુધારવા માટેની સહાય, કઈ સવલતો માટે આપવામાં આવે છે, અને | (૧) ક્રીટીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના અન્વયે રસ્તાઓ, રસ્તાની સુધારણા, વીજળી, સંદેશા વ્યવહાર, પાણીના વિતરણની વ્યવસ્થા અને ઉદ્યોગોને આવશ્યક એવી આંતરમાળખાકીય |

| | |
|---|---|
| | સુવિધા પુરી પાડવાના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રોજેક્ટોને કેટલી સહાય આપવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં કુલ-૩૯ પ્રોજેક્ટોને રૂા. ૧૬૯.૮૨ કરોડની સહાય આપવામાં આવેલ છે. |

---------

## નવસારી કલેક્ટર કચેરીમાં આઉટ સોર્સીંગથી ભરેલ જગાઓ

* ૧૩૨૫૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ કલેક્ટર કચેરી નવસારીમાં આઉટ સોર્સીંગથી કઈ જગ્યાઓ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી, અને | (૧) પટાવાળા, ડ્રાઈવર અને ડેટા એન્ટ્રી ઓપરેટરની જગાઓ. |
| (૨) તે અન્વયે તેમને માસિક વેતન કેટલું ચૂકવાય છે ? | (૨) ૧. પટાવાળા સંવર્ગમાં ફેબ્રુઆરી-૨૦૧૪ સુધી કર્મચારી દીઠ માસિક રૂા. ૪૮૮૨.૨૫/- અને માર્ચ-૨૦૧૪થી રૂા. ૪૬૬૧/-<br>૨. ડ્રાઈવર સંવર્ગમાં કર્મચારી દીઠ માસિક રૂ. ૪૪૫૦/- અને માર્ચ-૨૦૧૩થી રૂા. ૪૧૨૫/-<br>૩. ડેટા એન્ટ્રી ઓપરેટર દીઠ માસિક રૂા. ૪૬૫૪/- |

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નોન-પ્લાન રસ્તાઓનું રીસરફેસીંગનું કામ

* ૧૩૨૯૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કુલ કેટલા નોન-પ્લાન રસ્તાઓનું રીસરફેસીંગનું કામ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકો | રસ્તાની સંખ્યા |
|---|---|---|
| અરવલ્લી | મોડાસા | ૦ |
| | ધનસુરા | ૦ |
| | બાયડ | ૦ |
| | મેઘરજ | ૦ |
| | ભીલોડા | ૦ |
| | માલપુર | ૦ |
| | કુલ | ૦ |
| સાબરકાંઠા | હિંમતનગર | ૫ |
| | ઈડર | ૪ |
| | પ્રાંતિજ | ૨ |
| | તલોદ | ૨ |
| | ખેડબ્રહ્મા | ૪ |
| | વિજયનગર | ૧૭ |
| | મોડાસા | ૧ |
| | ધનસુરા | ૨ |

| | |
|---|---|
| બાયડ | ૧ |
| મેઘરજ | ૧ |
| ભીલોડા | ૩ |
| માલપુર | ૦ |
| વડાલી | ૦ |
| **કુલ** | **૪૨** |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં કુલ કેટલા નોન-પ્લાન રસ્તાઓ જર્જરીત અવસ્થામાં છે,

(૨) રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય છે.

(૩) આ રસ્તાઓ કેટલા સમયમાં રીસરફેસીંગ કરવામાં આવશે, અને

(૪) રીસરફેસીંગની કામગીરી બાકી રહેવાના શાં કારણો છે?

(૩) અને (૪) : તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

---------

## જામનગર જિલ્લામાં પશુપાલન કિટનું વિતરણ

* ૧૩૦૨૯ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન જામનગર જિલ્લામાં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) ૬૭૧૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ? | (૨) ૬૭૧ |

---------

## સુરત જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૨૮ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન સુરત જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭૫ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨૦,૪૫૮ |
| (૪) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૨,૦૨,૪૭૬ |

---------

## રાજકોટ જિલ્લામાં વિવિધ ખેત ઓજારસાધનો માટે અરજીઓ

* ૧૩૩૯૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ખેત ઓજાર/સાધનો માટે સહાય અંગેની કુલ કેટલી અરજીઓ સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં મળી, | (૧) કુલ ૧૨૫૩૩ અરજીઓ મળી. |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સહાય હુકમ કરેલ હોય અને ચુકવણી બાકી હોય તેવી કેટલી અરજીઓ છે, અને | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત અરજીઓ પૈકી પૂર્વ મંજૂરી આપી હોય અને સહાય હુકમ કરવાના બાકી હોય તેવી અરજીઓની સંખ્યા કેટલી ? | (૩) ૬૬૪ અરજીઓ |

---------

**રાજ્યની એફ.એસ.એલ દ્વારા સી.બી.આઈ.ને ગુન્હા તપાસમાં મદદ**

* ૧૩૧૧૬ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની એફ.એસ.એલ. દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થા સી.બી.આઈ. ને ગુન્હાની તપાસમાં મદદ પુરી પાડવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સી.બી.આઈ. ના કેટલા કેસોના કેટલા નમૂનાઓના પરિક્ષણો હાથ ધરવામાં આવ્યા ? | (૨) ૧૪૨ કેસોના ૧૮૯૮૧ નમૂનાઓના પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વધુ વરસાદથી કૃષિ પાક અને જમીન ધોવાણથી નુકસાનનાં સર્વે બાબત**

* ૧૨૯૩૫ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ ચાલુ સાલે ભારે વરસાદના કારણે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ પાકને તથા ખેતરોના ધોવાણને કારણે થયેલ નુકસાન અંગેનો સર્વે ક્યારે કરવામાં આવ્યો, | (૧) કેલીમીટી રીલીફ ફંડ (સીઆરએફ)/સ્ટેટ ડીઝાસ્ટર રીસોર્સ ફંડના ધારાધોરણ મુજબ જમીનનું કાંપનું ધોવાણ, ઉભા પાક કે ઈનપુટમાં નુકસાન થયેલ ન હોવાથી સર્વે કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલું નુકસાન થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નુકસાન સામે વળતર ચૂકવવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં બંધારાના કામ**

* ૧૨૯૬૩ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બંધારાના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) ૪ કામો |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૫૯૨.૫૨ લાખ |

---------

## કરજણ તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજના અંતર્ગત મંજૂર યોજનાઓ

* ૧૩૧૫૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૦ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત કિમત કેટલી છે ? | (૨) રૂા. ૯૧.૯૮ લાખ |

---------

## સુરત મહાનગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટ

* ૧૩૧૫૮ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ વર્ષ–૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ ની તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ તથા ચૂકવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂા. કરોડમાં)** | **ચૂકવેલ રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૩૧ | ૫૩૧ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ) | ૫૯૧ | ૨૯૫ |
| **કુલ** | **૧૧૨૨** | **૮૨૬** |

**પ્રશ્ન** (૨) તે પૈકી કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ** (૨) ૪૪ કામો મંજૂર થયેલ છે અને ૨૪ કામો પૂર્ણ થયેલ છે.

---------

## આણંદ જિલ્લામાં હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી

* ૧૩૩૨૪ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધોનો નિકાલ બાકી છે, અને | (૧) ૧૦૧૧૭ |
| (૨) આ બાકીની નોંધોનો નિકાલ ક્યારે કરવામાં | (૨) સત્વરે |

આવશે ?

----------

**વલસાડ જિલ્લામાં ઓછા વજનવાળા બાળકો માટેની યોજનાનો અમલ**

* ૧૩૧૭૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૩−૧૪ માં વલસાડ જિલ્લામાં આંગણવાડીઓમાં ઓછા વજનવાળા બાળકો માટે રાજ્ય સરકાર દ્વારા કઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે અને તે ક્યારથી અમલમાં છે,

(૨) આ યોજના અંતર્ગત ઓછા વજનવાળા બાળકોને શું વિશેષ કાળજી લેવામાં આવે છે, અને

**જવાબ**

(૧) સને ૨૦૧૩−૧૪ માં વલસાડ જિલ્લામાં આંગણવાડીઓમાં ઓછા વજનવાળા બાળકો માટે રાજ્ય સરકાર દ્વારા ચાલતી નિયમિત યોજના ઉપરાંત ત્રીજું ભોજન, નિદર્શક ભોજન અને વાત્સલ્ય−બાલદિવસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે અને વહીવટી તંત્ર અને લોકભાગીદારી દ્વારા ધરમપુર અને કપરાડા તાલુકામાં દુધ સંજવની યોજના વર્ષ ૨૦૧૩−૧૪ માં અમલમાં છે.

(૨) આ યોજના અંતર્ગત ઓછા વજનવાળા બાળકોને માટે નીચે મુજબની વિગતોએ કાળજી લેવામાં આવે છે.

૬ માસથી ૩ વર્ષના બાળકો

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેકહોમ રેશન આપવામાં આવે છે. અને તેમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ−સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

૩ થી ૬ વર્ષના બાળકો

- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- ન્યુટ્રીશીયન કાઉન્સીલીંગ વોલેન્ટયીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય બાલદિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિષે જાગૃત કરવામાં આવે છે.
- દુધ સંજીવની યોજના હેઠળ ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં બે દિવસ (મંગળવાર અને શુક્રવાર) દુધ વિતરણ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૩) ઉક્ત સમયગાળામાં આ યોજનાનો લાભ કેટલા બાળકોને આપવામાં આવ્યો અને તે માટે કેટલો ખર્ચ થયો હતો ? | (૩) ઉક્ત સમયગાળામાં આ યોજનાનો લાભ ૧૯૯૦૪ બાળકોને લાભ આપવામાં આવેલ છે.<br>દુધ સંજીવની યોજનામાં કુલ –૨૨૯૨૦ બાળકોને લાભ આપવામાં આવે છે.<br>કુલ રૂા. ૧,૬૦,૧૩,૬૬૫ – નો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

## વડોદરા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૩૦૨૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન વડોદરા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૦૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧૧,૧૦૮ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૬૬,૪૫૨ |

---------

## સાબરકાંઠા જિલ્લામાં પશુપાલન કિટનું વિતરણ

* ૧૩૪૧૪ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૩૬૫૦ |
| (૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ? | (૨) ૧૩૬૫ |

---------

## જંબુસર તાલુકામાં ગામની આંતરિક પેયજળ યોજના અંતર્ગત મંજૂર યોજનાઓ

* ૧૩૧૫૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં | (૧) ૧૫ યોજનાઓ મંજુર કરવામાં આવી. |

આવી, અને

(૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની અંદાજિત કિંમત કેટલી છે ? | (૨) રૂા. ૨૧૭.૩૮ લાખ

---------

**ભિમોર ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બાંધવાની કામગીરી**

* ૨૯૬૨ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ભિમોર ગામ પાસે ભાદર નદી ઉપર મોટો ચેકડેમ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, (૨) કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને | (૧) અને (૨) ભિમોર ચેકડેમ બાંધવાની કામગીરી તા. ૩૦–૬–૨૦૧૪ના રોજ પુર્ણ થયેલ છે. |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે? | (૩) ૧૭૫ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. |

---------

**રાજ્યમાં થેલેસેમીયા અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સહાય બંધ કરવા બાબત**

* ૧૩૪૪૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૦–૧૦–૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા બાળકોને થેલેસેમીયાના ઓપરેશન અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ માટે આપવામાં આવતી સહાય ક્યારે બંધ કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૮–૦૯ની સ્ટીયરીંગ કમીટીની મીટીંગમાં લેવાયેલ નિર્ણય અન્વયે બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સારવારની મંજૂરી આપવાની બંધ કરવામાં આવેલ છે. પરંતુ થેલેસેમીયાના બાળ દર્દીને દવા અને બ્લડ ટ્રાન્સફ્યુઝનની સારવાર ચાલુ રાખવામાં આવે છે. |
| (૨) આ સહાય બાળકો માટે પુનઃ શરૂ કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. વિચારણા હેઠળ છે. |
| (૩) કેટલા સમયમાં આપવાનું શરૂ કરવામા આવશે? | (૩) નિર્ણય થયા પછી તુરંત જ. |

---------

**કલોલ તાલુકામાં સરકારી તલાવડી સદરે ચાલતી જમીનમાં ઔદ્યોગિક એકમો દ્વારા દબાણ બાબતે**

* ૧૩૩૧૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં સરકારી તલાવડી સદરે ચાલતી કેટલી જમીનમાં કેટલા ઔદ્યોગિક એકમોએ કેટલું સરકારી જગ્યાનું દબાણ કરેલ છે, | (૧) ૨ (બે) એકમો દ્વારા કુલ હે.આરે.૧–૪૭–૭૦ ચો.મી. નું દબાણ ધ્યાને આવેલ છે. |
| (૨) સરકારી તલાવડી સદરે ચાલતી જમીનમાં ઔદ્યોગિક એકમોએ કરેલ દબાણ સંદર્ભે સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને | (૨) ૨ (બે) |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલાં ભર્યા? | (૩) (૧) મોજે ખાત્રજની જમીનના દબાણ |

બાબતે સ્થળ–સ્થિતિ ચકાસણી હેઠળ છે, જ્યારે (૨) મોજે સાંતેજની જમીન ઉપરનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

---------

## દહેગામ તાલુકામાં ૧૦૦ ટકાની સહાયથી પાણીના બોર કરવા બાબત

* ૧૩૨૨૪ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દહેગામ તાલુકાની ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિઓ સારી નથી માટે સરકાર દ્વારા ૧૦ ટકા લોકફાળો લીધા વગર ૧૦૦ ટકા સહાયથી પીવાના પાણીના બોર મંજૂર કરવાનું કોઈ આયોજન છે, કે કેમ | (૧) ના |
| (૨) જો હા, તો દહેગામ તાલુકના પીવાના પાણીના કામો માટે સરકાર દ્વારા ગ્રાન્ટ ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમદાવાદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ

* ૧૩૪૩૬ **શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ (રાજયકક્ષા) મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ કિશોરી શકિત યોજના હેઠળ ઘટક વાર કેટલા લાભાર્થી છે, અને | (૧) અમદાવાદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજના અમલમાં નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા છ માસમાં આ યોજના અંતર્ગત કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) ખર્ચનો પ્રશ્ન ઉદભવતો નથી. |

---------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ના પ્રચાર–પ્રસાર માટે વિદેશ મોકલેલ અધિકારીના ખર્ચ બાબત

* ૧૩૦૯૮ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫ના પ્રચાર અને વિદેશી રોકાણકારોને સમીટની પૂર્વ ભૂમિકા આપવા કયા સનદી અધિકારીઓને કયા દેશોમાં ક્યારે મોકલવામાં આવ્યા, અને | (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેટર્સ સમિટ–૨૦૧૫ના પ્રચાર માટે સનદી અધિકારીઓને આ સાથેના પત્રકમાં જણાવેલ વિગત મુજબ દેશોમાં મોકલવામાં આવ્યા. |

**પત્રક**

| અધિકારીનું | મુલાકાત લીધેલ | મુલાકાત |
|---|---|---|

| નામ અને હોદ્દો | દેશોના નામ | તારીખ |
|---|---|---|
| શ્રી અતનુ ચક્રવર્તી. આઈએએસ | યુએસએ (વેસ્ટ કોસ્ટ) | તા. ૨૫–૨૯ ઓગસ્ટ, ૨૦૧૪ |
| શ્રી જી. સી. મુર્મુ, આઈએએસ | રશિયા, પોલેન્ડ, ચેક રીપબ્લીક | તા. ૧–૦૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી ભરતલાલ, આઈએફએસ | યુએસએ (ઈસ્ટ કોસ્ટ) અને કેનેડા | તા. ૦૨–૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી બી. બી. સ્વેન, આઈએએસ | યુએઈ અને કતાર | તા. ૦૩–૦૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી એલ. ચુવાંગો, આઈએએસ | ચીન, હોંગકોંગ અને સિંગાપોર | તા. ૦૪–૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી કમલ દયાની, આઈએએસ | જાપાન | તા. ૦૮–૧૨, સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી પંકજકુમાર, આઈએએસ | ઓસ્ટ્રેલિયા | તા. ૧૫–૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી જે. એન. સિંઘ, આઈએએસ | ફ્રાન્સ, જર્મની | તા. ૧૭–૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ |
| શ્રી એ. કે. રાકેશ, આઈએએસ | નેધરલેન્ડ, સ્વીડન | તા. ૨૨–૨૬, સપ્ટેમ્બર, ૨૦૧૪ |

(૨) વિદેશ જતા આ અધિકારીઓને સરકારે, પ્લેન ટીકીટ–રહેવા જમવા તથા અન્ય ખર્ચાઓ પેટે કેટલી રકમનો ખર્ચ કરેલ છે?

(૨) સરકારે તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં વિદેશ જતા આ અધિકારીઓ માટે પ્લેન ટિકિટ, વિઝા, મેડીકલેઈમ, દૈનિક ભથ્થાં માટે રૂ઼ા. ૩૩,૩૬,૬૫૫.૦૦ નો ખર્ચ કરેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં બિન રહેણાંક મકાનો

*** ૧૩૪૨૯ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલાં બિન–રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૦૨ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂા. ૧૪૧.૯૭ લાખ. |

---------

## રાજ્યમાં કાર્યરત નારી અદાલતો

* ૧૩૪૩૫ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કાર્યરત નારી અદાલતોની સંખ્યા કેટલી છે, અને | (૧) કુલ–૧૦૨ નારી અદાલતો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કયા જિલ્લા તથા કયા શહેરોમાં નારી અદાલતો કાર્યરત છે? | (૨) *પત્રક અ અને બ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

## રાજકોટ શહેરમાં બિન રહેણાંક મકાનો

* ૧૩૪૨૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિન–રહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૦૧ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૧૧૮.૪૬ લાખ. |

---------

## ભાવનગર જિલ્લામાં નવા તળાવો બનાવવા બાબત

*૧૩૧૮૦ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા તળાવો બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં | (૧) મંજૂરી આપવામાં આવેલ નથી. |

આવી, અને

(૨) મંજૂરી આપેલ નવા તળાવોની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ**

* ૧૩૩૧૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ડીઝાસ્ટર મેનેજમેન્ટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના આપત્તિ વ્યસ્થાપન માટે વર્ષવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા સાધનોની ખરીદી માટે કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૮-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે કુલ રૂ઼ા. ૭૩,૦૫,૫૨૮/- ફાળવ્યા જે પૈકી તા. ૧-૯-૨૦૧૧ થી ૩૧-૮-૨૦૧૨ સુધીમાં રૂ઼ા. ૧૧,૭૦,૫૨૭/- તથા તા. ૧-૯-૨૦૧૨ થી તા. ૩૧-૮-૨૦૧૩ સુધીમાં રૂ઼ા. ૬૧,૩૫,૦૦૧/- ફાળવવામાં આવ્યા.

(૨) આ રકમ પૈકી નીચે મુજબ જુદા જુદા સાધનોની ખરીદી માટે કુલ રૂ઼ા. ૭૧,૨૦,૫૨૮/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

| ખરીદેલ સાધનો | તા. ૧-૯-૨૦૧૧ થી તા. ૩૦-૮-૨૦૧૨ સુધી (રકમ રૂ઼ા.) | તા. ૧-૯-૨૦૧૨ થી તા. ૩૦-૮-૨૦૧૩ સુધી (રકમ રૂ઼ા.) |
|---|---|---|
| ઈમરજન્સી રીસ્ક્યુ કીટ | ૧,૨૮,૦૧૫ | ----- |
| વોટર બાઉઝર | ----- | ૩૭,૨૪,૩૩૪ |
| મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઈટીંગ સીસ્ટમ | ----- | ૬,૮૨,૮૨૭ |
| વોટર મીસ્ટ | ૯,૮૨,૫૧૨ | ----- |
| ઈમરજન્સી લાઈટ | ----- | ૧૬,૦૨,૮૪૦ |
| **કુલ** | **૧૧,૧૦,૫૨૭** | **૬૦,૧૦,૦૦૧** |

---------

## ખંભાલિયા ખાતે સિવિલ હોસ્પીટલ ચાલુ કરવા બાબત

* ૧૩૩૦૩ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નવ રચિત દેવભૂમિ ધ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાલિયા ખાતે નવ રચિત સિવિલ હોસ્પીટલ સરકાર ક્યારે કાર્યરત કરવા માંગે છે ? | નવરચિત દેવભૂમિ ધ્વારકા જીલ્લાના મુખ્ય મથક ખંભાલિયા ખાતે નવરચિત સિવિલ હોસ્પીટલના બાંધકામની કામગીરી ચાલુ છે. મકાનનું બાંધકામ પુર્ણ થયે જરૂરી માળખાગત સુવિધા ઉભી થતાં તુર્તજ ખંભાલિયા ખાતે સિવિલ હોસ્પીટલ કાર્યરત કરવામાં આવશે. |

---------

## જામનગર, જોડીયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં પાણી પુરું પાડવા બાબત

* ૧૩૨૩૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના જામનગર, જોડીયા, ધ્રોલ અને કાલાવડ તાલુકાના કેટલા ગામોમાં તા. ૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ પાણીની તીવ્ર તંગી અનુભવાઈ રહી છે, | (૧) એક પણ નહી. |
| (૨) આ ગામોના નર્મદા આધારિત તાત્કાલિક પાણી પુરૂં પાડવા શું આયોજન થયું છે,<br>(૩) પાણીની તંગી અનુભવતા આ ગામોને પાણી પુરૂં પાડવા શી વ્યવસ્થા ગોઠવાય છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી જામનગર જીલ્લાના ૪૩૦ ગામોમાંથી ૪૦૦ ગામોને નર્મદાના પાણી આધારિત પાઈપ લાઈન નેટવર્કથી તથા ૩૦ ગામોને ઉંડ–૧ ડેમ આધારિત યોજનામાં આવરી લેવામાં આવેલ છે. જે ગામોમાં જુથ યોજનાનું પાણી અપૂરતું પહોંચતું હોય અથવા સ્થાનિક સોર્સમાં પાણી ઉપલબ્ધ ઓછું થતું હોય ત્યારે તેવા ગામોને જરૂરીયાત મુજબ ટેન્કરો દ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. |
| (૪) આ જવાબદારી કોને સોંપવામાં આવી છે ? | (૪) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સંબંધિત ક્ષેત્રીય કચેરીઓને આ જવાબદારી સોંપવામાં આવેલ છે. |

---------

## રાજ્યમાં મહિલા સશક્તિકરણ પખવાડીયા દરમ્યાન કાર્યક્રમોનું આયોજન

* ૧૩૪૨૬ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા તા. ૧–૮–૨૦૧૪થી તા. ૧૫–૮–૨૦૧૪ સુધી ઉજવવામાં આવેલ મહિલા સશક્તિકરણ પખવાડિયા દરમ્યાન ક્યા પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ? | *પત્રક અ અને બ સામેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહેસૂલી તલાટી સંવર્ગના પંચાયતથી અલગ કરવા બાબત**

* ૧૩૩૨૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસૂલી તલાટી સંવર્ગને પંચાયતથી અલગ કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી આ સંવર્ગને અલગ કરેલ છે. અને | (૨) તા. ૨૩–૧૦–૨૦૦૮ થી, અને |
| (૩) આ સંવર્ગમાં તા. ૦૧–૦૧–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી જગ્યા મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૩૬૦૦ |

---------

**વલસાડ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૩૨૯૫ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના અંતર્ગત વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના અંતર્ગત વર્ષવાર નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તા. ૧–૧૦–૧૨ થી ૩૦–૯–૨૦૧૩ | તા. ૧–૧૦–૧૩ થી ૩૦–૯–૨૦૧૪ | કુલ |
| ૧ | વલસાડ | ૨૬૩ | ૩૮૪ | ૬૪૭ |
| ૨ | પારડી | ૪૩૦ | ૨૯૫ | ૭૨૫ |
| ૩ | ઉમરગામ | ૨૧૪ | ૨૨૯ | ૪૪૩ |
| ૪ | કપરાડા | ૩૦ | ૧૪૧ | ૧૭૧ |
| ૫ | ધરમપુર | ૬૦ | ૧૨૮ | ૧૮૮ |
| ૬ | વાપી | ૦ | ૧૭૧ | ૧૭૧ |
| | કુલ | ૯૯૭ | ૧૩૪૮ | ૨૩૪૫ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી, અને

**જવાબ**

(૨) તે અન્વયે વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી.

| **અનુ.** | **તા. ૧–૧૦–૧૨થી ૩૦–૯–૧૩** | **તા. ૧–૧૦–૧૩થી ૩૦–૯–૧૪** | **કુલ** |
|---|---|---|---|
| ૧ | ૮૭૫ | ૯૮૧ | ૧૮૫૬ |

(૩) મંજૂર કરવામાં આવેલ અરજીઓની મહિલાઓને નિયમિત સહાય મળતી નથી તે સહાય નિયમિત મળે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૩) મંજુર કરવામાં આવેલ અરજીઓની મહિલાઓને નિયમિત સહાય ચુકવવામાં આવે છે. અને લાભાર્થીઓના બચત ખાતામાં નિયમિત સહાય જમા થાય છે. તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગુજરાત સરકારના ચીન સાથે સમજૂતી કરાર

* ૧૩૦૭૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ઘપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ અમદાવાદની મુલાકાતે આવ્યા ત્યારે ગુજરાત સરકાર દ્વારા કેટલા સમજૂતી કરારો ચીન સાથે કરવામાં આવ્યા, અને

(૨) આ એમ.ઓ.યુ. કયા કયા હેતુઓને લગતા છે અને તેમાં કેટલું મુડીરોકાણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : તાજેતરમાં ચીનના રાષ્ટ્રપ્રમુખની અમદાવાદ મુલાકાત દરમિયાન ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ચાઈના ડેવલોપમેન્ટ બેન્ક અને ઈન્ડેક્ષ્ટ–બી વચ્ચે ચાઈના ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના અંગે ચીન સાથે કરાર કરવામાં આવેલ છે. આ પાર્કમાં આવનાર એકમો દ્વારા કેટલું મૂડીરોકાણ કરવામાં આવશે તેની વિગતનો સમાવેશ સમજૂતી કરારમાં થયેલ નથી.

---------

## માંગરોળ અને માળીયા તાલુકામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

* ૧૩૦૯૧ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ માંગરોળ અને માળીયા તાલુકામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છેલ્લે ક્યારે મંજુર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયાં ?

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ માંગરોળ તાલુકામાં નવું કોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરેલ નથી. પરંતુ માળીયા–હાટીના તાલુકામાં ૦૧ (એક) ગડુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં તા. ૦૪–૦૨–૧૪ના હુકમથી મંજુર કરવામાં આવેલ છે.

(૨) માંગરોળ તાલુકામાં ૪ (ચાર) અને માળીયા–હાટીના તાલુકામાં ૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

---------

## થુલેટા ગામને, નળ સરોવરમાં જતાં વરસાદી પાણીના થતાં નુકશાનની સમસ્યાનાં ઉકેલ બાબત

* ૧૩૦૬૪ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના કડીથી અમદાવાદ જિલ્લાના વિરમગામ થઈને નળ સરોવરમાં જતું વરસાદનું પાણી થુલેટા ગામની આસપાસ અંદાજે ૪ થી ૫ કિ.મી. માં ફેલાઈને જાય છે જેના કારણે

**જવાબ**

(૧) હા જી.

અતિવૃષ્ટિના ખાસ સંજોગોમાં

ખેડુતોની જમીન અને પાકને મોટા પાયે નુકસાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ વરસાદી પાણીના નિકાલ માટે
તા. ૧૦-૧૦-૨૦૧૪ની સ્થિતિએ કોઈ યોજના કે પ્લાન બનાવી ઉક્ત સમસ્યાનો કાયમી નિકાલ કરવા માંગે છે, અને

(૩) જો હા, તો આ યોજના કે પ્લાન ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ?

(૨) અને (૩) : સામાન્ય સંજોગોમાં વરસાદી પાણીનો નિકાલ હયાત ડ્રેઈનો ધ્વારા થતો હોઈ કોઈ યોજના કે પ્લાન હાલના તબક્કે બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં તળાવો ઊંડા કરવા બાબત

* ૧૩૪૪૮ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં આદિજાતિ ખેડૂતોને સિંચાઈની સુવિધા આપવા કેટલા નવા અને જૂના તળાવો ઊંડા કરવામાં આવ્યા, અને

(૨) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **ઉંડા કરવામાં આવેલ તળાવોની સંખ્યા** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૧૨-૧૩** | **વર્ષ ૨૦૧૩-૧૪** |
| ભિલોડા | ૨ | ૪ |
| મેઘરજ | ૭ | ૨ |

(૨)

| **તાલુકો** | **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ભિલોડા | ૨૦૧૨-૧૩ | ૦૬.૫૭ |
| | ૨૦૧૩-૧૪ | ૧૪.૪૬ |
| મેઘરજ | ૨૦૧૨-૧૩ | ૩૫.૧૪ |
| | ૨૦૧૩-૧૪ | ૧૮.૦૦ |

---------

## વ્યારા તાલુકામાં બિન પિયત ગામો

* ૧૨૯૪૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ વ્યારા તાલુકાના કેટલા ગામો બિન પિયત છે, અને

(૨) આ ગામોને પિયતની સુવિધાઓ આપવા ઉક્ત સ્થિતિએ સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૩૫ ગામો

(૨) ઉક્ત બિનપિયત ગામો પૈકી ૧૧ ગામોને ઉકાઈ પૂર્ણા હાઈ લેવલ કેનાલ દ્વારા, ૩ ગામોને નાબાર્ડ હેઠળના ચેકડેમો દ્વારા એક ગામને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત દ્વારા પિયતની સુવિધા આપવાનું આયોજન કરેલ છે.

---------

## વિજાપુર તાલુકાના ગઢડા મુકામે સાબરમતી નદી પર ચેકડેમ બનાવવા બાબત

* ૧૩૦૭૫ **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં ગઢડા મુકામે સાબરમતી નદી ઉપર ચેકડેમ બનાવવાની કાર્યવાહી ક્યાં છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હાલમાં કોઈ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં ખરીફ–૨૦૧૪માં મગફળી અને કપાસ પાક માટેનું પ્રિમિયમ

* ૧૩૪૫૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ ખરીફ ૨૦૧૪માં અમરેલી જિલ્લામાં તાલુકાવાર મગફળી અને કપાસના પાકો માટે કુલ કેટલા ક્ષેત્રફળ માટે કેટલી રકમનું પ્રિમિયમ ભરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સીઝનમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર મગફળી અને કપાસનું કેટલા વિસ્તારમાં વાવેતર થયેલ છે, અને

(૩) જો પ્રિમિયમ પાત્ર વાવેતર વિસ્તાર અને ખરેખર વાવેતર વિસ્તાર વચ્ચે તફાવત હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ ખરીફ ૨૦૧૪માં અમરેલી જિલ્લામાં તાલુકાવાર મગફળી અને કપાસના પાકો માટે ક્ષેત્રફળ તથા ભરવામાં આવેલ પ્રિમિયમની વિગત નીચે મુજબ છે,

(૨) સદર વિગતો મંગાવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| તાલુકાનું નામ | વિમા હેઠળનું ક્ષેત્રફળ (હેકટરમાં) | ભરવામાં આવેલ પ્રિમિયમ (રૂ઼ા.) | તાલુકાનું નામ | વિમા હેઠળનું ક્ષેત્રફળ (હેકટરમાં) | ભરવામાં આવેલ પ્રિમિયમ (રૂ઼ા.) |
|---|---|---|---|---|---|
| **પાકનું નામઃ મગફળી** | | | **પાકનું નામઃ કપાસ** | | |
| અમરેલી | ૭૧૬.૧૯૫ | ૧૦૧૪૪૩૮.૪૬ | અમરેલી | ૧૪૫૦૫.૧૧૭ | ૨૮૦૪૦૭૭૮.૯૭ |
| બાબરા | ૮૩૩૯.૭૩૨ | ૧૧૨૧૫૦૮૬.૩૨ | બાબરા | ૪૧૨૫.૫૭૪ | ૮૧૦૭૦૯૮.૫૬ |
| બગસરા | ૧૦૭૯૯.૦૬૬ | ૧૨૭૩૧૩૦૧.૩૫ | બગસરા | ૩૩૬૯.૫૧૬ | ૬૫૪૮૭૨૮.૬૬ |
| ધારી | ૧૯૪૫૬.૮૬૧ | ૨૩૭૨૪૮૩૬.૩૧ | ધારી | ૩૨૫૭.૨૬૩ | ૬૨૨૪૬૯૪.૧૯ |
| જાફરાબાદ | ૫૯૧૯.૫૦૭ | ૬૬૪૮૨૮૬.૨૯ | જાફરાબાદ | ૧૮૦.૬૭૩ | ૨૬૩૮૫૧.૨૩ |
| ખાંભા | ૭૧૬૩.૮૪૩ | ૮૬૩૪૦૬૩.૮૧ | ખાંભા | ૧૭૦.૩૪૭ | ૨૬૬૫૬૨.૩૬ |
| કુંકાવાવ વડીયા | ૫૮૩૫૭.૮૦૬ | ૬૮૫૪૩૦૦૨.૫૫ | કુંકાવાવ વડીયા | ૮૯૫૬.૫૮૮ | ૧૭૨૨૧૭૮૩.૮૮ |
| લાઠી | ૧૮૭.૫૮૭ | ૩૧૩૪૨૮.૬૫ | લાઠી | ૫૩૮૯.૮૯૬ | ૧૦૨૯૦૬૩૫.૬૫ |
| લીલીયા | ૨૯.૧૮૭ | ૩૯૩૬૪.૪૩ | લીલીયા | ૩૨૧૫.૧૭૨ | ૫૮૮૨૯૩૯.૮૪ |
| રાજુલા | ૧૧૩૬૦.૨૮૮ | ૧૩૧૮૩૫૩૬.૬૮ | રાજુલા | ૧૮૪.૬૨૦ | ૨૯૮૭૮૨.૯૨ |
| સાવરકુંડલા | ૩૮૬૫૭.૬૭૦ | ૪૨૪૨૩૮૮૨.૯૯ | સાવરકુંડલા | ૪૦૮૦.૭૩૦ | ૭૬૧૯૯૫૦.૭૯ |

| તાલુકાનું નામ | વિમા હેઠળનું ક્ષેત્રફળ (હેકટરમાં) | ભરવામાં આવેલ પ્રિમિયમ (રૂા.) | તાલુકાનું નામ | વિમા હેઠળનું ક્ષેત્રફળ (હેકટરમાં) | ભરવામાં આવેલ પ્રિમિયમ (રૂા.) |
|---|---|---|---|---|---|
| પાકનું નામઃ મગફળી | | | પાકનું નામઃ કપાસ | | |
| કુલ | ૧૬૦૯૮૭.૭૪૨ | ૧૮૮૪૭૧૨૨૭.૮૪ | કુલ | ૪૭૪૩૫.૪૯૬ | ૯૦૭૬૫૮૦૭.૦૫ |

---------

**ઉના તાલુકાના સીમર ગામે આંગણવાડીના નવા રૂમો બનાવવા બાબત**

* ૧૩૨૬૩ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમર ગામે આંણવાડીના પાંચ નવા રૂમો બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેમાંથી બે રૂમોમાં આંગણવાડી કાર્યરત નથી તે હકીકત સાચી છે, અને | (૨) હા. |
| (૩) જો હા, તો તેના કારણો શાં છે ? | (૩) જે બે આંગણવાડી કેન્દ્રોનાં રૂમો હાલ કાર્યરત નથી તેમાં આંગણવાડી કેન્દ્ર નં. ૧ અને ૫ બંન્ને મકાનની કામગીરી વર્ષ–૨૦૧૧–૧૨ માં પૂર્ણ થયેલ. બંન્ને મકાનમાં આંગણવાડી કેન્દ્ર કાર્યરત પણ થયેલ. નાયબ કાર્યપાલક ઈજનેર (પંચાયત) ના પ્રમાણપત્ર મુજબ આંગણવાડી કેન્દ્ર નં. ૧ માં મરામતની જરૂરિયાત હોય તથા આંગણવાડી કેન્દ્ર નં. ૫ પણ મરામતની જરૂરિયાત હોય, અને નિચાણવાળો ભાગ હોવાથી પાણી ભરાયેલ હોય તે બંન્ને મકાનોની મરામતની કામગીરી પૂર્ણ થયા બાદ ઉપયોગમાં લેવું તેવું જણાવેલ હોય અને બાળકોની સલામતીને ધ્યાને રાખી આ બંન્ને કેન્દ્રનો ઉપયોગ જાન્યુઆરી–૨૦૧૪ થી બંધ કરવામાં આવેલ છે. મરામતની કામગીરી પૂર્ણ થયે પુનઃ ઉપયોગ કરવામાં આવશે. |

---------

**સંતરામપુર અને કડાણા તાલુકામાં હેન્ડપંપના કામ**

* ૧૩૨૪૬ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં પાણી પુરવઠા વિભાગની ગ્રાન્ટમાંથી તા. ૩૧–૦૭–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હેન્ડપંપના તાલુકાવાર કેટલા

**જવાબ**

(૧) નીચેની વિગતે

| તાલુકો | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ | કુલ |
|---|---|---|---|

કામો શરૂ કરવામાં આવ્યા, અને

| | | | |
|---|---|---|---|
| સંતરામપુર | ૧૨૫ | ૬૪ | ૧૮૯ |
| કડાણા | ૫૯ | ૧૧૮ | ૧૭૭ |

(૨) આ પૈકીના કેટલાં હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યાં ?

(૨) તમામ હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

---------

**બાલાશિનોર, વિરપુર, કપડવંજ અને કઠલાલ તાલુકાઓમાં રસ્તાઓનું રીકાર્પેટીંગ કરવા બાબત**

* ૧૩૨૭૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બાલાશિનોર, વિરપુર, કપડવંજ અને કઠલાલ તાલુકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ ૭ વર્ષ કરતાં વધુ સમય પહેલાં કાર્પેટીંગ કર્યુ હોય તેવા કેટલાં રસ્તાઓ છે, અને કયા કયા છે,

(૨) સરકારે કરેલ નિર્ણય પ્રમાણે ઉપરોક્ત તાલુકાઓના સાત વર્ષ કરતાં વધુ સમયના રસ્તાઓનું રી–કાર્પેટીંગ સરકાર કરવા માગે છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં

**જવાબ**

(૧) * પરિશિષ્ટ અ મુજબ

(૨) અને (૩)

સરકારે આવો કોઈ નિર્ણય કરેલ નથી, તાંત્રિક જરૂરિયાત મુજબના ૨૦ રસ્તાઓનું રીકાર્પેટીંગ મંજૂર કરેલ છે અન્ય રસ્તાઓ માટે તાંત્રિક જરૂરીયાત, આંતરિક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**તલોદ તાલુકામાં મેશ્વો નદી ઉપર તાજપુર કેમ્પ પાસે ચેકડેમ બનાવવા બાબત**

* ૧૩૧૮૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ તલોદ તાલુકામાં મેશ્વો નદી ઉપર તાજપુર કેમ્પ પાસે મંજૂર થયેલ ચેકડેમના કામની મંજુર થયેલ રકમ કેટલી છે,

(૨) આ મંજૂરી ક્યારે અપાઈ અને કઈ એજન્સીને આ કામગીરી સોંપાઈ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી શરૂ થયેલ નથી તે અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) રૂા. ૨૫૧.૯૭ લાખ.

(૨) તા. ૧૬–૨–૨૦૧૩ના રોજ મંજૂરી આપી ઈજારદારશ્રી કિશોર પ્રોજેક્ટ પ્રા. લિ. રાજકોટને કામગીરી સોંપવામાં આવેલ.

(૩) ઈજારદારે નહીંવત કામગીરી શરૂ કરી કામ છોડી દેતાં ટેન્ડરની જોગવાઈ અનુસાર કામનો ઈજારો રદ કરવામાં આવેલ છે.

---------

**ઔદ્યોગિક નીતિ–૨૦૦૯ અન્વયે ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના હેઠળ પ્રોજેક્ટોને સહાય**

* ૧૩૪૨૦ **શ્રી હસમુખભાઈ સો. પટેલ(અમરાઈવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

(૧) ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના અન્વયે ઔદ્યોગિક નીતિ–૨૦૦૯ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચર યોજના અન્વયે તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રસ્તાઓ, રસ્તાની સુધારણા, વીજળી, સંદેશા વ્યવહાર, પાણીના વિતરણની વ્યવસ્થા અને ઉદ્યોગોને આવશ્યક એવી આંતરમાળખાકીય સુવિધા પુરી પાડવાના પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) આ પ્રોજેક્ટને શી સહાય કરવામાં આવેલ છે ?

(૨) આ પ્રોજેકટોને રૂા. ૧૬૯.૮૨ કરોડની નાણાંકીય સહાય આપવામાં આવેલ છે.

---------

## ''સૌની યોજના'' અન્વયે સૌરાષ્ટ્રના જળાશયો ભરવા બાબત

* ૧૩૩૮૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ''સૌની યોજના'' દ્વારા સૌરાષ્ટના જળાશયો માં નર્મદાના પાણી પહોંચાડવાની યોજના હતી તે કામગીરી કયા તબક્કે છે, | (૧) કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) ''સૌની યોજના'' પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) રૂા. ૯૯૧.૯૧ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૩) ''સૌની યોજના'' ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સમગ્ર યોજના વર્ષ ૨૦૧૮ માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## બોટાદ ખાતે જિલ્લા સેવા સદન કામની શરૂઆત

* ૧૩૧૦૫ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ નવરચિત બોટાદ જિલ્લા ખાતે જિલ્લા સેવા સદનનું કામ શરૂ થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૨) પ્રગતિમાં. |

---------

## છોટા ઉદેપુર અને જેતપુર પાવી તાલુકામાં રીસરફેસીંગ કરવાના બાકી રસ્તાઓ

* ૧૩૩૬૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ છોટા ઉદેપુર અને જેતપુર પાવી તાલુકામાં ૭ વર્ષ પહેલા બનેલા કયા કયા રસ્તા રીસરફેસીંગ કરવાના બાકી | (૧), (૨), (૩) અને (૪) પરિશિષ્ટ મુજબના રસ્તાઓ ૭ વર્ષ પહેલાના બનેલા છે. જે વાહન વ્યવહાર લાયક હોઈ, રીસરફેસીંગ કરવાનો હાલમાં |

છે,

(૨) કુલ કેટલા કી. મી. ના રસ્તા રીસરફેસીંગ કરવાના થાય છે,

(૩) આ રસ્તા રીસરફેસીંગ કરવા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે, અને

(૪) આ રસ્તા કયાં સુધીમાં રીસરફેસીંગ કરવામાં આવશે?

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ**

| અ. નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | જેતપુર પાવી | રતનપુર–મોટી આમરોલ રોડ |
| ૨ | જેતપુર પાવી | મલુધર ટીબી રોડ |
| ૩ | જેતપુર પાવી | મોટી રાસલી એ. રોડ |
| ૪ | જેતપુર પાવી | કુડણા નાનીતેજાવાવ રોડ |
| ૫ | જેતપુર પાવી | જંબુગામ હરખપુર રોડ |
| ૬ | જેતપુર પાવી | વાઘવા ઉચાપાન રોડ |
| ૭ | જેતપુર પાવી | મોટાકાંટવા બામરોલી રોડ |
| ૮ | જેતપુર પાવી | ભેસાવહી એ. રોડ |
| ૯ | જેતપુર પાવી | કરસન–ટીબી રોડ |
| ૧૦ | જેતપુર પાવી | ભીંડોલ–સાલોજ રોડ |
| ૧૧ | છોટાઉદેપુર | પુનીયાવાંટ વસેડી રોડ |
| ૧૨ | છોટાઉદેપુર | બોડગામ એપ્રોચ રોડ |
| ૧૩ | છોટાઉદેપુર | દેહવાંટ રાજુવાંટ કટારવાંટ રામપુરા રોડ |
| ૧૪ | છોટાઉદેપુર | ધોળી સામેલ ડુંગરભીત રોડ |
| ૧૫ | છોટાઉદેપુર | ખડકવાડા ભોરદલી ભાલાવાંટ રોડ |
| ૧૬ | છોટાઉદેપુર | ઝોઝ જામલી લગામી વિરપુર રોડ |
| ૧૭ | છોટાઉદેપુર | તેજગઢ–પાલસંડા–ચિચોડ રોડ |

---------

**નસવાડી તાલુકાના બરોલીના, નર્મદા યોજનાના અસરગ્રસ્તોને નોકરી/જમીન આપવા બાબત**

* ૧૩૨૪૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૦૮–૧૦–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના બરોલીના નર્મદા યોજનાના અસરગ્રસ્તોને નોકરી આપવા તેમજ જમીન ફાળવવાની બાકી છે તે હકિકતથી સરકાર વાકેફ છે.

(૨) જો હા, તો આ અસરગ્રસ્તોને નોકરી અને જમીનો નહીં આપવાના કારણો શા છે, અને

(૩) કેટલા સમયમાં તેનો ઉકેલ લાવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૦૮–૧૦–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના બરોલી વસાહત ખાતેના કોઇ અસરગ્રસ્તને જમીન ફાળવવાની બાકી નથી કે કોઇ પણ આશ્રિતને નોકરી આપવાની બાકી નથી.

(૨) ઉપરોક્ત જવાબ ૧ મુજબ.

(૩) ઉપરોક્ત જવાબ ૧ મુજબ.

---------

## લુણાવાડા તાલુકામાં હાડોડ, ડેરચ, દાણીયા–ચાંપેલી રસ્તાઓનું રીકાર્પેટીંગ કરવા બાબત

* ૧૩૨૮૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ હાડોડ, ડેરચ, દાણીયા–ચાંપેલી રસ્તાનું રીકાર્પેટીંગ ક્યારે કરવામાં આવ્યું, | (૧) માર્ચ–૨૦૧૧માં. |
| (૨) આ માટે સરકારે કેટલો ખર્ચ કર્યો, | (૨) રૂા. ૯૨.૮૫ લાખ. |
| (૩) આ રસ્તા ઉપર આવતા કોતર ઉપર–ડીપ અથવા સ્લેબ ડ્રેઇન ન બનાવવાના કારણે આ રસ્તાનો ઉપયોગ શક્ય નથી તે હકીકત સાચી છે, અને | (૩) ના જી. |
| (૪) જો હા, તો ૨૦૧૪–૧૫ના નાણાંકીય વર્ષમાં આ કામની જોગવાઇ કરવામાં આવી છે કે કેમ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ટી.બી., થેલેસેમીયા અને એચ.આઇ.વી.ના દર્દીઓની સંખ્યા

* ૧૩૩૧૧ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ટી.બી. થેલેસેમિયા અને એચ.આઇ.વી. ના કેટલા દર્દીઓ તા. ૩૦–૦૯–૧૪ ની સ્થિતિએ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ દર્દીઓને જિલ્લામાં સારવાર મળી રહે તે માટે શી સુવિધાઓ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ દર્દીઓ નીચે મુજબ છે.

| ટીબી | થેલેસેમિયા | એચઆઇવી |
|---|---|---|
| ૨૭૫૮ | ૬૫ | ૨૯૦૧ |

(૨) આ દર્દીઓને જિલ્લામાં નીચે મુજબનાં સેન્ટરો પર નીઃશુલ્ક નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે.

| ટીબી | થેલેસેમિયા | એચઆઇવી |
|---|---|---|
| જિલ્લા ક્ષય કેન્દ્ર–૨, સેન્ટર | જનરલ/ સીવીલ હોસ્પીટલ હિંમતનગર | સીવીલ હોસ્પિટલ, હિંમતનગર ખાતે એઆરટી સેન્ટર–૧, |
| સીવીલ હોસ્પીટલ, હિંમતનગર–૧ સેન્ટર | | સા. આ. કે. ઇડર અને કોટેજ હોસ્પી. ભિલોડા ખાતેનાં લીંક એઆરટી સેન્ટર્સ દ્વારા |
| સબ ડીસ્ટ્રીકટ હોસ્પી.–૨ | | |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર–૧૯ | | |

| | | |
|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–૬૮ | | |
| ટીબી યુનિટ–૧૪ | | |
| ડોટ્સ સેન્ટર/ પ્રોવાઈડર–૨૬૬૮ | | |

---------

**આણંદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૩૩૭૯ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી નવી આંગણવાડીઓ શરૂ કરવાની થાય છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારના અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. તદાનુસાર આંગણવાડીની ડીમાંડ કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગઅલગ હોય છે. જેથી વસ્તીના ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, તે વિસ્તારનો સર્વે કર્યા વિના કહી શકાય નહી.

(૨) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજુર આંગણવાડીઓની સંખ્યા** | **કાર્યરત આંગણવાડીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ખંભાત | ૨૭૮ | ૨૭૮ |
| ૨ | પેટલાદ | ૩૮૯ | ૩૮૯ |
| ૩ | બોરસદ | ૩૯૭ | ૩૯૭ |
| ૪ | આંકલાવ | ૧૫૨ | ૧૫૨ |
| ૫ | આણંદ | ૪૬૩ | ૪૬૩ |
| ૬ | ઉમરેઠ | ૨૦૧ | ૨૦૧ |
| ૭ | તારાપુર | ૯૯ | ૯૯ |
| | **કુલ** | **૧૯૭૯** | **૧૯૭૯** |

(૩) વર્ષ ૨૦૧૧ની વસ્તી મુજબ કેટલી નવી આંગણવાડીઓ શરૂ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) આણંદ જિલ્લાના તાલુકાઓ માટે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૪૭ નવા આંગણવાડી કેન્દ્રોની

| | |
|---|---|
| | દરખાસ્ત અત્રેની કચેરી દ્વારા તા. ૩૦-૦૯-૨૦૧૪થી ભારત સરકારશ્રીને મોકલી આંગણવાડીઓ મંજુર કરાવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. |
| (૪) કેટલા સમયમાં નવા આંગણવાડી કેન્દ્રો કાર્યરત થશે? | (૪) ભારત સરકારશ્રી દ્વારા આંગણવાડી કેન્દ્રો મંજુર થયેથી નિયમોનુસારની આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

----------

## રાજકોટ શહેરને નર્મદા પાઇપલાઇન આધારિત પાણી

* ૧૩૧૫૦ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ શહેરને નર્મદા પાઇપલાઇન આધારિત કેટલુ પાણી પુરૂં પાડવામાં આવે છે, અને | (૧) રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનને તા. ૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ દૈનિક સરેરાશ ૧૫.૦૩૩ કરોડ લીટર પાણી પુરૂ પાડવામાં આવે છે. રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની માંગણી મુજબ મહત્તમ ૧૮.૦૦ કરોડ લીટર સુધી પાણી આપવામાં આવેલ છે. |
| (૨) કઇ કઇ જગ્યાએથી પુરૂં પાડવામાં આવે છે? | (૨) રાજકોટ શહેરને નર્મદાનું પાણી જુદી જુદી ત્રણ જગ્યાએથી પાણી પુરૂ પાડવામાં આવે છે.<br>(૧) હડાળ પંપીંગ સ્ટેશનથી આજી ફિલ્ટર પ્લાન્ટ, આજી ડેમ નજીક.<br>(૨) પાઇપ લાઇનથી ન્યારા (જામનગર રોડ) સંપમાં<br>(૩) પાઇપ લાઇનથી ઇશ્વરીયા પંપીંગ સ્ટેશન પરના સંપમાં |

----------

## ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોને આપેલ સારવાર

* ૧૩૦૫૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૯-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત વર્ષવાર કેટલા બાળકોને સુપર સ્પેશ્યાલીટી સારવારની જરૂરીયાત જણાઇ, | (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કુલ ૬૪૪ બાળકોને સુપર સ્પેશ્યાલીટી સારવારની જરૂરીયાત જણાઇ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકોને કેવા પ્રકારની સારવાર આપી, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર બાળકોને નીચે મુજબ સારવાર આપી. |

| **રોગનું નામ** | **વર્ષ: ૨૦૧૩-૧૪** | **વર્ષ:૨૦૧૪-૧૫** |
|---|---|---|
| હૃદય | ૧૯૫ | ૧૮૨ |

| | | |
|---|---|---|
| કિડની | ૮૪ | ૮૮ |
| કેન્સર | ૪૯ | ૪૬ |
| **કુલ** | **૩૨૮** | **૩૧૬** |

(૩) બાકી રહેલા પીડિત બાળકોને આવી સારવાર ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૩) સુપર સ્પેશ્યાલીટી સારવારની જરૂરિયાતવાળા તમામ બાળકોને સારવાર આપવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરેલ છે.

---------

**ધરોઇ યોજનાની નહેરોની સુધારણા બાબત**

* ૧૨૯૫૧ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ધરોઇ યોજનાની નહેરોની સુધારણા માટે સરકારનું શું આયોજન છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યા, અને

(૩) તેનાથી કેટલા વિસ્તારને લાભ થશે?

**જવાબ**

(૧) નહેર સુધારણાના કુલ રૂા. ૨૦૫૦ લાખના ૪૨ કામોનું આયોજન છે.

(૨) રૂા. ૩૪૨૦.૦૦ લાખ.

(૩) ૧૯૨૦૦ હેકટર.

---------

**દાહોદ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

* ૧૨૯૪૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી જુથ પાણી પુરવઠા યોજના અમલમાં છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલા ગામોને પાણી આપવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) જિલ્લામાં નીચેની વિગતે પાંચ જુથ પાણી પુરવઠા યોજના અમલમાં છે.

| ક્રમ | તાલુકો | યોજના |
|---|---|---|
| ૧ | ઝાલોદ | માછણનાળા |
| ૨ | ફતેપુરા | ભાણસીમલ ભાગ–૧, ભાણસીમલ ભાગ–૨ અને માછણનાળા |
| ૩ | સંજેલી | ભાણસીમલ ભાગ–૨, અને માછણનાળા |
| ૪ | દેવગઢ બારીયા | ગોલાવ અને મંગોઇ |

(૨) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબની સ્થિતિએ પાણી આપવામાં આવ્યું.

| ક્રમ | તાલુકો | વર્ષવાર પાણી અપાતા ગામોની સંખ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨–૧૩ | વર્ષ ૨૦૧૩–૧૪ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ઝાલોદ | ૨૦ | ૦૯ |
| ૨ | ફતેપુરા | ૬૬ | ૬૬ |
| ૩ | સંજેલી | ૦ | ૧૨ |
| ૪ | દેવગઢ બારીયા | ૨૩ | ૩૮ |
| | **કુલ** | **૧૦૯** | **૧૨૫** |

(૩) તેનો વાર્ષિક ખર્ચ કેટલો થયો ?

(૩) છેલ્લા બે વર્ષનો વાર્ષિક ખર્ચ નીચે મુજબ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨-૧૩ | રૂ. ૪૦૬.૩૫ લાખ |
| વર્ષ ૨૦૧૩-૧૪ | રૂ. ૬૦૫.૫૮ લાખ |

---------

## નવસારી જિલ્લામાં રાસાયણિક ખાતરનો જથ્થો

* ૧૩૨૫૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા ચાર માસમાં ખેડૂતોને રાસાયણિક ખાતરનો જથ્થો તાલુકાવાર કેટલો ફાળવવામાં આવ્યો, અને

(૨) આ ખાતરનો જથ્થો અપૂરતો હોવાની વ્યાપક ફરિયાદો પછી પુરવઠામાં વધારો કરવામાં આવ્યો છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં રાસાયણિક ખાતરોની તાલુકાવાર અલગથી ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ ભારત સરકારશ્રી તરફથી મળતાં માસવાર રાસાયણિક ખાતરનાં સપ્લાય પ્લાન મુજબ તા.૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા ચાર માસમાં ફાળવવામાં આવેલ રાસાયણિક ખાતરોના જથ્થાની સામે તાલુકાવાર સપ્લાય કરવામાં આવેલ રાસાયણિક ખાતરોનાં જથ્થાની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૨) ભારત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતાં રાસાયણિક ખાતરોનાં જથ્થાં, જિલ્લાવાર વાવેતર વિસ્તાર તેમજ પાકવાર રાસાયણિક ખાતરોની ભલામણનાં આધારે જિલ્લાવાર રાસાયણિક ખાતરની ફાળવણી નક્કી થતી હોઇ રાસાયણિક ખાતરનાં પુરવઠામાં વધારો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**(જથ્થોઃ મે. ટનમાં)**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **યુરીયા** | | **ડી.એ.પી** | | **એમ.ઓ.પી.** | | **એન.પી.કે.** | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **ફાળવણી** | **તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં સપ્લાય કરેલ જથ્થો** | **ફાળવણી** | **તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં સપ્લાય કરેલ જથ્થો** | **ફાળવણી** | **તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં સપ્લાય કરેલ જથ્થો** | **ફાળવણી** | **તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં સપ્લાય કરેલ જથ્થો** |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચીખલી | | ૩૮૩૫.૦૦ | | ૭૮૯.૦૦ | | ૭૭૦.૦૦ | | ૨૩૦૫.૦૦ |
| ૨ | ગણદેવી | | ૧૦૬૮.૦૦ | | ૪૩૩.૦૦ | | ૭૮૮.૦૦ | | ૩૦૪.૦૦ |
| ૩ | જલાલપોર | ૯૪૭૫.૦૦ | ૭૨૩.૦૦ | ૨૧૦૪.૦૦ | ૧૪૯.૦૦ | ૨૧૮૦.૦૦ | ૫૧.૦૦ | ૨૦૩૭.૦૦ | ૨૯૬.૦૦ |
| ૪ | નવસારી | | ૩૧૪૫.૦૦ | | ૨૦૨૮.૦૦ | | ૧૬૦૬.૦૦ | | ૭૯૧.૦૦ |
| ૫ | વાંસદા | | ૩૩૪૩.૦૦ | | ૫૧૦.૦૦ | | ૨૩૪.૦૦ | | ૩૯૬.૦૦ |
| | **કુલ** | **૯૪૭૫.૦૦** | **૧૨૧૧૪.૦૦** | **૨૧૦૪.૦૦** | **૩૯૦૯.૦૦** | **૨૧૮૦.૦૦** | **૩૪૪૯.૦૦** | **૨૦૩૭.૦૦** | **૪૦૯૨.૦૦** |

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનાં તળાવો પાઇપલાઇનથી ભરવા બાબત

* ૧૩૨૯૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કુલ કેટલા તળાવો, પાઇપલાઇન થી ભરવામાં આવેલ છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી બાયડ અને માલપુર તાલુકાઓમાં કુલ કેટલા તળાવો આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલા તળાવો ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **તાલુકો** | **ભરવામાં આવેલ તળાવોની સંખ્યા** |
|---|---|---|
| સાબરકાંઠા | વડાલી | ૨૨ |
| | ઇડર | ૦૩ |
| | ખેડબ્રહ્મા | ૦૧ |
| | પ્રાંતિજ | ૦૭ |
| | હિંમતનગર | ૧૦ |
| | તલોદ | ૧૬ |
| | **કુલ** | **૫૯** |

અરવલ્લી જિલ્લાનાં કોઇ તળાવો પાઇપલાઇનથી ભરવામાં આવેલ નથી.

(૨) શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વાવ અને થરાદ તાલુકાઓમાં ફિલ્ટર વિનાનું નર્મદાનું પાણી

* ૧૨૯૩૬ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ તાલુકાઓમાં ફીલ્ટર વગરનું પીવાનું નર્મદાનું પાણી અપાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ તાલુકાઓને ફીલ્ટરવાળું શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)
હા, જી.

તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ તાલુકાના ગામોને ડીસા ખાતે બનાસ નદીના પટમાં બનાવેલ ૨૬ પાતાળ કુવા તથા નર્મદા કેનાલમાંથી પાણી જુદી જુદી જગ્યાએથી પંપ કરી મીકસ પાણી કલોરીનેશન દ્વારા જંતુ રહીત કરી પાઇપ લાઇન

દ્વારા આપવામાં આવે છે.

આ તમામ ગામોને નર્મદા કેનાલ આધારીત યોજના અંતર્ગત ફીલ્ટર પ્લાન્ટના કામો માહે માર્ચ–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરી ફીલ્ટર કરેલ પાણી પુરવઠો આપવાનું આયોજન છે.

––––––––––

**વડોદરા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે ફાળવેલ રકમ**

* ૧૩૩૧૬ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય મુખ્યમંત્રી (**ડીઝાસ્ટર મેનેજમેન્ટ**)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના આપત્તિ વ્યવસ્થાપન માટે વર્ષવાર કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર આ રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કયા સાધનોની ખરીદી માટે કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧–૦૮–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આપત્તિ વ્યવસ્થાપન માટે કુલ રૂ.૩,૬૬,૨૫,૪૧૯/- ફાળવ્યા જે પૈકી તા.૦૧–૦૯–૨૦૧૧ થી ૩૧–૦૮–૨૦૧૨ સુધીમાં રૂ.૧,૦૪,૦૭,૩૭૧/- તથા તા.૧–૦૯–૨૦૧૨ થી તા.૩૧–૦૮–૨૦૧૩ સુધીમાં રૂ.૨,૬૨,૧૮,૦૪૮/- ફાળવવામાં આવ્યા.

આ રકમ પૈકી નીચે મુજબ જુદા જુદા સાધનોની ખરીદી માટે કુલ રૂ.૨,૫૦,૮૨,૪૭૩/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

| ખરીદેલ સાધનો | તા.૧–૦૯–૨૦૧૧ થી તા.૩૧–૦૮–૨૦૧૨ સુધી (રકમ રૂ.) | તા.૧–૦૯–૨૦૧૨ થી તા.૩૧–૦૮–૨૦૧૩ સુધી (રકમ રૂ.) |
|---|---|---|
| ઇમરજન્સી રીસ્કયુ કીટ | ૩,૪૫,૬૪૦ | ––– |
| વોટર બાઉઝર | ––– | ૭૪,૪૮,૬૬૮ |
| મોટર સાયકલ માઉન્ટેડ વોટર મીસ્ટ ફાયર ફાઈટીંગ સીસ્ટમ | ––– | ૧૩,૬૫,૬૫૪ |
| વોટર મીસ્ટ | ૨૪,૫૬,૨૮૦ | ––– |
| હુક આર્મ ટ્રક | ––– | ૬૪,૬૦,૫૧૨ |

| | | |
|---|---|---|
| ફાયર ફાઈટીંગ ફોમ | ૨૮,૨૨,૪૦૦ | |
| યુએસએઆર અને એમએફટી ટ્રેનીંગ ઈકવીપમેન્ટ | --- | ૨૫,૯૧,૨૧૫ |
| ઈમરજન્સી લાઇટ | --- | ૧૫,૯૨,૧૦૪ |
| **કુલ** | **૫૬,૨૪,૩૨૦** | **૧,૯૪,૫૮,૧૫૩** |

---------

## દહેગામ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પ્રસુતિગૃહોની સુવિધા

* ૧૩૨૨૫ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ તાલુકાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પ્રસુતિગૃહો છે કે કેમ અને જો હા, તો છેલ્લા બે વર્ષમાં કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલી પ્રસુતિઓ તા.૩૦-૦૯-૨૦૧૪ સુધીમાં કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | વર્ષ ૨૦૧૩-૧૪ પ્રસુતિની સંખ્યા | વર્ષ ૨૦૧૪-૧૫ પ્રસુતિની સંખ્યા |
|---|---|---|
| સાણોદા | ૧૬ | ૩૧ |
| સાંપા | ૦૮ | ૨૦ |
| કડજોદરા | ૬૦ | ૩૫ |
| દેવ મુવાડા | ૩૦ | ૧૬ |
| બહીયલ | ૧૯૨ | ૧૩૫ |
| કડાદરા | ૯૮ | ૨૨ |
| **કુલ** | **૪૦૪** | **૨૫૯** |

(૨) દહેગામ તાલુકાના કયા ગામોમાં સબસેન્ટરો આરોગ્ય સેવાના કાર્યરત છે ?

(૨) સામેલ પત્રક-અ મુજબ

**પત્રક-અ**

દહેગામ તાલુકાના ગામોમાં કાર્યરત સબ સેન્ટરો.

| ક્રમ | પેટા આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|
| ૧ | સાણોદા |
| ૨ | હાલીસા |
| ૩ | બીલમણા |
| ૪ | વડવાસા |
| ૫ | ધારીસણા |
| ૬ | નાંદોલ |

| | |
|---|---|
| ૭ | વા.ચૌધરી |
| ૮ | સાંપા |
| ૯ | સગદલપુર |
| ૧૦ | નવાનગર |
| ૧૧ | પાટનાકુવા |
| ૧૨ | રખીયાલ |
| ૧૩ | સામેત્રી |
| ૧૪ | ખાનપુર |
| ૧૫ | કડજોદરા–૧ |
| ૧૬ | કડજોદરા–૨ |
| ૧૭ | જીંડવા |
| ૧૮ | પીંપલજ |
| ૧૯ | લીહોડા |
| ૨૦ | લવાડ |
| ૨૧ | દેવ.મુવાડા |
| ૨૨ | અર.મુવાડા |
| ૨૩ | પાલુન્દ્રા |
| ૨૪ | હર.મુવાડા |
| ૨૫ | શીયાવાડા |
| ૨૬ | બારીયા |
| ૨૭ | બહિયલ |
| **ક્રમ** | **પેટા આરોગ્ય કેન્દ્રનું નામ** |
| ૨૮ | હાથીજણ |
| ૨૯ | ઘમીજ |
| ૩૦ | કનીપુર |
| ૩૧ | હીલોલ |
| ૩૨ | કડાદરા |
| ૩૩ | હરસોલી |
| ૩૪ | કરોલી |
| ૩૫ | કોઠી |
| ૩૬ | વટવા |
| ૩૭ | અમ.મુવાડા |
| ૩૮ | અર્બન–૧ |
| ૩૯ | અર્બન–૨ |
| ૪૦ | અર્બન–૩ |

––––––––––

**ભાવનગર જિલ્લામાં ઇ–ધરામાં ૭/૧૨ તથા ૮–અ અને હકકપત્રકમાં સુધારા માટેની અરજીઓ**

* ૧૩૧૭૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૦-૦૯-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઇ-ધરામાં ૭/૧૨ અને ૮-અ અને હકકપત્રકમાં સુધારા માટેની વર્ષવાર કેટલી અરજીઓ આવી અને,

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૦-૯-૧૪ ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં **૧૬૦૬** અરજીઓ સુધારા માટે મળેલ છે.

(૨) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓમાં સુધારા મંજૂર થયા નથી અને ઉકત બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

(૨) ઉકત સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ મળેલ કુલ ૧૬૦૬ અરજીઓ પૈકી, **૧૩૬૯** અરજીઓ મંજુર કરવામાં આવી તથા **૧૧૩** અરજીઓ નામંજુર કરવામાં આવી અને **૧૨૪** અરજીઓ બાકી રહેલ છે. જેનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

---------

**નવસારી જિલ્લામાં વેસ્મા-મરોલી-ઉભરાટ રસ્તાને પહોળો કરવા બાબત**

* ૧૩૪૧૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય માર્ગ-મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં ઉભરાટ પ્રવાસ સ્થળને જોડતાં વેસ્મા - મરોલી - ઉભરાટ રસ્તાને પહોળો કરવાની કામગીરી તા.૩૦-૦૯-૨૦૧૪ ની સ્થિતિએ કયા તબકકે છે, અને

(૨) આ રસ્તાને પહોળો કરવાની કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) પ્રગતિમાં.

(૨) અંદાજે રૂા.૬૭૦૦ લાખ

---------

**જનરલ હોસ્પીટલ ખંભાલિયામાં મંજુર મહેકમ**

* ૧૩૩૦૨ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ જનરલ હોસ્પીટલ ખંભાલિયામાં કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) મહેકમ પ્રમાણે ઉકત સ્થિતિએ સ્ટાફ કેટલો છે, અને

**જવાબ**

(૧) જનરલ હોસ્પીટલ ખંભાલિયામાં નીચેની વિગતે મહેકમ મંજુર થયેલ છે.

| સંવર્ગ | મંજુર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૪ |
| વર્ગ-૨ | ૦૯ |
| વર્ગ-૩ | ૧૨૨ |
| વર્ગ-૪ | ૫૫ |
| **કુલ** | **૨૧૦** |

(૨)

| સંવર્ગ | ભરેલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૧ |
| વર્ગ-૨ | ૦૫ |
| વર્ગ-૩ | ૧૮ |

| | |
|---|---|
| વર્ગ–૪ | ૫૫ |
| **કુલ** | **૮૯** |

(૩) ઘટતો સ્ટાફ ક્યારે ભરવા માંગો છો ?

(૩) જુદા જુદા સંવર્ગોમાં ભરતીની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવામાં આવેલ છે. જે પુરી થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**જામનગર જિલ્લામાં સન–૨૦૧૨ની ખરીફ ઋતુમાં અપૂરતા વરસાદથી પશુધન બચાવવા ખેડૂતોને ઘાસચારો વાવવા માટે સહાય**

* ૧૩૨૩૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તેરમી ગુજરાત વિધાનસભા ચોથા સત્રમાં તા.૮–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૯૪૩૫ અગ્રતા–૨૧૧ અન્વયે **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૧૨ની ખરીફ ઋતુમાં અપુરતો વરસાદ થવાથી દુષ્કાળના સમયમાં પશુધનને બચાવવા જે ખેડૂત ઘાસચારો વાવશે તેને ૨૦ કિલો જુવારનું બિયારણ મફત અને ખર્ચ પેટે રૂ.૨૦૦૦ રાજ્ય સરકાર ચૂકવશે તેવી યોજના તૈયાર થયા પછી જામનગર જિલ્લામાં તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ૬૧૧૫ ખેડૂતોને એકર દીઠ રૂ.૨૦૦૦ લેખે સહાય ચૂકવવાની બાકી હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ તે પૈકી કેટલા ખેડૂતોને સહાય ચૂકવાઇ છે, | (૨) શૂન્ય |
| (૩) સહાય ન ચૂકવાઇ હોય તો તેના શાં કારણો છે, અને | (૩) વહીવટી કારણોસર |
| (૪) બાકી રહેલા ખેડૂતોને ચૂકવવાપાત્ર સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દી |

---------

**નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ**

* ૧૩૦૭૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ કેટલા કી.મી.નું કરવાનું બાકી છે અને કેટલા કી.મી.ની નેટવર્ક કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે, અને | (૧) તા.૩૦–૦૬–૨૦૧૪ ની સ્થિતિએ મુખ્ય નહેર, શાખા (બ્રાન્ચ), વિશાખા (ડીસ્ટ્રીબ્યુટરી) તથા પ્રશાખા (માઇનોર) નું ૧૫૦૭૨.૫૨ કી.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે અને ૧૧૪૯૫.૮૦ કી.મી. લંબાઇમાં કામ બાકી છે<br>પ્ર–પ્રશાખા (સબમાઈનોર) નું ૧૦૨૪૮.૫૬ કી.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે અને ૩૭૮૦૯.૪૪ કી.મી. લંબાઇમાં કામ બાકી છે. |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કેનાલો પાછળ અંદાજ કરતાં કેટલો ભાવ વધારો કરવામાં આવ્યો છે ?

(૨) ના, જી.

---------

**માળીયા તાલુકાનાં ભાખવડ ડેમના બાંધકામ બાબત**

* ૧૩૦૯૨ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માળીયા તાલુકામાં આવેલ ભાખરવડ ડેમનું બાંધકામ કયા તબકકે છે, અને | (૧) ભાખરવડ ડેમનું બાંધકામ પ્રગતિ હેઠળ છે જે આશરે ૯૪ % પૂર્ણ થયેલ છે. |
| (૨) આ ડેમમાં સંપાદન થયેલ જમીન અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને વળતરની રકમ ચુકવવામાં આવી અને કેટલાને વળતરની રકમ ચુકવવાની બાકી છે ? | (૨) સંપાદન થયેલ જમીન અન્વયે છેલ્લા ૨ (બે) વર્ષમાં ૧૨ (બાર) ખેડૂતોને વળતરની રકમ ચુકવવામાં આવેલ છે. અને હજુ ૩૬ (છત્રીસ) ખેડૂતોનેવળતર ચુકવવાનું બાકી છે. |

---------

**સુરત અને વડોદરામાં ઓવરબ્રિજ કે બ્રિજનો ભાગ તુટવાના બનાવો**

* ૧૩૦૬૫ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને વડોદરા શહેરમાં ઓવરબ્રિજ કે બ્રિજનો ભાગ તુટવાના બનાવ બનેલ છે તે હકીકત સાચી છે. | (૧) સુરત – હા જી.<br>વડોદરા – ના જી. |
| (૨) જો હા, તો કેટલા બ્રિજ કઈ જગ્યાએ તૂટવાના બનાવ બનેલ છે અને સદર બ્રિજનું ઉદ્‌ઘાટન કોના દ્વારા ક્યારે કરવામાં આવેલ હતું. | (૨) તા.૧૦–૦૬–૨૦૧૪ના રોજ સુરત શહેરના ડુમસ રોડ પર નવી કોર્ટ બીલ્ડીંગ પાસે નિર્માણાધીન ફલાય ઓવરબ્રિજનો એક સ્પાન તુટી પડવાનો બનાવ બનેલ હતો.<br>વડોદરા શહેર બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઓવરબ્રિજ કે બ્રિજનો ભાગ તુટવાના બનાવ બાબતે કોઈ તપાસ સમિતિ બનાવવામાં આવી છે, જો હા, તો તેના ચેરમેન અને સભ્યો કોણ છે, અને | (૩) સુરત શહેરની સદર દુર્ઘટના બાબતે સરકારશ્રી દ્વારા શ્રી જી.આર. અલોરિયા, અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અધ્યક્ષ સ્થાને રાજ્યકક્ષાની એક ઉચ્ચસ્તરિય સમિતિની રચના કરવામાં આવેલ હતી.<br>વડોદરા શહેર બાબતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તપાસ સમિતિએ કોઈ અહેવાલ/રીપોર્ટ આપેલ છે તો ક્યારે અને ઉક્ત સ્થિતિએ સદરહું રીપોર્ટ કયા તબક્કે છે ? | (૪) તપાસ સમિતિ દ્વારા તા.૦૨–૦૮–૨૦૧૪ના રોજ તપાસ અહેવાલ સુપરત કરેલ છે. આ અહેવાલનો સરકારે સ્વીકાર કરી જરૂરી પગલાં લેવા નિર્ણય કરેલ છે. વડોદરા શહેર બાબતે પ્રશ્ન |

ઉપસ્થિત થતો નથી.

---------

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં લીફ્ટ ઈરીગેશન યોજનાઓ

* ૧૩૪૪૯ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં આદિવાસી ખેડુતોને સિંચાઈની સગવડ આપવા કેટલી અને કઈ જગ્યાઓેએ લીફ્ટ ઈરીગેશનની યોજનાઓ બનાવી, | (૧) ભિલોડા તાલુકામાં ૨૨ અને મેઘરજ તાલુકામાં ૩૧ (પત્રક–૧ મુજબ) |
| (૨) ઉક્ત સ્થિતિએ કઈ યોજનાઓ પૂર્ણ કરી આદિવાસી ખેડુતોને પાણી આપવામાં આવે છે, અને | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) એની પાછળ યોજનાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પત્રક–૧ મુજબ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### વિજાપુર તાલુકામાં તળાવો ખોદવાની મંજુરી બાબત

* ૧૩૦૭૬ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં મંજુરીઓ આપવામાં આવી, | (૧) ૪૨ |
| (૨) તે અન્વયે કેટલા તળાવોના કામો પૂર્ણ થયા, અને | (૨) ૨૫ |
| (૩) બાકી રેહતા તળાવના કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેતા કુલ ૧૭ તળાવો પૈકી ૮ તળાવોના કામો ફેબ્રુઆરી–૨૦૧૫ માં પૂર્ણ કરવામાં આવશે તેમજ ૯ તળાવોમાં પાણી ભરાયેલ હોવાના કારણે કામ હાથ પર લેવાઈ શકે તેમ નથી. |

---------

### અમરેલી જિલ્લામાં રસ્તાઓના નવીનીકરણની પડતર દરખાસ્તો

* ૧૩૪૫૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૯–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કયા રસ્તાઓના નવિનીકરણ અને સુધારણા માટે મંજૂર કરવામાં આવ્યા, | (૧) *પરિશિષ્ટ–૧ મુજબ, ૧૫૮ રસ્તાઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા રસ્તાઓના નવીનીકરણ અને સુધારણા કરવાની દરખાસ્ત સરકારમાં પડતર છે અને પડતર રહેવાના કરાણો શાં છે, અને | (૨) અને (૩) ૫૪ રસ્તાઓની રજુઆતો આવેલ છે. આ રસ્તાઓ હાલમાં વાહનવ્યવહાર યોગ્ય હોઈ તાંત્રિક જરૂરીયાત, નાણાંકીય ઉપલબ્ધતા અને આંતરિક અગ્રતા ક્રમ વિગેરે ધ્યાને |

(૩) આ દરખાસ્તોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | લઈ ને આ અંગે નિર્ણય કરવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ઉના તાલુકામાં સીમર ગામને સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે જમીન ફાળવવા બાબત**

* ૧૩૨૬૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમર ગામે સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન બનાવવા માટે જમીન ફાળવવાની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) આરોગ્ય વિભાગ દ્વારા જગ્યા પસંદગીની કાર્યવાહી ચાલુ છે. |
| (૨) ઉક્ત કેન્દ્રને જમીન ફાળવવા બાબતે કેટલી રજૂઆતો મળી, અને | (૨) બે. |
| (૩) સદરહું સામુહિક આરોગ્ય કેન્દ્રનું મકાન સત્વરે બને તે માટે સરકાર કયાં સુધીમાં જમીન ફાળવવા માંગે છે ? | (૩) આરોગ્ય વિભાગ દ્વારા આ માટે જમીનની પસંદગી આખરી થયેથી. |

---------

**સંતરામપુર અને કડાણા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ શરૂ કરવા બાબત**

* ૧૩૨૪૮ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામના કેટલા કામો શરૂ કરવામાં આવ્યા, | (૧) મહીસાગર જિલ્લામાં સંતરામપુર અને કડાણા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ કુલ ત્રણ (૦૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામના કામો શરૂ કરવામાં આવ્યા. |
| (૨) આ પૈકીના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) આ પૈકીના એક (૦૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગાડીયા તા. સંતરામપુરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) આ કામોમાં કામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) તા.૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના કામોમાં કામવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે. |

| અ. નં. | કામનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખ) | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચિતવા, તા. | ૧૬.૦૦ | પ્લીન્થ લેવલની કામગીરી કર્યાનું રનીંગ બીલ રજૂ કરતાં |

| | | | |
|---|---|---|---|
| | સંતરામપુર | | ઈજારદારશ્રીને ચુકવણું કરવામાં આવેલ, ત્યારબાદ ઈજારદારશ્રી દ્વારા કામગીરી સ્લેબ લેવલે અધૂરી છોડી દીધી હોઈ ઈજારદારશ્રીને ટર્મીનેટ કરેલ છે અને ફરી રી ટેન્ડર માંગવામાં આવનાર છે. |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગાડીયા, તા. સંતરામપુર | ૭૫.૦૦ | પૂર્ણ |

---------

**બાલાસિનોર અને વીરપુર તાલુકાઓમાં નોન પ્લાન રસ્તાઓનું રીકાર્પેટીંગ કરવા બાબત**

* ૧૩૨૭૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બાલાસિનોર અને વીરપુર તાલુકાઓમાં કયા રસ્તાઓ નોન–પ્લાન રસ્તાઓ છે, (૨) આ રસ્તાઓનું કાર્પેટીંગ છેલ્લે કયા વર્ષોમાં કરવામાં આવ્યું હતું. | (૧) અને (૨) પરિશિષ્ટ–અ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ તદ્દન ખરાબ હાલતમાં છે તે હકીકત સાચી છે, અને | (૩) ના જી, રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૪) જો હા, તો આ રસ્તાઓનું રીકાર્પેટીંગ સરકાર કયાં સુધીમાં કરવા માગે છે ? | (૪) તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતાક્રમ અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન વિચારવામાં આવશે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા જિલ્લામાં એસ.ઓ.આર. મુજબ એસ્ટીમેન્ટથી ૨૫ ટકા નીચા ભાવે મંજૂર થયેલ ટેન્ડરવાળા રસ્તાઓ**

* ૧૩૧૮૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માર્ગ મકાન વિભાગ તરફથી સ્ટેટ અને પંચાયત દ્વારા મંજૂર થયેલ રસ્તાઓ પૈકી સરકારના એસ.ઓ.આર. મુજબ બનેલ એસ્ટીમેન્ટથી ૨૫ ટકા નીચા ભાવે મંજૂર થયેલ રસ્તાના ટેન્ડરવાળા રસ્તાઓ કયા છે, અને

(૧) *પરિશિષ્ટ-૧ મુજબ

(૨) આ રસ્તાઓ મજબૂત અને ટકાઉ થયેલ છે કે કેમ ?

(૨) હા જી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમદાવાદ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ઈલેકટ્રોનીકસ વજન કાંટા આપવા બાબત**

* ૧૩૪૩૪ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઈવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ (રાજયકક્ષા) મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીઓને ઈલિકટ્રોનીક વજન કાંટા આપવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘટકો દીઠ આંગણવાડીઓ માટે નીચે મુજબ ઈલિકટ્રોનીક વજનકાંટા આપવામાં આવેલ છે.

| ક્રમ | ઘટકનું નામ | આપેલ વજનકાંટાની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસક્રોઈ-૧ | ૨૦ |
| ૨ | દસક્રોઈ-૨ | ૨૫ |
| ૩ | સીટી ગ્રામ્ય | ૧૭ |
| ૪ | ધોળકા-૧ | ૩૮ |
| ૫ | ધોળકા-૨ | ૩૭ |
| ૬ | બાવળા | ૨૫ |
| ૭ | સાણંદ | ૪૨ |
| ૮ | વિરમગામ | ૨૫ |
| ૯ | માંડલ | ૧૬ |
| ૧૦ | દેત્રોજ | ૪૦ |
| ૧૧ | ધંધુકા | ૩૦ |
| ૧૨ | બરવાળા | ૧૧ |
| ૧૩ | રાણપુર | ૧૨ |
| | **કુલ** | **૩૩૮** |

(૨) તે માટે કુલ રૂ. ૧૫,૭૧,૭૦૦/- નો ખર્ચ થયેલ છે.

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલમાં મંજુર થયેલ મહેકમ

* ૧૩૩૮૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે.

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયલે છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨) (અ) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તબીબી શિક્ષણ હેઠળની જી.જી હોસ્પિટલ, જામનગરના મહેકમની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજુર મહેકમ** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૨ | વર્ગ–૨ | ૨૫ | ૦૮ | ૧૭ |
| ૩ | વર્ગ–૩ | ૬૩૫ | ૪૪૧ | ૨૨૪ |
| ૪ | વર્ગ–૪ | ૩૬૭ | ૩૬૭ | ૦૦ |
| | **કુલ** | **૧૦૨૯** | **૭૮૬** | **૨૪૩** |

(બ) જામનગર જિલ્લામાં તબીબી સેવા હેઠળની માનસિક આરોગ્યની હોસ્પિટલ, જામનગરના મહેકમની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજુર મહેકમ** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૨ | વર્ગ–૨ | ૦૪ | ૦૩ | ૦૧ |
| ૩ | વર્ગ–૩ | ૨૧ | ૧૪ | ૦૭ |
| ૪ | વર્ગ–૪ | ૨૬ | ૨૬ | ૦૦ |
| | **કુલ** | **૫૩** | **૪૪** | **૦૯** |

(ક) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તબીબી સેવા હેઠળની જનરલ હોસ્પિટલ, જામખંભાળીયાના મહેકમની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજુર મહેકમ** | **ભરેલ** | **ખાલી** |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૪ | ૧૧ | ૧૩ |
| ૨ | વર્ગ–૨ | ૦૯ | ૦૫ | ૦૪ |
| ૩ | વર્ગ–૩ | ૧૨૨ | ૧૮ | ૧૦૪ |
| ૪ | વર્ગ–૪ | ૫૫ | ૫૫ | ૦૦ |
| | **કુલ** | **૨૧૦** | **૮૯** | **૧૨૧** |

(ડ) ખાલી જગ્યાની સ્થિતિ દર્શાવતું પત્રક સામેલ છે.

**પત્રક**

(અ) તબીબી શિક્ષણ હેઠળની જી.જી હોસ્પિટલ, જામનગરની ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની

વિગતો

| અ.નં. | સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૨ | વર્ગ–૨ | ૦૨ | ૦૫ | ૧૦ |
| ૩ | વર્ગ–૩ વહીવટી | ૦૪ | ૧૮ | ૦૨ |
| ૪ | વર્ગ–૩ પેરામેડીકલ | ૦૨ | ૧૧ | ૧૯ |
| ૫ | વર્ગ–૩ નર્સિંગ | ૦૫ | ૧૪૭ | ૧૬ |
| | **કુલ** | **૧૩** | **૧૮૨** | **૪૮** |

(બ) તબીબી સેવા હેઠળની જનરલ હોસ્પિટલ, જામખંભાળીયાની ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો

| અ.નં. | સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૦ | ૦૦ | ૧૩ |
| ૨ | વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૩ |
| ૩ | વર્ગ–૩ | ૦૨ | ૦૨ | ૧૦૦ |
| ૪ | વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૩** | **૦૨** | **૧૧૬** |

(ક) તબીબી સેવા હેઠળની માનસિક આરોગ્યની હોસ્પિટલ, જામનગરની ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગતો

| અ.નં. | સંવર્ગ | ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી ઉપર |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨ | વર્ગ–૨ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૩ | વર્ગ–૩ | ૦૦ | ૦૧ | ૦૬ |
| ૪ | વર્ગ–૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૦** | **૦૨** | **૦૭** |

(૩) સરકાર આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવા માંગે છે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

## ખાનપુર તાલુકામાં લીમ્બડીયા–મોટા ખાનપુર રોડનું રીકાર્પેટીંગનું કામ કરવા બાબત

* ૧૩૨૮૬ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦/૯/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ લીમ્બડીયા–મોટા ખાનપુર રોડનું રીકાર્પેટીંગનું કામ છેલ્લે કયારે કરવામાં આવ્યું, | (૧) અને (૨) તા.૨૭/૬/૨૦૧૪, રૂા. ૪૬૧.૩૮ લાખ. |
| (૨) આ કામ માટે સરકારે કુલ કેટલો ખર્ચ કર્યો, | |
| (૩) રસ્તાનું રી–સર્ફેસીંગના કામની ગુણવત્તા અંગે કોઈ ફરીયાદ થઈ છે ખરી, અને | (૩) અને (૪) ના જી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો સરકારે શી કાર્યવાહી કરી? | |

---------

## વાસદ–બગોદરા ૬ માર્ગીય રસ્તાની કામગીરી પુર્ણ કરવા બાબત

* ૧૩૩૭૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦/૯/૨૦૧૪ની સ્થિતિએ વાસદ–બગોદરા છ માર્ગીય રસ્તા માટે કઈ એજન્સીને કઈ તારીખે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો, | (૧) અને (૨) કન્સેસનર મે.જી.વી.કે. વાસદ–બગોદરા એક્ષપ્રેસવે લીમીટેડને તા.૧૮/૧૧/૨૦૧૧ થી કરાર મુજબ બીઓટી ધોરણે હાલ વધારેલ સમય મર્યાદાની તારીખ ૧૬/૫/૨૦૧૫ સુધીમાં પુર્ણ કરવા સોંપેલ છે. |
| (૨) સદર કામગીરી કેટલા સમયમાં પુર્ણ કરવાની છે, | |
| (૩) ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલી કામગીરી પુર્ણ થયેલ છે અને કેટલી કામગીરી બાકી છે, અને | (૩) તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ રસ્તા અને નાળા તથા પુલોની બાંધકામની એકંદરે ૨૫ % કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૪) ઉક્ત સ્થિતિએ વિલંબ અને અધૂરી કામગીરીને કારણે અકસ્માત અને પ્રજાને પડતી હાડમારી માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૪) અકસ્માત નિવારવા માટે રસ્તા પર જરૂરી સ્થળોએ સાઈન બોર્ડ, આડસ વિગેરે મુકવામાં આવેલ છે અને રસ્તાની સપાટી–સુધારણા મરામત વિગેરે કન્સેસનર દ્વારા કરાવી રસ્તાને વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. |

---------

## અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતેની હોન્ડા સ્કુટર/મોટર સાયકલ કંપની અને રાજ્ય સરકાર વચ્ચે કરાર બાબત

* ૧૩૨૫૭ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૫/૧૦/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિઠ્ઠલાપુર ખાતે હોન્ડા સ્કુટર/મોટર સાયકલ કંપની અને રાજ્ય સરકાર વચ્ચે કેટલી રકમના મુડીરોકાણના કરાર થયા, અને | (૧) અને (૨) હોન્ડા મોટર સાયકલ અને સ્કુટર ઈન્ડીયા પ્રા. લી. સાથે તા.૩૦/૦૯/૨૦૧૪ના રોજ રૂ. ૧૧૦૦ કરોડના સુચિત મુડીરોકાણ માટે સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જેમાં એકમ ખાનગી |

(૨) આ કંપનીને રાજ્ય સરકાર દ્વારા કયા લાભો આપવામાં આવશે?

જમીન ખરીદ કરે તો સ્ટેમ્પ ડયુટી અને ટ્રાન્સફર ચાર્જમાંથી મુકિત માટે વિચારણા કરવી, પાંચ વર્ષ માટે વીજ શુલ્કમાં માફી, ૧૮૦ મહિના માટે એકમે ભરેલ નેટ ટેક્ષ જેટલું રીફંડનો લાભ આપવાનું નિયત કરેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ**

* ૧૩૨૯૨ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની ઘટ છે,

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં કુલ કેટલા ડોકટરોની ઘટ કેટલા સમયથી છે અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ પૂર્ણ છે કે કેમ, અને

(૩) પૂર્ણ ન હોય તો કેટલા સમયમાં આ મહેકમ ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરોની ઘટ છે તેની વિગતો સામેલ ***પત્રક–અ** માં દર્શાવ્યા મુજબની છે.

(૨) બાયડ અને માલપુર તાલુકામાં ડોકટરોની ઘટ કેટલા સમયથી છે તેની વિગતો સામેલ ***પત્રક–બ** માં દર્શાવ્યા મુજબની છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર મહેકમ પૂર્ણ નથી.

(૩) સા.આ.કેન્દ્રોમાં તજજ્ઞ વર્ગ–૧ની ખાલી જગ્યાઓ ભરવા દર સોમવારે તેમજ સા.આ.કેન્દ્ર/પ્રા.આ.કેન્દ્રો ખાતેની મેડીકલ ઓફિસર, વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવે છે. રાજ્યની મેડીકલ કોલેજો તરફથી બોન્ડેડ ઉમેદવારોની યાદી મળ્યેથી તેમને પણ ખાલી જગ્યા ઉપર નિમણૂંક આપવામાં આવે છે. ઉપરાંત વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે.

જયારે વર્ગ–૩ની ખાલી જગ્યાઓ પંચાયત સંવર્ગની છે જે સીધી ભરતી/બઢતીના ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ તેમ પંચાયત વિભાગ દ્વારા ભરવામાં આવે છે. તેમજ વર્ગ–૩ની વહીવટી તથા પેરામેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં વધારાના હવાલાથી પણ કામગીરી લેવામાં આવે છે. વર્ગ–૩ની પેરામેડીકલ સંવર્ગની તથા ડ્રાયવર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ પર આઉટસોર્સથી પણ કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ડીસા શહેર અને તાલુકામાં બિસ્માર માર્ગોની મરામત**

* ૧૨૯૩૭ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેર અને તાલુકામાં કેટલા માર્ગો બિસ્માર હાલતમાં છે, અને | (૧) અને (૨) ડીસા શહેર અને તાલુકાના રસ્તાઓને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ રસ્તાઓની મરામત કામગીરી કેટલા સમયમાં હાથ ધરવામાં આવશે? | |

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

## શોકદર્શક ઉલ્લેખો

### પૂર્વ મંત્રીશ્રી વિઠ્ઠલભાઇ ભુરાલાલ શાહના અવસાન અંગે

શ્રીમતી આનંદીબેન મ. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી વિઠ્ઠલભાઇ ભુરાલાલ શાહનું તા. ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ૭૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી શાહનો જન્મ તારીખ ૨ જી મે, ૧૯૩૮ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાહેબજીના મુવાડા ગામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર આર્ટસ , કોવિદ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી શાહે આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય રીતે લોકહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ૧૯૯૬–૯૭ દરમિયાન ગુજરાત સરકારમાં અન્ન અને નાગરિક પુરવઠો, વૈધાનિક અને સંસદીય બાબતો તથા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી પદે રહીને સુંદર કામગીરી કરેલ હતી. તેઓશ્રીએ સન ૧૯૯૭–૯૮માં સહકાર તથા વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી તરીકે પણ અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી દેવજીભાઇ ભીખાભાઇ વાણવીના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત રાજયના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી દેવજીભાઇ ભીખાભાઇ વાણવીનું તા.૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ૭૬ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી વાણવીનો જન્મ તારીખ ૨૭મી જૂન, ૧૯૩૮ના રોજ જૂનાગઢ જિલ્લાના વંથલી ગામે થયો હતો. તેઓશ્રીએ પી.ટી.સી. સુધીનું શિક્ષણ મેળવ્યું હતું અને સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી વાણવીએ ચોથી વિધાનસભામાં માણાવદર મત વિસ્તાર તથા પાંચમી અને છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં કેશોદ મત વિસ્તારના લોકપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ૧૯૭૬–૭૭માં આરોગ્ય, કુટુંબકલ્યાણ, સમાજકલ્યાણ અને પ્રવાસન ખાતાના નાયબ મંત્રી તરીકે તેમજ ૧૯૮૦ થી ૧૯૮૫ સુધી સમાજકલ્યાણ, કૃષિ અને પશુ સંવર્ધન વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ પછાત વર્ગના ઉત્કર્ષ સાથે સંકળાયેલા એક ઉત્તમ સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સંસદીય સચિવશ્રી લેખરાજભાઇ હેમરાજભાઇ બચાણીના અવસાન અંગે

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત સરકારના પૂર્વ સંસદીય સચિવશ્રી લેખરાજભાઇ હેમરાજભાઇ બચાણીનું તા.૨૨મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી બચાણીનો જન્મ તારીખ ૩જી જુલાઇ, ૧૯૨૯ના રોજ પાકિસ્તાનના થરપાકર જિલ્લાના મીઠી ગામે થયો હતો. તેઓશ્રીએ એલએલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી બચાણીએ ચોથી, પાંચમી  અને આઠમી ગુજરાત વિધાનસભામાં પાલનપુર મત વિસ્તારમાંથી તેમજ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં નરોડા મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને પ્રજાના પ્રતિનિધિ તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી બચાણીએ ૧૯૭૫–૭૬ અને ૧૯૭૭થી ૧૯૮૦ દરમિયાન ગુજરાત સરકારના સંસદીય સચિવ તરીકે ઉત્તમ કામગીરી કરી હતી તેમજ સન ૧૯૯૦માં સરકારના મુખ્ય દંડક તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓશ્રીએ સન ૨૦૦૦ થી ૨૦૦૬ સુધી રાજ્યસભાના સભ્ય તરીકે પણ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## પૂર્વ સભ્યશ્રી અમરશીભાઇ રામજીભાઇ પટેલના અવસાન અંગે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી અમરશીભાઇ રામજીભાઇ પટેલનું તા. ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ૭૪ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ તારીખ ૧૩ મી જુલાઇ, ૧૯૪૦ના રોજ ભાવનગર જિલ્લાના ઉમરાળા મુકામે થયો હતો. તેઓશ્રીએ કૃષિક્ષેત્રે ડિપ્લોમા સુધીનો સભ્યાસ કર્યો હતો. સ્વર્ગસ્થશ્રી પટેલે સાતમી ગુજરાત વિધાનસભામાં શિહોર મત વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉત્તમ સમાજ સેવક અને કૃષિ ક્ષેત્રના અગ્રણી ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આપણા ભૂતકાળના ચાર સાથીદારોનો શોકદર્શક ઉલ્લેખ કર્યો છે એમાં હું મારો સૂર પુરાવું છું. વિઠ્ઠલભાઇ શાહ દહેગામના જૂના સંસ્થા કોંગ્રેસ સાથે જોડાયેલા પાછળથી ભારતીય જનના પાર્ટીમાં આવેલા. એક વાણીયાનો દિકરો લઘુમતીમાં હોવાછતાં પણ ક્ષત્રિય બહુમતી કહી શકાય એવા વિસ્તારમાંથી ધારાસભામાં જાય એ જાહેર જીવનમાં પડેલા અનેક મિત્રો કે હું અમુક કોમનો છું અને શું કરું, સેવા બોલતી હશે એનો આ નમુનો વિઠ્ઠલભાઇ શાહ હતા. છેક સુધી બહુ સ્પિરીટ સાથે બિમાર હતા ત્યારે પણ હું મળવા ગયો હતો. એમના બેસણામાં પણ ગયો હતો. સ્વાભાવિક બહુ બોલકા કહેવાય એવા વિઠ્ઠલભાઇ શાહ એ આક્રમક ધારાસભ્ય અને છેલ્લે મંત્રી પણ હતા.

દેવજીભાઇ વાણવી માણાવદરમાંથી કેશોદની અનામત સીટમાંથી આવી અને અહીં મંત્રી પણ રહી ચુકેલા. સામાન્ય પરિવારમાંથી સ્વબળે ગરીબ પરિવારમાંથી, અનામત સમાજમાંથી જન્મ લઇને સ્વકર્મે મંત્રીપદ સુધી પહોંચેલા એવા દેવજીભાઇ વાણવી પણ આપણી વચ્ચે નથી. લેખરાજ બચાણી પાકિસ્તાનમાંથી હિજરત કરીને બોર્ડર કહી શકાય એવો બનાસકાંઠા જિલ્લો અને એમાં આપબળે જેને કહેવાય, એ સિંધી નહોતા, માહેશ્વરી હતા અને માહેશ્વરી સમાજ સ્વાભાવિક બહુ ઓછા મતની દ્રષ્ટિએ ગણીએ તો સો બસ્સો મત એ વિસ્તારમાં હશે એવા પાલનપુરમાં ભારતીય જનસંઘની ટિકિટ ઉપર જીતેલા અને બોલવામાં ત્રીજી ચોથીમાં બોલે સ્પીડમાં બહુ બોલે એટલે સમજવામાં પણ વાર લાગે આવા બિલકુલ નિરાભીમાની ગમે ત્યાં ઊભા રાખો તો ઊભા રહે, લોકોની વાત સાંભળે એવા બચાણી સાહેબ પાર્ટીએ કદર કરીને એમને રાજસભામાં મોકલ્યા એ બહુ સારુ કર્યું અને આખી જીંદગી માણસે પાર્ટી, પાર્ટી જે કહી શકાય એવો સારો દાખલો અને વિઠ્ઠલભાઇ જેમ વાણીયા, શાહ પરિવારમાંથી એમ બચાણી સાહેબ પણ લોકશાહીની દ્રષ્ટિએ એકાવન ટકા સમાજ જે કહેવાય એવા નહીં જે નગણ્ય મતવાળા પણ સામાજિક સેવા માણસની બોલતી હોય એવો એક ઉત્તમ દાખલો એ બચાણી સાહેબ કહી શકાય. એ સંસદીય સચિવ હતા બાબુભાઇ જશભાઇની સરકાર વખતે. અમરશીભાઇ શિહોર, સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના બહુ સામાન્ય ખેડૂત પરિવારના માણસ અને કૃષિ ડિપ્લોમા સાથે જાહેર જીવનમાં એ ડિગ્રી લઇને આવેલા પણ હરતા ફરતા લોકો એમને ગમે ત્યાં ઊભા રાખે તો ઊભા રહે એવા એ સામાજિક કાર્યકર્તા હતા. કમભાગ્યે આ ચારેય મિત્રો આપણી વચ્ચે નથી. વ્યક્તિગત પરિચય એ બધાનો ગૃહમાં આવ્યા પછી ઘણાબધા મિત્રો જેમને નામથી ઓળખતા હોઇએ, પારિવારિક સબંધ હોય એમનો જયારે શોકદર્શક ઉલ્લેખ કરવાનો આવે ત્યારે તકલીફ પડતી હોય છે. એ અમારા નસીબમાં પણ આવી ગયું છે. આ ચારેચાર મિત્રોના પરિવારને ભગવાન હિંમત આપે અને એમના આત્માને મોક્ષ આપે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ અમરશીભાઇ પટેલ જેમના સાથે મારે ખૂબ નજીકનો નાતો રહયો. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પહેલી ટર્મમાં હું ચુંટાયો ત્યારે અમરશીભાઇ પટેલ સાથે સાથી સભ્ય તરીકે અને એક જ તાલુકાના અમે વતની. એ રીતે કામ કરવાનો મોકો મળ્યો. સેકન્ડ ટર્મમાં જયારે હું જિલ્લા પંચાયતનો ઉપપ્રમુખ હતો ત્યારે એ ધારાસભ્યશ્રી હતા અને તાલુકામાં જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચે સંકલન કરીને.પ્રેમનું વાતાવરણ કેમ રહે. કોઇ ગામમાં નાની તકલીફ હોય જે બે કાર્યકર્તા, આગેવાનો કે ગામના લોકો વચ્ચેની હોય તો એ સમાધાનની ભૂમિકામાં સૌથી પહેલા પહોંચનારા રાજકીય વ્યક્તિ તરીકે સમગ્ર ઉમરાળા તાલુકામાં અમરશીભાઇનું નામ હતું. ખૂબ સરળ સ્વભાવના, ખેડૂતોના પ્રશ્નો માટે હંમેશા જાગૃત રહેનાર વ્યક્તિ, જિલ્લા પંચાયતની કૃષિ અને સહકાર સમિતિના ચેરમેન તરીકે એમણે જે જિલ્લાના ખેડૂતો માટે કામ કર્યુ, તે આજે પણ લોકો યાદ કરે છે. વિધાનસભામાં પણ એમના જૂના પ્રવચનો જોઇએ તો એમની વાત હંમેશાં પોતે સત્તાધારી પક્ષના ધારાસભ્ય તરીકે બોલતા હોય, પણ ખેડૂતોના પ્રશ્નમાં વિરોધ પક્ષના સભ્ય જેટલી તીવ્રતાથી બોલે તેટલી તીવ્રતાથી ખેડૂતોના પ્રશ્ન માટે તેમની રજૂઆત રહેતી હતી. એમના જવાથી ઉમરાળા તાલુકાના એક સામાજિક, પ્રતિષ્ઠિત રાજકીય આગેવાન ગુમાવ્યા છે. મેં પણ અંગત રીતે સ્નેહી અને મિત્ર ગુમાવ્યા છે. સ્વ.દેવજીભાઇ વાણવી સાથે પારિવારિક

નાતો રહ્યો હતો. મંત્રી હતા અને અવાર-નવાર એમને મળવાનું થતું. બે ધારાસભ્યશ્રીઓની જોડી કહેવાતી હતી. સ્વ. હમીરજી રાયજાદા અને સ્વ. દેવજીભાઇ વાણવી. બંને મોટા ભાગે સાથે હોય. મંત્રી થયા પછી મંત્રી પદ એ ક્ષણિક છે. હું કાર્યકર્તા છું, લોકપ્રતિનિધિ છું, એ ભાવના સાથે જીવનાર માણસ એ સ્વ. દેવજીભાઇ વાણવી હતા. લેખરાજભાઇ બચાણી સાથે આ વિધાનસભા ગૃહમાં એક સાથી સભ્ય તરીકે કામ કરવાનો મોકો રહ્યો હતો. અમારા પક્ષના નેતા શ્રી શંકરસિંહજી બાપુએ જે રીતે કહ્યું તે પ્રમાણે એકદમ સરળ વ્યક્તિત્વ અને મળે ત્યારે એક ઉષ્માભરી રીતે મળનાર વ્યક્તિ સ્વ.બચાણી હતા. સ્વ.વિઠ્ઠલભાઇ શાહ આજે આ જ વિધાનસભા ગૃહમાં આમને સામને હોઇએ ત્યારે પણ કામ કર્યુ. સત્તામાં હોય ત્યારે ટેકો આપનારા પક્ષ તરીકે કામ કર્યુ. એક કોઠાસૂઝવાળું વ્યકિતત્વ જાહેર જીવનમાંથી ગયું છે. હું આ ગૃહના ચારેય માનનીય પૂર્વ સભ્યશ્રીઓને શોકાંજલિ અર્પણ કરું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી(ભા.જ.પ.): માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના નેતા જે શોકદર્શક ઉલ્લેખ લઇને આવ્યા છે. આ રાજયના પૂર્વ સંસદીય સચિવ અને અમારા બનાસકાંઠાના નેતા લેખરાજભાઇ બચાણી આ તમામ અમરશીભાઇ સહિત આ ગૃહના પૂર્વ સભ્યશ્રી આજે આપણા બધાની વચ્ચે નથી. હું તેમને હ્રદયથી શ્રદ્ધાંજલિ આપું છું. માનનીય બચાણીજી સાથે મારે ઘણી વખત કામ કરવાનો મોકો મળ્યો. ખૂબ નિખાલસ વ્યક્તિત્વ એમણે બનાસકાંઠા જિલ્લાની અંદર સંબોધન કરતા હોય ત્યારે ભિષ્મપિતાના નામથી બધા સંબોધન કરતા હોય. સાચા અર્થમાં જનસંઘના સમયથી કરીને એક સક્રીય જનપ્રતિનિધિ તરીકેનું એક જીવતું જાગતું ઉદાહરણ. સરહદી વિસ્તારમાં પીવાના પાણીની એ વખતે તકલીફ હોય, પાણી મળતું ન હોય એ સાંતલપુર તાલુકાના પીપરાળા ગામ હોય, વાવ તાલુકાનું ભરડવા ગામ હોય. જયાં વાહન વ્યવહારની વ્યવસ્થા નહિ, રસ્તાઓની વ્યવસ્થા નહિ. પીવાના પાણી માટે લોકો વલખાં મારતાં હોય, દુષ્કાળ ઉપર દુષ્કાળ હોય તે વખતે વિરોધ પક્ષની અંદર બચાણી બસમાં બેસીને જાય અને પ્રશ્નોનો ઉકેલ આવે તે માટે ગાંધીનગર સુધી રજૂઆતો કરે. અને લોકો રાહ જોઇએ બેઠા હોય દાંતાથી શરૂ કરીને સાંતલપુર સુધીનો આખો બેલ્ટ. ત્યાંની અંદર બચાણી આવશે અને અમારા પ્રશ્નોનો ઉકેલ લાવશે. આ પ્રમાણેની આશા. અહીના કાર્યકર્તાનું કામ, પ્રજાનું કામ એ તો કરે, પણ પાકિસ્તાનની અંદરથી જે લઘુમતી પ્રજા, હિન્દુ પ્રજા હોય તેમને ત્યાંથી હેરાનગતિ થઇ હોય અને અહીયા આવ્યા હોય.માનનીય અધ્યક્ષશ્રી, તેમના પ્રશ્નોને અહીં રજૂ કરવા હોય તો રાજય સરકાર હોય, કેન્દ્ર સરકાર હોય તો તે પોતીકા ભાવથી તેની રજૂઆત કરવા માટેનું કામ કરવાવાળા નેતા આજે અમારી વચ્ચે નથી. તેમની સ્મશાન યાત્રાની અંદર જે પ્રમાણે જનમાનસ ઉમટી પડ્યું હતું. છેક ઘેરથી ચાલતા અમે સ્મશાન સુધી પહોંચ્યા તો આખું ગામ બંધ. આખું ગામ જાણે કે સ્મશાન યાત્રામાં જોડાયેલ હોય. સ્મશાન યાત્રામાં માણસના જીવનની અંદર તેમણે કરેલા સારા કાર્યોનો પડઘો ત્યાં પડતો હોય છે. લેખરાજ બચાણીજી આજે તેમના દીકરા યશવંતભાઇ બચાણી, બાકીના પુત્ર, તેમની દીકરીઓ અને ભર્યુભર્યુ પરિવાર મૂકીને આપણા વચ્ચેથી ગયા છે. તેમની ખોટ તેમના પરિવારને અને ભારતીય જનતા પાર્ટીના આગેવાનોને અને બનાસકાંઠા જિલ્લાને કાયમી રહેશે. હું પરમાત્માને પ્રાર્થના કરું કે તેમના આત્માને ચિર શાંતિ આપે. સ્વર્ગની અંદર તેમના આત્માનું સામૈયું થયું તેવી વાત સાથે વિરમું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના ચાર પૂર્વ સભ્યશ્રીઓના શોકદર્શક ઠરાવ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે અને માનનીય વિપક્ષના નેતાએ તેમાં સૂર પુરાવ્યો છે. તેમાં હું મારો પણ સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ આ ચાર આત્માઓ સાથે અને તેમાંય ખાસ કરીને વિઠ્ઠલભાઇ, અમરશીભાઇ અને દેવજીભાઇ સાથે મારો એક પારિવારિક નાતો રહેલો છે. વિઠ્ઠલભાઇ સાથેનો નાતો કહું તો ગાંધીનગરમાં તેમનું જે નિવાસ સ્થાન હતું તે નિવાસ સ્થાનમાં તેમની સાથેની મુલાકાત તે યાદગાર મુલાકાત આજે પણ મને યાદ છે. સ્વર્ગીય અમરશીભાઇ પટેલ કે જેઓ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના હતા. ઉમરાળા ગામ એ મારું મોસાળ છે. જયારે પણ મારા કુટુંબમાં કોઇ સારો પ્રસંગ આવે ત્યારે તેઓ પોતે પટેલ હોવા છતાં પણ એક મામા તરીકે મારા ત્યાં મોસાળું લઇને આવતા હતા. મારા પિતા સાથે તેમનો ખૂબ જ

અંગત નાતો રહેલો હતો. મુરબ્બીશ્રી દેવજીભાઇ વાણવી સાથે પણ મારા પરિવારનો ખૂબ નજીકનો નાતો રહેલો છે. દેવજીભાઇ પોતે એક દલિત પરિવારમાંથી આવતા હતા. બે વખત આ વિધાનસભા ગૃહના સભ્ય તરીકે રહ્યા. મંત્રી તરીકેની બે વખતની કામગીરી અને પોતે વંથલી તાલુકાના રહેવાસી હતા. વંથલી તાલુકાની અંદર જે છાત્રાલય ચાલતી હતી તેમાં પોતે મહામંત્રી અને પ્રમુખ તરીકે ૨૦ વર્ષ સુધી સેવાઓ આપેલી હતી. પોતાની શિક્ષક તરીકેની કામગીરી અને ત્યારબાદ જાહેર જીવનમાં આવ્યા પછી જયારે તે મંત્રી બન્યા ત્યારે, એક દલિતના દીકરા તરીકે સામાજિક કલ્યાણ મંત્રી બન્યા ત્યારે હરહંમેશ તેઓ વંચિત સમાજ, પછાત સમાજ કઇ રીતે શિક્ષિત બને અને તેમાંય કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર હોય તેની જે યોજનાઓ છે તેનો લાભ વધારેમાં વધારે ગરીબ વર્ગને કેવી રીતે મળે તે માટે તેમણે પ્રયત્નો કરેલા છે. ત્યારે આ ચારેય સદ્ગત આત્માઓ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારો પણ સૂર પુરાવું છું અને મારી શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા ચાર સભ્યો માટે જે શોક સંદેશ લાવ્યા છે તેમાં હું સૂર પુરાવું છું. શ્રી લેખરાજ બચાણીજીના દુઃખદ અવસાનને લીધે તેમના પરિવાર, સમાજ અને રાજયને એક મોટી ખોટ પડી છે. તે અમારા સીંધી માહેશ્વરી સમાજના હતા. તે ફકત સમાજના નહીં પણ બધાના આગેવાન હતા. જયારે હું બનાસકાંઠાની પેટા ચૂંટણી દરમ્યાન પાલનપુર ગઇ હતી ત્યારે શ્રી બચાણીજીની મુલાકાત લીધી હતી. તે પછી સમાજના એક કાર્યક્રમમાં સાથે હતા. તેઓ બહુ જ સરળ સ્વભાવના અને એકદમ ડાઉન ટુ અર્થ હતા. એક સાચા સમાજ સેવક હતા. એક વડીલની જેમ મને માર્ગદર્શન આપતા હતા. તે નરોડા વિધાનસભાના ધારાસભ્ય પણ રહી ચૂકયા છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવારને હું મારા વતી, મારા સમાજ વતી અને નરોડા વિધાનસભાના બધા નગરજનો વતી દિલસોજીનો સંદેશો પાઠવું છું અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ગસ્થ માનનીય વિઠ્ઠલભાઇ શાહ, દેવજીભાઇ વાણવી, અમરશીભાઇ પટેલ અને લેખરાજ બચાણીના અવસાન ઉપર શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને વિરોધ પક્ષના નેતાશ્રીએ પોતાનો સૂર પૂરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ અમરશીભાઇ સાથે આ વિધાનસભામાં મેં કામ કરેલું છે. તેઓ પૂરા લોકસેવક હતા અને ખેડૂતો માટે હંમેશાં લડતા. ખાસ કરીને લેખરાજ બચાણી સાથે અમારો નજીકનો નાતો હતો. લેખરાજ બચાણી સાહેબ જયારે સંસદીય સચિવ હતા એ વખતે હું તાલુકા પંચાયતનો પ્રમુખ હતો. મિટિંગ તાલુકા પંચાયતની સામાન્ય સભા હોય કે કારોબારી હોય તેઓ અવશ્ય હાજરી આપતા. ગામડે પ્રવાસ ગોઠવે ત્યારે પક્ષ ભલે જુદો હોય પણ સાથે રહેતા અને લોકહિતનું કામ કેવી રીતે થાય એવી ઉચ્ચ પ્રણાલિકા એમણે સ્થાપી હતી એના પછી વિધાનસભામાં પણ લેખરાજ બચાણી સાહેબ સાથે મને કામ કરવાનો મોકો મળ્યો હતો. અભિમાનને અને એમને હજાર ગાઉનું છેટું હતું અને ખૂબ મૃદુભાષી, મિતભાષી પુરુષ હતા એમના જવાથી બનાસકાંઠા જિલ્લાને ન પૂરી શકાય એવી ખોટ પડી છે. એમના કુટુંબીજનોને દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે અને એમના આત્માને પરમકૃપાળું પરમાત્મા શાંતિ આપે એટલી વાત કરીને હું આ શોક પ્રસ્તાવમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી ગૌવાભાઇ રબારી**M#>**(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક ઠરાવ લાવ્યા છે અને જેમાં વિરોધ પક્ષના નેતાએ સૂર પૂરાવ્યો છે એમાં મારો પણ સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ગસ્થ શ્રી લેખરાજ બચાણી સાહેબનો જન્મ પાકિસ્તાનના પારકર જિલ્લામાં થયો હતો પરંતુ એમની કર્મભૂમિ પાલનપુર હતી, એમણે હંમેશાં નાના સમાજમાં હતા પરંતુ તમામ સમાજોની સાથે એમનો નાતો એક ભાઇ તરીકેનો રહેતો અને જેમ દૂધમાં સાંકર મળી જાય એમ તમામ સમાજો સાથે ભળીને રહેતા એ બચાણીસાહેબને આજે પણ સમગ્ર જિલ્લો યાદ કરે છે. છેલ્લે છેલ્લે તેઓ પાલનપુરના પ્રતિનિધિ વિધાનસભામાં રહ્યા પરંતુ નરોડા વિધાનસભા મત વિસ્તારમાંથી એમને સામેથી બોલાવીને ઊભા રાખ્યા અને નરોડા વિધાનસભા મત વિસ્તારનું પણ તેઓએ પ્રતિનિધિત્વ કર્યું અને સાથે સાથે રાજયસભાના

સભ્ય પણ રહ્યા હતા અને એના પછી પણ એક એમણે ઉમદા કામ કર્યું પાલનપુરની અંદર એક જુદી જુદી ગ્રાન્ટોમાંથી એક વૃદ્ધાશ્રમ બનાવ્યું અને એમાં કેટલાય એવા મા–બાપો જે ઘરડા હતા અને તકલીફમાં હતા તેઓ ત્યાં આવતા અને તેઓ પોતે પણ એમને પોતાનો સારો પરિવાર છે, ઘર છે છતાં પણ ત્યાં જઇને સમય ગાળતા. મારે પણ એમના પરિવાર સાથે ખૂબ સારો નાતો છે તો મને વાત કરતા ખરેખર અહીંયા આવીને બેસીએ તો આપણને એમ થાય કે મા–બાપ દીકરાઓ શું છે? અને આ શું છે? આ જાતનો એમનો નેચર, એમની વિચારધારા ખૂબ જ ઉમદા હતી. અમારા જિલ્લામાં એમની મોટી ખોટ પડી છે ભલે તેઓ ભારતીય જનતા પાર્ટીના હતા છેક જનસંઘ વખતથી અને તેઓ પાર્ટીના એક સિદ્ધાન્ત નિષ્ઠ આગેવાન હતા પરંતુ એમનો વિચાર સર્વપક્ષીય, સર્વ સમાજોની સાથે બેસીને સાચા કામ માટે કાયમ માટે અગ્રેસર રહેતા એમને કદી ભૂલી શકાય એમ નથી. એમના આત્માને ભગવાન શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા(ભા.રા.કોં) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા જે શોક ઠરાવ લઇને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેને ટેકો આપ્યો છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત રાજયના પૂર્વ રાજય કક્ષાના મંત્રીશ્રી દેવજીભાઇ વાણવી તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન પામ્યા છે. સ્વ.વાણવીનો જન્મ તા. ૨૭ જૂન ૧૯૩૮ના રોજ જૂનાગઢ જિલ્લાના વંથલી ગામે થયો હતો. તેઓશ્રી સમાજ સેવાની પ્રવૃતિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થ શ્રી વાણવી ચોથી વિધાનસભામાં માણાવદર મત વિસ્તારમાંથી અને પાંચમી અને છઠ્ઠી વિધાનસભામાં કેશોદ મત વિસ્તારમાંથી લોક પ્રતિનિધિ તરીકે ચૂંટાઇ આવ્યા હતા અને પ્રજાકીય કાર્યો કર્યા હતા. તેઓશ્રી ૧૯૭૬ થી ૧૯૭૭ સુધી ફેમીલી વેલફેર, હેલ્થ અને સમાજ કલ્યાણ તથા ટૂરિઝમ વિભાગના નાયબ મંત્રી તરીકે રહ્યા હતા અને ૧૯૮૦ થી ૧૯૮૫ સમાજ કલ્યાણ, કૃષિ અને એનીમલ હસબન્ડરી વિભાગના રાજય કક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપેલ હતી. તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજ્યે પછાત વર્ગના ઉત્કર્ષ સાથે સંકળાયેલા એક ઉત્તમ સમાજ સેવક, જેનામાં મીઠાશ, સરળતા અને સીધા એવા એક સેવક ગુમાવ્યા છે અને મેં અને મારા પરિવારે પણ એક વડીલ ગુમાવ્યા છે એવો અહેસાસ થાય છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે એવી આપ સૌ વતી પ્રાર્થના કરું છું અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી જસાભાઇ ભા. બારડ(ભા.જ.પ.) : આ ગૃહના નેતા જે શોક ઠરાવ લઇને આવ્યા છે અને મારા આગળના બધા સભ્યશ્રીઓએ જે શોકાંજલિ આપી છે તેમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી વિઠ્ઠલભાઇ શાહ, દેવજીભાઇ વાણવી, લેખરાજભાઇ બચાણી અને અમરશીભાઇ રામજીભાઇ પટેલના શોક ઠરાવમાં માનનીય દેવજીભાઇ વિશે વાત કરું તો એમણે વિદ્યાર્થીકાળમાં બહુ નાની ઉંમરે, ૧૭ વર્ષની ઉંમરે પી.ટી.સી. થયા પછી રૂપાયતનમાં શિક્ષક તરીકેની કામગીરી કરેલી. ત્યારબાદ તેઓ રાજકારણમાં આવ્યા પછી ત્રણ વખત ધારાસભ્ય થયા હતા, જેમાં સૌપ્રથમ માણાવદરમાં ધારાસભ્ય થયા, પછી કેશોદની અનામત બેઠકમાં બે વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને મંત્રી તરીકે અમૂલ્ય સેવા આપી અને જૂનાગઢ જિલ્લાના એક સારા નેતા તરીકેની જે કામગીરી કરી છે એનાથી આજે આખા જિલ્લામાં બહુ મોટી ખોટ પડી છે. તેવી જ રીતે વિઠ્ઠલભાઇ શાહ સાથે પણ મેં ધારાસભ્ય તરીકે અને મંત્રી તરીકે કામગીરી કરી છે આ ચારેય સભ્યશ્રીઓના દુઃખદ અવસાનથી તેમના પરિવારમાં જે દુઃખ આવ્યું છે તે સહન કરવાની ભગવાન શક્તિ આપે અને આપના દ્વારા તેઓશ્રીના કુટુંબીજનોને શોકસંદેશો મોકલીએ એ જ અભ્યર્થના.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને વિપક્ષના નેતાશ્રી જે ચાર સભ્યશ્રીઓ માટે શોકસંદેશો લઇને આવેલ છે તેમાં હું પણ મારો સુર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી વિઠ્ઠલભાઇ શાહનું તારીખ ૧લી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલું. માનનીય વિઠ્ઠલભાઇ શાહ એક ઉમદા વ્યક્તિત્વ ધરાવનાર હતા. ખૂબજ નિખાલસ હતા અને નાનામાં નાની વ્યક્તિનું કામ કરનાર હતા. શ્રી વિઠ્ઠલભાઇ શાહના અવસાનથી દહેગામ તાલુકાને ખૂબ મોટી ખોટ વર્તાઇ છે. સ્વર્ગસ્થ શ્રી શાહનો જન્મ તારીખ ૨જી મે,

૧૯૩૮ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સાહેબજીના મુવાડાના ગામે થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર આર્ટસ કોવિદ સુધીનો અભ્યાસ કર્યો હતો અને સમાજસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વ. શ્રી શાહે આઠમી તથા નવમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને જાગૃત ધારાસભ્ય તરીકે લોકહિતના ઘણા કાર્યો કર્યા હતા. તેઓશ્રીએ ૧૯૯૬–૯૭ દરમ્યાન ગુજરાત સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, વૈધાનિક અને સંસદીય બાબતો અને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના પદ પર રહીને ખૂબજ સુંદર કામગીરી કરેલી. આવું એક ઉમદા વ્યક્તિત્વ ધરાવનાર શ્રી વિઠ્ઠલભાઇ શાહની ખોટ આપણને સૌને વર્તાઇ રહી છે ત્યારે પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો આપી શ્રદ્ધાંજલિ પાઠવીએ.

અધ્યક્ષશ્રી : આ ગૃહના નેતાશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિપક્ષના નેતાશ્રી તથા ગૃહના અન્ય સભ્યશ્રીઓએ તેને સમર્થન કરીને ચારેય સ્વર્ગસ્થ મહાનુભાવોના અવસાન નિમિત્તે દિલસોજી વ્યક્ત કરી છે તેમાં હું પણ મારી ભાવાંજલિ આપી મારો સુર પુરાવું છું. સ્વ. શ્રી વિઠ્ઠલભાઇ શાહે ગુજરાત સરકારમાં નાગરિક પુરવઠા મંત્રી તથા શિક્ષણ મંત્રી તરીકેની સુંદર કામગીરી કરી હતી. મંત્રીશ્રી તરીકે દેવજીભાઇએ પણ આરોગ્ય અને સમાજ કલ્યાણ વિભાગના મંત્રી તરીકે ગુજરાતમાં સેવા આપી હતી. સ્વર્ગસ્થશ્રી લેખરાજભાઇ બચાણીએ સંસદીય સચિવ તરીકે તથા સરકારના મુખ્ય દંડક તરીકે ખૂબજ ઉમદા સેવાઓ બજાવી હતી. સ્વર્ગસ્થ શ્રી અમરશીભાઇ પટેલે ખેડૂત આગેવાન તરીકે ખેડૂતોના પ્રશ્નોને હંમેશા વાચા આપી હતી. આ ચારેય સ્વર્ગસ્થ મહાનુભાવોએ પ્રજાના પ્રશ્નોને વાચા આપીને સમાજ સેવાની સુંદર કામગીરી કરી હતી જે સૌ માટે માર્ગદર્શક બની રહેશે. પ્રભુ સદગત આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી હું પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું. અને તેમના કુટુંબીજનોને દિલસોજી પાઠવીએ છીએ.

આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઊભા થઇને સદગતોને અંજલિ આપીએ.

**( બે મિનિટ મૌન બાદ )**

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. દિલસોજીનો આ સંદેશો તેમના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાનું સત્ર શરૂ થયું એક તો ટૂંકુ સત્ર..

અધ્યક્ષશ્રી : આપનો જે પ્રશ્ન હતો એ મેં નામંજૂર કર્યો છે, આપને કોઇ પરવાનગી મળી નથી જેથી આપણે અહીંયા એની ચર્ચા ના કરીએ. (અંતરાય) પ્લીઝ...

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૪નો વટહુકમ ક્રમાંક–૧ સન ૨૦૧૪નો ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ વટહુકમ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪નો વટહુકમ ક્રમાંક–૧ સન ૨૦૧૪નો ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

અધ્યક્ષશ્રી : (અંતરાય) રાઘવજીભાઇ, આપના કોઇ પ્રશ્નો અહીંયા એલાઉ કરવામાં આવ્યા નથી. વિધાનસભાના નિયમો પ્રમાણે એલાઉ થયા નથી. પ્લીઝ, આપ બેસી જાવ. નેકસ્ટ, આપનો પ્રશ્ન દાખલ થયો નથી, તેને એલાઉ નથી કર્યો એટલે તેની ચર્ચા આપણે અહીંયા કરી શકતા નથી, પ્લીઝ.

**નવસારી કૃષિ યુનિવર્સિટીનો અહેવાલ.**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી) **:** માનનીય અધ્યક્ષશ્રી, હું નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૦-૨૦૧૧નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલ પગલાંનુ નિવેદન તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અધ્યક્ષશ્રી : (અંતરાય) રાઘવજીભાઇ તમે ખૂબ સિનિયર સભ્ય છો અને વિધાનસભાના બધા નિયમોથી તમે વાકેફ છો. પ્લીઝ (અંતરાય) વિધાનસભા ચલાવવામાં તમારા બધાના સહકારની જરૂર છે પ્લીઝ. જે બાબતની આપણે પરમિશન નથી આપી, એલાઉ નથી કર્યા અને મંત્રીશ્રીએ પણ જવાબ આપવા માટે ના પાડી છે, તેથી આપણે તેની ચર્ચા કરી શકતા નથી પ્લીઝ. દાખલ ન થવા પાછળનું કોઇ કારણ જાણવું હોય તો મારી ઓફિસનો સંપર્ક કરી લેજો. આપ મારા કાર્યાલયમાં મળજો પ્લીઝ.

( આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કર્યો, )

ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૩નો વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૧૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આપ વિધાનસભા ચલાવવામાં સહકાર આપો, નહીંતર મારે વિધાનસભાના નિયમો અનુસાર યોગ્ય કાર્યવાહી કરવી પડશે. પ્લીઝ, આપ બધા બેસી જાઓ, મારી નમ્ર વિનંતી છે. જયારે આપનો પ્રશ્ન વિધાનસભામાં દાખલ જ નથી થયો તો પછી તેની કોઇ ચર્ચાનો વિષય જ નથી. માનનીય શકિતસિંહ, આપણી કોઇ પ્રણાલિકા એવી નથી. પ્લીઝ, દાખલ પાત્રતા બાબતે કોઇ ચર્ચા કરવી હોય તો મારા કાર્યાલયમાં મારી પાસે આવીને મને પર્સનલી મળી શકો છો. દાખલ નથી થયો તેની કોઇ ચર્ચા અહીં સભાગૃહમાં નહીં થઇ શકે.

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૧૩-૧૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલ

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રાજય કક્ષાના રમતગમત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ અને સન ૨૦૧૩-૧૪નો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો અમે માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરેલી કે વિધાનસભા એક દિવસના બદલે પાંચ દિવસ કે અઠવાડિયા માટે બોલાવવામાં આવે. હવે આ તો સામાન્ય જનરલ આખા ગુજરાતના ખેડૂતોને લગતો કપાસના ભાવ બાબતનો પ્રશ્ન છે. જો આજે સમય ન આપી શકાય

તો આવતી કાલે આપવામાં આવે. આપ કહેશો તો આપને ચેમ્બરમાં આવીને માનનીય સભ્યશ્રી મળી જશે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી મારી ચેમ્બરમાં આવીને મને મળશે તો નિયમાનુસાર જે કોઇ કાર્યવાહી થતી હશે તે ચોકકસ કરીશ. પ્લીઝ ગૃહને શાંતિથી ચાલવા દો.

ઉદ્યોગ અને ખાણ વિભાગનું જાહેરનામું

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેના તા. ૨૭-૬-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએચયુ/૨૦૧૪/૨૧/એસઆઇઆર/૧૧૨૦૧૦/ ૨૦૬૦૯૪ / ભાગ-૨/ આઇ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

અનુમતિ મળેલ વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, બારમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પુનઃવિચારણા કરી પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક-૨૩, તેરમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક-૨૪ તથા ચોથા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૪નાં વિધેયક ક્રમાંક-૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલ વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

સભ્યશ્રીના રાજીનામાં અંગે

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના સભ્ય શ્રી વજુભાઇ વાળા, ૬૯, રાજકોટ પશ્ચિમ એ તા. ૩૦-૮-૨૦૧૪ના રોજ સભ્યપદેથી રાજીનામું આપેલ છે જેનો સ્વીકાર કરવામાં આવેલ છે.

આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી કાંતિલાલ રે. ગામીત (રાજય કક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૯-૮-૬૦ના જાહેરનામા ક્રમાંક : ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી ત્રણ સભ્યોને ચૂંટવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : હવે હું ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ પ્રતિનિધિઓની ચૂંટણી માટે નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

(૧) નામ નિર્દેશન પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય. ગુરુવાર, તા. ૨૦-૧૧-૨૦૧૪, સાંજના ૬-૦૦ વાગ્યા સુધી.

(૨) નામ નિર્દેશન પત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ. શુક્રવાર, તા. ૨૧-૧૧-૨૦૧૪, સાંજના ૫-૦૦ વાગ્યે નાયબ સચિવ શ્રી એમ.એમ. પરીખની ચેમ્બરમાં.

(૩) નામ નિર્દેશન પત્રો પાછા ખેંચવાની તારીખ અને સમય. સોમવાર, તા. ૨૪–૧૧– ૨૦૧૪, સાંજના ૫–૦૦ વાગ્યા સુધી.

(૪) મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ પાછળથી જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણી માટેના નામ નિર્દેશન પત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભા મકાનના પહેલા માળે આવેલ સમિતિ શાખા–૧માંથી મળી શકશે.

કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તા. ૭મી નવેમ્બર, ૨૦૧૪ના રોજ બપોરે ૨–૩૦ વાગ્યે અધ્યક્ષના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

(૧) સોમવાર, તા. ૧૦–૧૧–૨૦૧૪ના રોજ સરકારી વિધેયકો વિચારણા માટે હાથ ધરતાં પહેલાં નિયમ–૧૦૦ અન્વયેનો '' સંવિધાન (એકસો એકવીસમા સુધારા) વિધેયક, ૨૦૧૪ને બહાલ રાખવા બાબત'' નો વૈધાનિક પ્રસ્તાવ વિચારણા માટે હાથ ધરવો અને તેની ચર્ચા માટે ૩૦ મિનિટનો સમય ફાળવવો.

(૨) સોમવાર, તા. ૧૦–૧૧–૨૦૧૪ના રોજના દિવસના કામકાજની યાદીમાં સરકારે સૂચવેલા ક્રમાનુસાર કુલ–૬ સરકારી વિધેયકો દર્શાવવા અને તે પૈકી નીચે દર્શાવેલા વિધેયકો વિચારણા માટે હાથ ધરવા અને જરૂર જણાય તો સભાગૃહની બેઠકનો સમય વધારીને પણ તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૪નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.

(૩) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયક.

(૩) મંગળવાર, તા. ૧૧–૧૧–૨૦૧૪ના રોજ નીચે દર્શાવેલા સરકારી વિધેયકો ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૪) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૯–સન ૨૦૧૪નું ગુજરાત ન્યાય સહાયક વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૫) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયક.

(૬) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૪નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા) વિધેયક.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

શ્રી બાબુભાઇ જ. પટેલ(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો બીજો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ''આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિન વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી બાબુભાઇ જ. પટેલ : (સમિતિના પ્રમુખશ્રી) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**વૈદ્યાનિક પ્રસ્તાવ (નિયમ–૧૦૦)**
**ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮(૨) અન્વયેનો પ્રસ્તાવ**

**શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે–"That this House ratifies the amendments to the Constitution of India falling within the purview of clause (b) of the proviso to clause (૨) of article ૩૬૮, proposed to be made by the Constitution (One Hundred and Twenty first Amendment) Bill, ૨૦૧૪, as passed by both the Houses of Parliament."

ગુજરાતી અનુવાદ

આ ગૃહ સંસદના બન્ને ગૃહોએ પસાર કરેલ સંવિધાન (એકસો એકવીસમા સુધારા) વિધેયક, ૨૦૧૪થી ભારતના સંવિધાનમાં કરવા ધારેલા સુધારાને સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ (૨)ના પરંતુકના ખંડ (ખ)ના કાર્યક્ષેત્ર પ્રમાણે બહાલ રાખે છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદના બન્ને ગૃહોને સંવિધાનના ૧૨૧મા સુધારા વિધેયક–૨૦૧૪, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ના ખંડ નંબર–૨ના પરંતૂકની ખંડ (ખ)ની ક્ષેત્ર મર્યાદામાં આવતું હોઇ આ સુધારાને બહાલી આપવા માટે વિધાનસભા ગૃહમાં લઇ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકસભાએ ૧૩મી ઓગસ્ટ–૨૦૧૪ના રોજ અને રાજયસભાએ ૧૪ ઓગસ્ટ–૨૦૧૪ના રોજ આ બિલને પસાર કરેલ છે. ભારતના બંધારણના આર્ટીકલ–૧૨૪ની જોગવાઇ મુજબ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક નામદાર રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કર્યા બાદ કરવામાં આવે છે. જયારે વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક નામદાર રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે રાજયના રાજયપાલશ્રી સાથે અને સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની નિમણૂક નો પ્રશ્ન ન હોય તો તેમની સાથે પરામર્શ કરીને નિમણૂક કરવામાં આવે છે. એક

હાઇકોર્ટમાંથી બીજી હાઇકોર્ટમાંથી બદલી નામદાર રાષ્ટ્રપતિ દ્વારા બંધારણના આર્ટીકલ–૨૨૧/૧ મુજબ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે પરામર્શ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંવિધાનના ૧૨૧માં સુધારા વિધેયક–૨૦૧૪ને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને વડી અદાલતોના ન્યાયમૂર્તિઓની નિમણૂક અને વડી અદાલતના ન્યાયમૂર્તિઓની બદલી અંગેની જોગવાઇ માટે નેશનલ જયુડિશીયલ એપોઇન્ટમેન્ટ કમિશન દ્વારા કરવામાં આવે તેવી જોગવાઇ કરવામાં આવી છે. બંધારણના આર્ટીકલ–૧૨૪ પછી નવો આર્ટીકલ ૧૨૪(એ) ઉમેરી ઘ નેશનલ જયુડિશીયલ એપોઇન્ટમેન્ટ કમિશન કયા સભ્યનું બનેલું હોય તેના માટેની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કમિશનમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી એ ચેર પરસન રહે છે. સુપ્રીમ કોર્ટના સિનિયર મોસ્ટ ૨ ન્યાયમૂર્તિશ્રીઓ એના સભ્ય રહેશે. કેન્દ્રીય કાયદા અને ન્યાયતંત્રનો હવાલો સંભાળતા કેન્દ્રીય મંત્રીશ્રી તથા વડાપ્રધાન અને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અને લોકસભાના વિરોધપક્ષના નેતાશ્રીની કમિટી દ્વારા નિયુક્ત કરવામાં આવેલ બે નામાંકિત વ્યક્તિઓનો સમાવેશ થશે. આ બે વ્યક્તિઓનો જેમાં સમાવેશ કરવાનો છે તેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાતવર્ગો, લઘુમતી કે મહિલાઓ હોવી જોઇએ એવી જોગવાઇ કરવામાં આવી છે. આ કમિશનની ફરજોમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓ અને વડી અદાલતોના મુખ્ય ન્યાયમૂર્તિઓની નિમણૂક અને તેની બદલી અંગેની ફરજોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ કમિશન ૨૦૧૪થી સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓની અને હાઇકોર્ટના ન્યાયમૂર્તિઓની નિમણૂક માટેની શું પ્રોસીઝર કરવાની છે તે અંગેની આમાં જોગવાઇ કરવામાં આવેલી છે. ભારતના બંધારણના આર્ટીકલ – ૩૬૮માં સુધારો કરવા અંગેની પ્રક્રિયા દર્શાવવામાં આવેલી છે. આર્ટિકલ ૩૬૮ (૨) મુજબ બંધારણમાં કોઇ સુધારો કરવા માટેની દરખાસ્ત હોય તો ગૃહમાં બિલ પસાર કરી શકાશે અને ગૃહના ૨/૩ સભ્યો દ્વારા પસાર કરવામાં આવે છે. તે બાદ નામદાર રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ તેમની મંજૂરી મળ્યા બાદ આ મુજબનો સુધારો થયેલો ગણાશે. પરંતુ આર્ટિકલ ૩૬૮(૨)ના પરંતુકમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે, બંધારણની જોગવાઇમાં જો સુધારો કરવાનો હોય તો ઓછામાં ઓછી ૧/૨ એટલે કે અડધા રાજયોની વિધાનસભાઓએ ઠરાવ દ્વારા બંધારણમાં સૂચિત સુધારામાં રેક્ટિફાઇ કરવો જરૂરી છે અને તે મુજબ બંધારણના આર્ટિકલ૩૬૮/૨ના ક્લોઝ–બીની જોગવાઇ મુજબ બંધારણના ભાગ–પના ચેપ્ટર ૪ તથા ભાગ–૬ના ચેપ્ટર –પની જોગવાઇ મુજબ જો સુધારો કરવો હોય તો સંસદે તે મુજબનું બિલ ઓછામાં ઓછા અડધા રાજ્યોની વિધાનસભાઓમાં ઠરાવ કરીને તે સુધારો રેક્ટીફાઇ કરવો જરૂરી છે. હવે બંધારણના પાર્ટ–પના ચેપ્ટર–૪ ઇન્ડિયન જયુડિશિયરીને લગતો છે. પાર્ટ–૬ ચેપ્ટર–પ રાજ્યોની વડી અદાલતો અંગેનો છે. આ ચેપ્ટરના આર્ટિકલમાં સુધારો કરવા માટે અગાઉ જણાવ્યું તેમ અડધી રાજ્યોની વિધાનસભામાં આ ઠરાવ પસાર કરવો એ જરૂરી છે, એને રેક્ટીફાઇ કરવો જરૂરી છે અને એટલા માટે કેન્દ્રના બન્ને ગૃહોએ રાજ્યસભા અને લોકસભાએ સર્વાનુમતે જ્યારે આને પસાર કર્યો છે ત્યારે આ સુધારાને રેક્ટિફાઇ કરવા માટેનો પ્રસ્તાવ હું લઇ આવ્યો છું.

શ્રી શક્તિસિંહ ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વૈધાનિક પ્રસ્તાવ લઇને આવ્યા છે, નેશનલ જયુડિશિયરી એપોઇન્ટમેન્ટ કમિશન અને ૧૨૧મો બંધારણીય સુધારો. આના સંદર્ભમાં જોઇએ તો આજે જે પરિસ્થિતિ છે, નામદાર હાઇકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટ, આપણું એ લેખિત બંધારણ અને બંધારણના ઘડવૈયાઓએ ખૂબ વિસ્તૃત રીતે બંધારણીય સમિતિમાં જે ચર્ચાઓ થઇ ત્યારે કેટલાક વિકલ્પોની ચર્ચાઓ કરી. એક વિકલ્પ હતો કે, આપણા રાષ્ટ્રપતિશ્રી એ મુખ્ય કહેવાય અને રાષ્ટ્રપતિશ્રી જ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના જજીસની નિમણૂંકો કરે. એક ઓપીનીયન આવ્યો કે, ના માત્ર રાષ્ટ્રપતિશ્રી નહીં ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયા સલાહ આપે અને રાષ્ટ્રપતિશ્રી નિમણૂક કરે. એક ઓપીનીયન આવ્યો કે, નહીં કોઇક દેશોમાં છે, યુરોપીયન કન્ટ્રીમાં છે, જ્યાં પાર્લામેન્ટના કન્સલ્ટેશનમાં રાષ્ટ્રપતિશ્રી નિમણૂક કરે છે, આપણે પણ એવું કરીએ. એવી રીતે કન્સલ્ટેશન ઓફ પાર્લામેન્ટ પ્રેસીડેન્ટ ઓફ ઇન્ડિયા એ હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટના જજીસની નિમણૂક કરે. એક બીજો ઓપીનીયન આવ્યો કે એકઝીકયુટીવ્સ છે એમના પાસે બધા જ પાવર્સ છે અને એકઝીકયુટીવ્સ એમના વીઝડમમાં પ્રેસીડેન્ટ ઓફ ઇન્ડિયાને

માર્ગદર્શન આપે, પરામર્શ કરે અને પ્રેસીડેન્ટ ઓફ ઇન્ડિયા એ સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટના જજીસ અને ચીફ જસ્ટીસની નિમણૂક કરે. હું એ બંધારણીય સમિતિની ચર્ચાઓને વાંચતો હતો. ખૂબ વિદ્વતાપૂર્ણ પ્લસ અને માયનસ બધાને સાંભળ્યા પછી ડો. બાબાસાહેબ આંબેડકરે ત્રણ વસ્તુ કહી. ન્યાયતંત્રની સ્વાયત્તતા અને મહત્વ એના સાથે સમાધાન ના થઇ શકે. સાથોસાથ આપણે લોકશાહીમાં જીવીએ છીએ અને એટલા માટે જે એકઝીકયુટીવ્સ છે, ઇલેકટેડ લોકો છે, એમની પણ અનદેખી ના થઇ શકે અને બંધારણમાં ડો. બાબાસાહેબ આંબેડકરની એ વિદ્વતાના આધાર પર આર્ટીકલ ૧૨૪ સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટીસ અને સુપ્રીમકોર્ટના જજીસની નિયુકિત માટે ઇનેકટ કરાયા. પરિસ્થિતિ ત્યાર પછી પણ ચીફ જસ્ટીસ ઓફ ઇન્ડિયાના કેટલાક અવલોકનો, કેટલાક લો કમિશનના અવલોકનો, કેટલાક સુપ્રીમકોર્ટના જજમેન્ટસ સમયાંતરે ફેરફાર થતો ગયો અને એ પરિસ્થિતિમાં આપણે એ જગ્યાએ આવીને ઊભા રહ્યા કે આર્ટીકલ ૧૨૪ જે એમ્પાવર કરે રાષ્ટ્રપતિશ્રીને સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટીસ અને સુપ્રીમકોર્ટના જજીસને નિયુકિત કરવા માટે એજ રીતે આર્ટીકલ ૧૨૭ કે જેમાં અત્યારની પ્રથા કોલેજીયમ ઓફ ધી હાઇકોર્ટ, હાઇકોર્ટના જજીસને નિયુકત કરવાની બાબત એ ઓપીનીયન મોકલે થ્રુ સ્ટેટ ગવર્નમેન્ટ ગવર્નર સાહેબ મારફત એ સુપ્રીમ કોર્ટમાં જાય, અને ચીફ જસ્ટીસ ઓફ ધ સુપ્રીમ કોર્ટ ઇન કન્સ્લ્ટેશન ઓફ કોલેજીયમ ઓફ સુપ્રીમકોર્ટ પ્રેસિડેન્ટ ઓફ ઇન્ડિયાને મોકલે, ૧૯૯૩ પછી પરિસ્થિતિમાં રોલ ઓફ ધ એકઝીકયુટીવ્સ ઉપર પ્રશ્નાર્થ આવતો ગયો, એક વ્યકિત એનો વીટો ચાલે, હું જોતો હતો ડીબેટ લોકસભાની અને રાજયસભાની, બન્ને પાર્ટીના વિદ્વાન લોકોએ અને અન્ય નાની મોટી પાર્ટીના માનનીય સંસદસભ્યશ્રીઓએ કેટલાક દાખલા દલીલો સાથે વાત કરી છે. કેટલાકના નામજોગ હાઉસમાં કોટ કરવામાં આવ્યા છે કે આટલો વિદ્વાન માણસ એ સુપ્રીમકોર્ટનો જજ ના થઇ શકયો. શું કામ? કારણ કે પેલી વીટોવાળી પરિસ્થિતિ નડી, આજની પરિસ્થિતિ એવી કે મીસ્ટર એ અને મીસ્ટર બી બન્ને હાઇકોર્ટના જજ હોય, હાઇકોર્ટના જજ તરીકે સાથે કામ કરતા હોય, આખરે એ પણ માનવીઓ છે. કંઇક ખટરાગ બન્ને વચ્ચેનો હોય, એ એલીવેટ થઇને સુપ્રીમકોર્ટમાં જાય, અને પછી જયારે બી નો એલીવેશનનો વારો આવે ત્યારે એ પોતાનો વીટો વાપરે, અને બીને એલીવેટ ના થવા દે. આપણી લોકસભા અને રાજયસભામાં આવા દાખલાઓ સહિત વાત કરવામાં આવી કે આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે એ વખતે જયારે બંધારણ ઘડતી વખતની ડીબેટ ખાસ કરીને આર્ટીકલ ૧૨૪ અને આર્ટીકલ ૧૨૭ એના સંદર્ભમાં થઇ ત્યારે આજે આપણે જે બંધારણીય સુધારો લાવી રહ્યા છીએ, એના સંદર્ભમાં મેઇન બેઝ જો કોઇએ લીધો, પહેલા યુ.પી.એ. સરકાર હતી, જેમણે બિલ ડ્રાફ્ટ કર્યું, આજની સરકારે એમાં એમેન્ડમેન્ટ સાથે એમાં બિલ ઇન્ટ્રોડયુસ કર્યુ મુવર ઓફ ધ બિલે કેટલીક બાબતો કોટ કરી પરંતુ હું મારી દષ્ટિએ માનું કે જે બેઝ છે , એ આર્ટીકલ ૧૨૪ અને ૧૨૭ને ઘડતી વખતે પણ આપણા બંધારણના ઘડવૈયાઓએ જે ચર્ચાઓ કરી હતી એમાં એ વખતે જે બાબાસાહેબ આંબેડકરે વાત કરેલ હતી એને I would like to quote here. «With regard to the question of concurrence of the Chief Justice, it seems to me that those advocate proposition seems to rely implicity both of the imparality of the Chief Justice and soundness of the judgment. I personally feel, no doubt the Chief Justice is very eminent person but after all Chief Justice is a man with all feelings with all sentiments and all the prejudices which we common people have.» I pause here for a moment. એ વખતે બાબા સાહેબે કહ્યું હતું કે, મને કોઇ શંકા નથી કે ચીફ જસ્ટીસ એ એમિનેન્ટ વ્યકિત છે. પરંતુ આખરે એ પણ માનવી છે. માનવ સહજ લાગણીઓ, માનવ સહજ પ્રિજ્યુડાઇઝિસ એ સ્વાભાવિક છે. I read further, «I think to allow Chief Justice practically to veto upon appointment of the judges is really to transfer an authority to the Chief Justice which we are not prepared to vest in the President or Government of the day. I therefore, think that that is also dangerous proposition.» એ વખતે બાબા સાહેબે પણ એ મંતવ્ય આપ્યું કે આર્ટીકલ ૧૨૪ અને ૧૨૭માં આપણે જે રીતે આગળ વધવા માગીએ છીએ, મને લાગે છે જો સુપ્રીમ કોર્ટના જજમેન્ટથી રોલ ઓફ ધી એક્ઝિકયુટીવ્સ સાવ બહાર કરવાનો પ્રયત્ન ન થયો હોત તો કદાચ આ બંધારણીય સુધારો લાવવાની જરૂરિયાત ઊભી ન થઇ હોત. આ પહેલા આવી પરિસ્થિતિ ન હતી. ૧૯૯૩ થી પરિસ્થિતિ પલટાઇ અને કોલેજિયમ, એક માનનીય

સંસદસભ્યશ્રીએ જે રાજ્યના મુખ્યમંત્રી તરીકે અગાઉ વહીવટ કરતા હતા અને એ પહેલા આર્ટીકલ ૧૨૪ અને ૧૨૭નું શું અર્થઘટન હતું કે જ્યાં રોલ ઓફ એક્ઝિકયુટીવ્સ હતો એ વાત આપણા બાબા સાહેબે કહી હતી કે આ કોલેજિયમ સિસ્ટમ, એપોઇન્ટમેન્ટમાં કોઇ જગ્યાએ પરિસ્થિતિ બરાબર લાગતી નથી અને એટલા માટે આપણી સંસદે હું માનું છું કે કદાચ રાજ્યસભામાં એક વોટનો વિરોધ થયો અને લોકસભામાં જેટલા વોટ થયા એ બધા જ બંધારણીય સુધારાની તરફેણમાં થયા. રાજ્યસભામાં એક વોટને બાદ કરતાં બધાએ વોટીંગ in favor of this Constitutional amendment કર્યું. કેટલીક ચિંતાઓ સેવાઇ છે અને જેમણે સમર્થન આપ્યું છે એમણે પણ કેટલીક ચિંતાઓ દાખવી છે. ખાસ કરીને કલોઝ–૫ના અનુસંધાનમાં અને એમાંય ખાસ કરીને સબકલોઝ(૧), (૨) અને (૩) અને કલોઝ–૬ના સબ કલોઝ (૧) અને (૨), જે આપણે જ્યુડિશિયલ કમિશન બનાવીએ છીએ એમાં પણ બે મેમ્બરના જે વીટોના સંદર્ભમાં કેટલાક માનનીય સભ્યશ્રીઓએ કેટલીક રેડ લાઇટ્સ બતાવી છે કે અહીં આપણે પણ ચિંતા રાખવી પડશે. હું માનું છું કે એ બાબતોના અભિપ્રયોની ચિંતા ત્યાં જરૂર સેવવામાં આવશે. લોકશાહી વ્યવસ્થામાં મુખ્ય ત્રણ પીલરો છે. લેજિસ્લેટીવ એટલે કે ધારો ઘડનાર ધારાસભ્ય કે સંસદસભ્ય. બીજો ભાગ છે એ એક્ઝિકયુટીવ, કાયદો બનાવ્યા પછી કાયદાનું જેણે અમલીકરણ કરવાનું છે એ સરકારી તંત્ર અને સરકાર અને ત્રીજો પીલર છે એ જ્યુડિશિયલ, ન્યાયતંત્ર છે. જે આપણે બનાવેલા કાયદાનું અર્થઘટન માત્ર કરે છે એટલું જ નહીં, એ કાયદાનું પાલન થાય અને કોઇને પણ અન્યાયનો અહેસાસ થાય તો ત્રાજવું લઇને ન્યાય આપવાનું કામ કરે છે અને તંદુરસ્ત લોકશાહીમાં આવશ્યકતા એ વાતની છે કે આ ત્રણેય આધારસ્તંભ એ લોકશાહીના ગુંબજને ઊંચું રાખવા માટે પરસ્પર ટેકેદાર બને. પરસ્પર સંઘર્ષ ના હોઇ શકે. Executives ની એ જવાબદારી છે અને legislators ની એ જીમ્મેદારી છે કે judiciary ને respect કરે અને એકબીજાના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ / encroachment ના થાય એ પણ આવશ્યક છે જ્યારે આ બિલ લોકસભા અને રાજ્યસભામાં ચર્ચાયું છે ત્યારે ખાસ કરીને માનનીય સભ્યશ્રી વિરપ્પા મોઇલીએ અને અભિષેક મનુ સંઘવીએ કેટલાક મુદ્દાઓ તરફ બને ગૃહને ધ્યાન દોરીને પણ કહ્યું છે એકે લોકસભામાં તો એકે રાજ્યસભામાં Chief Justice કે Judges of the હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ આપણે ઇચ્છતાં નથી કે ત્યાં કોઇ બંધારણીય સુધારો લાવીને સંઘર્ષનું વાતાવરણ ઊભું થાય. એમની સાથે પણ જે કેટલાક લો કમિશનમાં ટીકા–ટિપ્પણીઓ થયા પછીના મંતવ્યો ઊભા થયા છે. જો આપણે એ મંતવ્યોને સાથે લઇ શકીએ. આપણે એમને સાથે રાખીને કરી શકીએ તો વધારે આવકારદાયક રહેશે. હું માનું છું કે ભારત સરકાર પણ એ બાબતને જ્યારે mover of the bill લોકસભા અને રાજ્યસભામાં જવાબ આપ્યો છે ત્યારે એક તંદુરસ્ત લોકશાહીના દર્શન થયા છે. આ બંધારણીય સુધારાની આખી ડિબેટ જોઇએ તો મારા જેવા એક સંસદીય બાબતોના વિદ્યાર્થી માટે પણ બહુ જ જરૂરી છે કે સમય આવે આ દેશનો ચૂંટાયેલો પ્રતિનિધિ ઉપર ઉઠીને માત્ર સંકુચિતતા માટે નહિ, લોકશાહીના રક્ષણ માટે, રાષ્ટ્રના હિતમાં વાત કરે એવી વિદ્વતાપૂર્ણ ડિબેટ બંને ગૃહમાં થઇ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક જે મુદ્દાઓ અંગે જે લોકસભામાં પણ ચિંતા સેવાય એ સેવાયેલી ચિંતાઓનું જતન સરકાર કરશે એવી અપેક્ષા સાથે આ બંધારણીય પ્રસ્તાવ જે લઇને સરકાર આવી છે એને હું મારું સમર્થન આપીને વિરમું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, લોકસભા અને રાજ્યસભા એ જે બિલ National Judicial Appointment Commission Bill ૧૩ અને ૧૪ ઓગષ્ટે પાસ કરેલું છે એને જ્યારે આપણી વિધાનસભામાં માનનીય રમણભાઇએ મૂક્યું છે અને વિરોધપક્ષ તરફથી એને ટેકો આપવામાં આવ્યો છે ત્યારે એ બિલને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ શક્તિસિંહભાઇએ કીધું કે ૧૯૯૩માં સુપ્રીમ કોર્ટ એડવોકેટ એસોસિએશને સુપ્રીમ કોર્ટમાં જે કેસ દાખલ કર્યો ત્યાંથી આ બધી વાત ઊભી થઇ કે હાલ જે સિસ્ટમ ચાલે છે collegiums ની. હાઇકોર્ટની અંદર Chief Justice ની appointment કરવાની હોય કે સુપ્રીમ કોર્ટમાં Judges ની appointment કરવાની હોય તો જે collegium છે એમાંથી હોઇકોર્ટના ચીફ જસ્ટીસ અને બે સિનિયર જજીસ એ બારમાંથી અથવા સિનિયોરિટીથી જે લોકોને પસંદ કરે એના નામો સુપ્રીમ કોર્ટમાં મોકલે. સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આપે પણ એમાં જે નોર્મ્સ બનાવવાના હોય. આમ બંધારણીય રીતે જે જોગવાઇ છે કે ૧૦ વર્ષની

વકિલાતવાળો પરંતુ ઘણી વખત જેમ શક્તિસિંહભાઇએ અધ્યાહાર રીતે કહ્યું કે ગમા–અણગમા, એમાં કેટલીક વખત આવી ચર્ચાઓ થઇ છે, કેટલાક particular વ્યક્તિને પસંદ કરવા માટે ઃ જેમકે, ૪૫ વર્ષની ઉંમર એમાં બાંધછોડ કરીને ૪૦ વર્ષ, જે અપ એજ છે એની અંદર ૬૨–૬૫ હોય એના પછી પણ એમ ઘણી બધી વિસંગતતાઓ હતી એની ચર્ચાઓ થતી હતી કેમકે ન્યાયતંત્ર નિષ્પક્ષ અને નીડર હોવું જોઇએ. એના ઉપર કોઇપણ શંકાની સોય ના થાય અને આપણે જ્યારે કોઇપણ રાજ્યમાં વ્યવસ્થા છે એમાં ન્યાયતંત્રની અંદર બેઠેલા લોકો જેટલા નિષ્પક્ષ, નીડર અને બુદ્ધિશાળી હશે એટલો સારો ન્યાય મળશે અને ચાલશે અને એના કારણે એ ચાલશે, પરંતુ આ ઘણી બધી વિટંબણાઓ હતી એના પછી ૧૯૯૮ની અંદર સલાહકાર સમિતિએ કેટલાક સુચનો કર્યા, ૨૦૦૦માં વેંકટ ચેલૈયા કમિટીએ સૂચનો કર્યા અને ૨૦૦૮માં ઘણા બધા કમિશનો. એ તમામ લોકોએ સૂચનો કર્યા એના પછી હું એના માટે કે, આ બિલ ઘણા ટાઇમથી ચર્ચા ચાલતી હતી પણ કોઇ અગમ્ય કારણોસર આ બિલ રજૂ ન હતું થતું એટલે હાલની સરકાર અને આપણા કર્મયોગી વડાપ્રધાનને હું અભિનંદન આપવા માગુ છું કે, એમણે હિંમત કરીને આ બિલ લોકસભામાં પેશ કર્યું અને આ બિલ ની જરૂરિયાત હતી એટલે સર્વાનુમતે બન્ને ગૃહમાં પાસ થયું અને આજે જે જ્યુડિશ્યિલ કમિશન બનવાનું છે, જેમ કે, સાહેબ, લોઅર જ્યુડિશ્યિરી અને અપર જ્યુડિશ્યિરી, લોઅર જ્યુડિશ્યિરીમાં આપણે ત્યાં ગુજરાતમાં જે.એમ.એફ.સી.ની એપોઇન્ટમેન્ટ થાય એના માટેની આખી વ્યવસ્થા છે. પહેલા લેખિત પરીક્ષા થાય, બીજી લેખિત પરીક્ષા થાય, ઓપન ઇન્ટર્વ્યૂ થાય અને પછી એક વર્ષના ટ્રેનીંગ પિરિયડ પછી કન્ફર્મ કરવામાં આવે. એજ રીતે સેશન્સ કોર્ટના સેશન્સ જજ હોય ડિસ્ટ્રીકટ જજ હોય એના માટે પણ લેખિત પરીક્ષા થાય, ઇન્ટર્વ્યૂ થાય પછી એપોઇન્ટમેન્ટ થાય. પરંતુ હાઇકોર્ટના જજો માટે અને સુપ્રીમ કોર્ટના જજો માટે એવી કોઇ વ્યવસ્થા અત્યાર સુધી હતી નહીં. એક કોલેજીયમ સિસ્ટમ હતી એની જગ્યાએ જ્યારે આ એક નવું ઇન્ડિપેન્ડન્ટ, સ્વતંત્ર કમિશન બનશે જેની અંદર જોગવાઇ છે કે, આજે સાહેબ, ગુજરાતની અંદર કુલ ૪૨ જગ્યાઓ છે પણ ૩૨થી આગળ કોઇ દિવસ ભરાતી નથી. આખા હિન્દુસ્તાનની અંદર, આખા ભારત દેશની અંદર તમામ હાઇ–કોર્ટોમાં અને નામદાર સુપ્રીમ કોર્ટમાં જેટલી જગ્યાઓ ખાલી છે એ છ મહિનામાં આ કમિશન બની જશે, છ મહિનામાં ત્યાં બધી માહિતી આપી દેવાની અને એના પછી એ લોકો તાત્કાલિક એની ભરતી કરે. આના કારણે સાહેબ, જે અત્યારે ઘણી વખત મિડિયામાં આવે છે, ચર્ચા થાય છે કે, કોર્ટોમાં કેસોનો ભરાવો છે. કેમ કે, જ્યુડિશ્યિરીમાં જે સંખ્યા હોવી જોઇએ એ સંખ્યા જ પૂરી થતી નથી, સુપ્રીમ કોર્ટમાં પૂરી સંખ્યા થતી નથી. જયારે સંખ્યા પૂરી થશે, નિષ્પક્ષ, નિડર અને બુદ્ધિશાળી લોકો આમાં જ્યુડિશ્યિરીમાં આવશે તો હું માનું છું કે, કેસોનો ભરાવો પણ ઓછો થશે. કેમ કે, કોઇ મૃત્યું થાય કે કોઇ રાજીનામું આપે તો ૩૦ દિવસની અંદર એની પ્રક્રિયા કરી દેવાની આ કમિશનની અંદર જોગવાઇ કરવામાં આવી છે. તો હું માનું છું કે, ખૂબ સારી રીતે અને ખૂબ સારું આ બિલ લાવવામાં આવ્યું છે અને એને આપણે મંજૂર કરીને મોકલીએ તો હું માનું છું કે, જે ક્ષ્અચ્છે દિનખ્ની આપણે કલ્પના કરી રહ્યા છીએ એ આવશે. જય હિન્દ.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ પ્રસ્તાવના સમર્થનમાં ભાઇ શ્રી શક્તિસિંહજી અને જગરૂપસિંહજીએ જે સમર્થન આપ્યું છે, એમનો હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ તેમ ડો. બાબાસાહેબ આંબેડકરે બંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે ખૂબ મહા–મહેનત કરીને સમગ્ર વિશ્વમાં લોકશાહીનું એક સુંદર મઝાનું બંધારણ આપણને આપ્યું છે. એ વખતે અનેકવિધ ચર્ચાઓ થઇ હશે અને આજે જ્યારે આપણે લોકશાહીની પરંપરાઓની આપણે જ્યારે વાતો કરતા હોઇએ ત્યારે બાબાસાહેબ આંબેડકરનો આપણે બધા ઋણ સ્વીકાર કરીએ છીએ. જયારે આ વિષય વસ્તુ ધ્યાનમાં આવી છે ત્યારે એક વિગત આ સન્નમાનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું કે, ડો.બાબાસાહેબ આંબેડકર કોલંબિયા યુનિવર્સિટીમાં મિત્રો એ ભણયા હતા અને સમગ્ર વિશ્વ માં જયાં સુધી મારી જાણકારી છે ત્યાં સુધી એક માત્ર કોલંબિયા યુનિવર્સિટી એવી છે કે, એણે યુનિવર્સિટીના ઝાંપાની જમણી બાજુમાં તકતી લગાવી છે અને તકતીમાં એવું લખ્યું છે કે, અમારી આ યુનિવર્સિટીના એક વિદ્યાર્થી તરીકે ડો.ભીમરાવ આંબેડકર હતા. આ સન્માન મિત્રો, કોલંબિયા યુનિવર્સિટીએ ડો. બાબસાહેબ આંબેડકરને આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વની દસ શ્રેષ્ઠ વિભૂતિઓના નામો અને એ દસ શ્રેષ્ઠ વિભૂતિઓના નામોમાં હિન્દુસ્તાનભરમાંથી એક માત્ર જો કોઇનું નામ હોય તો એ ડો.બાબાસાહેબ આંબેડકરનું છે અને એટલા માટે બાબાસાહેબ આંબેડકરે જ્યારે બંધારણ આપ્યું છે ત્યારે એમણે તમામ પાસાઓનો વિચાર કર્યો જ છે અને એની સાથે સાથે એમણે એ પણ નક્કી કરેલું છે કે, જેમ જેમ સમય અને સંજોગો આવે એમાં સમયના પ્રવાહોની સાથે સાથે કાયદાઓમાં પણ ક્યાંક ને ક્યાંક ફેરફાર કરવો જરૂરી હોય છે અને એટલા માટે બંધારણમાં સુધારો પણ થઇ શકે એ પ્રકારનું પ્રોવિઝન બંધારણીય સમિતિએ રાખ્યું છે અને અને એના કારણે જ આપણે આ ૧૨૧ મા બંધારણીય સુધારાની ચર્ચા કરી રહ્યાં છીએ. વિધાનસભામાં કોઇપણ વિષય ઉપર બધા સભ્યો પોતપોતાના મતમતાંતર આપી શકે છે. કોઇ એની સાથે સહમત હોય, કોઇ સહમત ન હોય, કોઇ પોતાનો વ્યૂહ પણ આપી શકે પરંતુ જયારે સમગ્ર ગૃહ એમ ઇચ્છે કે નહીં, આ વિષય વસ્તુ ઠીક છે અને જયારે આપણે સર્વાનુમતે નકકી કરીએ ત્યારે એકસે શું કહ્યું હતું અને વાય એ શું કહ્યું હતું મને લાગે છે કે એ બાબત ગૌણ થઇ જાય છે અને એટલા માટે પાર્લામેન્ટમાં આ બધી જ ચર્ચાઓના અંતે ૧૯૯૩માં જેમ જગરૂપસિંહભાઇએ કહ્યું એ પ્રમાણે સુપ્રીમ કોર્ટમાં મેટર બન્યા પછી આ વિષય વસ્તુ ધ્યાનમાં આવી અને છતાંય ૧૯૯૦માં સૌથી પહેલાં આજે આપણે ૧૨૧મા બંધારણીય સુધારાની વાત કરીએ છીએ. ૧૯૯૦માં ૬૭મા બંધારણીય સુધારાનું બિલ રજૂ થયું હતું. ૧૯૯૭માં ૮૨મા બંધારણીય સુધારાનું બિલ રજૂ થયું હતું. ૨૦૦૩માં ૯૮મુ સુધારા બિલ રજૂ થયું હતું અને ૨૦૧૩માં ૧૨૦મા બંધારણીય સુધારાનું બિલ આવ્યું હતું એ સિવાય અનેકવિધ કમિશનોએ આ વાતની પૂર્તિ કરી છે. આ કમિશનોમાં જયુડીશીયલ એપોઇન્ટમેન્ટની રચના કરવા માટેની ભલામણ કરવામાં આવી છે ૨૦૦૨માં જસ્ટીસ વેંકટ ચેલૈયા કમિશનમાં ૨૦૦૭માં વહીવટી સુધારણા કમિશન, ૨૦૦૮માં લો કમિશન ઓફ ઇન્ડીયા અને એ જ પ્રમાણે પાર્લામેન્ટરી સ્ટેન્ડીંગ કમિટીએ પણ ત્રણ ત્રણ વખત આ બિલ માટેની ભલામણો કરેલી છે એનો સીધો મતલબ એ થાય કે આ જે જરૂરિયાત હતી એને પાર્લામેન્ટમાં મૂકવા માં આવી છે. બધા ગૃહના સભ્યોના ધ્યાન ઉપર રહે કે જયારે લોકસભામાં આ બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે ૩૬૭ મતો એની તરફેણમાં પડયા હતા એક પણ મત વિરોધમાં નહોતો અને એની સાથેસાથે ૧૪મી ઓગષ્ટના દિવસે જયારે રાજયસભામાં આ બિલ મૂકવામાં આવ્યું ત્યારે રાજયસભાએ સર્વસંમતિથી આ બિલ ને રજૂ કર્યું છે. મેં કહ્યું એ પ્રમાણે ૧૨૧મો બંધારણીય સુધારો જયારે આપણે લાવવા જઇ રહ્યાં છીએ ત્યારે એની જોગવાઇ મુજબ દેશની વિધાનસભાઓના અડધી, વિધાનસભાઓની અંદર આ પ્રસ્તાવ પાસ કરવો એ જરૂરી છે અને એટલા માટે જયારે રાજયસભા અને લોકસભાએ પૂરતી વિચારણા કર્યા પછી આપણે જયારે અહીંયા લાવીએ છીએ ત્યારે અને મેં કહ્યું એ પ્રમાણે મારા બંને એડવોકેટ અને આ સન્માનનીય ગૃહના સદસ્યશ્રીઓ ભાઇશ્રી શકિતસિંહ અને જગરૂપસિંહે આ બિલ ને જયારે સમર્થન આપ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ને આ સભાગૃહના તમામ સભ્યો સર્વસંમતિથી એને મંજૂર કરે એવી હું વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.**

## વટ હુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક, ક્રમાંકઃ ૨૭
## ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૪

**ગુજરાત પ્રોવિન્શિયલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક– ૨૭, સન–૨૦૧૪ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૪નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યશ્રી, આજે ગુજરાત વિધાનસભામાં આ જે સુધારા વિધેયક બિલ હું લઇને આવ્યો છું. એ ગુજરાતની લોકશાહીની પરંપરાને વધુ મજબૂત બનાવવા માટે ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થા ગ્રામ્ય પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકા અને જિલ્લા પંચાયતોને આ બધામાં જે સભ્યશ્રીઓ ચૂંટાય છે એ સભ્યશ્રીઓને લગતા કેટલાક સુધારા અને આ સંસ્થાઓને લગતા કેટલાક સુધારા આ બિલમાં અમે રજૂ કર્યા છે. આ સુધારામાં મહત્વના જે ૪ સુધારાઓ છે. એ સુધારામાં પહેલો સુધારો એ ગ્રામ્ય પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકા આ ૪ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની તમામ સ્તરે લાગુ પાડવામાં આવ્યા છે. આપણે બધા જાણીએ છીએ કે આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છતા માટેની એક મોટી ઝુંબેશ અને અભિયાન હાથ ધર્યુ છે. મહાત્મા ગાંધીજી પણ સ્વચ્છતાને ખૂબ અગત્યની ગણતા હતા. સ્વચ્છતા માટે તેઓશ્રી પણ ખૂબ ભાર મુકતા હતા. જયાં જયાં તેઓ રહેતા હતા કોઇ આશ્રમ હોય, કુટીર હોય કે સ્થળ હોય ત્યાં હંમેશા સફાઇ પોતે જાતે કરતા હતા અને ગાંધીજીના સત્યના પ્રયોગોમાં જે પ્રમાણે જણાવ્યું છે તે પ્રમાણે તેઓ દક્ષિણ આફ્રિકામાં રહેતા હતા, તે વખતે પોતાનું શૌચાલય પોતે સાફ કરતા હતા અને પૂજ્ય કસ્તુરબાને પણ આગ્રહ કરતા હતા કે તમારે આ સાફસુફીમાં સહયોગ આપવો. ત્યારે કસ્તુરબાને થોડી હિચકિચાહટ થતી હતી. બંને વચ્ચે થોડો સમય અબોલા રહેલા. એવા સંજોગોમાં પણ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતા માટેની પોતાની વાતને અડગતાથી પકડી રાખેલી. ત્યારપછી અનેક પ્રસંગો ઇતિહાસમાં દર્જ થયેલા છે. અનેક પુસ્તકોમાં વર્ણન થયેલ છે કે ગાંધીજીની સ્વચ્છતા માટે કેટલો લગાવ હતો તે આ વાત આજે સમગ્ર દેશવાસીઓ ૧૨૧ કરોડ દેશવાસીઓએ આ વાત ઉપાડી લે. આપણું ગુજરાત, આપણું ગામ, આપણો દેશ આપણા જાહેર સ્થળો, આપણી સરકારી સંસ્થા, સ્કૂલો, કોલેજો, એસ.ટી. સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, હોસ્પિટલો બધી જ જગ્યાએ સ્વચ્છતા થાય અને જ્યાં સ્વચ્છતા હોય ત્યાં સ્વચ્છતા અને આરોગ્ય આપોઆપ આવતા હોય છે. જયાં અસ્વચ્છતા, ગંદકી હોય ત્યાં રોગચાળો આવી જતો હોય છે. આ પરિસ્થિતિ આપણે જાણીએ છીએ. એટલા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પોતે અંગત રસ લઇને કેન્દ્ર સરકારમાં વડાપ્રધાન પદ ધારણ કર્યા પછી ૧૫મી ઓગસ્ટે તેઓશ્રીએ લાલ કિલ્લા ઉપરથી ધ્વજવંદન વખતે રાષ્ટ્રજોગ પ્રવચન કર્યુ એમાં પણ સ્વચ્છતા માટે જે આગ્રહ રાખ્યો, તે પછી આનુષંગિક કાર્યવાહી, પગલાં, આયોજન, કાર્યક્રમો એમણે હાથ ઉપર લીધેલા. દેશની અતિ અગત્યની કહી શકાય તેવી સેલિબ્રિટી વ્યકિતઓ પણ તેઓના પ્રતિનિધિ તરીકે આ સ્વચ્છતા અભિયાન સાથે જોડાયા. એને આગળ વધારવા માટે આપણા મુખ્યમંત્રીશ્રી આનંદીબેને પણ આનુષંગિક કાર્યવાહી, સ્વચ્છતા મીશનની હાથ ઉપર લીધી છે.

ગુજરાતમાં આમ તો આપણા નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૫ ની અંદર નિર્મળ ગુજરાત, નિર્મળ શહેરથી એમણે શરૂઆત કરેલી. અને નગરપાલિકાઓને, ગામડાંઓને સ્વચ્છતા માટેના સાધનો, સ્વચ્છતા માટેની ગ્રાન્ટ તે બધું આપણે આપવાનું શરૂ કરેલું. હવે તેમાં જયારે કેન્દ્રમાં તેઓની અધ્યક્ષતામાં એટલે કે માનનીય વડાપ્રધાનની અધ્યક્ષતામાં આ કામ આખા દેશે જયારે ઉપાડયું છે ત્યારે

---

* સન ૨૦૧૪ના ઓકટોબર મહિનાની ૨૮મી તારીખે રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

તેની શરૂઆત આપણે અનેક રીતે કરી છે. આજે રોજબરોજ આપણે ટીવી સમાચાર જોઇએ, છાપાંઓના સમાચાર જોઇએ કે આપણી નજર સામે જોઇએ તો દરેક વ્યક્તિ પછી તે સાધુ સંત પુરુષ હોય, કોઇ મહાત્મા હોય, કોઇ કથાકાર હોય, કોઇ વિદ્વાન હોય, કોઇ લેખક હોય, શિક્ષક હોય, ખેલાડી હોય, કલાકાર હોય કે રાજનેતા હોય આ બધા જ લોકોએ માનનીય વડાપ્રધાનશ્રીનો આ સંદેશ ઝીલીને પોતપોતાની રીતે પોતપોતાની કક્ષાએ પોતાની શક્તિ પ્રમાણે સતત આ અભિયાનને જયારે પૂરેપૂરો વેગ આપવાનું કામ ઉપાડયું છે ત્યારે સ્વાભાવિક બધા જ નાગરિકો એમ ઇચ્છતા હોય કે આપણે તો આ કરીએ છીએ પણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ તે પણ સ્વચ્છતા માટે પોતે વધારે સારુ કરે તે માટે અમે જયારે વિચાર કર્યો, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને કેબીનેટમાં વિચાર વ્યક્ત કર્યો કે આપણે એક નાની વાત છે પણ જેનાથી ખૂબ મોટો મેસેજ પ્રજામાં પહોંચે, ચૂંટાયેલા હોદ્દેદારોમાં પહોંચે અને ચૂંટાયેલા હોદ્દેદારોને સ્વચ્છતા માટેની એક ઝૂંબેશ ઉપાડવામાં પોતે કંઇ યોગદાન આપે છે અને તે પોતે તેમાં સામેલ છે, પોતાના ઘરે, પોતાના આંગણામાં, પોતાના મહોલ્લામાં, પોતાની સોસાયટીમાં સ્વચ્છતા જાળવવામાં તે સહયોગ આપે છે. તેવો મેસેજ પ્રજામાં આપવા માટે એક અગત્યનું સાધન એટલે શૌચાલય. આપણે જાણીએ છીએ. આજે સવારે પ્રશ્નોત્તરીમાં એક પ્રશ્ન આવ્યો કે કેટલા શૌચાલય બાકી છે, કેવી રીતે છે? આપણે જાણીએ છીએ કે ગરીબ વસ્તીમાં, ઝૂંપડપટ્ટીમાં જયાં દબાણ કરીને નાગરિકો રહેતા હોય તથા માલિકીની જમીનમાં રહેતા હોય પણ ખૂબ સાંકડી ગલીઓ હોય અને શૌચાલય બનાવવાની જગ્યા ન હોય. શૌચાલય માટે ખાળકુવા બનાવવાની જગ્યા ન હોય આવા વિપરીત સંજોગોમાં આ નાગરિકો ભલે ભૂતકાળમાં શૌચાલય બનાવી શક્યા નથી. શૌચાલય એટલા માટે બનાવવા છે અને આપણે બધા જાણીએ છીએ. આપણે બધા સભ્યશ્રીઓ જયારે પ્રવાસ કરતા હોઇએ, હાઇવે ઉપર, રોડ ઉપર, બજારમાં જયારે નીકળતા હોઇએ ત્યારે ખાસ કરીને રાત્રીના સમયે આપણી બહેન દીકરીઓ, આપણી માતાઓને એમના ઘરે શૌચાલય ન હોય એટલે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની અંદર તેમણે ડબલું લઇને સંડાસ જવું પડે. કયાંક ઝાડી ઝાંખરું તો કયાંક બાવળની આડશ, કયાંક કોઇ મકાનની આડશ આવું બધું અંધારા સાથેનું શોધવું પડે. તે પણ કમનસીબ છે અને તે સત્ય છે કે આપણે બધાએ જોયેલું છે. હાઇવે ઉપર કોઇ ગામ આવેલ હોય, રોડ ઉપર કોઇ વસાહત આવી હોય અને આપણી બહેન દીકરીઓ સંડાસ ગઇ હોય અને કોઇ મોટરસાઇકલ નીકળે, કોઇ રિક્ષા, મોટર નીકળે ત્યારે આપણી બહેનો જે સંડાસ કરવા બેઠી હોય તેમને ઊભા થઇ જવું પડે. ફરી પાછા બેસે. આ પ્રમાણેની સામાજિક શરમની વાત આપણા ગુજરાત કે દેશને આ એકવીસમી સદીમાં સહેજ પણ પોષાઇ શકે નહીં. આપણો દેશ જયારે અનેક રીતે સર્વાંગી વિકાસ કરી રહ્યો હોય, આપણું ગુજરાત અનેક રીતે આગળ વધેલ હોય, લોકો સુખી, સંસ્કારી અને સંપત્તિવાન થયા હોય, ધંધો રોજગાર, ઇન્ફ્રાસ્ટ્રકચર બધુ ડેવલપ થયું હોય, આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણીની વ્યવસ્થા બધું જ આપ્યું હોય છતાં પણ જો આ પરિસ્થિતિ હોય તો તેને નિવારવી જોઇએ. નિવારવા માટે અનેક પગલાંઓ અમારી સરકાર તરફથી આપણે લીધા છે અને હજુ ભવિષ્યમાં આપણે લેવાના છીએ.

સરકાર તરફથી ગ્રામ પંચાયતોને લાખો રૂપિયાના અનેક સાધનો સફાઇ માટેના આપણે આપ્યા છે. ટ્રેકટરો, ટ્રોલીઓ, સાવરણાં જે જોઇએ તે બધુ આપીએ છીએ. નગરપાલિકામાં પણ આપણે આપીએ છીએ. મહાનગરપાલિકામાં કરોડો રૂપિયાના સાધનો રાજય સરકારના શહેરી વિકાસ વિભાગ તરફથી અને પંચાયત વિભાગ તરફથી ગામમાં અને શહેરોમાં આ બધી સહાય કરીએ છીએ. આમાં પ્રજાકીય ભાગીદારી જયારે માગીએ ત્યારે પ્રજા સામેથી કહેતી હોય છે કે તમે ચૂંટાયેલા લોકો કેવી રીતે યોગદાન આપશો. ચૂંટાયેલા હોદ્દેદારોમાં પણ રાજય સરકારના ધ્યાન ઉપર આવ્યું. તેમાં શહેરી વિસ્તાર, ઝૂંપડપટ્ટી વિસ્તાર અને ખાસ કરીને ગરીબ, આદિવાસી અને છેવાડાંના ગામડાંઓમાં ગ્રામ્ય વિસ્તારની અંદર હજુ શૌચાલયની વ્યવસ્થા ઘણા નાગરિકો ધરાવતા નથી. તે નાગરિકોને સરકાર આઠ હજારથી માંડી વધારે રકમની સબસીડી આપે છે. આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને તો પ્રજાકીય સહયોગ દાન મેળવીને દાતાઓને પણ આમાં જોડ્યા છે.

થોડા વખત પહેલા મુખ્યમંત્રીશ્રી નવસારી ગયા તો મુંબઇથી એક ઉદ્યોગપતિ જે નવસારીના વતની છે એ મુખ્યમંત્રીના કાર્યક્રમમાં ઉપસ્થિત હતા એમણે મુખ્યમંત્રીશ્રીને એમ કહ્યું કે મારે ગુજરાત માટે કંઇક કરવું છે. તો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને એમને કહ્યું કે, તમે એક કામ કરો તમારા જિલ્લામાં, તમારા વતનમાં ગરીબો માટેના જેટલા શૌચાલય બનાવવાના બાકી હોય એ બનાવી આપવાનું કામ તમે ઉપાડી લો અને મુખ્યમંત્રીશ્રીની લાગણી એ ઉદ્યોગપતિએ સ્વીકારી. જેઓ મુંબઇમાં રહે છે, જેમને ત્યાં રહેવાનું નથી એમણે આ લાગણી સ્વીકારી અને એમણે કહ્યું કે આ વિસ્તારના તમામ શૌચાલય સો ટકા મારા ખર્ચે મારા દ્વારા હું બનાવી આપીશ. આ રીતે જ્યારે પ્રજાકીય કામ સરકારે ઉપાડ્યું છે. ગઇ કાલે જ માનનીય આનંદીબહેન રાજકોટ માર્કેટયાર્ડના ઉદ્ઘાટન માટે આવ્યા હતા, હું અને માનનીય મંત્રીશ્રીઓ પણ ત્યાં ઉપસ્થિત હતા ત્યારે માર્કેટયાર્ડે ૧૧ લાખ રૂપિયાનો ચેક મુખ્યમંત્રીશ્રીની નીધિ માટે આપ્યો ત્યારે પણ ત્યાં આનંદીબહેને જાહેરાત કરી કે આ રકમ મારે સરકારમાં નથી લઇ જવાની પણ આ રકમ હું રાજકોટ જિલ્લા પંચાયતને આપું છું અને રાજકોટ જિલ્લા પંચાયત વિસ્તારના જે ગરીબોના શૌચાલય બાકી છે એ શૌચાલય બનાવવામાં સરકારની સબસીડી સિવાયની જે ગરીબ પોતાની રકમ જોડી ના શકતો હોય એવા લોકોને આ સહાય તમે આપજો. આ તો બે ત્રણ દાખલા મેં આપ્યા છે બાકી અત્યારે અમારા મંત્રીશ્રીઓ, ધારાસભ્યો, કાર્યકરો, સમાજ સેવકો, દાતાઓ આપણા પૂજ્ય સાધુ–સંતો એ બધાએ પણ આ ઝૂંબેશ ઉપાડી છે અને ગુજરાત સરકાર ઇચ્છે છે કે ૨૦૧૫ સુધીમાં ગુજરાતમાં કોઇ પણ ગરીબ વ્યક્તિથી માંડીને કોઇ પણ વ્યક્તિ એવી ના રહે કે જેના ઘરે પોતાનું વ્યક્તિગત શૌચાલય ન હોય, કોઇ પરિવારની માતા–બહેન–દીકરી એવી ના હોય કે જેને અંધારામાં સંતાતા સંતાતા સંડાસ જવું પડે એ શરમની સ્થાતિ આપણે ભૂંસી નાંખવા માગીએ છીએ અને એ માટે આ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા એના સભ્યોથી શરૂઆત કરવા માટે અમારી સરકારે આ નિર્ણય કર્યો છે કે આ કાયદામાં આપણે સુધારો કરીએ અને જે રીતે કેટલાક સંજોગોમાં દા.ત. જેમણે ટેકસ ના ભર્યો હોય, નગરપાલિકાનો વેરો બાકી હોય, પંચાયતનો વેરો બાકી હોય એ સભ્ય તરીકે ઊભા રહે તો એમનું ફોર્મ રદ થાય છે એવી જ રીતે આ કાયદો સુધારી હવે આપણે એવી જોગવાઇ કરીએ છીએ કે હવેથી ગ્રામ પંચાયતથી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટેની નવી ચૂંટણીમાં જે પણ ઉમેદવારો ઊભા રહેવા માગતા હશે એમણે લખીને આપવું પડશે ફોર્મમાં કે મારા ઘરે હું મારું પોતાનું પારિવારીક શૌચાલય ધરાવું છું. જેના ઘરે શૌચાલય નહીં હોય એ વ્યક્તિ ચૂંટણીમાં ઊભા રહેવા માટે લાયક રહેશે નહીં, એમનું ઉમેદવારી પત્ર રદ થશે એ પ્રમાણેનો સુધારો અમે આમાં સૂચવ્યો છે. બીજું નવી ચૂંટણીમાં તો લાગુ પડશે પણ અત્યારે જે હોદ્દેદારો છે એમાં આખા રાજયમાં જે તાલુકા, જિલ્લા, નગરપાલિકા, મહાનગરપાલિકાના હોદ્દેદારો છે અને હોદ્દા ઉપર ચાલું છે, એમને પણ ૬ મહિનાની અંદર સક્ષમ અધિકારીનો દાખલો લઇ અને રજૂ કરવાનો રહેશે કે આ જિલ્લા પંચાયતના સભ્યને ત્યાં કે આ નગરપાલિકા કે મહાનગરપાલિકાના કોરપોરેટરને ઘરે શૌચાલય છે એવો દાખલો એમણે ૬ મહિનાની અંદર રજૂ કરવાનો રહેશે અને જો એ રજૂ નહીં કરે તો એ હોદ્દા ઉપરથી અત્યારે ચૂંટાયેલા છે, હોદ્દો ધરાવે છે છતાં પણ ગેરલાયક ઠરશે. એ પ્રમાણેની એક અગત્યની જોગવાઇ સ્વચ્છતા અભિયાનને આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓ સરપંચથી માંડીને જિલ્લાના હોદ્દેદારો અને નગરપાલિકાથી માંડીને મહાનગરપાલિકાના મેયર સુધી લાગુ કરવાનું અમારી સરકારે નક્કી કર્યું છે એ સુધારો આમાં સૂચવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો જે સુધારો અમે સૂચવ્યો છે એમાં આ બિલમાં જે જોગવાઇ કરી છે એમાં અત્યારે મ્યુનિસિપલ કોરપોરેશન મહાનગરપાલિકામાં જે ચૂંટાયેલા સભ્ય હોય એની કોઇપણ કારણસર જગ્યા ખાલી પડે, કોઇ રાજીનામું આપે કે કોઇનું અવસાન થાય કે કોઇ બીજા કારણોસર ગેરલાયક ઠરે તો ૩ મહિનાની અંદર એ જગ્યા ભરવા માટેની પેટા ચૂંટણી કરવા માટેની અત્યારે મ્યુનિસિપલ એક્ટમાં જોગવાઇ છે, નગરપાલિકા એકટમાં એવી જોગવાઇ છે કે છ મહિનાની અંદર આ જગ્યા ભરવી. એક જગ્યાએ ત્રણ મહિના, એક જગ્યાએ છ મહિના, એટલે હવે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે એક નવો સુધારો દાખલ કરવા ઇચ્છયું છે જે આ બિલમાં અમે પ્રપોઝ કર્યું છે કે મહાનગરપાલિકામાં પણ ૩ મહિનામાં પેટા ચૂંટણી નહિ

પણ ખાલી પડેલી જગ્યા નગરપાલિકાની જેમ છ મહિનામાં ભરવાની રહેશે, એટલે એ સુધારો પણ અમે આમાં મૂક્યો છે.

એક બીજો અગત્યનો સુધારો આપણે આમાં મૂક્યો છે. અત્યારસુધી પંચાયત એકટમાં એવી જોગવાઇ છે જૂના સુધારામાં કે ૧૫૦૦૦ની વસતિ ધરાવતું એ ગામ કહેવાય, ૧૫૦૦૦ ઉપર વસતિ થાય તો જુની પદ્ધતિ એને નગરપાલિકા, બરો નગરપાલિકા, "ડ" વર્ગની નગરપાલિકા એમ ક્રમબદ્ધ રીતે નગરપાલિકા તરીકે આપણે એને જાહેર કરતા હતા, હમણાં તાજેતરમાં ૨૦૧૧માં સમગ્ર દેશમાં જે વસતિ ગણતરી થઇ, એ વસતિ ગણતરીમાં જે આંકડા ભારત સરકારે જાહેર કર્યા છે એ પ્રમાણે અત્યારે ગુજરાતમાં ૬૨ ગામો એવા છે કે જેની વસતિ ૧૫૦૦૦ થી વધુ પરંતુ ૨૫૦૦૦ સુધીની છે, આ ૨૫૦૦૦ સુધીની સંખ્યા ધરાવતા ગામોને પણ પહેલાં જે પંદર હજારે ગ્રામ પંચાયત પૂર્ણ થઇ જતી હતી અને પંદર હજારથી વધુએ નગરપાલિકા લાગુ પડતી હતી, એમાં હવે સુધારો કરીને, પંદર હજારે નહિ પણ ૨૫૦૦૦ થી વધુ વસતિ ધરાવતા હોય તો નગરપાલિકા અને ૧૫૦૦૦ થી ૨૫૦૦૦ સુધીની વસતિમાં વધારો કરીને ૨૫૦૦૦ સુધી જે ગામ વસતી ધરાવતું હોય એમને ગ્રામ પંચાયત તરીકે પ્રસ્થાપિત કરવી એવી આ નવા કાયદામાં જોગવાઇ કરી છે, એટલે કાયદામાં ૧૫૦૦૦ના બદલે ૨૫૦૦૦ એ શબ્દનો સુધારો અમે સૂચવ્યો છે. બીજું ચોથો જે સુધારો છે એમાં અત્યારસુધી ૩ હજારની વસતિ ગ્રામ પંચાયતની હોય તો ૩૦૦૦ની વસતિ દીઠ ઓછામાં ઓછી સાત સીટો પંચાયતના સભ્ય તરીકે આપણે આપતા હતા કાયદામાં જોગવાઇ હતી, અને સરપંચ જુદા અને કુલ આઠ જણાનું ગ્રામ પંચાયતનું બોર્ડ બનતું હતું. હવે જ્યારે આપણે ૨૫૦૦૦ સુધી ગ્રામ પંચાયત કરીએ છીએ તો પહેલાં એવું હતું કે, ૩૦૦૦ પછી એક હજારની વસતિ વધે તો બે સીટો વધે, બે હજાર વધે તો બીજી બે વધે, એ રીતે ક્રમવાર ગ્રામ પંચાયતના સભ્યોની સીટોમાં વધારો થતો હતો, એના માટે હવે અમે આ કાયદામાં સુધારો કર્યો છે અગાઉ એક હજારની વસતિ વધે તો બે સભ્યો વધતા હતા એ એક હજારના બદલે હવે ૩૦૦૦ની વસતિએ બે સભ્યો વધશે એ પ્રમાણેનો આપણે સુધારો કર્યો છે, આ એટલા માટે કર્યો છે હું થોડાક દાખલા આપીને સમજાવું તો દા.ત. કોઇ ૧૦૦૦૦ની વસતિ ધરાવતું ગામ હોય અને જૂના કાયદા પ્રમાણે એક હજારની વસતિએ બે સીટ વધારીએ તો ૧૦૦૦૦ની વસતિ વાળી ગ્રામ પંચાયતની અત્યારે સભ્ય સંખ્યા ૨૧ થઇ જાય, હવે ૨૧ની ગ્રામ પંચાયત, એની ચૂંટણી, એમના બેસવાની વ્યવસ્થા, આ બધા જે વહીવટી અને કાયદાકીય પ્રશ્નો થાય એને હલ કરવા માટે અમે જે સુધારો કર્યો એ પ્રમાણે હવે જ્યાં ૨૧ સભ્ય થવાના હતા એના બદલે ૧૩ સભ્યો થશે, એટલે સભ્યોની સંખ્યામાં થોડોક ઘટાડો થશે અને વધુ મતદાર ક્ષેત્ર એને આવરવાનું થશે, પ્રતિનિધિત્વ જળવાઇ રહેશે અને ગ્રામ પંચાયત સારી રીતે સરકાર દ્વારા જે લાખો, કરોડો રૂપિયાની ગુજરાત સરકાર હોય કે ભારત સરકાર હોય એ પંચાયત એકટ પ્રમાણે, નાણાં પંચો પ્રમાણે અને અન્ય જે ગ્રાન્ટ આપણે એ.ટી.વી.ટી.ની આપીએ છીએ, તાલુકા આયોજનની ગ્રાન્ટ આપણે આપીએ છીએ, જિલ્લા આયોજનની ગ્રાન્ટ આપીએ છીએ એની વ્યવસ્થા આ ચુંટાયેલી પંચાયત બોડીએ કરવાની છે. આ પ્રમાણેના ચાર સુધારા એક ફરજિયાત શૌચાલય, ના હોય તો ગેરલાયક. પછી બીજુ જે કહ્યું તે પ્રમાણે છ મહિનામાં કોર્પોરેશનની ચૂંટણી અને ત્રીજુ આપણે જે કહ્યું તે પ્રમાણે સભ્યની સંખ્યામાં મર્યાદા કરવાનું. આ જે સુધારા અમે અહીંયા લાવ્યા છીએ તે ચારેય સુધારા અમે આ બિલમાં રજૂ કર્યા છે. હવે નગરપાલિકાઓને ઓછી બનાવીએ અને ગ્રામ પંચાયતને વધારે બનાવીએ તો અમારી સરકારમાં, અમારા પંચાયત વિભાગ તરફથી રુર્બન પ્રોજેકટ માનનીય નરેન્દ્રભાઇ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આપણે જે અમલમાં મૂકેલો છે તે રુર્બન પ્રોજેકટ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આજે જ મને કહ્યું કે નીતિનભાઇ તમે જાહેરાત પણ કરજો કે આ પચ્ચીસ હજારની જે નગરપાલિકામાં સમાવિષ્ટ થવાપાત્ર ગામો થયા છે અને જે ગ્રામ પંચાયતમાં રહે છે તે તમામ ગામોને સરકાર તરફથી, અમારા પંચાયત વિભાગ તરફથી રુર્બન યોજના નીચે શહેર જેવી તમામ વ્યવસ્થાઓ પછી એ ભૂગર્ભ ગટર હોય, પાણી સમિતિ દ્વારા પીવાના પાણીના ઓવરહેડ ટેન્ક, સંપ, પાઇપ લાઇન, ટયુબવેલ જે કરવું હોય ધોબીઘાટ, બાથ બધુ બનાવી આપવામાં આવશે અને શહેર જેવી વ્યવસ્થા આ મોટી ગ્રામ પંચાયતોને પણ આપવાનું અમે સુનિશ્ચિત કર્યુ છે એ માટે આ કાયદામાં અમે સુધારો કર્યો છે. અમે તેના માટે નાણાકીય વ્યવસ્થાઓ પણ કરીશું, વહીવટી વ્યવસ્થાઓ પણ કરીશું. ગામડા જે અત્યાર સુધી

આપણે જોઇએ છીએ કે ગામડામાંથી લોકો સગવડ, વ્યવસ્થા નહીં મળવાના કારણે અથવા બીજા કારણે ભૂતકાળમાં જે શહેરો તરફ પ્રયાણ કરતા હતા તે શહેરો તરફ પ્રયાણ ના થાય અને ગામડાના લોકો ગામમાં જ રહી, પોતાના વતનમાં રહી ખેતી, વ્યાપાર, નોકરી, ધંધો, વ્યવસાય કરી પોતાના પરિવાર સાથે પોતાના વતનમાં જ રહે અને દાતાઓ, સરકાર બધાના સહયોગથી ગ્રામ્ય વિસ્તારનો પણ વધુને વધુ સારો વિકાસ થાય એ રીતે  આ સુધારા અમે આ બિલમાં લાવ્યા છીએ તો સર્વાનુમતે આપ સૌ મંજૂર કરો એવી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે.

શ્રી પરેશ  ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, નગરપાલિકા અધિનિયમ અને પંચાયત અધિનિયમને સુધારવા માટેનું વિધેયક જે આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવાની અનુમતિ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં બિલને પણ વાંચ્યુ છે અને માનનીય મંત્રીશ્રીને પણ હું સાંભળતો હતો. આ બિલના સરકારના ઉદ્ધેશ અને કારણો જે આપ્યાં છે તેમાં મુખ્ય ત્રણ વાતો વ્યકિતગત શૌચાલયનો ઉપયોગ વધે એવી સરકારની ઇચ્છા હોય અને એ ઇચ્છા આવકાર્ય છે. મુદ્દો બીજો છે કે, ખાલી પડતી જગ્યાઓને ભરવા માટે સમાનતા લાવવી જોઇએ. અને ત્રીજો મુદ્દો છે કે ગામડાઓને શહેર બનતાં અટકાવવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલા મુદ્દા તરફ આ સન્માનીય સભાગૃહનું ધ્યાન દોરવા માંગુ છું કે, નીતિનભાઇ શહેરી વિકાસ વિભાગનો હવાલો પણ સંભાળે છે એટલે ખાસ કરીને આપ સૌ વતી હું રજૂઆત કરવા જઇ રહ્યો છું. સ્વચ્છતા અભિયાન તે ભારત નિર્માણ કાર્યક્રમ અંતર્ગત નિર્મળ ભારત યોજના અને એ નિર્મળ ભારત યોજના અંતર્ગત સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન એ આ દેશમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં ૨૦૦૫થી આ કાર્યક્રમ લાગુ છે. આ કાર્યક્રમ દેશ સહિત ગુજરાતમાં લાગુ થયો ત્યારથી ગુજરાતમાં નીતિનભાઇ અને ભારતીય જનતા પાર્ટીની સરકાર નેતૃત્વ કરી રહી હતી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આપણે કોઇ યોજનાના અમલ માટે (અંતરાય) રજૂઆત સાંભળજો હું કોઇ ટીકાત્મક વાત કરવા નથી માગતો. સરકાર કોઇ પણ યોજના બનાવે કોઇ તત્વચિંતકે કહ્યું છે કે, યોજનાને લોકો કેટલી સરળતાથી તેને ગ્રહણ કરે છે તેની ઉપર યોજનાની સફળતા કે નિષ્ફળતાનો આધાર હોય છે. સરકારનો આશય બહુ સારો છે, સ્વચ્છતા જરૂરી છે, પૂજય મહાત્મા ગાંધીજીએ જે વિચારની વાવણી આ દેશમાં આઝાદી પહેલા કરી હતી તેને વટવૃક્ષ બનાવવા માટે આ સન્માનનીય ગૃહે ચિંતા કરવી જોઇએ. પરંતુ વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવતી અડચણ તરફ હું માનનીય મંત્રીશ્રી અને આ સરકારનું ધ્યાન દોરવા માગું છું. ગામડાંનો માણસ છું, આપ બધા ગામડાંનું પ્રતિનિધિત્વ કરો છો, ગામમાં આ નિર્મળ ભારત યોજના, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન એટલે એક વ્યકિતગત શૌચાલયનો કાર્યક્રમ, બીજું પ્રવાહી ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરની યોજના અને ત્રીજું ઘન ગંદા કચરાના નિકાલ માટેની વ્યવસ્થા. આ અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટની છેલ્લાં દસ વર્ષથી ગુજરાત સહિત સમગ્ર દેશમાં પૂરતી વ્યવસ્થા હોવા છતાં આપણે શૌચાલયોનો ટાર્ગેટ આજે દસ વર્ષ સુધીમાં પણ પૂરો કરી શકયા નથી. તેનું પાયાનું કારણ એ છે કે ફેઝ વન, વ્યકિતગત શૌચાલયોના કામો પૂરા થાય તો જ ભૂગર્ભ ગટરના કામો અપાય, અને ભૂગર્ભ ગટરના કામો પૂરા થાય તો જ ઘન કચરાના નિકાલની વ્યવસ્થા કરવા માટેના કામો અપાય. એટલે કોઇ વ્યકિતએ પંચાયતમાં ભૂગર્ભ ગટરના કામો ન આવવા દેવા હોય તો મારા દસ સમર્થકોને વ્યકિતગત શૌચાલય કરતા અટકાવું એટલે ગામના વિકાસના કામોમાં અવરોધ ઊભો થાય. એટલે મારી વિનંતી છે કે ગામમાં વ્યકિતગત શૌચાલયોનો ટારગેટ સો ટકા પૂરો કરવો હોય તો હવે જે બાકી રહેતા ગામો છે, ૭૦ ટકા કરતા વધુ જે ગામોમાં વ્યકિતગત શૌચાલયો થઇ ગયા હોય તેવા ગામોને ફેઝ ટુ નું અમલીકરણ કરી દેવું જોઇએ. મારે અભિનંદન આપવા છે માનનીય સૌરભભાઇને, અમારા પ્રભારી હતા અને રાજય સરકારમાં વાત લાવ્યા છે અને સાંભળવા મળ્યું છે કે કદાચ સુધારો જયંતિભાઇ લાગુ પાડવાના છે.

બીજો મુદ્દો મારો એ છે કે વ્યકિતગત શૌચાલયો જે ઘરમાં નથી થતાં અને હવે જે ગામોમાં ૩૦ ટકાથી ઓછા શૌચાલયો બાકી રહ્યા છે ત્યાં કામો કરવા માટે જે હાઉસ હોલ્ડર છે તેમની સક્રીયતાનો અભાવ છે અને તેના માટે રાજયએ સીધી વ્યવસ્થા કરીને, પંચાયતને નોડલ એજન્સી બનાવી અને આવા શૌચાલયોના કામો હાથ ઉપર લઇ અને પૂરા કરવા જોઇએ. બીજી વાત, શૌચાલયો ન હોય તો લોકપ્રતિનિધિ ન બની શકે, મને લાગે છે કે લોકશાહીમાં સામાન્ય માણસને આપણે ભારે મોટો ડામ દેવા જઇ રહ્યા છીએ. સ્વચ્છતાને બિલકૂલ સમર્થન આપીએ, પણ મારે આપના મારફત સન્માનનીય ગૃહના ઘ્યાન ઉપર એ મૂકવું છે કે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વ્યકિતગત શૌચાલયો ન હોય તો નગરપાલિકા, ગ્રામ પંચાયત, કોર્પોરેશનની ચૂંટણી નહીં લડી શકાય, આ રાજયમાં ઘણાં બધા લોકો ભાડાના મકાનમાં રહે છે. આપણે ત્યાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં લોક પ્રતિનિધિ બનવા માટે ચૂંટણી લડવા માટે એ ત્યાંનો વતની હોય અને મતદાર યાદીમાં નામ હોય તો એમને ચૂંટણી લડવા દેવી જોઇએ તેવી જોગવાઇ છે. આ બિલથી આની આડ અસર બહોળા વર્ગ ઉપર ઊભી થવાની છે. જે માણસ ભાડાના મકાનમાં રહે છે તે વ્યકિતગત શૌચાલયનું સર્ટીફિકેટ કયાંથી લાવશે? જે સ્થળાંતર કરતો સમૂહ છે તે લોકો વ્યકિતગત શૌચાલયનું સર્ટીફિકેટ કયાંથી લાવશે? જેઓ હાથ લંબાવી અને પેટનો ખાડો પૂરે છે તેવા ભિક્ષુકો વ્યકિતગત શૌચાલયનું સર્ટીફિકેટ કયાંથી લાવશે? ઝૂંપડપટ્ટીમાં રહેનારા ગરીબ, દલિત અને પછાત વર્ગના માણસો, આદિવાસી માણસો, માલધારી માણસો આ લોકો વ્યકિતગત શૌચાલયનું સર્ટીફિકેટ કયાંથી લાવશે? આની જો કોઇ ચિંતા આ બિલમાં થઇ હોત તો વઘુ સ્પષ્ટતા થઇ શકી હોત. પણ આ બિલની સાથે સરકાર આ બાબતની સ્પષ્ટતા લઇને નથી આવી. મને લાગે છે કે, આ લોકો માટે થઇને સરકાર ગંભીરતાથી નહિ વિચારે તો આવતી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં કોઇ ગરીબ માણસ, કોઇ પછાત વર્ગનો માણસ, કોઇ માલધારી કોઇ જંગલમાં રહેતો આદિવાસી કે કોઇ ભાડૂઆત કોઇ અનિયમિત વસવાટ કરતો પરિવાર કે ઝૂંપડપટ્ટીમાં વસતો પરિવાર આવતા દિવસોમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ નહિ લડી શકે. કયાંક આ સરકારશ્રી આ નાના લોકોને આપણા લોકશાહીના સ્તંભ સમાન ચૂંટણીઓમાં પ્રતિનિધત્વ કરતા અટકાવતી નથી ને એની મને ચિંતા છે અને એનો માનનીય મંત્રીશ્રી પાસેથી ખુલાસો માગુ છું.

એની સાથે જે બીજો સુધારો લઇને મંત્રીશ્રી આવ્યા છે એ અંગે મારો વિચારો રજૂ કરું છું. નગરપાલિકા અધિનિયમ અને કોરપોરેશન અધિનિયમની અંદર કોઇપણ કારણોસર ખાલી પડતી જગ્યાઓ છે એ જગ્યાઓ ભરવા માટે સમાનતા લાવવા માટે નગપાલિકામાં કોઇપણ જગ્યા ખાલી પડે અને એની જાણ થાય એનાથી છ મહિનામાં ફરી પાછી ચૂંટણી આપવાની જોગવાઇ છે. આની કોરપોરેશનને જાણ થાય ત્યારથી ત્રણ મહિનામાં ચૂંટણી આપવાની જોગવાઇ છે. મને આનંદ થાત કે માનનીય નીતિનભાઇ સાહેબે કહ્યું હોત, નગરપાલિકામાં તો છ મહિનાનો ગાળો છે, આ રાજયની પ્રજા એના પ્રતિનિધિ વગર ન રહેવી જોઇએ. કોરપોરેશન, નગરપાલિકા અધિનિયમમાં સુધારો કરે અને કોરપોરેશનના નિયમો લાગુ કરે. ત્રણ મહિનાની અંદર કોઇપણ જગ્યા ખાલી થાય તો ભરી દેવી જોઇએ એવું લાવ્યા હોત તો અમે આવકારત. એટલા માટે પહેલા તો ખાલી જગ્યાની તુરંત જાણ કરવા માટે જોગવાઇ સબંધિત સત્તા તંત્રને થવી જોઇએ. કોઇપણ જગ્યા ખાલી પડે તો ત્રણ મહિનાનો કોરપોરેશનનો કાયદો છે એ મુજબ બાકી બધી સંસ્થાઓમાં સમાનતા લાવે. વહેલામાં વહેલા લોકોને ચૂંટાયેલા પ્રતિનિધિ આપવા જોઇએ. ખાસ તો મારે મંત્રીશ્રીનું ઘ્યાન દોરવું છે કે નગરપાલિકા એટલે ૫ થી ૭ હજાર મતદારોનું પ્રતિનિધત્વ અને કોરપોરેશન એટલે ઓછામાં ઓછુ ૨૫ થી ૪૦ હજાર મતદારોનું પ્રતિનિધિત્વ. તો આપણે ૨૫ થી ૫૦ હજાર મતદારોને છ મહિના સુધી પ્રતિનિધિત્વ ન આપીએ એ બરાબર નથી. કારણ કે છ મહિના એટલે આખી ટર્મના કાર્યકાળના ૧૫ ટકા સમય તો આમાં વીતી જવાનો, તો આપના મારફત સરકારને વિનંતી છે કે જરૂર આમાં ફરી પાછો સુધારો લઇને આવે.

માનનીય નીતિનભાઇ શહેરી વિકાસ મંત્રી છે એમણે એક બહુ સારી વાત કરી કે ગામડાંની અંદર વસતિ વધી છે એટલે ગામડાં શહેર થતાં અટકાવવા માટેની વાત છે. એમને ગામડાંની શું કામ એલર્જી છે. ૧૮ હજાર ગામડાંનો ભાર માનનીય જયંતિભાઇ ઉપાડે છે એમાંથી ૬૨ ગામોને નગરપાલિકા

બનાવવાની ઘોષણા કરીને એમને એમ થયું કે અમે શહેરમાં રહીએ છીએ, આવું વાતાવરણ સરકાર શા માટે ઊભું નથી કરતી? આ દેશના સંવિધાનમાં જોગવાઇ છે કે સરકાર જે વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ઠ અને સ્પષ્ટ ઓથોરિટી તરીકે જાહેર ન કર્યું હોય તેવો રાજયનો કોઇપણ હિસ્સો પંચાયતનો ગણવો. મારે આપની મારફત વિનંતી કરવી છે કે આજે ગુજરાતના ૬ર જેટલાં ગામડાંને ગ્રામવાસીઓને શહેરો બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. માંડ માંડ વસતિ ૧૫ હજાર થઇ હશે એમને એમ હતું કે મારા ગામનો તલાટી કમ મંત્રી જવાબ નથી આપતો, ૧૮ હજાર ગામડાંમાં રાજય સરકારના પંચાયત કેન્દ્રો પર્યાપ્ત નથી એને પ્રાથમિક સુવિધા પૂરતા પ્રમાણમાં મળતી નથી. માનનીય નીતિનભાઇ સ્વીકારે કે રૂરલ પ્રોજેકટમાં સુવિધાઓ આપીશું. પરંતુ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આજના આ બિલના જવાબમાં કહેવું જોઇએ કે ૬ર ગામોનો શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ કરીએ છીએ. તેને નગરપાલિકા આપીએ અને તેને કલાસ–૧ ઓફિસર, તલાટી–મંત્રીથી રાડ પાડનારા ગામડાં અને ગ્રામજનોને છૂટકારો આપવા ત્યાં કલાસ–૧ ઓફિસર, ચીફ ઓફિસરની નિમણૂક થશે તો મને લાગે છે કે શહેરો તરફ ગામડાંઓનું જે પલાયન છે એ પણ અટકશે અને દરેક વ્યક્તિ પોતાના ગામડાંને શહેર બનાવવા માટે થઇને તેનું જોયેલું સપનું સાકાર થશે. જો આ બિલ કાયદો બનીને આવશે તો મને લાગે છે કે ગામડાંમાં શહેર બનાવવા પ્રયત્નશીલ જે ગ્રામવાસીઓ છે તેના સપનાનું આ બિલથી જ પાણીઢોળ થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો માણસ છું. કોઇ કલાકારને કહીએ કે ગામડાંનું પીક્ચર બનાવો. નીતિનભાઇ સાહેબ, તો એ ગામડાંના પીક્ચરનું જો વર્ણન કલાકારે કરવું હોય તો એ ગામડાંમાં માથે બેડું મૂકીને પાણી ભરવા જતી બહેનને દેખાડવી પડે એ તેની સમસ્યા છે. ગામડાંનું વર્ણન કરવું હોય તો ગામની બજારમાં વચ્ચોવચ ગંદા પાણીની ગટર નીકળી હોય, આવું ચિત્રણ ન કરે તો ગામડાંનું પીક્ચર અધુરૂં લાગે. ગામડું દોરવું હોય તો હાથમાં ફાનસ લઇ અને રાતે નીકળતો ગ્રામવાસી, તેના વગરનું ગામડું અધુરૂં લાગે. (અંતરાય) મારી કોઇ ટીકા નથી. હું ગામડાંની સમસ્યાઓ તરફ ઘ્યાન દોરી રહ્યો છું...

અઘ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને આપણે બોલવા દઇએ. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી તેનો જવાબ આપશે. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અઘ્યક્ષશ્રી, ગામડાંનું પીક્ચર દોરવું હોય તો હાથમાં લોટો લઇને જંગલમાં જતાં લોકોને જો ન બતાવે તો એ ગામડાંનું પીક્ચર અધુરૂં લાગે. આ ગામની મુખ્ય સમસ્યાઓ છે. આ સમસ્યામાં હાથમાં લોટો લઇને જતા લોકોને તેના ઘર આંગણે શૌચાલય મળે તેના માટે સમગ્ર દેશ સંકલ્પિત છે અને તેમાં મજબુતાઇથી આપણે આગળ વધીએ તેમાં અમારી પણ શુભ કામનાઓ હોય. માનનીય નીતિનભાઇ, મારે આપને વિનંતી કરવી છે કે ઘરે ઘરે શૌચાલય બનાવવા હશે તો તેની પાયાની સમસ્યા છે. ગામડાંમાં જંગલમાં જાય તો એક લોટા પાણીએ થાય અને શૌચાલયમાં એક બાલદી પાણીની જરૂર પડે છે. આ હસી–મજાકનો વિષય નથી. આ કડવું સત્ય છે. આપણે જાહેર શૌચાલયો બનાવીએ, નગરપાલિકા વિસ્તારમાં, નગરપાલિકા બરોમાં ગામડાંમાં સુંદર મજાનું આપણે સુલભ શૌચાલય બનાવ્યું હોય પણ મહત્તમ લોકો એ શૌચાલયથી દૂર રહે છે. કારણ કે એ શૌચાલયમાં પૂરતા પાણીની વ્યવસ્થા નથી અને પાણીના અભાવે તેની સ્વચ્છતા થતી નથી. સ્વચ્છતાના અભાવે આપણે સરકારે ખર્ચેલા લાખો અને કરોડો રૂપિયા તેનો લાભ ગામડાંનો છેવાડાનો ગરીબ, પછાત માણસ લઇ શકતો નથી. એટલે આ પાયાની સમસ્યાઓનું જો નિરાકરણ કરીશું તો મને લાગે છે કે ગામડાંની અંદર વ્યક્તિગત શૌચાલયો વધશે. આપણી નીતિઓ તેને અનુરૂપ કરીએ, ત્યાં પાણીની યોગ્ય વ્યવસ્થા થાય તેવું આયોજન કરીએ અને ભૂગર્ભ ગટર માટે પૂરતા પ્રમાણમાં આપણી પાસે રૂપિયા ઉપલબ્ધ છે ત્યારે ૭૦ ટકા કરતા વધુ જે ગામમાં વ્યક્તિગત શૌચાલય થઇ ગયા હોય ત્યાં ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરનું આયોજન કરીએ અને એ ભૂગર્ભ ગટર માટે અત્યારે માનનીય મંત્રીશ્રી જે મુખ્ય સમસ્યા છે કે ગામડાંમાં ભૂગર્ભ ગટરની યોજના, ભૂગર્ભ ગટર એટલે પાણીના લેવલથી જો ભૂંગળા બેસે તો જ એ યોજના સફળ થાય. દરેક પંચાયત કટકે કટકે ગંદા પાણીના નિકાલ માટેના જે કામો કરી રહી છે તેમાં તાંત્રિક માર્ગદર્શનનો અભાવ છે. એટલે દરેક ગામની ભૂગર્ભ ગટરની જે યોજનાઓ બને તેના માટે ટેકનિકલ આસિસ્ટન્ટ આપણે તેની સુવિધા પંચાયતોને, તાલુકા પંચાયતોને,

જિલ્લા પંચાયતોને, ગ્રામ વિકાસ એજન્સીને ઉપલબ્ધ કરાવીએ. તેના લાઇન લેવલ સાથેની આખી તાંત્રિક દરખાસ્તોને મંજૂર કરીએ અને પછી નાણાકીય ઉપલબ્ધતા મુજબ તેના જે કંઇ હિસ્સાને આપણે આગળ ધપાવીએ તો મને લાગે છે કે આપણું આ સ્વચ્છતાનું સ્વપ્ન પૂ. મહાત્મા ગાંધીજીએ જે બીજને રોપ્યું હતું તેને આપણે સૌ સાથે મળી વટવૃક્ષ બનાવી શકીશું અને આવતા દિવસોમાં સમગ્ર ભારતમાં ગુજરાત એ વધુ સ્વચ્છ, ગુજરાતનું ગામડું એ વધુ સ્વચ્છ ગામડું બની શકે. માટે આ સુધારાઓ રાજ્ય સરકાર જરૂર લઇને આવે એવી મારી વિનંતી છે અને ખાસ નીતિનભાઇ, જે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ચૂંટાયેલા લોકોને છ મહિનામાં વ્યક્તિગત શૌચાલય કરવું પડે એવી જવાબદારીઓ આપણે નક્કી કરીએ.એવી જવાબદારી આપણે નક્કી કરીએ એ સ્વીકાર્ય છે પણ જેને શૌચાલય ન હોય એને ચૂંટણી લડતો અટકાવાશે તો લોકશાહીને મોટો ધક્કો લાગશે અને આવતા દિવસોમાં નવું નેતૃત્વ લાગું કરવાની ઝંખના છે એ બાબતમાં સુધારો લાવીએ એ વાત સાથે મારા વિચારો અહીંયાં પૂરા કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪ના ક્રમ – ૨૭ ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મુખ્ય ૪ સુધારાના આધારે સરકારશ્રી જ્યારે આ વિધેયક લઇને આવી છે ત્યારે મારા સાથી ધારાસભ્ય મિત્રએ ચારેય સુધારા માટે એમના વિચારો અહીંયાં રજૂ કર્યા છે ત્યારે સરકારે જે ચારેય સુધારા મૂક્યા એ ચારેય સુધારાના ભાગરૂપે ખાસકરીને મહાનગરપાલિકાઓની જે જગ્યાઓ ખાલી પડે અને નગરપાલિકાઓની જે જગ્યાઓ ખાલી પડે, ગ્રામ પંચાયતની જગ્યાઓ ખાલી પડે એની ૩ મહિનાની મુદતમાં સુધારો કરીને ૬ મહિના કરવાની વાત છે એમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે એમને પ્રજા ચૂંટીને મોકલતી હોય છે ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રતિનિધિત્વ કરી શકતા હોય છે. લોકસભા અને વિધાનસભામાં ૬ મહિનાની અંદર ચૂંટણી કરવાનો કાયદો છે. લોકસભામાં ૧૦ લાખની વસ્તી હોય છે, વિધાનસભામાં ૨.૫ લાખની વસ્તી હોય છે. વસ્તીના ધોરણે ચૂંટણી યોજાતી હોય છે. ત્યારે મંત્રીશ્રીને કહેવું છે કે, ખાસ કરીને મહાનગરપાલિકાઓની અંદર પણ જે ૬ મહિનાનો કાયદો છે એના બદલે સુધારો કરીને ૩ મહિનાનો કાયદો કરવો જોઇએ એવું મારું સૂચન છે.

પંચાયતોની વાત થઇ. આ સભાગૃહમાં મારી ત્રીજી ટર્મ છે અને પંચાયતોની વાત કરીને જે રીતે સરકારે જે રજૂઆત કરી છે. લોકો ગામોમાંથી શહેરો તરફ વળ્યા છે. આજે સરકાર એવો સુધારો લઇને આવી રહી છે કે ૧૫૦૦૦ની વસ્તી ધરાવતા ગામો હશે એને કાયદા મુજબ નગરપાલિકામાં મૂકવાની વાત છે એમાં સુધારો કરીને ૨૫૦૦૦ની વસ્તી તરફ જઇ રહ્યા છીએ. માનનીય પરેશભાઇએ વાત કરી, એના લીધે ૬૨ ગામોને આનું સૌથી મોટું નુકસાન થવાનું છે. ભૂતકાળની અંદર ૩૦૦૦ની વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત બની છે, ભૂતકાળમાં ૧૫૦૦૦ની વસ્તી ધરાવતી નગરપાલિકાઓ બની છે. હવે ૨૫૦૦૦ની વસ્તી ધરાવતી નગરપાલિકાઓ નહીં બની શકતી હોય તો સરકારશ્રીએ વિચાર કરવો પડશે. ૨૫૦૦૦ની વસ્તી કરવાની વાત કરી છે ત્યારે સરકાર આના માટે શું વિચારશે? મંત્રીશ્રી એમના પ્રવચનમાં એના વિશે જણાવે એવી વિનંતી છે. ખાસકરીને જે મહત્વનો સુધારો લઇને આવ્યા છે. ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકામાં જેને ચૂંટણી લડવાની હોય એને પોતાનું શૌચાલય જોઇશે અને ૬ મહિનામાં જે જીતેલા લોકો છે એમણે પોતાનું શૌચાલય છે એવું સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. ડો. બાબાસાહેબ આંબેડકરે જ્યારે લોકશાહી અંગેનું બંધારણ બનાવ્યું ત્યારે લોકો જેમને જીતીને મોકલે એ લોકોને રાજ્ય કરવાનો અધિકાર આપ્યો છે. અને રાજ્ય કરવાના અધિકારના ભાગરૂપે સરકારની કે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ જયારે ચાલતી હોય એ વિવિધ યોજનાઓની અંદર એ ગ્રામ પંચાયતના જીતેલા સરપંચ હોય કે ત્યાંનો સભ્ય હોય કે પાર્લામેન્ટમાં જીતેલા એ સભ્ય હોય એના સર્ટીફીકેટની જરૂર પડતી હોય, સરકાર કંઇક જુદું વિચારે છે કે જીતેલા લોકો પોતાની પાસે શૌચાલય છે, નથી અને બનાવ્યું છે એના માટેનું સર્ટીફીકેટ એ બ્યુરોક્રીટસ એટલે કે સરકારી અધિકારીને આપવા જવું પડશે, જે ગૃહની અંદર, જે પંચાયતની અંદર જયાં કાયદો ઘડાતો હોય છે કાયદાનું પાલન કરવા માટે સરકારી અધિકારીશ્રીઓ બંધાયેલા હોય એ કાયદાના બનાવનાર વ્યકિતઓને નગરપાલિકા સુધી ગ્રામ પંચાયત સુધીના લોકોને સર્ટીફીકેટ આપીને પ્રમાણિત કરવું પડે એ મારી દ્રષ્ટિએ જીતેલા જે પ્રતિનિધિઓ છે

એના માટે અઘરું કાર્ય છે. દુઃખદ ઘટના પણ છે અને અઘરું પણ છે એટલા માટે કે જીતેલો પ્રતિનિધિ જયારે કોઇને સર્ટીફીકેટ આપતો હોય એ સર્ટીફીકેટ એ સરકારી અધિકારી જે એને મંજૂર કરતો હોય અને એને જયારે સર્ટીફીકેટ આપવાની વાત આવે મારી પાસે શૌચાલય છે આ વાત મને ગળે ઉતરતી નથી. જીતેલા સભ્યને પણ ગ્રામ પંચાયતમાં બેઠેલો એ સભ્ય આ વિધાનસભા ગૃહમાં બોલી શકતો નથી પણ આપણે સૌ મહાનગરપાલિકાથી માંડીને પંચાયતમાંથી આપણે આવીએ છીએ ત્યારે એ સભ્યોની જે મનની વેદના છે એના પર શું વીતશે, તે વાત હું સભાગૃહ સમક્ષ મૂકુ છું.

ખાસ કરીને મહત્વનો જે સુધારો લાવી રહ્યા છે કે ગ્રામ પંચાયતથી મહાનગરપાલિકાની ચૂંટણીની અંદર જેને પણ ચૂંટણી લડવી હશે એ ચૂંટણી લડવા માટે એણે પોતાનું શૌચાલય છે કે નહીં એ એના ફોર્મમાં દર્શાવવું પડશે. મિલકતોની વાત આવી હતી કે મિલકતો પોતાની દર્શાવવી પડશે, આ અચ્છે દિનમાં શૌચાલય પણ બતાવવાની વાત આવે એ મને સમજ નથી પડતી. ખાસ કરીને ચર્ચાના ભાગરૂપે માનનીય મંત્રીશ્રી જયારે વિધેયક લઇને આવ્યા છે ત્યારે એ જીતેલો પ્રતિનિધિ પોતે શૌચાલય ધરાવતો હોવો જોઇએ એ જે વાત લઇને આવ્યા છે, મને એવું લાગે છે કે સરકાર જે પ્રજાને મળતી સુવિધાઓ છે એ પાણીની સુવિધા હોય, ગટરની સુવિધા હોય કે શૌચાલયની સુવિધા હોય એ આપવામાં કદાચ કાચી પડી હોય કાં નબળી પડી હોય એવું આ બિલ ઉપરથી મને લાગી રહ્યું છે. હું એટલા માટે કહુ છું કે આ રાજયની અંદર ઝૂંપડા અને કાચા મકાનોની વસ્તી કુટુંબોની વસ્તી એ ૨૬ જિલ્લાઓમાં ૧૪,૧૭,૦૦૦ કરતા પણ વધારે છે. આ રાજયના ૨૫ જિલ્લાઓની અંદર ૩૧,૩૧,૦૦૦ કુટુંબો કે જે આજે પણ શૌચાલય વિહોણા છે એ આ ગુજરાત વિધાનસભાના રેકર્ડના આધારે હું વિધાનસભામાં માહિતી આપી રહ્યો છું. ગ્રામ પંચાયતનો જીતેલો સભ્ય એને પોતાનું શૌચાલય જોઇએ જ. આ રાજયની ઘણી ગ્રામપંચયતો આજે પણ એવી છે કે જે ગ્રામપંચાયતોની અંદર ત્યાં પણ પંચાયતઘરની અંદર શૌચાલયો નથી. જે સુવિધા સરકારે પૂરી પાડવી જોઇએ એ સરકારે સુવિધા ગ્રામપંચાયતમાં જયાં ના હોય અને જીતેલા પ્રતિનિધિઓ શૌચાલય લાવવાની વાત કરે એ મારી દૃષ્ટિએ બહુ યોગ્ય નથી.

રાજયની ૧૮હજાર કરતા પણ વધારે ગ્રામ પંચાયતો, ૨૪૯ કરતા વધારે તાલુકા પંચાયતો ૩૩ જિલ્લા પંચાયતો અને ૧૨૫ નગરપાલિકાઓ કરતા પણ વધારે છે. કોઇપણ વ્યકિતને શૌચાલય બનાવવું હોય એ માટે બે પ્રાથમિકતા જોઇએ. પહેલું એના માટે ગટરની વ્યવસ્થા જોઇએ અને બીજી પાણીની વ્યવસ્થા જોઇએ. નેશનલ પ્લાનિંગ કમિશનના આધારે ગુજરાત રાજયની અંદર ૨૦૧૧ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારની અંદર ૮૪.૯ ટકા લોકોને જ પીવાનું પાણી મળે છે અને શહેરમાં ૯૭ ટકા લોકોને પીવાના પાણીની સુવિધા છે. જયાં રાજયની અંદર જે ગ્રામ્ય વિસ્તાર છે કે જે શહેરી વિસ્તાર છે, જયાં પીવાના પાણીની વ્યવસ્થા ના હોય અને એને આપણે શૌચાલય બનાવવા માટે કાયદો લાવતા હોઇએ, સરકારે જો કાયદો જ લાવવો હોય તો પહેલા પીવાના પાણીની જે વ્યવસ્થા કરવી જોઇએ એ વ્યવસ્થા કરવી જોઇએ એ મારે સરકારશ્રીને કહેવું છે.ખાસ કરીને પ્લાનીંગ કમિશનના સેનિટેશન પ્રોગ્રામના આધારે કહું તો રાજયમાં ૩૨ ટકા જેટલા શૌચાલયો આજની તારીખમાં બનેલા હોવા છતાં પાણીની વ્યવસ્થા ન હોવાના કારણે તે ઉપયોગમાં આવતા નથી. આ રાજ્યની ૨૩ ટકા વસતિ એવી છે કે જે ગરીબ પ્રજા છે અને પૂરતા પૈસા ન હોવાના કારણે આ પ્રજા પોતે પોતાનું શૌચાલય બનાવી શકતી નથી.

અમદાવાદ શહેરની વાત એમણે કરી હતી. માનનીય મંત્રીશ્રીએ એમના પ્રશ્નોતરી વખતના જવાબમાં કહ્યું હતું કે આ રાજ્યનું સૌથી મોટું શહેર, જેને મેટ્રો શહેર તરીકેની યુ.પી.એ. સરકારે માન્યતા આપી હતી, એ મેટ્રો શહેરમાં આજે સરકારે સ્વીકાર્યું છે કે ૮૦ હજાર કરતાં પણ વધારે કુટુંબો પાસે અમદાવાદ જેવા મેટ્રો શહેરમાં શૌચાલયો નથી. ત્યારે બીજી નગરપાલિકાઓ, ગામો, તાલુકાઓ અને જિલ્લા પંચાયતોની શું પરિસ્થિતિ હશે એ આપણે સમજી શકીએ તેમ છીએ. નેશનલ પ્લાનીંગ કમિશનના રિપોર્ટના આધારે આજે રાજયમાં હાઉસ હોલ્ડ પાસે ૮૧.૮૧ ટકા જેટલા શૌચાલયોની વ્યવસ્થા છે અને સ્લમ વિસ્તારમાં ફકત ૫૭ ટકા લોકો પાસે શૌચાલયની વ્યવસ્થા છે. આ રાજ્યની ચાર મોટી મહાનગરપાલિકાઓ, અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા એની પરિસ્થિતિની વાત કરું તો હાઉસ હોલ્ડ પ્રમાણે નેશનલ પ્લાનીંગ કમિશનના

રિપોર્ટના આધારે આ હાઉસ હોલ્ડની અંદર ૮૪ ટકા લોકો પાસે શૌચાલયો છે. ૧૬ ટકા પાસે શૌચાલયો નથી. સ્લમની વાત કરું તો ૪ મોટા શહેરોમાં ૭૦ ટકા લોકો પાસે પોતાના શૌચાલયો છે. સ્લમ વિસ્તારની આ પરિસ્થિતિ છે ત્યારે અને જે રીતની આ પરિસ્થિતિના આધારે વર્ષોથી સ્વચ્છતા અભિયાનના નામે અલગ અલગ વાતો લઇને, અલગ અલગ પ્રોગ્રામો લઇને, યોજનાઓ લઇને દરેક સરકારો આવી છે ત્યારે ભૂતકાળમાં પણ યુ.પી.એ. સરકાર દ્વારા ભારત નિર્માણ યોજના હેઠળ યોજના મૂકી હતી. એ યોજનાના ભાગરૂપે શહેરી વિકાસ વિભાગમાં પીવાનું પાણી હોય, ગટર વ્યવસ્થા હોય કે શૌચાલયની વાત હોય એ શહેરી વિસ્તાર વિભાગને માટે પ્રાથમિક સુવિધાઓની બાબતો હતી. વર્ષ ૨૦૧૦–૧૧માં પીવાના પાણીની સમસ્યાના ભાગરૂપે અને સમગ્ર દેશમાં સેનિટેશન માટે અલગ વિભાગ કેન્દ્ર સરકાર દ્વારા ઊભો કરી અને અલગ વિભાગના આધારે એનું અલગ બજેટ પણ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના બજેટની ફાળવણીના ભાગરૂપે જે રીતે ૨૦૦૦–૦૨માં જે ૨ હજાર કરોડનું પીવાના પાણી અને શૌચાલય માટેનું બજેટ હતું એ ૨૦૧૪–૧૫માં ૧૧ હજાર કરોડ કરતાં વધારે થઇ ગયું છે. એના લીધે જે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે એ ડ્રીંકીંગ વોટર અને સેનિટેશન માટેપ્, એમાં ગુજરાત રાજ્ય માટે ૨૦૧૦–૧૧ થી ૨૦૧૩–૧૪ સુધીના છેલ્લા ચાર વર્ષમાં ૧૬,૯૫૦ કરોડ જેટલી માતબર રકમ યુ.પી.એ. સરકાર દ્વારા ગુજરાત સરકારને ગ્રાન્ટ અપાયેલી છે અને એ ગ્રાન્ટના આધારે આ રાજ્યમાં જ્યાં શૌચાલયો નથી, જ્યાં પીવાના પાણીની વ્યવસ્થા નથી, અને આપણે ફરજિયાત કાયદો લાવીને શૌચાલયની જ્યારે વાત કરી રહ્યાં છીએ ત્યારે ગુજરાત રાજ્યમાં શૌચાલયની બાબતમાં જે ૨૦૦૧ થી જુલાઇ ૨૦૧૪ સુધીનો જે પ્લાન ટોટલ હતો એ ૭૦૦૦૦ શૌચાલયો બનાવવાના હતા એની સામે ૫૯૦૦૦ શૌચાલયો બનાવી શક્યા હતા અને એના ભાગરૂપે પ્લાનિંગ કમિશનના રિપોર્ટના આધારે ગુજરાતે ૮૫.૨% કામગીરી કરી હતી અને તેની સામે મધ્યપ્રદેશે ૯૯.૮% કામગીરી કરી, તામિલનાડુએ ૧૦૪.૯%ની કામગીરી કરી અને હરિયાણા સરકારે ૧૦૭.૨% કામગીરી કરી. સરકારને પોતાનું બજેટ આવ્યાં પછી પણ સરકાર પોતે કામગીરી ના કરી શકી એના કારણે આજે બીજા રાજ્યો કરતા પણ કામગીરીનો રેશિયો આપણો નબળો હોવાના કારણે ટકાકીય માહિતી મેં આપેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ વિનંતી કરવી છે કે જે રીતે ચૂંટાયેલો પ્રતિનિધિ પોતાનું શૌચાલય જોઇએ એ વાત લઇને જ્યારે માનનીય મંત્રીશ્રી આવ્યાં છે ત્યારે આ દેશની અંદર ડો. બાબા સાહેબ આંબેડકરે જ્યારે બંધારણ બનાવ્યું ત્યારે એ બંધારણની અંદર જે કલમો છે અનુચ્છેદ ૨૪૩ થી માંડીને ૨૪૩–ઝેડ સુધી આ તમામ અનુચ્છેદમાં એક ગ્રામ પંચાયતની માંડીને મહાનગરપાલિકા સુધીની ચૂંટણી લડવા અંગેની નાણાકીય જોગવાઇઓ અંગેની, ઠરાવો કરવા અંગેની અલગ અલગ જોગવાઇઓ બંધારણની અંદર લખેલી છે. એકબાજુ ડો. બાબા સાહેબ આંબેડકરના બંધારણની એમ કહેવાય છે કે,

**''ગીતા સે હિન્દુ ચલતા હૈ, કુરાન સે મુસલમાન, બાઇબલ સે ઇસાઇ ચલતા હૈ,**
**ડો. બાબા સાહેબ આંબેડકરના બંધારણ સે પુરા દેશ ચલતા હૈ''**

આ કહેવત છે ત્યારે શું આપણે બંધારણ બદલવા જઇ રહ્યાં છીએ. ડો. બાબા સાહેબ આંબેડકરે આ ભારત દેશનો નાગરિક હોવો જોઇએ. એ રાજ્યનો વતની હોય એ વિધાનસભા લડવી હોય તો ગ્રામ પંચાયતનો સભ્ય હોવો જોઇએ. આ રાજ્યનો કોઇપણ મતનો અધિકાર ધરાવતો વ્યક્તિ એ જ્યારે ચૂંટણી લડવા માટે બંધારણીય જોગવાઇ મુજબ અધિકારીત છે, એ બંધારણીય જોગવાઇના ભાગરૂપે કોઇપણ વ્યક્તિને સરકાર ચૂંટણી લડતા રોકી શકશે નહિ. આ બંધારણીય કાયદામાં સુધારાના આધારે અને માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી કરું છું કે સરકારે જો કરવું જ હોય તો જે રીતે આ રાજ્યના આપણા મુખ્યમંત્રી હાલના ભારતના વડાપ્રધાન બન્યાં છે. હાઉસમાં સર્વાનુંમતે આ દેશના વડાપ્રધાનને આપણે સૌએ એમને અભિનંદન પણ આપ્યાં. સ્વચ્છતા અભિયાનનું મિશન લઇને નીકળ્યાં છે ત્યારે ગુજરાતના પ્લાનિંગ કમિશનના આધારે જે રિપોર્ટ આપી રહ્યો છું ત્યારે આપણા દેશના જ વડાપ્રધાન એ વખતે આ રાજ્યના મુખ્યમંત્રી હતા અને એમના સમયગાળા દરમ્યાન એ જ્યારે શૌચાલયો બનાવવાની કામગીરી થઇ નથી ત્યારે જો આપણે દેશના વડાપ્રધાન તરીકે ગુજરાતી તરીકે ગૌરવ લેતા હોય ત્યારે સભાગૃહમાં અભિનંદન આપતા હોય એનું ગૌરવ

લેતા હોય ત્યારે મારી સરકારશ્રીને વિનંતી છે કે આપશ્રી જે વિધેયક લઇને આવ્યાં છો, જે મુદ્દાઓ લઇને આપ આવ્યા છો, જે સુધારાઓ લઇને આપ આવ્યાં છો એ સુધારાઓની અંદર કોઇપણ વ્યક્તિને તમે ચૂંટણી લડતા રોકી શકશો નહિ. કારણ કે, એનું કારણ છે કે જે રીતે અનામતની જોગવાઇઓના આધારે વર્ણ પ્રમાણે એ ગ્રામપંચાયત હોય કે મહાનગરપાલિકા હોય એની અંદર અનામતની જોગવાઇઓના આધારે અનામતની સીટોની પણ ફાળવણી થતી હોય છે અને એના કારણે એ વ્યક્તિને આપણે અનામત રોકવા માટે, અનામતની સીટ ઉપર લડતા રોકવા માટે, આપણે શૌચાલયના બહાને અટકાવવા માટે લાવી રહ્યાં છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ચૂંટાયેલા પ્રતિનિધિને શૌચાલય જોઇએ તો જ એ ચૂંટણી લડી શકશે. કાલે તમે એવો સભાગૃહમાં નવો પણ કાયદો લાવી શકો છો કે, જેણે મત આપવો હોય એને પોતાનું શૌચાલય જોઇએ. પણ મારી વિનંતી છે કે, કોઇ પણ વ્યક્તિને ચૂંટણી લડતા ભારતના બંધારણની કલમો મુજબ ૨૪૩ થી ૨૪૩ Z સુધી આપણે જ્યારે એને રોકી શકતા નથી ત્યારે આપણે સુધારો લાવીને કોઇ વ્યક્તિને આ દેશના, ભારતના નાગરિકને આપણે ચૂંટણી લડતા કેવી રીતે રોકી શકીએ? એ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં મને જરૂરથી જણાવે.

મને એવું લાગે છે કે, સરકારે ખૂબ ઉત્સાહમાં આવીને પાંચ–દસ જણાને, પંદર–પચ્ચીસ જણા, બજારોમાં ઝાડુ લઇને નીકળ્યા હોય અને સ્વચ્છતા અભિયાનના નામે જીતેલા પ્રતિનિધિઓના નામે, જે કાયદો લાવવા જઇ રહ્યા છે, (અંતરાય) જે લોકોને સ્વચ્છતા અભિયાનની વાતો કરતા હોય અને સાથે મહાત્મા ગાંધીજીનો ફોટો છે અને મહાત્મા ગાંધીજીના નામે સ્વચ્છ અભિયાનની જેણે નિવ મૂકેલી હોય એ (અંતરાય) હર્ષદભાઇ હું આપને કહેવા માગુ છું કે, આપ આવો બહેરામપુરા વિસ્તારની અંદર જે વિધાનસભા વિસ્તારનું હું પ્રતિનિધિત્વ કરું છું, એ બહેરામપુરા વિસ્તાર અમદાવાદ શહેરની ટોટલી જે રોજબરોજનો કચરો ઉપાડવામાં આવે છે, જેના ડમ્પરો હિમાલય જેવા થઇ ગયા છે એ વિસ્તારનું હું પ્રતિનિધત્વ કરું છું, મારી આ મિત્રોને વિનંતી છે કે, સ્વચ્છતા અભિયાનના નામે જો સાચા અર્થમાં નીકળ્યા હોય, હું પણ તમારી સાથે ઝાડું લઇને આવવા તૈયાર છું. જે લોકો ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છતા અભિયાનમાં સાચા દિલથી જોડાયા હોય એને મારું આમંત્રણ છે કે, મારા બહેરામપુરા વિસ્તારમાં તમે આવો અને ઝાડુ લઇને સ્વચ્છતા અભિયાન કરો. હું સો ટકા તમને અભિનંદન આપીશ, તમને વંદન કરીશ. રાજયની જે પરિસ્થિતિ છે, માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) આ રિયાલીટીની વાત કરતા હોઇએ ત્યારે સાંભળવાની પણ તૈયારી રાખવી પડે. ખાલી પાટલીઓ થપથપાવીને સરકારને અભિનંદન ના આપવા જોઇએ. આપણે રાજ્યના જીતેલા પ્રતિનિધિઓ છીએ, મત લેવા માટે નીકળ્યા છીએ ત્યારે આપણે વિચારતા નથી કે, આ વ્યક્તિ મને મત આપશે કે નહીં આપે. આપણે જીત્યા પછી એ વિસ્તારનું ખરું પ્રતિનિધિત્વ કરતા હોઇએ ત્યારે આપણા સૌની ફરજમાં આવે છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ખૂબ ઉત્સાહમાં આવીને, ખૂબ લાગણીમાં આવીને જયારે આ બિલ લાવ્યા છો ત્યારે આ બિલ ને પ્રવર સમિતિને સોંપવામાં આવે છે અને નેકસ્ટ જયારે બજેટનું સત્ર આવે ત્યારે ફરી વખત એના ઉપર ચર્ચા રાખવામાં આવે એવી મારી વિનંતી છે. આભાર

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ જે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૪નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા(સુધારા) વિધેયક લાવ્યા છે તેના ઉપર હું મારા મંતવ્યો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદની વાત છે કે, શૌચાલયનું અભિયાન જે ચાલુ કર્યું છે એના માટે મહિલાઓને પણ જે ફાયદો થશે એ ખૂબ આનંદની અને ગર્વની બાબત છે. એના માટે હું અભિનંદન આપું છું પરંતુ સાથે સાથે એ પણ વિચારવાની જરૂર છે કે, કોઇ વ્યક્તિ એવો ન હોઇ શકે કે જેને પોતાનું ઘર હોય એવું ના ગમે. કોઇ વ્યક્તિ એવો ના હોઇ શકે કે જેને પોતાનું શૌચાલય હોય એવું ના ગમે. એવું કેમ હોય છે? એની પાછળનો અભ્યાસ કરવો પણ ખૂબ જરૂરી છે.

અત્યારે જે પ્રમાણેનું વિધેયક લાવ્યા છે, ૧૮,૦૦૦ કરતાં વધારે ગ્રામ પંચાયતો, ૨૪૯ તાલુકા પંચાયતો, ૩૩ જિલ્લા પંચાયતો, ૧૫૩ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકાના ટોટલ દોઢ લાખથી વધુ

જેટલી બેઠકો માટેની આ ચર્ચા છે. એવરેજ આપણે જોઇએ, બે થી ત્રણ લોકો ચૂંટણી લડે તો પણ સાડા ચાર થી પાંચ લાખ લોકોને સ્પર્શતી આ બાબત છે. એટલે ગંભીર વિચારણા માગી લે તેવી આ બાબત છે. કારણ કે, મારા ગયા વખતના વિધાનસભાના પ્રશ્નો ના જવાબમાં સરકારે જણાવ્યું કે, ૩૧.૩૧ લાખ ઘરો હજી એવા છે કે, જયાં શૌચાલયની સુવિધા નથી. એનો સ્પષ્ટ સંકેત થાય છે કે, એને ગુણ્યા એવરેજ ચાર વ્યકિત કરો તો લગભગ સવા થી દોઢ કરોડ લોકો એવા છે કે, જે ચૂંટણીથી વંચિત રહી જાય અને જે રીતે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જયારે ચૂંટણી ઢંઢેરામાં કહેલું કે, પોતે પચાસ લાખ ઘરો પાંચ વર્ષમાં બનાવશે.એવરેજ ચાર જણા ઘરમાં ગણો તો બે કરોડ લોકો એવા છે કે જેને પોતાનું ઘર નથી તો ઘર ન હોય તો શૌચાલય કયાંથી હોય? અને ૨૨–૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન હોય, ગુજરાતને જયારે મોડલ સ્ટેટ ગણાવી અને જયારે કેન્દ્રમાં પોતે સત્તા હાંસલ કરી હોય ત્યારે જયારે ગુજરાતની આ પરિસ્થિતિ હોય ત્યારે ખૂબ ચિંતાજનક બાબત કહેવાય. જો સરકારે ઘર ના બનાવ્યા, *(xxxxxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે અને આપ હવે સિનિયર સભ્ય થઇ ગયા છો એટલે આપને બધી વખત સૂચના ન આપવી પડે એવું ધ્યાન રાખો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : જગ્યાના અભાવે શૌચાલય બનાવવામાં આવતા નથી. ઘણાને પૈસાના અભાવે, ઘણા ચાલીઓમાં રહેતા હોય તો કોમન શૌચાલય પણ હોય છે એ વખતે એ લોકો પ્રાઇવેટ પોતાના શૌચાલય બનાવી શકે એવી જગ્યા પણ હોતી નથી. પાણીના પ્રશ્નોની અગાઉ સભ્યોએ વાત કરી એ પ્રમાણે પણ જગ્યાની એટલી જ વ્યવસ્થાની જરૂર હોય છે એટલે કે જયારે શૌચાલય એ પ્રાથમિક સવલતની બાબત હોય ત્યારે એ સુવિધા પૂરી કરવી એ સરકારની પ્રાથમિક ફરજ છે ત્યારે આને દરેક નાગરિકનો જે બંધારણનો હકક છે એના પર તરાપ મારવી એ કેટલે અંશે વ્યાજબી છે એ સરકારે પુનઃવિચારણા કરવી જોઇએ આના લીધે કોઇ ચોકકસ વર્ગને નુકસાન તો નથી થતુંને? જે મજબુર વર્ગ છે જે શૌચાલય બનાવી શકતો નથી એ વર્ગને વધારે મજબુર કરો એવી તો કોઇ સરકારની સ્ટ્રેટેજી ન હોઇ શકે. અમદાવાદ જેવા મેગાસીટીમાં પણ ૬૭૫૯૪ ઘર એવા છે કે જયાં શૌચાલય નથી. પહેલા શૌચાલય પછી દેવાલયની આપણે વાતો કરી પરંતુ ચાઇનીઝ પ્રમુખ જયારે આવ્યા ત્યારે એમની મુલાકાત વખતે કરોડો રૂપિયા ખર્ચી શાહીબાગ રીવર ફ્રન્ટ અને મોંટેરા સ્ટેડીયમ પાસે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાઇનીઝ પ્રમુખ આવ્યા એને અને આને કોઇ રીલેશન નથી એટલે આ જે બિલ છે એના ઉપર જ બહેન ચર્ચા કરો પ્લીઝ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ત્યારે લીલા પડદા બાંધી એને છૂપાવી દેવામાં આવ્યા. વાત હસીન છે પણ વાસ્તવિકતા ખૂબ વિકરાળ છે સ્વચ્છતા અભિયાનની વાતો કરી, સ્વચ્છ કચરો સ્વચ્છ જગ્યાએ નાખી અને સ્વચ્છ ફોટા પડાવ્યા અને મિડિયામાં બતાવ્યા પણ ખરેખર તો ગાંધીજીની જેમ જાતે સંડાસ સાફ કરે, એટલીસ્ટ પોતાના ટેબલ પણ જાતે સાફ કરે એટલી જો અંદરથી જાગૃતતા આવશે તો આ સરકારે કંઇ કરવું નહીં પડે. અમદાવાદ જેવા મેગાસીટીમાં પણ ૨૦૦ સ્થળ એવા છે કે જયાં શૌચ ક્રિયા માટે નાના બાળકો અને મોટાઓએ જાહેરમાં જવું પડે છે. એક પી.આઇ.એલ. પણ આ માટેની થયેલી છે. ગુજરાતમાં વિકાસ મોડલની વાતો કરવામાં આવી છે. ઘરે ઘરે શૌચાલયો બનાવવાની આપણે વાત કરી પરંતુ થોડા વખત પહેલા અખબારોમાં પણ એક વાત બહાર આવી હતી કે શૌચાલયો બનાવવામાં જૂની ઇંટો વાપરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : અખબારો આધારિત વાતો આપણે કહી શકતા નથી બહેન. આપણી પાસે કોઇ ઓથેન્ટીક પુરાવા હોય તો જ આપણે વાત કરીએ છીએ. અખબારો આધારિત વાતો આપણે નથી કરતા.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : બાંધકામોમાં પણ ગેરરીતિ કરવામાં આવે છે અને પર્ટીકયુલરલી અમુક જ એજન્સીઓને, અમુક સ્વૈચ્છિક સંસ્થાઓમાં જોડાયેલા હોય એવાને જ આ કામ આપવામાં આવે છે એવી પણ વારંવાર ફરિયાદ બહાર આવે છે. જો વાયદા પ્રમાણે આ સરકાર અને કેન્દ્ર સરકાર ચાલે અને જો કાળુ ધન વાપસ આવે અને પંદર પંદર લાખ રૂપિયા જો ખાતાઓમાં જમા થઇ જાય તો પૈસાની જે અગવડો છે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ગરીબોની એ દૂર થાય અને તો ચોક્કસ ઘરે ઘરે શૌચાલય બની જાય. સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન પ્રમાણે આખા દેશમાં ૩૧ માર્ચ, ૨૦૧૧ સુધીમાં જે કન્યાઓ ભણતી હોય એવી શાળાઓમાં શૌચાલય ફરજિયાત અને અલગથી શૌચાલય બનાવવું એવી ગાઇડલાઇન સુપ્રીમ કોર્ટે આપી છે છતાંપણ આપણે ત્યાં ગુજરાતમાં ૨૦૧૩ની સ્થિતિએ ઘણીબધી શાળાઓ એવી છે જ્યાં કન્યાઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા નથી. મંત્રીશ્રીએ વાત કરી કે કોઇ સભ્ય ચૂંટણી ન લડી શકે અથવા તો એ પંચાયતમાં ચૂંટાયેલા હશે તો પણ રદ થાય.તો આપણે તપાસ કરવી જરૂરી છે કે ગ્રામ્ય પંચાયતો પુરતી છે કે નહિ? ગ્રામ્ય પંચાયતોમાં શૈ ાચાલયો છે કે નહિ? એ પણ સરકારની જવાબદારી બને છે. અને આ વ્યવસ્થા પણ પૂરી કરવાની સરકારની ફરજ છે. આ વિધેયક લાવ્યા એ મહિલાઓ માટે ખૂબ સારી બાબત છે. શૌચાલયો વધારે બને અને આપણો લક્ષ્યાંક ૧૦૦ ટકા પૂરો થાય તો એના માટે ખૂબ આનંદની વાત છે, પણ જે રીતે બંધારણ પર તરાપ મારવામાં આવે છે અને જે રીતે ગરીબ માણસનો હક્ક છિનવાઇ જાય એ યોગ્ય નથી એટલું જ કહી વિરમું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૭–સન ૨૦૧૪નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા સુધારા વિધેયક લાવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

મારી ખાસ વિનંતી ગુજરાતની જે ૧૮૦૦૦ ગ્રામ્ય પંચાયતો છે. તે ગ્રામ્ય પંચાયતોમાં લગભગ ૮૦ ટકા ગ્રામ્ય પંચાયતો એવી છે કે જ્યાં શૌચાલયો નથી અને ગ્રામ્ય પંચાયતો પછી તાલુકા પંચાયતો એમાં શૌચાલયો છે, પણ જે મહિલા માટે અલગ રાખવામાં આવે તેવા શૌચાલયો નથી. શૌચાલયો હોય તો જૂના, ભંગાર થયેલા છે. અત્યારે હાલ ઉખડીને પડ્યા હોય તેવી પરિસ્થિતિમાં છે. હું મારો દાખલો આપું સાણંદ નગરપાલિકા વિસ્તારમાં અમુક સામૂહિક શૌચાલયો ચાર–પાંચ જગ્યાએ બનાવેલા. અત્યારે આ શૌચાલયો બિલકુલ બંધ અને તૂટી ગયેલા છે. સવારમાં લોકો પોતાના ડબલા, બોટલો ભરીને જાય છે અને સંડાસ જઇ સંડાસ પણ સાફ કરતા નથી અને સ્વચ્છતા અભિયાનમાં જે લખેલ છે, તે ખરેખર ગંદકી જોવા મળે છે અને ખરેખર નગરપાલિકા વિસ્તારના તમામ જયાં જયાં શૌચાલયો છે, એ તોડી બિલ્ડરો મકાનમાં પડે છે. જયાં બાથરૂમ હોય, જૂના નગરપાલિકાના શૌચાલયો તોડીને તેને મંજૂરી આપી મકાનો બનાવવાનાં કામો કરે છે. ગામડામાં ખાસ વિનંતી છે કે લગભગ ૮૦–૮૫ ટકા લોકો ઘરે શૌચાલયો નથી. જાહેરમાં ડબલા લઇ ખેતરોમાં બાવળિયામાં, રોડની સાઇડમાં જાય છે. તો મારી ખાસ વિનંતી છે કે જે ગામડાઓમાં શૌચાલયો ન હોય અને નગરપાલિકા વિસ્તારમાં જ્યાં જ્યાં શૌચાલયો તૂટી ગયા છે એ શૌચાલયો નવેસરથી ઊભા કરી જાહેર જનતા, ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને સુવિધા મળે તેવી વિનંતી છે.

બીજી વિનંતી છે કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અત્યારે હાલ સાણંદમાં, અમદાવાદ જિલ્લામાં ઝૂપડપટ્ટી વિસ્તારમાં શૌચાલયો કોઇને નથી તે તમામ લોકો બાજુમાં જે કઇ હોય ત્યાં કોઇપણ આડ લઇને સંડાસ જાય છે. બીજી ખાસ વિનંતી છે કે નળસરોવર પક્ષી અભયારણ્યમાં લોકો પ્રવાસીઓ અત્યારે નવેમ્બર, ડિસેમ્બરમાં આવવાના તો ત્યાં આગળ ચા–પાણી, નાસ્તો એની કોઇ સુવિધા નથી. ત્યાં પ્રવાસીઓ આવે છે એમને સંડાસ જવું હોય તો ૨ કિ.મી. સુધી દૂર જવું પડે છે. અને સાધનોનું પાર્કીંગ પણ ૨ કિ.મી. દૂર કરાવે છે. ત્યાં આજુબાજુ શૌચાલય પણ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર નળ સરોવર પક્ષી અભયારણ્ય જંગલ ખાતાનું અને ગુજરાતમાં પ્રખ્યાત અને મોટામાં મોટું સરોવર છે. ત્યાં નવેમ્બર ડીસેમ્બરમાં સારા એવા પક્ષીઓ આવે છે. ગુજરાતના તમામ ખૂણામાંથી ત્યાં પ્રવાસીઓ આવે છે. પ્રવાસીઓની ફી લેવાય છે. પ્રવાસીઓના જે સાધન હોય બાઇક અને બીજું બધું તે બે કીલોમીટર દૂર પાર્ક કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય કરમશીભાઇ આપણે બિલ ઉપર આવી જઇએ. હવે આપણે બિલ ઉપર આવી જઇએ. બીજા બે બિલ બાકી છે એટલા માટે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને ખાસ વિનંતી કે સરકારના દરેક મંત્રીશ્રીઓ એક–એક જાહેર શૌચાલય સફાઇનું અભિયાન હાથ ઉપર લે. અમે વિપક્ષના તમામ ધારાસભ્યો તૈયાર છીએ. આવી રીતે કરવામાં આવશે તો ગુજરાતની પ્રજાને અને અમે તો કરીશું. મારી આ ખાસ વિનંતી છે.

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ હવે નળ સરોવર વારંવાર રીપીટ ન કરો. એકની એક વાતો ન કરો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ :નળ સરોવર પક્ષી અભયારણ્ય છે. ત્યાં આગળ જે પ્રવાસીઓ આવે છે તેમને બે કીલોમીટર દૂર વાહનો પાર્ક કરવા પડે છે.

અધ્યક્ષશ્રી : આ વાત તમે કહી ચૂક્યા છો. આ વાત તમે કરી દીધી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નથી. એ પણ આજથી બે વર્ષ પહેલાં નળ સરોવર ગયેલા ત્યારે બંને બાજુ તમામ પ્રવાસીઓને ચા–પાણી નાસ્તા માટેની દુકાનો હતી, ત્યાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક ઝૂંપડામાં બેસીને બાજરાનો રોટલો માખણ ખાધું હતું.

અધ્યક્ષશ્રી : આપણે બિલ ઉપર આવી જાઓ. બાજરાના રોટલા માટે ક્યારેક ટાઇમ મળશે તો વાત કરીશું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : ત્યાં જે હતું તે બધુ તોડી નાંખી મોટો ખાડો કરી અને પ્રવાસીઓ માટે ગંદકી જેવું કર્યુ છે. પ્રવાસીઓ તો ઠીક પણ આજુબાજૂના લોકોને હેરાન પરેશાન થાય તેવી પરિસ્થિતિ ઊભી કરી છે. મારી ખાસ વિનંતી કે આવા પ્રવાસના સ્થળો હોય તે જગ્યાએ આવી સુવિધાઓ ઊભી કરવામાં આવે. ત્યાં આગળ પીવાનું પાણી નથી. જાજરૂ બાથરૂમની સગવડ તો નથી.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ પહેલા ત્રણ બિલ મંજૂર થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : ત્રણ બિલ પૂરા થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : કોઇ વાંધો નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એ કહેવા માગું છું...

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ તમારા માટે સમય નથી લંબાવ્યો. સમગ્ર ગૃહ માટે લંબાવ્યો છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી ખાસ રજૂઆત છે.

અધ્યક્ષશ્રી : હજું આપણા નટવરસિંહ બાપુ તૈયાર છે. તે આવે જ છે. તેમની ચિઠ્ઠી આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે રજૂઆત કરવાની હોય તે રજૂઆત તો મારે કરવી જોઇએ ને. મારા મત વિસ્તારમાં અહીં મુખ્યમંત્રીશ્રી નથી નહીં તો મારે તેમની રૂબરૂમાં જ કહેવું હતું કે તે પોતે બે વર્ષ પહેલાં આ ઝૂંપડીમાં બેસીને જમેલા. તે બધુ જંગલ ખાતાએ તોડી નાંખી મોટા ખાડા કરી માટી બાજુમાં નાંખી પહાડ જેવું કર્યુ છે. તેનાથી પ્રવાસીઓને ખૂબ મુશ્કેલી પડે છે.

અધ્યક્ષશ્રી : આપને નળ સરોવરની ખૂબ ચર્ચાઓ થઇ ગઇ છે. એકની એક વાતો ઘણીવાર રીપીટ થઇ છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં આગળ પ્રવાસીઓને...

અધ્યક્ષશ્રી : ત્યાં આગળ શું કરવું જોઇએ તે કહો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં પ્રવાસીઓને પીવાનું પાણી મળે, શૌચાલય થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. અત્યારે ત્યાં જંગલ ખાતાનું રેસ્ટ હાઉસ છે તેમાં સંડાસમાં પાણી નથી. ખરેખર પ્રવાસીઓને આવી સુવિધા આપવી જોઇએ. તેવી મારી ખાસ વિનંતી છે.

અધ્યક્ષશ્રી :માનનીય કરમશીભાઇ મને માહિતી છે ત્યાં સુધી ટુરિઝમ વિભાગમાં સૌરભભાઇએ ત્યાં આ બધુ ટોઇલેટ અને અન્ય ફેસીલીટી માટે બે–અઢી કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. પ્લાનિંગ થઇ ગયેલ છે અને આ બધુ ટેન્ડર પ્રક્રિયામાં છે.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એની અંદર મારા પોઝિટિવ સૂચનો રજૂ કરું છું. સૌથી પહેલા તો સફાઇ હોવી જરૂરી છે, આરોગ્ય માટે પણ સફાઇ હોવી જરૂરી છે, આરોગ્ય માટે જાજરૂં હોવા જરૂરી છે કેમ કે જેને કારણે ઘણાં આરોગ્યના પ્રશ્નો પણ થતા હોય છે. આપણે બધા ૧૮૨ જણ પ્રજાને વિકાસની વાતો કરીને આવીએ છીને અને આપણા બધાની અંદર કંઇક ખેવના હોય છે કે આપણે કંઇક કરીએ, આપણે કંઇક કરીએ અને આપણે પ્રજાને બતાવીએ કે જેથી

આપણે ફરી ચૂંટાઇને આવીએ એ આશાએ આપણે યોજનાઓ કરતા હોઇએ છીએ. આઝાદીથી અત્યાર સુધીની જે જે સરકારો આવી, જે જે મુખ્યમંત્રીઓ આવ્યા એમના સમયના ટોટલ બજેટનો સરવાળો મારો આપણા ગુજરાતનું એક કામ પૂરું કરી શક્યા છીએ? ગુજરાતના તમામ રોડ શું આપણે બનાવી નાંખ્યા છે? તમામ જાજરૂ બનાવી શક્યા? તમામ સરપંચોને લાભ આપી શક્યા? તમામ નગરપાલિકાઓને લાભ આપી શક્યા? નથી આપી શક્યા. કારણ કે આપણે માટી પર લીંપણ કરીએ છીએ અને માટી પરનું લીંપણ લાંબો સમય ચાલતું નથી. સફાઇ કરવી છે તો શું આપણે પંચાયતોની અંદર કામ કરનાર સફાઇ કામદાર હરિજનોનો પગાર ચાલું કર્યો? હું ઘણાં ગામોમાં જઉં છું, કહીએ કે લગ્નમાં આવ્યા છીએ અહીંયા સફાઇ કેમ નથી? તો કહે છે કે અમે એક પણ વ્યક્તિ સફાઇ કામદાર તરીકે રાખી શકીએ એટલી અમારી આવક જ નથી તો અમે સફાઇ કેવી રીતે કરાવી શકીએ? ૫૦–૧૦૦ રૂપિયા આપે ગામડાંના હરિજન ભાઇને અને એ લગ્ન પૂરતું સાફ કરી નાંખે અહીંનો કચરો ત્યાં નાંખી દે છે.

આપણે એ.ટી.વી.ટી.ની યોજનાઓ મૂકી, ૨૫ ટકા ગામોનું અમલીકરણ નક્કી કર્યું કે જેથી કરીને કામો થઇ શકે. પ્રભારી મંત્રી આવે છે ૫૦ ટકા ગામો લઇ લે, પથ્થર નાંખવાની વાતો આવે, પક્ષના કાર્યકરો તો માની લે. ગટર અને પાણીને પહેલી પ્રાથમિકતા આપવી જોઇએ આપણે. આપણે ભંડોળ તો બહુ ફાળવ્યું, કેન્દ્ર સરકારની મારી પેટલાદ તાલુકાની સફાઇ યોજનાના એક એક ગામની ૨૦–૨૦ લાખની યોજના મંજૂર કરાવી લાવ્યો, ૩ વર્ષથી યોજના મંજૂર થઇ છે પણ ગાંધીનગરની અંદર ફાઇલ પડી રહી છે એ ૩ વર્ષ પહેલા ૨૦–૨૦ લાખ ગામને મળ્યા હોત તો ગામને કેટલો ફાયદો થાત? ટૂકડા કરી નાંખીએ છીએ પૈસાના એ બરાબર નથી. એક વખત નક્કી જ કરી નાંખો આખા રાજયનું ૫૦ ટકા બજેટ આપણે સફાઇ પાછળ જ વાપરવું છે. એક વર્ષ રોડના ખાડા નહીં પૂરીએ તો શું મરી જવાના છીએ આપણે? એક વર્ષ તળાવો ઉંડા નહીં કરીએ તો શું બધા ડૂબી જવાના છીએ? કંઇક પ્લાનિંગ ભેગા થઇને કરો તો જ કલ્યાણ થવાનું છે, તો જ રાષ્ટ્રનું ઉત્થાન થવાનું છે. થીગડાં માર્યે કશું જ થવાનું નથી. બધાને બધું જ કરવું છે, કોઇને કશું છોડવું નથી તો કેવી રીતે ચાલશે? સફાઇ કરનાર માણસોને લાભ જ નથી આપવો, એને પગાર ઉંચો નથી આપવો તો સફાઇમાં કોણ આવવાનું છે? આપણાથી થતી નથી, આપણે કરાવવા માટે કોઇ પ્રોત્સાહન આપતા નથી તો એના માટે પણ કાયદા બદલવા પડશે.

બીજી મારે તમને એક વાત કહેવી છે કે, જાજરૂ મેં બનાવી દીધું એનું સર્ટીફિકેટ જ મહત્વનું છે? એ જાજરૂનો ઉપયોગ કેટલો કરે છે કોણ સારી રીતે કરે છે અને એને કેટલી સારી સુવિધા મળે છે કે નહીં? એ પણ વિચારવાની જરૂર છે. મારે ત્યાં પેટલાદની એક ચાલી છે એનો માલિક મીલ માલિક છે ૪૦૦ કરતા વધારે કુટુંબો રહે છે એ બધા કર્મચારી હતા મીલના એટલે એને ૧૦ બાય ૧૦ ની ખોલી આપી છે અને ૫ ફૂટનો રસ્તો છે બે ઘર વચ્ચે ત્યારે જાજરૂ ક્યાં બનાવશે? ઘરની અંદર બનાવશે તો આરોગ્ય બગડશે. એક બાજુ સુવિધાની વાત કરીએ છીએ અને બીજી બાજુ એને મુશ્કેલીઓ ઊભી કરીએ છીએ. રસ્તા વચ્ચે બનાવે તો અવર–જવરમાં ઝગડો થવાનો છે તો બનાવશે ક્યાં? કંઇક પ્લાનિંગ એવું બધા ભેગા થઇને કરો કે જાજરૂ પણ થાય અને ઝગડો પણ ન થાય અને એને સારી સુવિધા મળે. નગરપાલિકામાં મારી સાથે નીતિનભાઇ હતા ત્યારે સફાઇ અભિયાનમાં જાજરૂ બનાવ્યું હતું, નગરપાલિકાએ સફાઇનો કોન્ટ્રેક્ટ આપ્યો એ મળતિયાને આપ્યો, સફાઇ આજની તારીખે નથી થતી, નળ તૂટી ગયા છે લોકો બોટલો લઇને જાય છે. ૧૦ લાખનું એ જમાનામાં જાજરૂ બનાવ્યું હતું આપણે, નીતિનભાઇ, આપ સાક્ષી છો. આજની તારીખે કોર્પોરેશનના બાથરૂમમાં હું જોઉં છું તો ગંદકી હોય છે. આપણી પોતાની આ બાજુની બાથરૂમની ઉપરની છતમાંથી ગંદુ પાણી ટપકે છે આપ જઇને જોઇ લેજો. પહેલા આપણાથી શરૂ કરીએ, સરકારી ઓફીસોમાં કમ્પ્લીટ જાજરૂ બાથરૂમ કરી દો, આપણી વિધાનસભામાં સારા બાથરૂમ સંડાસ બનાવો, આપણે જ્યાં રહીએ છીએ નિવાસ સ્થાનમાં એની અંદરથી શરૂઆત કરો, આપણાથી સ્વથી શરૂઆત કરો તો બીજાને આપણે કહી શકીશું. એ લોકો સરકારી બાથરૂમોમાં જાય છે અને પછી આવીને ટીકા કરે છે, તમે કાયદા બનાવ્યા, ગ્રાન્ટો આપી, તમારામાં જ સારું નથી તો અમારામાં તમે શું સારું કરવાના છો, કુવામાં હોય તો હવાડામાં આવેને, એટલે મહેરબાની કરીને જે પણ યોજના બનાવો સારી બનાવો, ગામડાની અંદર જાજરૂ પહેલાં બનાવીશું તો એનો નિકાલ કેવી રીતે

કરવાનો? માથે મેલું ઉપાડવાનું તો બંધ કરી દીધું છે આપણે. તો એ જાજરૂ જશે તો નિકાલ કઇ રીતે કરીશું. ગટર તો બનાવવી પડશે. અત્યારે જે ગટરો ગામડાંમાં બનાવી છે જે ધોવાના પાણીની એ તળાવોની અંદર મૂકી છે, એ તળાવોમાં છોડાય છે તો તળાવના પાણી ગંદા થશે. એના લેવલનું વિચાર્યું? એના પોન્ડ બનાવવા પડશે. જગ્યાનો વિચાર કર્યો, એના શુદ્ધિકરણના પ્લાન્ટો બનાવવા પડશે એનું વિચાર્યું? પ્લાનીંગ બરાબર કરવું પડશે. દસ ગામ લઇ લો, પહેલાં કેન્દ્ર સરકારે મધ્યાહન ભોજન યોજના મૂકી, દસ જિલ્લામાં એનું ઇમ્પ્લીમેન્ટ કર્યું. સફળ થયા, પછી બાકીના જિલ્લામાં મૂકી. પછી રાજ્યમાં મૂકી અને પછી રાષ્ટ્રમાં મૂકી, તબક્કાવાર કરોને. અમુક જિલ્લાઓની અંદર અમુક નિયમો પ્રમાણે કરો કે ભાઇ "એકસ" જિલ્લાને રોડ આપી દેવા છે ગામડા સુધીના ખેતરો સુધીના, "વાય" ને જાજરૂ આપી દેવાના છે, એમ પ્લાનીંગ બધા ભેગાં થઇને કરો, મને વિચાર આવ્યો એટલે મેં અમલીકરણ કર્યું કાયદો બનાવ્યો, મારી રીતે બનાવીને મેં મૂકી દીધો, બહુમતીથી પસાર કરીશું.

પબ્લિક આપણી સામે જૂએ છે, કાયદાનો અભ્યાસ કરે છે, મેં મારા બીઝનેસનું હેન્ડબિલ છપાવ્યું હતું, ૧૦૧ ઇનામો લખ્યા હતા પણ ભૂલથી ૧૦૦ છપાયા હતા તો કોઇનો ફોન આવ્યો કે તમે ૧૦૧ લખ્યા છેને ૧૦૦નું લિસ્ટ છે, લોકો બહુ ઝીણવટથી આપણી સામે જૂએ છે, એ બોલતા નથી, પણ બધા બુદ્ધિશાળી છે, નાનામાં નાનો અભણ માણસ પણ બુદ્ધિશાળી છે અને વિચારે છે કે આ લોકો ભેગા થઇને પ્લાનીંગ પ્રોપર નથી કરતાં એની ચર્ચા કરતા હોય છે, અને કહે છે કે તમે વિરોધપક્ષમાં રહીને શું કરો છો? એવું પણ કહેતા હોય છે અમને, ભાઇ તમે ઉભાં થઇને બોલજોને હું કંઇ તમારામાં નહિ બોલું. માણસ બૂમો એ પાડે છે કે જેમનામાં આઇક્યુ ના હોય, વિચારો ના હોય એ જ બૂમો પાડે, એ જ ધમાલ કરે, આ લોકશાહીના મંદિરની વાતો થઇ સવારે અને બુમો પાડો છો બેઠાં બેઠાં, ચર્ચા કરો, વિચાર કરો, કાયદાનું પૃથ્થકરણ કરો, નડતા કાયદા બદલો, કંઇ ના છે, શું કરવા બે દિવસ ભેગાં થઇએ છીએ, થાઓને બાવીસ દિવસ, ૩૬૫ દિવસનો પગાર લઇએ છીએ. લઇએ છીએને આપણે? બેસોને વધારે, ચર્ચા કરો, કોણ ના પાડે છે? જ્યારે હોય ત્યારે સમય સમય સમય એમ બોલ્યા કરો છો જાણે સમય માટે જ આપણે જન્મ્યા હોય એમ. પહેલાંમાં પહેલાં તો મોટા ઉદ્યોગપતિઓને ટાઇટ કરો કે તમારી કંપનીઓમાં જાજરૂ માટેની ફેસેલિટી છે? શહેરોમાં શો રૂમો બન્યા છે બધા, એની અંદર જાજરૂ બાથરૂમ છે?, ત્યાં લેડીઝોને જવું હોય, ગામડાની લેડીઝ ખરીદી કરવા આવી હોયને બાથરૂમ સંડાસ જવું હોય તો એની ફેસેલિટી નથી, એ ઇન્કવાયરીઓ કરો પહેલાં, દવાખાનાઓની અંદર, અમારા પેટલાદના જ ઘણા એવા દવાખાનાઓ–ડિસ્પેન્સરી એવી છે કે જેની અંદર જાજરૂ બાથરૂમ જ નથી, શું એ લોકોને જરૂર ના પડે? પ્રાથમિક વસ્તુ, પાયાની શરૂઆત કરો, ગામડાની અંદર ગટર લાઇન નાંખી, એ ફેઇલ ગઇ છે. શાથી ફેઇલ ગઇ? એમની પાસે ટેકનીકલ નોલેજવાળા એન્જીનીયરો જ નથી, કોન્ટ્રાક્ટ આપી દીધો, બે લાખ રૂપિયાનું ફંડ મેં ધારાસભ્ય તરીકે ફાળવી દીધું એક શેરીમાં નાંખી, પણ એની ગટર લાઇન શરૂ કરવી પડે, તળાવથી એને ઢાળ આપવો પડે, કુદરતી પાણી જવાનું છે, સફાઇની કુંડીઓ મૂકવી પડે, સફાઇના માણસ એની પાસે હોવા જોઇશે, નહિતર ગટરો ઉભરાશે એટલે ગંદકી આપણે પાછી નવી ઊભી કરીશું, એટલે જે પણ પ્લાનીંગ કરો એ વ્યવસ્થિત કરો અને એ કરીશું તો એનું રિઝલ્ટ મળશે, પૈસા જે પબ્લિક ખર્ચે છે એનું વળતર આપણે આપીશું.

બીજી વસ્તુ એ છે કે ગટર માટેના જે ઓછામાં ઓછા ખર્ચે ઘણી વખત એવું બને છે કે તમે ગટર નાંખી હોય પણ એ ઓછાં પૈસા ખર્ચવા માટે એકની પાઇપ નાંખી હોય, હવે એ જગ્યાએ વધારે ઘરો થયા છે એટલે એ બદલવા બીજા પૈસા ફાળવો એટલે પાછી ૨.૫ની પાઇપ નાંખવાની. એટલે આપણે લીંપણ જ કરીએ છીએ. ઘણી જગ્યાએ પાણીની પાઇપ લાઇન નાંખીએ છીએ બે ની નાંખી હોય, પછી એ જ જગ્યાએ મલ્ટી સ્ટોરીડ બીલ્ડીંગ બનીને ૫૦ મકાનો બને તો પ્લાનીંગ એવું કરવુ પડે કે ૫૦ મકાન બને તો પણ પાઇપ બદલવી ના પડે, પાઇપ બદલવા માટે આપણે જે બ્લોક નાંખ્યા હોય એ ખોલવાના, આર.સી.સી. કરેલું હોય તે તોડવાનું. ફરી પાછું એને બનાવવાનું? ગામડામાં એના રિપેરીંગ માટેના પૈસા નથી પાછા ઠોકરો ખાતા થઇ જાય, એ આર.સી.સી.ના પૈસા વેસ્ટ જાય છે, બ્લોકના પૈસા વેસ્ટ જાય છે, પ્રથમ એવું નક્કી કરો કે ગટર જ કરી નાંખવી છે, પછી નક્કી કરો કે આર.સી.સી. કરવી છે, પછી નક્કી કરો કે આપણે જાજરૂ બનાવવા છે,

તબક્કાવાર જઇશું તો આપણને રીઝલ્ટ મળશે. ૧૦–૧૫ વરસની અંદર આપણે ભારતની અંદર, ગુજરાતને સારી જગ્યાએ, ગતિશીલ જગ્યાએ મૂકી શકીશું. પણ પ્લાનીંગ વગર જો મારે કરવું જ છે, મારે બતાવવું જ છે તો પછી એ તમને મુબારક અહીં બેઠેલાં ૧૮૧ની આ બધી ક્ષતિઓ ગણાશે. આમાં આ પક્ષની કે આ પક્ષની વાત નથી પણ જનરલ છે. એજ્યુકેશન પાછળ પૈસો ખર્ચ્યો તો એજ્યુકેશન પાછળ ખર્ચો કે ભાઇ સ્કૂલોને કમ્પલીટ કરી દેવી છે સ્કૂલોમાં પાણી, સ્કૂલોમાં જાજરૂ, સ્કૂલોની લાઇટસ, સ્કૂલોના કોમ્પ્યુટર્સ, સ્કૂલોના પંખા,તેના પાથરણાં, તેની બેન્ચીસ તેની એક સીસ્ટમ આખી ઊભી કરી દો. એક વસ્તુ તમે જુઓ તો પછી તેનું મેઇન્ટેનન્સ કરવાનું રહે એ રીતનું આપણે આયોજન કરીએ એવી મારી માગણી છે. આપણે ફરી કંઇક એવું કરીએ કે જેથી કરીને માથુ ઉંચુ રાખીને આપણે ગુજરાતના લોકો બહાર જઇએ તો કહે ગુજરાતમાં આવજે અચ્છે દિન ગુજરાતના આવી ગયેલાં ગણાશે. નહીંતર આ બધા થીગડાં લાગશે એવું મારું અંગત માનવું છે. એટલે ફરી નવેસરથી કંઇક જાગીએ આપણે અને કંઇક નવેસરથી કરીએ એટલે અહમ રાખ્યા વગર કંઇક સારું લાવો અને સારું કરો એવી શુભકામના.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા બિલ ઉપર માનનીય પાંચ સભ્યશ્રીઓએ તેમના વિચારો વ્યકત કર્યા છે, સૂચન કર્યા છે, ટીકા પણ કરી છે અને સારા સૂચનો સ્વીકારવા પાત્ર જે છે તે અંગે પણ તેમણે ટીકા–ટીપ્પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરંજનભાઇ જે બોલ્યા ૨૨ વર્ષ, શૈલેષભાઇ અને બધા બોલ્યા કે ૨૨ વર્ષથી તમારી સરકાર છે. મારે તો ખરેખર નિરંજનભાઇ અત્યારે ધારાસભ્ય થયા એવા જો વહેલા થયા હોત કોંગ્રેસનો જયારે મધ્યાહ્નને સૂરજ હતો માધવસિંહભાઇ અને અન્ય સરકારો હતી ત્યારે આ બધું કહ્યુ હોત કે એક સાથે શાળા કરો, એક સાથે રસ્તાનું કરો (અંતરાય) આ જનરલ વાત છે સાંભળો તમે. સર્વાંગી વિકાસ કરવો એ સરકારની જવાબદારી છે દરેક ક્ષેત્રનો વિકાસ કરવો, ભૌગોલિક ક્ષેત્રનો વિકાસ કરવો એ બધીજ સરકારની કામગીરીનો એક મોટો ભાગ છે. અહીંયા તમે જે વાત કરી કે ૨૨ વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકાર છે અને પ્રજા બધુ ઝીણામાં ઝીણું જુએ છે. ગુજરાતની પ્રજાએ બધુ ઝીણામાં ઝીણું જોયુ એટલે જ ર૨ વર્ષથી અમે અહીંયા છીએ અને ૨૨ વર્ષથી આપ ત્યાં છો અને કેન્દ્રમાં તમે હતા ત્યાં અમે છીએ. પ્રજાની નજર છે જે અમે સ્વીકારીએ છીએ કે પ્રજા બધુ જ જુએ છે,મૂલ્યાંકન કરે છે, સમજે છે. ઘણી વખત તમે એમ કહો છો કે પ્રજાને ભોળવી દીધી, બહેન બોલ્યા કે છેતરી દીધી એવું નથી થતું. પ્રજા બુદ્ધિશાળી છે આપણે એમ માનવાની જરૂર નથી કે આપણે અહીં બેઠેલા એકલા જ બુદ્ધિશાળી છીએ તમામ લોકો બુદ્ધિશાળી છે, પણ કોઇ બોલે ના બોલે, સમય આવે એટલે બોલે અને સમય આવે એટલે ચૂંટણી લોકશાહીમાં પ્રજાએ વારંવાર બતાવ્યું છે કે વિધાનસભા હોય, નગરપાલિકા કે તાલુકા જિલ્લા પંચાયત હોય કે છેલ્લી લોકસભા હોય. એટલે અમે આ બધુ જોઇને પ્રજાની નાડ પારખી, પ્રજાની સમય સંજોગો પ્રમાણેની જરૂરિયાત સમજીને અમે આ બધુ કરી રહ્યાં છીએ. અમે કોઇને ખુશ કરવા માટે, કોઇને બતાવવા માટે, કોઇ ભાષણ કરવા માટે, કોઇ ટૂંકાગાળાના નિર્ણયો અમે કરતાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મને તો એ નવાઇ લાગી કે આ નાનો સુધારો છે કે શૌચાલય બનતા વધુ થાય તે માટે મિત્રો સૂચનો આપશે. પણ કમનસીબે કોઇએ ભિખારી કયાંથી ઊભો રહેશે, વિચરતી જાતિવાળો કયાંથી ઊભો રહેશે, ભાડુઆત કયાંથી ઊભાં રહેશે, એ રીતના સૂચનો માફ કરજો પણ નકારાત્મક સૂચનો આપે કર્યા છે. માનનીય તેજશ્રીબહેન બોલ્યા કે આટલા સભ્યો સંડાસ વગરના ઉભાં રહે તો આટલા લાખ લોકોને ઉભાં રહેવાની તક ના મળે. સહેજ પોઝીટીવ થીંકીંગ આપે કર્યુ હોત કે ચાર લાખ લોકો તમારા શબ્દો પ્રમાણે, અમે આવુ માનતા નથી કે જેને ત્યાં શૌચાલય ના હોય એ ઊભા રહેવા આવે, એમની તક જતી રહે. તમે એવું વિચાર્યુ હોત પોઝીટીવ કે આ ચાર લાખ લોકો ઊભા રહેવાની ઇચ્છા વ્યકત કરે છે તે તમામ શૌચાલય બનાવી દેત તો ચાર લાખ લોકોને શૌચાલય તેમના પરિવારની પાંચની વસતિ ગણીએ તો વીસ લાખ લોકોને શૌચાલય પ્રાપ્ત થયા હોત. માનનીય નરેન્દ્રભાઇ હંમેશા કહે છે કે પાણીનો ગ્લાસ અડધો ભરેલો હોય અને અડધો ખાલી હોય તો જે નકારાત્મક વિચાર વાળા માણસ હોય તે એમ કહેશે કે અડધો ગ્લાસ ખાલી છે. અને પોઝીટીવ થીંકીંગ ધરાવતા હશે તે એમ કહેશે કે અડધો ભરેલો છે. અને હવે અડધો જ

ભરવાનો બાકી છે. આ પ્રમાણે સરકાર પોઝીટીવ થીંકીંગ સાથે દરેક વિચારને અમલમાં મૂકવા માટે કાયદાકીય જોગવાઇઓ કરે છે. આજે શૌચાલય બનાવવાની નાની વાત મૂકી છે.

આપે કહ્યું કે ગરીબ, આદિવાસી, દલિત આ બધાનો અધિકાર ઝૂંટવાઇ જશે. આ બધા ચૂંટણીમાં ઊભા નહીં રહી શકે, પણ તમારી જાણકારી માટે કહું કે તમે જે સમાજના વિસ્તારની વાત કરો છો એ વિસ્તારોમાં તો ૭૦ થી ૮૦ ટકા લોકો આ વ્યવસ્થા ધરાવી ચૂકયા છે. અને મારે આભાર માનવો છે માનનીય સભ્યશ્રી શૈલેષભાઇનો, એમણે આયોજન પંચના આંકડાઓ વાંચ્યા અને એમણે કહ્યું કે શહેરી વિસ્તારોમાં આટલા ટકા અને ગ્રામ્ય વિસ્તારોમાં આટલા ટકા સુવિધા ધરાવે છે. ગુજરાતની ૬ કરોડની વસતિ ગણીએ તો ૧ કરોડ અને ૨૦ લાખ ઘરો થાય, અને એમાં આપણે મોટા ભાગના લોકોને આ વ્યવસ્થા આપીએ છીએ. અમે ફકત કાયદો કરી અને રહી જતા નથી. આ ભારતીય જનતા પક્ષની માનનીય આનંદીબહેન પટેલના નેતૃત્વ વાળી સરકાર ગરીબોને નાણાકીય સહાય પણ આપે છે. શહેરી વિસ્તારોમાં ૮ હજાર રૂપિયા સબસિડી આ શૌચાલય બનાવવા માટે અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ હજાર રૂપિયા સબસિડી શૌચાલય બનાવવા માટે આપવામાં આવે છે. અમે માત્ર કાયદો નથી કરતા, પણ આ મધ્યમવર્ગના, ગરીબ અને વંચિત લોકો છે એમને નાણાકીય સહાય પણ આપીએ છીએ. અને એ રીતે શૌચાલયો બનાવવા માટેની જોગવાઇ પણ કરીએ છીએ.

માનનીય શૈલેષભાઇએ સંવિધાનની કલમો વાંચી અને બંધારણની જોગવાઇઓ ટાંકી અને કહ્યું કે તમે અધિકાર છીનવી લો છો. ગુજરાત પંચાયત અધિનિયમ છે તેનો અભ્યાસ પણ મેં અત્યારે કર્યો, તમારા સૂચન પછી હું વાંચી ગયો, તો વિવિધ અનેક એવી જોગવાઇઓ છે, ગુનેગાર ઠર્યા હોય, સજા થઇ હોય તો ચૂંટણીમાં ઊભા નથી રહી શકતા, પંચાયત કે નગરપાલિકાનો ટેકસ ઓવરડયુ હોય તો ઊભા નથી રહી શકાતું અને એમનું ફોર્મ રદ થાય છે. જુદી જુદી રીતે ગુનામાં આવ્યા હોય તો ફોર્મ રદ થાય છે. પંચાયત અને નગરપાલિકાની જોગવાઇઓનો ભંગ કર્યો હોય તો તેમનું ફોર્મ રદ થાય છે. બે થી વધુ બાળકો ધરાવતા હોય તો તેના માટે ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે કાયદો કરેલ છે. દેશમાં વસતિ નિયંત્રણ કરવા માટે ચૂંટાયેલા લોકો પણ સહભાગી થાય અને દેશની વસતિ કૂદકે અને ભૂસકે વધતી જાય છે તેમાં ચૂંટાયેલા લોકો દ્વારા સન્માનજનક મેસેજ મળે તેના માટે બે કરતા વધુ બાળકો ધરાવતા હોય તો પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ચૂંટણીમાં ઊભા રહી શકાતું નથી. તો આવી કાયદાકીય જોગવાઇઓ આપણે કરીએ જ છીએ. એમ આ પણ એક સુધારો થયો છે. મને તો ભારતીય જનતા પક્ષના એક મહિલા ધારાસભ્યશ્રીએ ચીઠ્ઠી મોકલી અને સૂચન કરેલું કે ભવિષ્યમાં એવો કાયદો પણ કરો કે સ્મોકીંગ કરતા હોય તો પણ તેઓ ચૂંટણીમાં કયાંય ઊભા ન રહી શકે. પણ આ એક પોઝીટીવ થીંકીંગ છે. કેટલું અમલમાં આવે કે ન આવે તે અલગ વિષય છે. પણ સારા, પ્રજાકીય સ્વચ્છતાના કામો થતા હોય તેમાં એક એક પગથીયું આગળ ચડી શકાય, કોઇ દસ માળની ઇમારત હોય તો સીધું દસમાં માળે ન પહોંચી શકાય, પણ પહેલું, બીજું, ત્રીજું એમ કરીને પહોંચી શકાય, એમ આખા ગુજરાતના ગામડાંને આવરી લેવા હશે તો ક્રમવાર અનેક આયોજનો કરવા પડશે. આ પૈકીનું આ એક આયોજન છે. મેં પ્રશ્નોત્તરીમાં કહ્યું હતું કે સરકાર કરોડો રૂપિયાની ગ્રાન્ટ પંચાયતને સાધનો લાવવા માટે, નગરપાલિકાને સાધનો લાવવા માટે આપે છે અને આ બધું કરી રહી છે. આ બિલમાં શૌચાલયો સિવાય આ ૩ સુધારા બાબતમાં આપ સૌ તરફથી કોઇ સૂચનો કે ટીકાત્મક બાબતો આવી નથી. એક વાત આપણે કરી કે ત્રણ મહિનાને બદલે છ મહિના કોરપોરેશનની પેટા ચૂંટણીમાં કર્યા તો લોકસભા અને વિધાનસભા એમાં પણ લાખોનું પ્રતિનિધત્વ કરતાં હોય છે એમાં પણ છ મહિના સુધીમાં આપણે ચૂંટણી કરીએ છીએ. આપણે છ મહિનાનો કાયદો કર્યો છે એ બધો જ વિચાર કરીને કર્યો છે. શહેરી વિસ્તાર વધતો હોય, પ્રતિનિધિઓ સંસ્થાઓ બહુ વધતી હોય ત્યારે નિયમો અને કાયદામાં એકરૂપતા આવે એના માટે જોગવાઇ કરી છે.

સ્વચ્છતા માટે આપ સૌ જયારે જયારે સરકારનો કોઇ કાર્યક્રમ હોય કે આપનું કોઇ આયોજન હોય અથવા આપની ગ્રાન્ટમાંથી ફાળવણી કરવાની હોય એ અંગે જણાવું કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતીય જનતા પક્ષના અમારા તમામ સંસદસભ્યોને એમ કહ્યું કે આ વર્ષે તમારી એમ.પી.

ગ્રાન્ટમાંથી મોટી રકમ એટલે કે એક કરોડ કરતાં વધારે રકમ ગરીબોના શૌચાલય બનાવવા અને સ્વચ્છતા માટેની કામગીરી માટે ફાળવવા, આ પ્રમાણેની વ્યવસ્થા જયારે માનનીય વડાપ્રધાનશ્રી કરતા હોય તો આપણે કાયદામાં સુધારો કરવો જોઇએ. મને ખાતરી છે કે ભવિષ્યમાં કોઇપણ લોક પ્રતિનિધિ નહિ રહે કે જેમના ઘેર શૌચાલય ન હોય. કેટલાક પ્રશ્નો છે માનનીય નિરંજનભાઇએ ચાલીનો પ્રશ્ન રજૂ કર્યો એ વાસ્તવિક પ્રશ્ન છે એનો ઉપાય એ છે કે નગરપાલિકા કે મહાનગરપાલિકાને રાજય સરકાર પે એન્ડ યુઝ ટોઇલેટ અને બાથરૂમ બનાવવા માટે ગ્રાન્ટ અને સબસિડી આપે જ છે અને જમીન પણ આપે છે. ત્યાં સામૂહિક જાજરૂ બાથરૂમ બને તો બહેનો નાહી પણ શકે અને સંડાસ પણ જઇ શકે. આપણે આજુબાજૂના લોકોને ફ્રી પાસ આપીએ છીએ. આ રીતની વ્યવસ્થા પણ સરકાર કરે છે.

માનનીય સભ્યશ્રી બાવકુભાઇએ પ્રશ્ન લખીને મોકલ્યો છે એની સ્પષ્ટતા જરૂરી છે. એમણે પૂછયું છે કે અત્યારે ૨૫ હજારથી ઓછી વસતિ ધરાવતી નગરપાલિકાઓ છે એની શું સ્થિતિ થશે? તો કાયદાકીય જોગવાઇ એવી રાખી છે કે અત્યારે હયાત નગરપાલિકાઓ બની ચૂકી છે એની જે વસતિ હશે એ પ્રમાણે એને નગરપાલિકા તરીકેનો એનો હોદ્દો અને ગરિમા અને કાયદાકીય સ્થિતિ જાળવી રાખીશું. ૨૫ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામોની ઘણી નગરપાલિકા બની ચૂકી છે એ નગરપાલિકા તરીકે ચાલુ રહેવાની છે. આપ સૌએ જે કંઇ સૂચનો કર્યા છે એને હકારાત્મક રીતે લીધા છે.

જયાં સરકારી ઓફિસો હોય કે હોસ્પિટલો હોય ત્યાં નળ ટપકતાં હોય કે બીજી વ્યવસ્થા ન હોય એ અમારા માર્ગ અને મકાન વિભાગ દ્વારા શકય હોય એટલું કરાવીશું. સરકાર સારી રીતે બધું બનાવે છે. બસ સ્ટેન્ડ હોય કે સિવિલ હોસ્પિટલ હોય ત્યાં સુંદર વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે પરંતુ પછી વાપરનાર લોકો યોગ્ય જાળવણી કરતાં નથી. આપણે આ બધી હોસ્પિટલોમાં જઇએ છીએ, ભગવાનના ફોટાવાળી ટાઇલ્સ લગાડી હોય ત્યાં બાજુમાં લોકો પાનની પીચકારી લગાવતા હોય છે. આપણી જે આવી કૂટેવો છે એ બદલાય એના માટે આરોગ્ય વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ એવો નિર્ણય કરવા માગે છે કે સરકારી મકાનોમાં કોઇપણ ગંદકી કરતો હોય તો એને ટોકન દંડ કરવાની જોગવાઇ કરવી, રકમની મહત્તા નથી પરંતુ આપણે ટેવ બદલાવી છે, વ્યકિતના જીવનમાં ખરાબ આદતો દૂર કરીને સારી આદતો પડે એના માટેનું આયોજન છે. સ્વચ્છતા માટે ગરીબાઇ વચ્ચે આવતી નથી. હજારો ગરીબોના ઘરમાં જઇએ છીએ ત્યારે આપણે જોઇએ છીએ કે કેટલી સ્વચ્છતા હોય છે. જયારે સુખી સંપન્ન માણસને બંગલો હોય એની સામે ગરીબ માણસને બે રૂમનું જ મકાન હોય પણ પેલા બંગલા કરતાં વધારે ચોખ્ખું હોય છે અને ત્યાં આપણને ચા–પાણી કરવાની ઇચ્છા થાય છે. એના બદલે ભલે પેલાને બંગલો હોય પણ બિલકુલ સ્વચ્છતા ન હોય એને ત્યાં પાણી પીવાની પણ ઇચ્છા ન થાય. ગરીબી અને સ્વચ્છતા, આરોગ્ય અને ગરીબાઇને લેવાદેવા નથી. સ્વચ્છતા હશે તો તંદુરસ્તી આવશે. હું આ ટોકન સુધારો લઇને આવ્યો છું ત્યારે મારી સૌને વિનંતી છે કે સર્વાનુમતે મંજૂર કરવામાં આવે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. મારા પક્ષના માનનીય સભ્યશ્રીઓએ જે ચિંતા વ્યકત કરી, હું માનું છું કે કાયદા વિભાગે પણ આ ચિંતા કરી હોવી જ જોઇએ અને એટલા જ માટે આ ત્રણે ડિપાર્ટમેન્ટમાં જયારે આપ આ બિલ લઇને જયારે આવ્યા છો, પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા. તેમાં કાયદા વિભાગ દ્વારા અપાયેલો ઓપિનિયન આપ આ વિધાનસભા ગૃહના ટેબલ ઉપર મૂકવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય શકિતસિંહ, આપ તો મંત્રી રહી ચૂકયા છો. (અંતરાય) મારી વાત તો સાંભળો, મૂકવામાં પણ કોઇ વાંધો નથી. મારી માહિતી તમે જાણો. સરકાર કોઇ પણ કાયદો બનાવે તો વૈધાનિક વિભાગ અને કાયદા વિભાગ બન્નેમાં તેનું વેઇટિજ થતું હોય છે અને તેના સાથે જ આ કાયદાના સુધારા એ વિધાનસભામાં રજૂ થતાં હોય છે. એટલે બધી જ ચકાસણી અને કાયદાકીય વૈધાનિક પ્રક્રિયા આમાં કરેલી છે જ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જે કહ્યું, માનનીય મંત્રીશ્રી, જે પરિસ્થિતિ મહાનગરપાલિકાઓની છે કે મહાનગરપાલિકાઓમાં ખાસ કરીને ચાલીઓ કે ઝૂંપડપટ્ટીમાં રહેતા

જે લોકો છે, જે ગરીબ લોકો છે, મહેનત કરીને પોતાનું નાનકડું મકાન પોતે ત્યાં લે છે. એ મકાનમાં એ શૌચાલય બનાવી શકે એવી વ્યવસ્થા તેની પાસે નથી હોતી. દરેક વ્યક્તિની એવી ઇચ્છા હોય કે મારા ઘરમાં જ મારું શૌચાલય બને. કારણ કે હું એ વિસ્તારમાંથી છેલ્લા ત્રણ ટર્મથી પ્રતિનિધિત્વ કરું છું. સરકારની તમારી જે યોજના છે એ યોજનાનો મારા વિસ્તારમાં જેટલો લાભ મળે એટલો મેં અપાવ્યો છે. પણ જગ્યાના અભાવે એ પોતે બનાવવા માગતો હોય પણ બનાવી શકતો નથી. એવા કદાચ બે–પાંચ ટકા કે દસ ટકા લોકો નીકળશે, શહેરોની વાત કરું છું અને આપ જે કાયદો લાવી રહ્યા છો તેની અંદર એવા લોકોને ચૂંટણી લડતા આપણે અટકાવી શકીશું. કારણ કે બિચારા પાસે જગ્યા જ નથી. તેના લીધે ટોઇલેટ નથી બનાવતો. માટે માનનીય મંત્રીશ્રી મારે આપની પાસે આની થોડી સ્પષ્ટતા જોઇએ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આમાં આમ તો રાજય સરકારે નગરપાલિકા, મહાનગરપાલિકા, કલેકટરો બધાને સૂચના આપી છે કે જયાં પણ નાગરિક શૌચાલય બનાવવા માગતો હોય, તેના ઘરે શૌચાલય ન હોય તો. બાકી કોઇ ખુલ્લી જગ્યા ૧૦ ફૂટ પડી હોય અને પછી કહે કે આ રહેવા દો અને મારે બીજી બહાર જોઇએ છે. એવા વ્યક્તિઓ માટે નહીં. શકય હોય એટલું ઓટલા ઉપર, બાજુમાં જયાં શકય હોય ત્યાં ફાળવવા માટે સરકારે જનરલ સૂચના બધાને આપી છે. એટલે આપણે ઇચ્છીએ કે એમાં એકોમોડેશન કરીને બધા શૌચાલય બનાવે.

શ્રી શૈલેષ મ. પરમાર : આપે જે કહ્યું કે કલેકટરને સૂચના આપી છે. મારી જે લાગણી છે. જગ્યા જે જોઇએ. જેને ચૂંટણી લડવી છે તેને પોતાનું પ્રમાણપત્ર રજૂ કરવાની વાત છે. જે છ મહિનામાં કાયદાકીય રીતે તમે કહ્યું છે. અમદાવાદ શહેરના કોરપોરેશનનો અનુભવ તમને કહું. અમદાવાદ શહેરના કોરપોરેશનના મારા અનુભવના ભાગ રૂપે કોઇ ઝૂંપડું બનાવ્યું હોય, સરકારી જગ્યામાં એક સામાન્ય દિવાલ પણ બનાવી હોય તો એ દિવાલ કોરપોરેશન દ્વારા તોડી નાખવામાં આવે છે. ભલે મલ્ટી સ્ટોરી બિલ્ડીંગો ન તૂટતા હોય પણ ગરીબ માણસની સામાન્ય દિવાલ તૂટી જતી હોય છે. આ સત્ય હકીકત છે. છ મહિનાનું તમારું પ્રાવધાન છે કે જે લોકો જીતેલા છે અને જે લોકો પાસે શૌચાલય નથી તેણે પ્રમાણપત્ર રજૂ કરવાનું છે. એ પ્રમાણપત્ર એ કઇ રીતે રજૂ કરી શકે? કારણ કે એ પ્રમાણપત્ર આપે એવું સ્પષ્ટ કહ્યું છે કે પોતાની માલિકીની જગ્યા ઉપર તેનું પોતાનું શૌચાલય જોઇશે. જયારે વ્યક્તિ પાસે ૧૦X૧૦ની ઓરડી હોય, ઘરમાં ૧૦ જણા રહેતા હોય એ જીતેલો પ્રતિનિધિ હોય તો એ કયાંથી શૌચાલય બનાવશે? છ મહિનામાં પ્રમાણપત્ર કેવી રીતે રજૂ કરશે? એ માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સરકાર બધી જ બાબતો કરી ન શકે. સરકારની મોટી જે સૈદ્ધાંતિક વાત છે, પછી તમે કહો કે તેને ૧૫ માણસ છે અને એક જાજરૂમાં ૧૫ જણા કેવી રીતે જાય, ૧૫ જણા જાય તો આખો દિવસ જાય. આવી બધી વાતોના કોઇ જવાબ હોઇ શકે નહીં. કારણ કે ઘણા વિસ્તાર એવા છે કે ૧૫–૧૫, ૨૦–૨૦ લોકોની વસતિ ધરાવતા હોય. એમની જવાબદારી છે. ઉપાય કરવો એ એમની જરૂરિયાત છે. કેવી રીતે ઉપાય કરવો એ નાગરિકે નક્કી કરવાનું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી થોડીક સ્પષ્ટતાની જરૂર છે. મારો સવાલ છે કે આપણે આ જે વિધેયક લાવીએ તેનાથી જે લોકો વ્યક્તિગત શૌચાલયનું સર્ટિફિકેટ રજૂ નહીં કરી શકે એ લોકોનું ચૂંટણીમાં ફોર્મ રદ થશે અને જે અત્યારે ચૂંટાયેલા છે એ છ મહિનામાં પોતાનું શૌચાલય છે તેનું સર્ટિફિકેટ નહીં આપે.અને એનું સભ્યપદ રદ થશે. એટલી સ્પષ્ટતા કરો. કારણ કે, બહોળો વર્ગ છે, જેને પોતાનું મકાન નથી, જે સ્થળાંતર કરનાર વર્ગ છે, ઝૂંપડપટ્ટીમાં રહે છે, સરકારી જમીન ઉપર અનિયમિત રીતે વસવાટ કરે છે, જે લોકો ભિક્ષુક છે, જંગલ વિસ્તારમાં વસવાટ કરે છે, આદિવાસી લોકો છે. એવા લોકોએ ચૂંટણી લડવી હોય તો સરકારે શું વિચાર્યું છે? અને ચૂંટણી લડવા માટે એને પોતાનું ઘર હોય તો સંડાસ બનાવશેને? સફાઇ કરવાની બાબતમાં સહમત છું. પરંતુ આ ટેકનીકલ મુદ્દો છે. એક વિશાળ વર્ગનો અધિકાર છે એ અધિકાર ઉપર તરાપ લાગશે અને એના માટે સરકાર સ્પષ્ટતા કરે અને સામાન્ય માણસના ચૂંટણી લડવાના અધિકાર ઉપર તરાપ ન લાગે અને આપણું સ્વચ્છતા અભિયાન છે એ સારી રીતે ચાલે એના માટે સરકારનું શું આયોજન છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની રજૂઆત એવી છે કે, ઘર આગળ પાણી ઢોળવું છે અને સ્વચ્છતા રાખવી છે, એંઠવાડ નાંખીને સ્વચ્છતા રાખવી છે. સરકાર કાયદાઓ બનાવે છે એનો અમલ કરવાની નાગરિકોની પોતાની જવાબદારી છે. એનો કેવી રીતે અમલ કરવો? એ ચૂંટણીમાં ઊભો રહેવાનો છે ત્યારે આ કાયદાનું પાલન કરવાની એની જવાબદારી છે. ભિક્ષુકોનું શું? ભાડૂઆતોનું શું? ભાડૂઆત જે મકાનમાં રહેતો હોય ત્યાં એ સંડાસ બનાવી શકે છે અથવા તો એના માલિકના સંડાસનો એણે ઉપયોગ કરવો પડે. તમે ભિક્ષુકોની વ્યવસ્થાનું વિચારતા હોય તો મારી પાસે વ્યવસ્થા નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૭ સન ૨૦૧૪ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૪નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૭ સન ૨૦૧૪ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૪નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૭ સન ૨૦૧૪ના ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૪નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો
## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૫

## ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ( સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે આ સભાગૃહ સન ૨૦૧૪નો વટહુકમ ક્રમાંક–૧ સન ૨૦૧૪નો ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ ( સુધારા અને માન્ય ઠરાવવા બાબત ) વટહુકમ નામંજૂર કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૫ સન ૨૦૧૪ના ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત ) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

**ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૫ સન ૨૦૧૪ના ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

• વિધેયક તાઃ ૨૧મી ઓકટોબર ૨૦૧૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વટહુકમ બહાર પાડયો હતો એ બાબતે હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું. કોઇપણ કાયદો કોઇપણ રાજયમાં ઘડવો એ દરેક ધારાસભ્યનો, અહીં બેઠેલા પ્રતિનિધિઓની આગવી એક સ્વતંત્રતા છે. જયારે પણ કોઇપણ વિધાનસભાની અંદર કાયદો ઘડાય અને દરેક સભ્યને આવીને બોલવાની તક મળે અને બોલ્યા પછી એના વિચારો રજૂ થાય અને વિચારો રજૂ થયા પછી એ કાયદો બહુમતીથી બનતો હોય છે. આ સરકારમાં જે હમણા વટહુકમ બહાર પાડવામાં આવ્યો તાઃ૨૫-૯-૨૦૧૪ના રોજ, મારી સમજમાં એ ના આવ્યું કે વટહુકમ ત્યારે બહાર પડતો હોય છે કે સરકારની ૨૧૩ની જે બંધારણીય કલમ છે એ કલમના આધાર પર એમને જે સત્તા પ્રાપ્ત થઇ છે એ ૨૧૩ની કલમના આધાર પર સત્તાની રૂએ બહાર પાડી શકતા હોય છે પણ ૨૧૩ની અંદર સ્પષ્ટ લખ્યું છે કે રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ના હોય અથવા રાજય વિધાનસભાની પરિષદ હોય ત્યારે વિધાનસભાનું મંડળ અથવા બન્ને ગૃહનું સત્ર ચાલુ ના હોય ત્યારે કોઇપણ સમયે રાજયમાં પોલીસી, એવી ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવા અથવા એના પોતાના માટે જ જરૂરી બને એવા સંજોગો પ્રવર્તે તો એવા સંજોગોમાં આ વટહુકમ પ્રસિદ્ધ થતો હોય છે. ૨૦૦૬ની અંદર જયારે આ સરકાર બિલ લાવી, બહુ વર્ષો બાદ લાંબા ગાળે તા. ૧૮-૧૦-૨૦૧૩ના દિવસે રાષ્ટ્રપતિની મંજૂરી થઇને અહીં આગળ બિલ આવ્યું અને આટલા લાંબા ગાળાના સમયની અંદર બે-બે વિધાનસભાના સત્ર મળ્યા અને બે-બે વિધાનસભાના સત્રમાં આ સરકારશ્રીની આવડત અથવા સરકારશ્રી જયારે બિલો બનાવતી હોય ત્યારેઅથવા નજીકથી જોવું જોઇએ એ જોયું નહીં અને બે બે વિધાનસભા ગઇ છતાં એની અંદર મૂક્યું નહીં. કદાચ સરકારે ધાર્યું હોત તો આની અંદર ચોક્કસપણે  મૂકી શકાયું હોત. હાઇકોર્ટે આમાં જ્યારે કહ્યું ત્યારે તાત્કાલિક ધોરણે તા. ૨૫-૯-૨૦૧૪ના રોજ વટહુકમ બહાર પાડ્યો. મારે એ પૂછવું છે કે તા. ૨૫-૯-૨૦૧૪ એટલે ટૂંક સમયમાં આપણું આ સત્ર મળવાનું હતું. સરકાર કદાચ આ ટૂંકા સત્રમાં લાવી શકી હોત. એવી કઇ પરિસ્થિતિનું નિર્માણ થયું કે જેના કારણે તાત્કાલિક ધોરણે આ વટહૂકમ બહાર પાડીને આ લાવવામાં આવ્યું? હું આ વટહૂકમનો વિરોધ એટલા માટે કરું છું કે ખરેખર ધારાસભ્યોને જે હક્કો મળ્યાં છે એ હક્કો ઉપર તરાપ મારવામાં આવી રહી છે.

ખાસ કરીને કૌલના લોકશાહી પદ્ધતિની પ્રેકટિસમાં પાન ૬૧૦ માં ભારતના પ્રથમ અધ્યક્ષ માનનીય માવલંકર દાદાએ બંધારણીય અધિકારોના રક્ષણ માટે વટહુકમ બહાર પાડવા માટે કોઇ કટોકટી પેદા થઇ હોય ત્યારે સરકાર બહાર પાડતી હોય છે. મારી સમજમાં નથી આવતું કે આપણી એવી કઇ કટોકટી ઉપસ્થિત થઇ કે જેના કારણે આ વટહુકમ બહાર પાડવામાં આવ્યો? જ્યારે આ વટહુકમનું બિલ ૨૦૦૬માં આવ્યું ત્યારે ભૂતકાળમાં પણ અમારા બધા સભ્યશ્રીઓએ વાત કરેલ કે કલમ-૬માં ન્યાયિક સભ્ય મૂકવાની જોગવાઇ કરવાની હતી અને ટ્રિબ્યુનલના સભ્ય અને વહીવટના સભ્ય મૂકાય ત્યારે હાઇકોર્ટમાંથી જસ્ટિસની જે સંમતિ લેવી જોઇએ એની અંદર જે વાત કરવાની હતી અને ૭મી કલમ હતી એની અંદર જોગવાઇ રદ કરવાની બાબતની પણ વાત કરવામાં આવી હતી. મારે માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને એ વાત કરવી છે કે, આટલી મોટી સરકાર જ્યારે એમ કહેતી હોય કે સમગ્ર ભારતમાં ગુજરાતના મોડેલની વાત થતી હોય અને આવડી મોટી ભૂલ સરકારે કરી છે અને આટલા વર્ષો સુધી ચાલી અને બે બે વિધાનસભાઓ જાય છતાં એ ન આવે અને જ્યારે નવું સત્ર આવવાનું હોય એમાં ન આવે અને અત્યારે સરકાર લઇને આવી છે અને વચ્ચેનો પિરિયડ છે એમાં આ બિલમાં કલમ-૪, ૬ અને ૭માં જે જોગવાઇ કરવામાં આવી છે એમાં જે લોકો અત્યાર સુધીમાં જેણે પણ ચુકાદો આ બાબતમાં આપી દીધો છે એની બાબતમાં આ સરકાર આ બિલમાં એવી જોગવાઇ લઇને આવી છે કે આ જોગવાઇના આધારે રીવ્યુ કરવામાં આવશે અને સરકારને હવે ખરેખર ખાતરી થઇ ગઇ છે કે આ બંધારણીય જોગવાઇઓ છે માટે હાઇકોર્ટના સભ્યશ્રીને મૂકવાના હોય છે અને એમાં હાઇકોર્ટની સાથે પરામર્શ કરીને મૂકશે એવી બિલમાં જોગવાઇ લઇને આવી છે. ખાસ કરીને સરકારને કહેવું છે કે જો આ જોગવાઇ પહેલા કરી હોત તો આટલા સમય સુધી ચાલ્યું ન હોત. આ બંધારણીય જગ્યાઓ માટેની સ્પષ્ટ જોગવાઇ હોવા છતાં નાની મોટી ખામીઓના કારણે થયું છે. સરકારશ્રીનો આ જે વટહુકમ છે એનો હું સખતપણે વિરોધ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બલવંતસિંહે વિરોધ કરતાં કહ્યું છે કે અમે તો ૨૦૦૬માં કહ્યું જ હતું પણ તમે એ વખતે ન કર્યું. તમે એ વખતે કહ્યું હતું અને હવે અમે કરીએ છીએ તો વિરોધ શા માટે કરો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મેં સ્પષ્ટ કહ્યું છે કે તમે તા. ૨૫-૯-૨૦૧૪ના રોજ વટહુકમ લાવ્યા એનો વિરોધ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વટહુકમ એટલા માટે કે આપણે બધા ન્યાયિક પ્રક્રિયાનો ભાગ છીએ. નામદાર હાઇકોર્ટ જે નિરીક્ષણ કરે, એ.જી. જે સૂચનો કરે એનો તાત્કાલિક અમલ કરવો એ રાજ્ય સરકારની ફરજનો ભાગ છે અને એ વખતે વિધાનસભા ચાલુ ન હતી. એટલા માટે અમે વટહૂકમ લાવ્યા છીએ. (અંતરાય) જે તે વખતે ૨૦૦૬માં માનનીય હાઇકોર્ટનો પરામર્શ કરવો અને સંમતિ લેવી એવી જોગવાઇ ન હતી. બે વખત નામદાર રાજ્યપાલશ્રીએ પણ પાછું મોકલ્યું, સુધારા સાથે અમે ફરીવાર પાસ કરીને મોકલ્યું, પછી ૨૦૦૬ થી ૨૦૧૩ સુધી એ રાષ્ટ્રપતિ પાસે પડ્યું રહ્યું ત્યાં સુધી આ કોઇ ચર્ચા જ નહોતી પણ ૨૦૧૪માં ગુજરાત હાઇકોર્ટ ટ્રીબ્યુનલ એસોસિએશને આ જ વર્ષની અંદર, એટલે અગાઉ જે ૩-૪ જે સત્ર મળી ગયા હોય એનો કોઇ મતલબ જ નથી. આ કેસ કરવામાં આવ્યો પછી ચર્ચાની અંદર, દલીલોની અંદર નામદાર કોર્ટે એના નિરીક્ષણમાં કહ્યું કે, તમે બે ન્યાયિક સભ્યોની નિમણૂક કરો છો ત્યારે હાઇકોર્ટનો તમારે પરામર્શ કરવો જોઇએ અને એ વખતે એ નિરીક્ષણ પછી એ.જી. જે આપણી વાત ત્યાં રજૂ કરતા હોય છે એમણે સરકારનું ધ્યાન દોર્યું કે તાત્કાલિક ધોરણે આપણે આ વટહુકમ બહાર પાડીને આપણે સંમતિ અને સુધારો કરવો જોઇએ. એ વખતે અને અત્યારે ૨-૩ મહિના વચ્ચે ગાળો હતો. એ વખતે કોઇ સત્ર ચાલુ નહોતું એટલા માટે અમારે વટહુકમ બહાર પાડવો પડ્યો છે એમાં રાજ્ય સરકારનો કોઇ માલાફાઇડ ઇન્ટેન્શન નથી. ઓન ધ કોન્ટ્રારરી તમારે વિરોધ કરવાને બદલે આભાર માનવો જોઇએ કે અમે ૨૦૦૬માં કહેલી વાત તમે અત્યારે માની, એમ કહીને તમારે આભાર માનવો જોઇએ. વટહુકમની સ્પષ્ટતા મેં બે વાર કરી કે એ વખતે વિધાનસભાનું ગૃહ ચાલુ નહોતું એટલા માટે તાત્કાલિક ધોરણે અમને એવી સૂચના મળી કે તાત્કાલિક ધોરણે આપણે વટહુકમ બહાર પાડીને પણ આનો અમલ શરૂ કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનો ઇતિહાસ એવો છે કે ૨૦૦૬ પહેલા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, કોલેજ અને યુનિવર્સિટીના અલગ અલગ ટ્રીબ્યુનલો હતા. ૨૦૦૬માં આ પાંચેય ટ્રીબ્યુનલમાંથી વિધાનસભાએ એક ટ્રીબ્યુનલ બનાવ્યું, પછી ગવર્નર સાહેબે સુધારા સાથે એ બિલ પાછું મોકલ્યું. ફરીવાર વિધાનસભાએ પસાર કર્યું અને મોકલ્યું અને ૨૦૦૬થી નામદાર રાષ્ટ્રપતિ પાસે આ બિલ ગયું અને તા.૧૮-૧૦-૨૦૧૩નાં રોજ મહામહીમ રાષ્ટ્રપતિએ આ બિલને ૨-૧૧ના રોજ અમે ગેઝેટમાં પાસ કર્યું. ત્યાર પછી અમે તા.૮-૫-૨૦૧૪ નાં રોજ બે ન્યાયિક સભ્યો અને એક વહિવટી નિવૃત્ત એવા ત્રણ લોકોની નિયુક્તિ કરી. દરમ્યાનમાં આ કોર્ટકેસ થયો અને કોર્ટકેસમાં દલીલો દરમ્યાન નામદાર કોર્ટે એ.જી.ને કહેવામાં આવ્યું કે આ પરામર્શ અને સંમતિ લેવી જરૂરી છે. હવે હું મારા સાથી સભ્યને પૂછું કે, નામદાર કોર્ટ આગ્રહ રાખે, એ.જી. અમને સલાહ-સૂચન આપે એ વખતે મારે ના પાડવાની? તેમણે કહ્યું કે તમે અત્યારે વટહુકમ બહાર પાડો અને જ્યારે પણ બે કે ત્રણ મહિનાની અંદર સત્ર શરૂ થાય છે ત્યારે એ વખતે કાયદાનું સ્વરૂપ આપી દેજો. આ સીધી સાદી વાત હું લઇને આવ્યો છું અને આ વ્યવસ્થામાં પણ રાજ્ય સરકારે બહુ દૂરંદેશી વાપરીને અગાઉના જે ટ્રીબ્યુનલો હતા એમાં વિસંવાદિતા રહેતી હતી. એકબીજાના જે ચુકાદાઓ હતા એના ઉપર બીજા કેસ થવાની સંભાવનાઓ હતી અને એ બધું છાવરવા માટે એક જ ટ્રીબ્યુનલથી ચુકાદાની એકસૂત્રતા રહે એટલા માટે રિટાયર સિવિલ જ્જ, રિટાયર ડિસ્ટ્રિકટ જજ એવા બે ન્યાયિક જજોની નિમણૂક કરવામાં આવી છે અને એમણે એમની કામગીરી પણ શરૂ કરી છે અને એક નિવૃત્ત આઇ.એ.એસ. અધિકારી એ ત્રણની ટ્રીબ્યુનલની રચના કરવામાં આવી છે. આમાં કામના ભારણના પ્રમાણમાં એકથી વધારે નિમણૂક પણ કરવાની જોગવાઇ છે. એટલે આગામી સમયની અંદર, હું ફરીવાર કહું છું કે, અલગ અલગ ટ્રીબ્યુનલોના કારણે જે કોઇ વિસંવાદિતા જોવા મળતી હતી એમાં એકસૂત્રતા જોવા મળે. રાજ્ય સરકાર ઉપરનું આર્થિક ભારણ ઘટે અને બાકી રીતે એકત્રીકરણ કરીને સમયસર એક સૂત્રતા જાળવીને ન્યાય મળે

એ હેતુથી આ સુધારા બિલ લાવ્યો છું.

માનનીય સભ્યશ્રીને મેં સ્પષ્ટતા કરી છે એટલે એ સ્પષ્ટતા એમને ગળે ઉતરી હોવી જોઇએ. હું ફરીવાર કહું છું કે, જે તે સમયે વિધાનસભા ચાલુ નહતી, ચાલુ વિધાનસભા ન હોય ત્યારે અને જે તે વખતે સરકારનો આમાં કોઇ મેલાફાઇડ ઇન્ટેન્શન નથી. અમે તો નામદાર હાઇકોર્ટના સુચનનો અમલ કર્યો છે એટલે ઓન ધ કોન્ટ્રારરી એમણે મને શાબાશી આપવી જોઇએ કે, તમે સમયસર હાઇકોર્ટનું કહ્યું માન્યું અને આ કામગીરી અટક્યા સિવાય અત્યારે પણ સળંગ ચાલી રહી છે. આ સન્માનનીય સભાગૃહને મારી હ્દયપૂર્વક વિનંતી છે એની સાથે માનનીય અધ્યક્ષશ્રી, કે, બીજી એક અમે કલમ ઉમેરી છે કે, નિમણૂક પછી આજ સુધી આ ત્રણેય સભ્યોએ જે ચુકાદાઓ આપ્યા હોય તો ચુકાદાઓ પણ યથાવત જ રહેશે. એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી કે, ચુકાદાઓ બદલાય તો પછી વ્યક્તિ બદલાય અને બીજા વ્યક્તિ પણ આ જ કેડરના આવવાના હોય તો પછી આ જ વ્યક્તિઓએ, આ જ નામદાર નિવૃત્ત જજોએ આપેલા ચુકાદા પણ ચાલુ રહે એ પ્રકારની પણ આમાં અમે સુધારાની એક કલમનો ઉમેરો કર્યો છે.

હું સન્માનનીય સભાગૃહને ફરીવાર વિનંતી કરું છું કે, રાજ્ય સરકારે જયારે નામદાર હાઇ–કોર્ટના સૂચનનો અમલ કર્યો હોય એવા સંજોગોની અંદર અને એ વખતે સત્ર ચાલુ ન હતું અને એ સત્ર ચાલુ ન હોઇ વટહુકમ અમને બહાર પાડવાની ફરજ પડી હતી એ હેતુથી મારી આપ સૌને વિનંતી છે કે, આપ સૌ આ મારા સુધારા બિલને મંજૂર કરશો.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક આ ગૃહમાં લઇને આવ્યા છે તે અંગે મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેર સે આયે લેકીન દુરસ્ત આયે, પહેલાં મંજૂર કર્યું હોત તો કોઇ વાંધો નહતો. અસાધારણ સંજોગો ઊભા થાય ત્યારે આવો વટહુકમ બહાર પડતો હોય છે, સામાન્ય રીતે. જનરલી એવી કોઇ અસાધારણ પરિસ્થિતિ ઊભી થઇ ન હતી અને છતાં વટહુકમથી આ સુધારા વિધેયક પસાર કર્યું અને આ ગૃહમાં સંમતિ માટે મૂકવામાં આવ્યું. વિધાનસભા બહુ નજીકના સમયમાં મળવાની હતી એટલે આજે પણ આ થઇ શક્યું હોત. તેમ છતાં મારી કેટલીક વાતો આજે આદરણીય શિક્ષણ મંત્રીશ્રીને કરું તો અસ્થાને નહીં ગણાશે. આપ જ્યારે શિક્ષણના જીવ હોય અને શિક્ષણના મંત્રીશ્રી બન્યા છો ત્યારે શિક્ષણક્ષેત્રની અંદર ઘણી બધી આપત્તિઓ, મુશ્કેલીઓ છે સાહેબ અને એમાં પણ થોડી દુરસ્તી કરો એવી મારી વિનંતી છે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમે વિષય ઉપર બોલોને હીરાભાઇ. એમની વાત હતી વિષય ઉપરની હતી બલવંતસિંહની.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હીરાભાઇ બિલ ઉપર જ બોલો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પછી તો વિષય ઉપર તો તમે આખા શિક્ષણ વિભાગ માટે ઘણું કહી શકાય. હીરાભાઇ મારી પૂરી તૈયારી છે. (અંતરાય) (આ તકે મંત્રીશ્રી પ્રો.વસુબેન ત્રિવેદી તેમના સ્થાને બેઠાબેઠા સભ્યશ્રીને ઉદ્દેશીને બોલતાં)

શ્રી હીરાભાઇ હ. પટેલ : મારે તમારી સલાહની જરૂર નથી મેડમ. તમારી સલાહની જરૂર નથી. હું સમજી શકું છું, વિનંતી કરું છું, સૂચન કરું છું કેમ? એ જાણે છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીની અપેક્ષા છે, શિક્ષક છે તો વ્યવસ્થિત વિષય ઉપર બોલે તો સારું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વિષય ઉપર બોલોને, હીરાભાઇ. દરિયા જેવડો વિષય છે તમે જે કહેવું હોય એ કહી શકો, બોલવું હોય એ બોલી શકો પણ અત્યારે વિષય ઉપર બોલો એવી મારી તમને નમ્ર વિનંતી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : હા પણ ટ્રિબ્યુનલમાં જવાનો પ્રશ્ન જે ઉપિસ્થત થાય છે, કોઇકને અગવડ ઊભી થાય, કોઇકને ન્યાય ના મળે, કોઇકને અન્યાય થાય ત્યારે ટ્રિબ્યુનલમાં જતા હોય છે, કોઇ એમ ને એમ તો ટ્રિબ્યુનલમાં જતા નથી સાહેબ. ઘણી વખત આ ગૃહની અંદર મેં કહ્યું કે, ખંડ સમયના અધ્યાપકોને

તમે પૂર્ણ સમયના અધ્યપકો બનાવો યુ.જી.સી.ના નિયમ પ્રમાણે, યુ.જી.સી.ની ગાઇડલાઇન પ્રમાણે (અંતરાય) આ એક દાખલો આપું છું.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એ ટ્રીબ્યુનલની વાતો કરે છે અહિંયા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બિલ પર જ બોલો જેથી વિવાદ ન થાય.

શ્રી હીરાભાઇ હ. પટેલઃ તમે એકઝામ્પલ પણ ન આપી શકો? આ ટ્રીબ્યુનલની જ વાત છે સાહેબ. ટ્રીબ્યુનલમાં શું કરવા જવું પડે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કોઇપણ પ્રશ્ન હોય એ આવીને એમને સમજાવીને વાત કરી શકે. વગર સંવાદે અહિંયા સીધું ગૃહમાં બોલવું, ટ્રીબ્યુનલનો વિષય મને લાગે છે એમને સમજાયો નથી. આવું ન ચાલે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હીરાભાઇ, શિક્ષણ વિભાગના અનેક પ્રશ્નો છે તમે પછી વારાફરતી જેટલી સમસ્યાઓ અને પ્રશ્નો છે બધા એ કહી દો એનો કોઇ મતલબ જ નથી. આઇ એમ અ ગુડ લીસનર, કમ ટુ માય ઓફિસ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હીરાભાઇ, જે બિલ પર બોલવાનું છે તે જ બોલો.

શ્રી હીરાભાઇ પટેલઃ યુ.જી.સી.ના ધારધોરણ પ્રમાણે આમાં સરકારને કે બીજા કોઇને, કોઇ સંસ્થાને કોઇ આપત્તિ ન હતી અને એટલી મોટી સંખ્યા પણ ન હતી. આજે શિક્ષણનું કાર્ય બગડી રહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : વ્યકિતગત રીતે મંત્રીશ્રીએ તમને કહ્યું છે કે કોઇપણ પ્રશ્ન હોય તો મારી ઓફિસમાં મળો. બંને મંત્રી તમને કહે છે પછી તો વિષય પર આવો. (અંતરાય)

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી.ના ધારાધોરણો પ્રમાણે જ કરવાની વાત છે અને એમને જો પ્રશ્ન થતો હોય તો યુ.જી.સી.ના ધારાધોરણો એક વાર જોઇ લે.

ઉપાધ્યક્ષશ્રી : બંને મંત્રીઓની વિનંતી છે તમે બિલ પર આવો અને બાકીના પ્રશ્નો માટે એમને ઓફિસમાં જઇને મળજો.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર યુ.જી.સી.ના ધોરણ પ્રમાણે જ કરી રહી છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બિલ કયાં પડેલું હતું, કયાં ગયું એટલા માટે લાવ્યા છે બિલ . આપણને આગળની બધી પ્રક્રિયા ખબર છે. (અંતરાય)

પ્રો વસુબેન ન. ત્રિવેદી : નહીં, નહીં, હીરાભાઇ, તમે બોલો. પરંતુ યુ.જી.સી.ના ધોરણો પ્રમાણે કરવા માટે જ આ નથી થયું. પહેલા યુ.જી.સી.ના ધોરણો તો જોઇ લો.

ઉપાધ્યક્ષશ્રી : તમને બોલવાનો ફરીથી ચાન્સ આપું છું. (અંતરાય)પણ હીરાભાઇ બોલવા નથી માગતા તો તમે કેવી રીતે કરશો? બંને મંત્રીશ્રી તમને વિનંતી કરે છે કે વિષયની બહાર ન જાવ, બિલ ની બહાર ન જાવ પછી તો આપણે હઠાગ્રહ ખેંચી લેવો જોઇએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય સભ્યશ્રી પ્રાધ્યાપક છે અમારે એમને વિનંતી કરવી પડે કે તમે વિષય પર બોલો?

ઉપાધ્યક્ષશ્રી : બલવંતસિંહ તમે બોલો. તમારે કંઇ કહેવું હોય તો કહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :એવું થોડું ચાલે? માણસ પોતાની ઇચ્છા મુજબ ગમે તેમ બોલે એવું થોડું ચાલે? વિનંતી કરવાની જરૂર જ નથી. વિષય ઉપર બોલો. તમારા વિષયનો મેં જવાબ આપી દીધો છે. ના બોલવું હોય તો તમારી ઇચ્છાની વાત છે.

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય હીરાભાઇ, તમારે બોલવું છે? બલવંતસિંહ, તમારે કંઇ કહેવું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે કીધું. બે જ વસ્તુની વાત કરવાની હતી. માત્ર એટલા માટે પાંચ કે સાત મિનિટ બોલ્યો કે હું માત્ર પોઇન્ટ ટુ પોઇન્ટ જ બોલ્યો છું. જે કોઇ વાત કરવાની હતી એ કરી. હીરાભાઇને જે વાત કરવાની હતી બિલ ના અંદરના ભાગમાં જે ઉત્પન્ન થાય છે એના વિશેની પાંચ મિનિટ કે સાત મિનિટ એ બોલવાના હતા કાંઇ બહુ લાંબુ નથી

બોલવાના પણ એ કેમ થાય છે એનો એક આખો પર્પઝ આવી જાય એના માટેની વાત કરતા હતા પણ હવે આખું એક બિલ પસાર થઇ ગયું આપે જોયું હશે એની અંદર બધા જ મંત્રીશ્રી પણ વધારે બોલ્યા અને પેલા પણ વધારે બોલ્યા. અમે સહકાર આપ્યો છે અને અત્યારે પણ આપી રહ્યાં છીએ. એટલે મારી વિનંતી છે કે પાંચ મિનિટથી વધારે નહીં બોલે પાંચ મિનિટ બોલવા દો સાહેબ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વટહુકમની શા માટે જરૂરિયાત પડી એની મેં સ્પષ્ટતા કરી છે એટલે વિશેષ મારે કંઇ કહેવાનું નથી. અમે નામદાર હાઇકોર્ટ અને એ.જી.ની સૂચનાનો સમયસર અમલ કરવા માટે જ વટહુકમ બહાર પાડયો છે. ફરીવાર સન્માનનીય સભાગૃહને મારી વિનંતી છે કે સુધારા બિલ પસાર કરે.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**
**પહેલા વાચનનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**
**કલમ–૨ થી ૧૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૫–સન ૨૦૧૪નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૬**
**ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(દ્વિતિય સુધારા) વિધેયક**
**ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ અને સહકારમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજય પત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(દ્વિતિય સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી :**વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ(દ્વિતિય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

---

* વિધેયક તા.૨૮મી ઓક્ટોબર ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીના અધિનિયમ ૨૦૦૪ હેઠળ રાજયની ૪ સ્વતંત્ર કૃષિ યુનિવર્સિટીઓ આણંદ, જૂનાગઢ, નવસારી, દાંતીવાડા કાર્યરત છે. આ કાયદામાં યુનિવર્સિટીના વહીવટ સંબંધે ભારત સરકારના માનનીય મંત્રીશ્રી કૃષિ, નવી દિલ્હી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના મૉડેલ એકટની જોગવાઇઓ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ ૨૦૦૪ માં સમાવેશ કરવા માટે તા. ૬-૩-૨૦૧૪ ના પત્રથી સૂચન કરવામાં આવેલ. ઉકત પત્રની જોગવાઇઓ મુજબ જો મૉડેલ એકટના આધારે જરૂરી સુધારાઓ કરાયેલા હશે તો જ કૃષિ યુનિવર્સિટીઓને વર્લ્ડ બેન્કના સહયોગથી હાથ ધરાનાર નેશનલ એગ્રીકલ્ચર રિસર્સ પ્રોજેકટની પસંદગી માટે પ્રાધાન્ય આપવામાં આવશે. ઉપરાંત આઇ.સી.આર.ના ડાયરેકટર જનરલ ન્યુ દિલ્હી દ્વારા પણ દેશની કૃષિ યુનિવર્સિટીઓ માટે ઘડાયેલ મૉડેલ એકટની જોગવાઇઓ અનુરૂપ રાજયોની કૃષિ યુનિવર્સિટીના કાયદામાં જોગવાઇ કરવા જણાવેલ. જેથી દેશની બધી જ કૃષિ યુનિવર્સિટીના વહીવટમાં સમાનતા અને અસરકારતા વધારી શકાય. મૉડેલ એકટમાં કુલપતિઓની નિમણૂકની પદ્ધતિ અને તેના કાર્યકાળ સંદર્ભે કલમ-૨૪, પેટા કલમ-૪ માં કુલપતિ પાંચ વર્ષની ટર્મ સુધી અથવા તો તેઓશ્રી ૭૦ વર્ષની ઉંમરે પહોંચે બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી કુલપતિનો હોદ્દો ધારણ કરી શકશે તેવી જોગવાઇ થયેલી છે. તે પ્રમાણે કુલપતિ ગુજરાત કૃષિ યુનિવર્સિટી સુધારા ૨૦૦૪ની કલમ.૧૦ પેટા કલમ ૪(ક) મુજબ કુલપતિ તરીકે નિમાયેલ કોઇપણ વ્યક્તિ ૭૦ વર્ષની ઉંમર થયા પછી તે તરીકે પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલુ રાખી શકશે નહીં તેવી જોગવાઇ થયેલી છે, પરંતુ ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ ૨૦૦૪ની કલમ ૧૦ની પેટા કલમ ૧ના ખંડ-ખ માં કૃષિ સંલગ્ન શાસ્ત્રમાં પૂરતું જ્ઞાન ધરાવતી અને નિમણૂકની તારીખે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિ પેટા કલમ.૭ની જોગવાઇઓને આધીન રહીને કુલપતિ તરીકે નિમવાને પાત્ર ગણાશે તેવી જોગવાઇઓ છે. તેથી સુધારેલ જોગવાઇઓને અનુરૂપ કલમ ૧૦ની પેટા કલમ ૧ના ખંડ-ખમાં કૃષિ અને સંલગ્ન શાસ્ત્રોમાં પૂરતું જ્ઞાન ધરાવતી અને નિમણૂકની તારીખે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિ પેટા કલમ ૭ની જોગવાઇઓને આધીન રહીતે કુલપતિ તરીકે નિમવાને પાત્ર ગણાશે. તેમાં હવે ૬૫ વર્ષને બદલે ૭૦ વર્ષ તેવો સુધારો કાયદાકીય રીતે કરવો જરૂરી બને છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૭ની કલમ ૧૧ પેટા કલમ.૪(૩)માં કુલપતિની નામનિયુક્તિ તથા પુનઃ નામનિયુક્તિની તારીખે ૭૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહીં તેવી જોગવાઇ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી એકટ ૨૦૧૦ તા.૩૧-૩-૨૦૧૦માં કરેલ છે. સામાન્ય રીતે કુલપતિની નિમણૂક ઓછામાં ઓછી યુનિવર્સિટી સીસ્ટમમાં ૧૦ વર્ષ પ્રાધ્યાપક અથવા તેની સમકક્ષ કક્ષામાં સંશોધન અથવા શૈક્ષણિક કક્ષામાં દસ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેની નિમણૂક કરી શકાય છે. રાજયમાં શૈક્ષણિક સંવર્ગમાં ૬૨ વર્ષની ઉંમરે વય નિવૃત્ત થતા હોય છે. ત્યારબાદ સામાન્ય રીતે કુલપતિની નિમણૂક થતી હોય છે. એટલે કે ૬૫ વર્ષ બાદ નિમણૂક થઇ શકતી નથી. જો તેમાં ૬૫ વર્ષને બદલે ૭૦ વર્ષ કરવામાં આવે તો તેમનો બહોળો શૈક્ષણિક અનુભવ અને વહીવટી કુશળતાનો લાભ સંસ્થાને મળી શકે. આમ કૃષિ યુનિવર્સિટીઓમાં ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ-૨૦૦૪ની કલમ ૧૦ની પેટા કલમ ૧ ખંડ-ખમાં કુલપતિની નિમણૂકની તારીખે ૬૫ વર્ષથી વધુ ઉંમરની ન હોય તેવી વ્યક્તિને નિમવાને પાત્ર ગણાશે તેવી જોગવાઇઓ છે. તેમાં હવે ૬૫ વર્ષને બદલે ૭૦ વર્ષ કરવામાં આવે તો તેઓના વહીવટી જ્ઞાનનો લાભ યુનિવર્સિટીઓને મળી શકે તેથી ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ અધિનિયમ ૨૦૦૪ની કલમ ૧૦ની પેટા કલમ ૧ ખંડ-ખમાં ઉકત સુધારો કરવા નિર્ણય લેવામાં આવે તેવો સુધારો લઇને હું આવ્યો છું. આમાં બીજો કોઇ ફેરફાર નથી. માત્ર ઉંમરમાં જયાં ૬૫ વર્ષ હતા ત્યાં ૭૦ વર્ષ કરવાના છે. એટલે માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે આ સુધારો સર્વાનુમતે પાસ કરે.

શ્રી ગોવાભાઇ રબારી (ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત કૃષિ યુનિવર્સિટી દ્વિતીય સુધારા વિધેયક ૨૦૧૪ ક્રમાંકઃ૨૬ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી તેમ ૬૫ વર્ષથી ૭૦ વર્ષની ઉંમર કરવાથી યુનિવર્સિટીને ફાયદો થશે, ગુજરાતના ખેડૂતોને ફાયદો થશે. તેમણે કહ્યું કે તેમના અનુભવ પ્રમાણે માણસો નહીં મળે, પણ મારા અનુભવ પ્રમાણે ઘણાબધા મળી રહેશે. આજસુધી ૧૦ વર્ષના અનુભવવાળા આપણા કેમ્પસના કુલપતિઓ બન્યા છે. હવે ૭૦ વર્ષથી જ આ મળશે તે મને લાગે છે કે તે બરાબર નથી. ૬૫ વર્ષના ૨૦૦૪માં જે રાખેલા છે તે બરાબર છે. ઉંમર વધારવાથી કોઇ ફાયદો યુનિવર્સિટીને નથી, તેના વહીવટને નથી કે કોઇ ખેડૂતોને નથી. માટે ૬૫ વર્ષની જ ઉંમર રાખવી જોઇએ. અમારે દેશી ભાષામાં કહેવત છે કે ૬૫ પછી મગજને પણ થોડીક અસર થાય છે. માટે ૬૫ વર્ષ ઉપર ખરેખર ન હોવી જોઇએ. આપણા આઇ.એ.એસ.,આઇ.પી. એસ. અધિકારીએ કેટલા નિષ્ણાત અને હોંશિયાર છે છતાં આપણે તેમને કોઇ વધારો આપતા નથી. તેમના પાસે તો બહોળો અનુભવ છે. તેમને ૫૮ અને ૬૦ વર્ષે નિવૃત્ત કરી દઇએ છીએ. આપણે કુલપતિ માટે પાંચ વર્ષ વધારવા તે બરાબર નથી. જે સરદાર યુનિવર્સિટી એક જ હતી. તેમાં એક જ કુલપતિ હતા ત્યારે ચારેય કેમ્પસનો તે વખતનો તેમનો વહીવટ, તેમની કાર્યદક્ષતા અને ખેડૂતો માટે જે સંશોધન થતું હતું તે તપાસ કરે. અત્યારે ચાર-ચાર કુલપતિઓ મૂકવા છતાં ખેડૂતો માટે કેટલું થઇ રહ્યું છે તે પણ આપ તપાસ કરશો તો ખ્યાલ આવશે. આ વિધેયક બહારની વાત છે. આપના ધ્યાને મૂકું છું કારણકે મને અનુભવ છે. સરદાર યુનિવર્સિટી મારા ત્યાં જ છે. તેની અંદર નિષ્ણાત સ્ટાફ નથી. વૈજ્ઞાનિકો નથી. વૈજ્ઞાનિકોની ઉંમર વધારો તો આપણને ફાયદો થશે. તેમાં પૂરતા માણસો નથી તેની ચિંતા કરતા નથી. આજે સંશોધન થતું નથી. ઘણી જગ્યાએ મને સાંભળવા મળે કે ૧૦૦ કીલો બિયારણનું સંશોધન કર્યુ અને વેચાણ ૭૦૦ કીલોનું થયું. તે કયાંથી આવ્યું? તો તે બધુ બારોબાર. ખેડૂતો માટે આ જે થઇ રહ્યું છે તેમાં વિચારશો તો મને લાગે છે કે ઘણું જ સારુ થશે. આ જાતનો જે ખેડૂતો સાથે વ્યવહાર થઇ રહ્યો છે એનો વિચાર કરીશું તો મને લાગે છે કે ઘણું સારું થશે.

અત્યારે તાજેતરની જ વાત કરું તો સરદાર યુનિવર્સિટી દાંતીવાડા છે એની અંદર જે હોર્ટીકલ્ચર કોલેજ હતી એ કોલેજનું ૮ થી ૧૦ કરોડનું બિલ્ડીંગ સરકારે બનાવ્યું છે એમાં કોલેજ ચાલું હતી અને હમણા વિદ્યાર્થીએ એડમિશન પણ ત્યાં લીધા છે અને હવે અત્યારે એને જગુદણ શિફ્ટ કરી દીધા ત્યાં મકાન નથી, જૂનું મકાન છે બાજુમાં રેલવે જાય છે ત્યારે ત્યાં ઘણી મુશ્કેલી છે. ત્યાંના વિદ્યાર્થીઓ ખૂદ મને મળ્યા છે અને મને કહ્યું છે કે અમે વાંચી શકતા નથી, સૂઇ શકતા નથી છતાં પણ એને શિફ્ટ કરીને જગુદણ લઇ લીધું એવું ક્યું કારણ છે? ત્યાં ૧૦ કરોડનું બિલ્ડીંગ સરકારે બનાવેલ છે ત્યાંના કેટલાક મેરિટ વાળા વિદ્યાર્થીઓ હતા એને એડમિશન નથી આપ્યા તો આની ચિંતા કરીશું તો મને લાગે છે કે યુનિવર્સિટીને મોટો લાભ થશે. જે આશય છે યુનિવર્સિટીનો કે જે કંઇક ખેડૂતો માટેનું સંશોધન કરે, ખેડૂત એના ઉપર મદાર રાખે કે યુનિવર્સિટીમાં જઇશ તો મને કાંઇક માર્ગદર્શન મળશે એના માટે આપણી પાસે અધિકારીઓ નથી, કોઇ બાગાયતનું સંશોધન થતું નથી, ચારેય ઝોનની જુદી જુદી ભૌગોલિક પરિસ્થિતિ છે. તમે જૂનાગઢ જાવ તો ત્યાં બાગાયત છે, નવસારી જાવ તો બાગાયત છે, આણંદમાં જુદું છે, દાંતીવાડામાં માત્ર એરંડા-રાયડો આવું બધું છે એટલે દરેક જગ્યાએ જુદું જુદું છે એટલે જે ભૌગોલિક પરિસ્થિતિ છે એને લઇને આપણે એના માટે કંઇક વિચાર કરીશું તો ગુજરાતનું અને આ યુનિવર્સિટીનું સાચું કાર્ય આપણાથી થઇ શકશે, માત્ર કુલપતિને મૂકવા માટે ૫ વર્ષ ઉંમરમાં વધારો કરવો કે ૧૦ વર્ષનું એકસ્ટેન્શન કરવું એ બરાબર નથી. આપણી પાર્લામેન્ટ કે વિધાનસભામાં પણ પાંચ વર્ષથી વધારે મુદત નથી તો એને ૧૦ વર્ષ શા માટે? બીજો સારો નવો માણસ આવશે એને લાભ મળશે, યુનિવર્સિટીમાં જે ખેડૂત જશે, જે વિદ્યાર્થી ભણતો હશે એની સાથે જેને કામ લેવું છે એ થોડોક ઉત્સાહી અને નાની ઉંમરનો હશે તો મને લાગે છે એ આપણા અને સરકારના કાર્યોને ખૂબ વહેલા પૂરા કરશે અને સરકારનો જે આશય છે એ પણ પૂરો થશે એટલે ઉંમરમાં વધારો કરવા કરતા બીજી ઘણી બધી ક્ષતિઓ છે એમાં આપણે કરીશું તો ઘણું જ સારું થશે. સરદાર યુનિવર્સિટીની વાત કરું તો એની અંદર જે ખેડૂતોની જમીન લીધી હતી એમાં આજે બીજા હેતુફેર કરવા માંડ્યા છે. એ ખેડૂતોએ એટલા માટે જમીન આપી હતી..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય ગોવાભાઇ, આ કોઇ જમીનોનો પ્રશ્ન નથી આ માત્રને માત્ર ઉંમર વધારવા બાબતો સુધારો છે, આખું બિલ નથી માત્ર એક જ સુધારો છે. પ્લીઝ એના પર બોલો.

શ્રી ગૌવાભાઇ રબારી: માનનીય અધ્યક્ષશ્રી, આ એની સાથે સંકળાયેલું છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગોવાભાઇ, સંકળાયેલું હોય તો પણ આપણને બધી જ ચર્ચામાં મર્યાદા હોય છે, આ કોઇ આખું બિલ નથી. માત્ર એક જ ઉંમર બાબતનો સુધારો છે એમાં જેટલું બોલવું હોય એટલું બોલો.

શ્રી ગૌવાભાઇ રબારી: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આ બાબત ઘ્યાને મૂકી હતી. આ વિર્ષય બહારની વાત કરું છું પણ આપના ઘ્યાને મૂકું છું આ પરિસ્થિતિ યુનિવર્સિટીની છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ ઘ્યાને મૂકવા માટે આપણી પાસે સમય છે.

શ્રી ગૌવાભાઇ રબારી: માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર બધા જ ક્ષેત્રે ઉંમરની વાત લાવીએ છીએ અને કહીએ છીએ કે ૬૦વર્ષથી ઉપર ન જવું જોઇએ જયારે દરેક ક્ષેત્રે આ વાત ચાલે છે અને આપણા વડાપ્રધાન પણ યુવાન છે એને લીધે આપણું બધું જ કામ અત્યારે ઝડપી થઇ રહ્યું છે તો એ રીતે આપણે પણ દરેક ક્ષેત્રે કરવા માગતા હોઇએ તો કુલપતિની ઉંમરમાં વધારો ન કરવો જોઇએ. મારી આપને વિનંતી છે કે ઉંમર અત્યારે જે ૬૫ વર્ષ છે એ બરાબર છે એમાં એકસ્ટન્શન કે વધારો કરવો હોય તો ત્યાંના વૈજ્ઞાનીકોનો કરો કે જેથી આપણને એના સંશોધનોનો લાભ મળશે. આ તો આપને રીક્વેસ્ટ કરીને મેં વાત કરી છે આ બધી પરિસ્થિતિ યુનિવર્સિટીની છે અને એના સુધારા માટે બીજા ઘણાં બધા કાર્યો કરવા જેવા છે ત્યારે આની અંદર જે ઉંમર ૬૫ છે એ ૬૫ જ રાખો અને મારા મત પ્રમાણે એ બરાબર છે, સરકાર માટે પણ બરાબર છે અને યુનિવર્સિટી માટે પણ બરાબર છે અને જેનું પોસ્ટીંગ કરો એના માટે પણ બરાબર છે કારણ કે ૬૫ પછી કામ કરવામાં યાદ શક્તિ અને બીજી પણ ઘણી બધી તકલીફો રહે છે માટે ઉંમર ૬૫ ઉપર ન હોવી જોઇએ એવું મારું સૂચન છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું સુધારા વિધેયક જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર જુદી દિશામાં ચાલતી હોય એવું મને લાગે છે. આપણા ગુજરાતના પનોતા પુત્ર વડા પ્રધાન બન્યા તો એમણે સરકારના વહીવટમાં ૬૫ થી ૮૦ વર્ષના માણસોની બાદબાકી કરી નાંખી અને અહીંયા સાહેબ, ૬૫ના ૭૦ વર્ષ કરવા માગે છે. જે વાસ્તવિક હકીકત છે એ વાત પર જ હું આવુ છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું એ કરવા માગુ છું કે, (અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ જે સુધારો લાવીએ છીએ એ યુ.પી.એ.ની સરકારના સમયમાં જ આનો મોડલ એક્ટ થયો હતો, એને અનુરૂપ આપણે આ સુધારો લઇ આવ્યા છીએ, આ સરકાર એટલે કે અત્યારની એન.ડી.એ.ની સરકારે પણ આ સુધારો નથી કર્યો, ગુજરાત સરકાર પણ નથી કરતી, આ અંગે મેં શરૂઆતમાં જ મારી વાત કહી હતી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય મંત્રીશ્રીને અને સભાગૃહને હું એ જ જણાવવા માગું છું કે, ભૂતકાળમાં પણ કહ્યું હતું કે તમારી કેન્દ્ર સરકારમાં, આ સરકાર, તે સરકાર, અમે વાસ્તવિક પરિસ્થિતિ આપને જણાવવા માગીએ છીએ મંત્રીશ્રી, કે ખરેખર રાજ્ય સરકારમાં ૫૮ વરસની ઉંમરે સરકારી કર્મચારી નિવૃત્ત થતો હોય, ૬૦ વરસની ઉંમરે કેન્દ્ર સરકારમાં થતો હોય, ઉચ્ચ શિક્ષણ વિભાગની અંદર ૬૨ વરસની ઉંમરે નિવૃત્ત થતો હોય, પણ આ રાજકીય બાબતોમાં તમારા આ ઉદ્દેશો અને કારણોમાં, ૬૫ના ૭૦ કરવામાં શું કારણો છે શું ઉદ્દેશો છે? કરો તો તમે બધામાં કરોને. આ જે ૫૮ વરસે કર્મચારી નિવૃત્ત થાય છે એના પણ ૬૫ કે ૭૦ કરી નાંખો, હકીકતમાં ૬૫ થી ૭૦ વરસની ઉંમરનો વ્યક્તિ અને હું તો નરેન્દ્રભાઇ વડાપ્રધાન થયા છે એમને ધન્યવાદ આપીશ કે એમણે ૬૫ થી ૮૦ વરસની ઉંમરની વ્યક્તિઓની બાદબાકી જ કરી નાંખી. એમણે કંઇ સલાહ નહિ લીધી હોય? હકીકતમાં ગુજરાતની અંદર પહેલાં ગુજરાત કૃષિ યુનિવર્સિટી એક હતી ૧-૫-૨૦૦૪ના રોજ રૂપાંતર થતાં ચાર કુલપતિઓ નિમાયા,

આજે સાહેબ હું આ વહીવટની વાત કરીશ. તો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ૧૯૭૨-૭૩ થી ૨૦૦૯-૧૦, આ વરસના ગાળા દરમિયાન, ૧૦૪૫ ઓડિટ પેરા એની આજે પૂર્તતા કરી શક્યા નથી, એમાં હું તમને

જણાવીશ કે ૫૩૮ પેરા પાંચ વરસ ઉપરના પેરા છે, ૩૭૩ પેરા ૧૦ વરસ ઉપરના છે, હું એટલા માટે કહેવા માગું છું કે, આજે આ ૬૫ વરસની ઉંમરના માણસો જો આ કરી શકતા ના હોય કામ તો ૬૫ના ૭૦ કરશો તો એ શું કરી શકશે? હું એ વાત પર આવવા માગું છું. એટલે ૩૭૩ પેરા ૧૦ વરસ ઉપરના, ૧૩૪ પેરા ૧૫ વરસ ઉપરાંતના, વિચાર કરો કે ૬૫ વરસ કે ૬૦ વરસની વ્યક્તિ આ પેરાઓની પૂર્તતા ના કરતી હોય તો આ ૬૫ના ૭૦ વરસ કરશે તો કેટલા પેરા બાકી રહેશે અને ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું શું થશે એની મને ચિંતા છે, આ જે વિધેયક લાવ્યા છે એની સામે મને વાંધો નથી, પણ માનનીય મંત્રીશ્રીને હું એ કહેવા માગું છું કે, તમારો ઉદ્દેશ તમારા કોઇ વગના માણસોને, એમની ઉંમર થઇ ગઇ હોય અને એમને કદાચ આ સારી જગ્યાએ બેસાડવા માટે આ તમે વિધેયક લાવ્યા હોય એવું મારું માનવું છે. આ વસ્તુમાં તમારો ઈરાદો સ્પષ્ટ થતો હોય એમ લાગતું નથી. એટલે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે આ પ્રમાણે જો બીજી બધી જગ્યાએ, વિભાગોની અંદર પણ ઉંમરમાં વધારો કરવામાં આવે તો બધાને આનો લાભ મળે.

માનનીય મુખ્યમંત્રી અહીંયા જે હતા આપણા માનનીય નરેન્દ્રભાઇ પી.એમ. તરીકે આજે ત્યાં દિલ્હી બેઠાં છે એ આજે યુવાનોને આગળ લાવવાની વાત કરે છે. ૨૧મી સદીના અમારા રાજીવ ગાંધીની વાત કરતા હતા, હવે એમને અનુસરીને આપણા પી.એમ. જો ચાલતા હોય તો તમે આ ૬૫ વરસની જગ્યાએ ૭૦ વરસ કરો છો એ વાત સાથે હું સંમત થતો નથી. એટલે આ વિધેયક તમે જે લાવ્યા છો એના કરતાં અમારા જે સાથી સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આજે કૃષિ ક્ષેત્રે ગુજરાત કયા નંબરે છે એની આપને ખબર હશે. મને ખબર છે કે માંગ વધે તો પુરવઠો ઘટે, અને પુરવઠો વધે તો માંગ ઘટે, આ અનુસંધાનમાં તમારા કૃષિ વિભાગમાં જે કંઇ આંકડા ભૂતકાળમાં ગયા, કૃષિ યુનિવર્સિટી એકલાની વાત નથી કરતો, ખેતીવાડી વિભાગની વાત કરું છું.આજે આ વિભાગ અને કૃષિ યુનિવર્સિટી આ જે મેં બતાવ્યું એ પ્રમાણે જૂનાગઢ યુનિવર્સિટીમાં પરિસ્થિતિ હોય તો બાકીની ચાર યુનિવર્સિટીમાં શું પોઝીશન હશે એ આપણે વિચારી લેવા જેવું છે, એટલે યુવાનોને અને જે બુદ્ધિજનો, સ્વાભાવિક છે જેમ અમારા સાથી મિત્રએ કહ્યું એ પ્રમાણે ૬૫ વરસની ઉંમર થાય એટલે એની કામ કરવાની શક્તિ જે છે એ લગભગ ૮૦ ટકા ખતમ થઇ જાય છે, એના માનસિક સેલ પણ ઓછાં થઇ જાય છે, એટલે આ પરિસ્થિતિની અંદર જોતાં તમે ૬૫ ના ૭૦ જે કર્યા છે એમાં મારો જે કંઇ ઈરાદો છે, તમારી જે કંઇ ઇચ્છા છે એ તમારા વગના માણસને બેસાડવા માટે આ ૬૫ થી ૭૦ વરસની ઉંમર કરી છે એવું મારું માનવું છે એટલે આ વિધેયક સાથે હું ખરેખર સંમત થતો નથી અને આવનારા દિવસોની અંદર જો ગુજરાતના ખેડૂતોનું હિત ઇચ્છતા હોય તો આ ચારે ચાર યુનિવર્સિટીઓમાં અનુભવી, કૃષિ વિભાગને લગતા અનુભવી કે જેને બાગાયતની અંદર કલમોનો અનુભવ હોય કેસરનો, હાફૂસ આંબાનો, બારમાસી આંબાનો અને કૃષિ ક્ષેત્રે ડાંગર છે, મકાઇ છે એવા જે પાકો છે એના બિયારણની વિવિધ રીતે શોધ કરીને અને નવી શોધ કરીને ઉત્પાદનમાં વધારો કરે. તેવા જે પાકો છે તેના વિવિધ રીતે બિયારણોની શોધ કરી, નવી શોધ કરી અને તેમાં ઉત્પાદનમાં પણ વધારે કરે એવા અનુભવી માણસો તમે આ કૃષિ યુનિવર્સિટીમાં રાખો તો ગુજરાતના ખેડૂતોનું કલ્યાણ થાય. આજે અશકત માણસ હોય તો એ ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને કોઇ સલાહ આપવા જઇ શકે નહીં. આજે યુનિવર્સિટી ચાલે છે તે ઉપલક જ ચાલે છે મારા અનુભવ મુજબ, મારા જિલ્લાથી નજીક આણંદ કૃષિ યુનિવર્સિટી છે મેં એકથી બે વખત તેની મુલાકાત લીધી છે. સાહેબ ખરેખર જે પ્રોફેસરો છે તેમને ખરેખર દરેક તાલુકાની અંદર નિયમ મુજબ જો કુલપતિ મજબૂત હોય, બુદ્ધિશાળી હોય અને ખેડૂતોને આર્થિક રીતે સંપન્ન કરવા હોય તો વ્યવસ્થિત કુલપતિ ઉંમરના અનુસંધાનમાં જે ૬૫ થી ૭૦ વર્ષની ઉંમરે તે કામ કરી શકે નહીં અને સારા માણસોને, તમે અનુભવી માણસોને મૂકો અને આ ૬૫ થી ૭૦ વર્ષની ઉંમર જે કરી છે તે ખરેખર અમને યોગ્ય લાગતી નથી એટલે આ વિધેયક સાથે હું સંમત થતો નથી.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અગાઉના નિવેદનમાં કહ્યું હતુ કે આપણે આ કાયદામાં ફેરફાર એટલા માટે લઇ આવ્યા હતા કે માનનીય મુખ્યમંત્રીશ્રીને તારીખઃ૬-૩-૨૦૧૪ના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રીએ એક પત્ર લખ્યો હતો અને એમાં એવુ કહેવામાં આવ્યુ હતું કે તમે જે મૉડેલ એકટ જે આઇ.સી.આર.એ.જે બનાવેલો છે તેને દરેક રાજય સ્વીકારે. અને આ મૉડેલ જે રાજય સ્વીકારશે તેને જ નેશનલ એગ્રીકલ્ચર રીસર્ચ પ્રોજેકટ કે જે વર્લ્ડ બેન્કના સહયોગથી શરૂ કરવાનો છે તેનો

લાભ મળશે. જે આ નહીં સ્વીકારે તેને પ્રાયોરિટી આપવામાં આવશે નહીં. એટલે જો આપણે આ એકટને સ્વીકારીએ નહીં તો આપણે જે વર્લ્ડ બેન્કનો આખો પ્રોજેકટ છે તેના લાભથી આપણે વંચિત રહીએ એક કારણ આ હતુ.

મેં મારા આગળના નિવેદનમાં કહ્યું છે કે, ગુજરાત સરકાર દ્વારા ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અધિનિયમ–૨૦૦૭ની કલમ–૧૧, પેટા કલમ૪(૩)માં કુલપતિની નામ નિયુકિત તથા પુનઃનામ નિયુકિતની તારીખે ૭૦ વર્ષથી વધુ હોવી જોઇએ નહીં. એટલે આપણે ગુજરાતની અંદર ટેકનોલોજીકલ જયારે આપીએ છીએ ત્યાં પણ તેની અંદર ૭૦ વર્ષની ઉંમર છે. અહીંયા જે આપણે વી.સી.ની નિમણૂક કરીએ છીએ તેની પાસે દસ વર્ષનો અનુભવ કારણ કે માનનીય સભ્યશ્રી રાઉલજીએ જે કહ્યું કે હું ત્યાં આણંદ યુનિવર્સિટીમાં ગયેલો છું. ત્યાં સંશોધન થતું હોય છે, શૈક્ષણિક કામગીરી થતી હોય છે અને વિસ્તરણની કામગીરી પણ થતી હોય છે. આની અંદર શૈક્ષણિક અને સંશોધનની કામગીરીનો જેની પાસે દસ વર્ષનો અનુભવ હોય તેને જ આપણે વી.સી.તરીકે નિમણૂક આપી શકીએ. એની પોતાની જે સર્વિસ છે તે ૬૨ વર્ષે છે કારણ કે પ્રોફેસર તરીકેની ૬૨ વર્ષની સર્વિસ હોય છે. ૬૨ વર્ષ પછી તમે તેને વી.સી.તરીકે રાખો તો તેના ત્રણ જ વર્ષનો લાભ મળે અને એટલા માટે બે–ત્રણ વસ્તુ જે મેં આ ગૃહમાં જણાવી તેને લીધે આપણે આ સુધારો કરવો પડયો છે. હું એટલા માટે ફરીથી માનનીય સભાગૃહને વિનંતી કરું છું કે આ સુધારો છે તે સર્વ સંમતિથી દાખલ કરે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૬૨ વર્ષ સુધી કૃષિ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા હોય તો ૬૨ વર્ષના અનુભવના અંતે તે માણસને મૂકી શકાય કે કેમ તે મારે જાણવું છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે એક તો દસ વર્ષનો તેની પાસે અનુભવ હોવો જોઇએ. ૬૨ વર્ષે તેની પ્રોફેસર તરીકેની પણ તેની જે એઇજ છે નિવૃત્ત થાય ત્યારે એટલે જો તમે ૬૨ વર્ષ પછી નિવૃત્ત થાય પછી તમે વી.સી. મૂકો તો પણ એના જે તમને લાભ મળવા જોઇએ તે માત્ર ત્રણ વર્ષ જ મળી શકે. એટલા માટે આપણે આ ફેરફાર જે કર્યો છે કે જેથી કરીને મેકસીમમ અનુભવી જે માણસ હોય, ૬૨ વર્ષનો જેની પાસે અનુભવ છે તેને જો ૬૫ વર્ષે નિવૃત્ત થવાનું હોય તો તમે તેને ત્રણ જ વર્ષ નોકરી ઉપર રાખી શકો. આપણે એટલા માટે ૬૨ના બદલે ૭૦ એટલા માટે કર્યા કે જેથી કરીને એના નોલેજનો જે લાભ છે તે આઠ વર્ષ સુધી મળી શકે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૬–સન ૨૦૧૪નું ગુજરાત કૃષિ યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬–૩૬ કલાકે પુરું થતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુંસાર સભાગૃહ, મંગળવાર, તા. ૧૧મી નવેમ્બર ૨૦૧૪ના રોજ સવારના ૮–૩૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪**
**કાર્તિક ૨૦, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો** PSK૧૪૫

**અમરેલી જિલ્લામાં ઉભા પાકને નુકસાન કરતા વન્ય પ્રાણીઓના ત્રાસથી રક્ષણ મેળવવા માટેની યોજના**

* ૧૩૪૫૪ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ખેતીવાડીના ઉભા પાકોને નુકસાન કરતા નીલગાય–રોઝ અને ભૂંડના ત્રાસથી રક્ષણ મેળવવા કઈ યોજનાઓ અમલમાં છે, | (૧) ખેતીવાડીના ઉભા પાકોને નુકશાન કરતા નીલગાય–રોઝ અને ભૂંડના ત્રાસથી રક્ષણ મેળવવા માટે ખેડૂતના ખેતર ફરતે કાંટાળા તારની વાડ તૈયાર કરવાની યોજના અમલમાં છે. |
| (૨) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ઉપરોક્ત યોજનામાં અમરેલી જિલ્લા માટે કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી છે, અને | (૨) રૂા. ૬૩.૪૦ લાખ |
| (૩) આ પ્રાણીઓના ત્રાસથી કાયમી મુક્તિ અપાવવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) આ પ્રાણીઓથી મુક્તિ અપાવવા સરકારે નીચે મુજબનું આયોજન કરેલ છે.<br>૧. ખેતરની ફરતે કાંટાળા તારની વાડ તૈયાર કરવાની યોજના હેઠળ ખેડૂતને ૫૦ ટકા સહાય પેટે ચૂકવવામાં આવે છે.<br>૨. રાજ્યમાં કુલ ૩૪૭૪ સરપંચોને હોદ્દાની રૂએ માનદ્ વન્યપ્રાણી સંરક્ષણ તરીકે નિયુક્ત કરેલ હોઈ તેઓને ખેડૂતના પાકને નુકશાન કરતી નીલગાય–રોઝને ઠાર મારવાની સત્તા આપવામાં આવેલ છે. |

---------

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં ગામડાંથી માંડીને ગાંધીનગર સુધી રોઝ અને ભૂંડોનો ત્રાસ વધતો જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, સીધા પ્રશ્ન ઉપર જ આવી જાવ.

શ્રી પરેશ ધાનાણી : હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ગુજરાતના ૧૮ હજાર ગામડાં અને ગામડાંથી ગાંધીનગર સુધી રોઝ અને ભૂંડોનો ત્રાસ વધતો જાય છે. આ ત્રાસ એટલી હદે વધ્યો છે કે ગામડાંનો ખેડૂત ખેતી પ્રત્યે નિરાશ થતો જાય છે. ખેડૂત મોંઘુ બિયારણ વાવે, ખેડૂત પરસેવો પાડે ત્યારબાદ પણ રોઝ અને ભૂંડના ત્રાસથી પાકને બચાવવા માટે રાત દિવસ ઉજાગરા કરવા પડે છે. ખેડૂતોની વસતિ વધતી જાય છે એ પ્રમાણે રોઝ અને ભૂંડોનો ત્રાસ પણ વધ્યો છે. આ રીતે ઊભો પાક નિષ્ફળ જાય છે એટલે ખેડૂતનું આખું વર્ષ નિષ્ફળ જાય છે તેથી એ સહકારી મંડળીનો હપ્તો ભરી શકતો નથી અને તેથી એ આત્મહત્યા કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, તમે મંત્રીશ્રીને શું પૂછવા માગો છો?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના બધા સભ્યશ્રીઓને આની ચિંતા છે.

અધ્યક્ષશ્રી : આપે ફકત અમરેલી જિલ્લા માટેનો પ્રશ્ન પૂછ્યો છે એટલે અમરેલી જિલ્લા પૂરતો જ પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : અમરેલી જિલ્લામાં રોઝ, ભૂંડ ભટકાવાને કારણે ઘણા લોકોને ઈજાઓ તથા માનવ મૃત્યુના કિસ્સાઓ પણ નોંધાણા છે ત્યારે આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું, એમણે જવાબ આપ્યો છે ખેતીવાડીના ઊભા પાકોને નુકસાન કરતા નીલગાય–રોઝ અને ભૂંડના ત્રાસથી રક્ષણ મેળવવા માટે ખેડૂતોના ખેતર ફરતે કાંટાળી તારની વાડ તૈયાર કરવાની યોજના અમલમાં છે. હું ખેડૂત છું અને મેં ખેડૂત તરીકે તારની વાડ કરી છે. અમરેલી જિલ્લા માટે ૬૩ લાખ ૪૦ હજાર રૂપિયા આ કાંટાળી તારની વાડ કરવા માટે ફાળવ્યા છે. એક ગામમાં ઓછામાં ઓછા ૨૫ હજાર કિલોમીટરના શેઢા થાય છે. બધા ખેતરોનો સરવાળો કરીએ તો કેટલો થાય ?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, આપને ખબર છે કે આ પ્રશ્નોત્તરી છે? એક સભ્ય તરીકે આપને ખબર હોવી જોઈએ કે આ પ્રશ્નોત્તરી છે કે ચર્ચા છે. આપ ફકત પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : જે રકમની ફાળવણી કરી છે એ ઘણી જ ઓછી છે.

( આ તબક્કે માનનીય શકિતસિંહ ગોહિલ બીજી જગ્યા ઉપરથી ઊભા થઈને કંઈક બોલતા)

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહ, આપ આપની જગ્યા ઉપરથી ઊભા થઈને જ બોલી શકો. આપને ડિસિપ્લીનની ખબર હોવી જોઈએ. આપ સંસદીય પ્રણાલિકા ખૂબ સારી રીતે જાણો છો . આ બધા માટે સૂચના છે. આપ આપની સીટ ઉપર હતા નહિ અને બીજી જગ્યાએ ઊભા છો અને છતાં આપ કોમેન્ટ કરો છો, એ ન ચાલે. આપ પોતાની જગ્યા ઉપર નહોતા, બીજી જગ્યા ઉપરથી ઊભા થઈને કોમેન્ટ ન કરી શકાય, આપ તો સંસદીય પ્રણાલિકાથી જાણકાર છો તેથી આપને ખબર હોવી જોઈએ. બધા જ સભ્યો મારા માટે સરખા છે. હું માનનીય પરેશભાઈને કહેતો હતો કે સીધા પ્રશ્ન ઉપર આવો, આપે બીજી જગ્યા ઉપરથી ઊભા થઈને કોમેન્ટ કરી એટલે આપનું આ વર્તન યોગ્ય નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસની મર્યાદા રાખીને ઊભા થઈને બોલીએ છીએ. ગઈકાલે માનનીય મંત્રીશ્રી પણ દસ દસ મિનિટ સુધી જવાબ આપતી વખતે બોલતા હતા.

અધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, જે કોઈ મંત્રી હોય તેને પણ મેં ટકોર કરી છે...

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આ ટકોર અને એ ટકોરમાં ફરક છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : વિપક્ષના નેતા હોય કે મંત્રીશ્રી હોય આ ગૃહમાં બધા મારા માટે સરખા છે (અંતરાય) અને બન્ને પક્ષોનો સહકાર મળશે તો ખૂબ સારી રીતે ગૃહ ચાલશે. હું અપેક્ષા એ જ રાખું છું. સરકાર પક્ષ હોય કે વિપક્ષ હોય આ ગૃહ ચલાવવા માટે બધાના સપોર્ટની જરૂર રહે છે, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : મારો સીધો સવાલ છે કે રોઝ–ભૂંડના ત્રાસથી ખેડૂતોને બચાવવા ગામ દીઠ ઓછામાં ઓછા એક કરોડ રૂપિયા હોય તો વાયર ફેન્સીંગ થાય. એટલે ગામ દીઠ એક કરોડ રૂપિયાની ફાળવણી કરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે રોઝ–ભૂંડ ખેડૂતના ખેતરમાં પાકને નુકસાન કરે તો ઊભા પાકને જે નુકસાન થાય તેનું સરકાર વળતર ચૂકવવા માગે છે કે કેમ? મારો ત્રીજો પ્રશ્ન છે કે સરકારે કહ્યું છે કે ૩૪૭૪ ગામના સરપંચોને રોઝ–ભૂંડને મારવા માટે વન્ય પ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક કરવામાં આવી. ખેડૂતના દીકરાને બંદૂક હકાવતા આવડતી હોય તો લૂંટ કરે. ખેતી થોડો કરે? મારી સીધી વિનંતી છે કે આ વન સંરક્ષકશ્રીઓ દરેક ગામ દીઠ એક શિકારી રોઝ–ભૂંડ મારવા માટે નિમણૂક આપી શકે એવી કોઈ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ રોઝ અને ભૂંડના ત્રાસ અંગેની વાત કરી છે. આ રોઝ અને ભૂંડનો ત્રાસ કંઈ રાતોરાત વધેલો નથી. ઘણા વર્ષોથી આ પ્રશ્ન છે. તેના અંગેની અનેકવિધ યોજનાઓ પણ સરકારે બનાવી છે. અન્ય રાજયોની સરખામણીમાં પણ આંધ્રમાં, તામિલનાડુમાં અને બીજાં રાજયોમાં પણ..

અધ્યક્ષશ્રી : આપણે અમરેલી જિલ્લા પૂરતો જવાબ આપો.

શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ : જે પ્રકારની વ્યવસ્થા કહી કે અન્યમાં ચૂકવણું કરવા માગો છો કે કેમ? તો બીજાં રાજયોમાં ચૂકવણું કરવામાં આવે છે તે નુકસાન થયા પછી ચૂકવવાની વાત આવે છે. જયારે ગુજરાત તેના કરતા એડવાન્સ છે. નુકસાન ન થાય તે માટે વાયર ફેન્સીંગ એડવાન્સ કરવાની વ્યવસ્થા અને સુવિધા કરવામાં આવી છે. વાયર ફેન્સીંગ, કાંટાળા તારની વાડ, થોરની વાડ, પથ્થરની વાડ આ બધી ખેડૂતો કરી શકે પણ સરકારની જે ચૂકવણાંની

મર્યાદા છે એ મર્યાદામાં રહીને કરી શકે. બીજી તેમણે જે વાત કરી છે કે રકમ ઓછી છે, તો સરકાર એ બાબતમાં ચિંતિત છે અને રાજય સરકારે એક સમિતિનું ગઠન પણ કર્યું છે. ટૂંક સમયમાં એ સમિતિ અસ્તિત્વમાં આવશે. તેમાં વિપક્ષના સભ્યો પણ હશે. આ બધા સભ્યોના સર્વગ્રાહી સજેશનો લઇને આગામી દિવસોમાં તે અંગે શું કરી શકાય તે માટે સરકાર વિચારણા કરીને ચિંતિત છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં કાંટાળા તારની વાડની યોજના હેઠળ ત્રણ વર્ષમાં કેટલા રીંગ મીટર વાડ તૈયાર કરવામાં આવી છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાંટાળા તારની વાડની યોજના લાભાર્થી ખેડૂતોને તેમની અરજી નજીકના રેન્જ ફોરેસ્ટ ઓફિસર મારફત આપવાની હોય છે અને..

અધ્યક્ષશ્રી : અમરેલી જિલ્લામાં જે કામગીરી થઇ હોય તેની માહિતી હોય તો આપો, નહીં તો સભ્યશ્રીને પછીથી આપજો.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સભ્યશ્રીને પછીથી માહિતી આપીશું.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કાંટાળા તારની વાડ બનાવવાની યોજનામાં ખેડૂતોને સહાયની રકમ કઇ રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : કાંટાળા તારની વાડ બનાવવા અંગે ત્રણ તબક્કે ચૂકવણું કરવામાં આવે છે. પહેલાં આર.એફ.ઓ.ને અરજી કરવામાં આવે છે. પછી તેનું નિરીક્ષણ થાય, ખાડા ખોદાય, તેના થાંભલા આવી જાય એટલે ૨૫ ટકા, કાંટાળા વાયર આવી જાય પછી તેનું નિરીક્ષણ કરીને ૫૦ ટકા રકમ અને પૂર્ણ થયે બાકીની ૨૫ ટકા રકમ ચૂકવવામાં આવે છે. કુલ ૧૮૭ રૂપિયા પર મીટર તેનો ચાર્જ છે તેમાંથી ૫૦ ટકા રકમ સરકારશ્રી તરફથી ચૂકવવામાં આવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૪૭૪ સરપંચોને રોઝ–નીલગાયને ઠાર મારવાની સત્તા આપવામાં આવી છે. તો અત્યાર સુધીમાં કેટલા નીલગાય–રોઝને ઠાર મારવામાં આવ્યા અને એનું ડિસ્પોઝલ કેવી રીતે કરવામાં આવ્યું અને આ એસેટ ઉભી કરવામાં રૂ.૪૦/– લાખની ગ્રાન્ટ વાપરવામાં આવી છે એનાથી સરકારને સંતોષ છે કે કેમ? અને અમરેલી જિલ્લામાં દરેક જગ્યાએ સંપૂર્ણ તારની વાડ થઇ ગઇ છે?

અધ્યક્ષશ્રી : નીલગાય– રોઝને ઠાર મારવાના કિસ્સા ધ્યાનમાં આવ્યા છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના, નથી.

## સંતરામપુર અને કડાણા તાલુકામાં ઈન્દીરા આવાસ યોજનામાં બીજા હપ્તાની સહાયની રકમ ચૂકવવા બાબત

* ૧૩૨૪૯ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં ઈન્દીરા આવાસ યોજના અન્વયે તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને બીજા હપ્તાની સહાયની રકમ ચૂકવવાની બાકી છે, અને | (૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં ઈન્દીરા આવાસ યોજના અન્વયે તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જેમણે આવાસનું લિન્ટલ લેવલ સુધીનું બાંધકામ કર્યું હોય તેવા કોઈ પણ લાભાર્થીને બીજા હપ્તાની સહાયની રકમ ચુકવવાની બાકી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ બીજા હપ્તાની સહાયની રકમ ચૂકવવાની બાકી હોય તો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે, સામાન્ય રીતે ઈન્દીરા આવાસ યોજનામાં જે લાભાર્થીઓ ૦થી ૧૬માં આવતા હોય એમને પહેલા હપ્તાની રકમ ચૂકવી દેવામાં આવે છે.

એ લીંટલ લેવલનું બાંધકામ કરે એટલે એને બીજા હપ્તાની રકમ ચૂકવી દેવી પડે. પહેલા હપ્તાની રકમ ચૂકવી દેવામાં આવી હોય એવા કેટલા લાભાર્થી છે અને તે પૈકી કેટલા લાભાર્થીઓને બીજા હપ્તાની રકમ ચૂકવવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, બીજા હપ્તા માટે ફોટા સાથે અરજી કરી હોય, એમની રજૂઆત હોય, સંપૂર્ણ દરખાસ્ત હોય એ કચેરીમાં આવી હોય પરંતુ કચેરીમાં જમા લેવામાં ન આવી હોય, રેકર્ડ ઉપર ન લીધી હોય એવી કેટલી અરજીઓ છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સંતરામપુરમાં ઇન્દીરા આવાસ યોજના હેઠળ ૪૮૮૫ અરજીઓ મંજૂર થયેલ છે અને એમને પહેલા હપ્તાની રકમ ચૂકવવામાં આવી છે અને બીજા હપ્તા માટે ૩૧૧૩ અરજીઓ બાકી છે. કડાણા તાલુકામાં ૩૦૧૨ લાભાર્થીઓને પહેલા હપ્તાની રકમ ચૂકવવામાં આવી છે અને ૩૧૨૭ લોકો બાકી છે. એમનો બીજો પ્રશ્ન એ હતો કે, માગણીદારની તાલુકા પંચાયતમાં અરજી આવી હોય અને રેકર્ડ ઉપર ન લીધી હોય એવી એમણે જે તારીખે પ્રશ્ન પૂછ્યો એ તારીખ સુધીમાં બીજા હપ્તા માટેની માગણી આવી હોય એવા એકપણ લાભાર્થીની અરજી બાકી નથી.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દીરા આવાસ બને છે એમાં શૌચાલય બનાવવા અંગેની કોઇ જોગવાઇ કરવામાં આવી છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજા હપ્તાની રકમ ચૂકવતા સમયે એમને પૂછવામાં આવે છે કે શૌચાલય બનાવવામાં આવેલ છે કે કેમ? એ ચેક કરવામાં આવે છે. કાલે જ શ્રી નીતિનભાઇ બિલ લાવ્યા છે અને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર આ બાબતે ગંભીર છે એટલા માટે તા.૧૦–૧૦–૨૦૧૪થી હવે પછીથી બીજા હપ્તાની રકમ ચૂકવતા પહેલાં એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે, તેમણે શૌચાલયની વ્યવસ્થા કરેલ છે કે કેમ? એ ચેક કરવામાં આવશે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સંતરામપુર અને કડાણા તાલુકામાં મંજૂર થયેલ ૦થી ૧૬ના લાભાર્થીઓ કેટલા અને ૧૭થી ૨૦ના કેટલા લાભાર્થી છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને તાલુકાઓમાં ૦થી ૧૬માં ૭૭૦૩ લાભાર્થીઓ અને ૧૭થી ૨૦માં ૧૧૯૪ લાભાર્થીઓ છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મકાન સહાયમાં છેલ્લો હપ્તો ચૂકવવાનો હોય ત્યારે સંપૂર્ણ પણે જાજરૂ, બાથરૂમ, પ્લાસ્ટર, ફલોરીંગ આ બધું કામ પૂર્ણ થયા પછી મંત્રીશ્રી તાલુકા પંચાયતની અંદર રિપોર્ટ કરે તો નાણા ચૂકવાતા હોય છે. મોટા ભાગના કિસ્સાઓમાં ત્રીજા હપ્તાની રકમ લેવા માટે મંત્રીશ્રીઓ સમયસર રિપોર્ટ કરતા નથી અને એના કારણે લાભાર્થીઓ ઘણી વખત મોટી આપદામાં મુકાતા હોય છે કારણ કે એને આખું મકાન તૈયાર કરવામાં જે બીજાઓ પાસેથી નાણા લેવાના હોય છે એને પરત કરવામાં પણ મુશ્કેલી થાય છે આ સંજોગોમાં કોઇ વૈકલ્પિક વ્યવસ્થા મંત્રીશ્રીને આપે તો સરપંચશ્રી પણ રિપોર્ટ કરી શકે એવી કોઇ વ્યવસ્થા સરકારશ્રી ઉભી કરવા માગે છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એથી ઉપર ઉઠીને કહેવું છે કે સરપંચશ્રીનું એમનું સૂચન છે પણ જે તલાટી મંત્રીને લાભાર્થી એનો રિપોર્ટ કરે છે અને રિપોર્ટ આપે છે પણ લાભાર્થી સીધો જ જો ટીડીઓને અરજી કરશે કે મેં તલાટીને આ રિપોર્ટ આપ્યો છે એ લાભાર્થીને એ જ સમયે એ તલાટીને બોલાવી અને એ લાભાર્થીને એનો લાભ આપવામાં આવશે આ વ્યવસ્થા પણ થયેલી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે મહીસાગર જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજનામાં કેટલાક લાભાર્થીઓને જમીન પણ આવાસ બનાવવા માટે હોતી નથી અને લેન્ડ કમિટીની મીટીંગ તાલુકા પંચાયતમાં મળતી પણ નથી તો આવા ૦ થી ૧૬ વાળા કેટલાક લાભાર્થીઓ બાકી રહી ગયા છે એના માટે સરકાર શું કરવા માગે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બે તાલુકાનો પ્રશ્ન છે. જિલ્લાનો પ્રશ્ન નથી. અલગથી પૂછશે તો એનો જવાબ પણ હું આપીશ.

## ભાવનગર અને તળાજા તાલુકામાં દરિયા કિનારે ચેરનું વાવેતર

* ૧૨૯૯૮ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ભાવનગર અને તળાજા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ દરમિયાન તા. ૩૦–૯–૨૦૧૪ સુધીમાં દરિયા કિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **તાલુકો** | **વાવેતર વિસ્તાર હે.** |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ભાવનગર | ૧૭૫ |
| | તળાજા | ૬૬ |
| ૨૦૧૩–૧૪ | ભાવનગર | ૧૦૯૫ |
| | તળાજા | ૮૮૨ |
| ૨૦૧૪–૧૫ | ભાવનગર | ૦ |
| (તા. ૩૦–૯–૨૦૧૪ સુધીમાં) | તળાજા | ૦ |
| | **કુલ** | **૨૨૧૮** |

(૨)

| **વર્ષ** | **તાલુકો** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | ભાવનગર | ૨૯.૦૦ |
| | તળાજા | ૯.૨૦ |
| ૨૦૧૩–૧૪ | ભાવનગર | ૨૦૪.૯૯ |
| | તળાજા | ૧૬૦.૩૦ |
| ૨૦૧૪–૧૫ | ભાવનગર | ૦ |
| (તા.૩૦–૯–૨૦૧૪ સુધીમાં) | તળાજા | ૭.૧૧ |
| | **કુલ** | **૪૧૦.૬૦** |

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને આ વિધાનસભા પૂરી થાય એટલે ભાજપની સરકારને ૨૨ વર્ષ થશે ત્યારે મારે આ સન્માનનીય સભાગૃહને કહેતા આનંદ થાય છે અને જાણવું પણ છે માનનીય મંત્રીશ્રી પાસેથી કે ભા.જ.પ.ની સરકાર પહેલા ગુજરાતમાં ખૂબ ગાંડા બાવળો વવાણા છે ત્યારે ભા.જ.પ.ની સરકાર આવ્યા પછી ચેરનું વાવેતર ખૂબ થઇ રહ્યું છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી આપના મારફત જાણવું છે કે ચેર વિસ્તારનું મહત્વ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચેરનુ વૃક્ષ એ પ્રકારનું છે કે એક પણ વનસ્પતિ જયાં ન થતી હોય એવી દરિયાઇ, કાંઠાળ, ખારાશવાળી જમીનમાં જયાં કાદવવાળી જગ્યામાં થતું આ વૃક્ષ છે, બારેમાસ લીલું રહે છે અને દરિયાઇ જયાં જીવસૃષ્ટિ છે એને ખોરાક પણ પૂરો પાડવાનું કામ કરે છે. ઉનાળામાં પણ આ લીલું હોય છે જેથી ઉનાળામાં પણ ઘાસચારાનું કામ પ્રાણીઓ માટે કરે છે અને સુનામી જેવી જે આફત હોય દરિયાઇ તોફાન હોય ત્યારે એની સામે પણ કાંઠાના વિસ્તારના લોકોને રક્ષણ આપે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ ચેરના વૃક્ષો કઇ આબોહવામાં સારી રીતે થાય છે કારણ કે માનનીય મંત્રીશ્રીએ જે કહ્યું કે સુનામી માટે અને માનનીય મંત્રીશ્રી જાણકારી અને પૂર્તતા કરે કે આખા દેશમાં સૌથી વધારે Mangroves એટલે કે ચેર એ ગુજરાતની અંદર ઉગેલા છે. વાવેલા છે અને સફળ થયા છે એવી જ રીતે આખા ગુજરાતમાં સૌથી વધારે ભાવનગરની અંદર આ ચેર

અથવા તો Mangroves છે એ હકીકત સાચી છે એ મારે જાણવું છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે વધારેમાં વધારે ચેરના વૃક્ષો આ કાંઠાળ વિસ્તાર એટલે કે ભાવનગરમાં છે અને આ દરિયાઇ પાણી જયાં પહોંચતું હોય વારંવાર દરિયાઇ પાણીની ખારાશવાળું પાણી જતું હોય એવા વિસ્તારમાં આ ચેરના વૃક્ષો થાય છે, ખારાશ અટકાવે છે અને વૃક્ષ બારેમાસ લીલું રહે છે.

શ્રી મહેરામણભાઇ આહીર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જે ચેર છે એ દરિયાકાંઠે થાય છે. અમારે માલ ઢોર ખાય છે તો એને કાપવા માટે મંજૂરી આપશો?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સેન્ચ્યુરી વિસ્તારમાં આ રક્ષિત જંગલ હોય છે તેથી એમાં મંજૂરી આપી શકાય નહીં.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આ ગૃહમાં નવા વર્ષમાં બીજા દિવસે મળ્યા છીએ ત્યારે બધા ગૃહના સભ્યોને મારા જય સોમનાથ અને જયભીમ. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું એ પ્રશ્ન પૂછવા માગુ છું કે ચેરનું વાવેતર કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ચેરનું વાવેતર બે−ત્રણ પદ્ધતિથી થાય છે. એક તો એના બી વાવીને થાય છે. એની સીંગ વાવીને થાય છે અને બીને પોલિથીન બેગમાં રોપીને બેગ બનાવીને થાય છે. દરિયાકાંઠા વિસ્તારમાં એના ૫ x ૫ વિસ્તારમાં બંધ બનાવીને વાવેતર થાય છે. જેથી ખારાશવાળું પાણી બાજુમાંથી જતું રહે અને પાણીનો ભેજ એને મળતો રહે એ રીતે એનું વાવેતર થાય છે.

## સાબરકાંઠા જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૧૩૦૧૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧−૭−૨૦૧૪ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં અનુક્રમે ૪ અને ૨ અરજીઓ મળી કુલ ૬ અરજીઓ મંજુર કરેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | વર્ષ | મંજૂર કરેલ અરજીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૦૧૨−૧૩ | ૩ |
| | | ૨૦૧૩−૧૪ | ૧ |
| | **કુલ** | | **૪** |
| ૨ | પ્રાંતિજ | ૨૦૧૨−૧૩ | ૦ |
| | | ૨૦૧૩−૧૪ | ૨ |
| | **કુલ** | | **૨** |
| | **એકંદરે કુલ** | | **૬** |

(૩) તે પાછળ તા. ૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) તા. ૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ રૂ઼ા. ૧.૭૬ લાખ ખર્ચ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **વર્ષ** | **કરવામાં આવેલ ખર્ચ (રૂ઼ા. લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૦૧૨-૧૩ | ૦.૯૬ |
| | | ૨૦૧૩-૧૪ | ૦.૨૭ |
| | **કુલ** | | **૧.૨૩** |
| ૨ | પ્રાંતિજ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| | | ૨૦૧૩-૧૪ | ૦.૫૩ |
| | **કુલ** | | **૦.૫૩** |
| | **એકંદરે કુલ** | | **૧.૭૬** |

શ્રી રાજેન્દ્રસિંહ ૨. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલી સ્મશાન સગડીઓ આપવાનું આયોજન છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : પ્રાંતિજમાં ૫ અને હિમતનગરમાં ૫ એમ કુલ ૧૦ નું આયોજન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સ્મશાન સગડીઓ શહેરી વિસ્તારમાં વન વિભાગ દ્વારા આપવામાં આવે છે કે કેમ? અને આપવામાં આવતી હોય તો એની પદ્ધતિ શું છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : શહેરી વિસ્તારમાં સ્મશાન સગડીઓ આપવામાં આવતી નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અગાઉ પણ જ્યારે આ ગૃહમાં સુધારેલ સ્મશાન સગડીની વાત થઇ ત્યારે એ વાત આવતી કે આવી સુધારેલ સગડી મૂકવામાં આવે તો લાકડાના બળતણનો ખર્ચ ઓછો આવે છે. મારા પ્રાંતિજ મત વિસ્તારનો પ્રશ્ન પૂછાયો છે ત્યારે વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં માત્ર અનુક્રમે ૨ અને ૧ સગડી આપવામાં આવી છે. પ્રાંતિજમાં લગભગ ૧૦૦ જેટલા સ્મશાનો છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને મારી વિનંતી છે કે, સરકારના ગતિશીલ ગુજરાતના કાર્યક્રમ હેઠળ આ તમામ ૧૦૦ સ્મશાનો છે એમાં સ્મશાન સગડીઓ મૂકવાનું કોઇ આયોજન સરકારે કરેલ છે કે કેમ અને અત્યાર સુધીમાં પ્રાંતિજ તાલુકામાં કેટલી અરજીઓ પેન્ડીંગ છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : અત્યારે કોઇ અરજી પેન્ડીંગ નથી. જે લોકો સગડીઓ માગે છે એને યોજના પ્રમાણે આપવામાં આવે છે અને આ માટે ડી.એફ.ઓ.ને અરજી કરશે તો સગડી પૂરી પાડવામાં આવશે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સ્મશાન સગડી આપવાના ધોરણો શું છે અને સ્મશાન સગડીઓ આપવાથી પર્યાવરણમાં કેટલા ટકા બચત થાય છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સ્મશાન સગડી એ લાકડાનો લગભગ ૪૦ ટકા જેવો બચાવ કરે છે. પર્યાવરણને રક્ષણ આપવા માટેનું આ એક સાધન છે અને ગ્રામ પંચાયત વનીકરણ કરવા માગતું હોય તો એને પ્રાયોરિટી આપવામાં આવે છે. જ્યાં ૨૫૦ થી વધારે અનુસૂચિત જાતિના લોકો વસતા હોય એમને પણ પ્રાયોરિટી આપવામાં આવે છે.

શ્રી નિરંજન પટેલ : સાબરકાંઠામાં બે વર્ષમાં માત્ર ૧૦ સગડીઓ આપવાની છે ત્યારે બળતણ બચાવીને પર્યાવરણનું રક્ષણ કરવું વગેરે વગેરે કારણો બહુ સારા છે. સરકાર પોતે એક અભિયાન કરીને જે જે સ્મશાનોની અંદર સગડીઓ ન હોય એવી તમામ જગ્યાએ મૂકવા માગે છે કે કેમ? કારણ કે ૪૦ ટકા બળતણ બચાવતી હોય તો એ

અભિયાનના કારણે તો વાતાવરણમાં ઘણો સુધારો આવે એવું મારું માનવું છે. માત્ર સાબરકાંઠા જ નહીં પણ ગુજરાતમાં તમામ જગ્યાએ સગડીઓ મૂકવા માગો છો કે કેમ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : સભ્યશ્રીનું સૂચન છે.

**ભિલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં ખેતી માટે વીજ કનેકશન માટે ફાળવેલ ગ્રાન્ટ**

*** ૧૩૪૪૪ ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં આદિજાતી ખેડૂતોને ખેતી માટે વિજ કનેક્શન આપવા આદિજાતિ વિભાગ તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કેટલા આદિજાતિ ખેડૂતોને વિજ કનેક્શન આપવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) : અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, મેઘરજ, ખેડબ્રમા અને વિજયનગર તાલુકાઓમાં આદિજાતિ ખેડૂતોને વીજ જોડાણ આપવા માટે તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને આપવામાં આવેલ વીજ જોડાણની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | તાલુકાનું નામ | તા. ૧–૧૦–૧૨થી ૩૦–૯–૧૩ દરમિયાન | | તા. ૧–૧૦–૧૩ થી ૩૦–૯–૧૪ દરમિયાન | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાંટ (રૂા. લાખમાં) | આપવામાં આવેલ વીજ જોડાણની સંખ્યા | ફાળવેલ ગ્રાંટ (રૂા. લાખમાં) | આપવામાં આવેલ વીજ જોડાણ |
| અરવલ્લી | ભિલોડા | ૨૮૧૩.૪૭ | ૨૨૦૬ | ૯૯૦.૭૫ | ૭૬૧ |
| | મેઘરજ | ૦.૦૦ | ૦ | ૬૪૧.૭૮ | ૨૯૯ |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૭૫૬.૫૧ | ૪૮૬ | ૫૩૧.૧૯ | ૩૬૫ |
| | વિજયનગર | ૮૧૩.૮૬ | ૬૪૨ | ૪૭૩.૭૯ | ૪૪૪ |

મેઘરજ તાલુકો અગાઉ ડાર્કઝોનમાં સમાવિષ્ટ હતો જેમાં અગાઉની કોઈ અરજી પડતર ન હોઈ ડાર્કઝોન ઉઠાવી લીધા બાદ આ તાલુકામાં ગ્રાન્ટ ફાળવણી કરી નવા વીજ જોડાણ આપવામાં આવેલ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ વિભાગ દર વર્ષે લગભગ ૧૨૫ કરોડ જેવી રકમ ઉર્જા વિભાગને આપે છે અને એ પૈસા ખેડૂતોને કનેકશન અને ઘર કનેકશન અને ખેતીના કનેકશનો માટે વપરાતા હોય છે. પરંતુ તાલુકા મથકે આ ટ્રાયબલ ખેડૂતો માટે અલગ રજિસ્ટ્રેશન રાખવામાં આવતું નથી. તત્કાલીન અમારા પ્રભારી મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોર સાહેબે પણ ધ્યાન દોર્યું હતું કે તાલુકા કક્ષાએ વિભાગે અલગ રજિસ્ટ્રેશન રાખવું કે, જેથી ટ્રાયબલના ખેડૂતો માટે ગ્રાન્ટ અલગ રીતે વાપરી શકાય. સાહેબ, અલગ રજિસ્ટ્રેશન ના રાખવાના કારણે કનેકશનો મળતા નથી. આજે પરિસ્થિતિ એ છે કે ખેડૂતો પોતાના કનેકશન વગર ખેતી કરી શકતા નથી તો માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે તમે તાલુકા મથકે અલગ રજિસ્ટ્રેશન ટ્રાયબલ વિભાગની ગ્રાન્ટ માટે કરવા માગો છો કે કેમ? અને ટોટલ કેટલી અરજીઓ હજી ખેડૂતોની પેન્ડિગ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને માહિતી આપવી છે કે, ગ્રાન્ટના કારણે કોઇ કનેકશન આપણે અટકતું નથી. બીજું, આ વર્ષે ૫૨૦૩ કનેકશનો ઓલરેડી બે વર્ષમાં આપણે આપી દીધા છે અને જે પેન્ડિગ છે એની પણ આપને માહિતી આપું, જેથી આપને ખ્યાલ આવશે. હું વિગતવાર આપું (અંતરાય) હું આપને કન્વિન્સ કરી દઉં. (અંતરાય) આપ જવાબ સાંભળ્યાં પછી પેટા સવાલ પૂછજો. માનનીય અધ્યક્ષશ્રી, આ ચાર તાલુકાનો પ્રશ્ન છે. આજની તારીખમાં ભિલોડામાં ૨૦૧૨નું એક પણ કનેકશન પેન્ડિગ નથી. ૨૦૧૩નું એક પણ કનેકશન પેન્ડિગ નથી. ૨૦૧૪ના ૧૩૧ કનેકશન પેન્ડિગ છે. પેઇડ પેન્ડિગ ૬૨ કનેકશન છે. હવે ભિલોડાની વાત કરી એમાં સપ્ટેમ્બર મહિનાના ૪૮ કનેકશન પેન્ડિગ છે. એટલે આપ વિચાર કરો કે ૨૦૧૪ની સાલ ભિલોડામાં ચાલી રહી છે. ખેડબ્રહ્માની અંદર આજની તારીખમાં ૨૦૧૨ના એક પણ કનેકશન પેન્ડિગ નથી. ૨૦૧૩ના એક પણ કનેકશન પેન્ડિગ નથી.

૨૦૧૪ના ૧૫૬ કનેકશન છે એને પેઇડ પેન્ડિગ ૯૩ છે. હવે આ પેઇડ પેન્ડિગ ૯૩ છે એમાં મે મહિનાના ૩૦ છે, સપ્ટેમ્બર મહિનાના ૫૮ છે. આ મેં ખેડબ્રહ્માની વાત કરી. વિજય નગરની વાત કરીએ તો ૨૦૧૨ના એક પણ કનેકશન પેન્ડિગ નથી. ૨૦૧૩ના એક પણ કનેકશન પેન્ડિગ નથી. ૨૦૧૪માં ૭૪ પેન્ડિગ છે. પેઇડ પેન્ડિગ ૮૫ છે. પેઇડ પેન્ડિગ ૮૫ છે એ મે, જૂન, ઓગષ્ટ અને સપ્ટેમ્બર આ ચારના ભેગા થઇને ૮૫ છે. આ ત્રણેય તાલુકાનું આપણે સંપૂર્ણપણે કામ પૂર્ણ કરી નાખ્યું. જે મેઇન ઇસ્યુ છે એ મેઘરજ તાલુકાનો. મેઘરજ તાલુકો ડાર્કઝોનની અંદર હતો. એટલે ૨૦૧૨ના અંતમાં આપણે જાહેરખબર દ્વારા અરજી મંગાવી. એ અરજીના કારણે ૩૯૧૭ કનેકશન આવ્યાં. ૨૦૧૩માં ૯૮ આવ્યાં. ૨૦૧૪ની અંદર ૨૬૬ આવ્યાં. એમ કરીને ૪૨૮૧ કનેકશન આવ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એક પ્રોસીજર હતી. આ બધા કનકશનો સી–ગ્રેડના હતા એટલે એ લોકોના બોર છે. એટલે આપણે જ્યારે ડ્રો પાડ્યો. ડ્રો પાડ્યા પછી એ registered એપ્લીકેશનનો આપણે સરવે કરાવ્યો, એના ડોક્યુમેન્ટસ ચેક કર્યા. બોર છે કે નહિ? જોયું. અને પછી જી.ઇ.આર.સી. માં મોકલી. એમાં ડ્રીપ ઇરિગેશન ફરજિયાત છે. ડ્રીપ ઇરિગેશન ફરજીયાત હોવાના કારણે એ લોકોએ ફોર પાર્ટી એગ્રીમેન્ટ કર્યો અને ફોર પાર્ટી એગ્રીમેન્ટ જે પાર્ટીના થયા એના ૧૩૩૩ કનેકશનના ફોર પાર્ટી એગ્રીમેન્ટ થયા અને એના જે એગ્રીમેન્ટ થયા એના યુ.જી.વી.સી.એલ. એ ઇશ્યું કર્યું. એ યુ.જી.વી.સી.એલ. ઇશ્યું કરી એમાં જે અંડર-પેમેન્ટ છે એમાં ૨૦૧ છે. પેઇડ પેમેન્ટ પેન્ડિગ ૧૧૩૨ છે. ૨૯૯ કમ્પલીટ થયા છે અને ૮૩૩ કામો બાકી છે એ ૮૩૩ કામોના સંપૂર્ણપણે કામ આ વર્ષના ૩૧ માર્ચ પહેલા આપણે પૂરા કરીશું અને બીજું જે આપે જે વિગતવાર વાત કરી થોડું ડીલે થવાનું મૂળ કારણ આપણે નીતિમાં બદલાવ લાવીને સીંગલ ટ્રાન્સફોરમર ખેડૂતોને આપીએ. સીંગલ ટ્રાન્સફોરમર જે ખેડૂતોને આપવાના હતા એ ઇલેકશનના કારણે થોડું ડીલે થયું. પછી જ્યારે ટેન્ડર બહાર પડ્યાં. આપણે સ્પેસિફિક કંપનીઓને પ્રોસેસ આપી. એટલે એ લોકોએ જ્યારે ટેન્ડર બહાર પડ્યાં ત્યારે એલ–૧ ને મેચ કરવા માટે એલ–૨ થી ઘણી પાર્ટીઓ આવતી નથી. ફૂલ ક્વોન્ટીટીનો ઓર્ડર આપવાનો હતો એ ઓર્ડર આપી શક્યા નહિ અને એના કારણે ફરીથી ટેન્ડર બહાર પડ્યું એ સાતમાં મહિનાની અંદર ટેન્ડર અપાય ગયું છે. ડીલીવરી ચાલુ થઇ ગઇ છે અને મેઘરજ તાલુકામાં હીલી એરિયા હોવા છતાં આપણે સંપૂર્ણપણે જેટલા લોકોને પેઇડ પેન્ડિગ કનેકશન તાત્કાલિક જોઇએ એ આપણે આપવા સંમત છીએ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, વીજળીના એક યુનિટની સરકારને પડતર કિંમત કેટલી છે? અને ખેડૂતો પાસેથી વીજ બિલ પેટે કેટલી રકમ લેવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં આપણે જે કોસ્ટ ટુ સર્વ કહીએ એ ૫.૨૬ પૈસા પર યુનિટ પડે છે અને હાલમાં જે ટેરિફ જી.ઇ.આર.સી. એ ૨૦૧૩ની અંદર ડીક્લેર કર્યો છે એની અંદર ૨૪૦૦ રૂપિયા હોર્સ પાવરનો સ્લેબ એમણે દરેક હોર્સ પાવર માટેનો જાહેર કર્યો છે. પરંતુ ૬૬૫ રૂપિયા પર હોર્સ પાવર અપ ટુ સાડા સાત હોર્સ પાવર સુધી લઇએ છીએ.૮૦૭.૫૦ અબાવ ૭.૫૦નો લઇએ છીએ અને આના કારણે જે બાકીનો ડિફરન્સ હોય એ આશરે વર્ષે ૩,૫૦૦/- કરોડ જેવી સબસિડી આપણે ખેડૂતોને આમાં આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું આ ઉપરાંત જે ફ્યુઅલ સરચાર્જનો ડિફરન્સ હોય છે એ પણ સંપૂર્ણપણે સરકાર ભોગવે છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યશ્રી, મારા એક પ્રશ્નનો જવાબ નથી કે, તાલુકા મથકે આ અલગ ટ્રાયબલની ગ્રાન્ટ છે તો એના વપરાશનું એનું રજીસ્ટ્રેશન રાખવા માગો છો કે કેમ ? બીજી એક બાબત એ છે કે, એમને જે રેકોર્ડ મળેલો છે એ રેકોર્ડમાં એમણે નીતિ ફેરફાર કરી છે એના લીધે મુશ્કેલી થઇ છે. ટ્રાયબલ વિસ્તારમાં એક બાપના દિકરા ત્રણ–ચાર હોય છે, એટલે સરવે નંબર એક જ હોય છે, સરકાર પાસે એક સરવે નંબરમાં બીજું કનેકશન મળતું નથી એટલે મોટાભાગના ખેડૂતો કનેકશન વગર રખડી ગયા છે એનું મેઇન કારણ જો કોઇ હોય તો એક સરવે નંબરમાં બીજું કનેકશન ન આપવાના કારણે એટલે આજે ઘણા બધા ખેડૂતોને મુશ્કેલીઓ છે એટલે આમાં તમે કોઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : અમારે તાલુકા વાઇઝ જી.ઇ.બી.ની અંદર આમાં થતા નથી, સબ–ડિવિઝન વાઇઝ થાય છે અને જે ગ્રાન્ટ અમને વિભાગ પાસેથી મળે છે અને એકાઉન્ટીંગ સેપરેટ થાય છે. એટલે કોઇ ગ્રાન્ટના કારણે કોઇ કામ અટકયું નથી, અને અટકશે નહીં. જોષીયારાજી મારે આપને ખાલી માહિતી આપવી છે કે, ૧૯૮૫ પહેલાં, આખા ૧૯૮૫

સુધીમાં આપના મેઘરજ તાલુકામાં ૧,૦૪૭ કનેકશનો આપ્યા હતા, મેઘરજ તાલુકામાં ૧,૦૪૭ કનેકશનો ૧૯૮૫ સુધીમાં આપ્યા હતા, હું આ એક વર્ષમાં ૧,૦૪૭ વધારે આપીશ.

### વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા કર્મચારીને છુટા કરવા બાબત

* ૧૩૨૯૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા કર્મચારીને છુટા કરવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતા કર્મચારીને છુટા કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કરાર આધારિત ઓન લાઇન પરીક્ષાથી ક્યારે ભરતી કરવામાં આવી? જો ઓન લાઇન પરીક્ષા પાસ કરી ભરતી કરવામાં આવી હોય તો ફરી પાછી આ કર્મચારીઓની ઓન લાઇન પરીક્ષા લેવાનું કારણ શું ? વલસાડ જિલ્લામાં દરેક તાલુકામાં કરાર આધારિત જગ્યાનું કેટલું મહેકમ છે, દરેક તાલુકામાં કેટલી જગ્યા ભરાયેલી છે અને કેટલી જગ્યા ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યારે ભરવા માગો છો ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓન લાઇન ભરતી ૨૦૧૧માં થઇ હતી, એ વખતે શરતોને આધારિત થઇ હતી કે, ત્રણ વર્ષ પૂરતી અને ત્યાર પછી એ ભરતી અત્યારે ૨૦૧૩ની અંદર જાહેરાત આપી છે અને એમાં ૬૦,૦૦૦ અરજીઓ આવી છે, ઓન લાઇન ભરતી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એમનો પ્રશ્ન છે કે, સેટ–અપ કેટલું છે ? તો ૪૩૫ નું સેટ–અપ છે, એમાં ૭૩ ભરાયેલી જગ્યા છે અને એમણે જે પ્રશ્ન પૂછ્યો છે કે, કોઇપણ કર્મચારીને છૂટા કર્યા છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, એક પણ કર્મચારીને છૂટા કર્યા નથી અને આ મુજબનું સેટ–અપ છે એનું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ ઘણા બધા કામો થઇ રહ્યા છે. વલસાડ જિલ્લો ટ્રાયબલ છે અને પાંચ તાલુકા સંપૂર્ણ ટ્રાયબલ હોય ત્યારે જોબ નંબર મેળવેલા કામદારોને જે કામ આપવામાં આવે છે ત્યારે તાંત્રિક, વહીવટી અને એમ.બી. લખવા માટે જે કર્મચારીઓ લેવામાં આવ્યા છે એ કોન્ટ્રાકટ બેઝ ઉપર છે ત્યારે એ કોન્ટ્રાકટ બેઝ કર્મચારીઓને પગાર કોણ ચૂકવે છે, એ મારે સરકાર પાસેથી જાણવું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે એ ઘણી વખત ચોમાસાના ચાર મહિના બંધ રહેતી હોય છે અને જેમ જેમ આમાં જોબ કાર્ડમાં મજૂરો કામ કરવા આવે એના આધારિત આ યોજના છે પણ માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન છે કે, આનો પગાર છ ટકા વહીવટી ખર્ચમાંથી ચૂકવાય છે પણ દેશમાં આ એક રાજ્ય એવું છે કે, સારું આનું મોનીટરિંગ થાય અને સારી રીતે આની કામગીરી થાય એના માટે રાજ્ય સરકારે ૨૦૧૧–૧૨માં ૧૯ કરોડ રૂપિયા આ ખર્ચ પેટે, પગાર પેટે રાજ્ય સરકારે ચૂકવ્યા છે. ૨૦૧૨–૧૩માં ૧૪ કરોડ રૂપિયા ચૂકવ્યા છે અને છેલ્લા વર્ષમાં ૪ કરોડ, ૮૫ લાખ રૂપિયા, આનું સારું મોનીટરિંગ થાય એના માટે આ ખર્ચો કર્યો છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મનરેગા યોજનાની અંદર ટેકનિકલ એન્જીનિયરો અને એકાઉન્ટન્ટોને અગિયાર મહિનાના કોન્ટ્રાકટ પર લેવામાં આવે છે. સામાન્ય રીતે અગિયાર મહિનાના કોન્ટ્રાકટ પર લેવામાં અને ચોમાસા દરમિયાન કામ બંધ રહે છે, જયારે કામ બંધ રહે એ દરમિયાન એના અગાઉ જે સરપંચો કે આગેવાનોએ જે પર મનરેગા યોજનામાં કામ કર્યું હોય તો એ છોડીને જતા રહે તો એને પેમેન્ટ મળતું નથી.જેથી ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પર લેવામાં આવ્યા એ વાત સાચી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ભરતી ૧૧ મહિના આધારિત થાય છે પણ સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે એના ૧૧ મહિના પૂરા થાય કે ચોમાસામાં બંધ હોય ત્યારે એના પેમેન્ટ ચૂકવાય છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, એમના ધ્યાનમાં કોઇ બાબત આવી હશે તો સો ટકા એને ચૂકવાઇ જશે પણ આવી કોઇ તકલીફ કે

આવી કોઇ ફરિયાદ હજુ સુધી અમારા સુધી આવી નથી કોઇનું પેમેન્ટ બાકી હોય એવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપણે એમને વેતનમાં કેટલા પૈસા આપીએ છીએ? વેતનમાં વધારો કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના જયારે ચાલુ થઇ ૨૦૦૭–૦૮માં ત્યારે ૧૦૦૦ રૂપિયા એનું વેતન હતું. ત્યારપછી ૨૦૧૨માં ૪૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા. આ છેલ્લી ભરતી રાજ્ય સરકાર કરી રહી છે અત્યારે એમાં ૭૦૦૦ રૂપિયા પગાર અને એક હજાર રૂપિયા મોંઘવારી ભથ્થા સાથે ૮૦૦૦ રૂપિયામાં નવી ભરતીનો આવતો કરાર આધારિત કર્મચારીને ૮૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

## રાજ્ય સરકાર અને કેન્દ્રની વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચે કોલસાની લેવડ–દેવડનો કરાર

* ૧૩૦૪૩ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદક કંપનીઓ વચ્ચે કોલસાની લેવડ–દેવડ બાબતે કોઈ કરાર થયેલ કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા જી, રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદક કંપની જી.એસ.ઈ.સી.એલ. અને કેન્દ્ર સરકાર હસ્તકની વીજ ઉત્પાદક કંપની એન.ટી.પી.સી. વચ્ચે કોલસાની પરસ્પર અદલા બદલી બાબતે તા. ૩૦–૯–૨૦૧૪ના રોજ કરાર કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત એન.ટી.પી.સી. અને જી.એસ.ઈ.સી.એલ. વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા બદલી કરવા માટેની દરખાસ્તને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ અન્વયે એન.ટી.પી.સી. દ્વારા ગુજરાતના બંદરો થકી લાવવામાં આવતો આયાતી કોલસો જી.એસ.ઈ.સી.એલ.ના વીજ મથકોમાં વાપરવામાં આવશે તેમજ છત્તીસગઢ ખાતેની કોલ ઈન્ડિયા લીમીટેડની ખાણોમાંથી જી.એસ.ઈ.સી.એલ. માટે ગુજરાતના વીજ મથકો માટે લાવવામાં આવતો કોલસો એન.ટી.પી.સી. દ્વારા તેમના છત્તીસગઢ ખાતેના વીજ મથકો દ્વારા વાપરવામાં આવશે. કુલ ૧૦ લાખ મે. ટન કોલસાની અદલા–બદલી માટેનો કરાર કરવામાં આવ્યો છે. આમ, એન.ટી.પી.સી. અને જી.એસ.ઈ.સી.એલ. વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા બદલી કરવાને લીધે કોલસાનું આંતરરાજ્ય પરિવહન ઘટશે જેથી ગુજરાતને અંદાજે રૂા. ૧૬૦/– કરોડ જેટલી બચત થશે. આ પરસ્પર કોલસાની અદલા બદલી કરવાથી, ઉપલબ્ધ થયેલ કોલસા દ્વારા થતા વીજ ઉત્પાદનના ખર્ચમાં પ્રતિ યુનીટ અંદાજે ૯૮ પૈસા જેટલી બચત થવાની શક્યતા છે.

જી.એસ.ઈ.સી.એલ. દ્વારા અંદાજે ૨૫ લાખ ટન કોલસો અદલા બદલી કરવાનું આયોજન છે અને જો

આ સંપૂર્ણ જથ્થાની એન.ટી.પી.સી.અને જી.એસ.ઈ.સી.એલ. વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા બદલી કરવામાં આવે તો દેશને રૂ૦ા. ૯૪૫/– કરોડ જેટલી બચત થશે તેમજ ગુજરાતને રૂ૦ા. ૪૦૦/– કરોડ જેટલી બચત થશે. કોલસાના બિનજરૂરી પરિવહનમાં ઘટાડો થવાથી દેશમાં રેલ્વે માર્ગનું ભારણ પણ ઓછું કરી શકાશે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયના કોલસા આધારિત વીજ ઉત્પાદન એકમો કયા કયા છે અને તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે? મારો બીજો પ્રશ્ન છે, રાજયના વીજ એકમોને કોલસા કયાંથી પૂરા પાડવામાં આવે છે અને તે માટેનું રેલ્વે ભાડું કેટલું થાય છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કોલસાનો શિપીંગનો પ્રશ્ન છે. પહેલી વખત દેશની અંદર આવો નિર્ણય લેવામાં આવ્યો છે અને આપણા ગુજરાતના જે હાલના પાવર સ્ટેશન છે તે ઉકાઇ પાવર સ્ટેશન જેની જનરેશન કેપેસીટી ૧૩૫૦ છે, ગાંધીનગર પાવર સ્ટેશનની ૮૭૦ છે, વણાકબોરી પાવર સ્ટેશનની ૧૪૭૦ છે, સિક્કા પાવર સ્ટેશન ૨૪૦ છે એમ કોલસા આધારિત આપણા જે સો ટકા હોય એવા ૩૯૩૦ મેગાવોટ છે. આપણને જે કોલસો આ ચારેય જગ્યાએ મળે છે એમાં જે એન્યુઅલ કોન્ટ્રાકટ કરવામાં આવ્યો છે કોરબાકોલફીકસથી ૧૩૫.૪૫લાખ મેટ્રીક ટન છે, કોરીયા રેવામાંથી ૨૮.૯૫ છે. ડબલ્યુ સી એલમાંથી ૯.૩ છે, ૧૭૩.૭૦ છે અને જે ૧૫લાખ એપ્રોકસીલ મેટ્રીક ટન આપણે ઇમ્પોટ કરીએ છીએ એમ કુલ ૧૮૮.૭૦ લાખ મેટ્રીક ટનની આપણી જરૂરિયાત છે. હાલમાં જે ફ્રેડ છે એ કોરીયા રેવા કુલફીલનો ફ્રેડ ઉકાઇનો ૨૧૯૫, ગાંધીનગર ૨૨૩૦, વણાકબોરી ૨૦૪૫ અને સિક્કા ૨૬૮૪ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હમણા બાવન જ દિવસ પહેલા કેન્દ્ર સરકારની અને રાજય સરકારની એનટીપીસી અને જી.સી.ઇ.સી.એલ. વચ્ચેનો જે કરાર થયો એને કારણે ગુજરાતને ૧૬૦કરોડ રૂપિયાનો ફાયદો થયો અને હજુ ૨૫ લાખ કોલસાની અદલાબદલીનો કરાર જો થાય તો દેશને ૯૪૫કરોડનો ફાયદો અને રાજયને ૪૦૦કરોડનો એટલે હું માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે આ વીજ ઉત્પાદનનો જે ખર્ચ છે એ ઘટાડવા માટે રાજય સરકારે આ પહેલા રજૂઆતો કરી હતી ? અને કોને કોને અને કયારે કરી હતી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વખતથી આ સમય ચાલતો હતો. આપણે કેન્દ્ર સરકારને ઘણી વખત પુલીંગ ઓફ ઇમ્પોર્ટેડ કોલની વાત કરી હતી, શોપીંગ ઓફ પુલની વાત કરી હતી, ગૃપ ઓફ મિનિસ્ટર્સમાં વાત કરી હતી ૨૦૧૦માં વાત કરી, ૨૦૧૧માં વાત કરી. એન.ટી.પી.સી.ને જે આપણે વાત કરી કે કોરીયા રેવાની જોડે તમે જે માલ અહીંયાથી ઇમ્પોટ કરો છો એ ઇમ્પોટ અમે લઇ લઇએ અને ત્યાંથી તમે ડોમેસ્ટીક કોલ આપી દો એ પણ એ લોકોને વાત કરી હતી. એ વખતે કોઇ નિર્ણય લઇ શકયા નહતા. પરંતુ નવી સરકાર એન.ડી.એ.ની આવી અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ જયારે પહેલ કરી ત્યારે આ વિષય (અંતરાય) આ એક બહુ હીસ્ટોરીક પેક થયો છે, એગ્રીમેન્ટ થયો છે એની હું માહિતી આપું. જયારે પિયુષજી અહીં આવ્યા હતા ત્યારે પિયુષજીનું ધ્યાન દોર્યું કે આ પ્રમાણે આપણે દેશના રૂપિયા બચાવી શકીએ છીએ. એટલે તા. ૬–૬–૨૦૧૪ની અંદર આપણે એમને વાત કરી. એન.ટી.પી.સી., જી.સેક અને સીઇએ એ લોકોએ તા. ૧૨–૬–૨૦૧૪ ના રોજ એની ચર્ચા કરી.કામ આગળ વધાર્યું. સેન્ટ્રલ ગવર્નમેન્ટે ૧૧–૮–૨૦૦૪ ના રોજ એનું એપ્રુવલ આપ્યું. ૩૦–૯–૨૦૧૪ એ એગ્રીમેન્ટ સાઇન થયું. અને પહેલી રેક એન.ટી.પી.સી. ની ઇમ્પોરટરની ૨૧–૧૦–૧૪ ના રોજ આપણને મળી. તેમાં થોડી વિગતો આપું. આમાં કઇ જાતની પદ્ધતિ છે તો આપને ખ્યાલ આવે. આપણે હાલમાં જે એગ્રીમેન્ટ કર્યો છે એ ૧૦ લાખ મેટ્રિકટનનો કર્યો છે. આમાં જે એનટીપીસી ઇમ્પોર્ટેડ કોલ લાવે છે તે મુન્દ્રા ઉપર આપણને આપી દે છે. અને મુન્દ્રાથી આપણા સ્ટેશન ઉપર લઇ જવાનો. જીસેકનો જે પાવર છે એ પાવર ડોમેસ્ટિક પાવર છે છતીસગઢમાં ત્યાં આપણે એનટીપીસી ત્યાં લઇ જાય. હવે જે કોલસો છે. ડોમેસ્ટિક અને ઇમ્પોર્ટેડ એ સંપૂર્ણ પણે ભાવ નક્કી થાય છે એ હીટ વેલ્યુ ઉપર નક્કી થાય છે. એટલે જીસીઓ ઇમ્પોર્ટેડ કોલ દા.ત. ૫૭૦૦ છે અને જીસીઓ કોરીયા રેવા ૫૩૦૦ હોય તો એ લોકોને બંને કંપનીઓ પ્રાઇસ એડજસ્ટમેન્ટ કરી નાખે છે. એટલે જેનો જેટલો કોલ આવે એ કોલ પ્રમાણે ભાવ આપે. અને જે લાભ છે એ રેલ્વે ફ્રેટનો

સેવિંગ્સ છે એ ડાયરેકટ આપણને લાભ થાય છે. દાત. જે અત્યારે શીપમેન્ટ આવ્યું તો કોરીયા રેવાથી ઉકાઇ ૧૩૮૫ છે. મુન્દ્રાથી ૬૯૦ છે, એટલે ૨૧૯૫ ની જગ્યાએ ૧૧૩૬ ફ્રેટ લાગે એટલે ૬૯૫ રૂપિયે પર ટનનું સેવિંગ્સ થાય છે. ગાંધીનગરમાં અંતર ૧૪૦૫ છે. ફ્રેટ ૨૨૩૦ છે, જે અંતર ઘટીને ૩૯૨ થાય છે. ફ્રેટ ૬૩૦ થાય છે, એટલે ૧૦૧૩ સેવિંગ્સ થાય છે. એવી રીતે સિક્કની અંદર ૧૨૯૫ નું સેવિંગ્સ થાય છે અને એ જ પ્રમાણે વણાકબોરીમાં ૭૩૨ નું આ સેવિંગ્સ થાય છે એટલે જે પ્રમાણેનું શોપિંગ થાય છે જેમાં કોલસાની કિંમત ચૂકવવામાં આવે છે એટલે કોસ્ટ ન્યુટ્રલ કરવામાં આવે છે. અને સેવિંગ્સ ઓન કોલ ટ્રાન્સપોર્ટેશન બીટવીન એનટીપીસી એને સેવિંગ્સ થાય અને જીસેકને સેવિંગ્સ થાય, એટલે આનો મૂળ ફાયદો ૧૦ લાખ ટનનો એ ઇમીડીએટ સ્ટેજ ઉપર ગુજરાત સરકાર એટલે જીસેકને ૧૬૦ કરોડનો ફાયદો થશે. એનટીપીસીને ૨૧૮ કરોડનો ફાયદો થશે. દેશને ૩૭૮ કરોડનો ફાયદો થશે. આ ૧૦ લાખ ટનનું આપણે ૨૫ લાખ ટન સુધી લઇ જઇ શકીએ છીએ, એટલે આવતા દિવસોમાં ગુજરાત સરકારની બધી કંપનીઓને આનો ઓછામાં ઓછો ૪૦૦ કરોડનો ફાયદો થશે. અને આના કારણે ગાંધીનગર ટીપીએસનો દાખલો આપીએ તો આમાં ૫૦ ટકા જેટલું આપણે આમાં ઇમ્પોર્ટેડ કોલસો વાપરી શકીએ છીએ, એટલે જનરેશન કોસ્ટની અંદર આજે કુલ ઇમ્પોર્ટેડ આ ફ્રેટના કારણે ૯૮ પૈસાનો ફરક પડે. ૯૮ ના બદલે ૫૦ ટકા વાપરી શકીએ એટલે ૪૯ પૈસા પર યુનિટ આના કારણે એક થર્મલ પાવર ઉપર આપણને ફાયદો થઇ શકે.

શ્રી શક્તિસિંહ ગોહીલ : માનનીય અધ્યક્ષશ્રી, જે બોઇલર આપણા ડિઝાઇન થયેલા છે, એમાં હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. સેવન્ટી થર્ટીનો રેશિયો નહિ મેઇન્ટેઇન કરીએ તો કિલંકર પેદા થશે અને આ બોઇલરોને નુકસાન થશે. તો આપ મેઇન્ટેઇન કરવા માગો છો કે કેમ? હીટ રેટનો ડિફરન્સ રહેવાનો છે અને એના કારણે આપણા બોઇલરો ડેમેજ ન થાય એના માટેનું શું આયોજન વિચાર્યુ છે એક અને ૯૮ પૈસા ફાયદો થશે એમાંથી જો આ ખરેખર ૯૮ પૈસા ફાયદો થવાનો છે તો આ વિધાનસભા ગૃહને જણાવો કે ગ્રાહકને કેટલા પૈસાનો ફાયદો આ ૯૮ પૈસામાંથી પર યુનિટ પહોંચાડવાના છો? માત્રને માત્ર આ પદ્ધતિથી એક ઉદ્યોગપતિને ફાયદો થવાનો છે આપને નથી ફાયદો થવાનો. આપ આ લખીને રાખજો એટલા માટે આ રેશિયો જળવાય અને આપણા બોઇલર ડેમેજ ન થાય એના માટેનું આયોજન શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને મારે માહિતી આપવી છે કે આ બધા જૂના પ્લાન્ટો હોવા છતાં આ સરકારે જયારે સત્તા લીધી અને એ વખતે જે પ્લાન્ટ લોડ ફેકટર હતો એ પ્લાન્ટ ૧૫ વર્ષ વધારે જૂના હોવા છતા તમારા સમય કરતા વધારે પ્લાન્ટ લોડ ફેકટર આપીએ છીએ. નંબર વન.નંબર–૨ કે ત્યાં ટેકનિકલ માણસો બેઠા છે. તે ટૅકનિકલ માણસો એન.ટી.પી.સી.ના બેઠા છે, જીસેકના બેઠા છે. આપણા કરતાં...

શ્રી શક્તિસિંહજી ગોહિલ : આ ટૅકનિકલ માણસોએ જ આપેલ છે.

અધ્યક્ષશ્રી : આપણે જવાબ સાંભળીએ.

શ્રી સૌરભભાઇ પટેલ : બીજું ઇમ્પોર્ટેડ કોલમાં એશ કન્ટેઇન ઓછું આવે તે આપ જાણતા હશો. ઇમ્પોર્ટેડ કોલમાં સલ્ફર ઓછું આવે તે આપ જાણતા હશો. તો કલીન્કર કેવી રીતે ડેમેજ થાય તે મને સમજાવો. આ આપની માહિતી જે એન્જિનિયરે આપના કાનમાં નાંખી છે તે સંપૂર્ણપણે ખોટી છે. ત્રીજુ માનનીય શક્તિસિંહજીભાઇ દરેક મહિનાના ફ્યુઅલની કિંમતનો ખર્ચ, કોને આવક અને કોને જાવક આ બધુ જી.ઇ.સી.આર.સી. બહુ ડીટેઇલમાં નોંધે છે. દાખલા તરીકે બીલીંગમાં સેવિંગ્સ આવ્યું તે રેગ્યુલેટર નોંધ કરે છે. કોઇપણ કંપની પછી તેમાં ટૉરેન્ટ હોય કે જીસેક હોય તેને જયારે ત્રણ મહિનાનું કવાર્ટર ભરવાનું આવે છે ત્યારે દશ પૈસાથી વધારે તેમની પાસે સત્તા નથી. તેમણે રેગ્યુલેટર પાસેથી મંજૂર કરાવવા પડે છે અને પછી જ ભાવ મળે છે. એટલે દા.ત. જે રેકો આવી આ રેકોના કારણે જે કોલસાના જીસીવી એટલે કોસ્ટ ન્યુટ્રલ શબ્દ હું બોલ્યો છું. કોસ્ટ ન્યુટ્રલ કર્યા પછી જે તેનું ફ્રેઇટનું એલીમેન્ટ છે તે રેલવેને જાય છે. એટલે આપણે દેશનો પૈસો બચાવીએ છીએ. તે દેશના પૈસાના કારણે જે ઘટ થાય તે દા.ત. ગાંધીનગરમાં ૯૮ પૈસાની જગ્યાએ ૪૯ પૈસા કે ૫૦ પૈસા કહ્યું અને તેમાં ૫૦ પૈસા નહીં તો ૪૫ પૈસા થાય તો તેના ફ્યુઅલમાં મેરીટ ઓર્ડરમાં તે ભાવ ઘટશે. મેરીટ ઓર્ડરનું રેગ્યુલેટર ધ્યાન રાખશે. આ બધી ડીફાઇન પ્રક્રિયા છે. તમે આ ડીફાઇન પ્રક્રિયા રેગ્યુલેટર પાસેથી જાણી શકો છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને ૯૮ પૈસામાંથી ૪૯ પૈસા યુનિટે ફાયદો થવાનો છે તે ગ્રાહકને મળશે ખરો?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે ટૂંક સમયમાં આવો નિર્ણય લીધો તે બદલ ગૃહના બધા સભ્યશ્રીઓએ અભિનંદન આપવા જોઇએ. દેશના રૂપિયા બચાવ્યા છે. રેલવે વેગન બચાવ્યા છે. રેલવે વેગનની અંદર જે પોલીસી પેરાલીસીસના કારણે થઇ શકતું ન હતું. પોલીસી પેરાલીસીસના કારણે કેન્દ્રમાં થઇ શકતું ન હતું . તે દૂર કર્યું છે. આ કેન્દ્ર સરકારના આ નિર્ણયને કારણે સ્પષ્ટ બતાવે છે કે આ દિલ્હીની સરકારમાં હવે પોલીસીના આધારે નિર્ણય લેવાય છે. આ પેરાલીસીસ દૂર થઇ ગયો છે.

**અંકલેશ્વર અને જંબુસર તાલુકામાં રોપાનું વાવેતર**

* ૧૩૦૦૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦–૯–૨૦૧૪ સુધીમાં અંકલેશ્વર અને જંબુસર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં અંકલેશ્વર અને જંબુસર તાલુકામાં અનુક્રમે ૨.૬૨ લાખ અને ૧.૫૮ લાખ મળી કુલ ૪.૨૦ લાખ રોપાનું વાવેતર કરેલ છે. જે નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| વર્ષ | અંકલેશ્વર | જંબુસર | કુલ રોપા |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧.૧૧ | ૦.૭૩ | ૧.૮૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૦–૯–૧૪ સુધી) | ૧.૫૧ | ૦.૮૫ | ૨.૩૬ |
| **કુલ :–** | **૨.૬૨** | **૧.૫૮** | **૪.૨૦** |

(૨) ઉક્ત સમયગાળામાં કુલ રૂ।. ૪૮.૨૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| વર્ષ | અંકલેશ્વર | જંબુસર | કુલ રોપા |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૨૨.૮૩ | ૯.૪૧ | ૩૨.૨૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૦–૯–૧૪ સુધી) | ૧૦.૨૯ | ૫.૭૬ | ૧૬.૦૫ |
| **કુલ :–** | **૩૩.૧૨** | **૧૫.૧૭** | **૪૮.૨૯** |

---------

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર અને જંબુસર તાલુકામાં તા.૩૦–૯–૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં કયા મોડલ હેઠળ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર અને અંકલેશ્વર તાલુકામાં પટ્ટી વાવેતર, ગ્રામવન પિયત અને ગ્રામવન બિનપિયત, પર્યાવરણ, ડ્રીપ ઈરીગેશન, ફાર્મ ફોરેસ્ટી, રીવર બેન્ક આ યોજના હેઠળ અંકલેશ્વર તાલુકામાં ૨૦૧૩–૧૪માં કુલ ૧ લાખ ૧૧ હજાર અને જંબુસર તાલુકામાં ૭૩ હજાર, ૨૦૧૪–૧૫માં આ યોજનાઓ હેઠળ ૧ લાખ ૫૧ હજાર અને જંબુસર તાલુકામાં ૮૫ હજારનું વાવેતર કરવામાં આવેલ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વન વિભાગમાં નર્સરી અને વાવેતરના ભૌતિક ચકાસણીના ધોરણો શું છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, જે રોપાના વાવેતર થાય છે તેમાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર તેનુ ૧૦૦ ટકા મોનિટરીંગ કરે છે. મદદનીશ વન સંરક્ષક ૧૫ ટકા અને નાયબ વન સંરક્ષકશ્રી

૫(પાંચ) ટકા આમ મુખ્ય વન સંરક્ષકશ્રી વિગતવાર મોનીટરીંગ કરે છે. તે રીતે હેડ ઓફીસ મોનીટરીંગ પાંચ ટકા તે રીતે કરવામાં આવે છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ભરૂચ જિલ્લામાં મુખ્યત્વે કયા કયા વૃક્ષો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં મુખ્ય લીમડા, દેશી બાવળ, આંબા, ઇઝરાયલી બાવળ, નીલગીરી, નાળીયેરી, લીંબુ, બોરડી, જાંબુ, ખીજડો, સીતાફળ, ગોરસ આંબલી, ચીકુ, ખાટી આંબલી, સરુ, આંબળા, સરગવો, સાગ, ગુંદા, કેરડા, પીલુ, અરડુસા, આસોપાલવ, રાયણ, વડ, પીંપળ, કદમ અને બીલી, કાશીદ, ગુલમહોર વગેરે વૃક્ષો છે.

**રાજકોટ ખનિજ સંશોધન વર્તુળમાં ભૂસ્તરશાસ્ત્રીઓ તથા સ્ટોરકીપરો ધ્વારા નાણાંની ઉચાપત**

* ૧૩૨૩૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખાણ–ખનિજ ખાતા હેઠળ રાજકોટ ખનિજ સંશોધન વર્તુળમાં ભૂસ્તરશાસ્ત્રીઓ તથા સ્ટોરકીપરો ધ્વારા નાણાંની ઉચાપત કરવામાં આવ્યાનું તા. ૩૦મી જૂન ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધ્યાન પર આવ્યું તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો અધિકારી/કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૧) અને (૨) : આ અંગે મળેલ ફરિયાદોના આધારે હાલ આ બાબત તપાસની પ્રક્રિયા હેઠળ હોઈ, સમગ્ર તપાસ પ્રક્રિયાને અનુસર્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખાણ ખનિજ ખાતામાં ભ્રષ્ટાચારો ચાલે છે. અત્યાર સુધી અમારા ધ્યાનમાં પરવાનામાં, લીઝમાં, પરમીટમાં ભ્રષ્ટાચારો ચાલતા એ હતું, પણ આ તો ખાતામાં પણ એટલો બધો ભ્રષ્ટાચાર ચાલે છે..(અંતરાય) હા, રાજકોટ જિલ્લાનો પ્રશ્ન છે અને એના અંગે હું પ્રશ્ન પૂછવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે આ ભૂસ્તરશાસ્ત્રીઓ, સ્ટોરકીપરો કેટલાક સમયથી ભ્રષ્ટાચારો કરતા હતા, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, સમગ્ર બાબત તપાસની પ્રક્રિયા હેઠળ હોઇ તપાસની પ્રક્રિયાને અનુસર્યા બાદ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. હું આ ભ્રષ્ટાચાર મુક્ત કહેવાતી ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે ખરેખર તમે જો ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ કરવા માગતા હોવ તો નાણાકીય ઉચાપત છે, નિયમ અનુસાર આ જેણે ઉચાપત કરી છે એની સામે પોલીસ કેસ, એની સંપતિની તપાસ આ બધું કરવા માગો છો કે કેમ? અને, જો કરવા માગતા હોવ તો કેટલા સમયમાં? જેનાથી આવા ભ્રષ્ટાચારીઓ સામે કડક અંકુશ આવે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આખો કેસ છે એની અંદર જે અધિકારીઓ સામેલ થયા છે એ અધિકારીઓ ઉપર પગલાં લીધેલા છે અને એમાં જે જીયોલોજીસ્ટ મેઇન જે છે એની સામે પગલાં લેવાના હતા એને સરકારે ઓલરેડી સસ્પેન્ડ કરી નાંખ્યો છે અને વિજિલન્સ કમિશનની અંદર એની ઇન્કવાયરી રિપોર્ટ મોકલી આપીશું અને ચાર્જશીટ આપીશું અને આ ચાર્જશીટમાં એનો જવાબ આવ્યા પછી જે કાંઇ કરવાનું થશે, એમાં પોલીસ ફરિયાદ કરવાની થતી હશે તો પોલીસ ફરિયાદ અને જે કાંઇ જરૂર લાગશે એ આ સરકાર કરવા તૈયાર છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ સીધો સવાલ માનનીય સભ્યશ્રીનો હતો. આપની તપાસ આપની ડિપાર્ટમેન્ટલ પ્રક્રિયા આ બધું તો ચાલ્યા જ કરે પણ ભ્રષ્ટાચારના કિસ્સાઓમાં સીધી ક્રિમિનલ કમ્પ્લેન એ પહેલું પગથિયું હોય, ખાતાકીય તપાસ, ચાર્જશીટ, વિજિલન્સ કમિશન એ બધું જ આવે, ક્રિમિનલ કમ્પ્લેન નિશ્ચિત સમયમાં નથી કરી એની સામે પગલાં લો અને ક્રિમિનલ કમ્પ્લેન કેટલા સમયમાં કરવા માગો છો? કારણ કે માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ફલિત થાય છે કે એ જવાબદાર છે, મુખ્ય અધિકારી છે અને આપે એને સસ્પેન્ડ પણ કર્યો છે ત્યારે વાય નોટ ક્રિમિનલ કમ્પ્લેન? આ મારો સીધો સવાલ છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કરપ્શનનો આ ઇસ્યુ છે નહીં, ફાઇનાન્સીયલ અનિયમિતતાનો ઇસ્યુ છે. આમાં નાણાકીય અનિયમિતતા એટલે બેન્કમાંથી પૈસા ઉપાડાયેલ હોય એ વાઉચરો ભરાયેલા ન હોય અથવા સમયસર એમણે ભર્યા ન હોય અને એના કારણે આપણે સંપૂર્ણપણે ઇન્કવાયરી કરી. દા.ત. ઉપાડ કર્યા હોય અને જે સ્કીમ પાછળ વાપરવાના હોય એ સ્કીમ પાછળ વાપર્યા નથી અને એ પૈસા એમણે ફર્નિચરમાં વાપર્યા છે એટલે આવી ફાઇનાન્સીયલ રુલ્સ ઇનડીસીપ્લીનનો વિષય મેઇન છે. અત્યારે હાલની ઇન્કવાયરીમાં કોઇ ડાયરેકટ કરપ્શનનો લેતી દેતીનો વિષય નથી તો પણ સભ્યશ્રીએ જે ક્રિમિનલ ઇન્કવાયરીની વાત કરી છે ત્યારે હું આની તપાસ કરીશ અને ડિટેલમાં સ્ટડી કરી અને લાગશે તો હું એના પર કોઇ પણ પગલાં લેવા તૈયાર છું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીઓ એક જ વર્ષમાં કરોડપતિ થઇ જાય છે એટલે અહીંયા ખાણ ખનિજમાં મોટો ભ્રષ્ટાચાર ચાલે છે ત્યારે ધારાસભ્ય તરીકે અમે ઘણીવાર રજૂઆતો કરીએ છીએ તેમ છતાં પ્રશ્ન હલ થતો નથી, તો આવા કેટલા અધિકારીઓ એવા છે કે જેમના ઉપર આવી ફરિયાદો થઇ હોય છતાં જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી તરીકે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ રાજકોટ જિલ્લાને લગતો પ્રશ્ન પૂછો છો કે આખા ગુજરાતનો પ્રશ્ન પૂછો છો?

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટનું જ પૂછું છું કે, રાજકોટમાં આવા કેટલા અધિકારીઓ છે કે જેમના ઉપર ફરિયાદ થઇ હોય તેમ છતાં તેઓ અત્યારે હાલ સારી પોસ્ટ ઉપર નોકરી કરતા હોય?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પેસિફિક એક સ્કીમનો વિષયનો પ્રશ્ન છે, મારી પાસે બીજા અધિકારીઓની વિગત નથી પણ હું એક વસ્તુ સ્પષ્ટ કહેવા માગુ છું કે આ સરકાર કોઇ અધિકારીઓ ખોટું કરતા હોય એને બચાવવા સંમત નથી અને આ જે ઇન્કવાયરી બેસાડી છે અને આ જે પગલાં લીધા છે એ બૈઝિક પહેલી ફરિયાદ મારે ત્યાં આવી હતી અને મેં આની ઇન્કવાયરી બેસાડી છે. માનનીય સભ્યશ્રી મારે આપનું એટલું ધ્યાન દોરવું છે કે, આ ફરિયાદ મારે ત્યાં આવવાના કારણે ઇન્કવાયરી બેસાડી અને સસ્પેન્શન કરવામાં આવ્યું છે.

## રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજબીલ પેટે લ્હેણા નીકળતા નાણાની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

* ૧૩૦૩૩ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી વીજ બીલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તારીખ ૩૦-૯-૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાનના કેસોની સંખ્યા અને વસુલવામાં આવેલ રકમ તથા હપ્તાથી વસુલવાની બાકી રકમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલત ની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | નિકાલ કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂા. લાખમાં) | સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ૬૯૧ | ૭૯૦૨ | ૩૯૪.૨૩ | ૨૧૩.૦૪ | ૧૮૧.૧૯ |
| ૨૦૧૩-૧૪ | ૧૮૨૫ | ૩૨૬૮૫ | ૧૮૭૧.૦૯ | ૮૬૧.૬૦ | ૧૦૦૯.૪૯ |
| ૨૦૧૪-૧૫ | ૧૧૪૨ | ૨૦૫૪૭ | ૧૧૮૬.૬૧ | ૫૮૮.૯૫ | ૫૯૭.૬૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (તા. ૩૦–૯–૨૦૧૪ અંતિત) | | | | | |
| **કુલ** | **૩૬૫૮** | **૬૧૧૩૪** | **૩૪૫૧.૯૩** | **૧૬૬૩.૫૯** | **૧૭૮૮.૩૪** |

શ્રી શંભુજી એ. ઠાકોર: માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, લોક અદાલત કયા કાયદાના આધારે યોજવામાં આવે છે, ક્યારે ક્યારે યોજવામાં આવે છે?, મારો બીજો પ્રશ્ન એ છે કે લોક અદાલતમાં વીજ કંપનીના કેટલા કેસોમાં સમાધાન થયું અને કેટલી રકમ માટેના હતા અને તેમાં કલમ–૧૨૬ અને ૧૩૫ હેઠળના કેટલા કેસો હતા?

શ્રી સૌરભભાઇ પટેલ : આ લોક અદાલત લિગલ એઇડ સર્વિસીઝ ઓથોરિટી એક્ટ, ૧૯૮૭ના આધાર ઉપર કરવામાં આવે છે, ચોરીના કેસો પણ આપણે લોક અદાલતમાં લઇએ છીએ. દર મહિનાના પહેલા, ત્રીજા અને પાંચમા શનિવારના રોજ સિવિલ કોર્ટની અંદર આ લોક અદાલત રાખવામાં આવે છે, આ ઉપરાંત ૬ મેગા લોક અદાલત સ્પેશ્યલ તારીખે દા.ત. બીજી ઓક્ટોબર, ગાંધી જયંતી હોય કે ચૌદમી એપ્રિલ, ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી હોય, આવા દિવસોની અંદર આ લોકઅદાલતો રાખવામાં આવે છે, અત્યારસુધીમાં વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં ૩૬૫૮ લોકદાલતો કરવામાં આવી, ૬૧૧૩૪ કેસો સેટલ કર્યા, એમાં ૩૪ કરોડ ૫૧ લાખ રૂપિયાના કેસો સેટલ થયા, ખરેખર રકમ ૧૬.૬૩ કરોડ મળી, બાકીના ૧૭.૮૮ કરોડ હપ્તા દ્વારા લેવામાં આવવાના છે, આ ઉપરાંત એમણે ૧૩૫ અને ૧૨૬ના કેસોની જે વાત કરી એમાં કુલ ૩૮૬૫ કેસો ૧૨૬ અને ૧૩૫ના સેટલ કરવામાં આવ્યા છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, લોક અદાલતમાં સમાધાન કઇ રીતે કરવામાં આવે છે? એમાં ગ્રાહકોને શું ફાયદો થાય છે? મારો બીજો પ્રશ્ન એ છે કે આમાં ક્યા પ્રકારના વીજ ગ્રાહકોને આ લોક અદાલતમાં આવરી શકાય છે, એવા કયા કેસો છે કે જે આ સમાધાનમાં લઇ શકાતા નથી.

શ્રી સૌરભભાઇ પટેલ : આમાં પ્રિ–લિટિગેશન લોકઅદાલતમાં કન્ઝ્યુમર જે હોય એમના પૈસા બાકી હોય એમની સામે સિવિલ સ્યૂટ્સ ફાઇલ કરવાના હોય છે એ બધાની યાદી બનાવવામાં આવે છે, એમનો સમન્સ ઓબ્ટેઇન કરવામાં આવે છે કોર્ટમાંથી. ડીસકોન દ્વારા બધા ગ્રાહકોને આની સમજણ આપવામાં આવે છે, પ્રિલિટિગેશન જે લોક અદાલતની તારીખ હોય ત્યાં એ લોકોને ટર્મ્સ અને કન્ડીશન્સ શું શું થઇ શકે? શું શું લાભ થઇ શકે એ પ્રમાણેની બધી સમજણ આપવામાં આવે છે. બન્નેની કન્સેન્ટ આવી જાય. ડીસકોનની કન્સેન્ટ આવી જાય અને પાર્ટીની કન્સેન્ટ આવી જાય એટલે એ કોર્ટને સબમીટ કરવામાં આવે છે અને ત્યાં ફાઇનલ સેટલમેન્ટ ઓનરેબલ કોર્ટમાં સ્ટેમ્પ અને સિગ્નેચરથી કરવામાં આવે છે અને બન્નેને ઓર્ડર આપવામાં આવે છે અને એ બાઇન્ડીંગ ટુ બોથ પાર્ટીઝ હોય છે. આની અંદરના જે લાભો છે એમાં લિગલ પ્રોસીજરનો કોઇ ખર્ચો ગ્રાહકને થતો નથી, એને એના પોતાના નામે કનેકશન મળી જાય છે, વકીલોની ફી બચે છે, કોર્ટમાં ધક્કા ખાવા નથી પડતા અને ડીસકોનને પણ પૈસા બહુ વખતથી પેન્ડિંગ હોય છે એ તાત્કાલિક મળી જાય છે, સેટલમેન્ટ કરવાના જે નોર્મ્સ છે એની અંદર મુદ્દલ રકમ સંપૂર્ણપણે ભરવી પડતી હોય છે અને રહેણાંક, વાણિજ્ય અને એગ્રીકલ્ચરના ગ્રાહકોને ૧૦૦ ટકા ડિલેડ પેમેન્ટ અને વ્યાજની માફી છે, ગવર્નમેન્ટ અને લોકલ બોડીને પણ ૧૦૦ ટકા માફી છે, એલ.ટી. અને એચ.ટી. ગ્રાહકોને ૭૫ ટકા માફી છે, આ ઉપરાંત લાભ આપવા માટે હપ્તા કરી આપવામાં આવે છે જેમાં ૧ કરોડથી વધારે રકમ હોય તો ૪૦ હપ્તા આપવામાં આવે છે, ૫૦ લાખથી ૧ કરોડ હોય એમાં ૩૦, ૨૫ લાખથી ૫૦ લાખના ૨૦ અને બિલો ૨૫ના ૧૨ એટલે આ પ્રમાણે એ લોકોને ઇન્સ્ટોલમેન્ટ પણ કરી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના પૂર્ણ થયેલ નવા મકાનના બાંધકામ

* ૧૩૦૫૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજયમાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના નવા મકાનના બાંધકામ પૂર્ણ થયેલ છે, અને | (૧) ૩૧ |
| (૨) વર્ષ–૨૦૧૩–૧૪માં તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ. ૭૯૦૪.૮૧ લાખ |

---------

### તાપી જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૨૯૭૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦ મી સપ્ટેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાંથી રાજય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૩૪.૪૦ કરોડ |
| (૨) તાપી જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) પેપર<br>(૨) સુગરકેન<br>(૩) એરોકલોન બ્લોક<br>(૪) પેટ્રોલ–ડીઝલ<br>(૫) ગ્રીટ |

| | **કુલ** | **૪૧૦૪.૨૫** |
| ૨૦૧૪–૧૫ | વ્યારા | ૭૪૫.૦૦ |
| (તા.૩૦–૯–૨૦૧૪ સુધીમાં) | સોનગઢ | ૨૦૧૯.૪૦ |

| | | |
|---|---|---|
| | **કુલ** | ૨૭૬૪.૪૦ |
| | **એકંદર કુલ** | **૬૮૬૮.૬૫** |

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) નીચેની વિગતે કુલ રૂ.૧૫૮૮.૧૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | વ્યારા | ૩૧૩.૭૩ |
| | સોનગઢ | ૯૪૯.૪૬ |
| | **કુલ** | **૧૨૬૩.૧૯** |
| ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૨૦૧૪ સુધીમાં) | વ્યારા | ૧૬૯.૬૫ |
| | સોનગઢ | ૪૫૫.૩૦ |
| | **કુલ** | ૬૨૪.૯૫ |
| | **એકંદર કુલ** | **૧૫૮૮.૧૪** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં સળંગ એકમ યોજના હેઠળ શાળાઓને મંજૂરી

* ૧૩૧૪૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સળંગ એકમ યોજના હેઠળ તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી શાળાઓને ધો.૧૧ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી, અને

(૧) વર્ષ-૨૦૧૨ ૩૨   વર્ષ-૨૦૧૩ ૫૧

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને

(૨) વર્ષ-૨૦૧૨ ૦૩   વર્ષ-૨૦૧૩ ૦૭

(૩) સામાન્ય પ્રવાહની કેટલી ?

(૩) વર્ષ-૨૦૧૨ ૨૯   વર્ષ-૨૦૧૩ ૪૪

---------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૧૩૩૭૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **માધ્યમિક શાળાઓ** | **ઉચ્ચતર માધ્યમિક શાળાઓ** |
|---|---|---|---|
| ૧ | આંકલાવ | ૦૨ | ૦૦ |
| ૨ | તારાપુર | ૦૫ | ૦૦ |
| ૩ | ઉમરેઠ | ૦૧ | ૦૦ |
| ૪ | ખંભાત | ૦૩ | ૦૧ |
| ૫ | પેટલાદ | ૦૧ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૬ | સોજીત્રા | ૦૦ | ૦૧ |
| | **કુલ** | **૧૨** | **૦૨** |

(૨) સદર શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| **સંવર્ગ** | **મંજૂર મહેકમ** | **ખાલી જગ્યા** | **કેટલા સમયથી ખાલી છે** |
|---|---|---|---|
| આચાર્ય | ૧૨ | ૧૨ | જૂન–૧૧ થી |
| મદદનીશ શિક્ષક | ૩૬ | ૨૭ | જૂન–૧૧ થી |
| કલાર્ક | ૦૨ | ૦૧ | જૂન–૧૧ થી |
| પટાવાળા | ૦૩ | ૦૨ | જૂન–૧૧ થી |
| **કુલ** | **૫૩** | **૪૨** | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

**નવસારી જીલ્લાના વાંસદા તાલુકામાં ૬૬ કે.વી. સબસ્ટેશન મંજૂર કરવા બાબત**

* ૧૩૨૫૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જીલ્લામાં વાંસદા તાલુકામાં ૬૬ કે.વી. સબસ્ટેશન છેલ્લે ક્યારે મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે આ સબસ્ટેશનો ક્યારે તૈયાર થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ સબસ્ટેશનો કાર્યરત ન થયા હોય તો તેના કારણો શા છે?

**જવાબ**

(૧) ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જીલ્લામાં વાંસદા તાલુકામાં છેલ્લે ૩ (ત્રણ) ૬૬ કે.વી. સબસ્ટેશનો ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને વર્ષ ૧૩–૧૪માં મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે

- વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૬૬ કેવી અંકલાછ તા. ૨૪–૦૧–૨૦૧૧ના રોજ તૈયાર થયેલ અને પરીક્ષણ અર્થે કાર્યાન્વિત કરવામાં આવેલ.
- વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન ૬૬ કેવી મહુવાસ (કેવડી) તા. ૨૨–૦૩–૨૦૧૩ના રોજ તૈયાર થયેલ તા. ૨૯–૭–૨૦૧૪ કાર્યરત કરવામાં આવેલ છે.
- વર્ષ૧૪–૧૫ દરમ્યાન ૬૬ કેવી ભીનાર કાર્યરત કરવાનું આયોજન છે.

(૩) અંકલાછ વીજ સબ સ્ટેશનની સંલગ્ન વીજ રેષાના ૨૩ લોકેશનો વન વિસ્તારમાંથી પસાર થતાં હોઈ, વન વિભાગની મંજૂરી મેળવવી આવશ્યક છે. તદનુસાર, ભારત સરકાર વન વિભાગની મંજૂરી સપ્ટેમ્બર, ૨૦૧૩માં અને આખરી હુકમ તા. ૧૬–૧૨–૨૦૧૩ના રોજ મળ્યા બાદ હવે વીજ રેષાની કામગીરી હાથ ધરવામાં આવી છે, સદર વીજ

| | |
|---|---|
| | રેષાનું કાર્ય પૂર્ણ કરી ૬૬ કે.વી. અંકલાછ સબસ્ટેશન વર્ષ ૨૦૧૪ના ડિસેમ્બર અંતિત કાર્યાન્વિત કરવાનું આયોજન છે.<br>ભીનાર ખાતે ૬૬ કે.વી. સબસ્ટેશન માટે જમીનની પસંદગી/જમીન ફાળવણી માટેની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. ભીનાર ખાતે ૬૬ કેવી સબસ્ટેશન માર્ચ ૨૦૧૫ અંતિત કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

---------

**ભરૂચ જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

* ૧૩૦૧૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ બળતણ બચાવ સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પુરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આમોદ અને ભરૂચ તાલુકામાં કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આમોદ તાલુકામાં ૫ (પાંચ) અને ભરૂચ તાલુકામાં ૪ (ચાર) મળી કૂલ ૦૯ (નવ) અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આમોદ તાલુકામાં રૂ. ૧.૭૮ લાખ અને ભરૂચ તાલુકામાં<br>રૂ. ૧.૪૦ લાખ મળી કૂલ રૂ. ૩.૧૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**દાહોદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલયોની સુવિધા**

* ૧૩૧૪૭ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાની કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) ૧૬૩૮. |
| (૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) ૦૧ (એક). |
| (૩) જિલ્લામાં બાકી શાળાઓમાં ક્યાં સુધી શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે? | (૩) જેમ બને તેમ જલ્દી. |

---------

**રાજ્યમાં કૃષિ માટે વીજળી આપવા બાબત**

* ૧૩૦૬૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૬–૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કૃષિ માટે સરેરાશ કેટલા કલાક વીજળી આપવામાં આવી હતી, અને | (૧) તા. ૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કૃષિ માટે દરરોજ સરેરાશ ૮:૪૩ કલાક ગુણવત્તા સભર અને સાતત્યપૂર્ણ વિજ પુરવઠો પુરો પાડવામાં આવ્યો. |

(૨) ઉક્ત સ્થિતિએ સરકાર આ કૃષિ માટે અપાતી વીજળી પર કેટલી સબસીડી આપે છે?

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪માં ખેડૂતોને વિજ બીલમાં રાહત માટે કુલ રૂ. ૬૭૮૦ કરોડ સબસીડી આપવામાં આવી.

---------

**માંગરોળ અને માળીયા વિસ્તારમાં ૬૬ કે.વી. ના મંજૂર કરેલ સબસ્ટેશનો**

* ૧૩૦૯૪ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ માંગરોળ અને માળીયા તાલુકાઓમાં ૬૬ કે.વી.ના સબસ્ટેશનો છેલ્લે કેટલા મંજૂર કરવામાં આવ્યા,અને

(૨) કેટલા સબસ્ટેશનો કાર્યરત થયા તથા બાકીના કેટલા સમયમાં કાર્યરત થશે?

**જવાબ**

(૧) ૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લે માંગરોળ તાલુકામાં વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૩ અને માળીયા તાલુકામાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૬૬ કે.વી.ના કુલ ૨ સબસ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા.

(૨) માંગરોળ તાલુકામાં મંજૂર કરવામાં આવેલ ૩ સબસ્ટેશનો માટે જમીનની પસંદગી/જમીન ફાળવણી માટેની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. જમીનની ફાળવણી થયે થી ૮ માસમાં સદર સબસ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન છે. માળીયા તાલુકામાં મંજૂર કરવામાં આવેલ બે સબસ્ટેશનો પૈકી વર્ષ ૨૦૧૧માં મંજૂર થયેલ એક સબસ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે અને ૨૦૧૪માં મંજૂર કરવામાં આવેલ બીજા સબસ્ટેશન માટે જમીનની પસંદગી/જમીન ફાળવણી માટેની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. જમીનની ફાળવણી થયેથી ૮ માસમાં સદર સબસ્ટેશન કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

---------

**સાગબારા અને નાંદોદ તાલુકામાં ઈકોટુરીઝમના વિકાસ માટે પસંદ કરેલ સ્થળો**

* ૧૩૦૦૬ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા. ૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લામાં સાગબારા અને નાંદોદ તાલુકામાં કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન તા. ૩૦-૦૯-૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનામાં જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા અને નાંદોદ તાલુકાના ઝરવાણી, વિસલખાડી અને જુનારાજ સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૩) નીચેમુજબ ખર્ચ કરવામાં આવ્યો છે.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૯.૬૮ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૪૨.૩૫ |
| ૩ | ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૨૦૧૪ સુધીમાં) | ૧.૪૪ |
| | **કુલઃ-** | **૫૩.૪૭** |

---------

**જૂનાગઢ જિલ્લામાં રોપાનું વાવેતર**

* ૧૨૯૯૨ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫, તા. ૩૦-૦૯-૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કૂલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૧૬૮ હેક્ટર અને સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં તારીખ ૩૦-૯-૨૦૧૪ સુધીમાં ૧૭૦ હેક્ટર મળી કૂલ ૩૩૮ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં રૂ. ૫૪.૪૫ લાખ અને સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં રૂ. ૪૬.૬૮ લાખ મળી કૂલ રૂ. ૧૦૧.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**નડીયાદ અને ઠાસરા તાલુકામાં રોપાનું વાવેતર**

* ૧૨૯૯૧ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૦-૦૯-૨૦૧૪ સુધીમાં નડિઆદ અને ઠાસરા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ ઉપરોક્ત સમયગાળામાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૦-૦૯-૨૦૧૪ સુધીમાં, નડિઆદ તાલુકામાં ૧.૧૬ લાખ અને ઠાસરા તાલુકામાં ૨.૬૯ લાખ મળી કૂલ ૩.૮૫ લાખ રોપાનું વાવેતર કરેલ છે.

(૨) નીચેની વિગતે કૂલ રૂ. ૬૧.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | નડિયાદ તાલુકો | ઠાસરા તાલુકો | કૂલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૭.૯૫ | ૨૦.૭૮ | ૪૮.૭૩ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૨૦૧૪ સુધી) | ૧.૮૮ | ૧૧.૧૩ | ૧૩.૦૧ |
| **કૂલ** | **૨૯.૮૩** | **૩૧.૯૧** | **૬૧.૭૪** |

---------

## રાજ્યમાં એલ.પી.જી. ઉપર વેટ/સેસ

* ૧૩૪૩૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા એલ.પી.જી. ગેસ ઉપર કેટલા ટકા વેટ અને સેસ લેવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વેટ અને સેસ દ્વારા કેટલી આવક થઈ, અને

(૩) વેટ અને સેસ ઘટાડવાનું આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧)

| વેટ | સેસ |
|---|---|
| એલ.પી.જી. (કોમર્શિયલ) ૧૨.૫૦%+૨.૫૦% વધારાનો વેરો | શૂન્ય |
| એલ.પી.જી. (ડોમેસ્ટિક) પર તારીખ ૧–૧૦–૨૦૧૪ થી ૪.૦૦% +૧.૦૦% વધારાનો વેરો લેવામાં આવે છે. | શૂન્ય |

(૨)

| | |
|---|---|
| એલ.પી.જી. (કોમર્શિયલ) રૂપિયા ૬૨.૭૧ કરોડ<br>એલ.પી.જી. (ડોમેસ્ટિક)–શૂન્ય | |

(૩) રાજ્યના ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. વપરાશકર્તાઓને રાહત થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. પર વેરા મુક્તિ આપવામાં આવેલ હતી. પરંતુ, ન્યાય વ્યવસ્થામાં કેન્દ્રિય વેચાણ વેરા કાયદાની સંબંધિત જોગવાઈના અર્થઘટનના કારણે રાજ્યની ગેસ કંપનીઓ દ્વારા ગૃહ વપરાશ માટેના એલ.પી.જી. ના આંતરરાજ્ય વેચાણો ઉપર પણ આ વેરા મુક્તિ ઉપલબ્ધ થતી હોવાથી રાજ્યને વેરાકીય આવકમાં નુકશાન થતું હોવાના કારણે આ નુકશાન નિવારવાના હેતુથી તા. ૧–૧૦–૨૦૧૪થી આ વેરા મુક્તિ પરત ખેંચવામાં આવેલ છે, પરંતુ રાજ્યના ગૃહ વપરાશ માટેના સબસિડાઈઝ્ડ એલ.પી.જી. ના ભાવમાં કોઈ વધારો ન થાય તે માટે ઓઈલ માર્કેટીંગ કંપનીઓ/ ડીસ્ટ્રીબ્યુટર્સને ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા તેઓના ઠરાવ ક્રમાંક : એલ.પી.જી.–૧૦–૨૦૧૪–ઓ–૬૫–બ, તા. ૧૬–૯–૨૦૧૪ થી સબસીડી આપવાની યોજના જાહેર કરવામાં આવેલ છે. આથી વેટમાં ઘટાડો કરવાનું કોઈ આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કોમર્શીયલ ગેસમાં વેટ ઘટાડવા બાબતે હાલ કોઈ આયોજન નથી.

---------

## નસવાડી તાલુકામાં મોઘલા ગામે સરસ્વતી માધ્યમિક શાળાને ગ્રાન્ટેડ કરવા મળેલ અરજીઓ

* ૧૩૨૩૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નસવાડી તાલુકામાં મોઘલા ગામે સરસ્વતી માધ્યમિક શાળા

**જવાબ**

(૧) ૧૨ વરસથી.

કેટલા સમયથી કાર્યરત છે,

(૨) આ શાળાને ગ્રાન્ટેડ કરવા માટે કેટલી અરજીઓ સરકારમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૩) મળેલ અરજીઓ પછી સરકાર દ્વારા ગ્રાન્ટેડ કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

(૨) એકપણ નહિં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ડાંગ જિલ્લામાં પિયત ખેતી માટે થ્રી ફેઈઝ વિજળી જોડાણોની પડતર અરજીઓ

* ૧૩૨૫૯ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં પિયત ખેતી માટે થ્રી ફેઈઝ વિજળી જોડાણો આપવા અંગેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરી વિજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની ૬૭૬ અરજીઓ પડતર છે.

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વિજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર કૃષિ વિજ જોડાણ આપવામાં આવે છે. તદઅનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## જામનગર જિલ્લાની આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત રાજ્યમાં નવી માધ્યમિક શાળાઓને મંજુરી

* ૧૩૧૪૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત રાજ્યમાં કેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવા ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ તે પૈકી ભારત સરકાર દ્વારા કેટલી શાળાઓની મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી જામનગર જિલ્લામાં કેટલી શાળાઓ મંજુર કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|
| ૧૭૬ | ૧૫૪ |

(૨) એક પણ નહી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પાટણ જિલ્લામાં સળંગ એકમ યોજના હેઠળ શાળાઓને મંજૂરી

* ૧૩૧૪૫ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સળંગ એકમ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી શાળાઓને ધો. ૧૧ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી, અને | (૧) |
| (૨) તેમાં સામાન્ય પ્રવાહની કેટલી ? | (૨) |

(૧)

| વર્ષ–૨૦૧૨ | વર્ષ–૨૦૧૩ |
|---|---|
| ૧૫ | ૨૨ |

(૨)

| વર્ષ–૨૦૧૨ | વર્ષ–૨૦૧૩ |
|---|---|
| ૧૪ | ૨૦ |

---------

## વડોદરા ખાતે જિલ્લા અદાલતના નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૩૩૩૩ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા ખાતે જિલ્લા અદાલતના નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતી સિંચાઈ માટે વીજ કનેકશનોની પડતર અરજીઓ

* ૧૩૩૮૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ખેતી સિંચાઈ માટે વીજ કનેક્શનોની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે. |

| **જામનગર જિલ્લો** | |
|---|---|
| **તાલુકો** | **પડતર અરજીઓની સંખ્યા** |
| ધ્રોલ | ૫૧૨૬ |
| જામજોધપુર | ૫૯૫૭ |
| જામનગર | ૭૦૪૯ |
| જોડીયા | ૨૪૫૪ |
| કાલાવડ | ૮૭૬૩ |
| લાલપુર | ૫૨૫૫ |

| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | |
|---|---|
| **તાલુકો** | **પડતર અરજીઓની** |

| | સંખ્યા |
|---|---|
| ભાણવડ | ૩૫૩૩ |
| કલ્યાણપુર | ૬૭૭૩ |
| ખંભાળીયા | ૬૧૧૦ |
| ઓખામંડળ | ૭૬૯ |

(૨) બાકી રહેલ પડતર અરજીઓના માંગણીદાર ખેડૂતોને ક્યાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે ?

(૨) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. વીજ ઉત્પાદન અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવવાની સાથે સાથે ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર વીજ જોડાણ આપવામાં આવે છે. તદનુસાર તમામ પડતર અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરી શક્ય તેટલી ઝડપથી વિજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

## આણંદ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૨૯૭૨ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને

(૨) આણંદ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૪૦.૫૪ કરોડ

(૨) (૧) પેઈન્ટ્સ
(૨) ટોબેકો પ્રોડક્ટ્સ
(૩) ઓટોમોબાઈલ્સ એન્ડ પાર્ટસ
(૪) મીલ્ક પ્રોડક્ટ્સ
(૫) મશીનરી એન્ડ પાર્ટસ

--------

## ધોરણ–૧ થી ૫ માં વિદ્યાસહાયકોની નિમણૂંક

* ૧૩૧૩૭ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૪ના વર્ષમાં ધોરણ–૧ થી ૫ D.EI.Ed. (PTC) ની શૈક્ષણીક લાયકાત ધરાવતા વિદ્યાસહાયકોને નિમણૂંક આપવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આશરે ૧૩૦૦

---------

## વ્યારા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૧૨૯૪૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮માં વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આવી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વ્યારા તાલુકામાં પ્રાથમિક શાળામાં ધોરણ–૬ થી ૮માં નીચે મુજબ વિષયવાર ખાલી જગ્યાઓ છે.

| **વિષય** | **ખાલી જગ્યાઓ** |
|---|---|
| ગણિત–વિજ્ઞાન | ૦૪ |
| ભાષા | ૦૬ |
| સામાજીક વિજ્ઞાન | ૦૫ |
| **કુલ** | **૧૫** |

આ જગ્યાઓ એક વર્ષથી ખાલી છે.

(૨) નિમણુંક પામેલ વિદ્યાસહાયક હાજર ન થતાં તેમજ શિક્ષકોના રાજીનામાને કારણે આ જગ્યાઓ ખાલી રહેલ છે. આ ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

---------

## નવસારી જિલ્લામાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

* ૧૩૦૦૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મુલ્યે પુરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાંસદા અને નવસારી તાલુકામાં કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ વાંસદા તાલુકામાં ૨૧ અને નવસારી તાલુકામાં ૧૬ મળી કુલ ૩૭ અરજીઓ મંજુર કરેલ છે.

(૩) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૦૭–૨૦૧૪ની સ્થિતિએ વાંસદા તાલુકામાં રૂા. ૭.૨૩ લાખ અને નવસારી તાલુકામાં રૂા. ૫.૨૯ લાખ મળી કુલ રૂા. ૧૨.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## વડોદરા અને સાવલી તાલુકામાં રોપાનું વાવેતર

* ૧૩૦૦૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધીમાં વડોદરા અને સાવલી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે કુલ ૨.૪૬ લાખ રોપાનું વાવેતર કરેલ છે.

(સંખ્યા લાખમાં)

| વર્ષ | વડોદરા તાલુકો | સાવલી તાલુકો | કુલ રોપા |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૦.૩૨ | ૦.૭૪ | ૧.૦૬ |
| ૨૦૧૪–૧૫ | ૦.૫૩ | ૦.૮૭ | ૧.૪૦ |

| | | | |
|---|---|---|---|
| તા. ૩૦-૯-૧૪ સુધી) | | | |
| કુલ રોપા | ૦.૮૫ | ૧.૬૧ | ૨.૪૬ |

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) નીચેની વિગતે કુલ ૬૮.૭૫ લાખનો ખર્ચ થયેલ છે.

(રૂ. લાખમાં)

| વર્ષ | વડોદરા તાલુકો | સાવલી તાલુકો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૫.૨૬ | ૨૮.૧૩ | ૪૩.૩૯ |
| ૨૦૧૪-૧૫ તા. ૩૦-૯-૧૪ સુધી) | ૪.૬૭ | ૨૦.૬૯ | ૨૫.૩૬ |
| **કુલ** | **૧૯.૯૩** | **૪૮.૮૨** | **૬૮.૭૫** |

---------

**ભાણવડ અને ખંભાળીયા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોનું મંજૂર મહેકમ**

* ૧૩૨૯૯ **શ્રી** મેરામણભાઇ મા. આહીર **(ખંભાલીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૦૯-૨૦૧૪ ની સ્થિતિએ ખંભાલિયા અને ભાણવડ તાલુકામાં પ્રાથમિક શિક્ષકોનું કુલ મંજૂર મહેકમ કેટલું, અને | (૧) ખંભાળીયા-૧૨૧૬, ભાણવડ-૬૭૨ |
| (૨) ઉકત સ્થિતિએ શિક્ષકોની ઘટ કેટલી છે તથા આ ઘટ સરકારશ્રી કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૨) ખંભાળીયા તાલુકામાં ૧૬૩ અને ભાણવડ તાલુકામાં ૧૪૮ પ્રાથમિક શિક્ષકોની ઘટ છે. આ ઘટ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે. |

---------

**ઉમરગામ અને વલસાડ તાલુકામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

* ૧૩૪૧૨ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ઉમરગામ અને વલસાડ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ઉમરગામ | ૪૦ |
| વલસાડ | ૩૫૭ |
| **કુલ** | **૩૯૭** |

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૨) રૂ. ૬૯.૦૮ લાખ.

---------

**પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૩૪૦૧ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૦-૦૯-૨૦૧૪ ની સ્થિતિએ સરસ્વતી સાધના | (૧) ૪૯૦૨ |

યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની સાયકલો મેળવવા માટે અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૪૯૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) કોઈ પણ રકમની નહીં. પરંતુ કન્યાઓને સાયકલો આપવામાં આવેલ છે.

---------

## રાજ્યમાં બંધ વીજ મથકો

* ૧૩૦૫૮ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૦–૧૦–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના કોઈ વીજ મથકો બંધ હાલતમાં છે,

(૨) જો હા, તો કયા વીજ મથકો કયારથી શા કારણોસર બંધ છે, અને

(૩) બંધ વીજ મથકોની વિજ ઉત્પાદક ક્ષમતા કેટલી છે અને તમામ વીજ મથકો કયાર સુધીમાં કાર્યરત કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૧૦–૧૦–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનો સંગ્રહ શકય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે. અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટવાઈ જવું, સમારકામની જરૂરિયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટિક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોય, મથકો બંધ રહે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની ‘‘મેરીટ ઓર્ડર’’ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ તેમજ લો ડિમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડિસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ, જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુકત અનિવાર્ય કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરિયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## રાજ્યમાં કાર્યરત સરકારી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ

* ૧૩૦૪૯ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તારીખ ૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, અને

(૧) ૨૫.

(૨) તેમાં કેવા પ્રકારના કોર્ષ ચલાવવામાં આવે છે ?

(૨) જેમાં નીચે મુજબના કોર્ષ ચલાવવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ | હેર એન્ડ સ્કીન કેર |
| ૨ | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) |
| ૩ | સ્ટેનો–કમ–કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) |
| ૪ | સ્ટેનો–કમ–કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) |
| ૫ | ફાયનાન્સ એકઝીકયુટીવ |
| ૬ | આર્કીટિકચરલ આસીસ્ટન્ટ |
| ૭ | ઇલેકટ્રોનીકસ મીકેનીક |
| ૮ | ઇન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ ઇલેકટ્રોનીકસ સીસ્ટમ મેન્ટેનન્સ |
| ૯ | કટીંગ એન્ડ સુઇંગ |
| ૧૦ | એમ્બ્રોયડરી એન્ડ નીડલ વર્કસ |
| ૧૧ | ફેશન ટેકનોલોજી |
| ૧૨ | ડ્રેસ મેકીંગ |
| ૧૩ | કોમ્પ્યુટર એડેડ ડ્રેસ મેકીંગ એન્ડ ડ્રેસ ડીઝાઇન |
| ૧૪ | ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ |
| ૧૫ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૧૬ | ડેસ્કટોપ પબ્લીસીંગ ઓપરેટર |
| ૧૭ | ડેસ્કટોપ પબ્લીસીંગ |
| ૧૮ | સર્ટીફીકેટ ઇન ઇ–કોમર્સ |
| ૧૯ | સર્ટીફીકેટ ઇન સોફટવેર પ્રોગ્રામીંગ |
| ૨૦ | સર્ટીફીકેટ ઇન મલ્ટીમીડીયા ટેકનોલોજી એન્ડ ડીટીપી |
| ૨૧ | સર્ટીફીકેટ ઇન વેબ ડીઝાઇન |
| ૨૨ | ફીઝીયોથેરાપી ટેકનીશીયન |

---------

## મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નવીન રોપાનું વાવેતર

* ૧૩૩૯૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ

(૧) તા.૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા

મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવીન રોપાનું વાવેતર કરવામાં આવ્યું, અને

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે કુલ ૧૯.૯૨ લાખ નવીન રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

| **તાલુકો** | **વાવેતર કરેલ રોપા** | | **કુલ** |
|---|---|---|---|
| | **તા. ૧-૧૦-૨૦૧૨ થી તા. ૩૦-૦૯-૨૦૧૩** | **તા. ૧-૧૦-૨૦૧૩ થી તા. ૩૦-૦૯-૦૧૪** | |
| મહેસાણા | ૨.૨૭ | ૧.૬૮ | ૩.૯૫ |
| કડી | ૧.૦૮ | ૦.૭૩ | ૧.૮૧ |
| વિજાપુર | ૧.૪૨ | ૧.૩૪ | ૨.૭૬ |
| વિસનગર | ૧.૫૧ | ૧.૩૭ | ૨.૮૮ |
| વડનગર | ૧.૦૨ | ૦.૯૩ | ૧.૯૫ |
| ખેરાલું | ૦.૮૩ | ૦.૬૯ | ૧.૫૨ |
| સતલાસણા | ૦.૮૩ | ૦.૮૨ | ૧.૬૫ |
| ઉંઝા | ૦.૭૦ | ૦.૯૭ | ૧.૬૭ |
| બેચરાજી | ૦.૮૦ | ૦.૯૩ | ૧.૭૩ |
| **કુલ** | **૧૦.૪૬** | **૯.૪૬** | **૧૯.૯૨** |

(૨) રોપ ઉછેર કેન્દ્ર કડી દ્વારા કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, અને કેટલા નિષ્ફળ ગયા, નિષ્ફળ જવાના કારણો શાં છે ?

(૨) કડી ખાતે રોપ ઉછેર કેન્દ્ર આવેલ નથી. તેથી પ્રસ્તુત ઉપસ્થિત થતો નથી.

---------

## સરકારી વકીલોની કચેરીઓના કમ્પ્યુટરાઇઝેશન માટે કરેલ ખર્ચ

* ૧૩૩૩૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૯-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્ય સરકારી વકીલની કચેરી, ગુજરાત હાઇકોર્ટ તેમજ દરેક જિલ્લાના સરકારી વકીલોની કચેરીઓના કમ્પ્યુટરાઈઝેશન માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો શી કામગીરી કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ હેતુસર કોર્ટ કેસ મોનીટરીંગ સીસ્ટમ અમલમાં મુકીને તેની કામગીરી માટે સરકારી વકીલની કચેરી, ગુજરાત હાઈકોર્ટ ખાતે ૨૫ કોમ્પ્યુટર અને ૨૫ પ્રિન્ટરની ફાળવણી કરવામાં આવેલ છે તેમજ એક પ્રોગ્રામર અને એક આસીસ્ટન્ટ પ્રોગ્રામરની નિમણૂક

| | |
|---|---|
| | કરવામાં આવેલ છે. જ્યારે તમામ જિલ્લા સરકારી વકીલશ્રીઓની કચેરીઓ માટે ૧૫૦ કમ્પ્યુટર અને ૧૫૦ પ્રિન્ટરની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૩)ઉકત સ્થિતિએ, તે પાછળ કેટલું ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૭૮,૦૦૩૦૪/- નો ખર્ચ થયેલ છે. |

---------

**અંબાજી ખાતે એકાવન શક્તિપીઠ પરિક્રમા પ્રોજેકટ માટે કરેલ ખર્ચ**

* ૧૩૪૧૩ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી ખાતે આવેલ એકાવન શકિતપીઠ પરિક્રમા પ્રોજેકટ માટે તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૧) અંબાજી ખાતે આવેલ એકાવન શકિતપીઠ પરિક્રમા પ્રોજેકટ માટે તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૩૩.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૨) આ પ્રોજેકટની વિશેષતાઓ શું છે ? | (૨) સમગ્ર ભારતવર્ષમાં એક માત્ર એવા " એક જ સ્થળે અને એક સાથે " શ્રી એકાવન આદ્યશકિત પીઠના દર્શનની તક આપનાર આ એકાવન આદ્યશકિત પીઠના પ્રોજેકટની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે. |

| ક્રમ | વિશેષતાઓ | વિગત |
|---|---|---|
| ૧ | શકિત પીઠના મંદિર | ૪૭ |
| ૨ | શકિત પીઠની ગુફા | ૩ |
| ૩ | પરિક્રમા પાથ – વે લંબાઇ | ૨૮૫૦ રર્નીગ મીટર |
| ૪ | શકિત પીઠ સંકુલની સંખ્યા | ૨૦ |
| ૫ | વિશ્રામસ્થળની સંખ્યા | ૧૨ |
| ૬ | ટોયલેટ બ્લોક | ૩ |
| ૭ | પીવાના પાણીની વ્યવસ્થા | ૫ |
| ૮ | કેન્ટીન/કાફેટેરીયા | ૨ |
| ૯ | પ્રવેશદ્વાર | ૨ |
| ૧૦ | પાણી સપ્લાય માટેની પાઇપ લાઇન | ૩૧૫૦ રર્નીગ મીટર |

---------

**ખંભાત અને પેટલાદ તાલુકામાં રોપાનું વાવેતર**

* ૧૨૯૯૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦–૦૯–૨૦૧૪ | (૧) આણંદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦–૦૯–૨૦૧૪ |

સુધીમાં ખંભાત અને પેટલાદ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

સુધીમાં ખંભાત અને પેટલાદ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નીચેની વિગતે કુલ ૨.૪૧ લાખ રોપાનું વાવેતર કરેલ છે.

(વાવેતર કરેલ રોપા લાખમાં)

| **વર્ષ** | **ખંભાત તાલુકો** | **પેટલાદ તાલુકો** | **કુલ રોપાની સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦.૩૭ | ૦.૭૧ | ૧.૦૮ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૧૪ સુધી) | ૦.૫૫ | ૦.૭૮ | ૧.૩૩ |
| **કુલ રોપા** | **૦.૯૨** | **૧.૪૯** | **૨.૪૧** |

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં વર્ષવાર નીચેની વિગતે કુલ રૂ. ૬૬.૩૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(ખર્ચ રૂ઼ા.લાખમાં)

| **વર્ષ** | **ખંભાત તાલુકો** | **પેટલાદ તાલુકો** | **કુલ ખર્ચ** |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૯.૩૧ | ૩૪.૮૯ | ૪૪.૨૦ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૧૪ સુધી) | ૭.૩૩ | ૧૪.૮૧ | ૨૨.૧૪ |
| **કુલ ખર્ચ** | **૧૬.૬૪** | **૪૯.૭૦** | **૬૬.૩૪** |

---------

## રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ખેડૂતોને વીજ દર

* ૧૩૦૩૫ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોના વીજ દર કઈ સરકારી ઓથોરીટી દ્વારા નક્કી કરવામાં આવે છે, અને

(૨) તેમાં તા.૩૦-૦૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયારે અને કેટલો ભાવ વધારો થયો ?

**જવાબ**

(૧) રાજ્યમા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતો સહિત તમામ કેટેગરીના વીજ ગ્રાહકો માટેના વીજ દર નામ. ગુજરાત વીજ નિયમન આયોગ (GERC) દ્વારા નક્કી કરવામાં આવે છે.

(૨) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નામ. ગુજરાત વીજ નિયમન આયોગ (GERC) દ્વારા તા. ૧૬-૦૪-૨૦૧૩ના ટેરિફ ઓર્ડર થી વર્ષ ૨૦૧૩-૧૪ માટેના તા. ૨૯-૪-૨૦૧૪ ના ટેરિફ ઓર્ડર થી વર્ષ ૨૦૧૪-૧૫ માટે વીજ દરો નક્કી કરેલ, જેની વિગત નીચે મુજબ છે.

**કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોના વીજ દર**

| ટેરીફ ઓર્ડર તારીખ | ૨-૦૬-૧૨ | વધારો | ૧૬-૦૪-૧૩ | વધારો | ૨૯-૦૪-૧૩ |
|---|---|---|---|---|---|
| નાણાકીય વર્ષ | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ |
| હોર્સ પાવર (એચ.પી.) આધારિત (રૂા. /એચ.પી./વર્ષ) * | ૨૧૦૦ | ૩૦૦ | ૨૪૦૦ | - | ૨૪૦૦ |
| **હોર્સ પાવર (એચ.પી.) આધારિત સિવાય** | | | | | |
| નિશ્ચીત દર (રૂા. /એચ.પી./વર્ષ) | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ | - | ૨૪૦ |
| ઉર્જા દર (પૈસા/યુનિટ) | ૫૦ | ૧૦ | ૬૦ | - | ૬૦ |
| ઉર્જા દર-તત્કાલ (પૈસા/યુનિટ) (પાંચ વર્ષ સુધી તત્કાલ દર, ત્યાર બાદ ઉપરોક્ત જણાવેલ સામાન્ય ઉર્જા દર) | ૭૦ | ૧૦ | ૮૦ | - | ૮૦ |

*અત્રે ઉલ્લેખનીય છે કે, માન. આયોગ દ્વારા હોર્સ પાવર (એચ.પી.) આધારિત કૃષિ ગ્રાહકો માટે તા. ૧-૪-૨૦૧૩ની અસરથી રૂા. ૨૫/હોર્સપાવર/માસ (રૂા. ૩૦૦/ હોર્સપાવર/ વર્ષ) વીજ દરમાં વધારો કરેલ પરંતુ ગુજરાત સરકાર દ્વારા ગ્રાહકો પાસેથી જુના ભાવ (૭.૫ હો.પા. સુધી રૂા. ૬૬૫/હો.પા. /વર્ષ તથા ૭.૫ હો.પા. થી વધુ માટે રૂા. ૮૦૭.૫/હો.પા. /વર્ષ) પ્રમાણે જ વસૂલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. મંજૂર થયેલ વીજ ભાવની પુર્તી કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે.

---------

**વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

* ૧૩૦૪૬ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં | (૧) ૯૧ |

આવ્યું, અને

(૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? — (૨) ૧૦૫૨૬

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી**

* ૧૩૨૮૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ એક વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ કુલ કેટલા કોમ્પ્યુટર સેટ શાળા દીઠ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળામાં અગાઉના વર્ષોમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત હોવાથી તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ કોમ્પ્યુટર સેટ ફાળવેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી શાળા ઈન્ટરનેટ કનેકટીવીટીથી જોડવામાં આવેલ છે, | (૨) ઉકત સ્થિતિએ બંને જિલ્લાની કુલ ૧૩૭૫ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટી મંજૂર થયેલ તે પૈકી ૪૩૨ પ્રાથમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટી છેલ્લા એક વર્ષમાં ઉપલબ્ધ કરેલ જ્યારે ૪૭૨ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી ૩૩૬ માધ્યમિક અને ઉચ્તર માધ્યમિક શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટી અગાઉના વર્ષોમાં ઉપલબ્ધ કરાવેલ છે. |
| (૩) તે પૈકી કેટલી શાળાઓમાં ઈન્ટરનેટ કનેકટીવીટી જોડાણ બાકી છે, અને | (૩) ૯૪૩ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં કનેકટીવીટીની કાર્યવાહી ચાલુ છે. ૧૩૬ જ્યારે માધ્યમિક–ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ટેકનીકલ કારણોસર કનેકટીવીટી ઉપલબ્ધ થઈ શકેલ નથી. |
| (૪) કનેકટીવીટી જોડાણ થયેલ હોય અને ત્યારબાદ કનેકટીવીટી કપાઈ જવાના શાં કારણો છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |

---------

**ભરૂચ જિલ્લામાં વાણિજિયક વેરાની આવક**

* ૧૨૯૮૭ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૨૯૧૧.૩૪ કરોડ. |
| (૨) ભરૂચ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટી કઈ છે ? | (૨) (૧) ગેસ<br>(૨) નોન ફેરસ મેટલ<br>(૩) કેમીકલ<br>(૪) ઓટોમોબાઈલ્સ એન્ડ પાર્ટસ<br>(૫) ગ્લાસ એન્ડ આર્ટીકલ |

---------

## રાજ્યમાં વાણિજ્યિકવેરા વિભાગમાં વેપારીવર્ગની સુવિધા માટે મૂકેલ પદ્ધતિનો અમલ

* ૧૨૯૭૫ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વાણિજ્યિકવેરા વિભાગમાં વેપારીવર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કોઈ પદ્ધતિ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો કઈ પદ્ધતિ અમલમાં મુકેલ છે ? | (૨) (૧) Bulk Upload 402/403<br>(૨) ITC Profile<br>(૩) Vigilance Corner<br>(૪) FAQ (frquently Asked Question)<br>(૫) Password Unlock/Reset |

---------

## સાવરકુંડલા અને ધારી તાલુકામાં રોપાનું વાવેતર

* ૧૩૦૦૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦–૯–૨૦૧૪ સુધીમાં સાવરકુંડલા અને ધારી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦–૯–૨૦૧૪ સુધીમાં સાવરકુંડલા અને ધારી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નીચેની વિગતે કુલ ૨.૬૬ લાખ રોપાનું વાવેતર કરેલ છે.

**(વાવેતર કરેલ રોપા લાખમાં)**

| વર્ષ | સાવરકુંડલા તાલુકો | ધારી તાલુકો | કુલ રોપાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૦.૭૩ | ૦.૪૮ | ૧.૨૧ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૦–૯–૧૪ સુધી) | ૦.૬૯ | ૦.૭૬ | ૧.૪૫ |
| **કુલ રોપા** | **૧.૪૨** | **૧.૨૪** | **૨.૬૬** |

**પ્રશ્ન**

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) તેની પાછળ ઉકત સમયગાળામાં વર્ષવાર નીચેની વિગતે કુલ રૂ.૧૨૯.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. **(ખર્ચ રૂ. લાખમાં)**

| વર્ષ | સાવરકુંડલા તાલુકો | ધારી તાલુકો | કુલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૮.૬૮ | ૨૪.૧૨ | ૭૨.૮૦ |
| ૨૦૧૪–૧૫ | ૨૮.૭૫ | ૨૭.૯૭ | ૫૬.૭૨ |

| | | | |
|---|---|---|---|
| (તા.૩૦–૯–૧૪ સુધી) | | | |
| **કુલ ખર્ચ** | **૭૭.૪૩** | **૫૨.૦૯** | **૧૨૯.૫૨.** |

---------

**રાજ્યના વીજ ગ્રાહકોને ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસમાં રાહત માટે કોલસાની આંતરિક બદલીના કરાર**

* ૧૩૦૪૨ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના વીજ ગ્રાહકોને ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસમાં રાહત મળે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદક કંપનીઓ વચ્ચે કોલસાની આંતરિક ફેર–બદલીના કોઈ કરાર થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેનાથી રાજ્યને શું ફાયદો છે ?

**જવાબ**

(૧) હા જી, રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઈસીએલ અને કેન્દ્ર સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની એનટીપીસી વચ્ચે કોલસાની પરસ્પર અદલા બદલી બાબતે તા.૩૦–૯–૨૦૧૪ ના રોજ કરાર કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા–બદલી કરવા માટેની દરખાસ્તને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ અન્વયે એનટીપીસી દ્વારા ગુજરાતના બંદરો થકી લાવવામાં આવતો આયાતી કોલસો જીએસઈસીએલના વીજ મથકોમાં વાપરવામાં આવશે તેમજ છત્તીસગઢ ખાતેની કોલ ઈન્ડીયા લીમીટેડની ખાણોમાંથી જીએસઈસીએલ માટે ગુજરાતના વીજ મથકો માટે લાવવામાં આવતો કોલસો એનટીપીસી દ્વારા તેમના છત્તીસગઢ ખાતેના વીજ મથકો દ્વારા વાપરવામાં આવશે. કુલ ૧૦ લાખ મે.ટન કોલસાની અદલા–બદલી માટેનો કરાર કરવામાં આવ્યો છે. આમ, એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવાને લીધે કોલસાનું આંતરરાજ્ય પરિવહન ઘટશે જેથી ગુજરાતને અંદાજે રૂ.૧૬૦ કરોડ જેટલી બચત થશે.

આ પરસ્પર કોલસાની અદલા–બદલી કરવાથી, ઉપલબ્ધ થયેલ કોલસા દ્વારા થતા વીજ ઉત્પાદનના ખર્ચમાં પ્રતિ યુનીટ અંદાજે ૯૮ પૈસા જેટલી બચત થવાની શક્યતા છે.

જીએસઈસીએલ દ્વારા અંદાજે ૨૫ લાખ ટન કોલસો અદલા–બદલી કરવાનું આયોજન છે. અને જો આ સંપૂર્ણ જથ્થાની એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવામાં આવે તો દેશને રૂ.૯૪૫ કરોડ જેટલી બચત થશે તેમજ ગુજરાતને રૂ.૪૦૦ કરોડ

જેટલી બચત થશે. કોલસાના બિનજરૂરી પરિવહનમાં ઘટાડો થવાથી દેશમાં રેલ્વે માર્ગનું ભારણ પણ ઓછું કરી શકાશે.

---------

**વિરમગામ અને બાવળા તાલુકામાં ઈકોટુરીઝમના વિકાસ માટે પસંદ કરેલ સ્થળો**

* ૧૩૦૦૫ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ ઈકોટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લામાં વિરમગામ અને બાવળા તાલુકામાં ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે,અને

(૩) તે પાછળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૦-૯-૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનામાં જિલ્લાના વિરમગામ તાલુકાના નળસરોવર અભયારણ્ય, નળ સરોવરની પસંદગી કરવામાં આવેલ છે. જ્યારે બાવળા તાલુકાના કોઈ સ્થળની પસંદગી કરવામાં આવેલ નથી.

(૩) નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૪૯.૯૭ |
| ૩ | ૨૦૧૪-૧૫ (તા.૩૦-૯-૨૦૧૪ અંતિત) | ૨૫.૨૫ |
| | **કુલ** | **૭૫.૨૨** |

---------

**સુરત જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભાર્થીઓ**

* ૧૩૪૦૯ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૩૮૮

(૨) રૂ.૩૮.૮૦ લાખ.

---------

**રાજકોટ જિલ્લામાં સાંસ્કૃતિક વન**

* ૧૨૯૯૪ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ સાંસ્કૃતિક વન બનાવવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે ક્યાં બનાવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં કાગવડ

ખાતે ''શકિત વન'' નામે સાંસ્કૃતિક વન બનાવવામાં આવેલ છે.

---------

## ગરબાડા તાલુકામાં ગામોને વોટરશેડ યોજના હેઠળ આવરી લેવા બાબત

*૧૨૯૪૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં ક્યા ગામોને વોટરશેડ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકાનું કોઈપણ ગામ વોટરશેડ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં જમીનની સનદો આપવા બાબત

* ૧૩૩૧૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તથા વિજયનગર તાલુકાઓ અને અરવલ્લી જિલ્લાના ભિલોડા તથા મેઘરજ તાલુકામાંથી રાઈટ ટુ ફોરેસ્ટ એક્ટ અન્વયે તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) શુન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલા અરજદારોને જમીનની સનદો આપવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જે અરજદારોને સનદો આપવામાં આવેલ છે, તેમના નામો ૭/૧૨ અને ૮-અ ના ઉતારામાં ચઢાવામાં આવેલ છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી સનદો આપવાની બાકી છે અને તેમને ક્યાં સુધીમાં સનદો આપી દેવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ખેડૂતોને વીજ બીલમાં રાહત આપવા

* ૧૩૦૩૬ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને | (૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ નક્કી કરેલ |

વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણને કારણે મહેસુલી આવકના નુકશાન માટે વીજ કંપનીઓને સહાયકી આપવામાં આવે છે.

આ ઉપરાંત વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા બળતણમાં થતાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત કરવાની થાય છે. ખેડૂતોના કિસ્સામાં ફ્યુઅલ સરચાર્જ તેમની પાસેથી વસુલ ન કરવાનો સરકારે નિર્ણય લીધેલ હોઈ, તે અંગેની રકમ પણ સહાયકી તરીકે વીજ કંપનીઓને ચુકવવામાં આવે છે.

આ ઉપરાંત, તા. ૧/૧૦/૧૨ના ઠરાવથી રાજ્યમાં ઓછા તથા મોડા થયેલા વરસાદને લીધે ખેડૂતોને થયેલ નુકસાનમાં રાહત આપવા માટે ખેડૂતોને તેમના વીજ વપરાશના બિલમાં એક વર્ષ (૨૦૧૨-૧૩) માટે ૫૦% રાહત આપેલ હતી.

(૨) જો હા, તો તા.૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ વીજ બીલમાં રાહત પેટે વર્ષ ૨૦૧૨-૧૩માં રૂા. ૩૫૮૦ કરોડ તથા વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૩૨૦૦ કરોડની સબસીડીઓ આપવામાં આવેલ છે.

---------

## ખાણ ખનિજ ખાતાના અધિક નિયામકશ્રી દ્વારા અપીલની પડતર અરજીઓ

* ૧૨૯૬૫ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦-૯-૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખાણખનિજ ખાતાના અધિક નિયામકશ્રી દ્વારા કેટલી અપીલ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે, | (૧) ૧,૯૯૪. |
| (૨) સદર સ્થિતિએ કેટલી અપીલ અરજીઓ પડતર છે, અને | (૨) ૫૭૨ |
| (૩) પડતર અરજીઓના ઝડપી નિકાલ માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૩) પડતર અરજીઓના ઝડપી નિકાલ માટે દર અઠવાડીયાના બેથી ત્રણ દિવસ કેસોની સુનાવણી રાખી નિકાલ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. |

---------

### અમરેલી જિલ્લામાં નોંધાયેલ ખેતી વિષયક વિજ ગ્રાહકો

* ૧૩૪૫૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કેટલા ખેતી વિષયક વિજ ગ્રાહકો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ ગ્રાહકોને દરરોજ કેટલા કલાક વિજળી આપવાની જોગવાઈ છે,

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે વિજળી પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કુલ– ૭૦૯૨૪ કૃષિ વીજ ગ્રાહકો નોંધાયેલ છે.

(૨), (૩) અને (૪) : રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ કૃષિ વીજ ગ્રાહકોને દરરોજ ઓછામાં ઓછા ૮ કલાક માટે ગુણવત્તા યુક્ત સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ઉપરાંત આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે પણ વીજ પુરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવતું હોય છે.

---------

### સંતરામપુર અને કડાણા તાલુકામાં જમીન ફાળવવાના કેસો

* ૧૩૨૫૧ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં વન અધિકાર નિયમ ૨૦૦૬ અન્વયે તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન ફાળવવાના પુન: વિચારણાના કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે, અને

(૩) બાકીના કેસોના નિકાલ માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| તાલુકા | નિકાલ થયેલ કેસ |
|---|---|
| સંતરામપુર | ૧૫૬૨ |
| કડાણા | ૧૭૯૧ |

(૨)

| તાલુકા | બાકી કેસ |
|---|---|
| સંતરામપુર | ૧૬૮૩ |
| કડાણા | ૨૪૨૬ |

(૩) બને તેમ વહેલાં.

---------

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિવાસીઓની દૂધ ઉત્પાદક મંડળીઓને બલ્ક મિલ્ક કુલર ફાળવવા અંગે

* ૧૩૪૪૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) :** માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ દૂધ ઉત્પાદક મંડળીઓને બલ્ક મિલ્ક કુલર આપવાની યોજનામાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાની કઈ આદિવાસીઓને દૂધ ઉત્પાદક મંડળીઓને છેલ્લા બે વર્ષમાં બલ્ક મિલ્ક કુલર આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) એક પણ નહી.

| | |
|---|---|
| (૨) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં ઝુંપડું ત્યાં પાકું મકાન યોજના**

* ૧૩૨૯૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઝુંપડુ ત્યાં પાકું મકાન યોજના અંતર્ગત તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા ઝુંપડાઓ છે, અને | (૧) ઝુંપડું ત્યાં પાકું મકાન યોજના અમલમાં નથી. |
| (૨) તે પૈકી કેટલા ઝુંપડાઓને પાકા મકાન આપવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન નથી. |

---------

**જામનગર અને મોરબી જિલ્લામાં આદિવાસી કન્યાઓ અનાજથી વંચિત**

* ૧૩૨૩૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેત મજુરીના હેતુસર સ્થળાંતરીત થવા આદિવાસી કુટુંબોની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી કન્યાઓને ૬૦ કિલો અનાજ સ્થળાંતરીત થયેલા જામનગર અને મોરબી જિલ્લાના તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ મળતું નથી અને તેથી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી આદિવાસી કન્યાઓ અનાજથી વંચિત રહે છે તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને<br>(૨) જો હા, તો આ ફરિયાદના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ? | (૧) અને (૨) : શિક્ષણ વિભાગના તા. ૨૪–૧૨–૨૦૦૩ના ઠરાવની જોગવાઇઓ/શરતો મુજબ રાજ્યના આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૮માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિનામૂલ્યે વાર્ષિક ૬૦ કિલો ગ્રામ અનાજ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જામનગર અને મોરબી જિલ્લાનું કોઈ પણ ગામ આદિજાતિ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૧૨૬ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૮૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૨,૮૮,૯૬૦/– (અંકે રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર નવસો સાઈઠ પુરા) |

---------

## વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભાર્થીઓ

* ૧૩૪૦૮ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૩૮૭. |
| (૨) તે અન્વયે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ઼ા. ૩૮.૩૦ લાખ. |

---------

## વાણિજિયક વેરાની આવકમાં થયેલ વૃદ્ધિ

* ૧૨૯૭૪ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ સુધીમાં વાણિજિયક વેરાની આવકમાં કેટલી વૃદ્ધિ થયેલ છે, | (૧) રૂ.૨૩૫૨.૫૯ કરોડ (નેટ). |
| (૨) સૌથી વધુ આવક આપતી ૫ કોમોડીટી કઇ છે, અને | (૨) (૧) પેટ્રોલિયમ પ્રોડક્ટ્સ<br>(૨) ગેસ<br>(૩) ઓટોમોબાઇલ<br>(૪) સિમેન્ટ<br>(૫) ટોબેકો |
| (૩) તેમાં કેટલી વૃદ્ધિ થયેલ છે ? | (૩) |

| કોમોડીટી | વૃદ્ધિ (રૂ઼ા કરોડમાં) |
|---|---|
| પેટ્રોલિયમ પ્રોડકટસ | ૯૩૫.૭૩ |
| ગેસ | ૪૩૫.૮૪ |
| ઓટોમોબાઈલ | (–) ૧૪.૨૩ |
| સિમેન્ટ | ૨૨૭.૫૫ |
| ટોબેકો | ૧૦૫.૩૮ |

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ મંજૂર કરેલ વ્યકિતગત શૌચાલય

* ૧૩૨૦૦ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ કેટલા વ્યકિતગત શૌચાલય મંજુર કરવામાં આવ્યા, | (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ ૨૨,૨૧૭ વ્યકિતગત શૌચાલય મંજુર કરવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પુર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી ૫,૨૯૨ પુર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલી નાણાંકીય સહાય ચુકવવામાં આવી ? | (૩)રૂ઼ા.૨૪૩.૪૩ લાખ નાણાંકીય સહાય ચુકવવામાં આવી. |

---------

## પંચમહાલ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ મંજૂર કરેલ વ્યકિતગત શૌચાલય

* ૧૩૨૦૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ કેટલા વ્યકિતગત શૌચાલય મંજુર કરવામાં આવ્યા, | (૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ ૩૨,૮૧૭ વ્યકિતગત શૌચાલય મંજુર કરવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પુર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી ૧૭,૦૭૪ પુર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલી નાણાંકીય સહાય ચુકવવામાં આવી ? | (૩) રૂ.૭૮૫.૪૦ લાખ નાણાંકીય સહાય ચુકવવામાં આવી. |

---------

## હિંમતનગર ખાતે નવું જિલ્લા પંચાયત ભવન બાંધવા બાબત

* ૧૩૧૮૬ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ હિંમતનગર ખાતે નવું જિલ્લા પંચાયત ભવન કયારે બાંધવામાં આવ્યું, | (૧) તા.૩૦–૮–૨૦૧૩ના રોજ. |
| (૨) સરકારે તેમાં કેટલી રકમનો ફાળો આપ્યો અને જિલ્લા પંચાયતે કેટલો ફાળો આપ્યો, | (૨) સરકારશ્રીનો ફાળો રૂા.૯.૬ કરોડ<br>જીલ્લા પંચાયતનો ફાળો રૂ.૪ કરોડ. |
| (૩) આ મકાનમાં જિલ્લા પંચાયત કચેરીના ઉદ્ઘાટનના બાદ જિલ્લા પંચાયતની કચેરીઓ કાર્યરત થયેલા છે કે કેમ, અને | (૩) ના. |
| (૪) કચેરીના કાર્યરત ન થઈ હોય તો તેના કારણો શા છે? | (૪) આનુસાંગીક કામો બાકી હોવાથી. |

---------

## ઉના અને ગીરગઢડા તાલુકામાં ખનીજ ચોરીની રકમ વસુલવા બાબત

* ૧૩૨૬૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડા તાલુકામાં ખનીજ ચોરીની કેટલી રકમ વસુલવાની થાય છે,

**જવાબ**

(૧) તા.૧૦–૧૦–૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં ઉના અને ગીર ગઢડા તાલુકામાં ખનિજ ચોરીની નીચે મુજબની રકમ વસુલવાની થાય છે.

ઉના — રકમ રૂ. ૨,૭૩,૨૬,૬૭૦/-
ગીર ગઢડા — રકમ રૂ. ૧૯,૪૬,૫૫૯/-

**પ્રશ્ન**

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલી રકમ વસુલવામાં આવી, અને

**જવાબ**

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર વસુલવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|---|---|
| ઉના | રૂ.૮૮૨૧૧૬/- | રૂ.૩૦૬૦૪૩૦/- | રૂ.૪૧૨૫૬૭/- |
| ગીર ગઢડા | રૂ.૩૦૦૦૦/- | રૂ.૪૮૨૪૪૩/- | શૂન્ય |

**પ્રશ્ન**

(૩) ઇસમો ખનીજ ચોરીની રકમ સમયસર

**જવાબ**

(૩) ખનીજ ચોરી અંગેના તમામ કેસોમાં કસુરદારોને નોટીસ

| | |
|---|---|
| ચૂકવતા ન હોય તો કોની સામે, કયારે શી કાર્યવાહી કરવામાં આવી ? | પાઠવવામાં આવેલ છે. તેમજ ઉના તાલુકામાં ૩ અને ગીર ગઢડા તાલુકામાં ૬ ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

---------

## ખેડા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની ચૂકવવાની બાકી સબસીડી

* ૧૩૦૫૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૧–૦૯–૨૦૧૩ થી શિક્ષિત બેરોજગાર યુવાનોને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી મળતી લોનની સહાય જે તે લાભાર્થીઓને સબસીડી ચૂકવેલ નથી. ખેડા જિલ્લામાં તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારોની સબસીડી ચૂકવવાની બાકી છે, | (૧) ખેડા જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ ૪૬૩ શિક્ષિત બેરોજગારોને સબસીડી ચૂકવવાની બાકી છે. |
| (૨) બેંકનું વ્યાજનું ભારણ વધતું જાય છે જેથી આવા લાભાર્થીઓને સબસીડીની રકમ સરકાર કયારે ચૂકવવા માગે છે, અને | (૨) બાકી અરજદારોને અગ્રતાક્રમના ધોરણે નિયમ મુજબ યુનિટ ચકાસણી કર્યા બાદ સબસીડી ચૂકવી આપવામાં આવે છે. સબસીડી ચૂકવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. |
| (૩)તમામ રાષ્ટ્રીયકૃત બેંકો તથા સહકારી બેંકોએ સબસીડીની માંગણી કરેલ હોવા છતાં સબસીડી ન ફાળવવા પાછળના કારણો શા છે ? | (૩) તમામ રાષ્ટ્રીયકૃત બેંકો તથા સહકારી બેંકો તરફથી અરજદારોને લોન આપ્યા બાદ સબસીડી કલેઇમ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને મોકલી આપવામાં આવે છે.<br>સબસીડી કલેઇમ મળ્યેથી લાભાર્થી દ્વારા ધંધો ચાલુ કે બંધ રાખેલ છે તે બાબતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા યુનિટ ચકાસણી કર્યા બાદ ધંધો ચાલુ હોય તેવા જ યુનિટોને સબસીડી ચૂકવવામાં આવે છે.<br>યુનિટ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ ચૂકવવાપાત્ર સબસીડી અગ્રતાક્રમના ધોરણે નિયમ મુજબ ચૂકવી આપવામાં આવે છે. |

---------

## ડભોઈ ખાતે સિનીયર સિવીલ જજની કોર્ટમાં વધારાની સવલતો બાબત

* ૧૩૩૪૨ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે સિનીયર સિવીલ જજની કોર્ટમાં વધારાની સવલતો માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૯૮,૧૧,૦૦૦/- |

(૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બાંધકામ શરૂ કરવામા આવશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

* ૧૩૧૩૪ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૦–૬–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો દાખલ થયેલ છે,

(૧) ૧૬૮ કેસો.

(૨) ઉકત સમયગાળામાં કેટલા કેસો પડતર છે, અને

(૨) ૬૩ કેસો.

(૩) કેસો પડતર રહેવાના કારણો શા છે ?

(૩) પડતર રહેવાના કારણો નીચે પ્રમાણે છે.
(૧) જ્યુડીશીયરી સમરી ટ્રાયલ કેસીસ ચલાવવાના હોઇ પુરાવો નોંધવાની પ્રક્રિયાને કારણે કેટલાક કેસોમાં વિલંબ થાય છે.
(૨) પક્ષકારોના વકીલશ્રીઓ મારફત જુદા–જુદા કારણોસર મુદતો માંગતા હોઈ કેસો એડજર્ન કરવાના થતા હોય છે.

---------

**સુરત જિલ્લાની આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત રાજ્યમાં નવી માધ્યમિક શાળાઓને મંજુરી**

* ૧૩૧૩૯ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત રાજ્યમાં કેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવા ભારત સરકારને દરખાસ્ત કરવામાં આવેલ છે,

(૧)

| ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ |
|---|---|
| ૧૭૬ | ૧૫૪ |

(૨) તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ તે પૈકી ભારત સરકાર દ્વારા કેટલી શાળાઓની મંજૂરી આપવામાં આવી, અને

(૨) એક પણ નહીં.

(૩) તે પૈકી સુરત જિલ્લામાં કેટલી શાળાઓ મંજુર કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

* ૧૩૧૯૯ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી,

(૧) વલસાડ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૮૦૩ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું, અને | (૨) તે પૈકી ૪૦૧ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું. |
| (૩) કેટલી રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવી ? | (૩) રૂ.૪૩.૩૦ લાખ રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવ્યા. |

---------

**દાહોદ જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

* ૧૩૪૧૧ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૨૩૯. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ ા. ૪૦૯.૨૫ લાખ. |

---------

**પેટલાદ શહેર અને તાલુકામાં બાકી બાયોમેટ્રીક કાર્ડ ધારકો**

* ૧૩૦૮૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ પેટલાદ શહેર અને તાલુકામાં કેટલા કાર્ડ ધારકોને બાયોમેટ્રીક કાર્ડ આપવામાં આવ્યા, | (૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ પેટલાદ શહેર અને તાલુકામાં અનુક્રમે ૧૧૩૩૪ અને ૩૯૬૪૪ મળી કુલ ૫૦૯૭૮ બાયોમેટ્રીક રેશનકાર્ડ આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિ ેએ કાર્ડ ધારકોને બાયોમેટ્રીક કાર્ડ આપવાના બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ કોઈ બાયોમેટ્રીક કાર્ડ આપવાના બાકી નથી. |
| (૩) તે કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લાના વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે સહાય**

* ૧૩૧૮૩ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે લોન મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ભાવનગર | ૧૩ |
| મહુવા | ૦૪ |
| તળાજા | ૦૨ |
| પાલીતાણા | ૦૨ |
| ઘોઘા | ૦૧ |
| બોટાદ | ૦૫ |
| ગઢડા | ૦૧ |
| શિહોર | ૦૦ |

| | |
|---|---|
| વલ્લભીપુર | ૦૦ |
| ગારીયાધાર | ૦૦ |
| ઉમરાળા | ૦૦ |
| જેસર | ૦૦ |
| **કુલ** | **૨૮** |

| | |
|---|---|
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી રકમ લોન પેટે ચૂકવી, અને | (૨) ૨૧ અરજીઓ મંજુર કરી રૂા. ૧૬૨.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી. |
| (૩) બાકી રહેલ અરજીઓનો ક્યારે નિકાલ કરવાનું આયોજન છે ? | (૩) બાકી રહેલી ૦૨ અરજીઓ વિદ્યાર્થીઓ દ્વારા ક્ષતિ પૂર્તતા થયેથી નિકાલ કરવામાં આવશે. |

---------

## જામનગર જિલ્લા ખાતે ફેમીલી કોર્ટની શરૂઆત બાબત

* ૧૩૩૩૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લા ખાતે ૨૦૧૪—૧૫ના નાણાકીય વર્ષમાં તા. ૩૦—૯—૨૦૧૪ સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ફેમીલી કોર્ટ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી શરૂ કરવામાં આવેલ છે ? | (૨) તા. ૦૧—૦૯—૨૦૧૪ થી. |

---------

## આણંદ જિલ્લામાં વીજ જોડાણ આપવા બાબત

* ૧૩૦૮૮ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦—૯—૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામતળમાં ઘર બનાવવાની જગ્યા ન હોય અને ખેતરમાં ઘર બનાવી રહેતા પરિવારોને સરકાર વિજ જોડાણ આપતી નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સરકાર નિયમોમાં સુધારો કરી આ વિજ જોડાણો આપવાનું આયોજન છે કે કેમ ? | (૨) આણંદ જિલ્લામાં ગામતળમાં ઘર બનાવવાની જગ્યા ન હોય અને ખેતરમાં ઘર બનાવી રહેતા હોય તેવા પરિવારોને રાજ્ય સરકાર દ્વારા સંશોધન કરી વિકસાવવામાં આવેલ ખાસ પ્રકારના ટ્રાન્સફોર્મર્સ (SDT), ખેતી વિષયક ફીડરો પર સ્થાપિત કરી તે દ્વારા ગૃહ વપરાશ માટે સીંગલ ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. તદનુસાર તા. ૩૦—૯—૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લાનાં તમામ ૧૦૬ કૃષિ ફીડરો પર સ્પેશીયલ ડીઝાઈન્ડ ટ્રાન્સફોર્મર્સ (SDT) સ્થાપિત કરીને કુલ ૩૨૭૮૬ લાભાર્થીઓને વીજ જોડાણનો લાભ આપવામાં આવેલ છે. |

---------

## કચ્છ જિલ્લામાં ફેર પ્રાઈસ શોપને મૉડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરવા બાબત

* ૧૩૧૨૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર પૈકી કેટલી ફેર પ્રાઈસ શોપને મૉડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જાહેર કરી છે, અને

(૨) કેટલી જાહેર કરવાની બાકી છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કુલ ૬૫૭ વાજબી ભાવની દુકાનો આવેલી છે, તે પૈકી ૩૯૧ દુકાનો મૉડેલ ફેર પ્રાઇસ શોપ જાહેર થયેલ છે. તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૧(એક) વર્ષમાં કોઈ વાજબી ભાવની દુકાન મોડલ ફેર પ્રાઈઝ શોપ જાહેર થયેલ નથી.

(૨) ૨૬૬ વાજબી ભાવની દુકાનો મૉડેલ ફેર પ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં ખેતી વિષયક વિજ જોડાણ આપવા બાબત

* ૧૩૩૭૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેતી વિષયક વિજજોડાણ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ વીજ જોડાણો પૈકી ઓછા વોલ્ટેજથી વિજપ્રવાહ મળવાના કારણે ઈલેક્ટ્રીક મોટરો નહીં ચાલવાના કારણે ડાંગર, કપાસના ઉભા પાકો નિષ્ફળ જવા બાબતની ઉક્ત સ્થિતિએ છેલ્લા છ માસમાં કેટલી ફરિયાદો મળી, અને

(૩) પુરતા વોલ્ટેજથી આઠ કલાક વિજ પ્રવાહ આપવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી** |
|---|---|---|
| ૧ | સંખેડા | ૧૩૭૩ |
| ૨ | બોડેલી | ૩૧૬૫ |
| ૩ | ક્વાંટ | ૩૩૯૦ |
| ૪ | છોટાઉદેપુર | ૨૪૨૮ |
| ૫ | નસવાડી | ૨૦૩૩ |
| ૬ | પાવી જેતપુર | ૩૯૫૪ |

(૨) આ જિલ્લામાં ઓછા વોલ્ટેજથી વીજ પુરવઠો મળવાના કારણે મોટરો નહીં ચાલવા બાબતની કુલ ૪ ફરિયાદો છેલ્લા ૬ માસ દરમિયાન મળેલ છે.

(૩) છોટાઉદેપુર જિલ્લાના કૃષિ વીજ ગ્રાહકોને પૂરતાં વોલ્ટેજથી વીજ પુરવઠો પૂરો પાડવા માટે નવી એચ.ટી.લિંક લાઈન ઉભી કરીને જરૂરિયાત મુજબ સદર એરીયાનો ખેતીવાડી કનેકશનનો લોડ નજીકના બીજા ખેતીવાડી ફીડર ઉપર જોડવાની કાર્યવાહી હાથ ઉપર છે જે સત્વરે પૂર્ણ કરવાનું આયોજન છે. વધુમાં જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ૬ નવા સબસ્ટેશનો મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૨ સબસ્ટેશનોની કામગીરી હાલ પ્રગતિમાં છે. આ ઉપરાંત છેલ્લા ૬ માસ

દરમિયાન જિલ્લામાં ૧૦ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે. ૩૦.૮ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યા છે. તેમજ આશરે ૪૦૨૦ કિ.મી. એચ.ટી. લાઈન, આશરે ૧૮૪૨ કિ.મી. એલ.ટી. લાઈન અને ૨૩૪૪ ટ્રાન્સફોર્મર્સનું સમારકામ કરવામાં આવ્યું છે.

---------

**રણોત્સવમાં મુલાકાત લીધેલ પ્રવાસીઓ**

* ૧૩૪૨૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ રણોત્સવ ૨૦૧૩-૧૪માં કુલ કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધેલ હતી ? | રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ રણોત્સવ ૨૦૧૩-૧૪માં કુલ૧૦૬૫૨ પ્રવાસીઓએ ટેન્ટ સીટીની મુલાકાત લીધેલ હતી અને ૭૮૮૮૬ પ્રવાસીઓએ સફેદ રણની મુલાકાત લીધી હતી. |

---------

**ડીસા તાલુકા અને શહેરમાં ઝુંપડુ ત્યાં પાકું મકાન યોજનાનો અમલ**

* ૧૨૯૩૨ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ ડીસા તાલુકામાં ઝુંપડું ત્યાં પાકું મકાન યોજના અન્વયે મંજૂર થયેલ યોજનાનો અમલ ક્યારથી શરૂ કરવામાં આવશે, અને | (૧) ઝુંપડું ત્યાં પાકું મકાન યોજના અમલમાં નથી. |
| (૨) તે અન્વયે ૨૦૧૪-૧૫ના વર્ષમાં અંદાજે કેટલા ઝુંપડાના સ્થાને પાકા મકાનો બનાવવાનો અંદાજ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સળંગ એકમ યોજના હેઠળ શાળાઓને મંજૂરી**

* ૧૩૧૪૧ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સળંગ એકમ યોજના હેઠળ તા. ૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી શાળાઓને ધો. ૧૧ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને

(૩) સામાન્ય પ્રવાહની કેટલી ?

**જવાબ**

(૧)

| વર્ષ-૨૦૧૨ | વર્ષ-૨૦૧૩ |
|---|---|
| ૨૫ | ૩૯ |

(૨)

| વર્ષ-૨૦૧૨ | વર્ષ-૨૦૧૩ |
|---|---|
| ૦૧ | ૦૨ |

(૩)

| વર્ષ-૨૦૧૨ | વર્ષ-૨૦૧૩ |
|---|---|
| ૨૧ | ૩૧ |

---------

**શિહોર અને ગારીયાધાર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકોને અનાજ વિતરણ**

* ૧૩૧૩૩ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકામાં તા.૩૦–૬–૧૪ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકો છે, અને | (૧) તા.૩૦–૬–૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ૯૩૮૭ અને ગારીયાધાર તાલુકામાં ૮૦૫૩ બી.પી.એલ. કાર્ડ ધારકો છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષના સમયગાળામાં તેમને કેટલું અનાજ વિતરણ કરવામાં આવ્યું ? | (૨) તા.૩૦–૬–૧૪ની સ્થિતિએ બી.પી.એલ. યોજના હેઠળ ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ઘઉં ૫૪૬૯૨.૫૦ કિવ. અને ચોખા ૧૮૪૯૬.૦૦ કિવ. એમ કુલ ૭૩૧૮૮.૫૦ કિવ. અનાજ તથા ગારીયાધાર તાલુકામાં ઘઉં ૪૬૨૦૯.૫૦ કિવ. અને ચોખા ૧૫૬૩૨.૫૦ કિવ. એમ કુલ ૬૧૮૪૨.૦૦ કિવ. અનાજનું વિતરણ કરવામાં આવેલ છે. |

---------

## નર્મદા જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી

* ૧૩૨૧૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાને કુલ રૂ.૨૨૭૫.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે, અને કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) કુલ ૭૨૯ કામો મંજૂર થયેલ છે અને કુલ ૬૨૮ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) તે પાછળ ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૩) વર્ષ ૨૦૧૩–૧૪ માં કુલ ખર્ચ રૂ.૧૫૧૭.૭૮ લાખ થયેલ છે. |

---------

## અમદાવાદ શહેરની વાણિજિયક વેરાની આવક

* ૧૨૯૭૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાંથી વાણિજિયક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂ.૫૫૪૫.૪૩ કરોડ. |
| (૨) અમદાવાદ શહેરની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટી કઈ છે ? | (૨) (૧) ઓટોમોબાઈલ્સ એન્ડ પાર્ટસ<br>(૨) મોબાઈલ<br>(૩) તમાકુ અને તેની બનાવટો<br>(૪) હોમ એપ્લાયન્સીસ<br>(૫) સીમેન્ટ |

---------

## સુરત જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ મંજૂર કરેલ વ્યકિતગત શૌચાલય

* ૧૩૨૦૧ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ કેટલા વ્યકિતગત શૌચાલય મંજૂર કરવામાં આવ્યા, | (૧) સુરત જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ ૧૯,૧૩૭ વ્યકિતગત શૌચાલય મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી ૬,૩૫૫ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલી નાણાંકીય સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૯૨.૩૩ લાખ નાણાંકીય સહાય ચૂકવવામાં આવી. |

---------

## વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં ચૂકવેલ સહાય

* ૧૩૧૨૫ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૮૬૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૮૫૩ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૪,૨૦,૭૫૦– (અંકે રૂપિયા ચોવીસ લાખ વીસ હજાર સાતસો પચાસ પુરા). |

---------

## બાયોમેડીકલ વેસ્ટ નિકાલ કરવા કાર્યરત સંસ્થા

* ૧૩૨૭૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટ અને તેના નિકાલ અંગેની વ્યવસ્થા નક્કી કરવા કોઈ સંસ્થા/તંત્ર કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બાયો મેડીકલ વેસ્ટ અને તેના નિકાલ અંગેની વ્યવસ્થા નક્કી કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કાર્યરત છે. |
| (૩) બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કર્યા પહેલા શી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ? | (૩) સૌ પ્રથમ બાયોમેડીકલ વેસ્ટને હેલ્થકેર યુનીટમાં નિયમ મુજબ અલગ અલગ કલરની કોથળીઓમાં ભેગો કરવામાં આવે છે, તેમજ નિડલ, સીરીંજ, ગ્લાસ વગેરે પ્રકારના શાર્પ વેસ્ટને હાઈપો કલોરાઈડ અથવા આવા અન્ય ડીસઈફેકશનરની મદદથી કેમીકલ ટ્રીટમેન્ટ જે તે હેલ્થકેર યુનીટમાં આપવામાં આવે છે. ત્યારબાદ આવો એકઠો કરેલ કચરો ખાસ પ્રકારના વાહનની મદદની કોમન |

બાયોમેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલીટી ખાતે અંતિમ નિકાલ માટે લઈ જવામાં આવે છે.

---------

**અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય**

* ૧૩૪૦૩ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) શૂન્ય. |
| (૩) કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) શૂન્ય. |

---------

**ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ આપવા બાબત**

* ૧૩૩૦૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૦–૯–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ આપવા અંગેના કોન્ટ્રાકટ કઈ કંપનીઓને આપવામાં આવેલ છે, | (૧) ગાંધીનગર જિલ્લામાં નવા બોરકોડેડ રેશનકાર્ડ આપવા અંગેનો કોન્ટ્રાકટ મે.સિલ્વરટચ ટેકનોલોઝીસ લી. અમદાવાદની એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ આ કંપનીઓને મહેનતાણા પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ આ એજન્સીને છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૫૧,૩૨,૨૮૭ (અંકે રૂપિયા એકાવન લાખ બત્રીસ હજાર બસો સત્તાયાસી) ની રકમ ચૂકવવામાં આવેલ છે. |
| (૩) નિયત કરેલ શરતો અને બોલીઓ પ્રમાણે કામ નહીં કરનાર કોન્ટ્રાકટર સામે શાં પગલાં ભરવામાં આવ્યાં ? | (૩) એજન્સીની નબળી કામગીરી બાબતે નીચે મુજબના પગલાં ભરવામાં આવ્યા છે.<br>– જિલ્લા–રાજ્ય કક્ષાએથી કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ છે.<br>– એજન્સીએ રજૂ કરેલ બેંક ગેરંટી રૂ.૨૮,૪૫,૮૯૬ ના ૧૦ ટકા રકમ એટલે કે રૂ.૨,૮૪,૫૯૦ (અંકે રૂપિયા બે લાખ ચોરીયાસી હજાર પાંચસો નેવું) ની રકમ પેનલ્ટી તરીકે જપ્ત કરવા હુકમ કરવામાં આવેલ છે.<br>– એજન્સીને આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા જણાવેલ છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સળંગ એકમ યોજના હેઠળ શાળાઓને મંજૂરી**

* ૧૩૧૪૬ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સળંગ એકમ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી શાળાઓને ધો.૧૧ ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી, | (૧) વર્ષ–૨૦૧૨ ૦૯ વર્ષ–૨૦૧૩ ૨૨ |
| (૨) તે પૈકી સામાન્ય પ્રવાહની કેટલી, અને | (૨) વર્ષ–૨૦૧૨ ૦૮ વર્ષ–૨૦૧૩ ૨૧ |
| (૩) ઉત્તર બુનિયાદી પ્રવાહની કેટલી ? | (૩) વર્ષ–૨૦૧૨ ૦૦ વર્ષ–૨૦૧૩ ૦૦ |

---------

**સાણંદ તાલુકાના પીંપણ ગામે ધો.૯ માધ્યમિક શાળા શરૂ કરવા મળેલ રજૂઆતો**

* ૧૩૧૯૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના પીંપણ ગામે ધો.૯ માધ્યમિક શાળા શરૂ કરવા કેટલી અરજી કે દરખાસ્ત સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) તે માટે સરકાર સત્વરે મંજૂરી આપવા શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ**

* ૧૩૪૦૭ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં દુધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને | (૧) રૂા. ૩૦૭.૩૭ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળ્યો છે ? | (૨) સરેરાશ ૫૮૬૬૦ બાળકોને લાભ મળ્યો. |

---------

**ખેડા જિલ્લામાં ઝૂંપડા ત્યાં પાકું મકાનની યોજના**

* ૧૩૧૦૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ઝુંપડા ત્યાં પાકું મકાનની યોજના અંતર્ગત છેલ્લા એક વર્ષમાં કેટલા પાકા આવાસો તાલુકાવાર બનાવવામાં આવ્યા, અને | (૧) ઝુંપડું ત્યાં પાકું મકાન યોજના અમલમાં ન હોઈ મકાન બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે અન્વયે કુલ કેટલા મકાનો બનાવવાની યોજના છે ? | (૨) પ્રશ્ન નથી. |

---------

## જૂનાગઢ જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓના એસ.એસ.સી.ની પરીક્ષાના પરીણામો

* ૧૩૪૦૪ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જુનાગઢ જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે ?

**જવાબ**

૨ (બે)

---------

## રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણમાં પડતર કેસો

* ૧૩૧૩૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગ્રાહક તકરાર નિવારણમાં પડતર કેસો કેટલા છે, અને

(૨) તે પડતર રહેવાના કારણો કયા છે ?

**જવાબ**

(૧)

| રાજકોટ (મુખ્ય ફોરમ) | રાજકોટ (એડી.) ફોરમ | કુલ |
|---|---|---|
| ૧૮૧ | ૧૭૦ | ૩૫૧ |

(૨) પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) જ્યુડીશીયરી સમરી ટ્રાયલ કેસીસ ચલાવવાના હોઈ પુરાવો નોંધવાની પ્રક્રિયા ને કારણે કેટલાક કેસોમાં વિલંબ થાય છે.

(૨) પક્ષકારો ના વકીલશ્રીઓ મારફત જુદા–જુદા કારણોસર મુદતો માંગતા હોઈ કેસો એડજર્ન કરવાના થતા હોય છે.

---------

## સોમનાથને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવાની કામગીરી

* ૧૩૪૨૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા સોમનાથનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા સોમનાથનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

- રોડ બ્યુટીફીકેશન વિગેરે
- ભવનાથ વિકાસ
- સોમનાથ ગુફા વિકાસ
- ભાલકાતીર્થ વિકાસ
- સોમનાથ કેવ મ્યુઝીયમ
- વેરાવળ ચોપાટી

| | |
|---|---|
| | – તોરણ વેરાવળ યુનિટના નવીનીકરણની કામગીરી<br>– લેસર શો |
| (૨) ઉક્ત સમયગાળામાં આ અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂપિયા ૯.૪૮ કરોડ. |

---------

**રાજકોટ ખાતેના છાત્રાલયના મકાનનો ખર્ચ**

* ૧૩૩૯૮ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ ખાતે કન્યા કેળવણી હેતુસર છાત્રાલયનું મકાન ક્યારે બનાવવામાં આવ્યું તેની પાછળ કેટલો ખર્ચ થયો, | (૧) ૩૦–૧૦–૨૦૦૯ ના રોજ પૂર્ણ થયેલ છે. તેની પાછળ રૂા. ૭૮.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) કન્યા છાત્રાલયને તેનું બિલ્ડીંગ નિયામક વિ. જા. રાજકોટને સોંપવાની માંગણી સરકારને ક્યારે મળી અને તે પરત્વે શી કાર્યવાહી થઈ, અને | (૨) દરખાસ્ત તારીખ ૧૦–૯–૨૦૧૩ના રોજ મળેલ છે. જે બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) લાંબા સમયથી કન્યા છાત્રાલયનો ઉપયોગ ન થવાના કારણો શાં છે ? | (૩) જરૂરી મહેકમ તેમજ સાધન–સામગ્રીની વ્યવસ્થા થઈ શકેલ ન હોવાથી. |

---------

**જેતપુર–પાવી ખાતે ન્યાયિક સ્ટાફના ક્વાર્ટસનું બાંધકામ**

* ૧૩૩૪૮ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના જેતપુર–પાવી ખાતે ન્યાયિક સ્ટાફના ક્વાર્ટસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૧૩–૧૦–૨૦૧૪ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧,૯૯,૫૬,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયેથી. |

---------

**સુરત શહેરની વાણિજ્યિક વેરાની આવક**

* ૧૨૯૭૭ શ્રી **રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦મી સપ્ટેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ સુરત શહેરમાંથી વાણિજ્યિકવેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂા. ૨૦૩૫.૧૧ કરોડ |
| (૨) સુરત શહેરની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) નેચરલ ગેસ<br>(૨) યાર્ન<br>(૩) ડાઈઝ એન્ડ કેમીકલ |

(૪) આયર્ન એન્ડ સ્ટીલ
(૫) ઓટોમોબાઈલ્સ

---------

**ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાં સૂચવાયેલા વિકાસ કામોની પ્રાથમિક માન્યતા**

* ૧૩૨૨૦ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સૂચવાયેલા વિકાસના કામોની પ્રાથમિક માન્યતા કેટલા સમયમાં જિલ્લા કલેકટરશ્રી કે આયોજન મંડળના અધિકારીશ્રી દ્વારા આપવામાં આવે છે, અને | (૧) કામોની પ્રાથમિક માન્યતા આપવા બાબતે કોઈ સમય–મર્યાદા નિયત કરવામાં આવેલ નથી. |
| (૨) પ્રાથમિક માન્યતા આપવા માટે કયા કારણોસર વિલંબો થતા હોય છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓના એસ.એસ.સી.ની પરીક્ષાના પરીણામો**

* ૧૩૪૦૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લામાં તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી આદર્શ નિવાસી શાળાઓ આવેલી છે ? | ૩ (ત્રણ). |

---------

**સુરત જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સહાય**

* ૧૩૧૨૩ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૩૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૬ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૧૦૭ |

---------

**આણંદ જિલ્લામાં માનવદિન રોજગાર આપવા બાબત**

* ૧૩૩૭૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મનરેગા અંતર્ગત આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા માનવદિન અને કેટલી રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧–૧–૨૦૧૨ થી તા. ૩૦–૯–૨૦૧૩ | | તા. ૧–૧૦–૨૦૧૩ થી તા. ૩૦–૧૦–૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | ઉત્પન્ન થયેલ | ચુકવેલ રોજગારી | ઉત્પન્ન થયેલ | ચુકવેલ રોજગારી |

| | | માનવદિન | (ખર્ચ રૂા. લાખમાં) | માનવદિન | (ખર્ચ રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | આણંદ | ૨૫૮૮૦ | ૨૯.૭૮ | ૬૧૭૪૦ | ૭૨.૮૦ |
| ૨. | ઉમરેઠ | ૩૨૧૪૬ | ૩૫.૪૭ | ૫૨૪૮૪ | ૫૯.૩૪ |
| ૩. | બોરસદ | ૧૨૮૮૨ | ૧૫.૩૯ | ૫૮૫૩૭ | ૮૩.૯૦ |
| ૪. | આંકલાવ | ૮૩૬૨ | ૧૧.૨૩ | ૪૦૯૮૦ | ૪૫.૦૪ |
| ૫. | પેટલાદ | ૨૮૩૭૯ | ૩૭.૬૯ | ૪૧૧૯૮ | ૬૦.૮૦ |
| ૬. | સોજિત્રા | ૫૩૧૭૭ | ૭૦.૦૩ | ૧૧૪૮૮૯ | ૧૬૫.૨૯ |
| ૭. | ખંભાત | ૨૬૭૬૨ | ૨૬.૧૯ | ૪૧૨૧૨ | ૫૭.૪૬ |
| ૮. | તારાપુર | ૪૪૫૯૫ | ૫૬.૦૧ | ૯૯૦૪૪ | ૧૪૭.૪૮ |
| | કુલ : | ૨૩૨૧૮૩ | ૨૮૧.૭૯ | ૫૧૦૦૮૪ | ૬૯૨.૧૧ |

---------

**ચીખલી સાયન્સ કોલેજમાં ખાલી જગ્યાઓ બાબત**

* ૧૩૨૫૩ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લાના ચીખલી ખાતે આવેલ સાયન્સ કોલેજમાં મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ઘટ સત્વરે પૂરી કરવા સરકારે શાં પગલાં ભર્યા અને કેટલા સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી | આ જગ્યા ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૧૮ | ૧૫ | ૩ | એપ્રિલ–૨૦૧૩થી |

(૨) વ્યાખ્યાતા સહાયક ભરી ઘટ પૂરવા પગલાં ભર્યા છે, લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ટૂંક સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

* ૧૩૨૦૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું, અને

(૩) કેટલી રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવી ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૦૯ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી,

(૨) તે પૈકી ૩૫૧ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું અને

(૩) રૂા. ૨૮.૯૫ લાખ રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવ્યા.

---------

## પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

* ૧૩૦૬૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, લાઇટ અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને | (૧) એકપણ નહીં. |
| (૨) કેટલા સમયમાં રાજ્ય સરકાર આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## માળીયા તાલુકાના ગામોના ખેડૂતોને દિવસે વિજળી આપવા બાબત

* ૧૩૦૯૫ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ માળીયા તાલુકાના ગામોના ખેડૂતોને દિવસે વીજળી આપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને<br>(૨) તે કેટલા સમયમાં અમલી બનશે ? | (૧) અને (૨) : વિજળીનો સંગ્રહ શક્ય ન હોઈ, ઉત્પાદિત વિજ પુરવઠાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાના હેતુસર તમામ ક્ષેત્રોની વિજમાંગ અને ઉપલબ્ધ વિજ પુરવઠા વચ્ચે સંકલન જાળવીને ખેતીવાડી ફીડરોનું ગૃપમાં વિભાજન કરી ૨૪ કલાક દરમિયાન રોટેશન મુજબ અઠવાડિક વારાફરતી દિવસ અને રાત્રિના સમયગાળા મુજબ ઓછામાં ઓછો આઠ (૮) કલાક કૃષિ વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. દરેક ગૃપનું સમયપત્રક નિયમિત રીતે બદલાતું રહે છે. આથી દરેક ગૃપને દિવસે અને રાત્રે વારાફરતી વિજ પૂરવઠો મળતો રહે છે. કૃષિક્ષેત્રના ફીડરો પર માત્ર અને માત્ર દિવસ દરમિયાન જ વિજપુરવઠો પુરો પાડવાનું તાંત્રિક રીતે શક્ય નથી. |

---------

## નર્મદા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના

* ૧૩૨૦૬ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, | (૧) ભરૂચ જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૨૫૪ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું, અને | (૨) તે પૈકી ૯૫૯ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું અને |
| (૩) કેટલી રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવી ? | (૩) રૂા. ૮૯.૩૪ લાખ રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવ્યા. |

---------

**જૂનાગઢ જિલ્લામા આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો હેઠળ ફાળવેલ રકમ**

* ૧૩૨૧૦ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ની ગ્રાન્ટમાંથી તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાને રૂા. ૨૧૭૫.૦૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે, અને કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને | (૨) કુલ–૧૦૪૩ કામો મંજૂર થયેલ છે અને ૬૩૧ કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૩) રૂા. ૧૨૫૫.૫૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**આદિજાતિ કોર્પોરેશનને ગ્રાન્ટ ફાળવણી**

* ૧૩૨૩૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમને છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી ? | રૂા. ૧૨૯૦.૯૭ લાખ. |

---------

**ડાંગ જિલ્લામાં વન ખાતા હસ્તકના રસ્તાઓ**

* ૧૩૨૫૮ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વન ખાતા હસ્તકના કેટલા કાચા રસ્તાઓ ડામરથી પાકા કરવાના બાકી છે, અને | (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વન ખાતા હસ્તકના ૧૭ કાચા રસ્તાઓ ડામરથી પાકા કરવાના બાકી છે, જ્યારે ૧ રસ્તાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) આ રસ્તાઓ ડામરથી પાકા કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૨) વન સંરક્ષણ ધારા, ૧૯૮૦ તથા વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ અન્વયે સક્ષમ સત્તાની મંજૂરી મળ્યેથી. |

---------

**જામનગર જિલ્લા ખાતે જયુડિશિયલ ઓફિસર્સના નિવાસનું બાંધકામ**

* ૧૩૩૪૦ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા ખાતે જયુડિશિયલ ઓફિસર્સના નિવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ | (૧) ના, જી. |

મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## વડોદરા શહેરમાંથી વાણિજ્યિક વેરાની આવક

* ૧૨૯૭૬ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૦ મી સપ્ટેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ વડોદરા શહેરમાંથી વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને | (૧) રૂ. ૬૫૧.૯૪ કરોડ |
| (૨) વડોદરા શહેરની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) (૧) ક્રુડ ઓઈલ<br>(૨) ઓટોમોબોઈલ્સ એન્ડ ઓટો પાર્ટસ<br>(૩) કેમીકલ્સ/ડાઈઝ<br>(૪) ઈલેકટ્રીકલ ગુડ્ઝ<br>(૫) તમાકુ |

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શિક્ષકોની ઘટ

* ૧૩૩૮૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | ધો.૧ થી ૫ | ધોરણ ૬ થી ૮ | | |
|---|---|---|---|---|
| | | ભાષા | ગણિત વિજ્ઞાન | સા. વિ. |
| જામનગર | ૨૩ | ૩૮ | ૫૯ | ૫૦ |
| દેવભૂમિ દ્વારકા | ૨૩૫ | ૧૮૪ | ૧૪૪ | ૧૩૩ |

(૨) વિદ્યાર્થીઓના ભણતરને અસર ન પડે તે માટે પૂર્ણ સમયથી શિક્ષકોની ભરતી કયાં સુધીમાં કરવામાં આવશે ? — (૨) જેમ બને તેમ જલ્દી.

---------

## વ્યારા તાલુકામાં ગ્રાહકોને બારકોર્ડ રેશનકાર્ડ આપવાનું આયોજન

* ૧૨૯૪૮ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કેટલા ગ્રાહકોને બારકોડેડ રેશનકાર્ડ | (૧) તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં ૨૨૫ બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી |

| | |
|---|---|
| આપવાના બાકી છે, અને | છે. |
| (૨) આ બારકોડેડ રેશનકાર્ડ કેટલા સમયમાં પૂરા પાડવાનું આયોજન છે ? | (૨) રેશનકાર્ડ ધારક દ્વારા બાયોમેટ્રીકસ આપ્યેથી બનતી ત્વરાએ. |

---------

**નવસારી જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ મંજૂર કરેલ વ્યકિતગત શૌચાલય**

* ૧૩૨૦૩ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ કેટલા વ્યકિતગત શૌચાલય મંજુર કરવામાં આવ્યા, | (૧) નવસારી જિલ્લામાં તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ ૫૦,૬૮૮ વ્યકિતગત શૌચાલય મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી ૧૪,૧૦૧ પૂર્ણ કરવામાં આવ્યા. |
| (૩) કેટલી નાણાંકીય સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૬૪૮.૬૫ લાખ નાણાંકીય સહાય ચૂકવવામાં આવી. |

---------

**સાવલી તાલુકામાં બી. પી. એલ. રેશનકાર્ડની પડતર અરજીઓ**

* ૧૩૧૩૧ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં બી. પી. એલ. રેશનકાર્ડ માટે તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં બી. પી. એલ. રેશનકાર્ડ માટે તા. ૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૨૦ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીનો નિકાલ થયો, | (૨) તે પૈકી ૩૨૦ એટલે કે તમામ અરજીઓનો નિકાલ થયો. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) શૂન્ય. |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે. ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ખંભાલિયા અને ભાણવડમાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યા**

* ૧૩૩૦૦ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ખંભાલિયા અને ભાણવડમાં તાલુકામાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યા કેટલી છે, અને | (૧) ખંભાલિયા તાલુકામાં ૨૩ અને ભાણવડ તાલુકામાં ૨૨ જગ્યાઓ. |
| (૨) સરકાર દ્વારા આ ખાલી જગ્યા કયારે ભરવાનું આયોજન છે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

## રાજ્યમાં એલ. પી. જી. પર વેટ લેવાનું નક્કી કરવા બાબત

* ૧૩૦૫૯ **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજયમાં એલ. પી. જી. (રાંધણ ગેસના બાટલા) ઉપર વેટ લેવાનું સરકારે કયારથી નક્કી કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો કેટલા ટકા વેટ કયારથી લેવાનું નક્કી કરેલ છે, અને | (૨) ૪% +૧% વધારાનો વેરો (તા.૧–૧૦–૨૦૧૪ થી) |
| (૩) તે અન્વયે રાજ્ય સરકારને વાર્ષિક કેટલી રકમ મળવાનો અંદાજ છે ? | (૩) રાજ્ય બહારના (આંતર રાજ્ય) વપરાશકર્તાઓ પાસેથી વાર્ષિક અંદાજીત રૂા.૧૫૦ કરોડની આવક તેમજ સ્થાનિક વેચાણો પર રૂા.૧૦૨.૭૦ કરોડ જેટલી આવક પ્રાપ્ત થશે. જો કે સ્થાનિક વપરાશકર્તાઓ પર આ વેરાનું ભારણ ન આવે તે માટે રાજ્ય સરકારે સબસીડી યોજના નો અમલ કરેલ હોઈ સ્થાનિક વેચાણો પર રાજ્ય સરકારને કોઈ નેટ આવક થશે નહિ. |

---------

## રાજકોટ જિલ્લામાં વિદેશી અભ્યાસ લોન યોજના હેઠળ સહાય

* ૧૩૪૦૬ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૦–૦૯–૨૦૧૪ ની સ્થિતિએ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૫ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૦૧ અરજી |
| (૩) કેટલી રકમની લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂા.૭.૫૦ લાખ. |

---------

## મહેસાણા જિલ્લામાં પૂરવઠાથી વંચિત કાર્ડધારકો

* ૧૩૩૯૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને આપવામાં આવતા પૂરવઠામાં કૂપન નહીં મળવાને કારણે પૂરવઠાથી વંચિત રહેવાના કારણો શાં છે, | (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ સ્ટેટ લેવલ ડેટા સર્વર માં ટેકનીકલ ખામી સર્જાવાના કારણોસર ઓનલાઇન ફૂડકુપન નીકળવામાં મુશ્કેલી પડેલ હતી. પરંતુ રેશનકાર્ડ ધારકોને આપવામાં આવતો પુરવઠો ઓનલાઈન ફૂડકુપનને બદલે મેન્યુઅલ પધ્ધતિથી વિતરણ કરવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આમ કૂપન નહીં મળવાને કારણે કોઇપણ પૂરવઠાથી |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| | વંચિત ન રહે તે મુજબ પગલાં લેવામાં આવેલ હતા. |
| (૨) સર્વરની ખામીને કારણે કાર્ડધારકોને કૂપન નહીં મળવાના સંજોગોમાં સરકાર આ ખામી કાયમી નિવારણ માટે શી વ્યવસ્થા કરવા માંગે છે, અને | (૨) સર્વરની ખામીને કારણે કાર્ડધારકોને કૂપન નહીં મળવાના સંજોગોમાં સરકારશ્રી દ્વારા આ ખામી કાયમી નિવારણ માટે જરૂરીયાત મુજબના નવા વધારાના સર્વરો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે. ટેકનીકલ સ્ટાફમાં વધારો કરવામાં આવેલ છે. |
| (૩) હાથ થી લખેલ કૂપનમાં પૂરવઠો આપવાથી અન અધિકૃત રીતે ઉપાડ થવાની ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, અને જો હા તો કસુરવાર સામે શાં પગલાં ભર્યા ? | (૩) મહેસાણા જિલ્લામાં મેન્યુઅલ (હાથથી લખેલ) કુપન બાબતે ફરિયાદ મળેલ નથી. |

---------

## રાજ્યમાં બોકસાઈટ ખનીજની માઈનીંગ લીઝોનું અસ્તિત્વ

* ૧૨૯૭૦ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં બોકસાઈટ ખનીજ ક્યા ક્યા જિલ્લામાં મળી આવે છે, અને | (૧) બોકસાઈટ ખનીજ દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, કચ્છ, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી અને નવસારી જિલ્લામાં મળી આવે છે. |
| (૨) રાજ્યમાં બોકસાઈટ ખનીજની કેટલી માઈનીંગ લીઝો તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ અસ્તિત્વમાં છે ? | (૨) ૧૪૬ |

---------

## આણંદ જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોની સંખ્યા

* ૧૩૧૩૨ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોની કેટલી સંખ્યા છે, અને | (૧) આણંદ જિલ્લામાં તા.૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોની સંખ્યા ૧૦૬૭૦૬ છે. |
| (૨) ઉકત સ્થિતિએ એક વર્ષમાં તેમને કેટલું અનાજ વિતરણ કરવામાં આવ્યું ? | (૨) ઉકત સ્થિતિએ એક વર્ષમાં બી.પી.એલ. યોજના હેઠળ ૩૩૦૧૨૩.૫૦ કિવ. ઘઉં અને ૯૬૭૧૩.૫૦ કિવ. ચોખા એમ કુલ ૪૨૬૮૩૭.૦૦ કિવ. અનાજનું વિતરણ કરવામાં આવેલ છે. |

---------

## સુરત જિલ્લામાં વિકસતી જાતિના બાળકોને ગણવેશ સહાય

* ૧૩૩૯૯ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૬૭,૯૬૯ |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૬૭,૯૬૯ |
| (૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૫,૦૧,૧૭,૪૦૦/- ની રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**બાયડ ગામે સરકારી કોલેજ બનાવવા બાબત**

* ૧૩૨૮૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ ગામે આર્ટસ, કોમર્સ કે સાયન્સ સરકારી કોલેજ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. સરકારી વિનયન કોલેજ, બાયડ. |
| (૨) જો હા, તો આ કોલેજ બનાવવા શી કામગીરી થયેલ છે, | (૨) કોલેજના બાંધકામ માટે ૫ એકર જમીન સંપાદન કરી રૂ.૮,૨૯,૧૯,૮૭૦/– ની બાંધકામની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગો છો, અને | (૩) બનતી ત્વરાએ. |
| (૪) જો ના, તો તાલુકામાં નવી કોલેજ શરૂ કરવા માંગો છો કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ સ્વસહાય જૂથની રચના**

* ૧૩૧૯૮ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, | (૧) અમરેલી જિલ્લામાં મિશન મંગલમ યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૩૪ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું, અને | (૨) તે પૈકી ૪૩૭ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવ્યું. |
| (૩) કેટલી રકમ રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવી ? | (૩) રૂ.૩૨.૩૫ લાખ રીવોલ્વીંગ ફંડ પેટે આપવામાં આવ્યા. |

---------

**રાજકોટ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ચૂકવેલ સહાય**

* ૧૩૧૨૪ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૦૯૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૦૮૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪૮,૩૨,૨૦૦/- |

---------

## દાહોદ જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલયો બનાવવા બાબત

* ૧૨૯૪૩ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વર્ષવાર કેટલા વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વર્ષવાર નીચે મુજબના વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | બાંધવામાં આવેલ વ્યકિતગત શૌચાલયો | | |
|---|---|---|---|---|
| | | ૧/૧૦/૧૨ થી ૩૦/૯/૧૩ | ૧/૧૦/૧૩ થી ૩૦/૯/૧૪ | કુલ |
| ૧ | દાહોદ | ૫૨૬ | ૬૮૬ | ૧૨૧૨ |
| ૨ | દેવગઢબારીયા | ૩૪૧ | ૨૧૭ | ૫૫૮ |
| ૩ | ધાનપુર | ૩૩૧ | ૧૧૮ | ૪૪૯ |
| ૪ | ફતેપુરા | ૨૮૯ | ૧૯૩ | ૪૮૨ |
| ૫ | ગરબાડા | ૪૯૧ | ૪૪૮ | ૯૩૯ |
| ૬ | ઝાલોદ | ૫૧૬ | ૮૫૦ | ૧૩૬૬ |
| ૭ | લીમખેડા | ૩૧૫ | ૨૩૮ | ૫૫૩ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા સુલભ શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ એકપણ સુલભ શૌચાલય બનાવવામાં આવેલ નથી.

(૩) શૌચાલયો બનાવવા માટે તાલુકાવાર કઈ ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૩) શૌચાલયો બનાવવા માટે ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ આપવામાં આવતી નથી.

---------

## અમદાવાદ અને ગાંધીનગર ખાતે આદિજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત છાત્રાલયો

* ૧૩૩૧૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને ગાંધીનગર શહેર ખાતે આદિજાતિના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ કેટલા છાત્રાલયો કાર્યરત છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા નવા છાત્રાલયો બનાવવામાં આવ્યા,

(૩) આ છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ રાખવાની ક્ષમતા છે,

(૪) આ છાત્રાલયો પૈકી કેટલા ભાડાના મકાનમાં ચાલે છે, અને

**જવાબ**

(૧) અમદાવાદમાં વિદ્યાર્થીઓ માટે ૩ (ત્રણ) અને વિદ્યાર્થીનીઓ માટે ૧ (એક) ગાંધીનગરમાં વિદ્યાર્થીઓ માટે ૪ (ચાર) અને વિદ્યાર્થીનીઓ માટે ૧ (એક).

(૨) શૂન્ય.

(૩) વિદ્યાર્થીઓ – ૬૫૦ વિદ્યાર્થીનીઓ – ૩૪૫.

(૪) ૩ (ત્રણ).

(૫) ભાડાના મકાનોમાં ચાલતા છાત્રાલયો માટે મકાનો ક્યાં સુધીમાં બનાવામાં આવશે ?

(૫) જેમ બને તેમ વહેલા.

---------

## રાજ્યમાં એલ.પી.જી. પર વેટ

* ૧૩૪૫૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એલ.પી.જી. ઉપર કેટલો વેટ લેવામાં આવે છે, | (૧) એલ.પી.જી. (કોમર્શીયલ)- ૧૨.૫૦% + ૨.૫૦% વધારાનો વેરો એલ.પી.જી. (ડોમેસ્ટીક) - માફી. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી આવક થઈ, અને | (૨) એલ.પી.જી. (કોમર્શીયલ)- રૂ.૬૨.૭૧ કરોડ.<br>એલ.પી.જી. (ડોમેસ્ટીક) - માફી. |
| (૩) આ વેટમાં ઘટાડો કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) તા.૩૦-૯-૨૦૧૪ ની સ્થિતિએ એલ.પી.જી. (ડોમેસ્ટીક)-વેરામાફી હોવાથી વેરો ઘટાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>એલ.પી.જી. (કોમર્શીયલ) - વેરો ઘટાડવાની બાબત હાલ વિચારણા હેઠળ નથી. |

---------

## ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી

* ૧૩૪૪૬ **ડાં. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ ન્યુ ગુજરાત પેટર્ન યોજનાની ૧૦% રાજ્ય હસ્તકની ગ્રાન્ટ રાજ્યના ક્યા શેડ્યુલ્ડ એરિયાના જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

(રકમ રૂ. લાખમાં)

| જિલ્લાનું નામ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| વલસાડ | ૨૩૪.૩૬ | ૧૫૬.૩૨ |
| નવસારી | ૩૦૦.૦૦ | ૨૮૮.૦૭ |
| તાપી | ૧૩૦.૦૦ | ૩૬૭.૪૦ |
| પંચમહાલ | ૨૩૧.૩૫ | ૪૫.૯૧ |
| દાહોદ | ૦૦.૦૦ | ૨૮૪.૪૪ |
| ડાંગ | ૦૦.૦૦ | ૧૭૪.૦૦ |
| સાબરકાંઠા | ૭૭.૬૪ | ૬૮.૮૪ |
| બનાસકાંઠા | ૧૦૪.૨૯ | ૧૦૨.૩૬ |
| છોટાઉદેપુર | ૦૦.૦૦ | ૨૨૮.૯૯ |
| નર્મદા | ૧૬૬.૦૦ | ૨૦૬.૩૩ |
| ભરૂચ | ૪૨.૦૦ | ૨૪૭.૯૧ |
| સુરત | ૫૪૬.૧૨ | ૧૨૭૩.૨૮ |
| **કુલ રૂ.** | **૧૮૩૧.૭૬** | **૩૪૪૩.૮૫** |

---------

## મધ્યાહન ભોજન અંતર્ગત સ્ત્રી શક્તિ એન.જી.ઓ. દ્વારા વાસી ભોજન આપવા બાબત

* ૧૩૨૯૬ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના વલસાડ–પારડી–વાપી અને ઉમરગામ તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન અંતર્ગત સ્ત્રી શક્તિ એન.જી.ઓ. દ્વારા દરેક શાળામાં તદન વાસી ભોજન આપવામાં આવે છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) ના, જી. નમુનાની ચકાસણી ફુડ એન્ડ ડ્રગની કચેરી દ્વારા કરાવતાં, ખોરાક બરાબર હોવાનું જણાયેલ છે. |
| (૨) જો હા, તો આ વાસી ભોજન આપવા બદલ આ એન.જી.ઓ. સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## જામનગર અને મોરબી જિલ્લામાં પુરતા વોલ્ટેજથી વિજળી આપવા બાબત

* ૧૩૨૩૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય)** : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને મોરબી જિલ્લામાં ખરીફ–૨૦૧૪માં પાછતરો વરસાદ ન થવાથી પાકને બચાવવા માટે પુરતા વોલ્ટેજથી ૮ કલાકથી વધુ સમય વીજળી પુરી પાડવા માટે સરકાર તરફથી તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ શા આદેશ આપવામાં આવ્યા છે, | (૧) રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ માંગ વચ્ચે સંકલન જાળવીને તમામ કૃષિ વીજગ્રાહકોને દરરોજ ઓછામાં ઓછો ૮ (આઠ) કલાક ગુણવતાસભર સાતત્યપૂર્ણ વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ઉપરાંત ચોમાસામાં વરસાદ મોડો થવા કે અછતની પરિસ્થિતિ જેવા આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે પણ વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. જામનગર અને મોરબી જિલ્લામાં પર્યાપ્ત વરસાદ થયેલ હોઈ ખેડૂતોને વધુ કલાક માટે વીજ પુરવઠો પૂરો પાડવાના કોઈ આદેશ કરવામાં આવેલ નથી. |
| (૨) ખેડૂતોને પુરતા પ્રમાણમાં વીજળી મળી રહે તે માટે કોને જવાબદારી સોંપાઈ છે, અને<br>(૩) આ કામગીરી સરકારના આદેશ મુજબ થાય તે માટે મોનેટરીંગની જવાબદારી કોને સોંપાઈ છે? | (૨) અને (૩) રાજ્યમાં ખેડૂતોને પુરતાં પ્રમાણમાં વીજળી મળી રહે તે હેત્વાર્થે જરૂરી અમલીકરણ અને વિનિયમનની કામગીરી સંબંધિત વિસ્તારની વિજ વિતરણ કંપની હાથ ધરે છે. |

---------

## અમરેલી જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય

* ૧૩૪૦૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સામાજિક અને | (૧) ૦૨ અરજીઓ |

શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોની કેટલી અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૦૧ અરજી |
| (૩) કેટલી રકમની લોન ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭.૫૦ લાખ. |

---------

## ઉમરગામ ખાતે ન્યાયિક કર્મચારીઓના ક્વાર્ટસનું બાંધકામ

* ૧૩૩૪૬ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ન્યાયીક કર્મચારીઓના ક્વાર્ટસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૧૩–૧૦–૨૦૧૪ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૪,૯૦,૮૬,૯૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ કરી જેમ બને તેમ ત્વરાથી. |

---------

## ગોધરા ખાતે ફેમિલી કોર્ટના મકાનનું બાંધકામ

* ૧૩૩૪૧ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ફેમિલી કોર્ટના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ બનાવવા બાબત

* ૧૩૧૮૯ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૯–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે બાળકોને બહાર ભણાવવામાં આવે છે તે માટે નવા ઓરડાઓ બનાવવા માટે કેટલી ફરિયાદો/દરખાસ્તો સરકારને છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) તાલુકાવાર નવા ઓરડા બનાવવા માટે મળેલ દરખાસ્તનું પત્રક આ સાથે સામેલ છે.<br>કોઈ પણ તાલુકા માટે એક પણ ફરિયાદ મળેલ નથી. |
| (૨) સરકારે નવા ઓરડાઓ બનાવવા શી | (૨) વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૯૧ નવા ઓરડા |

કાર્યવાહી કરી?

બનાવવાનું આયોજન કરેલ છે.

**પત્રક**

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ દરખાસ્તની સંખ્યા** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨૬ |
| ૨ | ઈડર | ૨૮ |
| ૩ | ખેડબ્રહ્મા | ૫૮ |
| ૪ | પ્રાંતિજ | ૨૬ |
| ૫ | તલોદ | ૩૮ |
| ૬ | વડાલી | ૧૨ |
| ૭ | વિજયનગર | ૨૧ |
| ૮ | બાયડ | ૩૫ |
| ૯ | ભિલોડા | ૩૯ |
| ૧૦ | ધનસુરા | ૯ |
| ૧૧ | માલપુર | ૮ |
| ૧૨ | મેઘરજ | ૨૨ |
| ૧૩ | મોડાસા | ૧૭ |

---------

## કોલેજોના અધ્યાપકોના એરીયર્સની રકમ ચૂકવવા અંગે

* ૧૩૦૫૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોના અધ્યાપકોના તા. ૦૧–૦૧–૨૦૦૬ થી ચૂકવવાના બાકી ૬૦ ટકા એરીયર્સની રકમ ક્યારે ચૂકવવામાં આવશે, | (૧) શક્ય તેટલી વહેલી. |
| (૨) કેન્દ્ર સરકારશ્રીએ આ અંગેનો કોઈ આદર્શ કરેલ છે કે કેમ, અને | (૨) પ્રથમ રાજ્ય સરકાર ચૂકવે ત્યારબાદ ભારત સરકાર ‘‘રીએમ્બર્સ કરશે’’ તેવું તા. ૧૪–૦૮–૨૦૧૨ના પત્રથી જણાવેલ છે. |
| (૩) અત્યાર સુધી આ તફાવતની રકમ ન ચૂકવવાનું કારણ શું છે ? | (૩) રાજ્ય સરકારના કર્મચારીઓ માટે સ્વીકારેલ યોજના મુજબ અધ્યાપકોને પણ પાંચ હપ્તામાં રકમ ચૂકવવાની હોવાથી. |

---------

## સુરત જિલ્લા ખાતે ફેમીલી કોર્ટના મકાનનું બાંધકામ

* ૧૩૩૪૭ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લા ખાતે ફેમીલી કોર્ટના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. | (૧) હા, જી. |

૧૩–૧૦–૨૦૧૪ સુધીમાં મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂા. ૯,૪૬,૭૪,૦૦૦/-

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી જેમ બને તેમ ઝડપથી શરૂ કરવામાં આવશે.

---------

**વાપી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૩૪૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૧૩–૧૦–૧૪ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.
તા. ૭–૦૬–૨૦૧૪ના રોજ સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂા. ૧૧,૨૮,૫૧,૦૦૦/–

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કબજેદારોને જંગલની જમીન આપવા બાબત**

* ૧૩૩૭૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર કાયદા અન્વયે જંગલની જમીન કબજેદારોને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી જમીન આપવામાં આવી અને કેટલા ખેડૂતોની અરજીનો નિકાલ થયો,

(૧)

| | તા. ૧–૧૦–૨૦૧૨ થી તા. ૩૦–૯–૨૦૧૩ | | તા. ૧–૧૦–૨૦૧૩ થી તા. ૩૦–૯–૨૦૧૪ | |
|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (હે) | અરજીઓના નિકાલની સંખ્યા | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (હે) | અરજીઓના નિકાલની સંખ્યા |
| છોટાઉદેપુર | ૧૧૫૮.૬૪ | ૨૦૮૨ | ૪૯.૧૬ | ૧૩૫ |
| ક્વાંટ | ૪૮૦.૩૩ | ૮૫૧ | ૧૬૪.૮૨ | ૨૩૨ |
| જેતપુરપાવી | ૧૯૬.૫૩ | ૩૧૨ | ૦ | ૦ |
| બોડેલી | ૨૭.૪૯ | ૩૯ | ૦ | ૦ |
| નસવાડી | ૨૭૯.૬૬ | ૬૦૫ | ૬૪.૭૯ | ૧૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલી અરજીઓની પુનઃચકાસણી કરી અને કેટલી પડતર છે, અને

(૨)

| તાલુકાનું નામ | તા. ૧–૧૦–૨૦૧૨ થી તા. ૩૦–૯–૨૦૧૩ | | તા. ૧–૧૦–૨૦૧૩ થી તા. ૩૦–૯–૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | પુનઃચકાસણી કરેલ અરજીઓની સંખ્યા | પડતર અરજીઓની સંખ્યા | પુનઃચકાસણી કરેલ અરજીઓની સંખ્યા | પડતર અરજીઓની સંખ્યા |
| છોટાઉદેપુર | ૨૩૫૦ | ૨૩૬૭ | ૨૨૧૦ | ૧૫૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ક્વાંટ | ૧૧૨૦ | ૧૪૯૪ | ૧૨૫૬ | ૨૩૮ |
| જેતપુરપાવી | ૮૭૭ | ૩૬૪ | ૩૬૪ | – |
| બોડેલી | – | ૨૨૧ | – | ૨૨૧ |
| નસવાડી | ૧૩૨૦ | ૧૪૩૯ | ૧૨૯૪ | ૧૪૫ |

(૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે ?

(૩) શક્ય તેટલા જલદી.

---------

**ડીસા તાલુકામાં પાણીના બોરોને વિજ કનેકશનો આપવા બાબત**

* ૧૨૯૩૩ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૧૪ની સ્થિતિએ ૧૦૦ ટકા યોજના અંતર્ગત ડીસા તાલુકામાં બોર બનાવેલ હોય તેવા કેટલા બોરોને વિજ કનેકશનો આપવાના બાકી છે, અને

(૨) આવા પાણીના બોરને સત્વરે વિજ જોડાણ મળે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ૧૦૦ ટકા યોજના એટલે કે તત્કાલ યોજના–૨૦૧૩ અંતર્ગત ડીસા તાલુકામાં બોર બનાવેલ હોય તેવા ૩૯૪ અરજદારોમાંથી અંદાજપત્રની રકમ ભરપાઈ કરેલ ૩૫૨ અરજદારો પૈકી ૨૩૪ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે, ૧૮ અરજદારોને વીજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે, અને ૧૦૦ અરજદારો તરફથી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીનું ટ્રાયલ રન સર્ટીફીકેટ અને ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી તુર્ત જ વીજ જોડાણ આપવામાં આવશે.

---------

**ઉમરાળા ખાતે નવી કોર્ટના મકાનનું બાંધકામ**

* ૧૩૩૪૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ઉમરાળા ખાતે નવી કોર્ટના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૧૩–૧૦–૧૪ સુધીમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨,૪૭,૬૮,૧૦૦/–

(૩) તાંત્રિક મંજૂરી મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બાંધકામ શરૂ કરવામાં આવશે.

---------

**સુરત જિલ્લામાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો હેઠળ ફાળવેલ રકમ**

* ૧૩૨૧૧ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ સુરત જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

**જવાબ**

(૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT) યોજના હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ સુરત જિલ્લાને રૂ.૧૫૭૫.૦૦ લાખની રકમની ફાળવણી

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે, અને કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) તે પાછળ ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

કરવામાં આવેલ છે.

(૨) ૮૬૨ કામો મંજૂર થયેલ છે અને ૮૬૦ કામો પૂર્ણ થયેલ છે.

(૩) રૂ.૧૫૫૩.૫૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં ગૌચર સરકારી પડતર અને ખરાબાની જમીનમાંથી ગેરકાયદેસર માટી/ખનીજની ચોરીઓની ફરિયાદો**

* ૧૩૧૯૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ગૌચર, સરકારી પડતર અને ખરાબાની જમીનમાંથી ગેરકાયદેસર માટી/ખનીજની ચોરીઓ થાય છે, તેવી કોના તરફથી સરકારને લેખિતમાં ફરિયાદો મળી છે, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે શાં પગલા લીધા અને કેટલા ખનીજ ચોરો સામે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગેરકાયદેસર માટી/ખનીજની ચોરીઓ અંગે નીચે જણાવેલ વ્યકિત/અરજદારો તરફથી સરકારને લેખિતમાં ફરિયાદો મળેલ છે.

| ક્રમ | વ્યકિત/અરજદારોના નામ |
|---|---|
| (૧) | ગ્રામજનો, ટીંબા. |
| (૨) | ગ્રામજનો, વિરોચનનગર. |
| (૩) | કાંતાબેન રેવાભાઈ ચાવડા |
| (૪) | ભામસરા ગ્રામ પંચાયત. |
| (૫) | ભરવાડ જોરૂભાઈ બીજલભાઈ, વિરમગામ |
| (૬) | માન.ધારાસભ્યશ્રી કરમશીભાઈ પટેલ |
| (૭) | મામલતદારશ્રી, દસ્ક્રોઈ. |
| (૮) | કાનજીભાઈ તળશીભાઈ પારકર. |

(૨) ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો, ૨૦૦૫ની જોગવાઈઓ હેઠળ કસુરદારો સામે કાર્યવાહી કરવામાં આવેલ છે.

૩ ખનિજ ચોરો સામે ખનિજ કિંમત રૂ.૩૦.૬૧ લાખ વસુલવાનો હુકમ કરવામાં આવેલ છે અને ૧ ખનિજચોર પાસેથી રૂ.૪૦,૦૦૦ નો દંડ વસુલવામાં આવેલ છે.

---------

**સગીર વયના નિરાધાર બાળકોને સહાય આપવાની યોજના**

* ૧૩૨૨૨ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જેઓના માતા પિતા બંને મૃત્યુ પામ્યા હોય તેવા નિરાધાર સગીરવયના બાળકોના કલ્યાણ માટે

**જવાબ**

(૧) હા, જી.

સહાય આપવાની કોઈ યોજના રાજ્યમાં તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ અમલમાં છે, ખરી

(૨) જો હા, તો તે યોજનાની વિગતો શી છે, અને

(૨) આ યોજના હેઠળ અનાથ બાળકોની સંભાળ રાખતા નજીકના સગા, વાલી કે સંબંધીને માસિક રૂ.૧,૦૦૦/- સહાય પેટે ચૂકવવામાં આવે છે. ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોના કિસ્સામાં આ લાભ આપી શકાય છે.

(૩) ઉકત નિરાધાર બાળકોને શિક્ષણ, આરોગ્ય સેવા આપવાની કોઈ સહાયકારી યોજના ઉકત સ્થિતિએ અમલમાં હોય તો તેની વિગતો શી છે ?

(૩) ઉકત રકમ બાળકના શિક્ષણ, આરોગ્ય અને નિભાવ માટે આપવામાં આવે છે.

---------

**વ્યારા અને સોનગઢ તાલુકામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

* ૧૩૪૧૦ **શ્રી મોહનભાઇ ઘ. ઢોડીયા(મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| વ્યારા | ૨૧૬ |
| સોનગઢ | ૩૮૭ |
| **કુલ** | **૬૦૩** |

(૨) રૂ.૧૧૦.૧૬ લાખ.

---------

**વાંસદા તાલુકામાં અપર પ્રાયમરી વિભાગમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

* ૧૩૨૫૪ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૯-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં અંગ્રેજી તથા ગણિત વિષયની શિક્ષકોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શાં પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧)

| **વિષય** | **ખાલી જગ્યાઓ** |
|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૩૪ |
| ભાષા | ૨૩ |
| **કુલ** | **૫૭** |

ઉકત જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે.

(૨) નીચે મુજબ વર્ષવાર વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૩ માં ગણિત-વિજ્ઞાનમાં ૫

૨૦૧૪ માં ગણિત-વિજ્ઞાનમાં ૩૮

ખાલી રહેલ જગ્યાઓ શકય તેટલી ઝડપથી ભરવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

## ભરૂચ જિલ્લા ખાતે ફેમીલી કોર્ટની શરૂઆત બાબત

* ૧૩૩૩૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લા ખાતે ૨૦૧૪–૧૫ ના નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ફેમીલી કોર્ટ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો ક્યારથી શરૂ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧–૯–૨૦૧૪ થી.

–––––––––

## રાજ્યમાં ખાનગી એકમો પાસેથી વીજળી ખરીદી

* ૧૩૦૬૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૬–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વીજળી ક્યા ક્યા ખાનગી એકમો પાસેથી કેટલા ભાવે ખરીદવામાં આવી, અને

**જવાબ**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ ખાનગી એકમો પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદીના ભાવની વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૨–૨૦૧૩ | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ (પ્રોવિ.જુન સુધી) |
|---|---|---|---|
| એસ્સાર પાવર લી. | ૩.૫૫ | – | – |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રા.લી. * | ૪.૨૪ | ૫.૨૪ | ૩.૦૦ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૨.૬૫ | ૩.૧૯ | ૨.૮૧ |
| અદાણી પાવર લી. | ૨.૮૫ | ૨.૭૫ | ૨.૪૯ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૨.૧૦ | ૨.૦૬ | ૧.૯૨ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૨.૪૪ | ૨.૭૧ | ૨.૩૬ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨.૬૫ | ૨.૫૨ | ૨.૨૨ |

* ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની લી. ગેસ આધારીત વીજ મથક છે. જેમની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પૂરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફ્યુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ્ડ કોસ્ટ પણ ચૂકવવી પડે છે.

(૨) ઉકત સ્થિતિએ રાજ્ય સરકાર આ

(૨) ખાનગી એકમો પાસેથી ખરીદવામાં આવતી

ખરીદવામાં આવેલ વીજળી ક્યા ભાવે વેચાણ કરે છે ?

વીજળી ગ્રીડમાં આવે છે. આ વીજળી પુલમાં એકત્રિત થયા પછી ગુજરાત રાજ્યના ગ્રાહકોને, વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ દરે વીજળી આપવામાં આવે છે. વીજ નિયમન આયોગ દ્વારા તા.૨૯–૪–૨૦૧૪ ના આદેશ દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ માટે નક્કી કરેલ વીજ દરો *પરિશિષ્ટ–અ મુજબ છે.

વધુમાં વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિત્તા માટે અને કુલ પાવર ખરીદ કિંમત ઘટાડવા સારૂં અને સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલા 'રાષ્ટ્રીય સંપત્તિ' કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પૂરી કર્યા બાદ સરપ્લસ વીજળી અન્ય કંપનીઓ/રાજ્યોને વેચવામાં આવે છે. આ સરપ્લસ વીજળીનું વેચાણ, વર્ષ ૨૦૧૨–૧૩ માં સરેરાશ રૂ.૩.૮૮ યુનીટ, વર્ષ ૨૦૧૩–૧૪ માં સરેરાશ રૂ.૩.૨૫ યુનીટ, અને વર્ષ ૨૦૧૪–૧૫ (જુન સુધી) માં સરેરાશ રૂ.૩.૩૪ યુનીટના ભાવે કરવામાં આવેલ છે.

**(*પરિશિષ્ટ-અ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

---------

## નર્મદા જિલ્લાને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી

* ૧૩૨૦૯ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે, અને

(૩) તે પાછળ ઉકત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૨–૧૩ ની ગ્રાન્ટમાંથી તા.૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાને કુલ રૂ.૨૨૭૫.૦૦ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) કુલ ૮૯૦ કામો મંજૂર થયેલ છે અને કુલ ૮૫૩ કામો પૂર્ણ થયેલ છે.

(૩) વર્ષ ૨૦૧૨–૧૩ માં કુલ ખર્ચ રૂ.૧૭૦૬.૭૨ લાખ થયેલ છે.

---------

## નસવાડી તાલુકામાં મોઘલા પંચાયત, ખરેડા જુથ ગ્રામ, જસગી ગ્રામ અને ભાખા ગ્રામ પંચાયતોમાંથી કપચી કાઢવા બાબત

* ૧૩૨૩૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ ની સ્થિતિએ નસવાડી તાલુકામાં મોઘલા પંચાયત–ખરેડા જુથ ગ્રામ પંચાયત–જસગી ગ્રામ પંચાયત અને ભાખા ગ્રામ પંચાયતોમાંથી ક્વોરીઓ ઉપરથી કપચી કાઢવામાં આવે છે તે આ પંચાયતોને કેટલા સમયથી રોયલ્ટીની રકમની સહાય આપવામાં આવતી નથી તે હકીકત

**જવાબ**

(૧) અને (૨)

ના, કપચીની રોયલ્ટીની રકમની સહાય આપવા બાબતે કોઈ જોગવાઈ નથી.

સાચી છે, અને

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે ?

---------

**જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પોલીટિકનીક કોલેજોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ**

* ૧૩૩૮૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૯–૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પોલીટિકનીક કોલેજોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) જામનગર જિલ્લોઃ

સરકારી પોલીટિકનીક જામનગર.

| ક્રમ | સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧૦ |
| ૨ | વર્ગ–૨ | ૯૫ |
| ૩ | વર્ગ–૩ | ૩૩ |
| ૪ | વર્ગ–૪ | ૧૦ |

દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ

જિલ્લામાં પોલીટિકનીક કોલેજ નથી.

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) જામનગર જિલ્લોઃ

સરકારી પોલીટિકનીક, જામનગર

| ક્રમ | સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૧ | ૦૯ |
| ૨ | વર્ગ–૨ | ૬૦ | ૩૫ |
| ૩ | વર્ગ–૩ | ૨૮ | ૦૫ |
| ૪ | વર્ગ–૪ | ૦૭ | ૦૩ |

દેવભૂમિ દ્વારકા જિલ્લોઃ

જિલ્લામાં પોલીટિકનીક કોલેજ નથી.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વર્ગ–૧ થી ૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી–બઢતીથી ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ આવશ્યકતા અનુસાર આઉટ સોર્સીંગ એજન્સી મારફત કરારના ધોરણે ભરવામાં આવશે.

---------

**ચીખલી ખાતે કોર્ટના વધારાના બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૩૪૩ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ચીખલી ખાતે કોર્ટના વધારાના બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૦–૦૯–૧૪ ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૧,૮૮,૭૨,૫૦૦/–

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) તાંત્રિક મંજૂરી મેળવી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બાંધકામ શરૂ કરવામાં આવશે.

---------

**ખાનગી વીજ ઉત્પાદક પાસેથી વીજળી ખરીદવા બાબત**

* ૧૩૦૬૧ **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકાર હસ્તકના અને ખાનગી વીજ ઉત્પાદક મથકોમાંથી કેટલી વીજળી ઉત્પન્ન થઈ,

**જવાબ**

(૧) તા. ૧૦–૧૦–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર હસ્તકના અને ખાનગી વીજ ઉત્પાદક મથકોમાંથી થયેલ વીજળીનું ઉત્પાદન વર્ષવાર નીચે મુજબ છે.

| વર્ષ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (સપ્ટેમ્બર–૧૪ સુધી) |
|---|---|---|---|
| | વીજળીનું ઉત્પાદન (મીલીયન યુનીટસ) | | |
| સરકાર હસ્તકના વીજ મથકો | | | |
| ઉકાઈ થર્મલ વીજમથક | ૫૩૭૮.૪૪ | ૫૦૨૩.૦૧ | ૩૩૩૨.૭૧ |
| ગાંધીનગર થર્મલ વીજમથક | ૩૯૬૧.૭૧ | ૧૯૨૪.૧૯ | ૧૫૩૧.૩૯ |
| વણાકબોરી થર્મલ વીજમથક | ૯૦૩૦.૨૭ | ૫૦૧૯.૭૮ | ૩૮૦૦.૭૭ |
| સિક્કા થર્મલ વીજમથક | ૭૮૧.૫૩ | ૬૦૦.૪૪ | ૪૩૮.૨૮ |
| કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજમથક | ૧૭૬૨.૭૭ | ૧૮૦૯.૬૪ | ૮૧૪.૬૧ |
| ધુવારણ ગેસ આધારીત વીજમથક | ૮૪૯.૭૫ | ૨૧૧.૧૮ | ૮૩.૦૯ |
| ઉતરાણ ગેસ આધારીત વીજમથક | ૯૫૪.૭૭ | ૮.૩૦ | ૫૪.૮૯ |
| ઉકાઈ જળ આધારીત વીજમથક | ૬૫૫.૩૮ | ૮૩૯.૧૧ | ૪૩૪.૧૫ |
| કડાણા જળ આધારીત વીજમથક | ૨૫૬.૨૦ | ૪૧૪.૫૭ | ૧૩૮.૦૧ |
| સરકાર હસ્તકના આઈ.પી.પી. | | | |
| જીઆઈપીસીએલ પાવર પ્લાન્ટ | ૧૧૨૨.૪૩ | ૧૦૩૯.૭૧ | ૩૯૬.૦૩ |
| જીસેગ પાવર | ૭૦૫.૭૨ | ૨૭૮.૮૦ | ૧૧૪.૯૦ |

| | | | |
|---|---|---|---|
| પ્લાન્ટ | | | |
| સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૩૬૦૭.૪૬ | ૩૦૧૭.૪૬ | ૧૬૬૬.૩૬ |
| અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૯૨૧.૫૯ | ૯૮૫.૩૯ | ૬૩૯.૨૭ |
| ખાનગી વીજ મથકો | | | |
| એ. ઈ. કંપની ટૉરેન્ટ પાવર | ૨૯૭૧.૨૪ | ૨૭૧૭.૩૪ | ૧૬૩૯.૨૪ |
| ચાઈના લાઈટ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લિમીટેડ | ૧૪૦૫.૯૩ | ૨૫૪.૩૧ | ૧૬૯.૩૯ |
| એસ્સાર પાવર લિમીટેડ, હજીરા | ૧૦૭૩.૨૦ | ૪૭.૩૧ | ૦.૦૦ |
| એસ્સાર પાવર ગુજરાત લિમીટેડ, વાડીનાર | ૪૧૦૧.૯૩ | ૫૩૮૬.૫૩ | ૩૧૫૩.૫૦ |
| સુજેન પાવર પ્લાન્ટ | ૪૧૧૯.૮૬ | ૨૩૧૮.૨૬ | ૧૩૧૬.૨૪ |
| ઉનો સુજેન | ૧૮૬.૯૫ | ૩.૧૪ | ૦.૦૦ |
| અદાણી પાવર લિમીટેડ | ૨૨૩૬૩.૯૭ | ૨૯૭૭૩.૧૫ | ૧૪૮૨૨.૮૯ |

(૨) તે પૈકી કેટલી કયા કયા ખાનગી ઉત્પાદકો પાસે કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવી, અને

(૨) છેલ્લા બે નાણાકીય વર્ષમાં અલગ અલગ ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | ૨૦૧૪-૧૫ (પ્રોવિ.સપ્ટે. ૧૪ સુધી) | |
|---|---|---|---|---|---|---|---|
| | | મી.યુ. | રૂા/ યુનીટ | મી.યુ. | રૂા/ યુનીટ | મી.યુ. | રૂા/ યુનીટ |
| ૧ | એસ્સાર પાવર લી. | ૪૪૦ | ૩.૫૫ | – | – | – | – |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી.* | ૧૩૬૭ | ૪.૨૪ | ૨૪૮ | ૫.૨૪ | ૧૫૭ | ૪.૧૬ |
| ૩ | એસ્સાર પાવર ગુજરાત લી. | ૩૭૭૫ | ૨.૬૫ | ૪૯૩૧ | ૩.૧૯ | ૨૭૭૪ | ૨.૮૮ |
| ૪ | અદાણી પાવર લી. | ૧૦૬૪૬ | ૨.૮૫ | ૧૨૬૩૫ | ૨.૭૫ | ૬૪૪૩ | ૨.૬૨ |
| ૫ | એ.સી.બી.(ઈન્ડીયા) લી. | ૧૦૮૪ | ૨.૧૦ | ૧૩૯૬ | ૨.૦૬ | ૭૧૨ | ૨.૦૩ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૫૨૪૯ | ૨.૪૪ | ૯૪૧૦ | ૨.૭૧ | ૫૪૧૭ | ૨.૩૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૭૪ | ૨.૬૫ | ૨૦ | ૨.૫૨ | ૭ | ૨.૧૮ |

*ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની લી. ગેસ આદારિત વીજ મથક છે. જેમની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફ્યુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ્ડ કોસ્ટ પણ ચુકવવી પડે છે.

(૩) જો અન્ય રાજ્યમાં વીજળી વેચી હોય તો માસવાર કયા કયા રાજ્યમાં કેટલી વીજળી શા શા ભાવે વેચવામાં આવી ?

(૩) છેલ્લા બે નાણાકીય વર્ષમાં અન્ય રાજ્યોમાં વેચવામાં આવેલી વીજળીની માસવાર વિગત *પરિશિષ્ટ–૧ મુજબ છે.

(*પરિશિષ્ટ–૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની ઘટ

* ૧૩૩૯૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૦–૯–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે,

(૧)

| | |
|---|---|
| મહેસાણા– | ૦૦ |
| વિસનગર– | ૦૦ |
| વિજાપુર– | ૦૦ |
| ઉંઝા– | ૦૦ |
| ખેરાલુ– | ૩૦ |
| વડનગર– | ૦૦ |
| સતલાસણ– | ૮૦ |
| કડી– | ૫૬ |
| બેચરાજી– | ૨૮ |
| **કુલ–** | **૧૯૪** |

(૨) કડી તાલુકામાં વાઘરોડા પ્રાથમિક શાળામાં કુલ કેટલા શિક્ષકો છે, કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ૦૭ શિક્ષકો છે.
૦૧ જગ્યા ખાલી છે.

(૩) ધો. ૬ થી ૮ ના વર્ગોમાં કેટલા શિક્ષકો છે ?

(૩) ૦૨

---------

## આણંદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય

* ૧૩૪૦૦ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ વિકસતી જાતિની કેટલી કન્યાઓની

(૧) ૮૮૪૪

સાયકલો મેળવવા માટે અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૮૮૪૪ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૩) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૩) કોઈ પણ રકમની નહીં. પરંતુ કન્યાઓને સાયકલો આપવામાં આવેલ છે.

---------

**ઈકો પ્રવાસન તરીકે સાસણગીરના વિકાસ માટેની કાર્યવાહી**

* ૧૩૪૨૨ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં ઈકો પ્રવાસન તરીકે સાસણગીરના વિકાસ માટે શી કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૧) તા.૩૦/૦૯/૨૦૧૪ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં ઈકો પ્રવાસન તરીકે સાસણગીરના વિકાસ માટે નીચેના સ્થળોના વિકાસ માટેની કામગીરી હાલ ચાલુ છે.

- ઈન્ટરપ્રીટેશન ઝોન, દેવળીયા
- સિંહ સદનનો વિકાસ
- આયુર્વેદિક પાર્ક, સાસણગીર
- નેચર એજ્યુકેશન કેમ્પ

(૨) આ સ્થળે કઈ સવલતો પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે?

(૨) આ સ્થળે પ્રવાસીઓ માટે નીચે મુજબની સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે.

**ઈન્ટરપ્રીટિશન ઝોન, દેવળીયા**

- સફારી પાર્કમાં ઓલ વેધર રોડ
- લેન્ડસ્કેપીંગ વર્ક અને વોક વે
- ઈન્ટરપ્રીટેશન બિલ્ડીંગનું અપગ્રેડેશન
- વી.આઈ.પી. લોંજ
- કાર અને બસ પાર્કીંગ
- પબ્લીક ટોઈલેટ અને ડ્રીંકીંગ વોટર ફેસીલીટી

**સિંહ સદનનો વિકાસ**

- લેન્ડસ્કેપીંગ વર્ક અને વોક વે
- ઓરીએન્ટેશન બિલ્ડીંગનું અપગ્રેડેશન
- બુકીંગ કાઉન્ટરનું અપગ્રેડેશન
- વેઈટીંગ લોંજ
- પબ્લીક ટોઈલેટ અને ડ્રીંકીંગ વોટર ફેસીલીટી

**આયુર્વેદિક પાર્ક, સાસણગીર**

- ઓરીએન્ટેશન કમ ડીસ્પ્લે બિલ્ડીંગ
- પબ્લીક ટોઈલેટ અને ડ્રીંકીંગ વોટર ફેસીલીટી
- નર્સરીનો વિકાસ
- આયુર્વેદિક ગાર્ડનનો વિકાસ
- લેન્ડસ્કેપીંગ વર્ક અને વોક વે

**નેચર એજ્યુકેશન કેમ્પ**

- લેન્ડસ્કેપીંગ વર્ક અને વોક વે

- એમ્ફીથીએટર
- પબ્લીક ટોઈલેટ અને ડ્રીંકીંગ વોટર ફેસીલીટી
- બર્ડ વોચીંગ અને ટ્રેકીંગની સુવિધા

---------

**રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણમાં કેસો**

* ૧૩૧૩૫ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | | | |
|---|---|---|---|---|
| | | **રાજકોટ (મુખ્ય ફોરમ)** | **રાજકોટ (એડી.) ફોરમ** | **કુલ કેસો** |
| (૧) રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૦/૬/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો આવ્યા, | (૧) | ૪૧૫ | ૨૭૩ | ૬૮૮ |
| (૨) ઉક્ત સમયગાળામાં કેટલા કેસોનો ચૂકાદો આવ્યો છે, અને | (૨) | ૩૩૯ | ૧૯૦ | ૫૨૯ |
| (૩) કેટલા કેસો પડતર છે? | (૩) | ૧૮૧ | ૧૭૦ | ૩૫૧ |

---------

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**

અધ્યક્ષશ્રી : પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું

\\Sis-10\Sis-10-WORK-2014\Un Star\HB-433\Hb-433 -17-10-14.doc **કિત પ્રશ્નો**

# પહેલી અતારાંકિત યાદી

**સંખેડા, નસવાડી, બોડેલી અને છોટાઉદેપુર તાલુકાઓમાં ગ્રાન્ટ ફાળવવા બાબત**

અતારાંકિતઃ ૩૨૯૦ (૨૪–૭–૧૪) **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) :** માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, નસવાડી, બોડેલી અને છોટાઉદેપુર તાલુકાઓમાં આયોજન (પ્રભાગ) હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ ગ્રાન્ટોમાંથી કઈ કઈ ગ્રામ પંચાયતોને લાભ આપવામાં આવ્યો, અને કઈ કઈ ગ્રામ પંચાયતો લાભથી વંચિત છે, અને

(૩) ગ્રાન્ટનો લાભ ન આપવાના કારણો શાં ?

**આયોજન મંત્રીશ્રી :** (૧૫–૯–૧૪)

(૧) તા.૩૦–૬–૨૦૧૪ની સ્થિતિએ આયોજન (પ્રભાગ) હેઠળ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, નસવાડી, બોડેલી અને છોટાઉદેપુર તાલુકાઓમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અંગેની વિગતો *પત્રક–૧ માં સામેલ છે.

(૨) આ ગ્રાન્ટોમાંથી લાભ આપવામાં આવેલ ગ્રામ પંચાયતો અને લાભથી વંચિત ગ્રામ પંચાયતો અંગે વર્ષ ૨૦૧૨–૧૩ ની વિગતો *પત્રક–૨ થી *પત્રક–૧૪ માં અને વર્ષ ૨૦૧૩–૧૪ ની વિગતો *પત્રક–૧૫ થી ૨૭ માં સામેલ રાખેલ છે.

(૩) માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાં ગ્રામ પંચાયતના કામો માન.ધારાસભ્યશ્રી પસંદ કરી ગ્રાન્ટ ફાળવે છે.

તાલુકા આયોજન સમિતિમાં સમિતિના સભ્યોની હાજરીમાં ગ્રાન્ટની મર્યાદામાં જ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**રાજકોટ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર અને વિષયવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૦૪૨ (૧૮-૬-૧૪) **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર મંજૂર થયેલ સંવર્ગવાર વિષયવાર કુલ મહેકમ કેટલું, અને

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, તથા આવી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૧-૭-૧૪)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૫૦ |
| ૨ | જેતપુર | ૬૦ |
| ૩ | ગોંડલ | ૧૨૨ |
| ૪ | જામકંડોરણા | ૫૭ |
| ૫ | ઉપલેટા | ૭૦ |
| ૬ | ટંકારા | ૬૫ |
| ૭ | માળીયા | ૭૮ |
| ૮ | વાંકાનેર | ૧૬૦ |
| ૯ | મોરબી | ૧૫૭ |
| ૧૦ | પડધરી | ૮૨ |
| ૧૧ | લોધીકા | ૪૩ |
| ૧૨ | જસદણ | ૧૯૫ |
| ૧૩ | કોટડા | ૫૪ |
| ૧૪ | રાજકોટ | ૧૨૯ |
| | **કુલઃ** | **૧૩૨૨** |

(૨)

| તાલુકો | ધોરણ ૧ થી ૫ | | ધોરણ ૬ થી ૮ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | મંજૂર મહેકમ | ખાલી | ભાષા | | ગણિત-વિજ્ઞાન | | સામાજીક વિજ્ઞાન | |
| | | | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી | મંજૂર | ખાલી |
| ધોરાજી | ૨૧૫ | ૦ | ૫૭ | ૦ | ૪૮ | ૦ | ૪૭ | ૬ |
| જેતપુર | ૨૨૫ | ૦ | ૫૯ | ૦ | ૫૫ | ૦ | ૧૫ | ૨ |
| ગોંડલ | ૪૩૬ | ૧૧ | ૧૧૫ | ૦ | ૧૧૧ | ૧ | ૧૦૭ | ૩૮ |
| જામકંડોરણા | ૧૯૫ | ૦ | ૫૬ | ૧ | ૫૦ | ૨ | ૪૮ | ૧૯ |
| ઉપલેટા | ૨૭૬ | ૦ | ૭૨ | ૦ | ૬૪ | ૦ | ૫૮ | ૦ |
| ટંકારા | ૨૪૩ | ૦ | ૬૪ | ૧ | ૫૮ | ૦ | ૫૮ | ૩ |
| માળીયા | ૨૪૫ | ૧૩૭ | ૭૩ | ૪ | ૬૪ | ૦ | ૬૨ | ૪૦ |
| વાંકાનેર | ૬૪૮ | ૪૭ | ૧૭૦ | ૮ | ૧૫૪ | ૧ | ૧૪૫ | ૬૯ |
| મોરબી | ૫૯૬ | ૧૯ | ૧૬૨ | ૧૨ | ૧૪૨ | ૦ | ૧૩૧ | ૪૫ |
| પડધરી | ૨૪૩ | ૧ | ૬૮ | ૨ | ૬૬ | ૦ | ૬૫ | ૮ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| લોધીકા | ૧૫૬ | ૨ | ૪૧ | ૧ | ૩૭ | ૦ | ૩૬ | ૦ |
| જસદણ | ૮૪૦ | ૨૭ | ૨૪૮ | ૩૭ | ૧૯૬ | ૧૭ | ૧૭૪ | ૭૫ |
| કોટડા | ૨૧૩ | ૦ | ૫૫ | ૦ | ૫૦ | ૦ | ૪૮ | ૦ |
| રાજકોટ | ૫૫૨ | ૯ | ૧૪૧ | ૪ | ૧૨૫ | ૦ | ૧૧૩ | ૭ |
| | **૫૦૮૩** | **૨૫૩** | **૧૩૮૧** | **૭૦** | **૧૨૨૦** | **૨૧** | **૧૧૪૮** | **૩૧૨** |

(૩) કુલ ૬૫૬ ખાલી છે. તબક્કાવાર નિમણૂંક આપવામાં આવશે.

-------

**રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૦૪૩ (૧૮-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને ખાલી જગ્યાના કારણે પ્રાથમિક શિક્ષણ ઉપર કેવી ગંભીર અસરો પડી રહી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી:** (૩૧-૭-૧૪)

(૧) પત્રક-અ મુજબ.

**પ ત્ર ક - અ**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ધો-૧ થી ૫ પ્રાથમિક મંજૂર મહેકમ** | **ધો-૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક મંજૂર મહેકમ** | **કુલ મંજૂર મહેકમ** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૪૭૧૨ | ૩૧૩૫ | ૭૮૪૭ |
| ૨ | વડોદરા | ૭૬૧૧ | ૩૪૧૯ | ૧૧૦૩૦ |
| ૩ | રાજકોટ | ૫૦૮૩ | ૩૭૪૯ | ૮૮૩૨ |
| ૪ | સુરત | ૩૬૩૩ | ૧૮૯૬ | ૫૫૨૯ |
| ૫ | ખેડા | ૫૯૬૦ | ૩૫૪૭ | ૯૫૦૭ |
| ૬ | આણંદ | ૪૫૦૮ | ૨૭૦૪ | ૭૨૧૨ |
| ૭ | પંચમહાલ | ૮૪૩૪ | ૪૩૭૬ | ૧૨૮૧૦ |
| ૮ | દાહોદ | ૭૯૫૧ | ૩૭૩૧ | ૧૧૬૮૨ |
| ૯ | સાબરકાંઠા | ૮૧૦૫ | ૪૪૬૫ | ૧૨૫૭૦ |
| ૧૦ | જૂનાગઢ | ૫૩૮૯ | ૩૯૬૩ | ૯૩૫૨ |
| ૧૧ | પોરબંદર | ૧૨૨૦ | ૯૪૪ | ૨૧૬૪ |
| ૧૨ | મહેસાણા | ૪૭૩૩ | ૨૯૭૬ | ૭૭૦૯ |
| ૧૩ | પાટણ | ૩૮૮૪ | ૨૩૩૪ | ૬૨૧૮ |
| ૧૪ | ભાવનગર | ૫૯૭૩ | ૪૦૧૦ | ૯૯૮૩ |
| ૧૫ | જામનગર | ૪૫૩૯ | ૩૨૦૮ | ૭૭૪૭ |
| ૧૬ | અમરેલી | ૩૪૧૮ | ૨૪૬૦ | ૫૮૭૮ |
| ૧૭ | કચ્છ | ૬૩૫૪ | ૪૬૬૪ | ૧૧૦૧૮ |
| ૧૮ | ભરૂચ | ૩૧૦૮ | ૨૦૭૬ | ૫૧૮૪ |
| ૧૯ | નર્મદા | ૧૯૬૭ | ૧૧૬૭ | ૩૧૩૪ |
| ૨૦ | વલસાડ | ૩૭૭૨ | ૨૦૯૬ | ૫૮૬૮ |
| ૨૧ | નવસારી | ૨૪૫૭ | ૧૫૭૦ | ૪૦૨૭ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૧૧૬૬ | ૫૫૫૬ | ૧૬૭૨૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૮૦૬ | ૩૦૯૨ | ૭૮૯૮ |
| ૨૪ | ગાંધીનગર | ૨૬૯૫ | ૧૬૬૯ | ૪૩૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | ડાંગ | ૧૩૯૨ | ૫૫૦ | ૧૯૪૨ |
| ૨૬ | તાપી | ૨૩૮૯ | ૧૧૪૨ | ૩૫૩૧ |
| | **કુલ** | **૧,૨૫,૨૫૯** | **૭૪,૪૯૯** | **૧,૯૯,૭૫૮** |

(૨) પત્રક–બ મુજબ છેલ્લા એક વર્ષથી.

**પ ત્ર ક – બ**

| ક્રમ | જિલ્લાનું નામ | ધો–૧ થી ૫ ભરાયેલ જગ્યાઓ | ધો–૧ થી ૫ ખાલી જગ્યાઓ | ધો–૬ થી ૮ ભરાયેલ જગ્યાઓ | ધો–૬ થી ૮ ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | અમદાવાદ | ૪૭૦૯ | ૩ | ૨૨૩૦ | ૯૦૫ |
| ૨ | વડોદરા | ૭૩૨૬ | ૨૮૫ | ૨૯૩૯ | ૪૮૦ |
| ૩ | રાજકોટ | ૫૦૮૩ | ૦ | ૩૦૯૩ | ૬૫૬ |
| ૪ | સુરત | ૩૬૧૪ | ૧૯ | ૧૬૮૨ | ૨૧૪ |
| ૫ | ખેડા | ૫૯૬૦ | ૦ | ૩૨૮૮ | ૨૫૯ |
| ૬ | આણંદ | ૪૫૦૭ | ૧ | ૨૩૨૦ | ૩૮૪ |
| ૭ | પંચમહાલ | ૮૩૪૪ | ૯૦ | ૩૪૩૨ | ૯૪૪ |
| ૮ | દાહોદ | ૭૪૬૨ | ૪૮૯ | ૨૯૨૯ | ૮૦૨ |
| ૯ | સાબરકાંઠા | ૭૮૯૦ | ૨૧૫ | ૪૦૭૬ | ૩૮૯ |
| ૧૦ | જૂનાગઢ | ૫૩૮૯ | ૦ | ૩૪૧૭ | ૫૪૬ |
| ૧૧ | પોરબંદર | ૧૨૦૬ | ૧૪ | ૭૬૩ | ૧૮૧ |
| ૧૨ | મહેસાણા | ૪૬૯૦ | ૪૩ | ૨૮૭૯ | ૯૭ |
| ૧૩ | પાટણ | ૩૮૮૪ | ૦ | ૧૭૯૦ | ૫૪૪ |
| ૧૪ | ભાવનગર | ૫૯૭૩ | ૦ | ૩૦૬૩ | ૯૪૭ |
| ૧૫ | જામનગર | ૩૫૨૧ | ૧૦૧૮ | ૨૧૪૬ | ૧૦૬૨ |
| ૧૬ | અમરેલી | ૩૪૦૦ | ૧૮ | ૨૨૧૧ | ૨૪૯ |
| ૧૭ | કચ્છ | ૫૯૨૦ | ૪૩૪ | ૨૨૦૯ | ૨૪૫૫ |
| ૧૮ | ભરૂચ | ૩૧૦૮ | ૦ | ૧૬૫૩ | ૪૨૩ |
| ૧૯ | નર્મદા | ૧૯૬૭ | ૦ | ૯૧૪ | ૨૫૩ |
| ૨૦ | વલસાડ | ૩૪૫૭ | ૧૫ | ૧૫૫૨ | ૫૪૪ |
| ૨૧ | નવસારી | ૨૪૫૦ | ૭ | ૧૪૬૩ | ૧૦૭ |
| ૨૨ | બનાસકાંઠા | ૧૦૭૮૬ | ૩૮૦ | ૪૫૭૪ | ૯૮૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૮૦૬ | ૦ | ૧૯૫૦ | ૧૧૪૨ |
| ૨૪ | ગાંધીનગર | ૨૬૫૨ | ૪૩ | ૧૬૧૨ | ૫૭ |
| ૨૫ | ડાંગ | ૧૨૭૮ | ૧૧૪ | ૪૧૫ | ૧૩૫ |
| ૨૬ | તાપી | ૨૩૮૯ | ૦ | ૧૦૫૧ | ૯૧ |
| | **કુલ** | **૧,૨૨,૦૭૧** | **૩,૧૮૮** | **૫૯,૬૫૧** | **૧૪,૮૪૮** |

(૩) સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ ભરતી કેલેન્ડર પ્રમાણે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે. ખાલી જગ્યાઓ ઉપર ગૃપ શાળા પૈકીની કોઈપણ શાળામાંથી અન્ય શિક્ષકોને જે તે શાળામાં કાયમી શિક્ષકની નિમણૂંક ન થાય ત્યાં સુધી કામગીરી સોંપવામાં આવે છે. જેથી ખાલી જગ્યાના કારણે પ્રાથમિક શિક્ષણ ઉપર ગંભીર અસર પડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**રાજ્યમાં જિલ્લાવાર સંસ્થાઓએ નવી માધ્યમિક શાળાઓની મંજૂરી માટે આવેલ અરજીઓ**

અતારાંકિતઃ ૩૦૪૯ (૧૮–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કઈ કઈ સંસ્થાઓએ નવી માધ્યમિક શાળાઓની મંજૂરી માટે અરજીઓ આવી,

(૨) ઉકત સ્થિતિએ કઈ કઈ સંસ્થાઓને નવી માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ કઈ કઈ સંસ્થાઓને નવી માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી નથી, અને

(૪) ઉકત સંસ્થાઓને મંજૂરી ન આપવાના શાં કારણો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩–૮–૧૪)

(૧) સામેલ *પત્રક–અ મુજબ.

(૨) સામેલ *પત્રક–બ મુજબ.

(૩) સામેલ *પત્રક–ક મુજબ.

(૪) સામેલ *પત્રક–ડ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**શિક્ષણ વિભાગ અને તાબા હેઠળની કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૦૬૩ (૬–૬–૧૪) **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ શિક્ષણ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તથા આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૭–૧૪)

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ.

| | |
|---|---|
| વર્ગ–૧ | ૧૧૪૮ |
| વર્ગ–૨ | ૬૬૬૬ |
| વર્ગ–૩ | ૧૦૨૨૪ |
| વર્ગ–૪ | ૩૨૫૫ |
| **કુલ** | **૨૧૨૯૩** |

(૨) સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ.

| | |
|---|---|
| વર્ગ–૧ | ૪૬૩ |
| વર્ગ–૨ | ૩૯૪૨ |
| વર્ગ–૩ | ૬૦૭૭ |
| વર્ગ–૪ | ૧૯૪૫ |
| **કુલ** | **૧૨૪૨૭** |

(૩) સંવર્ગવાર ખાલી જગ્યાઓ.

| | |
|---|---|
| વર્ગ–૧ | ૬૮૫ |
| વર્ગ–૨ | ૨૭૨૪ |
| વર્ગ–૩ | ૪૧૪૭ |
| વર્ગ–૪ | ૧૩૧૦ |
| **કુલ** | **૮૮૬૬** |

વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે તથા વર્ગ–૩ ની જગ્યાઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી પ્રક્રિયા કરવામાં આવે છે. આવી ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરીને આગામી સમયમાં પૂર્ણ કરવામાં આવશે. જ્યારે વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ સરકારની નીતિ મુજબ હવે આઉટ સોર્સીંગથી ભરવાની રહે છે.

–––––––

**વલસાડ જિલ્લામાં શિક્ષકોની ઘટ**

અતારાંકિતઃ ૩૨૮૩ (૨૧–૬–૧૪) **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર)** : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર દરેક પ્રાથમિક શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) વિષયવાર શિક્ષકોની ઘટ પૂરી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૯–૧૪)

(૧) *પત્રક–અ મુજબ.

(૨) જૂન–૨૦૧૪ માં પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૫ માં) ૧૧૯ વિદ્યાસહાયકોની શિક્ષકોની ઘટ અને ખાલી જગ્યાઓ ધ્યાને લઈ ભરતી કરવામાં આવી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**રાજ્ય હસ્તકના બોર્ડ–નિગમોના વાર્ષિક હિસાબો સમયસર તૈયાર ન થવા બાબત**

અતારાંકિતઃ ૩૨૮૯ (૨૪–૭–૧૪) **શ્રી જસુભાઈ ધા. બારડ(તાલાલા) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ–નિગમોના વાર્ષિક હિસાબો સમયસર તૈયાર થતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો સમયસર વાર્ષિક હિસાબો તૈયાર કરવા અને તેના વિલંબ નિવારવા સરકાર દ્વારા કોઈ ચોક્કસ સમય મર્યાદા ફાળવેલ છે કે કેમ, અને

(૩) તે અન્વયે ક્યા બોર્ડ–નિગમોના વાર્ષિક હિસાબો છેલ્લા ત્રણ વર્ષ કે તે ઉપરના બાકી છે ?

**નાણા મંત્રીશ્રી :** (૨૦–૯–૧૪)

(૧) અને (૨) : સરકારશ્રી દ્વારા બોર્ડ–નિગમોના વાર્ષિક હિસાબો સમયસર તૈયાર કરવા માટે વખતોવખત સૂચનાઓ આપવામાં આવે છે. છેલ્લે નાણા વિભાગના પરિપત્ર ક્રમાંકઃજનવ–૧૦–૨૦૧૦–૫૧૭૦૪૩–અ, તા.૧–૭–૨૦૧૦ થી સૂચના આપવામાં આવેલ છે.

(૩) ત્રણ વર્ષ કે તેથી વધુ સમય માટે વાર્ષિક હિસાબો બાકી હોય તેવા ચાલુ બોર્ડ–નિગમોની યાદી નીચે મુજબ છે.

૧. ગુજરાત વૃધ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિ.

૨. ઈન્ફ્રાસ્ટ્રકચર ફાઈનાન્સ કંપની ઓફ ગુજરાત લિ.

૩. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ લિ.

૪. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

૫. ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ

૬. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ.

–––––––

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## રાજ્યમાં વન મહોત્સવ પાછળ થયેલ ખર્ચ

અતારાંકિતઃ ૩૧૮૮ (૨૩–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ક્યારે ક્યારે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલો ખર્ચ કરવાનો બાકી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૨–૮–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં નીચે મુજબ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **ઉજવણીની તારીખ** |
|---|---|
| ૨૦૧૧–૧૨ | તા.૩૧–૭–૨૦૧૧ |
| ૨૦૧૨–૧૩ | તા.૩૦–૭–૨૦૧૨ |
| ૨૦૧૩–૧૪ | તા.૨–૮–૨૦૧૩ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે નીચે મુજબ વર્ષવાર જોગવાઈ તથા ખર્ચ કરવામાં આવેલ છે. અને કોઈ ખર્ચ કરવાનો બાકી નથી.

| વર્ષ | જોગવાઈ (રૂ.લાખમાં) | કરવામાં આવેલ ખર્ચ (રૂ.લાખમાં) | બાકી ખર્ચની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૯૩.૦૬ | ૩૯૩.૦૬ | ૦.૦૦ |
| ૨૦૧૨–૧૩ | ૩૦૧.૦૦ | ૩૦૧.૦૦ | ૦.૦૦ |
| ૨૦૧૩–૧૪ | ૨૦૦.૦૦ | ૨૦૭.૦૭ | ૦.૦૦ |

–––––––

## આયુર્વેદિક દવાના ઉત્પાદન માટે ઉગાડવામાં આવેલ રોપા

અતારાંકિતઃ ૩૧૮૯ (૨૩–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વન વિભાગ દ્વારા આયુર્વેદિક દવાનું ઉત્પાદન કરવા માટે ક્યા પ્રકારના કેટલા રોપા ઉગાડવામાં આવેલ છે,

(૨) તે પાછળ જિલ્લાવાર કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉગાડવામાં આવેલ રોપા પૈકી કેટલા સફળ થયા અને કેટલા નિષ્ફળ ગયા ?

**વન મંત્રીશ્રી :** (૩૦–૭–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગ દ્વારા આયુર્વેદિક દવાનું ઉત્પાદન કરવા માટે કોઈ રોપા ઉગાડવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## કાળિયારની વસતિમાં ઘટાડો થવા બાબત

અતારાંકિતઃ ૩૧૯૨ (૨૭–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં કાળિયાર વસવાટ વિસ્તારોમાં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઘટાડો નોંધાયો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) કાળિયારની વસતિ ટકાવી રાખવા શું આયોજન છે ?

**વન મંત્રીશ્રી :** (૩૦–૭–૧૪)

(૧) ઘટાડો થયેલાનું ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કાળીયારને વન્યપ્રાણી સંરક્ષણ ધારા–૧૯૭૨ ના શિડ્યુલ–૧ ની યાદીમાં રાખીને મહત્તમ કાયદાકીય સંરક્ષણ આપવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં કાળીયારના મુખ્ય વસવાટવાળા વેળાવદર અને તેના આજુબાજુના વિસ્તારમાં ૩૪.૫૩ ચો.કિ.મી. વિસ્તારને રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરીને સંપૂર્ણ સંરક્ષણ આપવામાં આવેલ છે. અને કેન્દ્ર સરકારની સૂચના પ્રમાણે આ અભયારણ્યને ફરતે વિસ્તારને ઈકો સેન્સેટીવ ઝોન તરીકે વ્યવસ્થાપન કરવામાં આવેલ છે.

ક્ષેત્રિય મહેકમ દ્વારા સતત ફેરણાથી કાળિયાર પ્રત્યે ગુન્હા ન થાય તે માટે પેટ્રોલીંગ અને તકેદારી રાખવામાં આવે છે. ગુન્હાના કિસ્સાઓમાં યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે.

લોક જાગૃતિના કાર્યક્રમ દ્વારા તેના સંરક્ષણ અને સંવર્ધનમાં લોકો ભાગીદાર થાય તેવા પ્રયાસો હાથ ધરાય છે.

પ્રાકૃતિક શિક્ષણ શિબિરના માધ્યમથી શાળાના બાળકોમાં વન્યપ્રાણીઓ પ્રત્યે જાગૃતિ લાવવામાં આવે છે. વન અને વન્યપ્રાણીને લગત લોક જાગૃતિ હેતુ વિવિધ કાર્યક્રમો લેવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં ગેરકાયદેસર વૃક્ષછેદન**

અતારાંકિતઃ ૩૧૯૫ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લા તાલુકાવાર કઈ રેન્જોમાં અને ક્યા ક્યા રાઉન્ડમાં કેટલા ગેરકાયદેસર વૃક્ષો કપાયા,

(૨) કેટલા આરોપીને પકડવામાં આવ્યા,

(૩) કેટલા વાહનો જપ્ત થયેલા છે, તેમજ જપ્ત થયેલા વાહનોની કિંમત કેટલી,

(૪) કપાયેલા વૃક્ષોની કિંમત કેટલી થતી હતી,

(૫) આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૬) ન પકડાયેલા આરોપીઓને સરકાર ક્યાં સુધીમાં પકડવા માંગે છે ?

**વન મંત્રીશ્રી :** (૧૨–૮–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લા, તાલુકા, રેન્જ અને રાઉન્ડવાર સામેલ *પત્રક મુજબ ગેરકાયદેસર વૃક્ષો કપાયા.

(૨) ૮૧૪૧ આરોપીઓને પકડવામાં આવ્યા.

(૩) ૧૦૧૧ વાહનો જપ્ત કરવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત રૂ.૭૨૨.૫૯ લાખ થાય છે.

(૪) કપાયેલ વૃક્ષોની અંદાજીત કિંમત રૂ.૭૮૨.૫૨ લાખ થાય છે.

(૫) આરોપીઓ સામે ભારતીય વન અધિનિયમ–૧૯૨૭ની જુદી જુદી કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી.

(૬) ન પકડાયેલ આરોપીઓને પકડવા માટેના પ્રયત્નો ચાલુમાં છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**અમદાવાદના દિલ્હી દરવાજાની અંદર પક્ષીઓનું વેચાણ**

અતારાંકિતઃ ૩૨૬૦ (૧૮–૬–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદના દિલ્હી દરવાજાની અંદર તથા ગુજરી બજારમાં નિયમિત રીતે રક્ષિત અને બિન રક્ષિત પક્ષીઓ ક્રુરતાપૂર્વક જંગલોમાંથી પકડી વેચાઈ રહયા છે, તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો સન ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩ માં આ જગ્યાઓ કેટલા દરોડા પાડવામાં આવ્યા અને કેટલા અને ક્યા ક્યા પક્ષીઓ બચાવી લેવાયા,

(૩) આરોપીઓ કોણ કોણ હતા તથા તેની સામે શી કાનૂની કાર્યવાહી થઈ, અને

(૪) આ ગેરકાયદે વેચાણની પ્રવૃત્તિ/બજાર ક્યારે બંધ કરી દેવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી :** (૧૨–૮–૧૪)

(૧) ના જી.

(૨) આ જગ્યામાં સને ૨૦૧૧ થી ૨૦૧૩ સુધીમાં કુલ ૧૦ દરોડાઓ પાડવામાં આવેલ. જેમાં કોઈ ગેરકાયદેસર પક્ષી વેચનાર કે ગુનેગાર પકડાયેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૧ માં રેલ્વે ખાતા દ્વારા કાલુપુર સ્ટેશનથી બિનવારસી પહાડી પોપટ નંગ–૧૦૦ તથા પોપટના બચ્ચા નંગ–૬૦ વન વિભાગને સુપ્રત કરવામાં આવેલ હતા.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવું કોઈ પક્ષી વેચાણ માટેનું બજાર નથી. આવા બનાવો જ્યારે જ્યારે બને છે ત્યારે તુર્તજ કાર્યવાહી હાથ ધરી ગુનાહીત પ્રવૃત્તિ બંધ કરવામાં આવે છે. સાથે સાથે સંવેદનશીલ વિસ્તારોમાં વન વિભાગના મહેકમ દ્વારા અવાર–નવાર પેટ્રોલીંગ ફેરણાં કરવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

અતારાંકિતઃ ૩૦૧૧ (૪–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલોમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ની કેટલી અને કઈ કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨) આ જગ્યાઓ સરકાર ક્યાં સુધી ભરવા માંગે છે, અને

(૩) લાંબા સમયથી ખાલી રહેલ જગ્યા ભરવા માટે ક્યારે ક્યારે દરખાસ્તો કરેલ ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૨–૮–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી હોસ્પિટલોમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ અંગેનું વિગતવાર *પત્રક–૧,૨,૩ અને ૪ સામેલ છે.

(૨) આ ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે કરાયેલ દરખાસ્તોનું વિગતવાર પત્રક–૫ સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**રાજ્યમાં મહિલાઓને પ્રસુતિ સહાય આપવા બાબત**

અતારાંકિતઃ ૩૦૧૫ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લા–તાલુકાવાર કેટલી મહિલાઓને વર્ષવાર રાષ્ટ્રીય પ્રસુતિ સહાય આપવામાં આવી,

(૨) ગરીબી રેખા હેઠળ જીવતી કેટલી મહિલાઓને પ્રસુતિ સહાય યોજનાનો લાભ આપી કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી મહિલાઓ આ લાભથી વંચિત છે,

(૩) બાકીની મહિલાઓને આ સહાય ન આપવાના કારણો શાં છે, અને

(૪) ક્યાં સુધીમાં સહાય ચૂકવવાનું આયોજન છે અને આ માટે ભારત સરકારે વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને ફાળવી ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૫–૮–૧૪)

(૧) લાભાર્થીની સંખ્યા નીચે મુજબ છે.

| **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૩,૨૮,૦૫૨ |
| ૨૦૧૨-૧૩ | ૩,૦૬,૬૦૩ |
| ૨૦૧૩-૧૪ | ૨,૮૭,૪૦૮ |
| **કુલ** | **૯,૨૨,૦૬૩** |

જિલ્લા-તાલુકાવાર માહિતી *પત્રક-૧ મુજબ સામેલ છે.

(૨) ગરીબી રેખા હેઠળ જીવતી મહિલાઓની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **બીપીએલ લાભાર્થીની સંખ્યા** | **લાભાર્થીને ચૂકવેલ રકમ** | **લાભથી વંચિત મહિલાઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨,૯૨,૧૩૫ | ૧૭,૬૨,૩૬,૯૬૯ | ૨૩,૬૬૦ |
| ૨૦૧૨-૧૩ | ૨,૭૩,૩૭૬ | ૧૬,૮૬,૩૯,૫૭૯ | ૧૦,૪૭૬ |
| ૨૦૧૩-૧૪ | ૨,૬૬,૫૨૪ | ૧૭,૬૧,૧૨,૪૭૭ | ૧૦,૯૫૪ |
| **કુલ** | **૮,૩૨,૦૩૫** | **૫૨,૦૯,૮૯,૦૨૫** | **૪૫,૦૯૦** |

(૩) બાકીની મહિલાઓને આ સહાય ન આપવાના કારણો નીચે મુજબ છે.

(૧) લાભાર્થીનું બેંકમાં એકાઉન્ટ ન હોવાના કારણે તેમજ લાભાર્થી દ્વારા અધુરી વિગતો આપવામાં આવતી હોવાથી.

(૪) જે કારણોને લીધે ચૂકવણું કરવાનું બાકી હોય તે કારણોનું નિરાકરણ થયેથી ચૂકવણું કરી આપવામાં આવે છે. ભારત સરકારે ફાળવેલ ગ્રાન્ટ નીચે મુજબ છે.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ** |
|---|---|
| ૨૦૧૧-૧૨ | ૨૧,૮૨,૦૪,૮૦૮ |
| ૨૦૧૨-૧૩ | ૨૨,૨૯,૦૩,૭૩૦ |
| ૨૦૧૩-૧૪ | ૨૪,૨૯,૪૭,૬૦૪ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**જામનગર જિલ્લામાં ફકત બાબાનો જ જન્મ થતો હોય તેવી આઈડેન્ટીફાઈ કરેલ હોસ્પિટલ**

અતારાંકિતઃ ૩૨૬૬ (૪-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ફકત બાબાનો જ જન્મ થતો હોય તેવી કઈ કઈ હોસ્પિટલો જામનગર જિલ્લામાં સન ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩ માં આઈડેન્ટીફાઈ કરવામાં આવી,

(૨) આવી હોસ્પિટલો-ડૉકટરો સામે તા.૩૦-૪-૨૦૧૪ સુધીમાં શી કાર્યવાહી થઈ, અને

(૩) આવી હોસ્પિટલો-ડૉકટરોના ગર્ભપાત કેન્દ્રોના લાઈસન્સો પાછા ખેંચી લેવા શી કાર્યવાહી થઈ ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩૧-૭-૧૪)

(૧) કોઈ હોસ્પિટલ આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**સન ૨૦૧૩–૧૪ માં ગૃહ વિભાગની બજેટમાં મંજૂર કરેલ રકમ**

અતારાંકિતઃ ૨૯૩૯ (૯–૫–૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) સન ૨૦૧૩–૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં ગૃહ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૮–૮–૧૪)

(૧) સન ૨૦૧૩–૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં ગૃહ વિભાગ માટે કુલ રૂ.૩૬૧૫.૦૪ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ રૂ.૨૨૮૦.૮૨ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) આ અંગે ગૃહ વિભાગ દ્વારા સમયાંતરે ખર્ચની સમીક્ષા બેઠક યોજવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં વ્યકિતઓ દીઠ પોલીસદળ**

અતારાંકિતઃ ૩૧૩૪ (૧૬–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી વ્યકિતઓ દીઠ કેટલા પોલીસ છે,

(૨) વસ્તીની દ્રષ્ટીએ પોલીસનું સંખ્યાબળ કેટલું હોવું જોઈએ,

(૩) પોલીસનું સંખ્યાબળ ઓછું હોય તો તે પાછળના કારણો શા છે, અને

(૪) સરકાર આ બાબતે શી કાર્યવાહી કરવા માંગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૫–૮–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૬૫૬ વ્યકિતઓ દીઠ ૧ પોલીસ છે.

(૨), (૩) અને (૪) : પોલીસનું સંખ્યાબળ ફકત વસ્તીની દ્રષ્ટિએ નક્કી થતું નથી. જે તે વિસ્તારની વસ્તી, ગુનાનું પ્રમાણ, વિસ્તાર, આર્થિક–સામાજિક વિકાસ વગેરે પરીબળો ધ્યાનમાં લઈને રાજ્ય આયોજનમાં પોલીસના વિવિધ સંવર્ગોમાં જરૂરીયાત મુજબ, નવી જગ્યાઓ ઊભી કરાય છે અને પોલીસ દળના કુલ સંખ્યાબળમાં નિયમિત પણે વધારો કરાયેલ છે. હાલ જરૂરીયાત અધારીત પોલીસદળ–મહેકમ ઉપલબ્ધ છે. અને જગ્યાઓ ભરવા આગામી ૧૦ વર્ષનું આયોજન કરવામાં આવી રહેલ છે.

–––––––

**રાજ્યમાં જિલ્લાવાર પંચાયતોને રેતી તથા કવોરી ફીની ચૂકવવાની બાકી રકમ**

અતારાંકિતઃ ૩૦૮૧ (૧૮–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર પંચાયતોને રેતી તથા કવોરી ફીની કેટલી રકમ વર્ષવાર ચૂકવવાની બાકી છે,

(૨) તે પૈકી કઈ કઈ જિલ્લા પંચાયતોએ ક્યારે ક્યારે રકમ ચૂકવવા સરકારને દરખાસ્ત કરી છે,

(૩) આ રકમ ક્યારથી ચૂકવવી બાકી છે,

(૪) તેની વસુલાત ક્યા વિભાગ દ્વારા કરવામાં આવે છે, અને

(૫) બાકી રહેતી રકમ જિલ્લા પંચાયતોએ ક્યાં સુધીમાં ચૂકવવાનું સરકારનું આયોજન છે ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૩–૯–૧૪)

(૧) પત્રક મુજબ.

**૫ ત્ર ક**

| અ.નં. | જિલ્લાનું નામ | ગ્રાન્ટ ઈન એઈડની ફાળવવાની બાકી રકમ (રૂ.લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
| ૧ | અમદાવાદ | ૦ | ૨૫૬.૩૮ | ૨૯૭.૫૭ |
| ૨ | અમરેલી | ૨૧૩.૪૫ | ૧૫૮.૭૧ | ૨૨૮.૩૪ |
| ૩ | કચ્છ | ૨૯૮.૦૮ | ૪૪૮.૨૧ | ૨૮૫.૯૫ |
| ૪ | ખેડા | ૩૦૭.૮૫ | ૧૮૫.૪૨ | ૧૪૩.૭૩ |
| ૫ | આણંદ | ૦.૦૦ | ૧૫૭.૯૧ | ૧૯૧.૦૯ |
| ૬ | ગાંધીનગર | ૭૪૫.૩૪ | ૭૦૯.૮૦ | ૭૦૮.૨૫ |
| ૭ | જામનગર | ૦.૦૦ | ૧૨૦.૬૦ | ૧૧૪.૨૭ |
| ૮ | જૂનાગઢ | ૦.૦૦ | ૧૭૧.૮૫ | ૧૩૯.૬૯ |
| ૯ | પોરબંદર | ૦.૦૦ | ૯૩.૫૪ | ૬૯.૯૬ |
| ૧૦ | પંચમહાલ | ૦.૦૦ | ૪૦૦.૦૮ | ૨૪૮.૦૧ |
| ૧૧ | દાહોદ | ૧૩૧.૬૨ | ૧૪૬.૫૬ | ૧૧૩.૭૮ |
| ૧૨ | બનાસકાંઠા | ૫૫૩.૯૭ | ૯૨૩.૩૩ | ૯૨૬.૬૫ |
| ૧૩ | ભરૂચ | ૦.૦૦ | ૩૫૧.૨૨ | ૪૮૧.૦૧ |
| ૧૪ | નર્મદા | ૦.૦૦ | ૨૪.૦૯ | ૪૮.૯૫ |
| ૧૫ | ભાવનગર | ૧૦૦.૩૫ | ૧૦૪.૨૬ | ૯૫.૭૦ |
| ૧૬ | મહેસાણા | ૧૭૫.૮૨ | ૧૫૭.૦૫ | ૧૮૭.૫૨ |
| ૧૭ | પાટણ | ૦.૦૦ | ૬૬.૮૭ | ૬૫.૦૦ |
| ૧૮ | રાજકોટ | ૦.૦૦ | ૧૫૫.૨૯ | ૧૫૮.૮૯ |
| ૧૯ | વડોદરા | ૦.૦૦ | ૧૨૪૨.૩૬ | ૧૮૨૫.૧૭ |
| ૨૦ | વલસાડ | ૯૩.૨૬ | ૯૮.૩૫ | ૬૬.૮૧ |
| ૨૧ | નવસારી | ૨૭૭.૯૪ | ૨૧૨.૦૬ | ૧૩૬.૭૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૫૯.૯૧ | ૧૦૭૨.૩૩ | ૧૧૩૧.૯૯ |
| ૨૩ | સુરત | ૧૫૮૦.૬૧ | ૧૨૯૯.૨૯ | ૩૫૧.૪૫ |
| ૨૪ | તાપી | ૪૩૭.૩૬ | ૭૨૬.૨૩ | ૬૦૩.૯૫ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૫૦૨.૦૦ | ૪૫૬.૦૦ |

(૨) એકપણ નહીં.

(૩) જે તે નાણાંકીય વર્ષ પુરૂ થયેથી.

(૪) ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા.

(૫) સરકારશ્રીની નાણાંકીય મંજૂરી મળ્યેથી.

-------

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં રણોત્સવ અને પતંગોત્સવ પાછળ થયેલ ખર્ચ**

અતારાંકિતઃ ૩૧૦૮ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રણોત્સવ તેમજ પતંગોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આવેલ વિદેશી મહેમાનોની સરભરામાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૧૫–૯–૧૪)

(૧)

| ખર્ચ (રૂપિયામાં) | | |
|---|---|---|
| **વર્ષ** | **રણોત્સવ** | **પતંગોત્સવ** |
| ૨૦૧૧–૧૨ | ૧૦,૬૭,૨૮,૫૮૮ | ૪,૭૫,૬૮,૨૧૪ |
| ૨૦૧૨–૧૩ | ૨૦,૧૮,૮૧,૬૭૩ | ૪,૦૪,૫૩,૫૩૦ |
| ૨૦૧૩–૧૪ | ૦૩,૦૯,૨૧,૦૬૧ | ૩,૨૮,૧૫,૫૬૯ |

(૨)

| ખર્ચ (રૂપિયામાં) | | |
|---|---|---|
| **વર્ષ** | **રણોત્સવ** | **પતંગોત્સવ** |
| ૨૦૧૧–૧૨ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૧૨–૧૩ | ૧૫,૬૦૦ | શૂન્ય |
| ૨૦૧૩–૧૪ | શૂન્ય | શૂન્ય |

–––––––

**પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવમાં સરકારે અને ઉદ્યોગ ગૃહોએ કરેલ ખર્ચ**

અતારાંકિતઃ ૩૧૬૩ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવમાં વર્ષવાર અને મહોત્સવવાર કેટકેટલો ખર્ચ કઈ કઈ બાબતો પાછળ કરવામાં આવ્યો,

(૨) તે પૈકી આ ખર્ચ ક્યા ક્યા ઉદ્યોગ ગૃહો કેટ કેટલો કર્યો અને સરકારે ક્યા ક્યા હેડ હેઠળ કેટ કેટલો ખર્ચ કર્યો અને

(૩) આ કાર્યક્રમમાં કેટલું ફંડ ક્યા ઉદ્યોગ ગૃહો વેપારીઓએ આપ્યું હતું ?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૭–૧૦–૧૪)

(૧)

| | | ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|
| **વર્ષ** | **પતંગ મહોત્સવ** | **નવરાત્રી મહોત્સવ** |
| ૨૦૧૧–૧૨ | ૪,૭૫,૬૮,૨૧૪ | ૬,૭૨,૩૬,૫૩૯ |
| ૨૦૧૨–૧૩ | ૪,૦૪,૫૩,૫૩૦ | ૮,૧૦,૧૫,૬૮૦ |
| ૨૦૧૩–૧૪ | ૩,૨૮,૧૫,૫૬૯ | ૫,૪૭,૨૮,૧૫૫ |
| **કુલ** | **૧૨,૦૮,૩૭,૩૧૩** | **૨૦,૨૯,૮૦,૩૭૪** |

ઉપર્યુકત ખર્ચ પતંગ મહોત્સવ અને નવરાત્રી મહોત્સવની નીચેની બાબતો માટે કરવામાં આવેલ છે.

**પંતગ મહોત્સવ**

આદિત્ય સ્તુતિ–સૂર્ય નમસ્કાર

કલ્ચર પ્રોગ્રામ

લાઈટ એન્ડ સાઉન્ડ સીસ્ટમ

ઈવેન્ટ મેનેજમેન્ટ

વેન્યુ ડીઝાઈન અને ઈન્ફ્રાસ્ટ્રકચર

ટેમ્પરરી લાઈટ કનેકશન

થીમ પેવેલીયન

એડવેન્ચર સ્પોર્ટસ એકટીવીટીઝ

ગ્રાઉન્ટ રેન્ટ

ટ્રાન્સપોર્ટેશન

મ્યુઝીકલ પ્રોગ્રામ

કલ્ચરલ એકટીવીંટી

**નવરાત્રી મહોત્સવ**

કલ્ચર પ્રોગ્રામ

લાઈટ એન્ડ સાઉન્ડ સીસ્ટમ

ઈવેન્ટ મેનેજમેન્ટ

વેન્યુ ડીઝાઈન અને ઈન્ફ્રાસ્ટ્રકચર

ટેમ્પરી લાઈટ કનેકશન

થીમ પેવેલીયન

એડવેન્ચર સ્પોર્ટસ એકટીવીટીઝ

ગ્રાઉન્ટ રેન્ટ

કીંડઝાનીયા

સીક્યુરીટી સર્વીસ

ટ્રાન્સપોર્ટેશન

કન્સલ્ટન્ટ ફી

સ્ટોલ, એડવેન્ચર, મીડીયા, ફાયર વર્કસ એન્ડ કુડ

(૨) કુલ ખર્ચ રૂપિયા ૩૨,૩૮,૧૭,૬૮૭ થયેલ છે. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા મેળા અને ઉત્સવો સદરે રૂપિયા ૩૧,૦૧,૯૪,૩૨૬ ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ નવરાત્રી ફેસ્ટીવલ સોસાયટી દ્વારા રૂપિયા ૧,૩૬,૨૩,૩૬૧ નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) શૂન્ય.

-------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરીની વસૂલાત**

અતારાંકિતઃ ૩૨૮૪ (૪–૭–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૩–૨૦૦૬ થી તા.૩૦–૩–૨૦૦૯ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના ૧૧૩ અને પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીના ૮૬ કેસોમાં કુલ મળીને રૂ.૬૫૮ કરોડ વસૂલવાના થતા હતા. તેમાંથી તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જિલ્લાવાર કોની પાસેથી, કેટલી રકમ વસૂલવાની થતી હતી તે પૈકી કોના પાસેથી કેટલી રકમ ક્યારે વસૂલવામાં આવી, અને

(૨) ઈસમો ખનીજ ચોરીની રકમ સમયસર ચૂકવતા ન હોય તો કોની સામે, ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૩–૯–૧૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખનિજ ચોરીની રકમ**

અતારાંકિતઃ ૩૨૯૧ (૧૧–૭–૧૪) **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૩–૨૦૦૬ થી તા.૩૦–૩–૨૦૦૯ સુધીમાં જૂનાગઢ જિલ્લામાં ખનીજ ચોરીના ૧૧૩ અને પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીના ૮૬ કેસોમાં કુલ મળીને રૂ.૬૫૮ કરોડ વસૂલવાના થતા હતા. તેમાંથી તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કોની પાસેથી, કેટલી રકમ વસૂલવાની થતી હતી તે પૈકી કોના પાસેથી કેટલી રકમ ક્યારે વસૂલવામાં આવી, અને

(૨) ઈસમો ખનીજ ચોરીની રકમ સમયસર ચૂકવતા ન હોય તો કોની સામે, ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૨૦–૯–૧૪)

(૧) *પત્રક–૧ મુજબ.

(૨) *પત્રક–૨ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**મુખ્ય ખનીજની લીઝ માટેની અરજીઓના નિકાલ કરવા નીતિ નક્કી કરવા બાબત**

અતારાંકિતઃ ૩૨૯૨ (૧૪–૭–૧૪) **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ખાણ ખનીજ કમિશ્નરશ્રીના તા.૬–૪–૨૦૧૧ ના પરિપત્રથી મુખ્ય ખનીજની લીઝ માટેની અરજીઓનો નિકાલ કરવા નીતિ નક્કી કરવામાં આવેલ છે તે અંગે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવી જરૂરી છે કે કેમ,

(૨) જો હા, તો મંજૂરી ક્યારે મેળવી,

(૩) જો ના, તો તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ તા.૬–૪–૨૦૧૧ના પરિપત્ર મુજબ તા.૩૧–૩–૨૦૧૦ સુધીની મળેલ અરજીઓનો નિકાલ એમ.સી.આર.૧૯૬૦ ના નિયમ–૬૩–એ મુજબ કરવામાં આવેલ છે કે કેમ,

(૪) તા.૩૧–૫–૨૦૧૪ સુધીમાં કેટલી અરજીઓનો નિકાલ ક્ર્યો અને કેટલી પડતર છે, અને

(૫) અરજીઓ પડતર રહેવાના શા કારણો છે ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૪–૯–૧૪)

(૧) તા.૬–૪–૨૦૧૧ના પત્રથી મુખ્ય–ગૌણ ખનિજની લીઝ માટેની અરજીઓનો નિકાલ કરવા માટે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ જે અંગે કેન્દ્ર સરકારની મંજૂરી મેળવવી જરૂરી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ના.

(૪) તા.૩૧–૫–૨૦૧૪ સુધીમાં ૧૧૮૭ અરજીઓનો નિકાલ ક્ર્યો અને ૪૭૬૭ પડતર છે.

(૫) અરજીઓ મુખ્યત્વે મહેસૂલી/તાંત્રિક/વન ખાતાના અભિપ્રાય બાકી હોવાથી, અરજદાર દ્વારા જરૂરી આધાર પૂરાવા રજૂ કરી માંગ્યા મુજબની પૂર્તતા ન કરવાના કારણે, વિસ્તાર ઓવરલેપ અંગે નકશા ચકાસણી વિ. કચેરી કાર્યવાહી, બ્લોક નોટીફીકેશન અન્વયે મળેલ અરજીઓની ચકાસણી તથા એકથી વધુ અરજી મળતાં અગ્રતા ક્રમ નક્કી કરવાની કાર્યવાહીના કારણે, કમિશ્નરશ્રીની કચેરીમાં દરખાસ્તોની ચકાસણીના કારણે તથા સરકારશ્રીમાં દરખાસ્ત ચકાસણી તથા નિર્ણય અર્થે પડતર વિ. કારણોસર પડતર રહેલ છે.

-------

**રાજ્યમાં નોંધાયેલા શિક્ષિત બેરોજગારોની સંખ્યા**

અતારાંકિતઃ ૩૧૧૦ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી,

(૨) નોંધાયેલા શિક્ષિત બેરોજગારો પૈકી સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી., પોષ્ટ ગ્રેજ્યુએટ, એમ.બી.બી.એસ. થયેલા શિક્ષિત બેરોજગારો કેટલા,

(૩) નોંધાયેલા શિક્ષિત બેરોજગારોને સરકાર ક્યાં સુધીમાં નોકરી આપવા માંગે છે, અને

(૪) લાંબા સમયથી શિક્ષિત બેરોજગારોને નોકરી ન મળવા પાછળના કારણો શાં છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૦–૮–૧૪)

(૧) પત્રક–૧ મુજબ.

**પ ત્ર ક – ૧**

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા (તા.૧–૩–૨૦૧૧ થી ૩૧–૩–૨૦૧૪) |
|---|---|---|
| ૧ | અમદાવાદ જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ | ૧૦૫૭૮૬ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદ (અમદાવાદ અને ગાંધીનગર એમ બે જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ) | ૧૩૫૪૦ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ | ૩૦૯૩૫ |
| ૨ | વડોદરા જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા | ૮૩૦૫૮ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા (વડોદરા જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૯૦૬૨ |
| | નગર રોજગાર કચેરી, છોટાઉદેપુર, જી.વડોદરા (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૧૦૫૮૦ |
| ૩ | ભરૂચ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ | ૬૫૮૬૭ |
| ૪ | નર્મદા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, રાજપીપળા, જી.નર્મદા | ૧૧૧૦૪ |
| ૫ | ભૂજ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, કચ્છ–ભૂજ | ૩૩૪૫૩ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભૂજ (ભૂજ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૨૭૪૦ |
| ૬ | ભાવનગર જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, ભાવનગર | ૨૦૪૦૧ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભાવનગર (ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર એમ ૩ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૫૮૨૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા (તા.૧-૩-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૪) |
|---|---|---|
| ૭ | ડાંગ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ડાંગ | ૪૧૬૧ |
| ૮ | પંચમહાલ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ગોધરા, જી.પંચમહાલ | ૨૮૦૬૩ |
| ૯ | દાહોદ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, દાહોદ | ૧૩૬૪૭ |
| ૧૦ | સાબરકાંઠા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગર | ૨૮૫૩૧ |
| | નગર રોજગાર કચેરી, ખેડબ્રહ્મા (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૬૯૬૨ |
| ૧૧ | જામનગર જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, જામનગર | ૧૫૦૭૦ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, જામનગર | ૫૧૭૦ |
| ૧૨ | જૂનાગઢ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ | ૩૦૫૮૨ |
| ૧૩ | પોરબંદર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પોરબંદર | ૬૫૨૩ |
| ૧૪ | મહેસાણા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા | ૩૪૬૮૪ |
| ૧૫ | પાટણ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાટણ | ૧૪૧૬૭ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, પાટણ (પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૦૯૫૫ |
| ૧૬ | ખેડા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, નડીયાદ | ૩૨૪૫૪ |
| ૧૭ | આણંદ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, આણંદ | ૪૦૬૨૦ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વલ્લભવિદ્યાનગર (આણંદ, ખેડા, પંચમહાલ અને દાહોદ એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૭૭૬૦ |
| ૧૮ | બનાસકાંઠા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર | ૩૪૩૮૨ |
| ૧૯ | રાજકોટ જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, રાજકોટ | ૪૩૮૪૨ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, રાજકોટ (રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર એમ કુલ ૪ જિલ્લાના ઉમેદવારોનો | ૯૬૭૫ |

| ક્રમ | જિલ્લાનું નામ | તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર રોજગાર કચેરીમાં નોંધાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા (તા.૧-૩-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૪) |
|---|---|---|
| | સમાવેશ થાય છે.) | |
| ૨૦ | સુરત જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, સુરત | ૫૨૨૯૭ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરત (સુરત, ભરૂચ, નર્મદા, આહવા-ડાંગ, વલસાડ, નવસારી અને તાપી એમ કુલ ૭ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૩૫૮૧ |
| | નગર રોજગાર કચેરી, માંડવી (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૭૮૪૨ |
| ૨૧ | સુરેન્દ્રનગર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર | ૨૦૯૯૨ |
| ૨૨ | અમરેલી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, અમરેલી | ૧૮૦૯૪ |
| ૨૩ | વલસાડ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, વલસાડ | ૩૪૧૧૬ |
| | નગર રોજગાર કચેરી, ધરમપુર (માત્ર આદિજાતિ ઉમેદવારો) | ૧૫૫૩૨ |
| ૨૪ | નવસારી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, નવસારી | ૧૬૨૭૮ |
| ૨૫ | ગાંધીનગર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર | ૨૩૮૯૮ |
| ૨૬ | તાપી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, વ્યારા-તાપી | ૨૩૪૧ |
| | નગર રોજગાર કચેરી, સોનગઢ (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૭૬૧૨ |
| | **કુલ સરવાળો** | **૯૭૨૧૮૪** |

(૨) પત્રક-૨ મુજબ.

**પત્રક-૨**

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો પૈકી સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી., પોષ્ટ ગ્રેજ્યુએટ, એમ.બી.બી.એસ. થયેલા શિક્ષિત બેરોજગારો (તા.૧-૩-૨૦૧૧ થીતા.૩૧-૩-૨૦૧૪) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સ્નાતક | અનુસ્નાતક (પોષ્ટ ગ્રેજ્યુએટ) | પી.એચ.ડી. | એમ.બી.બી.એસ. | કુલ |
| ૧ | અમદાવાદ જિલ્લો | | | | | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ | ૧૧૬૦૧ | ૦ | ૦ | ૦ | ૧૧૬૦૧ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદ (અમદાવાદ અને ગાંધીનગર એમ બે જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૭૩૦૩ | ૬૧૫૯ | ૬૪ | ૧૪ | ૧૩૫૪૦ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ | ૪૪૩૩ | ૦ | ૦ | ૦ | ૪૪૩૩ |
| ૨ | વડોદરા જિલ્લો | | | | | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા | ૧૨૮૭૮ | ૦ | ૦ | ૦ | ૧૨૮૭૮ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા (વડોદરા જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૪૬૩૭ | ૪૩૯૦ | ૨૮ | ૭ | ૯૦૬૨ |
| | નગર રોજગાર કચેરી, છોટાઉદેપુર, જી.વડોદરા | ૭૯૬ | ૦ | ૦ | ૦ | ૭૯૬ |

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો પૈકી સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી., પોષ્ટ ગ્રેજ્યુએટ, એમ.બી.બી.એસ. થયેલા શિક્ષિત બેરોજગારો (તા.૧-૩-૨૦૧૧ થીતા.૩૧-૩-૨૦૧૪) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સ્નાતક | અનુસ્નાતક (પોષ્ટ ગ્રેજ્યુએટ) | પી.એચ.ડી. | એમ.બી.બી.એસ. | કુલ |
| | (માત્ર આદિજાતિના ઉમેદવારો) | | | | | |
| ૩ | ભરૂચ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ | ૬૩૧૭ | ૦ | ૦ | ૦ | ૬૩૧૭ |
| ૪ | નર્મદા જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, રાજપીપળા, જી.નર્મદા | ૧૩૪૧ | ૦ | ૦ | ૦ | ૧૩૪૧ |
| ૫ | ભૂજ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, કચ્છ-ભૂજ | ૪૬૫૪ | ૦ | ૦ | ૦ | ૪૬૫૪ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભૂજ (ભૂજ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૨૫૦ | ૧૪૮૪ | ૪ | ૨ | ૨૭૪૦ |
| ૬ | ભાવનગર જિલ્લો | ૧૩૦૫ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, ભાવનગર | ૨૯૩૪ | ૦ | ૦ | ૦ | ૨૯૩૪ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભાવનગર (ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર એમ ૩ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૯૯૯ | ૩૭૦૧ | ૭૧ | ૫૬ | ૫૮૨૭ |
| ૭ | ડાંગ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, ડાંગ | ૪૯૮ | ૦ | ૦ | ૦ | ૪૯૮ |
| ૮ | પંચમહાલ જિલ્લો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જિલ્લા રોજગાર કચેરી, ગોધરા, જી.પંચમહાલ | ૩૪૩૨ | ૦ | ૦ | ૦ | ૩૪૩૨ |
| ૯ | દાહોદ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, દાહોદ | ૨૫૬૨ | ૦ | ૦ | ૦ | ૨૫૬૨ |
| ૧૦ | સાબરકાંઠા જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગર | ૬૬૨૯ | ૦ | ૦ | ૦ | ૬૬૨૯ |
| | નગર રોજગાર કચેરી, ખેડબ્રહ્મા (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૭૮૦ | ૦ | ૦ | ૦ | ૭૮૦ |
| ૧૧ | જામનગર જિલ્લો | | | | | |
| | મદદનીશ નિયામક રોજગારની કચેરી, જામનગર | ૨૪૦૩ | ૦ | ૦ | ૦ | ૨૪૦૩ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, જામનગર | ૧૮૯૩ | ૦ | ૦ | ૦ | ૧૮૯૩ |
| ૧૨ | જૂનાગઢ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ | ૮૯૧૯ | ૦ | ૦ | ૦ | ૮૯૧૯ |
| ૧૩ | પોરબંદર જિલ્લો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જિલ્લા રોજગાર કચેરી, પોરબંદર | ૧૭૩૩ | ૦ | ૦ | ૦ | ૧૭૩૩ |
| ૧૪ | મહેસાણા જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા | ૮૬૨૧ | ૦ | ૦ | ૦ | ૮૬૨૧ |
| ૧૫ | પાટણ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાટણ | ૩૧૩૦ | ૦ | ૦ | ૦ | ૩૧૩૦ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, પાટણ (પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૦૦૯ | ૯૯૦૭ | ૩૬ | ૩ | ૧૦૯૫૫ |
| ૧૬ | ખેડા જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, નડીયાદ | ૪૭૭૪ | ૦ | ૦ | ૦ | ૪૭૭૪ |
| ૧૭ | આણંદ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, આણંદ | ૬૪૦૦ | ૦ | ૦ | ૦ | ૬૪૦૦ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વલ્લભવિદ્યાનગર (આણંદ, ખેડા, પંચમહાલ અને દાહોદ એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૨૩૭૧ | ૫૩૮૨ | ૨ | ૫ | ૭૭૬૦ |
| ૧૮ | બનાસકાંઠા જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર | ૪૪૪૪ | ૦ | ૦ | ૦ | ૪૪૪૪ |

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો પૈકી સ્નાતક, અનુસ્નાતક, પી.એચ.ડી., પોષ્ટ ગ્રેજ્યુએટ, એમ.બી.બી.એસ. થયેલા શિક્ષિત બેરોજગારો (તા.૧-૩-૨૦૧૧ થીતા.૩૧-૩-૨૦૧૪) | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સ્નાતક | અનુસ્નાતક (પોષ્ટ ગ્રેજ્યુએટ) | પી.એચ.ડી. | એમ.બી.બી.એસ. | કુલ |
| ૧૯ | રાજકોટ જિલ્લો | | | | | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, રાજકોટ | ૭૩૫૮ | ૦ | ૦ | ૦ | ૭૩૫૮ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, રાજકોટ (રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર એમ કુલ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૬૬૯૨ | ૨૯૩૭ | ૩૯ | ૭ | ૯૬૭૫ |
| ૨૦ | સુરત જિલ્લો | | | | | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, સુરત | ૬૬૬૩ | ૦ | ૦ | ૦ | ૬૬૩૩ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરત (સુરત, ભરૂચ, નર્મદા, આહવા-ડાંગ, વલસાડ, નવસારી અને તાપી એમ કુલ ૭ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૮૦૪૬ | ૫૪૩૩ | ૩ | ૫૯ | ૧૩૫૪૧ |
| | નગર રોજગાર કચેરી, માંડવી (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૧૨૯૭ | ૦ | ૦ | ૦ | ૧૨૯૭ |
| ૨૧ | સુરેન્દ્રનગર જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર | ૪૧૮૪ | ૦ | ૦ | ૦ | ૪૧૮૪ |
| ૨૨ | અમરેલી જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, અમરેલી | ૩૧૭૩ | ૦ | ૦ | ૦ | ૩૧૭૩ |
| ૨૩ | વલસાડ જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, વલસાડ | ૧૬૬૯ | ૦ | ૦ | ૦ | ૧૬૬૯ |
| | નગર રોજગાર કચેરી, ધરમપુર (માત્ર આદિજાતિ ઉમેદવારો) | ૧૨૬૧ | ૦ | ૦ | ૦ | ૧૨૬૧ |
| ૨૪ | નવસારી જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, નવસારી | ૪૨૨૫ | ૦ | ૦ | ૦ | ૪૨૨૫ |
| ૨૫ | ગાંધીનગર જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર | ૬૦૮૩ | ૦ | ૦ | ૦ | ૬૦૮૩ |
| ૨૬ | તાપી જિલ્લો | | | | | |
| | જિલ્લા રોજગાર કચેરી, વ્યારા-તાપી | ૩૭૮ | ૦ | ૦ | ૦ | ૩૭૮ |
| | નગર રોજગાર કચેરી, સોનગઢ (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૧૮૨૯ | ૦ | ૦ | ૦ | ૧૮૨૯ |
| | **કુલ સરવાળો** | **૧૭૩૯૦૪** | **૩૯૩૯૩** | **૨૪૭** | **૧૫૩** | **૨૧૨૩૯૨** |

(૩) રોજગાર કચેરી ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારોની ઓનલાઈન નામનોંધણી કરવામાં આવે છે. નોકરીદાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે. ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે ઔદ્યોગિક ભરતીમેળાઓ અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો વિગેરે દ્વારા પરોક્ષરીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

(૪) રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ દરેક વ્યક્તિ બેરોજગાર હોતી નથી. સામાન્ય રીતે ધોરણ-૧૦ પાસની લાયકાત સાથે નોંધણી કરાવનાર રોજગાર ઈચ્છુક ઉમેદવારો મહત્તમ સંખ્યામાં આગળ અભ્યાસમાં જોડાય છે અને ધોરણ-૧૦ ની લાયકાત મેળવી તુરત જ નામનોંધણી કરાવેલ ઉમેદવાર અઢી થી ત્રણ વર્ષ બાદ રોજગારી માટેની સામાન્યતઃ લઘુત્તમ વય મેળવે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પાસ કે તેથી વધુ અભ્યાસ ધરાવનાર અને લઘુત્તમ ૧૮ વર્ષની વયે પહોંચતા તેઓ કોઈપણ પ્રકારની રોજગારીમાં ખાસ કરીને ઔદ્યોગિક ક્ષેત્રની જગ્યાઓ તથા અન્ય અસંગઠીત ખાનગી ક્ષેત્રના એકમોમાં રોજગાર કચેરી કે સ્વપ્રયત્નથી નોકરી કરતા હોય છે. તેમજ ઘણા સ્વરોજગારી દ્વારા સ્વનિર્ભર હોય છે.

રોજગાર કચેરીઓ દ્વારા ઓદ્યોગિક ભરતીમેળા/જોબફેરના આયોજનના માધ્યમથી રોજગારી અથવા સ્વરોજગારી દ્વારા સ્વનિર્ભર સ્વપ્રયત્ને રોજગારી મેળવેલ હોય છે. પરંતુ રાષ્ટ્રિય સેવા મેન્યુઅલની જોગવાઈ અનુસાર કાયમી સરકારી નોકરી ન મેળવે ત્યાં સુધી તેનું નામ બેરોજગાર ઉમેદવાર તરીકે રોજગાર કચેરીના દફતરે ચાલુ રહે છે. અલબત્ત નામ રદ કરી શકાતું નથી. અર્થાત રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલ ઉમેદવારો પૈકી ખૂબ જ ઓછી સંખ્યાના ઉમેદવારો ખરેખર પૂર્ણ બેરોજગાર હોય છે. તેથી લાંબા સમયથી શિક્ષિત બેરોજગારોને નોકરી ન મળવાના કારણો માટે કોઈ અવકાશ નથી. પરંતુ નોંધાયેલ ઉમેદવાર, વધુ અભ્યાસમાં જોતરાયેલ હોય છે. અથવા તે તેને મેળવેલ શૈક્ષણિક લાયકાતને અનુરૂપ યોગ્ય રોજગારીની અપેક્ષાએ નામનોંધણી ચાલુ રાખતા હોય છે.

-------

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેર અને જિલ્લાની કોર્ટમાં પડતર કેસો**

અતારાંકિતઃ ૩૨૭૬ (૦૫–૦૭–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ કોર્ટોમાં કેટલા કેસો પડતર છે,

(૨) તે પૈકી એક વર્ષ કરતાં વધારે સમયથી કેટલા કેસો પડતર છે, અને

(૩) લાબાં સમયથી પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

**ન્યાય મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૫–૦૮–૧૪)

(૧)

| અનુક્રમ નંબર | કોર્ટોનું નામ | ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કુલ પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ | ૪૦૯૯૧ |
| ૨ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૧૧૨૦૦ |
| ૩ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ | ૩૬૮૬૮૩ |
| ૪ | અમદાવાદ (ગ્રામ્ય) ડિસ્ટ્રિક્ટ, અમદાવાદ | ૧૨૬૭૫૧ |
| ૫ | ઔદ્યોગિક અદાલત, અમદાવાદ | ૩૭૮૮ |
| ૬ | લેબર કોર્ટ, અમદાવાદ | ૧૮૧૬૪ |
| ૭ | ફેમીલી કોર્ટ, અમદાવાદ | ૯૬૬૩ |

(૨)

| અનુક્રમ નંબર | કોર્ટોનું નામ | તે પૈકી એક વર્ષ કરતા વધારે સમયથી કુલ પડતર કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ | ૩૪૭૦૫ |
| ૨ | સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ | ૮૬૫૨ |
| ૩ | મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ | ૩૧૮૦૦૯ |
| ૪ | અમદાવાદ (ગ્રામ્ય) ડિસ્ટ્રિક્ટ, અમદાવાદ | ૧૧૬૩૭૫ |
| ૫ | ઔદ્યોગિક અદાલત, અમદાવાદ | ૨૭૬૮ |
| ૬ | લેબર કોર્ટ, અમદાવાદ | ૧૫૦૪૧ |
| ૭ | ફેમીલી કોર્ટ, અમદાવાદ | ૬૩૦૫ |

(૩) લાંબા સમયથી પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરેલ છે. તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ નવી જગ્યાઓ મંજુર કરેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધિશોની કોર્ટ, ૩૪ સીનીયર સિવિલ જજની કોર્ટોને અને ૪૩ સિવિલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) રાજ્યમાં આવેલ જુદાજુદા જિલ્લાઓમાં આવેલ કોર્ટોમાં માળખાગત સુવિધાઓ જેવી કે ઝેરોક્ષ મશીન, ફેક્ષ મશીન, ફર્નિચર, ઈન્ટરકોમ ફેસેલીટી, મોબાઈલ સ્ટોરેજ સિસ્ટમ, લેન પ્રિન્ટર કોમ્પ્યુટર પુરી પાડવામાં આવેલ છે. આ માટે રૂ.૨૧,૪૨,૧૫,૦૦૦/– નો ખર્ચ થયેલ છે. સને ૨૦૧૩–૧૪ના વર્ષમાં કોર્ટ બિલ્ડીંગ, ન્યાયધિશો અને સ્ટાફના રહેણાંકના મકાનો વગેરે માટે રૂ. ૬૯૦ કરોડની વહીવટી મંજૂરી આપેલ છે. રાજ્યના તાબાના તમામ ન્યાયધિશોને તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા સને ૨૦૧૩–૧૪ વર્ષ દરમ્યાન ન્યાયધિશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાત ઉચ્ચ ન્યાયાલય સહિત ન્યાયાલયો માટે રૂ. ૪૫૦/ કરોડના ખર્ચે લેપટોપની સુવિધા પુરી પાડેલ છે તે જ રીતે એ.પી.પી.ઓ. માટે રૂ. ૨/– કરોડના ખર્ચે લેપ્ટોપ ઈ–લાયબ્રેરીની

સુવિધા પુરી પાડેલ છે. તેમજ એ.પી.પી.ઓને ગુજરાત નેસનલ લો યુનિવર્સિટીમાં ૪ દિવસની તાલીમ પુરી પાડેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૪) રાજ્યમાં આવેલ જુદાજુદા જિલ્લાઓમાં સને ૨૦૧૩માં અનુક્રમે કુલ ૧૦૯૮૯ લોક અદાલતો યોજવામાં આવેલ, સને ૨૦૧૩માં ૪૧૬૭૦૭ કેસો પૈકી ૨,૨૩,૩૬૧ કેસોનો નિકાલ થયેલ છે અને ૧૩ કરોડનો એવોર્ડ જાહેર કરવામાં આવેલ છે.

(૫) રાજ્યમાં આવેલ ૨૨ જિલ્લાઓમાં મીડીયેશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે. જેમાં સમાધાનલાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે નિરાકરણ થાય છે, અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછુ કરવામાં મદદ કરે છે.

(૬) રાજ્યમાં આવેલ જિલ્લા જ્યુડીશરીમાં પડતર કેસોનો ઝડપી નિકાલ કરવા માટે સિવિલ અને ફોજદારી મેન્યુઅલમાં સુધારો કરીને ન્યાયીક કામગીરીમાં ૪૫ મિનિટનો વધારો કરેલ છે.

-------

## રાજકોટ જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવા હાથ ધરાયેલ યોજનાઓ

અતારાંકિતઃ ૩૧૮૧ (૧૮-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લા-તાલુકાઓમાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈ સુવિધાઓ વધારવા સરકારે કઈ કઈ યોજના હાથ ધરી છે,

(૨) આના લીધે કેટલા હેકટરમાં સિંચાઈ થાય તેમ છે અને કયા કયા ગામોને લાભ મળે તેમ છે,

(૩) આ યોજના હેઠળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને

(૪) કયાં સુધીમાં યોજના પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:** (૧-૮-૧૪)

(૧) ૫૪૧ ચેકડેમો બાંધવાની તેમજ અછત રાહત હેઠળ બંધાયેલ તળાવો પૈકી ૧૮ તળાવોને સલામત તબક્કે લઈ જવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) ૮૭૬૯ હેકટરમાં સિંચાઈની સુવિધા અને **પત્રક-૧** મુજબનાં ૧૫૫ ગામોને સિંચાઈનો લાભ મળતો થયેલ છે.

(૩) રૂ. ૪૯૦૨.૨૪ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

(૪) ૫૩૭ ચેકડેમના કામો પૂર્ણ થયેલ છે. અને ૪ ચેકડેમો પ્રગતિ હેઠળ છે, જે ૩/૨૦૧૫માં પૂર્ણ કરવાનું આયોજન છે. તેમજ ૧૬ તળાવોનાં કામો પૂર્ણ થયેલ છે અને ૨ તળાવોને સલામત તબક્કે લઈ જવાની કામગીરી ૨/૨૦૧૫માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક - ૧**

| ક્રમ | ગામું નામ | ક્રમ | ગામું નામ | ક્રમ | ગામું નામ |
|---|---|---|---|---|---|
| | **તાલુકોઃ ગોંડલ** | | **તાલુકોઃ મોરબી** | | **તાલુકોઃ ટંકારા** |
| ૧ | આંબરડી | ૩૦ | હાથાસણી | ૫૯ | ખાખરેચી |
| ૨ | દડવા હમીરપરા | ૩૧ | ઈશ્વરીયા | ૬૦ | વેજલપર |
| ૩ | ડેયા | ૩૨ | જંગવડ | | **તાલુકોઃ મોરબી** |
| ૪ | ગોમટા | ૩૩ | જસદણ (એમ) | ૬૧ | મોટીવાવડી |
| ૫ | ગુંદાસરા | ૩૪ | કલાસર | ૬૨ | ગોરખીજડીયા |
| ૬ | કમરકોટડા | ૩૫ | કાનેસરા | ૬૩ | ઘુટુ |
| ૭ | કોલીથડ | ૩૬ | કંસોલીયા | ૬૪ | જેતપુર |
| ૮ | મસીતાળા | ૩૭ | લીલાપર | ૬૫ | કેરાળા |
| ૯ | મુંગાવાવડી | ૩૮ | મોધુકા | ૬૬ | ખાનપુર |
| ૧૦ | પાટીદડ | ૩૯ | મોટીલાખાવડ | ૬૭ | ધુનડા |
| ૧૧ | સુલ્તાનપર | ૪૦ | નવાગામ | ૬૮ | વનાળીયા |
| ૧૨ | વાસાવડ | ૪૧ | રણજીતગઢ | | **તાલુકોઃ પડધરી** |
| ૧૩ | વેજાગામ | ૪૨ | સનાળા | ૬૯ | બાધી |

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|
| | **તાલુકોઃ ગોંડલ** | | **તાલુકોઃ મોરબી** | | **તાલુકોઃ ટંકારા** |
| ૧૪ | વણથલી | ૪૩ | સોમપીપલીયા | ૭૦ | ચણોલ મોટી |
| | **તાલુકોઃ જામ કંડોરણા** | ૪૪ | વડોદ | ૭૧ | ચણોલ નવી |
| ૧૫ | સોડવદર | ૪૫ | વીરનગર | ૭૨ | છેલ્લી ઘોડી |
| ૧૬ | થોરાળા | | **તાલુકોઃ જેતપુર** | ૭૩ | દોમડા ભાયાણી |
| ૧૭ | ખજુરડા | ૪૬ | ચારણીયા | ૭૪ | હડમતીયા |
| ૧૮ | રોઘેલ | ૪૭ | દેવકી ગાલોલ | ૭૫ | હરીપર |
| | **તાલુકોઃ જસદણ** | ૪૮ | કેરાળી | ૭૬ | જીલરીયા |
| ૧૯ | અજમેર | ૪૯ | મેવાસા | ૭૭ | જીવાપર |
| ૨૦ | આમ્બરડી | ૫૦ | થાણાગાલોલ | ૭૮ | કેરાળા |
| ૨૧ | અંકડીયા | ૫૧ | ઉમરાળી | ૭૯ | ખંભાળા |
| ૨૨ | આટકોટ | ૫૨ | વાડાસળા | ૮૦ | ખંઢેરી |
| ૨૩ | બલધોઈ | ૫૩ | જુનીસાંકળી | ૮૧ | ખીજડીયા મોટા |
| ૨૪ | ભડલી | ૫૪ | રબારીકા | ૮૨ | મેટોડા |
| ૨૫ | બોઘરાવદર | ૫૫ | કાગવડ | ૮૩ | મોવીયા |
| ૨૬ | છાસિયા | | **તાલુકોઃ માળીયા (મિ)** | ૮૪ | રોજીયા |
| ૨૭ | ડોડીયાલા | ૫૬ | મોટા દહીસરા | ૮૫ | સાગળીયા નાના |
| ૨૮ | ગોખલાણા | ૫૭ | વાઘરવા | ૮૬ | સાલ પીપળીયા |
| ૨૯ | ગુંદાળા (જાસ) | ૫૮ | બગસરા | ૮૭ | સરપદડ |
| ૮૮ | સુવાગ | ૧૧૨ | તરઘડીયા | ૧૩૫ | ભીમોરા |
| ૮૯ | વણપરી | ૧૧૩ | ઠેબેચડા | ૧૩૬ | ગણોદ |
| ૯૦ | વીસામણ | ૧૧૪ | ઉમરાડી | ૧૩૭ | હરીયાસણ |
| ૯૧ | ખારી | ૧૧૫ | વડાળી | ૧૩૮ | કુંઢેચ |
| | **તાલુકોઃ રાજકોટ** | ૧૧૬ | મઘરવાડા | ૧૩૯ | માખીયાળા |
| ૯૨ | બેડલા | ૧૧૭ | રફાળા | ૧૪૦ | તલગણા |
| ૯૩ | ભાયાસર | | **તાલુકોઃ ટંકારા** | ૧૪૧ | ટીંબડી જામ |
| ૯૪ | ઢાંઢણી | ૧૧૮ | ટંકારા | | **તાલુકોઃ ધોરાજી** |
| ૯૫ | ડુંગરપુર | ૧૧૯ | બેડી | ૧૪૨ | મોટી મારડ |
| ૯૬ | ફાળદંગ | ૧૨૦ | સજનપર | ૧૪૩ | સુપેડી |
| ૯૭ | હલેન્ડા | ૧૨૧ | મીતાણા | ૧૪૪ | છત્રાસા |
| ૯૮ | હરીપર | ૧૨૨ | ખાખરા | ૧૪૫ | પરબડી |
| ૯૯ | હોડથલી | ૧૨૩ | કોઠારીયા | ૧૪૬ | ઝાંઝમેર |
| ૧૦૦ | જાળીયા | ૧૨૪ | ધ્રોળીયા | | **તાલુકોઃ લોધિકા** |
| ૧૦૧ | જીયાણા | ૧૨૫ | રોહીશાળા | ૧૪૭ | રાવકી |
| ૧૦૨ | કસ્તુરબાધામ | ૧૨૬ | નેકનામ | | **તાલુકોઃ વાંકાનેર** |
| ૩૬ | ખારચીયા | ૧૨૭ | મેઘપર (ઝાલા) | ૧૪૮ | કોટડાસાંગાણી |
| ૧૦૪ | ખેરડી | ૧૨૮ | વાછકપર | | **તાલુકોઃ વાંકાનેર** |
| ૧૦૫ | ખોખડદડ | ૧૨૯ | નેસડા (ખાનપર) | ૧૪૯ | રાજાવડલા |
| ૧૦૬ | ખોરાણા | ૧૩૦ | સંખપર | ૧૫૦ | મહીકા |
| ૧૦૭ | કુવાડવા | ૧૩૧ | સરાયા | ૧૫૧ | લુણસર |
| ૧૦૮ | લોઠડા | ૧૩૨ | ટોળ | ૧૫૨ | કોટડાનાયાણી |
| ૧૦૯ | મહીકા | | **તાલુકોઃ ઉપલેટા** | ૧૫૩ | પંચાસીયા |
| ૧૧૦ | નાકરાવાડી | ૧૩૩ | અરણી | ૧૫૪ | સીંધાવદર |
| ૧૧૧ | સણોસરા | ૧૩૪ | ભાયાવદર (એમ) | ૧૫૫ | મેસરીયા |

-------

**રાજકોટ જિલ્લાવાર ચેકડેમો બનાવવા માટેની અરજીઓ બાબત**

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૩૧૮૫ (૧૮–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ચેકડેમો બનાવવા માટેની કેટલી અરજીઓ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર કરી, અને

(૩) મંજૂર કરવામાં આવેલ ચેકડેમ પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા ચાલુ છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧–૮–૧૪)

(૧) પત્રક મુજબ કુલ ૧૬૦૯૨ અરજીઓ વર્ષવાર આવી.

(૨) ૧૨૨૭૩ અરજીઓ મંજૂર અને ૩૫૪૩ અરજીઓ ના મંજૂર કરી ૨૭૬ અરજીઓ તાંત્રિક ચકાસણી હેઠળ છે.

(૩) ૧૦૧૩૬ ચેકડેમો પૂર્ણ થયા ૩૦ ચેકડેમ પ્રગતિ હેઠળ છે.

**પ ત્ર ક**

| **ક્રમ** | **જિલ્લો** | **ચેકડેમો બનાવવા મળેલ અરજીઓની સંખ્યા** | | | |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૧૧–૨૦૧૨** | **વર્ષ ૨૦૧૨–૨૦૧૩** | **વર્ષ ૨૦૧૩–૨૦૧૪** | **કુલ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | પંચમહાલ | ૧૯૬ | ૯૮૧ | ૧૦ | ૧૧૮૭ |
| ૨ | ખેડા | ૩૭૨ | ૬૦૩ | ૧૫૨ | ૧૧૨૭ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વડોદરા | ૪૭૮ | ૧૩૫૭ | ૩૩૪ | ૨૧૬૯ |
| ૫ | દાહોદ | ૪૦૬ | ૧૭૧૬ | ૬ | ૨૧૨૮ |
| | **કુલ (મધ્ય.ગુજ)** | ૧૪૫૨ | ૪૬૫૭ | ૫૦૨ | ૬૬૧૧ |
| ૬ | વલસાડ | ૯૨ | ૫૪ | ૫૮ | ૨૦૪ |
| ૭ | ડાંગ | ૮૪ | ૯ | ૨૦ | ૧૧૩ |
| ૮ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | તાપી | ૧ | ૧૦ | ૦ | ૧૧ |
| ૧૦ | નર્મદા | ૫૪૧ | ૧૩૨૩ | ૦ | ૧૮૬૪ |
| ૧૧ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ભરૂચ | ૧૧૭ | ૩૦૦ | ૫૪ | ૪૭૧ |
| | **કુલ (દ.ગુજ.)** | ૮૩૫ | ૧૬૯૬ | ૧૩૨ | ૨૬૬૩ |
| ૧૩ | અમદાવાદ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૪ | બનાસકાંઠા | ૧૧૬ | ૬૧૬ | ૧૮ | ૭૫૦ |
| ૧૫ | સાબરકાંઠા | ૩૧૫ | ૭૮૦ | ૩૯૫ | ૧૪૯૦ |
| ૧૬ | મહેસાણા | ૯૩ | ૮૪ | ૩૬ | ૨૧૩ |
| ૧૭ | ગાંધીનગર | ૧૧ | ૬ | ૬ | ૨૩ |
| ૧૮ | પાટણ | ૧૨૯ | ૨૮૨ | ૨૯ | ૪૪૦ |
| | **કુલ (ઈ.ગુજ.)** | ૬૬૪ | ૧૭૬૮ | ૪૮૬ | ૨૯૧૮ |
| ૧૯ | અમરેલી | ૪૩ | ૨૦ | ૨ | ૬૫ |
| ૨૦ | ભાવનગર | ૫૪૬ | ૬૯૩ | ૧ | ૧૨૪૦ |
| ૨૧ | પોરબંદર | ૧૯ | ૯ | ૪ | ૩૨ |
| ૨૨ | જામનગર | ૭૦ | ૧૮૪ | ૭૬ | ૩૩૦ |
| ૨૩ | રાજકોટ | ૪૯ | ૨૭૦ | ૨૧૫ | ૫૩૪ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૩૯ | ૭૮ | ૦ | ૧૧૭ |
| ૨૫ | જૂનાગઢ | ૧૨ | ૨૩ | ૧૭ | ૫૨ |
| | **કુલ (સૌરાષ્ટ્ર)** | ૭૭૮ | ૧૨૭૭ | ૩૧૫ | ૨૩૭૦ |
| ૨૬ | કચ્છ | ૩૧૩ | ૯૭૦ | ૨૪૭ | ૧૫૩૦ |
| | **કુલ (ગુજરાત)** | **૪૦૪૨** | **૧૦૩૬૮** | **૧૬૮૨** | **૧૬૦૯૨** |

| **ક્રમ** | **જિલ્લો** | **મંજૂર/નામંજૂર કરેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|

| | | વર્ષ ૨૦૧૧-૨૦૧૨ | | વર્ષ ૨૦૧૨-૨૦૧૩ | | વર્ષ ૨૦૧૩-૨૦૧૪ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** |
| ૧ | ૨ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | પંચમહાલ | ૧૧૨ | ૮૪ | ૮૪૧ | ૧૪૦ | ૦ | ૧૦ | ૯૫૩ | ૨૩૪ |
| ૨ | ખેડા | ૩૪૨ | ૩૦ | ૫૬૩ | ૪૦ | ૧૩૫ | ૧૭ | ૧૦૪૦ | ૮૭ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | વડોદરા | ૧૮૨ | ૨૯૬ | ૭૪૩ | ૬૧૪ | ૮૦ | ૨૫૪ | ૧૦૦૫ | ૧૧૬૪ |
| ૫ | દાહોદ | ૨૭૭ | ૧૨૯ | ૪૬૯ | ૧૨૪૭ | ૦ | ૬ | ૭૪૬ | ૧૩૮૨ |
| | **કુલ (મધ્ય.ગુજ)** | ૯૧૩ | ૫૩૯ | ૨૬૧૬ | ૨૦૪૧ | ૨૧૫ | ૨૮૭ | ૩૭૪૪ | ૨૮૬૭ |
| ૬ | વલસાડ | ૯૨ | ૦ | ૫૪ | ૦ | ૫૮ | ૦ | ૨૦૪ | ૦ |
| ૭ | ડાંગ | ૮૪ | ૦ | ૯ | ૦ | ૦ | ૨૦ | ૯૩ | ૨૦ |
| ૮ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | તાપી | ૧ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૧ | ૧૦ |
| ૧૦ | નર્મદા | ૫૩૫ | ૬ | ૧૩૧૨ | ૧૧ | ૦ | ૦ | ૧૮૪૭ | ૧૭ |
| ૧૧ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ભરૂચ | ૧૧૭ | ૦ | ૨૯૬ | ૪ | ૪૯ | ૫ | ૪૬૨ | ૯ |
| | **કુલ (દ.ગુજ.)** | ૮૨૯ | ૬ | ૧૬૭૧ | ૨૫ | ૧૦૭ | ૨૫ | ૨૬૦૭ | ૫૬ |
| ૧૩ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| ૧૪ | બનાસકાંઠા | ૧૧૦ | ૬ | ૫૯૧ | ૨૫ | ૧૮ | ૦ | ૭૧૯ | ૩૧ |
| ૧૫ | સાબરકાંઠા | ૨૯૦ | ૨૫ | ૭૩૯ | ૪૧ | ૩૭૨ | ૨૩ | ૧૪૦૧ | ૮૯ |
| ૧૬ | મહેસાણા | ૯૩ | ૦ | ૮૪ | ૦ | ૩૬ | ૦ | ૨૧૩ | ૦ |
| ૧૭ | ગાંધીનગર | ૧૧ | ૦ | ૬ | ૦ | ૬ | ૦ | ૨૩ | ૦ |
| ૧૮ | પાટણ | ૧૨૫ | ૪ | ૨૮૦ | ૨ | ૨૬ | ૩ | ૪૩૧ | ૯ |
| | **કુલ (ઈ.ગુજ.)** | ૬૨૯ | ૩૫ | ૧૭૦૦ | ૬૮ | ૪૬૦ | ૨૬ | ૨૭૮૯ | ૧૨૯ |
| ૧૯ | અમરેલી | ૪૩ | ૦ | ૨૦ | ૦ | ૨ | ૦ | ૬૫ | ૦ |
| ૨૦ | ભાવનગર | ૩૬૨ | ૩૨ | ૫૧૪ | ૫૫ | ૧ | ૦ | ૮૭૭ | ૮૭ |
| ૨૧ | પોરબંદર | ૬ | ૧૩ | ૩ | ૬ | ૧ | ૩ | ૧૦ | ૨૨ |
| ૨૨ | જામનગર | ૫૯ | ૧૧ | ૧૩૯ | ૪૫ | ૨ | ૭૪ | ૨૦૦ | ૧૩૦ |
| ૨૩ | રાજકોટ | ૪૯ | ૦ | ૨૭૦ | ૦ | ૨૧૫ | ૦ | ૫૩૪ | ૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૩૯ | ૦ | ૭૮ | ૦ | ૦ | ૦ | ૧૧૭ | ૦ |
| ૨૫ | જૂનાગઢ | ૧ | ૧૧ | ૦ | ૨૩ | ૦ | ૧૭ | ૧ | ૫૧ |
| | **કુલ (સૌરાષ્ટ્ર)** | ૫૫૯ | ૬૭ | ૧૦૨૪ | ૧૨૯ | ૨૨૧ | ૯૪ | ૧૮૦૪ | ૨૯૦ |
| ૨૬ | કચ્છ | ૩૧૩ | ૦ | ૯૦૭ | ૬૩ | ૧૦૯ | ૧૩૮ | ૧૩૨૯ | ૨૦૧ |
| | **કુલ (ગુજરાત)** | **૩૨૪૩** | **૬૪૭** | **૭૯૧૮** | **૨૩૨૬** | **૧૧૧૨** | **૫૭૦** | **૧૨૨૭૩** | **૩૫૪૩** |

| **ક્રમ** | **જિલ્લો** | **તા.૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ ચેકડેમો પૈકી** | |
|---|---|---|---|
| | | **પૂર્ણ થયેલ ચેકડેમની સંખ્યા** | **પ્રગતિ હેઠળની ચેકડેમની સંખ્યા** |
| ૧ | ૨ | ૧૫ | ૧૬ |
| ૧ | પંચમહાલ | ૫૮૩ | ૩ |
| ૨ | ખેડા | ૬૨૪ | ૦ |
| ૩ | આણંદ | ૦ | ૦ |
| ૪ | વડોદરા | ૮૮૪ | ૦ |
| ૫ | દાહોદ | ૩૪૬ | ૧૩ |
| | **કુલ (મધ્ય.ગુજ)** | ૨૪૩૭ | ૧૬ |
| ૬ | વલસાડ | ૨૦૪ | ૦ |
| ૭ | ડાંગ | ૯૩ | ૦ |
| ૮ | સુરત | ૦ | ૦ |
| ૯ | તાપી | ૧ | ૦ |
| ૧૦ | નર્મદા | ૧૫૬૦ | ૦ |
| ૧૧ | નવસારી | ૦ | ૦ |
| ૧૨ | ભરૂચ | ૪૫૨ | ૦ |
| | **કુલ (દ.ગુજ.)** | ૨૩૧૦ | ૦ |
| ૧૩ | અમદાવાદ | ૦ | ૦ |
| ૧૪ | બનાસકાંઠા | ૭૧૫ | ૦ |
| ૧૫ | સાબરકાંઠા | ૧૦૭૨ | ૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | મહેસાણા | ૨૧૩ | ૦ |
| ૧૭ | ગાંધીનગર | ૨૩ | ૦ |
| ૧૮ | પાટણ | ૪૦૮ | ૦ |
| | **કુલ (ઈ.ગુજ.)** | ૨૪૩૧ | ૧૧ |
| ૧૯ | અમરેલી | ૧૯ | ૧ |
| ૨૦ | ભાવનગર | ૭૭૨ | ૦ |
| ૨૧ | પોરબંદર | ૧૦ | ૦ |
| ૨૨ | જામનગર | ૧૭૬ | ૨ |
| ૨૩ | રાજકોટ | ૫૩૪ | ૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૧૭ | ૦ |
| ૨૫ | જૂનાગઢ | ૧ | ૦ |
| | **કુલ (સૌરાષ્ટ્ર)** | ૧૬૨૯ | ૩ |
| ૨૬ | કચ્છ | ૧૩૨૯ | ૦ |
| | **કુલ (ગુજરાત)** | **૧૦૧૩૬** | **૩૦** |

-------

**જળસંપત્તિ પ્રભાગમાં રહેમરાહે નોકરીના પડતર કેસ**

અતારાંકિતઃ ૩૨૮૫ (૧૫–૭–૧૪) **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ જળસંપત્તિ પ્રભાગ પાસે રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો પડતર છે, અને

(૨) તે અન્વયે તા.૫–૭–૨૦૧૧ ના પરિપત્ર અન્વયે તે પહેલાની રહેમરાહે નોકરી અન્વયે કેટલાને નોકરીઓ અપાઈ છે અને કેટલાને બાકી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૪–૯–૧૪)

(૧) રહેમરાહે નિમણૂંક અંગેના ૧૧ કેસ પેન્ડિંગ છે.

(૨) તા.૫–૭–૨૦૧૧ પરિપત્ર પછી તે પહેલાની રહેમરાહે નોકરી કોર્ટ કેસના આધારે ૩ (ત્રણ) રહેમરાહે નોકરી અપાયેલ છે. ૧૧ કેસ પેન્ડિંગ છે.

-------

**રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ વહીવટી અને નાણાકીય ગેરરીતિની ફરિયાદો**

અતારાંકિતઃ ૨૬૬૫ (૨૫–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં પેમેન્ટ ન કરવા, અધુરા કરવા જેવી વહીવટી અને નાણાંકીય ગેરરીતિની કેટલી ફરિયાદો મળી, અને

(૨) આવી ગેરરીતિઓ અટકાવવા શાં પગલાં લીધા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૮–૯–૧૪)

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં પેમેન્ટ ન કરવા, અધુરા કરવા જેવી વહીવટી અને નાણાંકીય ગેરરીતિની ફરિયાદોની વિગત **પત્રક–અ** મુજબ સામેલ છે.

(૨) આવી ગેરરીતિઓ અટકાવવા સરકારશ્રી દ્વારા યોજના અંતર્ગત હાથ ધરાયેલ કામોનું સામાજીક ઓડીટ, લોકપાલની નિમણૂંક ઈ.એફ.એમ.એસ. પદ્ધતિથી શ્રમિકોના ખાતામાં સીધુ ચૂકવણું, ભૌગોલીક માહિતી પદ્ધતિની ટેકનોલોજીનો ઉપયોગ તથા ચૂકવણું કરવામાં આવતા પહેલાં તમામ બિલનું પ્રિ–ઓડીટ જેવા પગલા લેવામાં આવે છે.

**પત્રક–અ**

**રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ વહીવટી અને નાણાંકીય ગેરરીતિની ફરિયાદો**

| **અ.નં.** | **જિલ્લો** | **તા. ૩૦/૧૧/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં પેમેન્ટ ન મળવા, અધુરા કરવા, જેની વહીવટી અને નાણાંકીય ગેરરીતિની ફરીયાદો** | | | |
|---|---|---|---|---|---|
| | | **તા. ૧/૧૨/૨૦૧૦ થી તા. ૩૦/૧૧/૨૦૧૧** | **તા. ૧/૧૨/૨૦૧૧ થી તા. ૩૦/૧૧/૨૦૧૨** | **તા. ૧/૧૨/૨૦૧૨ થી તા. ૩૦/૧૧/૨૦૧૩** | **કુલ** |

| અ.નં. | જિલ્લો | તા. ૩૦/૧૧/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નરેગા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં પેમેન્ટ ન મળવા, અધુરા કરવા, જેની વહીવટી અને નાણાંકીય ગેરરીતિની ફરીયાદો | | | |
|---|---|---|---|---|---|
| | | તા. ૧/૧૨/૨૦૧૦ થી તા. ૩૦/૧૧/૨૦૧૧ | તા. ૧/૧૨/૨૦૧૧ થી તા. ૩૦/૧૧/૨૦૧૨ | તા. ૧/૧૨/૨૦૧૨ થી તા. ૩૦/૧૧/૨૦૧૩ | કુલ |
| ૧ | અમદાવાદ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૨ | અમરેલી | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૪ |
| ૩ | આણંદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | બનાસકાંઠા | ૦૦ | ૦૪ | ૦૪ | ૦૮ |
| ૫ | ભરૂચ | ૦૧ | ૦૨ | ૩૬ | ૩૯ |
| ૬ | ભાવનગર | ૬૬ | ૩૮ | ૬૮ | ૧૭૨ |
| ૭ | ડાંગ | ૨૯ | ૧૧૩ | ૨૬૩ | ૪૦૫ |
| ૮ | દાહોદ | ૦૨ | ૦૫ | ૧૩ | ૨૦ |
| ૯ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | જામનગર | ૧૧ | ૧૪ | ૧૧ | ૩૬ |
| ૧૧ | જૂનાગઢ | ૩૨ | ૩૧ | ૬૪ | ૧૨૭ |
| ૧૨ | કચ્છ | ૧૦૫ | ૧૯ | ૬૯ | ૧૯૩ |
| ૧૩ | ખેડા | ૧૯ | ૪૩ | ૭૬ | ૧૩૮ |
| ૧૪ | મહેસાણા | ૦૨ | ૦૬ | ૦૮ | ૧૬ |
| ૧૫ | નર્મદા | ૫૮ | ૩૧ | ૫૮ | ૧૪૭ |
| ૧૬ | નવસારી | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૭ |
| ૧૭ | પંચમહાલ | ૧૨ | ૧૩ | ૦૫ | ૩૦ |
| ૧૮ | પાટણ | ૦૩ | ૦૨ | ૧૨ | ૧૭ |
| ૧૯ | પોરબંદર | ૨૭ | ૩૩ | ૨૦ | ૮૦ |
| ૨૦ | રાજકોટ | ૦૮ | ૦૮ | ૧૫ | ૩૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૨૨ | સુરત | ૧૦ | ૧૫ | ૧૮ | ૪૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૨૪ | તાપી | ૦૦ | ૦૪ | ૦૨ | ૦૬ |
| ૨૫ | વડોદરા | ૧૨ | ૧૯ | ૧૦ | ૪૧ |
| ૨૬ | વલસાડ | ૦૦ | ૦૫ | ૧૭ | ૨૨ |
| | **કુલ** | **૪૦૦** | **૪૧૪** | **૭૭૫** | **૧૫૮૯** |

-------

**રાજ્યમાં જિલ્લાવાર તલાટીઓ સેજામાં ન રહેવા બાબત**

અતારાંકિતઃ ૨૮૯૫ (૯-૫-૨૦૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તલાટી પોતાના સેજામાં રહેતા નથી, અને

(૨) તમામ તલાટીઓ પોતાના સેજામાં રહી શકે તે માટે સરકારે શાં પગલાં લીધા?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩૧-૭-૧૪)

(૧) સામેલ પત્રક મુજબ

(૨) તમામ તલાટીઓ પોતાના સેજામાં રહી શકે તે માટે સરકારશ્રી દ્વારા મોટા ભાગના સેજાના ગામે તલાટી આવાસ બનાવેલ છે જ્યાં તલાટી આવાસ ઉપલબ્ધ નથી ત્યાં તલાટી આવાસ બનાવવાની કામગીરી કાર્યાન્વિત છે.

સરકારશ્રી દ્વારા તલાટીઓએ સેજામાં રહેવા માટે જરૂરી પરિપત્રો કરી, તલાટીઓએ સેજામાં અચૂક હાજરી આપવી, બાકીના સેજાના અન્ય ગામોએ જવા માટે તેમજ કાર્યક્રમ મુજબ કામગીરીના દિવસો ગ્રામ પંચાયત અને જાહેર સ્થળે પ્રસિધ્ધ કરવા, મૂવમેન્ટ રજીસ્ટર

નિભાવી તેમાં નોંધ કરવી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓએ તથા તેમના અધિકારીશ્રીઓ દ્વારા ઓચિંતી મુલાકાત લઈ તલાટી કમ મંત્રીની સેજામાં અનિયમિતતા/ગેરહાજરી અંગે શિસ્ત ભંગના પગલાં લેવા સૂચનાઓ પરિપત્રિત કરેલ છે. તે અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા અમલ કરવામાં આવે છે.

**પત્રક**

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા તલાટી પોતાના સેજામાં રહેતા નથી તેની વિગતો** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ |
| ૨ | અમરેલી | ૦ |
| ૩ | આણંદ | ૧૭૫ |
| ૪ | બનાસકાંઠા | ૦ |
| ૫ | ભાવનગર | ૦ |
| ૬ | ભરૂચ | ૦ |
| ૭ | દાહોદ | ૦ |
| ૮ | ડાંગ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૧૪૬ |
| ૧૦ | જામનગર | ૦ |
| ૧૧ | જૂનાગઢ | ૦ |
| ૧૨ | ખેડા | ૫૫ |
| ૧૩ | કચ્છ | ૦ |
| ૧૪ | મહેસાણા | ૮ |
| ૧૫ | નર્મદા | ૦ |
| ૧૬ | નવસારી | ૨૫ |
| ૧૭ | પંચમહાલ | ૦ |
| ૧૮ | પાટણ | ૦ |
| ૧૯ | પોરબંદર | ૬૬ |
| ૨૦ | રાજકોટ | ૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૦ |
| ૨૨ | સાબરકાંઠા | ૦ |
| ૨૩ | સુરત | ૦ |
| ૨૪ | તાપી | ૦ |
| ૨૫ | વડોદરા | ૦ |
| ૨૬ | વલસાડ | ૧૩૪ |
| | **કુલ** | **૬૦૯** |

------

**રાજ્યમાં જિલ્લાવાર મનરેગા યોજનાનો ખર્ચ**

અતારાંકિતઃ ૨૮૯૮ (૯-૫-૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૮-૮-૧૪)

તા. ૩૧/૧૨/૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર થયેલ કુલ ખર્ચ નીચે મુજબ છે (રકમ રૂ. લાખમાં)

| **અ.નં.** | **જિલ્લાનું નામ** | **૨૦૦૯** | **૨૦૧૦** | **૨૦૧૧** | **૨૦૧૨** | **૨૦૧૩** |
|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૩૪૬.૦૩ | ૪૮૯૬.૯૧ | ૫૮૯૭.૨૪ | ૮૭૦૭.૦૦ | ૪૯૮૬.૯૨ |
| ૨ | ડાંગ | ૧૩૪૦.૫૨ | ૪૨૨૯.૪૫ | ૧૬૭૮.૭૬ | ૧૪૦૧.૪૪ | ૧૧૨૨.૦૯ |

| અ.નં. | જિલ્લાનું નામ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ |
|---|---|---|---|---|---|---|
| ૩ | દાહોદ | ૩૭૩૫.૩૭ | ૩૯૫૮.૯૧ | ૬૨૪૫.૩૨ | ૬૧૫૩.૪૨ | ૪૬૨૪.૩૭ |
| ૪ | નર્મદા | ૧૯૯૧.૦૪ | ૩૧૧૦.૦૮ | ૩૭૮૮.૭૭ | ૪૮૬૯.૨૬ | ૩૯૧૫.૪૨ |
| ૫ | પંચમહાલ | ૫૦૬૦.૭૬ | ૬૪૫૫.૯૫ | ૬૮૧૬.૨૪ | ૫૮૧૭.૦૦ | ૪૮૬૪.૧૭ |
| ૬ | સાબરકાંઠા | ૩૬૪૦.૫૬ | ૫૫૬૯.૩૦ | ૯૨૯૪.૭૪ | ૬૬૫૭.૨૯ | ૨૦૧૧.૯૭ |
| ૭ | ભરૂચ | ૧૧૨૮.૭૧ | ૮૧૮.૬૬ | ૭૬૨.૧૩ | ૯૩૧.૬૮ | ૯૬૨.૪૩ |
| ૮ | નવસારી | ૧૨૧૬.૧૮ | ૧૧૩૦.૧૩ | ૧૫૬૪.૯૪ | ૨૦૧૩.૨૪ | ૧૮૯૬.૯૮ |
| ૯ | વલસાડ | ૭૯૪.૮૩ | ૧૫૩૮.૬૧ | ૧૨૦૨.૧૪ | ૧૧૬૧.૮૦ | ૧૦૮૪.૪૯ |
| ૧૦ | અમદાવાદ | ૧૦૫૭.૪૫ | ૧૧૬૭.૧૧ | ૧૪૬૩.૩૮ | ૧૧૯૨.૭૫ | ૫૮૫.૮૭ |
| ૧૧ | અમરેલી | ૧૦૩૯.૨૨ | ૧૫૨૩.૫૬ | ૨૭૩.૪૬ | ૯૬૫.૦૦ | ૧૬૪૫.૭૭ |
| ૧૨ | આણંદ | ૪૬૦.૦૫ | ૭૧૬.૨૩ | ૭૨૪.૬૪ | ૧૦૫૨.૫૩ | ૧૫૩૮.૫૫ |
| ૧૩ | ભાવનગર | ૧૫૩૭.૬૨ | ૧૯૨૬.૫૩ | ૬૬૬.૮૨ | ૫૨૧.૪૦ | ૧૧૭૦.૫૯ |
| ૧૪ | ગાંધીનગર | ૫૦૮.૯૯ | ૬૨૮.૯૮ | ૮૩૦.૩૯ | ૧૦૩૬.૬૮ | ૭૧૫.૬૬ |
| ૧૫ | જામનગર | ૪૭૦.૭૦ | ૮૩૫.૭૦ | ૧૦૮૬.૭૧ | ૧૨૩૦.૪૩ | ૮૫૨.૩૧ |
| ૧૬ | જૂનાગઢ | ૩૪૪૦.૨૮ | ૪૬૮૦.૭૪ | ૨૩૦૯.૭૬ | ૨૫૯૨.૪૩ | ૩૨૮૭.૮૨ |
| ૧૭ | કચ્છ | ૩૨૨૦.૨૬ | ૬૧૬૯.૦૫ | ૧૪૦૨.૧૬ | ૧૬૬૧.૯૫ | ૫૫૦.૪૯ |
| ૧૮ | ખેડા | ૧૬૪૪.૦૩ | ૧૨૯૭.૧૬ | ૧૩૨૧.૫૦ | ૧૭૮૨.૨૯ | ૧૩૯૮.૭૫ |
| ૧૯ | મહેસાણા | ૭૪૫.૧૮ | ૧૨૧૪.૦૫ | ૮૨૧.૦૬ | ૧૪૪૬.૭૭ | ૧૧૩૮.૨૧ |
| ૨૦ | પાટણ | ૧૮૩૭.૧૬ | ૨૨૭૩.૨૪ | ૨૪૪૧.૭૧ | ૨૨૪૫.૫૫ | ૧૫૮૩.૨૦ |
| ૨૧ | પોરબંદર | ૮૧૪.૮૬ | ૧૮૯૪.૮૧ | ૩૩૦.૧૪ | ૪૧૨.૯૬ | ૪૭૩.૬૮ |
| ૨૨ | રાજકોટ | ૩૨૨૬.૩૩ | ૨૧૮૪.૦૦ | ૧૭૩૮.૩૩ | ૧૦૦૧.૧૮ | ૧૩૭૨.૮૭ |
| ૨૩ | સુરત | ૧૩૦૯.૨૯ | ૨૧૪૯.૮૨ | ૧૩૪૯.૮૧ | ૧૫૪૩.૩૦ | ૧૩૧૨.૫૦ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૬૪૦.૨૮ | ૨૮૫૯.૯૧ | ૩૪૬૬.૩૪ | ૨૭૯૬.૧૪ | ૧૧૦૨.૪૨ |
| ૨૫ | તાપી | ૨૨૧૪.૨૮ | ૩૭૪૧.૪૨ | ૩૯૫૭.૮૫ | ૪૬૪૭.૬૪ | ૩૧૮૩.૬૦ |
| ૨૬ | વડોદરા | ૨૬૫૮.૭૯ | ૫૭૪૧.૮૬ | ૫૯૯૪.૬૦ | ૪૯૯૭.૦૨ | ૪૮૭૦.૧૬ |
| | **કુલ** | **૪૯૦૭૮.૭૭** | **૭૨૭૧૨.૧૭** | **૬૭૪૨૮.૯૪** | **૬૮૮૩૮.૧૫** | **૫૨૨૫૧.૨૯** |

------

**ગુજરાત રાજ્ય વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી ગાંધીનગર કચેરીમાં કરાર આધારિત ભરતી માટેની જાહેરાતો**

અતારાંકિતઃ ૨૯૨૩ (૯-૫-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૨૮/૨/૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત રાજ્ય વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી ગાંધીનગર કચેરીમાં કરાર આધારિત ભરતી કરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે કયા માધ્યમો દ્વારા જાહેરાતો આપી.

(૨) તેના અનુસંધાને કેટલા ઉમેદવારોએ અરજી કરી,

(૩) તે પૈકી પસંદગી કયા માપદંડોને આધારે કરવામાં આવી,

(૪) ઉક્ત બાબતમાં કોઈ નિયમોનું ઉલ્લંઘન થયેલ છે કે કેમ, અને

(૫) જો હા, તો આ અંગે કેટલા જવાબદાર સામે કેવા પગલાં લેવામાં આવ્યા?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧-૯-૧૪)

(૧) તા. ૨૮/૨/૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત રાજ્ય વોટરશેડ મેનેજમેન્ટ એજન્સી ગાંધીનગર કચેરીમાં કરાર આધારિત ભરતી કરવા માટે છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબના માધ્યમો દ્વારા જાહેરાતો આપી.

| ક્રમ | વર્ષ | જાહેરાતની તારીખ | જાહેરાતનું માધ્યમ | વર્તમાનપત્રનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૩-૦૫-૦૯ | વર્તમાનપત્ર | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા |
| | | ૦૧-૧૦-૦૯ | વર્તમાનપત્ર | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૨૧-૦૪-૧૦ | વર્તમાનપત્ર | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા |

| | | | | |
|---|---|---|---|---|
| | | ૨૨–૦૯–૧૦ | વર્તમાનપત્ર | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૦૩–૧૦–૧૧ | વર્તમાનપત્ર | ટાઈમ્સ ઓફ ઈન્ડિયા |
| ૪ | ૨૦૧૨–૧૩ | – | – | – |
| ૫ | ૨૦૧૩–૧૪ | – | – | – |

(૨) તેના અનુસંધાને નીચે મુજબ ઉમેદવારોએ અરજી કરી.

| ક્રમ | વર્ષ | જાહેરાતની તારીખ | આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯–૧૦ | ૨૩–૦૫–૦૯ | ૫ |
| | | ૦૧–૧૦–૦૯ | ૩૬ |
| ૨ | ૨૦૧૦–૧૧ | ૨૧–૦૪–૧૦ | ૪૪૩ |
| | | ૨૨–૦૯–૧૦ | ૫૮ |
| ૩ | ૨૦૧૧–૧૨ | ૦૩–૧૦–૧૧ | ૬૩ |
| ૪ | ૨૦૧૨–૧૩ | – | – |
| ૫ | ૨૦૧૩–૧૪ | – | – |

(૩) તે પૈકી નીચે મુજબના માપદંડોને આધારે પસંદગી કરવામાં આવી.

– શૈક્ષણિક લાયકાત

– અનુભવ

– વ્યક્તિગત ઈન્ટર્વ્યુ (વિશ્લેષણાત્મક કુશળતા, ભાષા જ્ઞાન, વલણ વિગેરે)

(૪) ના

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે રાજ્યના બજેટમાં મંજૂર કરેલ રકમ

અતારાંકિતઃ ૨૯૪૨ (૨૩–૪–૨૦૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ૨૦૧૩–૧૪ના વર્ષના રાજ્યના બજેટમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી.

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ,અને

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મંજૂર રકમ પૈકી મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૨–૮–૨૦૧૪)

(૧) ૨૦૧૩–૧૪ના વર્ષના રાજ્યના બજેટમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટે આયોજન સદરે રૂ. ૨૩૭૬ કરોડ અને આયોજન બહાર સદરે રૂ. ૨૧૮૦.૫૦ કરોડ રકમ મંજૂર કરવામાં આવી.

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ રૂ. ૨૩૬૩.૧૧ કરોડ ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) સને ૨૦૧૩–૧૪ માટે મંજુર થયેલ રકમ પૈકી માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠકનું અવારનવાર આયોજન કરવામાં આવેલ. તેમજ યોજનાઓના અમલીકરણની તેમજ સદર લક્ષ્યાંકોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ કમિશ્નરશ્રી (ગ્રામ વિકાસ) દ્વારા ગ્રામ વિકાસની જુદી જુદી યોજનાઓમાં જુદા જુદા કામ માટે પુરતું આયોજન કરવામાં આવેલ છે.

–––––––

## રાજ્યમાં જિલ્લાવાર જિલ્લા પંચાયતોને જમીન મહેસુલ ઉપર સ્થાનિક ઉપકરની ચુકવવાની બાકી રકમ

અતારાંકિતઃ ૩૦૭૯ (૫–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર જિલ્લા પંચાયતોને જમીન મહેસૂલ ઉપર સ્થાનિક ઉપકરની કેટલી રકમ વર્ષવાર ચુકવવાની બાકી છે.

(૨) તે પૈકી કઈ કઈ જિલ્લા પંચાયત તરફથી રકમ ચુકવવા સરકારને ક્યારે ક્યારે રજૂઆત કરી.

(૩) આ રકમ ક્યારથી ચુકવવાની બાકી છે અને તેના કારણો શા છે, અને

(૪) આ રકમ જિલ્લા પંચાયતોને ક્યાં સુધીમાં ચુકવવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩૦–૭–૧૪)

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લાવાર જિલ્લા પંચાયતોને જમીન મહેસૂલ ઉપર સ્થાનિક ઉપકરની કેટલી રકમ વર્ષવાર ચુકવવાની વિગત દર્શાવતું **પત્રક–૧** આ સાથે સામેલ છે.

(૨) તે પૈકી જિલ્લા પંચાયત તરફથી રકમ ચુકવવા સરકારને કરેલ રજૂઆતની વિગત દર્શાવતું **પત્રક–૨** આ સાથે સામેલ છે.

(૩) સદર રકમ તા. ૨૭–૬–૨૦૧૩થી જિલ્લા પંચાયતો તરફથી મળેલ દરખાસ્તો મર્યાદિત મંજુર બજેટ જોગવાઈને કારણે ચુકવવાની બાકીમાં છે.

(૪) સરકારશ્રી દ્વારા ચાલુ નાણાંકિય વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ. ૫૫.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે જે પૈકી રૂા. ૧૮,૩૨,૬૦,૦૦૦/–ની ફાળવણી ચાલુ માસમાં જિલ્લા પંચાયતોને કરવામાં આવશે અને બાકીની રકમ ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી ફાળવી આપવામાં આવશે.

**પત્રક–૧**

**તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ સ્થાનિક ઉપકરની વર્ષવાર ચુકવવાની બાકી રકમ**

| **ક્રમ** | **જિલ્લા** | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **કુલ ચુકવવાની બાકી રકમ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | – | – | ૪૯૫૧૨૩૮૧ | ૪૯૫૧૨૩૮૧ |
| ૨ | અમરેલી | – | ૨૨૨૫૩૨૬.૪૪ | ૧૮૦૯૭૧૧.૪૮ | ૪૦૩૫૦૩૮ |
| ૩ | આણંદ | ૨૧૭૩૯૨૩ | ૧૪૮૭૫૮૪૭ | દરખાસ્ત મળેલ નથી. | ૧૭૦૪૯૭૭૦ |
| ૪ | બનાસકાંઠા | – | જાન્યુ–૧૨ થી દરખાસ્ત મળેલ નથી. | | |
| ૫ | ભરૂચ* | – | ૭૧૪૩૮૬૮ | ૮૪૬૧૪૧૭૭ | ૯૧૭૫૮૦૪૫ |
| ૬ | ભાવનગર | – | ઓગસ્ટ–૧૨ થી જુલાઈ–૧૩ | | ૩૩૨૬૫૫૬૮ |
| ૭ | દાહોદ | – | – | – | – |
| ૮ | ડાંગ | લાગુ પડતું નથી | | | |
| ૯ | ગાંધીનગર | દરખાસ્ત મળેલ નથી. | | | |
| ૧૦ | જામનગર | – | ૧૦૦૪૬૨૧૧.૨૦ | | ૧૦૦૪૬૨૧૧ |
| ૧૧ | જુનાગઢ | – | ૨૨૪૫૫૩૧૧.૫૦ | ૬૧૯૮૪૮૦.૩૩ | ૨૮૬૫૩૭૯૨ |
| ૧૨ | ખેડા | – | – | – | – |
| ૧૩ | કચ્છ | – | – | – | – |
| ૧૪ | મહેસાણા* | – | – | ૧૧૪૧૧૬૩ | ૧૧૪૧૧૬૩ |
| ૧૫ | નર્મદા | – | ૩૪૨૯૩૨૦ | ૩૨૯૭૬૬૩ | ૬૭૨૬૯૮૩ |
| ૧૬ | નવસારી | ૧૧૩૯૮૧૭૪ | ૧૧૮૪૯૦૩૫ | – | ૨૩૨૪૭૨૦૯ |
| ૧૭ | પંચમહાલ | – | – | – | |
| ૧૮ | પાટણ | – | – | – | |
| ૧૯ | પોરબંદર | – | – | – | |
| ૨૦ | રાજકોટ | દરખાસ્ત મળેલ નથી. | | | |
| ૨૧ | સાબરકાંઠા | – | ૧૯૦૫૩૨૭૨ | | ૧૯૦૫૩૨૭૨ |
| ૨૨ | સુરત | – | – | – | |
| ૨૩ | સુરેન્દ્રનગર* | – | ૩૭૦૯૯૫૨.૪૦ | ૯૧૦૩૨૪૫.૬૫ | ૧૨૮૧૩૧૯૭ |
| ૨૪ | વડોદરા | ૨૭૯૬૮૧૯ | – | ૫૫૦૭૧૭૦૮ | ૫૭૮૬૮૫૨૭ |
| ૨૫ | વલસાડ | – | ૧૪૧૮૧૦૫૫ | | ૧૪૧૮૧૦૫૫ |
| ૨૬ | તાપી | દરખાસ્ત મળેલ નથી. | | | |
| | **કુલ** | | | | **૩૬૯૩૫૨૨૧૧** |

**પત્રક–૨**

**તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ સ્થાનિક ઉપકરની વર્ષ અને તારીખવાર ચુકવવા થયેલ રજૂઆત**

| ક્રમ | જિલ્લા | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | કુલ ચુકવવાની બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ઓગસ્ટ–૧૧ થી જુલાઈ–૧૨<br>૨૬–૧૧–૨૦૧૩,<br>૨૭–૦૬–૨૦૧૪ | | | ૪૯૫૧૨૩૮૧ |
| ૨ | અમરેલી | – | નવે.૧૨ થી માર્ચ–૧૩<br>૦૫–૦૬–૨૦૧૩<br>૨૦–૦૧–૨૦૧૪<br>૨૪–૦૧–૨૦૧૪<br>૨૯–૦૧–૨૦૧૪ | એપ્રિલ–૧૩ થી ઓક્ટો–૧૩<br>૨૪–૦૧–૨૦૧૪<br>૧૦–૦૨–૨૦૧૪<br>૧૧–૦૨–૨૦૧૪<br>૦૫–૦૩–૨૦૧૪<br>૨૭–૦૩–૨૦૧૪<br>૨૭–૦૫–૨૦૧૪ | ૪૦૩૫૦૩૮ |
| ૩ | આણંદ | – | જાન્યુ–૧૨ થી માર્ચ–૧૩<br>૧૪–૦૩–૨૦૧૪ | – | ૧૭૦૪૯૭૭૦ |
| ૪ | બનાસકાંઠા | – | – | – | ૦ |
| ૫ | ભરૂચ* | માર્ચ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૪<br>તા. ૧૬–૦૨–૨૦૧૩<br>તા. ૨૬–૦૨–૨૦૧૩ | | | ૯૧૭૫૮૦૪૫ |
| ૬ | ભાવનગર | ઓગસ્ટ–૧૨ થી જુલાઈ–૧૩,<br>તા. ૧૧–૦૩–૨૦૧૪ | | | ૩૩૨૬૫૫૫૬૮ |
| ૭ | દાહોદ | – | – | – | ૦ |
| ૮ | ડાંગ | – | – | – | ૦ |
| ૯ | ગાંધીનગર | – | – | – | ૦ |
| ૧૦ | જામનગર | – | ઓગસ્ટ–૨૦૧૨ થી જુલાઈ–૨૦૧૩,<br>તા. ૦૮–૦૧–૨૦૧૪ | | ૧૦૦૪૬૨૧૧ |
| ૧૧ | જુનાગઢ | – | ઓગસ્ટ–૨૦૧૨ થી જુલાઈ–૨૦૧૩,<br>તા. ૨૦–૦૧–૨૦૧૪ | | ૨૮૬૫૩૭૯૨ |
| ૧૨ | ખેડા | – | – | – | ૦ |
| ૧૩ | કચ્છ | – | – | – | ૦ |
| ૧૪ | મહેસાણા | – | – | જાન્યુ–૨૦૧૩ થી માર્ચ–૨૦૧૩ | ૧૧૪૧૧૬૩ |
| ૧૫ | નર્મદા | ઓગસ્ટ–૨૦૧૧ થી જુલાઈ–૨૦૧૨, તા. ૧૧–૦૯–૨૦૧૩,<br>ઓગસ્ટ–૧૨ થી જુલાઈ–૨૦૧૩, તા. ૦૮–૦૭–૨૦૧૪ | | | ૬૭૨૬૯૮૩ |
| ૧૬ | નવસારી | ઓગસ્ટ–૨૦૧૧ થી જુલાઈ–૨૦૧૨, તા. ૧૧–૦૭–૨૦૧૪,<br>ઓગસ્ટ–૧૨ થી જુલાઈ–૨૦૧૩, તા. ૨૬–૦૬–૨૦૧૪ | | | ૨૩૨૪૭૨૦૯ |
| ૧૭ | પંચમહાલ | – | – | – | ૦ |
| ૧૮ | પાટણ | – | – | – | ૦ |
| ૧૯ | પોરબંદર | – | – | – | ૦ |
| ૨૦ | રાજકોટ | – | – | – | ૦ |
| ૨૧ | સાબરકાંઠા | – | ઓગસ્ટ–૧૨ થી જુલાઈ–૧૩, ૦૮–૦૧–૨૦૧૪ | | ૧૯૦૫૩૨૭૨ |
| ૨૨ | સુરત | – | – | – | ૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | – | ડીસે–૧૨ થી માર્ચ–૧૩, ૧૯–૦૮–૨૦૧૩ | એપ્રિલ–૧૩, ૨૩–૦૯–૨૦૧૩,<br>જુન–૧૩ થી નવેમ્બર–૧૩<br>૨૫–૦૨–૨૦૧૪, | ૧૨૮૧૩૧૯૭ |

| ક્રમ | જિલ્લા | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | કુલ ચુકવવાની બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | ડીસે-૧૩, ૨૮-૦૪-૨૦૧૪ | |
| ૨૪ | વડોદરા | ઓગસ્ટ-૧૧, નવે-૧૧ તા. ૨-૦૭-૨૦૧૩ | - | એપ્રિલ-૧૩ થી માર્ચ-૧૪ ૦૧-૬-૨૦૧૩, ૨૧-૬-૨૦૧૩ ૨૦-૭-૨૦૧૩, ૦૭-૧૦-૨૦૧૩ ૨૯-૧૧-૨૦૧૩, ૫-૧૨-૨૦૧૩ ૩૧-૧૨-૨૦૧૩, ૨૦-૧-૨૦૧૪ ૧-૦૩-૨૦૧૪, ૧-૦૩-૨૦૧૪ ૨૮-૩-૨૦૧૪, ૧૪-૫-૨૦૧૪ | ૫૭૮૬૮૫૨૭ |
| ૨૫ | વલસાડ | - | ઓગસ્ટ-૧૨ થી જુલાઈ-૧૩, ૧૩-૦૩-૨૦૧૪ | | ૧૪૧૮૧૦૫૫ |
| ૨૬ | તાપી | - | - | - | ૦ |
| | **કુલ** | | | | **૩૬૯૩૫૨૨૧૧** |

------------

**રાજકોટ શહેર અને જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસના લાભાર્થીઓ**

અતારાંકિતઃ ૩૨૭૮ (૯-૭-૧૪) **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના અંતર્ગત કુલ કેટલા આવાસો બાંધવાના હતા.

(૨) તે સામે કેટલા મકાનો બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ રાજકોટ શહેર અને જિલ્લામાં કેટલા આવા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૫-૯-૧૪)

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના અંતર્ગત કુલ ૬,૩૫,૪૯૭ આવાસો બે વર્ષની સમયમર્યાદામાં લાભાર્થીએ જાતે બાંધવાના હતા.

(૨) તે સામે કુલ ૩૩૨૧૧૪ મકાનો બાંધવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ રાજકોટ શહેરમાં શૂન્ય અને રાજકોટ જિલ્લામાં ૭૦૧ આવાસો લાભાર્થીઓને આપવામાં આવેલ છે.

-------

**રાજ્યમાં પાંજરાપોળોએ માંગેલ જમીન**

અતારાંકિતઃ ૧૯૪૩ (૨-૮-૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં કઈ કઈ પાંજરાપોળોએ સરકાર સમક્ષ કરેલ જમીનની માંગણીઓ તા. ૩૦ જૂન-૨૦૧૩ની સ્થિતિએ પડતર છે.

(૨) આ સેવાભાવી સંસ્થાઓને જમીન ફાળવવા શી કાર્યવાહી થઈ છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (મહેસુલ) **:** (૧૬-૮-૧૪)

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ

(૨) નિયમાનુસાર ચકાસણી બાદ યોગ્ય જણાયે ફાળવવામાં આવનાર છે.

-------

**પત્રક-અ**

**રાજ્યમાં પાંજરાપોળોએ સરકાર સમક્ષ કરેલ જમીનની તા. ૩૦-૬-૨૦૧૩ની સ્થિતિએ પડતર માંગણીઓની વિગત દર્શાવતું પત્રક :-**

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ | કરેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|

| ક્રમ | જિલ્લો | પડતર અરજીઓ | કરેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|---|
| ૧ | જામનગર | શ્રી માધવ પાંજરાપોળ ટ્રસ્ટ | સ્થળની ખરાઈ તથા અધિકૃત અધિકારીશ્રીનું નિવેદન લેવાની તથા દરખાસ્ત તૈયાર કરવા મામલતદાર દ્વારકાને સુચના આપવામાં આવેલ છે. |
| ૨ | કચ્છ | શ્રી મેઘજી ભીમજી દેઢીયા ગૃપ ટ્રસ્ટ, મુંબઈ | કલેક્ટરશ્રીના તા. ૨૯–૮–૧૩ના પત્રથી અરજદાર સંસ્થાની આર્થિક સધ્ધરતાના પુરાવા અને ઓડિટ થયેલા હિસાબો મેળવવા મામલતદાર માંડવીને જણાવવામાં આવેલ છે. તથા અરજદારને જાણ કરવામાં આવેલ છે. |
| | | શ્રી ધર્મ ભક્તિ પ્રેમ સુબોધ સુરી આરાધના ભવન જૈન ટ્રસ્ટ | કલેક્ટરશ્રી, કચ્છના તા. ૨–૯–૧૩ના પત્રથી ધોરણસરની દરખાસ્ત પુર્તતા સાથેની દરખાસ્ત મોકલવા મામલતદાર, માંડવીને જણાવવામાં આવેલ છે. |
| | | શ્રી નારાયણ સરોવર ગૌ શાળા પાંજરાપોળ ટ્રસ્ટ | કલેક્ટરશ્રી, કચ્છના તા. ૧૩–૨–૧૩ના પત્રથી અરજદારની માંગણીવાળી જમીન બાબતે રજુ કરેલા નકશા મુજબ ક્ષેત્રફળમાં વિસંગતતા હોઈ, સંસ્થાને નકશો રજુ કરવા જણાવવામાં આવેલ છે. |
| | | શ્રી માતાનો મઢ જાગીર ટ્રસ્ટ | કલેક્ટરશ્રી, કચ્છના તા, –/૦૮/૧૩ના પત્રથી સંસ્થાની માંગણીવાળી જમીન બાબતે ભુસ્તરશાસ્ત્રીશ્રી, ભુજને અભિપ્રાય માટે પત્ર પાઠવવામાં આવેલ છે. |
| | | શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર, લુણી | કલે.શ્રીના તા. ૪/૧૨/૧૨ના પત્રથી જમીનની કિંમત બાબતે નગર નિયોજકશ્રી, કચ્છને પત્ર પાઠવવામાં આવેલ છે. |
| | | શ્રી હરીકૃષ્ણ નિરાધાર ગૌ સેવા ટ્રસ્ટ | કલે.શ્રીના તા. ૩–૭–૧૩ના પત્રથી મામલતદાર ભુજને દરખાસ્ત કરવા જણાવેલ છે. |
| ૩ | પંચમહાલ | કામધેનું ગૌ શાળા ટ્રસ્ટ | અરજદાર સંસ્થાએ મોજે કાલોલ તા. કાલોલના સ.નં. ૪૮૭ની હે. ૨–૩૪–૦૬ પૈકીની જમીનની માંગણી કરેલ હતી, સદરહુ જમીન I.H.S.D.P. યોજના માટે જરૂરી હોઈ, સંસ્થાની પાંજરાપોળની માંગણી કલેક્ટરશ્રીના તા. ૨૮–૧૦–૧૩ના પત્રથી નામંજૂર કરવામાં આવેલ છે. |

------------

**કેદારનાથમાં થયેલ ભારે વરસાદને કારણે રાજ્ય સરકારે રાહતનાં ભરેલ પગલાંઓ**

અતારાંકિતઃ ૧૯૭૩ (૧૬–૦૮–૨૦૧૩) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જૂન–૨૦૧૩માં કેદારનાથમાં આવેલ ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં ફસાયેલા લોકો માટે રાજ્ય સરકારે કયા કયા રાહતનાં પગલાં લીધા,

(૨) આ રાહતના પગલામાં મુખ્યત્વે જિલ્લાવાર કેટલાં અસરગ્રસ્તોને કયા પ્રકારની રાહત પહોંચાડવામાં આવી હતી, અને

(૩) કેટલાં અસરગ્રસ્તોને રાહત પહોંચાડવામાં આવી ન હતી, કયા કારણોસર ?

**મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) **:** (૧૧–૮–૨૦૧૪)

(૧) અને (૨) જૂન–૨૦૧૩માં કેદારનાથમાં આવેલ ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં ફસાયેલા લોકો માટે રાજ્ય સરકારે નીચે જણાવ્યા પ્રમાણે પગલાં લીધા.

(૧) ઉત્તરાખંડ પ્રશાશનનાં મુખ્ય સચિવશ્રી, કલેક્ટરશ્રી – રૂદ્રપ્રયાગ, જિલ્લા પોલીસ અધિકારીશ્રી – રૂદ્રપ્રયાગ તથા અન્ય અધિકારીશ્રીઓ પાસેથી પ્રથમ માહિતી મેળવી.

(૨) ગુજરાતી પ્રવાસીઓ અસરગ્રસ્ત હોવાની માહિતી મળતાં જ રાહત કમિશ્નર અને અગ્રસચિવની આગેવાની હેઠળ એક ટીમ (કે જેમાં ૭ આઈએએસ, આઈપીએસ અને ગુજરાત કેડરના અધિકારીઓનો સમાવેશ થાય છે) દેહરાદુન ખાતે મદદ માટે મોકલી, જ્યાં હરિદ્વાર ખાતે હેલ્પ લાઈન તથા કંટ્રોલરૂમ શરૂ કર્યો.

(૩) નિષ્ણાંત ડૉક્ટરોની કુલ સાત સભ્યોની એક ટીમ જરૂરી દવાના સ્ટોક સાથે અસરગ્રસ્ત પ્રવાસીઓની તાત્કાલીક સારવાર માટે તાત્કાલીક મોકલી.

(૪) સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે હેલ્પલાઇન શરૂ કરવામાં આવી.

(૫) વડોદરા થી ૧૦ અને અમદાવાદથી ૧૦ લક્ઝરી બસ વિનામૂલ્યે પ્રવાસીઓની સેવામાં લગાડી.

(૬) રેલ્વેતંત્રને પત્ર લખી અસરગ્રસ્ત પ્રવાસીઓને વતન પરત લાવવા માટે સ્પેશીયલ ટ્રેન/કોચની વ્યવસ્થા કરવા જણાવ્યું.

(૭) ઉત્તરાખંડ ખાતે ગયેલા પ્રવાસીઓનું બચાવ કાર્ય કરી ગુજરાત સરકારે વ્યવસ્થા કરેલ એરક્રાફ્ટ દ્વારા ૧૫૭ પ્રવાસીઓ, રેલ્વે દ્વારા ૧૭૩૪ પ્રવાસીઓ, બસ દ્વારા ૬૩૬ પ્રવાસીઓ તથા અન્ય ફ્લાઇટથી ૩૬૨ પ્રવાસીઓ એમ કુલ–૨૮૮૯ પ્રવાસીઓને સલામત રીતે ગુજરાત પરત લાવવામાં આવ્યા.

(૮) મુખ્યમંત્રી રાહત ફંડમાંથી તા. ૧૯–૦૬–૨૦૧૩ના રોજ રૂા. ૨.૦૦ કરોડની સહાયનો ચેક તથા તા. ૨૫–૦૬–૨૦૧૩ના રોજ રૂા. ૩.૦૦ કરોડની સહાયનો ચેક ઉત્તરાખંડના મુખ્યમંત્રીને મોકલી આપ્યો.

(૯) ઉત્તરાખંડ અસરગ્રસ્ત લોકો માટે કુલ–૪૩ જાતની વિવિધ પ્રકારની જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટ બનાવીને આવી ૩૪૧૧૬ કીટ રેલવે તથા ટ્રકો મારફતે ઉત્તરાખંડ સરકારને મોકલી આપી.

(૧૦) કુદરતી હોનારતમાં લાપત્તા બનેલ/મૃત્યુ પામેલ ૧૨૯ યાત્રિકોની યાદી ઉત્તરાખંડ સરકારને મોકલી આપવામાં આવી જેના આધારે ઉત્તરાખંડ સરકાર પાસેથી રૂા. ૪.૩૭ કરોડની રકમ ઉપલબ્ધ કરાવી મૃતકોના કાયદેસરના વારસદારોને ચુકવવા સંબંધીત કલેક્ટરોને મોકલી છે જેનું ચુકવણું કરવાની કામગીરી હાથ ધરાવી.

(૧૧) મુખ્યમંત્રીશ્રીનાં રાહત ફંડમાંથી લાપત્તા/મૃતક ઇસમોના વારસદારોને રૂા. ૨.૦૦ લાખની સહાય ચુકવવાનો તા. ૦૮/૦૮/૨૦૧૩ના રોજ ઠરાવ કરવામાં આવ્યો અને સહાય ચુકવણાની પ્રક્રિયા હાથ ધરી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**ધોરાજી તાલુકાના પીપળીયા ગામની ગૌચરની જમીન વન વિભાગ દ્વારા કબજો લેવા બાબત**

અતારાંકિતઃ ૨૪૭૧ (૨૫–૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધોરાજી તાલુકાના પીપળીયા ગામમાં ધોરાજી ગ્રુપ–૩ની સીમ સરવે નં. ૩૪૭ સોનાર વાવ નામે ઓળખાતી જમીન પીપળીયા ગામની ગાયો ચરાવવા માટે ગૌચરના હેતુસર સોંપવામાં આવી હતી. આ જમીન પીપળીયા ગામની પાંજરાપોળની ગાયો માટે ઘાસચારો વાવવામાં સન ૨૦૧૨ સુધી ઉપયોગ થતો હતો તે હકીકત સાચી છે કે કેમ,

(૨) ગૌચરની આ અનામત જમીનમાં વન વિભાગે ગેરકાયદે કબ્જો કરી લેતાં પીપળીયા ગ્રામસભામાં ઠરાવ કરી સરકારમાં વિવિધ કક્ષાએ મે–૨૦૧૩માં ફરિયાદ કરવામાં આવી હતી તે હકીકત પણ સાચી છે, અને

(૩) આ ગૌચરની જમીનને પુન:સ્થાપન ક્યાં સુધી કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) **:** (૩–૯–૧૪)

(૧) ના જી,

(૨) ના જી, અને

(૩) રેવન્યુ અને એગ્રીકલ્ચર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્ર. એફએલડી/૨૭૬૨/૬૭૪૫૦/એ, તા. ૨૪/૧/૧૯૬૩ તથા ખેતીવાડી અને સહકાર વિભાગનાં તા. ૭/૭/૧૯૬૬ તથા તા. ૨૦/૮/૭૧ના જાહેરનામાથી સોનારવાવ વીડી તરીકે ઓળખાતી ધોરાજી ગામના સ. નં. ૩૪૭ પૈકી એ.૩૬–૩૩ ગુંઠા (હે. ૧૪–૯૦–૨૬ ચો.મી.) જમીન "અનામત જંગલ" જાહેર થયેલ હોય ગૌચર તરીકે પુન:સ્થાપન માટે વન વિભાગે નિર્ણય કરવાનો રહે.

-------

**રાજ્યમાં જિલ્લાવાર ટ્રસ્ટો/સંસ્થાઓએ કરેલ જમીનની માંગણીઓ**

અતારાંકિતઃ ૨૬૧૩ (૨૫–૧–૨૦૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ)જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૨૫/૮/૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર, જિલ્લાવાર કયા જાહેર હિતનાં ટ્રસ્ટો અથવા સંસ્થાઓ તરફથી જમીન મેળવવા ક્યારે ક્યારે માંગણી કરવામાં આવી, અને

(૨) જમીન મેળવવા આવેલ માંગણીઓ પૈકી કોને કોને કેટ–કેટલી સરકારી ખરાબાની કે ગૌચરની જમીન કયા દરે ફાળવવામાં આવી ?

**મુખ્ય મંત્રીશ્રી** (મહેસુલ) **:** (૨–૮–૧૪)

(૧) સામેલ *પત્રક – અ મુજબ

(૨) સામેલ *પત્રક – બ મુજબ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

**સાણંદ અને બાવળા તાલુકાના આનાવારી પાકની વિગતો**

અતારાંકિતઃ ૩૨૨૪ (૨૭–૬–૨૦૧૪) **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૩/૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાણંદ અને બાવળા તાલુકાના દરેક ગામદીઠ વર્ષવાર ક્યારે આનાવારી – પાકની વિગતો લખવામાં આવી, અને

(૨) કરેલ આનાવારી કેવી રીતે અને કયા નિયમ અનુસાર કરેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (મહેસુલ) **:** (૧૧–૮–૨૦૧૪)

(૧) તા. ૩૧/૩/૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાણંદ અને બાવળા તાલુકાના દરેક ગામદીઠ વર્ષવાર કરેલ આનાવારી

**તાલુકો : સાણંદ**

**ખરીફ–૧ આનાવારીનો સમયગાળો :** ઓક્ટોબરથી નવેમ્બર

**આનાવારી કરેલ ગામ :** મનીપુર, ગરોડીયા, દોદર, છારોડી, લોદરીયાળ, ચાંગોદર, ફાંગડી, કુવાર, જુડા, કોદાળીયા, તેલાવ, સોયલા, કોલટ, મટોડા, સરી, નાનીદેવતી, પલવાડા, મોડાસર, બોળ, વાસણા(ચા), સનાથલ, મૌરૈયા, લેખંબા, ખીચા, માણકોલ, ડરણ, પીપણ, નવાપુરાપ તાજપુર, મખીયાવ, વસોદરા, અણીયાળી, વનાળીયા, ગોરજ, ઝાંપ, મોટી દેવતી.

**ખરીફ–૨ આનાવારીનો સમયગાળો :** ડીસેમ્બર થી જાન્યુઆરી

**આનાવારી કરેલ ગામ :** સાણંદ, શેલા, ચેખલા, નિધરાડ, કાણેટી, અણદેજ, વિરોચનનગર, ખોડા, જુવાલ, ભવાનપુરા, રામપુરા, ગોધાવી, વાસણા ઈયાવા, ઈયાવા, બકરાણા, ઝોલાપુર, નારણપુર, વિંછીયા, ખોરજ, મેલાસણ, ગોવિંદા.

**રવિ પાકની આનાવારી સમયગાળો :** ફેબ્રુઆરી થી માર્ચ

**આનાવારી કરેલ ગામ :** હીરાપુર, કલાણા, કુંડલ, ઉપરદળ, રેથલ, દદુકા, શિયાવાડ.

**તાલુકો : બાવળા**

**ખરીફ–૧ આનાવારીનો સમયગાળો :** ઓક્ટોબરથી નવેમ્બર

**આનાવારી કરેલ ગામ :** કાવીઠા

**ખરીફ–૨ આનાવારીનો સમયગાળો :** ડીસેમ્બર થી જાન્યુઆરી

**આનાવારી કરેલ ગામ :** શૂન્ય.

**રવિ પાકની આનાવારીનો સમયગાળો :** ફેબ્રુઆરી થી માર્ચ

**આનાવારી કરેલ ગામ :** અમીપુરા, આદરોડા, કલ્યાણગઢ, કવલા, કાણોતર, કાળીવેજી, કેરાળા, કેસરડી, કોચરીયા, ગાંગડ, ગુંદાના પરા, ચિયાડા, છબાસર, જુ.રુપાવટી, ઝેકડા, ઢેઢાળ, દહેગામડા, દુર્ગી, દુમાલી, દેવડથલ, દેવધોલેરા, ધનવાડા, ધીંગડા, નાનોદરા, બગોદરા, બલદાણા, બાવળા, ભામસરા, ભાયલા, મીઠાપુર, મેટાલ, મેણી, મેમર, રજોડા, રાણેસર, રાશમ, રુપાલ, રોહીકા, લગદાણા, વા.ઢેઢાળ, વા.નાનોદરા, સરલા, સાંકોદરા, સાંકોડ, સાલજડા, શિયાળ, હસનનગર.

(૨) આનાવારી અંગેની ગ્રામ્ય કક્ષાની સમિતિ દ્વારા આપેલા અભિપ્રાયો ધ્યાને લઈ ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ના વહીવટી હુકમ નં. ૩૦ અને ૩૦ (ક)ની જોગવાઈઓ અન્વયે આનાવારીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

-------

**રાજ્યમાં નવી શરતની ખેતીની જમીનોને જુની શરતમાં ફેરવવા અંગેના કેશો**

અતારાંકિતઃ ૩૨૩૬ (૫-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નવી શરતની ખેતીની જમીનોને જુની શરતમાં આપમેળે ફેરવવાની કાર્યવાહી પાત્રતા ઠરાવતા કેસો, તે પૈકી મંજુર કેસો, નામંજુર કેસો અને પડતર કેસોની સંખ્યા કેટલી છે,

(૨) આવા તમામ કેસો અંગેની કામગીરી ક્યાં સુધીમાં સંપૂર્ણ રીતે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) જીલ્લા કક્ષાના તાલુકા કક્ષાના કેમ્પસ કરીને કામગીરી ઝડપી બનાવવા માટે રાજ્ય સરકારે કેવા પ્રકારનું આયોજન હાથ ધરેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) **:** (૯-૯-૧૪)

(૧)

| સમયગાળો | નવી શરતની જમીન આપમેળે જુની શરતમાં ફેરવવા પાત્રતા ધરાવતા કેસો | મંજુર કેસો | નામંજુર કેસો | પડતર કેસો |
|---|---|---|---|---|
| તા. ૧/૪/૧૧થી તા. ૩૧/૩/૧૨ | ૫૪૩૫૨ | ૧૨૬૨૮ | ૭૩૩ | ૪૦૯૯૧ |
| તા. ૧/૪/૧૨થી તા. ૩૧/૩/૧૩ | ૪૬૨૩૯ | ૯૨૫૩ | ૬૧૦ | ૩૬૩૭૬ |
| તા. ૧/૪/૧૩થી તા. ૩૧/૩/૧૪ | ૬૧૮૩૪ | ૨૪૧૫૭ | ૬૨૧ | ૩૭૦૫૬ |

(૨) બનતી ત્વરાએ.

(૩) રાજ્ય સરકારે ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસના કાર્યક્રમ હેઠળ આવા કેસોનો નિકાલ કરવાની ઝુંબેશ હાથ ધરેલ છે.

-------

**રાજકોટ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવેલ જમીન**

અતારાંકિતઃ ૩૨૩૯ (૫-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શૈક્ષણિક હેતુ માટે કોને કયા સ્થળે કેટલી જમીન ફાળવવામાં આવી અને,

(૨) ઉક્ત જમીન કેટલી કિંમતથી ફાળવવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) **:** (૩૦-૭-૧૪)

(૧) અને (૨) સામેલ પત્રક મુજબ.

| ક્રમ | અરજદારશ્રીનું નામ | તાલુકાનું નામ | ગામ | સ.નં. | ફાળવેલ જમીન (ચો.મી.) | જમીનની કિંમત પ્રતિ ચો.મી. | ફાળવેલ જમીનની કુલ કીંમત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી નવયુગ એજ્યુકેશન ટ્રસ્ટ, દેવકી ગાલોળ | જેતપુર | દેવકી ગાલોળ | ૩૨૯ પૈકી ૧ પૈકી ૧ | ૧૭૧૪.૨ | ૫૯૫.૦૦ | ૧૦,૧૯,૯૪૯/- |
| ૨ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જેતપુર | જેતપુર | વિરપુર | ૮૩૬ પૈકી | ૮૦૬૪ | - | વહીવટી હુકમ-૩ હેઠળ |
| | **કુલ** | **જેતપુર** | | | **૯૭૭૮.૨** | | |

| ક્રમ | અરજદારશ્રીનું નામ | તાલુકાનું નામ | ગામ | સ.નં. | ફાળવેલ જમીન (ચો.મી.) | જમીનની કિંમત પ્રતિ ચો.મી. | ફાળવેલ જમીનની કુલ કીંમત |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જામકંડોરણા | જામકંડોરણા | જામકંડોરણા | ૧૫૦ પૈકી ૩ | ૧૦૬૫૭ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| | કુલ | જામકંડોરણા | | | ૧૦૬૫૭ | | |
| ૪ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | વિંછીયા | ૪૨૯ પૈકી ૧ | ૮૦૯૪ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૫ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | કાંસલોલીયા | ૫૫ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૬ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | કનેસરા | ૫૮૦ પૈકી ૨ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૭ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | ઢેઢુકી | ૯૨/૬ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૮ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | અજમેર | ૨૩૩/૧ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૯ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જસદણ | જસદણ | જસદણ | ૭૨૯ | ૨૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૧૦ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | ગુંદાળા (જસદણ) | ૧૮ પૈકી ૧ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | જસદણ | કંધેવાડીયા | ૧૮૧ પૈકી ૧ | ૮૦૯૪ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| | **કુલ** | **જસદણ** | | | **૮૬૧૮૮** | | |
| ૧૨ | આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કોટડા સાંગાણી | કોટડા સાંગાણી | કોટડા સાંગાણી | ૧૭૦ પૈકી ૨ | ૩૨૩૭૫ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૧૩ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કોટડા સાંગાણી | કોટડા સાંગાણી | કોટડા સાંગાણી | ૩૫૫/૧ પૈકી ૧ | ૯૮૧૪ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| | **કુલ** | **કોટડા સાંગાણી** | | | **૪૨૧૮૯** | | |
| ૧૪ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકા | લોધીકા | ખીરસરા | ૪૧૨ પૈકી ૭૬ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ હેઠળ |
| ૧૫ | જિલ્લા | લોધીકા | મોટાવડા | ૩૧૫ પૈકી | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ–૩ |

| ક્રમ | અરજદારશ્રીનું નામ | તાલુકાનું નામ | ગામ | સ.નં. | ફાળવેલ જમીન (ચો.મી.) | જમીનની કિંમત પ્રતિ ચો.મી. | ફાળવેલ જમીનની કુલ કીંમત |
|---|---|---|---|---|---|---|---|
| | શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | | | ૧ પૈકી ૬ | | | હેઠળ |
| | **કુલ** | **લોધીકા** | | | **૨૦૦૦૦** | | |
| ૧૬ | શ્રી ઉમીયા માતાજી મંદિર ટ્રસ્ટ, સિદસર | પડધરી | ઈશ્વરીયા | ૨૪૮ પૈકી ૨૭ પૈકી ૧ | ૫૨૧૫૨ | ૧૩૬૦.૮૦ | ૭,૦૯,૬૮,૪૪૨/- |
| ૧૭ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પડધરી | પડધરી | પડધરી | ૪૬ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| ૧૮ | આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પડધરી | પડધરી | પડધરી | ૪૭ | ૩૨૩૭૫ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| | **કુલ** | **પડધરી** | | | **૯૪૫૨૭** | | |
| ૧૯ | ક્ષેત્રિય નિયામકશ્રી, ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી, રાજકોટ | રાજકોટ | મોટામવા | ૧૮૦ પૈકી ૧ પૈકી ૧ | ૮૦૯૪ | – | વિના મૂલ્યે ફાળવેલ છે. |
| ૨૦ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | રાજકોટ | બારવણ | ૮૭/૨ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| ૨૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | રાજકોટ | હાથસણી | ૧૮૧ પૈકી ૧૯ પૈકી ૧ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| | **કુલ** | **રાજકોટ** | | | **૨૮૦૯૪** | | |
| ૨૨ | આચાર્યશ્રી, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ઉપલેટા | ઉપલેટા | ડુમીયાળી | ૧૧૯ પૈકી ૧ | ૮૦૯૪ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| | **કુલ** | **ઉપલેટા** | | | **૮૦૯૪** | | |
| ૨૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ | વિંછીયા | રેવાણીયા | ૯૧ | ૧૦૦૦૦ | – | વહીવટી હુકમ-૩ હેઠળ |
| | **કુલ** | **વિંછીયા** | | | **૧૦૦૦૦** | | |
| | **એકંદર સરવાળો** | | | | **૩૦૯૫૨૭.૨** | | |

-------

**જામનગર જિલ્લાના પંચાયત રસ્તાઓનું રીસરફેસીંગ**

અતારાંકિતઃ ૩૨૭૪ (૨-૭-૧૪) **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) :** માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં ૨૦૧૩ના વર્ષના ચોમાસા દરમ્યાન થયેલ ભારે વરસાદના કારણે નુકશાન પામેલ પંચાયતના રસ્તાઓને સરકાર રીસરફેસીંગ કરનાર છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા જિલ્લાના આવા કેટલા રસ્તાઓના કામ સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) તા. ૩૧/૦૫/૧૪ની સ્થિતિએ આ રસ્તાઓના કામો ક્યાં તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :** (૧૦-૯-૧૪)

(૧) હા જી.

(૨) અને (૩) : પરિશિષ્ટ- ૧ મુજબ.

-------

**પરિશિષ્ટ-૧**

| અનુ. નં. | જિલ્લો | મંજુર કરેલ કામોની સંખ્યા | તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાવાર આ રસ્તાના કામોની સ્થિતિ | | |
|---|---|---|---|---|---|
| | | | પૂર્ણ કામો | પ્રગતિ હેઠળ | શરૂ ન થયેલ |
| ૧ | રાજકોટ | ૩૯ | ૦ | ૩૯ | ૦ |
| ૨ | જામનગર | ૨૨ | ૫ | ૧૭ | ૦ |
| ૩ | સુરેન્દ્રનગર | ૨૦ | ૦ | ૨૦ | ૦ |
| ૪ | ભાવનગર | ૨૪ | ૦ | ૦ | ૨૪ |
| ૫ | જુનાગઢ | ૩૨ | ૦ | ૦ | ૩૨ |
| ૬ | અમરેલી | ૨૩ | ૦ | ૦ | ૨૩ |
| ૭ | પોરબંદર | ૫ | ૦ | ૦ | ૫ |
| | **કુલ** | **૧૬૫** | **૫** | **૭૬** | **૮૪** |

---------

**કચ્છ જિલ્લાના તેરા ગામને હેરીટેઈજ વિલેજ તરીકે જાહેર કરવા બાબત**

અતારાંકિતઃ ૩૨૮૭ (૧૯-૭-૨૦૧૪) **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) :** માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

(૧) કચ્છ જિલ્લાના તેરા ગામને હેરીટેઈજ વિલેજ તરીકે જાહેર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી અને તેનો કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ગામના વિકાસ માટે લીધેલા કે લેવા ધારેલા પગલાં શાં છે ?

**યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૧-૯-૧૪)

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં તત્કાલ વીજ જોડાણ યોજનાની જાહેરાત**

અતારાંકિતઃ ૩૨૧૧ (૧૮-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્ય સરકારે તત્કાલ યોજનાઓ ક્યારે ક્યારે જાહેર કરી,

(૨) આ યોજના હેઠળ ખેતીવાડી વીજ જોડાણ માટેની વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૩) મળેલ અરજીઓ અને તે પૈકી કેટલી મંજૂર-નામંજૂર અને પડતર સંખ્યા કેટલી,

(૪) બાકી પડતર અરજીઓને ક્યાં સુધીમાં કનેકશન આપીને સંપૂર્ણ નિકાલ કરવાનું આયોજન છે, અને

(૫) તે અંગે રાજ્ય સરકારને કેટલો ખર્ચ કરવો પડે તેમ છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧૮-૯-૧૪)

(૧) અને (૨) : રાજ્ય સરકારે કૃષિ વીજ જોડાણ માટેની તત્કાલ યોજના જાહેર કર્યાનું વર્ષ અને તદઅંતર્ગત મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| તત્કાલ યોજના જાહેર કર્યાનું વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૧૯૯૮ | ૧૬૪૮૩ |
| ૧૯૯૯ | ૧૪૦૭૫ |
| ૨૦૦૦ | ૨૩૮૬૧ |
| ૨૦૦૧ | ૫૬૩૬૭ |

| | |
|---|---|
| ૨૦૦૨ | ૩૨૪૧૧ |
| ૨૦૦૩ | ૪૬૩૦૪ |
| ૨૦૦૪ | ૬૪૫૧૯ |
| ૨૦૧૧ | ૧૦૩૨૪૮ |
| ૨૦૧૩ | ૩૮૨૭૮ |

(૩) અને (૪) : વર્ષ–૨૦૧૧ સુધીની કુલ–૮ તત્કાલ યોજનાઓ અંતર્ગત કૃષિ વીજ જોડાણ મેળવવા માટે મળેલ કુલ ૩,૫૭,૨૬૮ અરજીઓ પૈકી ૧,૪૭,૨૩૩ અરજીઓ નામંજૂર થયેલ હતી, અને મંજૂર થયેલ કુલ–૨,૧૦,૦૩૫ અરજીઓમાંથી ૨,૧૦,૦૨૪ અરજદારોને કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે. બાકી રહેતી ૧૧ વાંધાવાળી અરજીઓ પૈકી ૮ અરજીઓ સંબંધીત જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ નિર્ણયાર્થે, ૨ અરજીઓ સંબંધિત કોર્ટ સમક્ષ, અને ૧ અરજી વન ખાતા સમક્ષ મંજૂરી અર્થે પડતર રહેલ છે, જેનો નિર્ણય થયેથી વીજ જોડાણ મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જ્યારે વર્ષ–૨૦૧૩ની તત્કાલ વીજ જોડાણ યોજનામાં નવેમ્બર–૨૦૧૩થી અરજીઓ સ્વીકારવામાં આવેલ. નોંધાયેલ કુલ રૂ. ૩૮,૨૭૮ અરજીઓ પૈકી ૧૩૬૯ અરજીઓ નામંજૂર થયેલ છે અને મંજૂર થયેલ ૧૬૪૮૫ અરજીઓમાંથી ૨૯૦૦ કૃષિ વીજ જોડાણ આપવામાં આવેલ છે. ૧૦૪૭૦ અરજદારોએ અંદાજપત્રની રકમ ભરપાઈ કરેલ છે. જેમને વીજ જોડાણ આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે, જ્યારે ૩૧૧૫ અરજદારો દ્વારા અંદાજપત્રની રકમ ભરપાઈ થયેથી વીજ જોડાણ આપવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૫) તત્કાલ વીજ જોડાણ માટે અલગ રીતે રાજ્ય સરકારે કોઈ ખર્ચ ભોગવવાનો થતો નથી. તમામ પ્રકારના તત્કાલ વીજ જોડાણ માટે આંતરમાળખુ સ્થાપિત કરવા તથા આનુષાંગિક કાર્યવાહી માટે સરકાર તરફથી વીજ કંપનીઓને શેરમૂડી પુરી પાડવામાં આવે છે. તત્કાલ યોજના ૨૦૧૦માં સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવનાર ખેડૂતો તરફથી કૃષિ વીજ જોડાણ ખર્ચનાં ૫૦% જ્યારે તે સિવાયના ખેડૂતો તરફથી ૮૦% રકમ ભરપાઈ કરવામાં આવતી હતી અને બાકીની રકમ વીજ કંપનીએ ભોગવવાની થતી હતી. તત્કાલ યોજના ૨૦૧૩માં વીજ જોડાણ ખર્ચના ૮૦% રકમખેડૂતો તરફથી અને બાકીની ૨૦% રકમ વીજ કંપનીએ ભોગવવાની થાય છે.

-------

**રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૩૨૧૪ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં કાર્યવાહી થયેલ છે,

(૩) કેટલાને કનેકશન આપવામાં આવ્યા છે,

(૪) કેટલા ગામોમાં કામગીરી પૂર્ણ થયેલ છે અને કેટલા ગામોમાં બાકી છે, અને

(૫) આ બાકી રહેલ કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧૧–૯–૧૪)

(૧) ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર અને અમરેલી જિલ્લામાં તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મળેલ અરજીઓની તાલુકાવાર માહિતી આ સાથેનાં પત્રકમાં સામેલ છે.

(૨), (૩), (૪) અને (૫) : મળેલ અરજીઓ પર તમામ કાર્યવાહી પૂર્ણ કરી રાજકોટ જીલ્લાનાં ૫૭૯ ગામોના ૧૧૪૮૭ લાભાર્થીઓ, સુરેન્દ્રનગર જીલ્લાનાં ૫૬૧ ગામોનાં ૪૮૨૮ લાભાર્થીઓ, ભાવનગર જીલ્લાનાં ૬૬૪ ગામોના ૧૫૭૭૩ લાભાર્થીઓ, જામનગર જીલ્લાનાં ૪૩૦ ગામોના ૨૮૦૮ લાબાર્થીઓ અને અમરેલી જીલ્લાના ૬૧૫ ગામોના ૨૬૪૮ લાભાર્થીઓને પ્રસ્તુત યોજના નીચે વીજળીકરણથી આવરી લેવામાં આવેલ છે. ઉક્ત જીલ્લાઓનાં તમામ ગામોમાં પાત્રતા ધરાવતાં તમામ લાભાર્થીઓને વીજળીકરણનો લાભ આપવામાં આવેલ હોઈ કોઈ કામગીરી બાકી નથી.

**પત્રક**

| જિલ્લો | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| **રાજકોટ** | ધોરાજી | ૩૯૫ |
| | ગોડલ | ૬૧૩ |
| | જામકંડોરણા | ૧૨૧ |
| | જસદણ | ૧૪૬૧ |

| જિલ્લો | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| | જેતપુર | ૭૪૮ |
| | કોટડા સાંગાણી | ૩૨૨ |
| | લોધીકા | ૨૪૩ |
| | પડધરી | ૧૧૦ |
| | રાજકોટ | ૬૧૯૧ |
| | ઉપલેટા | ૮૦૮ |
| | વીછીયા | ૪૭૫ |
| **રાજકોટ કુલ** | | **૧૧૪૮૭** |
| સુરેન્દ્રનગર | ચોટીલા | ૬૦૨ |
| | ચુડા | ૨૮૧ |
| | દસાડા | ૭૨૭ |
| | ધાંગધ્રા | ૯૬૪ |
| | લખતર | ૨૨૬ |
| | લીંબડી | ૬૮ |
| | મુળી | ૧૨૪ |
| | સાયલાં | ૨ |
| | વઢવાણ | ૧૭૦૭ |
| | થાનગઢ | ૨૧૩ |
| **સુરેન્દ્રનગર કુલ** | | **૪૯૧૪** |
| ભાવનગર | ભાવનગર | ૧૨૪૫૨ |
| | ગરીયાધાર | ૫૪૫ |
| | ઘોઘા | ૯૫ |
| | જેસર | ૨ |
| | મહુવા | ૭૫૮ |
| | પાલિતાણા | ૧૩૪૯ |
| | સિહોર | ૪૩૫ |
| | તળાજા | ૪૨૪ |
| | ઉમરાળા | ૨૩૯ |
| | વલ્લભીપુર | ૧૬૭ |
| **ભાવનગર કુલ** | | **૧૬૪૬૬** |
| જામનગર | ધ્રોલ | ૬૧૯ |
| | જામજોધપુર | ૧૬૯ |
| | જામનગર | ૮૪૧ |
| | જોડિયા | ૫૯૦ |
| | કાલાવાડ | ૩૯૦ |
| | લાલપુર | ૧૯૯ |
| **જામનગર કુલ** | | **૨૮૦૮** |
| **અમરેલી** | અમરેલી | ૬૯૬ |
| | બાબરા | ૧૫૯ |
| | બગસરા | ૩૪૭ |
| | ધારી | ૭૭ |
| | જાફરાબાદ | ૨૨૨ |
| | ખાંભા | ૧૯૩ |
| | કુકાવાવ–વડીયા | ૬૮ |
| | લાઠી | ૨૭૧ |

| જિલ્લો | તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| | લીલીયા | ૫૫ |
| | રાજુલા | ૬૩ |
| | સાવરકુંડલા | ૪૯૭ |
| **અમરેલી કુલ** | | **૨૬૪૮** |

-------

**રાજકોટ જિલ્લામાં કુટીર જ્યોત અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૩૨૧૫ (૧૯-૪-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :**
માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુટીર જ્યોતિ અને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર જોડાણો માટે વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) આ યોજનામાં અનુ. જાતિ, ઓ.બી.સી. પરિવારોને બી.પી.એલ. યોજનામાં સમાવેશ થયેલ ન હોય તેવાને જોડાણો આપવામાં આવતા નથી તે વાત સાચી છે,

(૩) આવા પરિવારોને જોડાણ આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને

(૪) વંચીત પરિવારોને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧૮-૯-૧૪)

(૧) રાજ્યની "કુટીર જ્યોતિ યોજના" એ માત્ર આદિજાતિ વિસ્તારોમાં ગૃહ વપરાશ વીજ જોડાણ માટેની યોજના છે. રાજકોટ જિલ્લાનો કોઈ વિસ્તાર આદિજાતિ વિસ્તાર ન હોવાથી અરજીઓ નોંધાયેલ નથી, જ્યારે આર.જી.જીવી.વાય. હેઠળ અરજીઓ નોંધવામાં આવતી નથી, પરંતુ ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાનાં મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવે છે. તદ્અનુસાર રાજકોટ જિલ્લાનાં પ્રોજેક્ટમાં સમાવિષ્ટ ૧૮૭૮૬ બી.પી.એલ. લાભાર્થીઓને આર.જી.જીવી.વાય. હેઠળ આવરી લઈ વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨), (૩) અને (૪) : કેન્દ્ર સરકારના ગ્રામીણ વિદ્યુતીકરણ નિગમની માર્ગદર્શિકા મુજબ આર.જી.જી.વી. યોજના માત્ર ગ્રામ્ય વિસ્તારના બી.પી.એલ. કુટુંબોને જ લાભ આપવા પુરતી મર્યાદિત છે. જ્યારે રાજ્ય સરકારની કુટીર જ્યોતિ યોજના આદિજાતિ વિસ્તારમાં આદિજાતિના લાભાર્થી પુરતી મર્યાદિત છે. અલબત્ત બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેમ છતાં જો આદિજાતિ લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા. ૩૬,૦૦૦/- સુધીની હોય તો તેઓને પણ કુટીર જ્યોતિ યોજનાનો લાભ આપવામાં આવે છે. બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય તેવા અનુસૂચિત જાતિ અને ઓ.બી.સી. પરિવારોને રાજ્ય સરકારની ગૃહ વપરાશના વીજ જોડાણ માટેની અન્ય યોજનાઓમાં આવરી લેવામાં આવે છે. જેમાં અનુસૂચિત જાતિના તમામ વર્ગના લાભાર્થીઓને અનુસૂચિત જાતિનાં ઘરો/વસ્તીનું વીજળીકરણ યોજના હેઠળ આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય નિ:શુલ્ક ઘરગથ્થુ વીજ જોડાણ આપવામાં આવે છે. જ્યારે રાજ્યની "ઝુંપડા વાજળીકરણ યોજના" હેઠળ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ તમામ ઓ.બી.સી. પરિવાર ઉપરાંત બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૨૭,૦૦૦/- તથા શહેરી વિસ્તારમાં રૂા. ૩૬,૦૦૦/- વાર્ષિક આવક મર્યાદા ધરાવતાં તમામ ઓ.બી.સી. પરિવારને લાભ આપવામાં આવે છે.

-------

**રાજ્યમાં વીજ મથકોમાં અને ખાનગી વીજ મથકોમાં મેગા વોટ વીજ ઉત્પાદન**

અતારાંકિતઃ ૩૨૮૧ (૧૬-૦૭-૧૪) **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા)** : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વીજ સંકટને પહોંચી વળવા રાજ્યમાં સરકારના વીજ મથકોમાં અને ખાનગી વીજ મથકોમાં કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન વીજ મથક દીઠ થાય છે,

(૨) કેટલા મેગાવોટ વીજ માંગ અને ખાધ રહે છે,

(૩) ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી સરકાર શું ભાવે વીજળી ખરીદે છે, અને

(૪) ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ખરીદેલ વીજળી ગ્રાહકોને શા ભાવે આપવામાં આવે છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧૫-૯-૧૪)

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારના વીજ મથકોમાં અને ખાનગી વીજ મથકોમાં વીજ મથક દીઠ વીજ ઉત્પાદનની વિગતો નીચે મુજબ છે.

| નં. | વીજ મથકનું નામ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટસ) | વીજ ઉત્પાદન (મેગા વોટ અવર) | સરેરાશ વીજ ઉત્પાદન (મેગા વોટ) |
|---|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ વીજમથક | ૧૪.૮૮૩ | ૧૪૮૮૩ | ૬૨૦.૧ |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજ મથક | ૧૧.૮૭૦ | ૧૧૮૭૦ | ૪૯૪.૬ |
| ૩ | વણાકબોરી થર્મલ વીજમથક | ૨૩.૧૨૯ | ૨૩૧૨૯ | ૯૬૩.૭ |
| ૪ | સિક્કા થર્મલ વીજમથક | ૩.૧૧૯ | ૩૧૧૯ | ૧૩૦ |
| ૫ | કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજમથક | ૪.૫૮૭ | ૪૫૮૭ | ૧૧૯.૧ |
| ૬ | ધુવારણ ગેસ આધારીત વીજમથક | ૦.૭૫૮ | ૭૫૮ | ૩૧.૫૮ |
| ૭ | ઉતરાણ ગેસ આધારીત વીજમથક | ૦ | ૦ | ૦ |
| ૮ | ઉકાઈ જળ આધારીત વીજમથક | ૧.૮૬૪ | ૧૮૬૪ | ૭૭.૬૭ |
| ૯ | કડાણા જળ આધારીત વીજમથક | ૦.૧૬૯ | ૧૬૯ | ૭.૦૪૨ |
| ૧૦ | જીઆઈપીસીએલ પાવર પ્લાન્ટ | ૧.૭૦૧ | ૧૭૦૧ | ૭૦.૮૮ |
| ૧૧ | જીસેગ પાવર પ્લાન્ટ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૮.૭૯૪ | ૮૭૯૪ | ૩૬૬.૪ |
| ૧૩ | અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૪.૮૪૫ | ૪૮૪૫ | ૨૦૧.૯ |
| ૧૪ | એ. ઈ. કંપની ટોરેન્ટ પાવર | ૯.૨૧૮ | ૯૨૧૮ | ૩૮૪.૧ |
| ૧૫ | ચાઈના લાઈટ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | એસ્સાર પાવર ગુજરાત લિમીટેડ | ૧૧.૯૫૫ | ૧૧૯૫૫ | ૪૯૮.૧૧ |
| ૧૭ | સુજેન પાવર પ્લાન્ટ | ૭.૦૩૫ | ૭૦૩૫ | ૨૯૩.૧ |
| ૧૮ | અદાણી પાવર લિમીટેડ | ૯૭.૪૨૫ | ૯૭૪૨૫ | ૪૦૫૯ |

(૨) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ૨૩૮૮૩ મે.વો. (૧૯૬૦૬ મે.વો. પરંપરાગત સ્ત્રોત તથા ૪૨૭૭ મે.વો. બિનપરંપરાગત સ્ત્રોત) છે જેની સામે તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની મહત્તમ વિજ માંગ ૧૩૧૩૧ મે.વો. સુધી રહેલ છે. આમ રાજ્યની સ્થાપિત વિજ ક્ષમતા રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી હોવાથી રાજ્યમાં કોઈ વીજ ખાધ રહી નથી.

(૩) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા એક વર્ષમાં અલગ અલગ ખાનગી વિજ કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજ ખરીદીના ભાવની વિગત નીચે મુજબ છે.

પ્રોવિઝનલ

| ક્રમાંક | વિગત | દર (રૂા./યુનીટ) |
|---|---|---|
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લિમીટેડ | ૩.૨૬ |
| ૨ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૪.૪૦* |
| ૩ | અદાણી પાવર લિમીટેડ | ૨.૭૧ |
| ૪ | એ. સી. બી. (ઈન્ડીયા) લી. | ૨.૦૪ |
| ૫ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૨.૬૯ |
| ૬ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨.૭૮ |

*ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની લી. ગેસ આધારિત વીજ મથક છે. જેમની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફ્યુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ કોસ્ટ પણ ચુકવવી પડે છે.

(૪) તમામ વીજસ્ત્રોતોમાંથી ઉત્પાદીત થયેલ વીજળી ગ્રીડમાં એકત્રિત થાય છે ત્યાર પછી વિજ વિતરણ કંપનીઓ દ્વારા નામદાર વિજ નિયમન આયોગ દ્વારા નક્કી કરેલ દરે વીજળી ગ્રાહકોને પુરી પાડવામાં આવે છે. નામદાર વિજ નિયમન આયોગ દ્વારા તા. ૨૯–૪–૨૦૧૪ના આદેશ દ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ માટે નક્કી કરેલ વિજ દરો *પરિશિષ્ટ–અ મુજબ છે.

---

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ઉત્પન્ન થયેલ વીજળી વીજ સંકટને પહોંચવા બાબત**

અતારાંકિતઃ ૩૨૮૨ (૧૬–૦૭–૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉત્પન્ન થયેલ વીજળી રાજ્યમાં વીજ સંકટને પહોંચી વળે છે,

(૨) રાજ્ય સરકાર વીજળી કઈ કઈ કંપની પાસેથી શું ભાવે ખરીદે છે,

(૩) રાજ્ય સરકાર આ વીજળી રહેઠાણ હેઠળ શું ભાવે વેચે છે અને ખેતી માટે શું ભાવ છે, અને

(૪) ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારે વિજ ભાવ વધારો લોકો પર કેટલીવાર ઝીંક્યો ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૧૫–૯–૧૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ૨૨૭૮૭ મે.વો. (૧૮૫૧૦ મે.વો. પરંપરાગત સ્ત્રોત તથા ૪૨૭૭ મે.વો. બિનપરંપરાગત સ્ત્રોત) તથા તા. ૩૧–૦૩–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યની સ્થાપિત વિજ ઉત્પાદન ક્ષમતા ૨૨૨૫૭ મે.વો. (૧૮૨૭૦ મે.વો. પરંપરાગત સ્તોત્ર તથા ૩૯૮૭ મે.વો. બિનપરંપરાગત સ્તોત્ર) હતી. જેની સામે રાજ્યની મહત્તમ વિજ માંગ અનુક્રમે ૧૨૫૭૭ મે.વો. તથા ૧૧૨૦૯ મે.વો. સુધી રહેલ છે. આમ રાજ્યની સ્થાપિત વિજ ક્ષમતા રાજ્યના તમામ વર્ગના ગ્રાહકોની વીજ માંગ સંતોષવા માટે પુરતી અને રાજ્યમાં કોઈ વિજ સંકટ નથી.

(૨) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા અલગ અલગ કંપનીઓ પાસેથી કરવામાં આવતી વીજ ખરીદીના ભાવની વિગત નીચે મુજબ છે.

| **ક્રમાંક** | **વિગત** | **૧૨–૧૩** | **૧૩–૧૪** |
|---|---|---|---|
| (અ) | કેન્દ્રીય સાહસો | રૂ।./યુનીટ | રૂ।./યુનીટ |
| ૧ | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન | ૨.૩૫ | ૨.૨૫ |
| ૨ | એનટીપીસી | ૨.૬૩ | ૩.૧૭ |
| ૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૨.૦૫ | ૨.૦૫ |
| (બ) | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી લી. | ૩.૭૪ | ૪.૨૨ |
| (ક) | સરકારી ક્ષેત્રના આઈપીપી | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. – હજીરા | ૪.૦૨ | ૪.૯૬ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૩.૦૭ | ૩.૪૩ |
| ૩ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨.૨૭ | ૨.૧૧ |
| (ડ) | ખાનગી સાહસો | | |
| ૧ | એસ્સાર પાવર લીમીટેડ | ૩.૫૫ | – |
| ૨ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૨.૬૫ | ૩.૧૯ |
| ૩ | ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | *૪.૨૪ | *૬.૯૦ |
| ૪ | અદાણી પાવર લીમીટેડ | ૨.૮૫ | ૨.૭૫ |
| ૫ | એ.સી.બી. (ઈન્ડીયા) લી. | ૨.૧૦ | ૨.૦૬ |
| ૬ | કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૨.૪૪ | ૨.૭૧ |
| ૭ | કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨.૬૫ | ૨.૫૨ |
| (ઈ) | અન્ય | | |
| ૧ | પવનચક્કી | ૩.૩૭ | ૩.૪૪ |
| ૨ | સોલાર પાવર | ૧૪.૦૪ | ૧૩.૪૨ |
| ૩ | અન્ય બિનપરંપરાગત સ્ત્રોત | ૩.૮૯ | ૩.૬૬ |

*ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની લી. ગેસ આધારિત વીજ મથક છે. જેમની સાથે વીજ ખરીદીના લાંબાગાળાના કરાર થયેલ છે. આ વીજ મથકને પર્યાપ્ત માત્રામાં ગેસ પુરવઠો ન મળતો હોવાથી આ વીજ મથકમાંથી પૂરી ક્ષમતાએ વીજ ઉત્પાદન મેળવી શકાતું નથી. પરંતુ, કરારની શરતો મુજબ ઉપર દર્શાવેલ ફ્યુલ કોસ્ટ ઉપરાંત ફીક્ષ કોસ્ટ પણ ચુકવવી પડે છે.

(૩) રાજ્યમાં વિવિધ કેટેગરીના વીજ ગ્રાહકો માટેના વીજ દરો નક્કી કરવાની સત્તા નામદાર ગુજરાત વીજ નિયમન આયોગને છે. નામદાર આયોગ દ્વારા તા. ૨–૦૬–૨૦૧૨ના ટેરીફ ઓર્ડરથી વર્ષ ૨૦૧૨–૧૩ માટે તથા તા. ૧૬–૦૪–૨૦૧૩ના ટેરીફ ઓર્ડરથી વર્ષ ૨૦૧૩–૧૪ માટે ઘરવપરાશ તેમજ ખેતીવાડીના ગ્રાહકો માટે નક્કી કરેલ વીજ દરની વિગતો નીચે મુજબ છે.

| ઘરવપરાશના સામાન્ય હેતુઓ માટે | | | | | |
|---|---|---|---|---|---|
| ટેરીફ ઓર્ડર તારીખ | ૬-૦૯-૧૧ | વધારો | ૨.૦૬.૧૨ | વધારો | ૧૬.૦૪.૧૩ |
| નાણાંકીય વર્ષ | ૧૧-૧૨ | | ૧૨-૧૩ | | ૧૩-૧૪ |
| નિશ્ચિત દર (રૂ।./માસ) | | | | | |
| ૨ કિ.વો. સુધી | ૫ | – | ૫ | ૧૦ | ૧૫ |
| ૨-૪ કિ.વો. | ૧૫ | – | ૧૫ | ૧૦ | ૨૫ |
| ૪-૬ કિ.વો. | ૩૦ | – | ૩૦ | ૧૫ | ૪૫ |
| ૬ કિ.વો. થી વધુ | ૪૫ | – | ૪૫ | ૨૦ | ૬૫ |
| ઉર્જા દર (ગ્રામ્ય સિવાય)પૈસા/યુનિટ | | | | | |
| ૧-૫૦ યુનિટ | ૨૯૫ | – | ૨૯૫ | ૨૦ | ૩૧૫ |
| ૫૧-૧૦૦ યુનિટ | ૩૨૫ | ૧૦ | ૩૩૫ | ૨૫ | ૩૬૦ |
| ૧૦૧-૨૫૦ યુનિટ | ૩૯૦ | ૧૦ | ૪૦૦ | ૨૫ | ૪૨૫ |
| ૨૫૧ થી વધુ | ૪૮૦ | ૧૦ | ૪૯૦ | ૩૦ | ૫૨૦ |
| ખેતીવાડી | | | | | |
| ટેરીફ ઓર્ડર તારીખ | ૬-૦૯-૧૧ | વધારો | ૨.૦૬.૧૨ | વધારો | ૧૬.૦૪.૧૩ |
| નાણાંકીય વર્ષ | ૧૧-૧૨ | | ૧૨-૧૩ | | ૧૩-૧૪ |
| હોર્સ પાવર (એચ પી) આધારિત *(વર્ષ/પી.એચ./રૂ।.) | ૨૧૦૦ | – | ૨૧૦૦ | ૩૦૦ | ૨૪૦૦ |
| હોર્સ પાવર આધારિત (સિવાય) | | | | | |
| નિશ્ચિત દર(વર્ષ/પી.એચ./રૂ।.) | ૧૨૦ | – | ૧૨૦ | ૧૨૦ | ૨૪૦ |
| ઉર્જા દર (યુનિટ/પૈસા) | ૫૦ | – | ૫૦ | ૧૦ | ૬૦ |
| ઉર્જા દર-તત્કાલ (યુનિટ/પૈસા) | ૭૦ | – | ૭૦ | ૧૦ | ૮૦ |

અત્રે ઉલ્લેખનીય છે કે, માનનીય આયોગ દ્વારા હોર્સ પાવર (એચ.પી.) આધારિત કૃષિ ગ્રાહકો માટે તા. ૧-૪-૨૦૧૩ની અસરથી રૂ।. ૨૫/હોર્સ પાવર/માસ(રૂ।. ૩૦૦/હોર્સ પાવર/વર્ષ) વીજ દરમાં વધારો કરેલ પરંતુ ગુજરાત સરકાર દ્વારા કૃષિ ગ્રાહકો પાસેથી સરકારે અગાઉ નક્કી કરેલ નીતિ મુજબ (૭.૫ હો. પા. સુધી રૂ।. ૬૬૫/હો.પા./વર્ષ તથા ૭.૫ હો. પા. થી વધુ માટે રૂ।. ૮૦૭.૫/હો.પા./વર્ષ) પ્રમાણે જ વસૂલાત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. મંજૂર થયેલ વીજ ભાવની પૂર્તી કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે.

આ ઉપરાંત નામદાર ગુજરાત વિજ નિયમન આયોગે મંજુર કરેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલવાની પદ્ધતિ અનુસાર દર ત્રણ મહિને ગણતરી કરીને વીજ ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતા બળતણના દરોમાં થતાં વધારા/ઘટાડા મુજબ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલાય છે. તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વસુલાયેલ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જની વિગતો નીચે મુજબ છે.

| **ત્રિમાસિક ગાળો** | **ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ (રૂ।. પ્રતિ યુનિટ)** |
|---|---|
| એપ્રિલે – જુન – ૨૦૧૨ | ૧.૩૭ |
| જુલાઈ – સપ્ટેમ્બર ૨૦૧૨ | ૧.૨૪ |
| ઓક્ટોબર – ડીસેમ્બર – ૨૦૧૨ | ૧.૧૮ |
| જાન્યુઆરી – માર્ચ – ૨૦૧૩ | ૧.૧૮ |
| એપ્રિલ – જુન – ૨૦૧૩ | ૧.૦૫ |
| જુલાઈ – સપ્ટેમ્બર – ૨૦૧૩ | ૧.૦૦ |
| ઓક્ટોબર – ડીસેમ્બર – ૨૦૧૩ | ૧.૧૦ |
| જાન્યુઆરી – માર્ચ – ૨૦૧૪ | ૧.૨૨ |

અત્રે ઉલ્લેખનીય છે કે ખેતીવાડી ગ્રાહકો પાસેથી કોઈ ફ્યુઅલ એડજસ્ટમેન્ટ ચાર્જ વસુલવામાં આવતો નથી અને તેની પુર્તતા કરી આપવા માટે રાજ્ય સરકાર વીજ કંપનીઓને સબસીડી આપે છે.

(૪) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નામદાર વિજ નિયમન આયોગનાં આદેશ દ્વારા રાજ્યમાં વર્ષ ૨૦૧૨-૧૩માં તા. ૧-૬-૨૦૧૨થી (ખેતીવાડી સિવાય) અને વર્ષ ૨૦૧૩-૧૪માં તા. ૧-૪-૨૦૧૩ની અસરથી અનુક્રમે સરેરાશ ૧૦

પૈસા તથા ૩૪ પૈસાનો પ્રતિ યુનિટનો વધારો કરવામાં આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ તમામ આદેશો અંતર્ગત ગરીબી રેખા હેઠળના ગ્રાહકોના વિજ દરમાં કોઈ વધારો કરવામાં આવેલ નથી.

-------

**રાજ્યમાં બાળકોમાં કૂપોષણ અંગે કરવામાં આવેલ સર્વે**

અતારાંકિતઃ ૨૯૦૯ (૦૫-૦૫-૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કૂપોષણ અંગે કરવામાં આવેલ સર્વે ક્યારે કઈ સંસ્થા કે એજન્સી મારફતે કરાવવામાં આવ્યો, અને

(૨) દરેક સર્વે વાર કઈ એજન્સીને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧૯-૮-૧૪)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં પાંચ વર્ષમાં કૂપોષણ અંગે સર્વે કરવામાં આવેલ સંસ્થા કે એજન્સીની વિગતો નીચે મુજબ છે.

(૧) National Institute Nutrition (NIN) હૈદરાબાદ
(૨) International Institute of Populationa Sciences (IIPS) મુંબઈ

ઉપરોક્ત બન્ને એજન્સીઓ પાસેથી કૂપોષણ સર્વેની કામગીરી કરાવવા અંગે મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈસીડી/૧૦૨૦૧૨/૪૦૫/બ, તા. ૧૮-૪-૨૦૧૨ થી મંજુરી આપવામાં આવેલ

વર્ષ ૨૦૧૨-૧૩માં NIN હૈદરાબાદ દ્વારા જિલ્લાઓ માટે ન્યુટ્રીશન સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. IIPS મુંબઈ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન ન્યુટ્રીશન સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ.

(૨) દરેક સર્વે વાર કઈ એજન્સીને કેટલી રકમ ક્યારે ચૂકવવામાં આવી તેની વિગતો નીચે મુજબ છે.

National Institute Nutrition (NIN) હૈદરાબાદ

| ચૂકવણા આદેશની તારીખ | ચૂકવણા આદેશની રકમ |
|---|---|
| તા. ૧૨-૦૩-૨૦૧૨ | રૂા. ૨૮,૧૯,૩૨૫/- |
| તા. ૨૧-૦૧-૨૦૧૩ | રૂા. ૨૮,૧૯,૩૨૫/- |
| તા. ૦૪-૦૬-૨૦૧૨ | રૂા. ૬,૩૮,૬૫૦/- |
| તા. ૧૮-૦૫-૨૦૧૨ | રૂા. ૨૧,૮૦,૬૭૫/- |

International Institute of Populationa Sciences (IIPS) મુંબઈ

| ચૂકવણા આદેશની તારીખ | ચૂકવણા આદેશની રકમ |
|---|---|
| તા. ૧૪-૧૨-૨૦૧૨ | રૂા. ૨૩,૫૮,૦૦૦/- |
| તા. ૦૮-૧૧-૨૦૧૩ | રૂા. ૩૯,૬૯,૦૦૦/- |
| તા. ૦૮-૧૧-૨૦૧૨ | રૂા. ૧૮,૨૭,૫૦૦/- |

-------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૨૯૦ | ૦૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૦૪૨,૩૦૪૩,૩૦૪૯,૩૦૬૩,૩૨૮૩ | ૦૫ |
| ૩ | નાણા વિભાગ | ૩૨૮૯ | ૦૧ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૧૮૮, ૩૧૮૯, ૩૧૯૨, ૩૧૯૫, ૩૨૬૦ | ૦૫ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૦૧૧, ૩૦૧૫, ૩૨૬૬ | ૦૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૨૯૩૯, ૩૧૩૪ | ૦૨ |

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૦૮૧, ૩૧૦૮, ૩૧૬૩, ૩૨૮૪, ૩૨૯૧, ૩૨૯૨ | ૦૬ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૧૧૦ | ૦૧ |
| ૯ | કાયદા વિભાગ | ૩૨૭૬ | ૦૧ |
| ૧૦ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૧૮૧, ૩૧૮૫, ૩૨૮૫ | ૦૩ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૬૬૫, ૨૮૯૫, ૨૮૯૮, ૨૯૨૩, ૨૯૪૨, ૩૦૭૯, ૩૨૭૮ | ૦૭ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૧૯૪૩, ૧૯૭૩, ૨૪૭૧, ૨૬૧૩, ૩૨૨૪, ૩૨૩૬, ૩૨૩૯ | ૦૭ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૩૨૭૪ | ૦૧ |
| ૧૪ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૨૮૭ | ૦૧ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૨૧૧, ૩૨૧૪, ૩૨૧૫, ૩૨૮૧, ૩૨૮૨ | ૦૫ |
| ૧૬ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૨૯૦૯ | ૦૧ |
| | | **કુલ....** | **૫૦** |

----------

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**

# બીજી અતારાંકિત યાદી

### રાજ્યમાં જિલ્લા–તાલુકાવાર પશુ દવાખાનાઓનું સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૩૧૧૫ (૧૬–૦૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુડોકટરો, લાઇવસ્ટોક ઇન્સ્પેકટરો સહીત પશુ દવાખાનાઓનું સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે,

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે, અને

(૩) વૈકલ્પિક વ્યવસ્થા શી ગોઠવવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૨૯–૧૦–૧૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પશુડોકટરો, લાઇવસ્ટોક ઇન્સ્પેકટરો પશુ દવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો સહિત સંવર્ગવાર ભરાયેલી અને ખાલી જગ્યાઓની વિગત પત્રક–૧ મુજબ છે.

(૨) સરકારશ્રીએ ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા દસ વર્ષીય ભરતી કેલેન્ડરનું આયોજન કરેલ છે તે મુજબ પશુચિકિત્સા અધિકારીની વર્ગ–૨, વર્ષ ૨૦૧૪ ના ફાળે આવતી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ મારફત ભરવા અંગેનું માંગણાપત્રક મોકલવામાં આવેલ છે, ઉપરાંત અનુસુચિત જનજાતિ વર્ગની બેકલોગની જગ્યા સીધી ભરતીથી ભરવા અંગેનું માંગણાપત્રક મોકલવામાં આવેલ છે. જે ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ તરફથી ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરી શકાશે.

ડ્રેસર/પટાવાળા/એટેન્ડન્ટ કમ ડ્રેસર/એટેન્ડન્ટ વર્ગ–૪ ની જગ્યાઓ સંબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

(૩) રાજ્યમાં પશુચિકિત્સા અધિકારીની જે જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓની કામગીરી અન્ય પશુદવાખાના ઉપર ફરજ બજાવતા પશુચિકિત્સા અધિકારી તેમના પશુદવાખાનાની કામગીરી ઉપરાંત વધારાનો ચાર્જ આપીને ખાલી રહેલ પશુદવાખાનાઓની કામગીરી કરાવવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લાનું નામ | પશુ ચિકિત્સા અધિકારી | | | પશુધન નિરીક્ષક | | | ડ્રેસર | | | પટાવાળા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી | મંજુર | ભરેલ | ખાલી |
| ૧. | અમદાવાદ | ૩૦ | ૧૯ | ૧૧ | ૧૯ | ૧૬ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨. | અમરેલી | ૩૧ | ૧૨ | ૧૯ | ૨૪ | ૯ | ૧૫ | ૧૫ | ૧૧ | ૪ | ૪૭ | ૫ | ૪૨ |
| ૩. | આણંદ | ૧૬ | ૧૩ | ૩ | ૨૫ | ૧૦ | ૧૫ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧૯ | ૧૯ |
| ૪. | બનાસકાંઠા | ૫૬ | ૪૨ | ૧૪ | ૨૬ | ૧૯ | ૭ | ૦ | ૦ | ૦ | ૬૪ | ૫૮ | ૬ |
| ૫. | ભાવનગર | ૨૮ | ૧૩ | ૧૫ | ૨૩ | ૧૧ | ૧૨ | ૮ | ૦ | ૮ | ૩૯ | ૨૦ | ૧૯ |
| ૬. | ભરૂચ | ૧૯ | ૧૦ | ૯ | ૧૯ | ૭ | ૧૨ | ૮ | ૪ | ૪ | ૩૭ | ૧૮ | ૧૯ |
| ૭. | દાહોદ | ૧૩ | ૮ | ૫ | ૨૪ | ૧૧ | ૧૩ | ૧૨ | ૩ | ૯ | ૩૮ | ૧૪ | ૨૪ |
| એચબી-૪૫૬-૧ | | ૫ | ૩ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯. | ગાંધીનગર | ૨૩ | ૨૧ | ૨ | ૧૪ | ૧૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦. | જામનગર | ૩૩ | ૧૭ | ૧૬ | ૨૨ | ૧૮ | ૪ | ૧૩ | ૯ | ૪ | ૩૪ | ૨૨ | ૧૨ |
| ૧૧. | જુનાગઢ | ૪૫ | ૩૧ | ૧૪ | ૧૬ | ૧૪ | ૨ | ૧૨ | ૦ | ૧૨ | ૬૫ | ૨૦ | ૪૫ |
| ૧૨. | ખેડા | ૧૯ | ૧૦ | ૯ | ૨૩ | ૨૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩. | કચ્છ | ૩૨ | ૧૯ | ૧૩ | ૨૯ | ૧૧ | ૧૮ | ૧૪ | ૧૦ | ૪ | ૬૫ | ૩૫ | ૩૦ |
| ૧૪. | મહેસાણા | ૩૧ | ૨૪ | ૭ | ૨૮ | ૨૨ | ૬ | ૧૦ | ૪ | ૬ | ૧૪ | ૮ | ૬ |
| ૧૫. | નર્મદા | ૧૩ | ૮ | ૫ | ૧૭ | ૨ | ૧૫ | ૭ | ૧ | ૬ | ૧૮ | ૧૨ | ૬ |
| ૧૬. | નવસારી | ૧૩ | ૯ | ૪ | ૧૪ | ૯ | ૫ | ૮ | ૬ | ૨ | ૧૨ | ૯ | ૩ |
| ૧૭. | પંચમહાલ | ૩૦ | ૨૩ | ૭ | ૩૩ | ૧૩ | ૨૦ | ૧૧ | ૧૧ | ૦ | ૨૫ | ૧૨ | ૧૩ |
| ૧૮. | પાટણ | ૨૯ | ૨૧ | ૮ | ૧૬ | ૧૩ | ૩ | ૮ | ૪ | ૪ | ૬ | ૦ | ૬ |
| ૧૯. | પોરબંદર | ૧૧ | ૬ | ૫ | ૭ | ૫ | ૨ | ૪ | ૦ | ૪ | ૧૩ | ૮ | ૫ |
| ૨૦. | રાજકોટ | ૩૫ | ૨૭ | ૮ | ૨૫ | ૨૪ | ૧ | ૧૪ | ૪ | ૧૦ | ૪૫ | ૨૪ | ૨૧ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૨૨ | ૮ | ૧૪ | ૨૧ | ૧૯ | ૨ | ૨૧ | ૨ | ૧૯ | ૪૭ | ૮ | ૩૯ |
| ૨૨. | સાબરકાંઠા | ૩૩ | ૨૩ | ૧૦ | ૩૬ | ૨૫ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩. | સુરત | ૧૫ | ૭ | ૮ | ૨૫ | ૧૫ | ૧૦ | ૯ | ૮ | ૧ | ૩૮ | ૩૭ | ૧ |
| ૨૪. | તાપી | ૮ | ૮ | ૦ | ૨૨ | ૧૦ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫. | વડોદરા | ૨૪ | ૨૧ | ૩ | ૨૭ | ૧૫ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬. | વલસાડ | ૫ | ૪ | ૧ | ૧૮ | ૧૧ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલઃ** | **૬૧૮** | **૪૦૭** | **૨૧૧** | **૫૫૩** | **૩૪૪** | **૨૦૯** | **૧૭૪** | **૭૭** | **૯૭** | **૬૪૫** | **૩૨૯** | **૩૧૬** |

--------

**રાજ્યમાં કૃષિ આયોગની સ્થાપના બાબત**

અતારાંકિતઃ ૩૫૮૫ (૨૫–૦૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ આયોગની સ્થાપના કરવામાં આવેલ છે. તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો કયા વર્ષમાં કૃષિ આયોગની સ્થાપના કરવામાં આવેલ છે, અને

(૩) કૃષિ આયોગમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ/કામગીરી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર હાથ ધરવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૧–૧૦–૧૪)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં બિયારણ વિકાસ મિશનની સ્થાપના બાબત**

અતારાંકિતઃ ૩૫૮૭ (૨૫–૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બિયારણ વિકાસ મિશનની સ્થાપના કરવામાં આવેલ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો કયા વર્ષમાં બિયારણ વિકાસ મિશનની સ્થાપના કરવામાં આવેલ છે, અને

(૩) બિયારણ વિકાસ મિશનમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ/કામગીરી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર હાથ ધરવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૦–૧૦–૧૪)

(૧) હા, ભારત સરકાર દ્વારા અમલી સબ મિશન ફોર સીડ એન્ડ પ્લાન્ટીંગ મટીરીયલ (એસ.એમ.એસ.પી.) રાજ્યમાં શરૂઆત કરવામાં આવેલ છે.

(૨) સબ મિશન ફોર સીડ એન્ડ પ્લાન્ટીંગ મટીરીયલ (એસ.એમ.એસ.પી.) ની શરૂઆત વર્ષ ૨૦૧૪–૧૫ માં કરવામાં આવેલ છે.

(૩) સબ મિશન ફોર સીડ એન્ડ પ્લાન્ટીંગ મટીરીયલ (એસ.એમ.એસ.પી.) હાલ આયોજન ના પ્રાથમિક તબક્કે હોઈ પ્રવૃત્તિઓ/કામગીરી હાથ ધરવામાં આવેલ નથી. હાલ રાજ્યનો એકશન પ્લાન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં વાણિજ્યિક પાક વૃધ્ધિ મિશનની સ્થાપના બાબત**

અતારાંકિતઃ ૩૫૮૮ (૨૫–૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વાણિજ્યિક પાક વૃધ્ધિ મિશનની સ્થાપના કરવામાં આવેલ છે. તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો કયા વર્ષમાં વાણિજ્યિક પાક વૃધ્ધિ મિશનની સ્થાપના કરવામાં આવેલ છે, અને

(૩) વાણિજ્યિક પાક વૃધ્ધિ મિશનમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ/કામગીરી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર હાથ ધરવામાં આવી ?

**કૃષિ મંત્રીશ્રી :** (૨૧–૧૦–૧૪)

(૧) ના જી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કોલેજોના અધ્યાપકો છઠ્ઠા પગારપંચના તફાવતની બાકી રકમ**

અતારાંકિતઃ ૧૭૩૧ (૧૫–૦૭–૨૦૧૩) **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૫–૨૦૧૩ સ્થિતિએ રાજ્યમાં કોલેજોના અધ્યાપકોના છઠ્ઠા પગારપંચના તફાવતની રકમ ચૂકવવાની બાકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ આવી કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી રહેતી રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૦–૧૦–૧૪)

(૧) હા, જી.

(૨) તા.૩૧–૦૫–૨૦૧૩ની સ્થિતિએ રૂ.૪૫૫.૩૧/- કરોડની રકમ ચૂકવવાની બાકી છે.

(૩) કેન્દ્ર સરકાર તરફથી ૮૦ ટકાની રકમ મંજૂર થયેથી તાત્કાલિક ચૂકવવામાં આવશે.

--------

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**રાજયમાં માધ્યમિક શિક્ષકોની ભરતીમાં એન.સી.સી. ‘‘સી’’ સર્ટીફીકેટના બે માર્ક ઉમેરવાનું બંધ કરવાની ફરિયાદ**

અતારાંકિતઃ ૨૪૮૨ (૨૪–૧૨–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર–૨૦૧૩ની સ્થિતિએ માધ્યમિક શિક્ષકોની ભરતીમાં એન.સી.સી.‘‘સી’’ સર્ટીફીકેટના બે માર્ક પસંદગી વખતે આપવામાં આવતા તે બંધ કરવામાં આવેલ છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો એન.સી.સી. તાલીમ મેળવવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સરકારે શાં પગલાં લીધા છે, અને

(૩) આ અંગે કોઈ આદેશ આપેલ હોય તો તેની શી વિગતો છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૮–૧૦–૧૪)

(૧) હા, જી.

(૨) અને (૩) એન.સી.સી. તાલીમ મેળવવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા –

- વર્ષ ૨૦૧૧ માં ભાવનગર ગૃપ હેડકવાર્ટર તથા પોરબંદર નેવલ યુનિટ શરૂ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૨ માં ૩ આર્મી યુનિટ્સ પાલનપુર, અમરેલી અને દાહોદ ખાતે મંજૂર કરવામાં આવેલ છે.
- તારીખ ૨૬–૧૨–૨૦૦૬ના પત્રથી ૧૨,૦૦૦ કેડેટ્સની સંખ્યા વધારવા મંજૂરી આપેલ છે.
- તારીખ ૧–૧૧–૨૦૧૧ ના ઠરાવથી સાહસિક પ્રવૃત્તિવાળા કેમ્પ, રિપબ્લિક ડે કેમ્પ, નવી દિલ્હી, થલસેના કેમ્પ, નવી દિલ્હી, વાયુસેના કેમ્પ, બેંગ્લોર, નૌસેના કેમ્પ, વિશાખાપટ્ટનમ, સેઈલીંગ એક્ષપીડેશનની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા એન.સી.સી. કેડટ્સને વધારાનું ડાયેટ મંજૂર કરવામાં આવેલ છે.

--------

**રાજયમાં રન ફોર યુનિટીમાં ભાગ ન લેનાર કોલેજના વિદ્યાર્થીઓને દંડ કરવાના હુકમો**

અતારાંકિતઃ ૨૮૯૨ (૨૨–૦૪–૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં રન ફોર યુનિટીમાં ભાગ ન લેનાર કોલેજના વિદ્યાર્થીઓને દંડ કરવાના હુકમો વિભાગ દ્રારા કે તેની તાબા હેઠળની કચેરી દ્રારા થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલો દંડ કરવાના હુકમો ઉકત સ્થિતિએ છેલ્લા બે વષમાં કયારે થયા, અને

(૩) તે પૈકી કેટલો દંડ વસુલવામાં આવેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૧૦–૧૪)

(૧) ના, જી
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી..

--------

**રાજકોટ જિલ્લામાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયેલ વિદ્યાર્થીઓને વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાય**

અતારાંકિતઃ ૩૦૩૪ (૧૮–૦૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૧૪ની સ્થિતિએ રાજકોટ સહીત રાજયમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માર્ગ અકસ્માતમાં કેટલી ઉંમરના કયા ધોરણના કેટલા વિદ્યાથીઓના મૃત્યુ થયા,

(૨) તે પૈકી કયો મૃતક વિદ્યાર્થીઓના વારસદારોએ વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવી અને કેટલાને ચૂકવવાની બાકી છે, અને

(૩) વિદ્યાદિપ વિમા યોજના હેઠળ સહાયની રકમ ચુકવવા કોઈ દરખાસ્ત સરકારશ્રીમાં પડતર છે કે કેમ ? જો હા તો કયારથી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૧–૧૦–૧૪)

(૧) તા.૩૧-૦૩-૧૪ની સ્થિતિએ રાજકોટ સહીત રાજયમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં માર્ગ અકસ્માતમાં ઉંમર પ્રમાણે ધોરણ વાર કુલ ૫૫૩ વિદ્યાર્થીઓના મૃત્યુ થયા.( જિલ્લાવાર પત્રક સામેલ છે.)

(૨) ૫૫૩ પૈકી ૩૯૪ કેસોમાં મૃતક વિદ્યાર્થીઓના વારસદારોએ વિદ્યાદીપ વિમા યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવી. ૨૫ કેસો ના મંજુર થયેલ છે અને ૧૩૪ કેસોમાં સહાય ચૂકવવા બાબતે જરૂરી પૂર્તતા અર્થે પેન્ડીંગ છે.

(૩) વિદ્યાદીપ વિમા યોજના હેઠળ સહાયની રકમ અરજદારો તરફથી જરૂરી પૂર્તતાના અભાવે પેન્ડીંગ છે. તે કેસોમાં જરૂરી માહિતીની પૂર્તતા થયે વીમા નિયામકની કચેરી ગાંધીનગર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જુનાગઢ, મોરબી, પોરબંદર અને જામનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં પીવાના પાણી, શૌચાલયો, લાઈટ અને પંખાની સુવિધા**

અતારાંકિતઃ ૩૦૩૬(૧૮-૦૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જુનાગઢ, મોરબી, પોરબંદર અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી સરકારી શાળાઓ આવેલી છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓમાં શુધ્ધ પીવાના પાણી, શૌચાલયો, લાઇટ અને પંખાની વ્યવસ્થા નથી, અને

(૩) આ વ્યવસ્થા કેટલા સમયમાં પૂરી કરવાનું સરકારનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૮-૧૦-૧૪)

(૧) પત્રક-૧ મુજબ.
(૨) પત્રક-૨ મુજબ.
(૩) જેમ બને તેમ જલ્દી.

**પત્રક-૧**

**તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર શાળાની સંખ્યા દર્શાવતું પત્રક**

**જિલ્લોઃ રાજકોટ**

| **ક્રમ** | **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ધોરાજી | ૫૦ |
| ૨ | ગોંડલ | ૧૨૨ |
| ૩ | જામકંડોરણા | ૫૭ |
| ૪ | જસદણ | ૧૯૫ |
| ૫ | જેતપુર | ૭૮ |
| ૬ | કોટડા સાંગાણી | ૫૪ |
| ૭ | લોધીકા | ૪૩ |
| ૮ | માળિયા (મી.) | ૭૭ |
| ૯ | મોરબી | ૧૫૭ |
| ૧૦ | પડધરી | ૮૨ |
| ૧૧ | રાજકોટ | ૧૨૯ |
| ૧૨ | ટંકારા | ૬૫ |
| ૧૩ | ઉપલેટા | ૭૭ |
| ૧૪ | વાંકાનેર | ૧૬૦ |
| | **કુલ** | **૧૩૪૬** |

**જિલ્લોઃ સુરેન્દ્રનગર**

| **ક્રમ** | **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૮૨ |
| ૨ | ચુડા | ૪૫ |

| | | |
|---|---|---|
| ૩ | ધ્રાંગધ્રા | ૧૦૨ |
| ૪ | હળવદ | ૧૧૮ |
| ૫ | લખતર | ૪૮ |
| ૬ | લીંબડી | ૮૦ |
| ૭ | મુળી | ૮૪ |
| ૮ | પાટડી | ૧૧૨ |
| ૯ | સાયલા | ૧૨૦ |
| ૧૦ | વઢવાણ | ૧૦૧ |
| | **કુલ** | **૯૯૨** |

**જિલ્લોઃ ભાવનગર**

| **ક્રમ** | **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૫૨ |
| ૨ | બોટાદ | ૮૦ |
| ૩ | ગઢડા | ૯૪ |
| ૪ | ગારીયાધાર | ૬૧ |
| ૫ | ઘોઘા | ૬૭ |
| ૬ | મહુવા | ૨૦૪ |
| ૭ | પાલીતાણા | ૧૨૩ |
| ૮ | શિહોર | ૧૧૮ |
| ૯ | તળાજા | ૧૫૦ |
| ૧૦ | ઉમરાળા | ૫૮ |
| ૧૧ | વલ્લભીપુર | ૬૪ |
| | **કુલ** | **૧૧૭૧** |

**જિલ્લોઃ જુનાગઢ**

| **ક્રમ** | **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૪૫ |
| ૨ | જુનાગઢ (શહેર) | ૩૩ |
| ૩ | જુનાગઢ | ૭૮ |
| ૪ | કેશોદ | ૯૨ |
| ૫ | માળીયા | ૧૧૨ |
| ૬ | માણાવદર | ૭૦ |
| ૭ | માંગરોળ | ૧૨૬ |
| ૮ | મેંદરડા | ૫૨ |
| ૯ | વંથલી | ૫૭ |
| ૧૦ | વિસાવદર | ૧૦૧ |
| ૧૧ | કોડીનાર | ૯૩ |
| ૧૨ | સુત્રાપાડા | ૯૪ |
| ૧૩ | તાલાળા | ૬૬ |
| ૧૪ | ઉના | ૧૨૬ |
| ૧૫ | ગીર ગઢડા | ૬૫ |
| ૧૬ | વેરાવળ | ૧૧૪ |

| | | |
|---|---|---|
| | **કુલ** | ૧૩૨૪ |

**જિલ્લોઃ પોરબંદર**

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૭૫ |
| ૨ | રાણાવાવ | ૮૪ |
| ૩ | કુતિયાણા | ૭૨ |
| | **કુલ** | **૩૩૧** |

**જિલ્લોઃ જામનગર**

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૭૦ |
| ૨ | જામજોધપુર | ૧૧૯ |
| ૩ | જામનગર | ૨૪૮ |
| ૪ | જોડીયા | ૭૬ |
| ૫ | કાલાવાડ | ૧૧૯ |
| ૬ | લાલપુર | ૧૩૮ |
| ૭ | ભાણવડ | ૧૨૨ |
| ૮ | દ્વારકા | ૯૨ |
| ૯ | જામખંભાળીયા | ૨૧૦ |
| ૧૦ | જામકલ્યાણપુર | ૨૧૮ |
| | **કુલ** | **૧૪૧૨** |

**પત્રક–૨**

**તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર અને જામનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાઓની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લો | પીવાના પાણીની વ્યવસ્થા ન હોય તેવી શાળાની સંખ્યા | શૌચાલયની વ્યવસ્થા ન હોય તેવી શાળાની સંખ્યા | લાઇટની વ્યવસ્થા ન હોય તેવી શાળાની સંખ્યા | પંખાની વ્યવસ્થા ન હોય તેવી શાળાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૦ | ૦ | ૫ | ૮ |
| ૨ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | જૂનાગઢ | ૦ | ૦ | ૭ | ૭ |
| ૫ | પોરબંદર | ૦ | ૧૨ | ૧૨ | ૧૦ |
| ૬ | જામનગર | ૦ | ૦ | ૬ | ૬ |
| | **કુલ** | **૦** | **૧૨** | **૩૧** | **૩૨** |

--------

**રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

અતારાંકિતઃ ૩૦૪૪ (૧૮–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે,

(૨) પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ નાબુદ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શાં પગલાં ભર્યા, અને

(૩) જિલ્લાવાર કેટલા ઓરડાઓ બનાવવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૭–૧૦–૨૦૧૪)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ નાબુદ કરવા છેલ્લા પાંચ વર્ષમાં સરકારે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ભારત સરકારમાં ૭૫૩૬૦ ઓરડાઓની અને રાજ્ય સરકારમાં ૭૯૪૭ ઓરડાઓની દરખાસ્ત કરવામાં આવી, તે પૈકી ભારત સરકાર દ્વારા ૪૪૬૩૯ ઓરડા મંજૂર કરેલ અને રાજ્ય સરકાર દ્વારા ૭૯૪૭ ઓરડા મંજૂર કરવામાં આવેલ.

(૩) પત્રક–૨ મુજબ.

**પત્રક–૧**

**તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ઘટતા ઓરડા વાળી જિલ્લાવાર પ્રાથમિક શાળાઓની સંખ્યા અને ઘટતા ઓરડાની સંખ્યા**

| ક્રમ | જિલ્લો | તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ઘટતા ઓરડા વાળી શાળાની સંખ્યા | તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૬૩ | ૬૩૨ |
| ૨ | અમરેલી | ૨૩૭ | ૫૮૩ |
| ૩ | આણંદ | ૨૩૫ | ૪૬૧ |
| ૪ | બનાસકાંઠા | ૬૦૧ | ૧૨૦૧ |
| ૫ | ભરૂચ | ૧૭૩ | ૩૧૬ |
| ૬ | ભાવનગર | ૪૫૮ | ૧૩૨૪ |
| ૭ | દાહોદ | ૬૪૬ | ૧૩૯૭ |
| ૮ | ડાંગ | ૧૫૦ | ૧૦૭ |
| ૯ | ગાંધીનગર | ૭૩૦ | ૨૭૭ |
| ૧૦ | જામનગર | ૪૧૩ | ૧૭૩૨ |
| ૧૧ | જૂનાગઢ | ૮૨૪ | ૮૮૮ |
| ૧૨ | ખેડા | ૨૩૬ | ૩૯૩ |
| ૧૩ | કચ્છ | ૧૯૦ | ૧૭૭૯ |
| ૧૪ | મહેસાણા | ૧૯૬ | ૩૭૮ |
| ૧૫ | નર્મદા | ૩૯ | ૩૩૮ |
| ૧૬ | નવસારી | ૬૪૭ | ૯૦ |
| ૧૭ | પંચમહાલ | ૨૧૧ | ૧૧૬૩ |
| ૧૮ | પાટણ | ૮૩ | ૪૫૮ |
| ૧૯ | પોરબંદર | ૪૦૭ | ૧૭૬ |
| ૨૦ | રાજકોટ | ૭૩૯ | ૮૮૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૫૯ | ૧૨૮૯ |
| ૨૨ | સુરત | ૩૩૫ | ૧૮૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૪ | ૭૪૯ |
| ૨૪ | તાપી | ૬૨ | ૭૩ |
| ૨૫ | વડોદરા | ૪૦૭ | ૭૧૯ |
| ૨૬ | વલસાડ | ૧૬૩ | ૨૯૭ |
| ૨૭ | અમદાવાદ મ્યુ. કોર્પો. | ૧૧૭ | ૪૨૪ |
| ૨૮ | સુરત મ્યુ. કોર્પો. | ૭૪ | ૪૪૦ |
| ૨૯ | રાજકોટ મ્યુ. કોર્પો. | ૩૩ | ૧૮૮ |
| ૩૦ | વડોદરા મ્યુ. કોર્પો. | ૧૪ | ૩૮ |
| | **કુલ** | **૮૭૮૬** | **૧૮૯૭૫** |

**પત્રક–૨**

**જિલ્લાવાર છેલ્લા પાંચ વર્ષમાં બનાવેલ ઓરડાની સંખ્યા**

| ક્રમ | જિલ્લો | ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૨૬૫ |
| ૨ | અમરેલી | ૧૫૪૬ |
| ૩ | આણંદ | ૧૭૦૩ |
| ૪ | બનાસકાંઠા | ૩૩૮૧ |
| ૫ | ભરૂચ | ૧૭૩૨ |
| ૬ | ભાવનગર | ૨૪૩૫ |
| ૭ | દાહોદ | ૨૭૩૦ |
| ૮ | ડાંગ | ૬૮૩ |
| ૯ | ગાંધીનગર | ૮૨૫ |
| ૧૦ | જામનગર | ૨૧૧૦ |
| ૧૧ | જૂનાગઢ | ૨૪૨૫ |
| ૧૨ | ખેડા | ૨૨૭૭ |
| ૧૩ | કચ્છ | ૨૫૦૯ |
| ૧૪ | મહેસાણા | ૧૩૦૯ |
| ૧૫ | નર્મદા | ૧૧૦૫ |
| ૧૬ | નવસારી | ૧૦૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૨૭૯૯ |
| ૧૮ | પાટણ | ૧૪૫૧ |
| ૧૯ | પોરબંદર | ૬૮૬ |
| ૨૦ | રાજકોટ | ૨૨૨૦ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૭૧૩ |
| ૨૨ | સુરત | ૧૯૨૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૮૨૮ |
| ૨૪ | તાપી | ૨૮૧ |
| ૨૫ | વડોદરા | ૨૬૦૭ |
| ૨૬ | વલસાડ | ૧૩૪૯ |
| | **કુલ** | **૪૭૯૦૧** |

––––––––

**રાજ્યમાં જિલ્લાવાર ગ્રાન્ટેબલ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોનું સંવર્ગવાર મંજુર મહેકમ**

અતારાંકિતઃ ૩૦૪૫ (૧૮–૦૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સની ગ્રાન્ટેબલ કોલેજો કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે કોલેજોનું જિલ્લાવાર, સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તથા રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માગે છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૨–૧૦–૧૪)

(૧) ૨૮૯ કોલેજો, પત્રક–૧ મુજબ
(૨) પત્રક–૨ મુજબ
(૩) પત્રક–૩ મુજબ
(૪) પત્રક–૪ મુજબની જગ્યાઓ શક્ય તેટલી વહેલી તકે ભરવાની કાર્યવાહી હાથ પર લેવામાં આવશે.

**પત્રક–૧**

## રાજ્યની જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોની માહિતી દર્શાવતુ પત્રક

| ક્રમ | જિલ્લો | વિનિયન અને વાણિજ્ય કોલેજ | વિનયન અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજ | વિનયન અને હોમ સાયન્સ કોલેજ | વિનયન અને વિજ્ઞાન કોલેજ | વિનયન કોલેજ | વિનયન, વાણિજ્ય અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજ | વિનયન, વાણિજ્ય અને હોમ સાયન્સ કોલેજ | વિનયન અને વાણિજ્ય કોલેજ | વાણિજ્ય અને હોમ સાયન્સ કોલેજ | વાણિજ્ય કોલેજ | વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ | વિજ્ઞાન અને હોમ સાયન્સ કોલેજ | વિજ્ઞાન કોલેજ | સ્પેશિયલ કોલેજ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** | **૯** | **૧૦** | **૧૧** | **૧૨** | **૧૩** | **૧૪** | **૧૫** | **૧૬** | **૧૭** |
| ૧ | અમદાવાદ | ૧૭ | | | ૧ | ૧૧ | | | | | ૧૬ | | | ૫ | | ૫૦ |
| ૨ | અમરેલી | ૩ | | | ૧ | ૨ | | | | | ૧ | | | | | ૭ |
| ૩ | આણંદ | ૨ | | | ૧ | ૫ | | | ૩ | | ૪ | | | ૨ | | ૧૭ |
| ૪ | બનાસકાંઠા | ૨ | | | | ૨ | | | | | | ૧ | | | | ૫ |
| ૫ | ભરૂચ | ૩ | | | ૧ | ૧ | | | | | ૧ | ૧ | | | | ૭ |
| ૬ | ભાવનગર | ૪ | | | | ૨ | | | ૧ | | | | | | | ૭ |
| ૭ | દાહોદ | ૩ | | | | ૩ | | | | | | | | ૧ | | ૭ |
| ૮ | ગાંધીનગર | ૪ | | | ૧ | ૧ | | | | | ૧ | | | ૧ | | ૮ |
| ૯ | જામનગર | ૪ | | | | | ૧ | ૧ | | | ૧ | | | | | ૭ |
| ૧૦ | જુનાગઢ | ૧૨ | | ૨ | | ૨ | | ૧ | | | ૧ | | | | | ૧૮ |
| ૧૧ | કચ્છ | ૫ | | | | ૩ | | | ૧ | | ૨ | | | ૨ | | ૧૩ |
| ૧૨ | ખેડા | ૧ | | | ૧ | | | | | | ૨ | | | | | ૪ |
| ૧૩ | મહેસાણા | ૬ | | | ૨ | ૫ | | | ૧ | | ૧ | | | | | ૧૫ |
| ૧૪ | નર્મદા | | | | ૧ | | | | | | ૧ | | | | | ૨ |
| ૧૫ | નવસારી | ૨ | | | ૧ | ૧ | | | | | ૧ | | | ૧ | | ૬ |
| ૧૬ | પંચમહાલ | ૪ | | | ૧ | ૪ | | | ૧ | | ૧ | | | | | ૧૧ |
| ૧૭ | પાટણ | ૩ | | | | ૨ | | | | | ૧ | | | ૧ | | ૭ |
| ૧૮ | પોરબંદર | ૩ | | | | | | ૧ | | | | | | ૧ | | ૫ |
| ૧૯ | રાજકોટ | ૧૧ | | | | ૩ | | ૩ | ૧ | ૧ | ૫ | | ૧ | ૧ | ૨ | ૨૮ |
| ૨૦ | સાબરકાંઠા | ૭ | | | | ૮ | | | | | ૧ | | | ૩ | | ૧૯ |
| ૨૧ | સુરત | ૬ | | | | ૪ | | | ૧ | | ૪ | | | ૩ | | ૧૮ |
| ૨૨ | સુરેન્દ્રનગર | ૨ | | | | | | ૨ | | | ૨ | | | | | ૬ |
| ૨૩ | તાપી | ૩ | | | | | | | | | | | | | | ૩ |
| ૨૪ | વડોદરા | ૫ | ૧ | | ૧ | ૩ | | | ૧ | | ૧ | | | | | ૧૨ |
| ૨૫ | વલસાડ | ૪ | | | | ૧ | | | | | ૧ | | | ૧ | | ૭ |
| | **કુલ** | **૧૧૬** | **૧** | **૨** | **૧૨** | **૬૩** | **૧** | **૮** | **૧૦** | **૧** | **૪૮** | **૨** | **૧** | **૨૨** | **૨** | **૨૮૯** |

**પત્રક–૨**

## રાજ્યની જિલ્લાવાર અનુદાનિત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોની મંજૂર મહેકમની માહિતી દર્શાવતુ પત્રક

| ક્રમ | જિલ્લો | મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક | | બિન શૈક્ષણિક | | |
| | | આચાર્ય | મદદ. વ્યાખ્યાતા | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧ | અમદાવાદ | ૫૦ | ૮૪૭ | ૩૭૯ | ૩૯૪ | ૧૬૭૦ |
| ૨ | અમરેલી | ૭ | ૧૩૮ | ૬૩ | ૬૫ | ૨૭૩ |
| ૩ | આણંદ | ૧૭ | ૩૧૧ | ૧૪૧ | ૧૪૬ | ૬૧૫ |
| ૪ | બનાસકાંઠા | ૫ | ૮૬ | ૩૯ | ૪૧ | ૧૭૧ |
| ૫ | ભરૂચ | ૭ | ૧૩૮ | ૬૩ | ૬૫ | ૨૭૩ |
| ૬ | ભાવનગર | ૭ | ૧૨૧ | ૫૫ | ૫૭ | ૨૪૦ |
| ૭ | દાહોદ | ૭ | ૧૨૧ | ૫૫ | ૫૭ | ૨૪૦ |
| ૮ | ગાંધીનગર | ૮ | ૧૧૦ | ૬૩ | ૬૫ | ૨૪૬ |
| ૯ | જામનગર | ૭ | ૧૨૧ | ૫૫ | ૫૭ | ૨૪૦ |
| ૧૦ | જુનાગઢ | ૧૮ | ૩૨૮ | ૧૪૯ | ૧૫૪ | ૬૪૯ |
| ૧૧ | કચ્છ | ૧૩ | ૮૬ | ૩૯ | ૪૧ | ૧૭૯ |
| ૧૨ | ખેડા | ૪ | ૨૨૪ | ૧૦૨ | ૧૦૫ | ૪૩૫ |

| ક્રમ | જિલ્લો | મંજૂર મહેકમ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | શૈક્ષણિક | | બિન શૈક્ષણિક | | |
| | | આચાર્ય | મદદ. વ્યાખ્યાતા | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
| ૧૩ | મહેસાણા | ૧૫ | ૨૭૬ | ૧૨૫ | ૧૩૦ | ૫૪૬ |
| ૧૪ | નર્મદા | ૨ | ૩૫ | ૧૬ | ૧૬ | ૬૯ |
| ૧૫ | નવસારી | ૬ | ૧૦૪ | ૪૭ | ૪૯ | ૨૦૬ |
| ૧૬ | પંચમહાલ | ૧૧ | ૧૯૦ | ૮૬ | ૮૯ | ૩૭૬ |
| ૧૭ | પાટણ | ૭ | ૧૩૮ | ૬૩ | ૬૫ | ૨૭૩ |
| ૧૮ | પોરબંદર | ૫ | ૮૬ | ૩૯ | ૪૧ | ૧૭૧ |
| અ. નં. | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કુલ જગ્યાઓ ૫ + ૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગ્રંથાલય નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૨ | ગ્રંથપાલ | ૧ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૩ | મદદનીશ ગ્રંથાલય નિયામક | ૨ | ૦૮ | ૦૮ | ૦૦ | ૦૮ |
| ૪ | હિસાબી અધિકારી | ૨ | ૦૧ | - | ૦૧ | ૦૧ |
| ૫ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ | ૩ | ૦૧ | - | ૦૧ | ૦૧ |
| ૬ | ગ્રંથપાલ/વ્યવસાયીક મદદનીશ | ૩ | ૩૩ | ૨૧ | ૧૨ | ૩૩ |
| ૭ | મદદનીશ ગ્રંથપાલ | ૩ | ૯૮ | ૮૫ | ૧૩ | ૯૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | ગ્રંથાલય કારકુન | ૩ | ૮૪ | ૭૬ | ૦૮ | ૮૪ |
| ૯ | મુખ્ય કારકુન/સિનિયર ઓડિટર | ૩ | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૧૦ | શ્રેયાંન કારકુન | ૩ | ૧૨ | ૧૦ | ૦૨ | ૧૨ |
| ૧૧ | કનિયાન કારકુન | ૩ | ૩૬ | ૨૨ | ૧૪ | ૩૬ |
| ૧૨ | કર્લાક કમ ટાઈપીસ્ટ | ૩ | ૦૮ | ૦૫ | ૦૩ | ૦૮ |
| ૧૩ | ડ્રાઈવર | ૩ | ૦૬ | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૧૪ | પટાવાળા | ૪ | ૧૦૧ | ૮૩ | ૧૮ | ૧૦૧ |
| **કુલ.....** | | | **૩૯૭** | **૩૨૨** | **૭૫** | **૩૯૭** |

(૩) સરકારે ખાલી જગ્યાઓ ક્રમશઃ ભરવાનું આયોજન કરેલ છે. જે વહેલી તકે ભરવામાં આવશે.

------------

**રાજકોટ જિલ્લાવાર વિજ સબસ્ટેશનો બાબત**

અતારાંકિતઃ ૩૨૦૬ (૨૩-૦૬- ૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :**

**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

(૧) **તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વિવિધ કેટેગરીના જિલ્લા**/તાલુકાવાર વિજ સબસ્ટેશનોની સંખ્યા કેટલી **?**

(૨) **તે પૈકી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા અને કયા કયા વિજ સબસ્ટેશનો ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યા,**

(૩) **તે માટે વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને**

(૪) **ખાનગી કંપનીઓને વિજ સબસ્ટેશનો સોંપવા પાછળના કારણો શાં છે ?**

**ઉર્જા મંત્રીશ્રી** (૨૯-૧૦-૨૦૧૪):

(૧) **તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૪૦૦ કેવીના-૧૧, ૨૨૦ કેવીના-૮૮, ૧૩૨ કેવીના-૫૧, ૬૬ કેવીના- ૧૩૧૯ અને ૩૩ કેવીના-૧ એમ કુલ ૧૪૭૦ વિવિધ કેટેગરીના સબસ્ટેશનો કાર્યરત છે. જિલ્લા**/તાલુકાવાર વિજ સબસ્ટેશનોની માહિતી પરિશિષ્ટ-અ* મુજબ છે.

(૨) ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ. દ્વારા કોઈપણ વીજ સબસ્ટેશનો સંપૂર્ણપણે ખાનગી કંપનીઓને સોંપવામાં આવતાં નથી, પરંતુ ખાનગી કંપનીઓને ફક્ત સંચાલન અને નિભાવના કાર્ય અર્થે વીજ સબસ્ટેશનો મર્યાદિત સમયગાળા માટે સોંપવામાં આવે છે. તે પૈકી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન,

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન-૨૯

વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન-૬૯

વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન-૧૦૬

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન-૮૮

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન-૯૬

વિજ સબસ્ટેશનો ખાનગી કંપનીઓને સોંપવામાં આવ્યા. જેની માહિતી પરિશિષ્ટ-બ મુજબ છે.

(૩) તે માટે વર્ષવાર—

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન - ₹ ૧૮૬૮.૨૪ લાખ

વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન - ₹ ૨૩૨૫.૧૬ લાખ

વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન - ₹ ૩૩૫૫.૪૬ લાખ

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન - ₹ ૪૩૫૧.૫૫ લાખ

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન - ₹ ૫૮૬૪.૦૮ લાખ

ખર્ચ થયેલ છે.

(૪) ખાનગી કંપનીઓને સંચાલન અને નિભાવ અર્થે વીજ સબસ્ટેશન સોંપવા માટેના કારણો નીચે મુજબ છેઃ-

૧) ખાનગી ક્ષેત્રની ભાગીદારીને વિજપ્રવહન ક્ષેત્રે પ્રોત્સાહન આપવા અને તેના થકી વધારાની રોજગારી તકો ઉભી થાય છે.

૨) ખાનગી કંપનીઓની સહભાગિતાના કારણે જેટકો પોતાની કામગીરીનું મૂલ્યાંકન કરી તેની ગુણવત્તાનું ધોરણ ઉત્તરોત્તર વધુ પ્રભાવશાળી બનાવી શકે.

૩) વીજપ્રવહન પ્રણાલીના વિવિધ ઉપકરણોના ઉત્પાદકોનો સંચાલન અને સમારકામના બહોળા અનુભવનો લાભ મેળવી શકાય છે.

૪) વીજ પ્રવહન પ્રણાલીના વિવિધ ઉપકરણોના સમયાંતરે પરિક્ષણ માટે જરૂરી ઉપકરણોના મૂડીરોકાણના ખર્ચને ઘટાડી શકાય છે.

૫) લાંબા ગાળે, આર્થિક ભારણ ઘટાડી સંચાલન અને જાળવણી ખર્ચ માટે આર્થિક જવાબદારીઓ ન્યૂનતમ રાખી શકાય છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો**

અતારાંકિતઃ ૩૩૬૪ (૧૧-૦૯- ૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

**(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતાં વીજ મથકો દ્વારા કુલ કેટલો કોલસાનો જથ્થો વાપરવામાં આવે છે ? અને**

**(૨) આ પૈકી કેટલો ઈમ્પોર્ટેડ કોલસો હતો અને રાજ્ય સરકાર દ્વારા સપ્લાય કરવામાં આવેલ કોલસો કેટલો હતો ?**

**ઉર્જા મંત્રીશ્રી** (૩૦-૧૦-૨૦૧૪):

(૧) **તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની જીએસઈસીએલ કંપનીના કોલસા આધારીત વીજ મથકો દ્વારા તા. ૧લી એપ્રિલ, ૨૦૧૪ થી તા. ૩૧મી જુલાઈ, ૨૦૧૪ સુધીમાં ૪૪૬૬૯૦૭ મેટ્રિક ટન કોલસાનો જથ્થો વાપરવામાં આવેલ છે.**

(૨) ઉપરોક્ત જથ્થામાંથી ૧૦૬૭૬૨ મેટ્રિક ટન ઈમ્પોર્ટેડ કોલસો જ્યારે ૪૩૬૦૧૪૫ મેટ્રિક ટન કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઈન્ડિયાની સબસીડયરી કંપની દ્વારા ફ્યુઅલ સપ્લાય એગ્રીમેન્ટ હેઠળ સપ્લાય કરવામાં આવેલ કોલસો વાપરવામાં આવેલ છે.

---------

**રાજ્યમાં જિલ્લાવાર ગામોમાં વીજળીકરણના લાભો**

અતારાંકિતઃ ૩૩૬૫ (૧૧-૦૯- ૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પાણી ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

**(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગામોમાં વીજળીકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાના વીજળીકરણ માટે છેલ્લા પાંચ વર્ષમાં કુલ કેટલી રકમ મળી, અને**

**(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા ગામોમાં વીજળીકરણના લાભો મળ્યા, અને**

**(૩) બાકીના ગામોમાં ક્યારે વીજળીકરણ પૂર્ણ કરવામાં આવશે ?**

**ઉર્જા મંત્રીશ્રી** (૩૦-૧૦-૨૦૧૪):

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્યમાં ગામ/પેટાપરાના વીજળીકરણ માટે કોઈ રકમ ફાળવવામાં આવતી નથી, પરંતુ વીજળીથી વંચિત ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો (બી.પી.એલ.)નાં ઘરોનાં વીજળીકરણ માટેની

અને કેન્દ્ર સરકારની આર.જી.જી.વી. યોજના અંતર્ગત ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ દ્વારા રાજ્યની વિજ

૨ કંપનીઓને ફાળવણી કરવામાં આવે છે. તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ આ યોજના અન્વયે ફાળવેલ રકમ, થયેલ ખર્ચ અને તેમાં આવરી લીધેલ ગામોની/લાભાર્થીઓની જીલ્લાવાર માહિતી સાથેના પત્રકમાં સામેલ છે.

(૩) આર.જી.જી.વી.વાય. અંતર્ગત કેન્દ્ર સરકારના ગ્રામ્ય વિજળીકરણ નિગમ દ્વારા મંજુર કરવામાં આવેલ તમામ જિલ્લાના પ્રોજેક્ટ ડીસેમ્બર-૨૦૧૩માં પૂર્ણ થઈ ગયેલ હોઈ આ યોજના અન્વયે કોઈ કામગીરી બાકી નથી.

| જિલ્લો | આવરી લીધેલ ગામોની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા | ફાળવણી કરાયેલ રકમ (₹ લાખમાં) | થયેલ કૂલ ખર્ચ (₹ લાખમાં) |
|---|---|---|---|---|
| ભરૂચ | ૬૫૬ | ૨૫૮૯૧ | ૧૮૪૮.૦૦ | ૧૮૫૭.૦૦ |
| ડાંગ | ૩૧૧ | ૧૧૯૨૬ | ૨૦૨.૦૦ | ૨૯૮.૦૦ |
| નર્મદા | ૫૫૨ | ૩૭૦૧૪ | ૧૬૩૭.૦૦ | ૧૬૩૭.૦૦ |
| નવસારી | ૩૭૪ | ૧૫૬૮૪ | ૫૨૮.૦૦ | ૫૧૫.૦૦ |
| સુરત | ૧૧૪૫ | ૮૩૩૭૩ | ૨૬૧૦.૦૦ | ૨૬૦૯.૦૦ |
| વલસાડ | ૪૪૬ | ૩૫૮૮૬ | ૧૪૭૬.૦૦ | ૧૫૮૭.૦૦ |
| આણંદ | ૩૫૦ | ૨૪૨૩૦ | ૫૯૦.૦૦ | ૬૯૭.૦૦ |
| દાહોદ | ૬૯૨ | ૨૮૭૩૫ | ૧૩૫૬.૦૦ | ૧૫૦૩.૦૦ |
| ખેડા | ૬૧૨ | ૨૩૬૩૦ | ૧૨૨૭.૦૦ | ૧૦૫૧.૦૦ |
| પંચમહાલ | ૧૨૦૧ | ૧૦૨૫૩૬ | ૩૦૦૮.૦૦ | ૩૦૦૮.૦૦ |
| વડોદરા | ૧૫૪૩ | ૩૨૬૨૬ | ૧૧૭૭.૦૦ | ૧૧૭૬.૦૦ |
| અમરેલી | ૬૧૪ | ૨૭૪૪૬ | ૯૦૧.૦૦ | ૧૧૨૨.૦૦ |
| ભાવનગર | ૮૧૬ | ૨૨૦૭૬ | ૯૧૪.૦૦ | ૧૩૮૪.૦૦ |
| જામનગર | ૬૭૦ | ૧૧૩૫૨ | ૬૩૯.૦૦ | ૬૫૯.૦૦ |
| જુનાગઢ | ૮૭૫ | ૨૩૬૮૪ | ૯૯૯.૦૦ | ૧૧૮૨.૦૦ |
| કચ્છ | ૮૬૭ | ૩૪૯૯૬ | ૧૬૪૧.૦૦ | ૨૦૫૭.૦૦ |
| પોરબંદર | ૧૫૨ | ૩૬૫૨ | ૧૭૪.૦૦ | ૨૪૩.૦૦ |
| રાજકોટ | ૮૪૪ | ૧૮૭૮૬ | ૭૯૪.૦૦ | ૧૦૨૧.૦૦ |
| સુરેન્દ્રનગર | ૬૫૦ | ૪૩૫૯૪ | ૧૬૭૭.૦૦ | ૨૦૦૯.૦૦ |
| અમદાવાદ | ૫૪૬ | ૨૨૨૦૭ | ૬૯૫.૦૦ | ૮૦૧.૦૦ |
| બનાસકાંઠા | ૧૨૪૪ | ૩૯૫૫૭ | ૧૮૭૬.૦૦ | ૧૩૪.૦૦ |
| ગાંધીનગર | ૨૯૦ | ૩૯૮૫ | ૧૭૯.૦૦ | ૭૭૫.૦૦ |
| મહેસાણા | ૫૯૫ | ૧૯૯૩૩ | ૭૬૧.૦૦ | ૭૯૯.૦૦ |
| પાટણ | ૫૧૭ | ૨૪૧૮૦ | ૭૩૩.૦૦ | ૨૫૨૯.૦૦ |
| સાબરકાંઠા | ૧૩૭૨ | ૨૮૪૮૧ | ૨૪૯૩.૦૦ | ૨૮૯૩.૦૦ |
| **કુલ** | **૧૭૯૩૪** | **૭૪૫૪૫૭** | **૩૦૧૩૪.૦૦** | **૩૩૫૪૯.૦૦** |

----------

**રાજ્યમાં ખેતીવાડી માટે ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા બાબત**

અતારાંકિતઃ ૩૩૬૬ (૧૧-૦૯- ૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

**(૧) રાજ્યમાં તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં ખેડૂતોને દરરોજ સરેરાશ કેટલા કલાક વીજળી આપવામાં આવી, અને**

**(૨) તે પૈકી દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી આપવામાં આવી, અને**

**(૩) ખેતીવાડીમાં ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા માટે સરકાર વિચારે છે કે કેમ, અને**

**(૪) જો હા, તો કેટલા કલાક વધારે વીજળી આપવા વિચારે છે ?**

**ઊર્જા મંત્રીશ્રી -** (૦૧-૧૧-૨૦૧૪):

(૧) રાજ્યમાં તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ખેડૂતોને દરરોજ સરેરાશ ૮.૫૪ કલાક વીજ પુરવઠો કૃષિ હેતુસર પૂરો પાડવામાં આવ્યો છે.

(૨) વીજળીનો સંગ્રહ શક્ય ન હોઈ, ઉત્પાદિત વીજ પુરવઠાનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાના હેતુસર તમામ ક્ષેત્રોની વીજ

(૩) માંગ અને ઉપલબ્ધ વીજ પુરવઠા વચ્ચે સંકલન જાળવીને ખેતીવાડી ફીડરોનું ગ્રુપમાં વિભાજન કરી ૨૪ કલાક

અને દરમિયાન રોટેશન મુજબ અઠવાડિક વારા ફરતી દિવસ અને રાત્રિના સમયગાળા મુજબ ઓછામાં ઓછા આઠ (૮)

(૪) કલાક કૃષિ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. દરેક ગૃપનું સમયપત્રક બદલાતુ રહે છે. આથી દરેક ગૃપને

દિવસે અને રાત્રે વારાફરતી વીજ પુરવઠો મળતો રહે છે.

આ ઉપરાંત ચોમાસામાં વરસાદ મોડો થવા કે અછતની પરિસ્થિતિ જેવા આકસ્મિક સંજોગોમાં પાકની જરૂરિયાતને ધ્યાને લઈ ખેડૂતોનો ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ વધારે સમય માટે પણ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

----------

**રાજ્યમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો આપવા બાબત**

અતારાંકિતઃ ૩૩૭૦ (૧૧-૦૯- ૨૦૧૪ ) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :**

**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

**(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં રાજયમાં જિલ્લાવાર કુટીર જ્યોતિ યોજના હેઠળ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા,**

**(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે, અને**

**(૩) બાકીના વીજ જોડાણો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?**

**ઊર્જા મંત્રીશ્રી -** (૦૧-૧૧-૨૦૧૪):

(૧) રાજ્ય સરકાર સહાયિત ''કુટિર જ્યોતિ યોજના'' આદિજાતિ વિસ્તારો પૂરતી સીમિત છે. રાજ્યમાં આદિજાતિની વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાઓમાં આ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરગથ્થુ વીજ જોડાણ પુરા પાડવામાં આવે છે. તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં આ યોજના હેઠળ આપવામાં આવેલ વીજ જોડાણોની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| જીલ્લો | તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપેલ વીજ જોડાણોની સંખ્યા. |
|---|---|
| અરવલ્લી | ૧૯૪૯ |

| | |
|---|---|
| છોટાઉદેપુર | ૨૦૯૫ |
| ડાંગ | ૩૨૨૯ |
| તાપી | ૧૦૧૦ |
| દાહોદ | ૧૧૪૨૪ |
| નર્મદા | ૧૧૪૦ |
| નવસારી | ૨૩૭૩ |
| પંચમહાલ | ૩૮૨ |
| બનાસકાંઠા | ૨૨૮૫ |
| ભરૂચ | ૪૮૨ |
| મહીસાગર | ૩૭૨ |
| વલસાડ | ૨૪૧૭ |
| સાબરકાંઠા | ૧૨૫૩ |
| સુરત | ૪૨૪ |

1. (૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકામાં ૧૦૦ વીજ જોડાણો આપવાનાં બાકી હતા જે તમામને
2. અને તા. ૧૦-૧૦-૨૦૧૪ સુધીમાં વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.
3. (૩)

----------

**રાજ્યમાં વીજ કર બાબત**

અતારાંકિતઃ ૩૩૭૨ (૧૧-૦૯- ૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :**

**માનનીય ઊર્જા મંત્રીશ્રી -** જણાવવા કૃપા કરશે કે. **–**

**તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશને રાજ્યમાં વીજ વપરાશકારો પાસેથી વસૂલાતો સરકારી વીજ કર ઘટાડવા છેલ્લાં પાંચ વર્ષમાં સરકારને ક્યારે ક્યારે સૂચનાઓ આપી ?**

**ઊર્જા મંત્રીશ્રી** (૩૦-૧૦-૨૦૧૪):

વીજ કર એ રાજ્ય સરકારની મહેસુલી આવક છે અને તેમાં વધારો / ઘટાડો કરવો એ સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે. તેથી વીજ કમિશને સૂચનાઓ આપી નથી. પરંતુ પુરવઠેદારો દ્વારા વીજ દર વધારા માટે થતી પીટીશનોના છેલ્લા પાંચ વર્ષમાં વર્ષ ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧ દરમ્યાન કરાયેલ ટેરીફ ઓર્ડરમાં વીજકર દર ઘટાડવા સૂચન કરેલ છે.

વધુમાં જણાવવાનું કે, સરકારશ્રી દ્વારા વીજકર દરોના રેશનલાઈઝેશનની પ્રક્રિયા સને ૧૯૯૯ થી તબક્કાવાર શરૂ કરવામાં આવેલ છે અને તા. ૦૧-૦૪-૨૦૧૩ થી અમલી બને તે રીતે વીજકર દરની કેટેગરીમાં પણ ઘટાડો કરેલ છે. રાજ્યમાં અગાઉ વીજકરનો મહત્તમ દર ૬૦ ટકા હતો તે ઘટીને હવે ૨૫ ટકા થયેલ છે. આમ, સરકારશ્રી દ્વારા વીજકર દરમાં સારો એવો ઘટાડો કરી પ્રજાને રાહત આપવામાં આવેલ છે.

--------

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં સ્થાપવામાં આવેલ ખાનગી અને સરકારી પાવર પ્લાન્ટ**

અતારાંકિતઃ ૩૬૧૨ (૨૦-૦૯- ૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :**

**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **–**

**(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ખાનગી અને સરકારી પાવર પ્લાંટ સ્થાપવામાં આવેલ છે કે કેમ ?**

**(૨) જો હા તો ક્યારે કેટલી ક્ષમતાનો ખાનગી અને સરકારી પાવર પ્લાંટ કંઈ જગ્યાએ સ્થાપવામાં આવેલ છે ?**

**ઊર્જા મંત્રીશ્રી -** (૩૦-૧૦-૨૦૧૪):

(૧) હા જી, છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં રાજ્યમાં ખાનગી અને સરકારી પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે

(૨) છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં રાજ્યમાં ખાનગી અને સરકારી કંપનીઓના વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતામાં વર્ષવાર કરવામાં આવેલ વધારો તથા તેની જગ્યાની વિગતો પરિશિષ્ટ (અ) મુજબ છે.

**પરિશિષ્ટ-(અ)**

| વીજ મથકો | સ્થાપિત વીજ ક્ષમતામાં થયેલ વધારો (મે. વો.) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૦૯-૧૦ | ૧૦-૧૧ | ૧૧-૧૨ | ૧૨-૧૩ | ૧૩-૧૪ | કુલ |
| જી.એસ.ઈ.સી.એલ. | | | | | | |
| કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન (પાનન્ધ્રો) | ૭૫ | | | | | |
| ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન (ઉત્તરાણ) | ૩૭૫ | | | | | |
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (યુનીટ-૬) (ઉકાઈ) | | | | ૫૦૦ | | |
| **કુલ** | **૪૫૦** | **૦** | **૦** | **૫૦૦** | **૦** | **૯૫૦** |
| **રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદકો** | | | | | | |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી., (માંગરોળ) | | ૨૫૦ | | | | |
| ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી., (હજીરા) | | | ૩૫૧ | | | |
| **કુલ** | **૦** | **૨૫૦** | **૩૫૧** | **૦** | **૦** | **૬૦૧** |
| **ખાનગી સાહસો** | | | | | | |
| સુજેન સીસીપીપી (ટોરેન્ટ) (સુરત) | ૧૧૪૭ | | | | | |
| મુન્દ્રા પાવર પ્રોજેક્ટ અદાણી – બિડ ૧ (મુન્દ્રા) | ૫૦૦ | ૫૦૦ | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મુન્દ્રા પાવર પ્રોજેક્ટ અદાણી – બિડ ૨ (મુન્દ્રા) | | ૫૦૦ | ૫૦૦ | | | |
| એસ્સાર પાવર ગુજરાત લી., (વાડીનાર) | | | ૫૦૦ | ૫૦૦ | | |
| યુ.એમ.પી.પી. – કોસ્ટલ ગુજરાત પાવર લી. (મુન્દ્રા) | | | ૩૬૧ | ૧૪૪૪ | | |
| કુલ | ૧૬૪૭ | ૧૦૦૦ | ૧૩૬૧ | ૧૯૪૪ | ૦ | ૫૯૫૨ |

વર્ષ ૨૦૧૦-૧૧ માં જી.એસ.ઈ.સી.એલ. ધ્રુવારણ – ૨૨૦ મે.વો. વીજ ક્ષમતા ને બિનકાર્યરત કરવામાં આવેલ છે. ૧૦૯૬ મે.વો. (૩૯૬ મે.વો. જી.એસ.ઈ. સી. એલ.-ધ્રુવારણ તથા ૭૦૦ મે.વો. જી.પી.પી.સી. પીપાવાવ) વીજ ઉત્પાદન ક્ષમતા કાર્યરત થવા માટે તૈયાર છે.

-------

**વાહન વ્યવહાર પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૩૫૪૯ (૧૭-૦૯-૨૦૧૪) **: ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :**

**માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. **–**

**(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વાહન વ્યવહાર પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે.**

**(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને**

**(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે ?**

**વાહન વ્યવહાર મંત્રીશ્રી -** (૩૦-૧૦-૨૦૧૪):

(૧)

(૨) પત્રક -૧ મુજબ

અને

(૩)

**પત્રક – ૧**

| અ. નં. | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વાહન વ્યવહાર કમિશનર | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સંયુક્ત વાહન વ્યવહાર નિયામક | ૧ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૩ | નાયબ વાહન વ્યવહાર નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| અ. નં. | સંવર્ગનું નામ | વર્ગ | મંજુર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૧ | ૧૪ | ૦૫ | ૦૯ |
| ૫ | ખાસ ફરજ પરના અધિ. | ૧ | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૬ | હિસાબી અધિકારી | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭ | સહા. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિ. | ૨ | ૪૯ | ૨૮ | ૨૧ |
| ૮ | સહાયક વાહન વ્યવહાર નિયામક | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૯ | મોટર વાહન પ્રોસીક્યુટર | ૨ | ૧૦ | ૦૨ | ૦૮ |
| ૧૦ | વહીવટી અધિકારી | ૨ | ૧૩ | ૦૦ | ૧૩ |
| ૧૧ | મોટર વાહન નિરીક્ષક | ૨ | ૨૫૦ | ૯૪ | ૧૫૬ |
| ૧૨ | સંશોધન અધિકારી | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૩ | મામલતદાર | ૨ | ૦૫ | ૦૧ | ૦૪ |
| ૧૪ | રહસ્ય સચિવ | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૫ | હિસાબી અધિકારી | ૨ | ૦૫ | ૦૩ | ૦૨ |
| ૧૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક | ૩ | ૨૯૬ | ૧૨૮ | ૧૬૮ |
| ૧૭ | જનસંપર્ક અધિકારી | ૩ | ૨૯ | ૧૮ | ૧૧ |
| ૧૮ | હેટ ક્લાર્ક | ૩ | ૯૯ | ૭૯ | ૨૦ |
| ૧૯ | સીનીયર ક્લાર્ક / સબ. એકા. | ૩ | ૨૦૮ | ૧૮૭ | ૨૧ |
| ૨૦ | જુનીયર ક્લાર્ક | ૩ | ૬૦૭ | ૩૭૦ | ૨૩૭ |
| ૨૧ | ક્લાર્ક – કમ – ટાઈપીસ્ટ | ૩ | ૨૪ | ૧૧ | ૧૩ |
| ૨૨ | ટાઈપીસ્ટ | ૩ | ૧૬ | ૦૪ | ૧૨ |
| ૨૩ | સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૨૪ | સ્ટેનો ગ્રેડ-૩ | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨૫ | હિસાબનીશ | ૩ | ૨૫ | ૧૧ | ૧૪ |
| ૨૬ | ઓડીટર | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૨૭ | સબ ઓડીટર | ૩ | ૩૦ | ૧૭ | ૧૩ |
| ૨૮ | સર્કલ ઓફીસર | ૩ | ૨૪ | ૧૩ | ૧૧ |
| ૨૯ | સંશોધન મદદનીશ | ૩ | ૦૭ | ૦૬ | ૦૧ |
| ૩૦ | આંકડા મદદનીશ | ૩ | ૩૨ | ૦૪ | ૨૮ |
| ૩૧ | ડ્રાઈવર | ૩ | ૪૨ | ૦૫ | ૩૭ |
| ૩૨ | નાયક | ૪ | ૨૦ | ૧૫ | ૦૫ |
| ૩૩ | પટાવાળા | ૪ | ૧૭૯ | ૧૪૦ | ૩૯ |
| ૩૪ | વોચમેન | ૪ | ૧૧ | ૦૬ | ૦૫ |
| **કુલ** | | | **૨૦૧૨** | **૧૧૬૦** | **૮૫૨** |

ખાલી જગ્યાઓ ભરવા અંગેની વિગતો -

ઉપર દર્શાવેલ વર્ગ-૧ થી ૪ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૧૧૬, ૩૩૨૭, ૩૩૩૮, ૩૩૩૯, ૩૩૪૦, ૩૩૪૧, ૩૩૪૨, ૩૩૪૩, ૩૩૪૫, ૩૩૪૬, ૩૪૭૨, ૩૫૮૬ | ૧૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૦૫૪, ૩૦૬૧ | ૦૨ |
| ૩ | નાણા વિભાગ | ૩૩૭૯, ૩૩૮૦ | ૦૨ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૦૦૩, ૩૦૧૬, ૩૨૬૫, ૩૬૩૬ | ૦૪ |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૩૯૫, ૩૩૯૬, ૩૩૯૮, ૩૫૨૬, ૩૫૨૮, ૩૫૩૫, ૩૫૩૮ | ૦૭ |
| ૬ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૪૧૨, ૩૪૧૩ | ૦૨ |
| ૭ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૩૨૬, ૩૩૫૯, ૩૩૬૦, ૩૪૮૧, ૩૪૮૨, ૩૭૭૦ | ૦૬ |
| ૮ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૭૨૭, ૩૭૨૮ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૩૪૬૮ | ૦૧ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૩૧૪૬, ૩૩૩૦ | ૦૨ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૪૫૯ | ૦૧ |
| ૧૨ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૫૬૬ | ૦૧ |
| ૧૩ | ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૨૦૬, ૩૩૬૪, ૩૩૬૫, ૩૩૬૬, ૩૩૭૦, ૩૩૭૨, ૩૬૧૨ | ૦૭ |
| ૧૪ | બંદરો અને વાહનવ્યવહાર વિભાગ | ૩૫૪૯ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

---------

**સરકારી મુદ્રણાલય, વડોદરા.**

**પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે ગઇકાલે આપને મળ્યા હતા  આ રાજયના કપાસ પકવતા ખેડૂતો ભાવના પ્રશ્ને એટલા હેરાન થાય છે આપની સૂચના મુજબ અમે આપશ્રીને મળ્યા હતા અને આપે એમ કહ્યું કે ગૃહ પૂરું થાય પછી આપણે માનનીય મંત્રીશ્રીને બોલાવીશું. ગૃહ પૂરું થયુ, અમે આપને મળ્યા માનનીય મંત્રીશ્રી પણ હાજર હતા અમે ભારપૂર્વક રિક્વેસ્ટ કરી કે સાહેબ આ વખતે અમારે વિધાનસભામાં માત્ર દોઢ દિવસનો સમય છે.

આ રાજયના કપાસ પકવતા ખેડૂતોનો પ્રાણપ્રશ્ન છે એટલે વિધાનસભા ગૃહમાં આની ચર્ચા થાય એવું કાંઇક કરો. આપને ખબર છે કે માનનીય મંત્રીશ્રીએ ઘસીને ના પાડી દીધી. સાહેબ અમારા માટે આ પ્રાણપ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ, મારી વાત સાંભળો. આપની નોટિસ મારા પૂર્વ અધ્યક્ષશ્રીએ નામંજૂર કરી. આપે મને રજૂઆત કરી આપના વિપક્ષના નેતાશ્રીએ પણ આમાં ધ્યાન દોર્યુ અને ત્યારબાદ આપ મારી ચેમ્બરમાં આવ્યા ત્યારે મંત્રીશ્રી સાથે ચર્ચા થઇ. મંત્રીશ્રીએ આજે આપની સાથે બેઠક ગોઠવી છે, પછી આ વિષય અત્યારે ઊભો કરવાની જરૂર નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ પ્રશ્ન અમારા માટે મહત્વનો છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી સાથે બેઠક મેં કરાવી હોય (અંતરાય )

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, અમે તો આ પ્રશ્ન ગૃહમાં પૂછવા માંગીએ છીએ.

અધ્યક્ષશ્રી : નહીં, બિલકુલ નહીં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, આ ખેડૂતોનો પ્રાણપ્રશ્ન છે. અમારો ખેડૂત બેહાલ થઇ ગયો છે.

અધ્યક્ષશ્રી : જે નોટિસ આપની ગઇકાલે નામંજૂર થઇ ગઇ તેના માટે તમે આજે રજૂઆત કરો છો ? માનનીય સભ્યશ્રીનું માઇક બંધ કરો (અંતરાય ) ના ચાલે ભાઇ. આપની નોટિસ ગઇકાલે નામંજૂર થઇ તેના અનુસંધાને મારી ચેમ્બરમાં બેઠક થઇ, મંત્રીશ્રી સાથે આજે વિરામના સમયે આપની સાથે બેઠક ગોઠવી છે એટલે અહીંયા આ મુદ્દો ઊભો કરવાનો કોઇ સવાલ જ નથી પ્લીઝ.

**(વિરોધપક્ષના સભ્યો તરફથી સૂત્રોચ્ચાર. આ તબક્કે બેનર દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું.)**

આ પ્રકારના કોઇપણ પ્રદર્શનો અહીંયા કરી શકાતા નથી આ પ્રકારના કોઇપણ પ્રદર્શનો અહીંયા થઇ શકતા નથી પ્લીઝ. (અંતરાય) નહીં, પછી સામે ચર્ચા આપવી પડે તેના કરતા અહીંયા કોઇ ચર્ચા કરવાનો સવાલ નથી. (અંતરાય) બિલકુલ નહીં, આપ આપની સીટ ઉપર બેસો પ્લીઝ. તમે સીટ ઉપર બેસી જાવ પ્લીઝ. આપ ગૃહના સિનિયર સભ્ય છો આપ બેસો પ્લીઝ. નેકસ્ટ,

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો ઓડિટ અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (સ્થાનિક સંસ્થાઓ) (અંગ્રેજી તથા ગુજરાતી) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

નાણા વિભાગનું સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેના જાહેરનામા

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેના

(૧) તાઃ૨૩–૯–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૧૫) વીએટી–૨૦૧૪–એસ. ૫(૨)(૪૧)–ઠ

(૨) તાઃ ૧૪–૧૦–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૧૮) વીએઆર–૨૦૧૪–(૩૪)–ઠ

(૩) તાઃ ૧૫–૧૦–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન–૧૯)વીએઆર–૨૦૧૪–(૩૫)–ઠ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું જાહેરનામું

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના – સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના તા. ૨૧–૮–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–જીએચયુ–૨૦૧૪–(૯૫)–જીયુવી–૧૧૨૦૧૦–૨૮૬૧–ક(પાર્ટ ફાઇલ) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનું જાહેરનામું

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના તા. ૨૪–૭–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–કેવી–૨૦૧૪નો ૧૪૮–જેએનએમ–૧૦૨૦૧૪–૩૫૪૦–પી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ, આપનો પ્રશ્ન મારી ચેમ્બરમાં સાંભળ્યા બાદ માનનીય મંત્રીશ્રીને બોલાવી અને આપની સાથે બેઠક કરાવી, આજે વિરામના સમયમાં એમની સાથે આપની બેઠક હોવા છતાં પણ આ પ્રકારનું આપનું વર્તન યોગ્ય નથી

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા અને કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ સર્વ શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી જોઇતાભાઇ પટેલ, શ્રી ધારશીભાઇ ખાનપુરા, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી હીરાભાઇ પટેલ, શ્રી નિરંજનભાઇ પટેલ, શ્રી ગેંદાલભાઇ ડામોર, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી જવાહરભાઇ ચાવડા, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગોવાભાઇ રબારી, શ્રી બાબુભાઇ વાજા, શ્રી મેરામણભાઇ આહિર, શ્રી હર્ષદભાઇ રીબડીયા, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી મણીભાઇ વાઘેલા, શ્રી મહેશકુમાર પટેલ, શ્રી રમેશભાઇ ચાવડા, શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, શ્રી ભોળાભાઇ ગોહેલ, શ્રી ધીરુભાઇ ભીલ, શ્રી પ્રહલાદભાઇ પટેલ અને શ્રી છનાભાઇ ચૌધરી સહિતના સભ્યશ્રીઓ વેલમાં આવીને બેસી ગયા)

અધ્યક્ષશ્રી : મારી વિનંતી છતાં પણ વેલમાં આવીને વિધાનસભાની કામગીરીમાં ખલેલ પહોંચાડનારા સભ્યશ્રીઓ છે તેમના માટે, વિધાનસભાના અધ્યક્ષ તરીકે નિયમ–૫૧ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હું સાર્જન્ટને આદેશ આપું છું કે વેલમાં આવેલા તમામ સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જાય. સાર્જન્ટ, બધાને શાંતિપૂર્વક બહાર લઇ જાઓ. જેટલા સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા છે તે તમામને હું એક દિવસ માટે સભાગૃહમાંથી સસ્પેન્ડ કરું છું. જેટલા પણ સભ્યશ્રીઓ વેલમાં આવેલા છે, તે તમામ સભ્યશ્રીઓને શાંતિથી બહાર લઇ જાઓ.

(વેલમાં આવી ગયેલા કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ સર્વ શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી જોઇતાભાઇ પટેલ, શ્રી ધારશીભાઇ ખાનપુરા, શ્રી પુનમભાઇ પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી હીરાભાઇ પટેલ, શ્રી નિરંજનભાઇ પટેલ, શ્રી ગેંદાલભાઇ ડામોર, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી જીતુભાઇ ચૌધરી, શ્રી

જવાહરભાઇ ચાવડા, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ગોવાભાઇ રબારી, શ્રી બાબુભાઇ વાજા, શ્રી મેરામણભાઇ આહિર, શ્રી હર્ષદભાઇ રીબડીયા, શ્રી કાન્તિભાઇ ખરાડી, શ્રી મણીભાઇ વાઘેલા, શ્રી મહેશકુમાર પટેલ, શ્રી રમેશભાઇ ચાવડા, શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, શ્રી ભોળાભાઇ ગોહેલ, શ્રી ધીરુભાઇ ભીલ, શ્રી પ્રહલાદભાઇ પટેલ અને શ્રી છનાભાઇ ચૌધરીને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા)

(આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી, તથા વેલમાં નહીં આવેલા અન્ય વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સભાગૃહનો ત્યાગ કર્યો.)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જાહેરનામા**

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સન ૨૦૦૫ના ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધિનિયમ અન્વયેના તા. ૨૩-૫-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-જીએસ. ૭/૨૦૧૪/જેજેએ/૧૦૨૦૧૨/૭૬૫૧૩૦/છ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માહિતી અને પ્રસારણ વિભાગના જાહેરનામા**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગના સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેના તા. ૧૦-૯-૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક-(જીએચટી/૨૦૧૪/૨૨) એમએનઆર/૧૦૨૦૧૪/૧૪૨૮/એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૯**

ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયક,૨૦૧૪

**ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૮ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી રજનીકાન્ત સો. પટેલ (રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, [*]રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૪નું ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૨૯-સન ૨૦૧૪નું ગુજરાત ન્યાયસહાયક વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બદલાયેલા સમય સાથે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગંભીર અને જટીલ પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિવસે દિવસે અત્યંત વધી રહ્યું છે. રાષ્ટ્ર ઘાતક પ્રવૃતિઓ તેમજ જટીલ ગુનાઓના ઉકેલ માટે ફોરેન્સિક ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તેમજ દેશની આંતરિક સુરક્ષાને લક્ષમાં લેતા ઉચ્ચ કક્ષાના ફોરેન્સિક અને મનોવૈજ્ઞાનિક નિષ્ણાતો તૈયાર કરવાની જરૂર છે. ભવિષ્યના સમયમાં આ નિષ્ણાતો જ આવી ચેલેન્જોનો સક્ષમતાથી સામનો કરી શકે એ બાબત બહુ સ્પષ્ટ અને નિર્વિવાદ છે. આ પરિપેક્ષને ધ્યાનમાં રાખીને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિને કારણે ગુજરાત રાજયમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સ્થાપવાનો ઐતિહાસિક

---

* વિધેયક તા. ૨૮મી ઓકટોબર,૨૦૧૪ના રોજ રાજયપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

નિર્ણય એમણે લીધેલો અને તદ અન્વયે રાજય સરકાર દ્વારા ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એકટ ૨૦૦૮ અન્વયે રાજયમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલી. માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં આ યુનિવર્સિટીએ નોંધપાત્ર પ્રગતિ કરી અને દેશ ભરમાં નામના પ્રાપ્ત કરેલ છે. જે આપણા સૌના માટે અત્યંત ગૌરવની બાબત છે. આ ફોરેન્સિક સાયન્સ યુનિર્સિટીને કારણે રાજય આજે સમગ્ર દેશમાં ગૌરવ લઇ શકે તે પ્રકારનું કામ કરે છે. આ યુનિવર્સિટી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ગુનાઓને નાથવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ફોરેન્સિક સામેના પડકાર જેવા કે ડિજીટલ ફોરેન્સિક, આતંકવાદ, હોમલેન્ડ સિકયોરિટીને લગતા સંક્રિણ ગુનાઓના ઉકેલ કરવાની સંપૂર્ણ સત્તા ધરાવે છે અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને અદ્યતન ટેકનોલોજી વિકસાવવામાં આવેલ છે. તેમજ તેને નિયમિત પણે અપડેટ કરતા રહેવામાં આવે છે. વધુમાં સંવેદન ક્ષેત્રમાં રીસર્ચ એકિટવિટી દ્વારા ક્રાઇમ ડિટેકશન મેથોડોલોજી વિકસાવવામાં આવેલ છે. અભ્યાસક્રમમાં પણ આ ગુનાઓને તથા તેમાં ઉપયોગમાં લેવાતી ટેકનોલોજીને ધ્યાનમાં રાખીને યુનિક કોર્સ રચવામાં આવેલ છે.

આ યુનિવર્સિટીની સ્થાપના અંગેના આ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી એકટ ૨૦૦૮ની કલમ ૮ થી યુનિવર્સિટીના મહા નિયામકની નિમણૂક અને નિમણૂક માટેની બીજી બોલીઓ અને શરતો માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે એ પ્રમાણે કલમ–૮ની પેટા કલમ ૨ ના ખંડ ૩ ની જોગવાઇ મુજબ મહાનિયામકશ્રીની નિમણૂક તથા પુનઃ નિમણૂક સમયે તેમની ઉંમર ૬૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અને કલમ–૮(૩)ની જોગવાઇ મુજબ મહાનિયામકશ્રીના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે અને વધુ ત્રણ વર્ષ માટે પુનઃ નિયુકત કરી શકાશે. અધિનિયમની આ વિદ્યમાન જોગવાઇઓ હેઠળ જે વ્યક્તિની વય ૬૫ વર્ષની થયેલી ન હોય તે વ્યક્તિની યુનિવર્સિટીના મહાનિયામક તરીકે નિમણૂક કરી શકાય છે અને જે વ્યક્તિની મહાનિયામક તરીકે નિમણૂક થયેલી હોય તે માત્ર વધુ એક મુદત માટે પુનઃનિયુક્તિને પાત્ર થાય છે. પરંતુ ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી વિશ્વમાં ફોરેન્સીક સાયન્સ અને તપાસ ક્ષેત્રે અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થા છે. જે વિશ્વમાં તેવા પ્રકારની સ્થપાયેલ પ્રથમ યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટી દ્વારા ફોરેન્સીક સાયન્સ અને તપાસના ક્ષેત્રને લગતું તાંત્રિક જ્ઞાન ધરાવતા નિષ્ણાતો તૈયાર કરવાની એક આગવી તથા વિશિષ્ટ પ્રકારની કામગીરી થાય છે. તેના દ્વારા ફોરેન્સીક ક્ષેત્રમાં સંશોધન ક્ષેત્રે પણ ખૂબ જ વ્યાપક અને વિશાળ પ્રમાણમાં કામગીરી થઇ રહેલ છે. સાથોસાથ આતંકવાદ સામે નિષ્ણાતો તૈયાર કરવાની કામગીરી પણ કરાઇ રહેલ છે. યુનિવર્સિટીના આ સમગ્રતયા વિશિષ્ટ તથા તાંત્રિક પ્રકારની કામગીરી એકસપર્ટાઇઝ માગી લે તેવા પ્રકારની હોય છે અને તેને લગતું તાંત્રિક જ્ઞાન ધરાવતા તજજ્ઞોથી જ તે મહદઅંશે સંચાલિત થઇ શકે છે. આ સમગ્ર પાસાઓને ધ્યાનમાં લેતાં આ યુનિવર્સિટીના મહાનિયામક તરીકે પાત્ર અને યોગ્ય વ્યક્તિની નિમણૂક કરવા માટે વયને કારણે કોઇ સમસ્યા ઉભી ન થાય તે જોવું પણ ખૂબ જરૂરી છે અને એટલા માટે મહાનિયામકશ્રીની નિમણૂક માટેની વય મર્યાદા એ ૬૫ વર્ષથી વધારીને ૭૦ વર્ષની કરવાનું જરૂરી જણાયું છે. વધુમાં મહાનિયામકશ્રીની આ એક મુદત માટેની પુનઃ નિયુક્તિ અંગેના પ્રતિબંધને દૂર કરવાનું પણ જરૂરી જણાયું છે, જેથી કરીને યોગ્ય પ્રકારના લોકો, નિષ્ણાતો આ યુનિવર્સિટીને મળી રહે અને આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી એકટ–૨૦૦૮ના નિયમ–૮(૨)ના ખંડ–૩ તથા નિયમ–૮(૩)માં જરૂરી સુધારો કરવા આ સુધારા વિધેયક હું લાવેલો છું. જેને તેના ઉદ્દેશ અને કારણોને ધ્યાનમાં લેતાં આ સભાગૃહ અનુમતિ આપે એવી હું વિનંતી કરું છું.

નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે, સન–૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૯, સન ૨૦૧૪નું ગુજરાત ન્યાય સહાયક વિજ્ઞાન યુનિવર્સિટી સુધારા વિધેયક જે લઇને આવ્યા છે તેને સમર્થન આપવા હું ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે મુજબ તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન જેણે વિઝનરી મુખ્યમંત્રી અને વિઝનરી વડાપ્રધાનનું બિરુદ પ્રાપ્ત કર્યું છે એવા આપણાં સૌના લાડીલા નરેન્દ્રભાઇ મોદીએ જે રીતે ગુજરાતને મોડલ રાજય બનાવ્યું અને એ મોડલ રાજયની સમગ્ર દેશે દિશા પકડી. એ દિશામાં જે જે આયામો ગુજરાતના વિકાસ માટે કરવામાં આવ્યા હતા પછી એ કૃષિ વિભાગ હોય, ઉર્જા વિભાગ હોય કે અન્ય વિભાગ હોય અને એ ગુજરાત ટીમ, અહીં બેઠેલાં મંત્રીશ્રીઓએ, ધારાસભ્યશ્રીઓએ અને અધિકારીશ્રીઓએ સૌએ ભેગા મળીને જે અથાગ પુરુષાર્થ કર્યો અને એના પરિણામરૂપે જે ગુજરાત મોડલ આજે દેશનું મોડલ બન્યું છે એવા આ ગુજરાતમાં આ યુનિવર્સિટીનો જે સુધારો લઇને આવ્યા છે તે ૨૦૦૮માં આપણાં નરેન્દ્રભાઇએ આ વિચાર મૂક્યો હતો અને ૨૦૦૮માં

વિધાનસભામાંથી કાયદો પસાર કરવામાં આવ્યો અને ૨૦૦૯માં આ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવામાં આવી. તેમાં જે રીતે કહ્યું એ પ્રમાણે ગંભીર અને જટિલ ગુનાઓના ડિટેકશન માટે અને તેના ઉકેલ માટે જે કંઇ જરૂર પડી તેવા તમામ સંશોધનો, તેવા તમામ ફોરેન્સીક સાયન્સ અને બિહેવિયર સાયન્સના તમામ કોર્સ આ યુનિવર્સિટીમાં કરવામાં આવ્યા અને પાંચ વર્ષમાં આ યુનિવર્સિટીએ એટલી બધી નામના પ્રાપ્ત કરી કે સમગ્ર દેશના અન્ય રાજ્યોમાંથી પણ ઇન્વેસ્ટીગેશન માટે અને ગુન્હાઓના ડિટેક્શન માટે આપણી આ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનો ઉપયોગ કરવામાં આવે છે. અનેક નિષ્ણાતો પણ અને અનેક જાતના કોર્સ પણ આપણે કર્યો છે. લગભગ ૨૬ જાતના કોર્સ કર્યા છે. આની અંદર ૩ વિભાગ પણ શરૂ કર્યા છે. જેમાં ઇન્સ્ટીટયુટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ઇન્સ્ટીટયુટ ઓફ બિહેવીયર સાયન્સ, ઇન્સ્ટીટયુટ ઓફ રીસર્ચ અને ડેવલપમેન્ટ. આવા ત્રણ વિભાગ શરૂ કરીને ૨૬ પ્રકારના કોર્સ શરૂ કર્યા છે. દિન-બ-દિન ગુનાઓ અને ગુનાઓની અંદર જે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે એ ટેકનોલોજીનો સામનો કરવા માટે, એના ડિટેક્શન કરવા માટે આની અંદર અનેક જાતના ન્યૂ ઇનોવેશન કરવામાં આવે છે અને એની ઉપર રિસર્ચ કરવામાં આવે છે અને એના માટે જે ટેકનોલોજી વિકસાવવામાં આવી છે એના ઉપર ખૂબ સારું કામ આપણી આ યુનિવર્સિટીમાં થઇ રહ્યું છે.

આમાં હું ખાસ કહીશ કે, આની અંદર રાજ્ય સરકારે ૫૦૦૦૦ ચો.મી.ની જગ્યા આપી છે અને એની અંદર ખૂબ અદ્યતન બિલ્ડીંગ, તમામ સુવિધા સાથેનું લેટેસ્ટ ટેકનોલોજી સાથેનું પૂર્ણ થવાની તૈયારીમાં છે અને ટૂંક સમયમાં એનું ઉદ્ઘાટન થવાનું છે. આની અંદર જે વિભાગો કરવામાં આવ્યા છે એમાં પણ આપણે જે કોર્સ કરવામાં આવ્યા છે એ અનુસ્નાતક કોર્સ, ડોક્ટરેટ કોર્સ, પોસ્ટ ડોક્ટરેટ કોર્સ એવા અલગ અલગ કોર્સીસ કરવામાં આવ્યા છે. એમાં તાલીમ પણ આપવામાં આવે છે. જે જે અધિકારીઓ આ ગુનાઓનું ડિટેક્શનની કામગીરી કરી રહ્યા છે એ તમામ અધિકારીઓને ગુનાઓની ટેકનોલોજી છે એનાથી અપડેટ કરવા માટે અને એના ઉકેલ માટેના કોર્ષિસ કરવામાં આવેલ છે. એના તાલીમ વર્ગ અને એનાથી અપડેટ કરવા માટે ૨૯૩૯ જેટલા અધિકારીઓને તાલીમબદ્ધ કર્યા છે અને એની અંદર આ યુનિવર્સિટીએ ખૂબ નામના પ્રાપ્ત કરી છે ત્યારે એમાં જે ડેવલપમેન્ટ કરવાના છે એમાં મને જે ગમ્યું છે જે ખૂબ સરસ છે એ કહેવા માગું છું.

આ આપણી યુનિવર્સિટીની અંદર બેલેસ્ટિક રીસર્ચ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ બેલેસ્ટીક રિસર્ચ સેન્ટર છે એની અંદર બૂલેટ પ્રૂફ ટ્રક અને કારનું ટેસ્ટીંગ કરવામાં આવે છે, પરિક્ષણ કરવામાં આવે છે. હાલમાં આપણા દેશમાં આવું કોઇ સેન્ટર નથી. આપણે વિદેશની અંદર બૂલેટપ્રૂફ કાર અને ટ્રકને ટેસ્ટીંગ માટે મોકલીએ છીએ. એની રૂ.૧/- કરોડ જેટલી ફી થાય છે. તો આ પણ આપણે ત્યાં ટૂંક સમયમાં ચાલુ થવાનું છે. જેથી દેશના અન્ય રાજ્યોના લોકો પણ ટેસ્ટીંગ માટે આવશે અને એનાથી આપણને ખૂબ સારી આવક પણ થવાની છે. તે ઉપરાંત એની અંદર સેન્ટર ફોર એક્સેલન્સ ઇન હોમલેન્ડ સિક્યોરીટી એની પણ આની અંદર સેન્ટર બનાવી રહ્યા છે. આજકાલ સાયબર ક્રાઇમ ખૂબ વધી રહ્યા છે ત્યારે એમાં સાયબર ડિટેક્શન માટેની લેટેસ્ટ ટેકનોલોજી, એનું ડિટેક્શન, એના માટેનું પ્રિવેન્શન એવી તમામ સુવિધાઓ આ સેન્ટર ફોર એક્સેલન્સ ઇન હોમલેન્ડ સિક્યોરીટીના વિભાગમાં કરવામાં આવશે. જેના લીધે સાયબર ક્રાઇમ વધી રહ્યા છે એના ઉપર સારી રીતે કામગીરી કરી શકીશું. આ સેન્ટરની અંદર નિષ્ણાતોને તાલીમ આપવામાં આવશે અનેક નિષ્ણાતો અહીં લાવી શકીશું.

હું એમ પણ કહીશ કે ૨૦૦૮ની અંદર આ વિચાર કર્યો, શ્રી નરેન્દ્રભાઇને આવ્યો અને કાયદો આ વિધાનસભામાંથી પસાર કર્યો અને આ યુનિવર્સિટીએ નામના પ્રાપ્ત કરી છે એ આપણા માટે ગૌરવની વાત છે. આ યુનિવર્સિટી માટે જે નિષ્ણાતોની જરૂરપડે છે, અભ્યાસક્રમો માટે જે પ્રોફેસરોની જરૂર પડે છે જે ટેકનોક્રેટ્સની જરૂર પડે છે એ ટેકનોક્રેટસ આપણે બહારથી લાવવા પડે છે. ઇટ ઇઝ વેરી ડિફિકલ્ટ. આ ટેકનોક્રેટસ લાવીને આ અભ્યાસક્રમો રન કરીએ અને એના માટે આપણી યુનિવર્સિટીના મહાનિયામકની જે વય મર્યાદા છે એની અંદર સુધારો કરીને ૭૦ વર્ષ કરવાના છે. આની અંદર જે સુધારો લાવ્યા છે. જે રીતે ગુજરાત તેજ રફતારથી દોડી રહ્યું છે અને નરેન્દ્રભાઇ જે કોઇ આયામો અને ઇનોવેશનો આપણને આપી ગયા છે એને વધુ તેજ બનાવવા માટે આપણા ગતિશીલ ગુજરાતની અંદર જે કાર્યક્રમો મૂકાયા છે અને આપણા ગતીશીલ મુખ્યમંત્રીશ્રી માનનીય આનંદીબેન એમને હું એમ કહીશ કે આપણા વાઇબ્રંટ મુખ્યમંત્રી છે એ ખૂબ ઝડપથી, ખૂબ તેજીથી અઢાર-અઢાર, વીસ-વીસ કલાક કામ કરી રહ્યાં છે ચોકકસપણે આપણે ખૂબ પ્રગતિ કરીશું અને આ બિલની અંદર જે સુધારો આવ્યો છે એને હું મારું સમર્થન આપુ છું, ધન્યવાદ.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રની આ દેશની અને વિશ્વની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે અને માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રકારે પણ સમગ્રતયા જયારે અનેકવિધ એજન્સીઓ અને દેશની અનેક સંસ્થાઓએ એનો ઉપયોગ કરી અને ગુનાઓની પણ શોધખોળ કરતી હોય ત્યારે તજજ્ઞો યોગ્ય પ્રમાણમાં મળી રહે એના માટેનો આ સુધારો એ કરીએ છીએ.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૯, સન ૨૦૧૪નું ગુજરાત ન્યાયસહાય વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી રજનીકાન્ત સો. પટેલ ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૯, સન ૨૦૧૪નું ગુજરાત ન્યાયસહાય વિજ્ઞાન યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૦
## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૧૪
## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી,• રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

**શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, આજે રાષ્ટ્રીય શિક્ષણ દિવસ છે અને એ નિમિત્તે રાજયની અગાઉની ખાનગી તમામ સફળ યુનિવર્સિટીઓમાં એકનો ઉમેરો કરવા માટે આજે હું આ વિધેયક લઇને આવુ છું એનો મને આનંદ છે અને ગૌરવ છે. દેશના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે જે તે વખતે અબ્દુલકલામ આઝાદ હતા ત્યારથી લઇને આજ સુધી હિન્દુસ્તાનમાં અને ગુજરાતમાં જે રીતે શિક્ષણ ક્ષેત્રે કામ થયું છે,એમાં પણ માનનીય નરેન્દ્રભાઇ મોદી આ રાજયના મુખ્યમંત્રી બન્યા પછીથી વ્યક્તિ ઘડતરના કામમાં સૌથી વધારે કોઇની જવાબદારી હોય તો એ શિક્ષણની છે. સમાજને સારો નાગરિક મળે અને એ સારો નાગરિક સફળ નાગરિક હશે તો એ સફળ ડોકટર, વકિલ, સારો સમાજ સેવક અને સારો રાજકારણી આપણને મળશે. આ બધાને તૈયાર કરવા માટેની વ્યવસ્થાઓ છે એ શિક્ષણ છે. પ્રાથમિક શિક્ષણથી માંડીને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં આદરણીય નરેન્દ્રભાઇએ જે કાંઇ વ્યવસ્થાઓ ઉભી કરી છે અને એનાથી આગળ વધીને હવે આપણે જ્યારે વૈશ્વિક હરિફાઇના જમાનામાં ૨૧મી સદીમાં પ્રવેશ કર્યો છે ત્યારે પહેલાનો જમાનો હતો કે બે તાલુકા, જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર લેવલે હરિફાઇઓ થતી હતી. પણ હવે એ જમાનો નથી. ઘેર બેઠા આંતરરાષ્ટ્રીય લેવલે હરિફાઇઓમાં ભાગ લેવા માટે આપણે તૈયાર રહેવું પડશે. આજનો વિદ્યાર્થી આવતીકાલે એ

• વિધેયક તાઃ ૨૯મી ઓકટોબર, ૨૦૧૪ના રોજ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

હરિફાઇમાં ભાગ લેવા માટે સક્ષમ બને અને સક્ષમ બનીને સફળ થાય, સારી રીતે જીતી શકે, પોતાની વાતને જીતાડી શકે એટલા માટે રાજ્ય સરકારે બધા જ વિદ્યાર્થીઓને શિક્ષણ મળે એની પૂરી સુવિધાઓ ઉભી કરી છે. પણ વધારે સારી સુવિધાની તક આપવાની જોગવાઇ પણ રાજ્ય સરકારે કરી છે. તેના ભાગરૂપે આ ખાનગી યુનિવર્સિટી, ૨૦૧૪માં જ્યારે આ વાત કરી રહ્યો છું ત્યારે અગાઉ ૧૪ ખાનગી યુનિવર્સિટીઓ સફળ રીતે આ રાજ્યમાં કામ કરી રહી છે અને એના ભાગરૂપે ૨૦૦૯માં આ વિધેયક આવ્યું એ પહેલાં ૬ આવી સક્ષમ અને સંનિષ્ઠ ટ્રસ્ટો ધરાવતી કંપનીઓને આ કામ સોંપેલ અને એમણે અત્યાર સુધી  કામ કરેલ અને એ ખરા ઉતર્યા છે.

આ ખાનગી યુનિવર્સિટીઓનો મુખ્ય ઉદ્ધેશ વિજ્ઞાન અને ટેકનોલોજી, શિક્ષણ વ્યવસ્થાપન,વાણિજ્ય, કાયદો, આરોગ્ય સંભાળ અને માનવ જાતિના ઉન્નતિના ક્ષેત્રમાં જ્ઞાનનું સર્જન, સંકલન, સંવર્ધન અને પ્રસાર કરવાના હોય છે. માનનીય નરેન્દ્રભાઇએ ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન  થકી બી.એ., બી.એડ, એમ.એડના અભ્યાસક્રમો થકી ઉત્તમ શિક્ષકો તૈયાર કરવાનું કામ કર્યું છે. સાથો સાથ રાજ્ય સરકારને યુનિવર્સિટીઓની જરૂરિયાત જણાતા રાજ્યના સ્ત્રોતોને ધ્યાનમાં લઇને બને તેટલી પૂરતી મહત્તા આપવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. આવી જન ભાગીદારીથી આવા ટ્રસ્ટો અને કંપનીઓ, કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીની ભાવનાથી કામગીરી કરવા પ્રોત્સાહિત થાય છે, તે મહત્વની બાબતને પણ નજક અંદાજ કરી શકાય નહીં. ખાનગી યુનિવર્સિટીની રચનાથી રાજ્ય સરકારને કોઇ બોજ પડતો નથી. હું જ્યારે આ જે નવી ૧૫મી યુનિવર્સિટીની વાત લઇને આવ્યો છું એ રાજ્ય સરકારનું એક સાહસ જી.એસ.એફ.સી. છે.  એ સાહસે આ માગણી કરી છે. આ સાહસ વડોદરા પાસેના પાદરા તાલુકાના જાસપુર ખાતે શરૂ કરવા જઇ રહ્યા છીએ. આ જી.એસ.એફ.સી. દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સારામાં સારી કામગીરી એમને કરવી છે. એમનું એક એજ્યુકેશન ટ્રસ્ટ પણ ચાલે છે અને આવતા ત્રણથી પાંચ વર્ષમાં સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, સ્કૂલ ઓફ ટેકનોલોજી, સ્કૂલ ઓફ બાયો સાયન્સ, સ્કૂલ ઓફ લિબરલ આર્ટસના મલ્ટી ડીસિપ્લીનરી અભ્યાસક્રમોનું આયોજન પણ આ યુનિવર્સિટીએ કર્યું છે. જી.એસ.એફ.સી. એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તરીકે ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર કંપનીના મેનેજિંગ ડિરેકટર અને અન્ય તજજ્ઞો પણ છે. આનો મુખ્ય હેતુ ટેકનિકલ, મેનેજમેન્ટ, ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન, વિદ્યાર્થીઓને વિવિધતાપૂર્ણ અને આજના યુગની માંગને પૂરી કરી શકે એવા અભ્યાસક્રમની અહીંયા શરૂઆત કરવાના છે. રાજ્ય સરકારની શરતો પ્રમાણે એમણે આર્થિક આયોજન પણ કર્યું છે અને આવતા દિવસોમાં એ યુનિવર્સિટી શરૂ કરે એ પ્રમાણે એમને મંજૂરી આપવા માટેનું આ બિલ લઇને આવ્યો છું, ત્યારે મારે સૌ મારા સાથી–મિત્રોને વિનંતી છે કે એક ઉત્તમ શિક્ષણની વ્યવસ્થા ઉભી કરવા માટેની વ્યવસ્થા માટે આ બિલ લઇને આવ્યો છું ત્યારે આપ સૌ આ બિલને સમર્થન આપીને પસાર કરશો એવી લાગણી વ્યક્ત કરું છું.

શ્રી રાજેન્દ્ર  ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૩૦–સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતીય સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી ચુડાસમા સાહેબે જે રજૂ કર્યુ છે એ આ સરકારનો અભિગમ દર્શાવે છે. શા માટે આ સુધારા વિધેયકને સમર્થન કરવું જોઇએ? એનો ઉત્તમ ઉત્તર છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સરકાર ઉપર કોઇપણ એક આના પાઇનો આર્થિક બોજો પડવાનો ના હોય અને એક સારું કામ શિક્ષણનું જો થઇ રહ્યું હોય તો એ માત્ર અને માત્ર  સમર્થનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકલાડીલા રત્ન માનનીય મોદીજીનો આ વિચાર ૨૦૦૦ અગાઉનો જે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના હેતુથી જો સમાજની અંદર ઉત્તમ શિક્ષણ માટે કાર્ય થઇ શકે અને એવી સંસ્થાઓ જો રાજ્યને અરજી કરે તો સરકાર એ બાબતની ચકાસણી કરે, ચકાસણી સમિતિ એને માન્ય રાખે ત્યારબાદ એને આમેજ કરવામાં આવે છે. એમનો ઉદ્ધેશ્ય, સંસ્થાની આબરૂ આ બધું આપણે ધ્યાનમાં લેતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માણસને ભગવાને હાથ આપ્યો છે અને હાથમાં એક પંજો આપ્યો છે. પંજાનો ઘણાં લોકોએ દુરુપયોગ કર્યો છે. જ્યારે માનનીય વડાપ્રધાનશ્રી આપણા મોદીજીએ  એ પંજાના પાંચ આગળા અંગૂઠા સહીત છુટા કર્યા છે અને એ પંચશક્તિ એમાં ઉર્જા શક્તિ, જ્ઞાન શક્તિ, રક્ષા શક્તિ વગેરે આપણે જાણીએ છીએ અને આ જ્ઞાન શક્તિ છે એ જ્ઞાન શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કઇ રીતે કરી શકાય? એટલા માટે ૨૦૦૯નું આ વિધેયક આવ્યું. એમાં ૧૪–૧૪ યુનિવર્સિટીની આપણે સ્થાપના કરી, જેની અંદર ઉત્તમ શિક્ષકો કઇ રીતે તૈયાર થઇ શકે? ચિલ્ડ્રન  યુનિવર્સિટી સાંભળીને આપણને આશ્ચર્ય ઘડીકમાં લાગે એવી બાળકો માટેની યુનિવર્સિટીની સ્થાપના જ્યારે થાય. અમદાવાદમાં પાંચ ખાનગી યુનિવર્સિટીઓ આવી, વડોદરામાં ત્રણ અને હવે આ જી.એસ.એફ.સી. દ્વારા આ ઔદ્યોગિક કાર્યક્રમ માટે

તૈયાર થતા યુવાધનને, બુદ્ધિધનને આપણે ઉપયોગમાં લઇશું. જ્યારે આપણે એમ કહીએ છીએ કે સમગ્ર દેશમાં, વર્લ્ડમાં આપણો દેશ યુવાદેશ તરીકે હોય ત્યારે એમના જ્ઞાનને યોગ્ય દિશામાં વાળીએ તો જ વિકાસ થાય. જ્ઞાન જ્યારે શક્તિ છે એવું પ્રતિપાદિત થયા પછી એ પ્રગતિનું એક સાધન છે અને માનનીય મંત્રીશ્રી આજરોજ જે સુધારા વિધેયક, જે બિલ લાવ્યાં છે તેમાં જે અભિગમ છે અને જેને કારણે આ રાજ્યને લાભ થવાનો છે. કોર્પોરેટ રિસ્પોન્સિબિલિટી પણ આપણે એમાં આમેજ થાય છે. જી.એસ.એફ.સી.ને આપણે જાણીએ છીએ કે ખૂબજ મજબૂત, આર્થિક રીતે ઉત્તમ સરકારની સંસ્થા છે અને ત્યારે વડોદરાના આંગણે આ નવલું નજરાણું રાજ્યને અને લોકોને મળી રહ્યું હોય અને એનો ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણનો હોય ત્યારે હું આ બિલને સહદિલથી સમર્થન કરું છું, ધન્યવાદ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, રાજેન્દ્રભાઇનો આભાર માનું છું. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ પછી આ ૨૦૧૫માં આપણે સાતમી સમ્મિટનું આયોજન કરવા જઇ રહ્યાં છીએ. પહેલા વાયબ્રન્ટ સમિટની મને ખબર છે કે ૧૫૦૦૦ કરોડથી માંડીને ઇન્વેસ્ટમેન્ટથી શરૂઆત થઇ. એમાં ગુજરાત બહારના અને દેશ બહારના લોકો એ બધા ઉદ્યોગ સ્થાપવા માટે અહીં આવે છે અને પછી ટેકનીકલ માણસો એમને ગુજરાતમાંથી ન મળે તો પછી એ બહારથી અહીંયા લાવે છે. અહીંયા ઘર આંગણે ઉદ્યોગ હોય અને બાજુના ગામનો કે એક તાલુકા-જિલ્લાનો વિદ્યાર્થી એ કામથી વંચિત હોય તો એને ત્યાં તક નથી મળતી. ગુજરાતને સૌથી મોટો ફાયદો એ વાયબ્રન્ટ ગુજરાત પછી જે જે ઉદ્યોગો આવ્યા છે તો આ જે અગાઉની ૧૪ યુનિવર્સિટીઓમાં જે પાસ થઇને નીકળ્યા છે એ બધાને મોટા પાયા ઉપર જોબ મળ્યો છે અને એટલા માટે કે ભૂતકાળમાં અગાઉની સરકારે પણ આંકડા જાહેર કરેલા કે, સો ટકા આ કામગીરી સફળ થઇ છે અને હિન્દુસ્તાનમાં સો નવી જોબ તૈયાર થાય છે એમાં ૭૨ ગુજરાતમાંથી થાય છે. એટલે આ મોટામાં મોટો ફાયદો આ યુનિવર્સિટીનો એ થયો છે. બીજો મોટો ફાયદો કે, આ ખાનગી યુનિવર્સિટીઓ હતી એ પહેલાં ઇજનેરીનું અને મેડિકલનો અભ્યાસ કરવા માટે આપણા ગુજરાતના વિદ્યાર્થીઓને બહાર કર્ણાટક, મહારાષ્ટ્ર આવા રાજ્યોમાં જવું પડતું હતું અને ન પોસાય તેવી ફી આપવી પડતી હતી. રહેવા-ખાવાની અને ઘરથી દૂર રહેવાનું અને હાઇ ફીસ ચૂકવવી પડતી હતી. હવે અહીંયા થયા પછી એક સરવે એવું કહે છે કે, કોઇ વિદ્યાર્થીને આપણા ગુજરાતમાંથી બહાર જવાની જરૂર પડતી નથી. ભણવાની વ્યવસ્થા અહીંયા અને પ્લેસમેન્ટની જગ્યા પણ અહીંયા, નોકરી મેળવવાની જગ્યા પણ અહીંયા. એટલે આ બિલ અનેક પ્રકારે ગુજરાતને ફાયદાકારક હોઇ આ બિલ પસાર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતિય સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૩૦-સન ૨૦૧૪નું ગુજરાત ખાનગી યુનિવર્સિટીઓ (દ્વિતિય સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૮**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા ) વિધેયક, ૨૦૧૪**
**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અધિનિયમ, ૧૯૭૮ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પાણી પુરવઠા મંત્રીશ્રી વતી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૪નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા ) વિધેયક આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૮–સન ૨૦૧૪નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (સુધારા ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અધિનિયમ, ૧૯૭૮ હેઠળ બોર્ડ કાર્યરત છે. આ અધિનિયમના પ્રબંધો અનુસાર બોર્ડની કામગીરી રાજ્યના ગ્રામ્ય વિસ્તારોને પીવાનું પાણી પૂરું પાડવાની છે.રાજ્યના અન્ય વિસ્તારો જેવા કે શહેરી તેમજ કેન્ટોનમેન્ટ વિસ્તારોને આ કાયદાની જોગવાઇઓની બહાર રાખવામાં આવ્યા છે. તે રીતે હાલના બોર્ડ દ્વારા હાલના શહેરી વિસ્તારો અને કેન્ટોનમેન્ટ એરીયામાં પીવાના પાણી અંગેની કામગીરી કરવામાં આવતી નથી. અલબત્ત રાજ્ય સરકારના સામાન્ય અથવા તો વિશિષ્ટ હુકમ મળ્યેથી તે અંગેની જરૂરી મંજૂરી મેળવીને ફંડ મળ્યા બાદ ડિપોઝીટ વર્ક તરીકે આવા વિસ્તારોમાં કામગીરી કરવાનું બન્યું છે. આમ કરવામાં જે તે સમયે પીવાના પાણીની અત્યંત મુશ્કેલી, અછત અને તે પ્રકારે વિશિષ્ટ પ્રકારોની ઉપસ્થિતિમાં જ આ પ્રકારના કામો આ વિસ્તારોમાં બોર્ડ દ્વારા કરવામાં આવે છે. આપણા રાજયોની ભૌગોલિક વિકાસ, વસ્તી વધારો, ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને પરિબળોની અસરના કારણોસર પણ બોર્ડને પીવાનું પાણી પુરું પાડવાની જવાબદારી તે સંદર્ભમાં પણ વિચારવાનું જરૂરી બને છે. રાજયમાં નવરચિત સાત જિલ્લાઓને લક્ષમાં લેતા કુલ જિલ્લાઓની સંખ્યા ૩૩ થવા જાય છે અને સાથોસાથ નવરચિત ૨૩ તાલુકાઓને લક્ષમાં લેતા આ કુલ તાલુકા ૨૪૯ થવા જાય છે તેમજ છેલ્લી ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર પણ સિમાંકનને કારણે કેટલાક વિસ્તારો કે જેઓ સીમાંકન પૂર્વે ગ્રામ્ય વિસ્તારમાં ગણાતા હતા. આ પ્રક્રિયા બાદ તે વિસ્તારોનો શહેરી વિસ્તારોમાં સમાવેશ કરવામાં આવેલ છે તેમજ રાજયમાં ગતિશિલ વિકાસને કારણે પણ આ પરિબળોમાં અન્ય દર્શાવેલ બાબતોનો સમાવેશ થાય છે. આમ પૂર્વેના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ યોજનાઓ બોર્ડ દ્વારા બનાવવામાં આવતી હતી અને તેની મરામત અને નિભાવણી, જાળવણી પણ બોર્ડ હસ્તક હોય છે. એ વિસ્તારોનો હવે શહેરી વિસ્તારોમાં સમાવેશ થઇ જવાને કારણે આ યોજનાની મરામત અને જાળવણી, નિભાવણી, સલામતી, સુરક્ષા, તાંત્રિક, નાણાકીય અને અનેકવિધ બાબતો અંગે પણ વિચારવાનું જરૂરી બને છે. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોનો આ પ્રકારે શહેરી વિસ્તારોમાં સમાવેશ કરવામાં આવે છે તેથી યોજનાઓમાં પણ બોર્ડના નિષ્ણાતો અને તજજ્ઞોની સેવાઓ બોર્ડ દ્વારા પૂરી પાડવામાં આવતી હતી. હાલની જોગવાઇઓને કારણે સેવાઓ આપવાનું બંધ થયું છે. જે વિસ્તારોમાં બોર્ડ દ્વારા આ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવેલ હતું તે વિસ્તારોમાંથી પણ આ અંગેની રજૂઆતો બોર્ડ સમક્ષ કરવામાં આવેલ તેમાં જણાવ્યું છે કે વર્તમાન યોજનાઓની મરામત અને નિભાવણી, જાળવણી, સુરક્ષા વગેરે કામો બોર્ડ હસ્તક રાખવામાં આવે જેથી બોર્ડની માળખાકીય સુવિધાઓ અને નિષ્ણાતોનો લાભ આપવામાં આવે. ઉપર મુજબની પૂર્વ ભૂમિકાને ધ્યાનમાં લેતાં આ ગુજરાત વોટર સપ્લાય એન્ડ સેવેજ બોર્ડ એકટ–૭૮ તે અંગે જરૂરી સુધારો કરવાનું વાજબી જણાય છે. પહેલા જે વિસ્તારોમાં લોકલ બોડીઝ કામ કરતી હતી એ બધી લોકલ બોડીઝ સાથે તજજ્ઞોનો અભાવ હતો અને એ તજજ્ઞોના અભાવને કારણે કેટલીકવાર ડીલે થાય, કેટલીક વાર કામમાં કચાશ રહી જાય એ નિવારવા માટે રાજય સરકારે આ નિર્ણય લીધો છે અને હવે એ બધા જ કામો છે એ આ બોર્ડ પણ કરી શકે જેથી કરીને જે સુવિધા જે લેવલથી કોર્પોરેશનમાં

* વિધેયક તા.૨૮મી ઓકટોબર,૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કામ થાય છે એ જ લેવલથી નગરપાલિકામાં કામ થાય એ હેતુને ધ્યાનમાં લઇને આ બિલ હું લાવ્યો છું જેને સમર્થન આપવા માટે હું સૌ મિત્રોને વિનંતી કરું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૮નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ થી ૪, કલમ–૧ દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૮ નું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક કમાંક–૨૮–સન ૨૦૧૪નું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને પસાર કરવામાં આવે છે.** નેકસ્ટ.

શ્રી આત્મારામ મ. પરમાર (ઉપ દંડકશ્રી): વિરામ રદ કરવામાં આવે અને છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇ લેવામાં આવે.

અધ્યક્ષશ્રી : વિરામ રદ કરીને છેલ્લા દિવસનો ૧૦૨ નો પ્રસ્તાવ લઇ આપણે હાઉસ પૂરું કરીએ છીએ.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

'સ્વચ્છ ભારત અભિયાન' અંગે

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૦૨ અન્વયે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કરું છું.

બીજી ઓકટોબર, મહાત્મા ગાંધીના જન્મદિને આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશવ્યાપી ક્ષ્સ્વચ્છ ભારત અભિયાનખ નો પ્રારંભ કર્યો છે. સાથોસાથ સન ૨૦૧૯માં જયારે પ.પૂ.ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાય ત્યાં સુધીમાં દેશને ગંદકીમાંથી મુક્તિ અપાવવાની હાકલ દેશવાસીઓને કરી છે. પ.પૂ.ગાંધીજીએ સ્વચ્છતા અને સફાઇ પોતાની જાતે જ અમલમાં મૂકીને આપણને પ્રેરણા પૂરી પડી છે. સ્વચ્છતાને તેઓશ્રી પૂર્ણ સ્વરાજનો જ એક ભાગ ગણતા હતા. દેશમાં વિકાસ મોડલ રહેલું ગુજરાત સ્વચ્છતા અભિયાનમાં પણ મોડલ રાજય બને તે ધ્યેય સાથે રાજય સરકારે રાજ્યવ્યાપી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાન ફકત સરકારી કાર્યક્રમ બની ન રહે અને પ્રત્યેક પ્રજાજન તેમાં ભાગ લઇ સ્વચ્છતાના મિશનને સાચા અર્થમાં જન અભિયાન બનાવે તે માટે જરૂરી એવી આંતરમાળખાકીય સુવિધા ઉભી કરવાનું કામ સરકારનું છે. ગુજરાતને સ્વચ્છ બનાવવાની જવાબદારી માત્ર સરકારની જ નહિ, પણ આપણા સૌની પણ છે. કચરો ગમે ત્યાં નાખવો, પાનની પિચકારીઓથી દીવાલો ગંદી કરવી, પ્લાસ્ટિક કોથળીઓનો ઉપયોગ બંધ કરવો, ઘરનું આંગણું સ્વચ્છ રાખવા જેવી બાબતો ઉપર આપણે ચિંતા નહિ કરીએ તો, આવનાર પેઢી માટે પણ આપણે સ્વાસ્થ્ય સહિતની અનેક સમસ્યાઓ વારસામાં મૂકતા જઇશું.

**( ઉપાધ્યક્ષશ્રી મંગુભાઇ પટેલ અધ્યક્ષ સ્થાને )**

સરકારી કચેરીઓ સહિત શેરી, મહોલ્લાઓ, રસ્તાઓ, ફૂટપાથો, જાહેર સ્થળો કે મેળાવડાની જગ્યાઓ પર બહુધા સ્વચ્છતા નજરે પડતી નથી તે આપણે સ્વીકારવું જ પડે. સ્વચ્છ ગુજરાત બનાવવા માટે આપણે સ્વચ્છતાનું અભિયાન પ્રજા દ્વારા, પ્રજા માટે અને પ્રજાનું જ છે તે રીતે ચલાવવું પડશે. રાજયનો પ્રત્યેક પ્રજાજન ધન,શ્રમ અને સમયથી પોતાનું યોગદાન આપી આ અભિયાનને સફળ બનાવવા કટિબદ્ધ થાય તો આ વિરાટ કાર્ય પણ સિદ્ધ કરવું મુશ્કેલ જણાતું નથી. પ્રત્યેક ગામ આ કામ માટે એક નાગરિક સમિતિ બનાવે અને ગામને સ્વચ્છ અને સુંદર બનાવવાનું બીડું ઝડપી લે તો પોતે સામાજિક જવાબદારી અદા કર્યાનું ગૌરવ પણ લઇ શકશે. આ ઉપરાંત રાજયની સખાવતી

સંસ્થાઓ કચરો કચરાપેટીમાં જ નાખવાનું મહત્વ સમજાવી આ અભિયાનને સફળ બનાવી શકે છે. માત્ર કાયદાથી જ આવી ઝુંબેશ સફળ થાય તે અશકય છે. મહત્મા ગાંધીને સાચી અંજલિ તો જ આપી ગણાય જો તેઓની ૧૫૦મી જન્મજયંતિ જે સન ૨૦૧૯ માં ઉજવાશે તે પહેલા ગુજરાતને ચોખ્ખું ચણાક બનાવી ગંદકીમુકત કરીએ. જાહેર તેમજ સરકારી મિલકતો, હોસ્પિટલો, રેલ્વે સ્ટેશનો, શાળા કોલેજના સંકુલો જેવી તમામ જગ્યાઓએ નિયમિત સફાઇ થાય અને આ માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ પણ વધુ અસરકારક રીતે પોતાની ભૂમિકા ભજવે તો પરિણામલક્ષી સિદ્ધિ હાંસલ કરી શકાય. રાજયના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળવા અને આ અભિયાન રાજયવ્યાપી ઝુંબેશ બને તે માટે જરૂરી પગલાં લેવાં આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવની જે વાત છે તેમાં હું મારા થોડા વિચારો મૂકવા માટે, મારા મનમાં જે બે-ત્રણ વિચારો છે તે રજુ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય કારકીર્દિમાં મેં ઘણાબધા વડાપ્રધાન જોયા, પણ આપણા તત્કાલિન વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ મહાત્મા ગાંધીના જન્મદિવસે જે અભિયાન ઉપાડયું અને આજે આપણે ટીવીમાં જોઇએ છીએ તો અત્યારે એક જ વિષય આખા દેશમાં સ્વચ્છતા માટેનો પ્રજાએ ઉપાડયો છે. આ સ્વચ્છતા માટે મોટું કામ કર્યુ હોય અને દેશને દિશા બતાવી હોય તો માટે આપણે નરેન્દ્રભાઇ માટે જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. બીજી એક-બે વાત મારા ધ્યાને છે તે હું આ ગૃહમાં મૂકવા માગું છું. આપણા રાજયના પદ્મ વિભૂષણ ઇશ્વરભાઇ પટેલની ઓળખ ટોઇલેટ ગુરૂ તરીકે ઓળખાય છે. તેમણે ઘેરથી સમાજ સુધી સફાઇનો પ્રાથમિક વિચાર આપ્યો તે પણ આપણા ગુજરાતી હતા. મારા જાણવા મુજબ આપણા મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો જન્મદિવસ હતો ત્યારે કાર્યકર્તાઓ જન્મદિવસ ઉજવતા હતા ત્યારે બેનશ્રીએ વાલ્મિકી સમાજમાં જે લોકો આજ સુધી સફાઇ કરી હતી તેમના પગ ધોઇ ખુરશીમાં બેસાડી કંકુ તિલક કરી તેમનું સન્માન કર્યુ. જો આપણા ગુજરાતમાં આવા મુખ્યમંત્રી કે જે લોકો સફાઇ કરે છે તેમનું સન્માન જાળવતા હોય તો આપણે બધા સાથે મળી ગુજરાતને સ્વચ્છ બનાવવા માટે રાષ્ટ્રના હિતમાં આપણે સૌ કામ કરીએ. આ સ્વચ્છતાનો વિષય જયારથી ચાલ્યો છે ત્યારથી મારા ધ્યાનમાં બે-ત્રણ વસ્તુ આવી છે તેની વાત કરવા માગું છું. આપણા રાજયના કેબીનેટ મંત્રીઓ અને માનનીય નીતિનભાઇના ત્યાં હું એક વખત બેઠો હતો. માનનીય નીતિનભાઇએ આરોગ્યના એક કાર્યક્રમમાં એટલો બધો ભાર સ્વચ્છતા મિશન પર મૂકયો હતો અને આરોગ્ય વિભાગને એટલી સૂચનાઓ આપી હતી કે કોઇપણ સંજોગોમાં આપણી હોસ્પિટલો, જાહેર રસ્તાઓ ઉપર પ્રજાના આરોગ્ય ઉપર અસર ન થાય તેના માટે કડકમાં કડક જોગવાઇઓ કરવી જોઇએ. આટલા ચિંતાતુર અમારા આ મંત્રીમંડળમાં નીતિનભાઇ પણ છે. સાથે સાથે પંચાયત મંત્રી જયંતિભાઇ પટેલે આ વિષયમાં ઉંડો રસ લઇ નવી નવી યોજનાઓ મૂકી છે. તેનું વિશ્લેષણ કરવા જઇએ તો ઘણો સમય જાય તેમ છે. ખૂબ જ યોજનાઓ અને ખૂબ ગ્રાન્ટ આ દિશામાં જયંતિભાઇએ પણ ફાળવી છે. તેની સાથે શાળાઓ એટલે કે પ્રાથમિક શિક્ષણ કે કોલેજના શિક્ષણમાં આપણા શિક્ષણ મંત્રી શ્રીમતી વસુબેન અને ભુપેન્દ્રસિંહજીએ પણ આ સ્વચ્છતા માટેના જુદા જુદા પ્રોગ્રામો આપ્યા છે. ગુજરાત સરકારના બધા જ મંત્રીઓ સ્વચ્છતા અભિયાનને જે રીતે લઇ રહ્યા છે તે રીતે આપણે આ વિધાનસભાના બધા જ સભ્યોને હું વિનંતી કરું છું કે આપણે પણ આ સ્વચ્છતા અભિયાનમાં દિલથી જોડાઇએ અને તે માટે પ્રજાનો સહકાર લેવા આપણે તેમને માર્ગદર્શન આપીએ. સ્વચ્છતા ત્યાં પ્રભુતા તે મહાત્મા ગાંધીના માર્ગે ચાલીએ આટલી વિનંતી કરું છું અને બધા જ આ કામમાં જોડાઇએ તેવી પ્રાર્થના કરું છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી અશોકભાઇ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તે ખૂબ અગત્યનો છે. આ પ્રસ્તાવને છેલ્લા દિવસનો પ્રસ્તાવ ન કહીએ પણ માનવ જીવનના છેલ્લા શ્વાસ સુધીનો આ અગત્યનો પ્રસ્તાવ કહેવાય તેવો સ્વચ્છતાનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ૧૯૪૭માં આઝાદ થયો અને આપણને સ્વરાજય મળ્યું. સ્વરાજય મળ્યા પછી અનેક વર્ષોની તપશ્ચર્યા બાદ ૨૦૧૪માં જેમ સ્વરાજય માટે ગાંધી અને સરદારની સાથે અનેક સેનાનીઓ તેની લડત લડ્યા અને દેશને આઝાદી અપાવી. તેમ સુરાજય મેળવવા માટેની લડત ગાંધી અને સરદારની જેમ આપણા પ્રધાનમંત્રી

આદરણીય નરેન્દ્રભાઇ અને આદરણીય અમિતભાઇના નેતૃત્વમાં આખા દેશમાં સુરાજય મેળવવા માટેની એક લડત ચલાવી અને દેશવાસીઓએ તેને સ્વીકારી અને આખા દેશમાંથી કચરો સાફ કરી નાંખ્યો. માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા એ વાતનો આનંદ થાય છે કે, મારી ઉંમર આજે ૫૦ વર્ષની થઇ, લગભગ ૫૦ વર્ષની ઉંમરની અંદર રાષ્ટ્રવ્યાપી, રાષ્ટ્રજોગ પ્રધાનમંત્રી કે પ્રધાન સેવકનું વાયુ સંદેશ કહેવાય એ લાલકીલ્લા ઉપરથી અનેક પ્રધાનમંત્રીશ્રીઓના સાંભળ્યા પણ આ વખતે ૧૫મી ઓગસ્ટના લાલકીલ્લા ઉપરથી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ પોતાના રાષ્ટ્રજોગ પ્રવચનની અંદર આઝાદી પછી પહેલી વખત જો કોઇ વાત પર ભાર મૂક્યો હોય તો દેશવાસીઓ માટે એ વાત મૂકી કે આ દેશની સ્વચ્છતાના સંકલ્પની વાત મૂકી. માનનીય પ્રધાનમંત્રીએ એના પ્રવચનની અંદર કહ્યું કે, આપણો દેશ, આપણું રાજય, આપણું શહેર, આપણો વિસ્તાર, આપણી ગલી, આપણો મહોલ્લો, આપણી હોસ્પિટલ, આપણી શાળા, આપણી કોલેજ અને આપણી સરકારી ઓફીસો આની સફાઇ કરવી અને સાફ રાખવી. આ દેશમાં અનેક પ્રધાનમંત્રીશ્રીઓ આવ્યા અને ગયા આજ દિન સુધી કોઇને પણ આ વિષય ઉપર વિચાર ન આવ્યો. અનેક ટીકાઓ થઇ પણ ટીકાઓની વાત બાજુ પર મૂકી અને પોતાના મનની વાત આ પ્રધાનમંત્રીશ્રીએ એક જન આંદોલન સ્વરૂપે લેવા માટે પ્રજાને અપીલ કરી અને અનુરોધ કર્યો. એ અપીલ અને અનુરોધના અનુસંધાને ૨જી ઓકટોબરે સમગ્ર દેશની અંદર સફાઇ ઝૂંબેશની શરૂઆત થઇ. આવનારા દિવસોની વાત કરૂં તો ૨૦૧૯માં સ્વ.રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીએ આ દેશને એક ગંદકી મુકત ભારતની કલ્પના સાથે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ દિલ્હીથી સફાઇ ઝૂંબેશના શ્રીગણેશ કર્યાં. સૌને નવાઇ લાગે દેશવાસીઓએ, અનેક સંસ્થાઓએ, અનેક કલાકારોએ, નામી-અનામી અનેક લોકોએ અને આ દેશના નાનામાં નાનો નાગરિક આ સફાઇ ઝૂંબેશમાં જોડાવા માંડ્યો. આજે આપણે જોવા જઇએ તો કલાકાર અમિતાભ બચ્ચન હોય, સલમાન ખાન હોય, ક્રીકેટર હોય, સાહિત્યકાર હોય, ચિત્રકાર હોય, આ દેશના ઉધોગપતિ હોય કે કોઇ કોર્પોરેટ સંસ્થા હોય નાનામાં નાના બાળકથી માંડીને મોટામાં મોટા માણસ સુધી એક ભાવ જાગ્યો છે અને એ ભાવ એવો જાગ્યો છે કે મારે મારા દેશને, મારે મારા રાજયને, મારે મારા શહેરને, મારી ગલીને કે મારે મારા મહોલ્લાને સાફ કરવો છે. અનેક ટીકા ટીપ્પણીઓની વચ્ચે પણ આ જે નેમ લીધી હતી એ નેમ આવનારા દિવસોમાં જન આંદોલન બની રહ્યું છે ત્યારે જે પ્રસ્તાવ આદરણીય અશોકભાઇ પટેલ લઇને આવ્યા છે ત્યારે મને સરકારને અનુરોધ કરવાનું મન થાય છે કે, સરકાર અને આપણે સૌ સાથે મળીને આ વિષયમાં પક્ષા પક્ષીથી દૂર રહી કામ કરવું જોઇએ. (અંતરાય) રાજકીય સફાઇ તો થઇ ગઇ છે પણ પક્ષાપક્ષીથી દૂર રહીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો આની ટીકા કરતા હતા એ પણ આજે બહાર જઇને પોતાના હૃદય ઉપર હાથ મૂકીને એમ કહે છે કે, આ દેશની અંદર નરેન્દ્રભાઇ મોદી જે શબ્દ બોલે છે એને આખા દેશની ૧૨૫ કરોડની જનતા ઉપાડી લે છે. આખા દેશની અંદર સફાઇ થવા માંડી છે. હોસ્પિટલો, કોલેજો, સરકારી શાળાઓ વગેરેમાંથી ઘન કચરાનો નિકાલ થવા માંડ્યો છે. ડોર ટુ ડમ્પની કામગીરી હોય એ આજે શહેરોની અંદર દેખાવા માંડી છે, ગામની અંદર દેખાવા માંડી છે. જનપ્રતિનિધિ પણ આની અંદર જોડાવા માંડયો છે, સામાન્ય નાગરિક પણ જોડાવા માંડ્યો છે. આપણે જ વિદેશ જઇએ તો ત્યાં કયાંય વેફરનું કે બિસ્કીટનું વેપર આપણે જયાં ત્યાં ફેંકતા નથી એ આપણે આપણા ખીસ્સામાં નાંખીએ છીએ અને એજ ભારતીય પાછો અહીંયા આવે ત્યારે એ બસમાં મુસાફરી કરતો હોયટ્રેનમાં મુસાફરી કરતો હોય, એ ત્યાં નાંખે તો ત્યાં દંડ ભરવો પડે, અહીંયા દંડ ના ભરવો પડે, અહીંયા પાનની પીચકારી એ બસમાંથી, ટ્રેનમાંથી, ગમે ત્યાંથી મારી શકે, આ સ્થિતિનું નિર્માણ, પશ્ચિમના દેશો અને આપણા દેશોની વચ્ચે દેખાઇ આવતું હતું, પણ આ સફાઇ અભિયાનથી આજે એમાં ફેર આવ્યો છે અને એ ફેર દેખાય છે કે ટ્રેનની અંદર, એસ.ટી.ની અંદર, બસ સ્ટેશનો, રેલ્વે સ્ટેશનો, શાળાઓ, કોલેજોની અંદર શિક્ષકથી માંડીને, બાળકોથી માંડીને સમાજનો દરેક વર્ગ, એક એક વિદ્યાર્થી, એક એક બાળક, જન જન સુધી આ જન આંદોલન બન્યું છે, આવનારા ૨૦૧૯ની અંદર સ્વર્ગસ્થ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીએ આપણે સ્વચ્છ અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરીએ અને એના માટે આ પ્રસ્તાવ લઇને આવ્યા છે એને સમર્થન આપીને અને આ જન આંદોલનનો સ્વીકાર કરીને લોકો સુધી લઇ જઇએ અને સ્વચ્છ અને સ્વસ્થ ભારત બનાવવાનો સંકલ્પ આપણે સાથે મળીને અને પક્ષાપક્ષીથી દૂર રહીને કરીએ અને ફરી એકવાર કહુ છું કે, આપણે સ્વચ્છ અને સ્વસ્થ ભારત બનાવીએ એ જ આજનો સંકલ્પ રહેશે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અશોકભાઇ પટેલ નિયમ-૧૦૨ પ્રમાણે છેલ્લાં દિવસનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન કરવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આપેલા સ્વચ્છ ભારત અભિયાનની હાકલને સમર્થન આપતો પ્રસ્તાવ જ્યારે અશોકભાઇ લાવ્યા છે ત્યારે તે ખૂબજ અભિનંદનીય બાબત છે. વર્ષ ૨૦૧૯ની અંદર આપણે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની સમગ્ર દેશમાં ઉજવણી કરીશું ત્યારે સમગ્ર ભારત દેશ એકદમ સ્વચ્છ અને સુંદર, એકદમ નીટ એન્ડ કલીન બને એવા ઉમદા હેતુ સાથે આ અભિયાનમાં આપણે સૌએ તન, મન અને ધનથી જોડાવાનું છે અને અભિયાનની સફળતાના સહયોગી બનીએ. કહેવાય છે કે, "છોડ" માં "રણછોડ" છે. એ જ પ્રમાણે કહેવાય છે કે કલીનીંગનેસ ઇઝ નેકસ્ટ ટુ ધ ગોલ્ડનેસ, "જ્યાં સ્વચ્છતા છે ત્યાં પ્રભુતા છે" આ ખૂબજ અગત્યનું છે. ભગવાનના મંદિરે આપણે જતા હોઇએ છીએ, આપણા ઘરમાં, આપણા મહોલ્લામાં આપણા ગામમાં, આપણા શહેરમાં જો સ્વચ્છતા હશે તો હું માનું છું કે પ્રભુ આપણી સાથે કાયમ માટે રહેતો હોય છે, આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પણ ક્વોટ કરેલ છે કે, સ્વચ્છતા એ વ્યક્તિગત અને સમાજ જીવનનો સહજ સ્વભાવ બને તો સૌથી મોટો લાભ સ્વાસ્થ્યને થશે. નરેન્દ્રભાઇએ ખૂબ સરસ ક્વોટ કર્યું છે કે સ્વચ્છતાને સહજ સ્વભાવ બનાવવા માટે, ઇટ શુડ બી એ નેચરલ ટેન્ડન્સી, એવો સ્વભાવ આપણા જીવનની અંદર આપણા દેશવાસીઓમાં ડેવલપ થાય, એક એવા સંસ્કાર ડેવલપ થાય, એવું કલ્ચર ડેવલપ થાય તો આ સ્વચ્છતા આખા દેશમાં આપણે લાવી શકીશું અને કોઇપણ જાતનો નિયમ, કોઇપણ જાતનો કાયદો, કોઇપણ જાતના દંડની જોગવાઇની પણ જરૂર પડશે નહિ. આ કલ્ચર એટલે, એમ કહેવાતું કે બ્રિટિશર્સ આર ઓલ્વેઝ પંક્ચ્યુલ ઇન ટાઇમ, ધે આર ઓલ્વેઝ પંક્ચ્યુઅલ, આ લોકોના જીવનમાં સહજ કલ્ચર છે. લાઇફ કલ્ચર એવું હોય છે કે કોઇપણ બ્રિટિશરને તમે ટાઇમ આપો તો હી વીલ બી ધેર એટ ધ ડોર. કોઇપણ મિટિંગ આપેલા ટાઇમ પર શરૂ થઇ જ જાય. એવું કલ્ચર ત્યાં આગળ ડેવલપ થયું છે. એવું જ કલ્ચર આપણે ત્યાં પણ ડેવલપ કરવાની જરૂર છે. અભિયાનો થશે પણ દેશ સાફ કરવો ખૂબ અઘરો છે સાહેબ. પણ એક સંસ્કારને ડેવલપ કરીશું આપણામાં, કોઇપણ ભારતીય જ્યારે બિસ્કીટ ખાય ત્યારે એનું રેપર ખિસ્સામાં મૂકે અને ખિસ્સામાં મૂકીને એ જ્યારે ગારબેજ સેન્ટરમાં નાંખશે. એવું કલ્ચર કાયમ માટે આપણે ત્યાં ડેવલપ થાય તો હું માનું છું કે, આ સફાઇ કરવાની જરૂર રહેશે નહિ. સફાઇ ઓટોમેટીકલી મેઇન્ટેન થશે. આ તો કચરો નાંખો અને બીજા દિવસે હું સાફ કરું અને ત્રીજા દિવસે મારો ભાઇ સાફ કરતો હોય. કચરો કચરો જ ના હોવો જોઇએ, સાફ રાખો તો ખૂબ મોટો ફરક પડશે એવું મારું માનવું છે. આ નેચરલ કલ્ચર આપણા સ્વભાવની અંદર ડેવલપ કરવાની જરૂર છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ગુજરાતનો દરેક નાગરિક પોતે સફાઇ સ્વચ્છતાનો સંવાહક બની, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ભારત માટે પ્રતિબદ્ધ બને એવી અપીલ આપણાં મુખ્યમંત્રી આનંદીબહેને પણ કરી છે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વચ્છતા સફાઇની જાગૃતિ પ્રેરિત કરવા માટે બાળ સ્વચ્છતા સેના રચવા માટેનો એક અભિગમ, એક અપીલ કરી છે. સ્વચ્છ, સ્વસ્થ અને સમૃદ્ધ ગુજરાતના નિર્માણ માટે સફાઇ સ્વચ્છતાનો નાગરિક ધર્મ જગાડવા માટે બાળ સ્વચ્છતા સેનાની બાળ સહજ પ્રવૃત્તિઓ મારફતે લોકશિક્ષણનું ઉમદા ચાઇલ્ડ. આ સંસ્કારો તમે આપણાં બાળકોમાં તો ક્રેડિટ કરી શકીએ, તેનું સિંચન કરી શકીએ. તે ગમે એટલી ઉંમરનો થશે કયારેય એ કચરો બહાર નાંખશે નહીં એવો મને ચોક્કસ વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બે નાના દાખલ આપીને હું મારી વાત પૂરી કરીશ. મીસ્ટર યો નામના એક મૂળ કોરીયાના સજજન બહેરીનમાં ખૂબ મોટો વ્યવસાય કરે છે. તેઓ ૧૧ વર્ષથી બહેરીનમાં છે, જેઓ મલ્ટીમિલિયોનર છે, અબજપતિ છે. રોજ સવારે ઉઠીને પોતાનું પહેલું કામ તેના બંગલાની આજુબાજુના રસ્તાઓને સાફ કરવાનું કરે છે. કરોડપતિ માણસ ઝાડું લઇને પોતે કરવા લાગી જાય છે અને જે કંઇ કચરો ભેગો થાય ઝાડના પાંદડા પડે તે બધા વીણીને સફાઇ કરીને તે કચરાપેટીમાં નાંખતા હોય છે. આજે આ મીસ્ટર યો બહેરીનમાં બોસ ઓફ કિલનીંગ તરીકે ઓળખાય છે. સાહેબ વિચાર કરો તેનું ઓરીજીન કોરીયા છે તે કોરીયા દેશનો વાસી છે પણ રહે છે બહેરીનમાં અને બહેરીનના રસ્તાની સફાઇ કરવા માટે તેણે પોતાનું આ કલ્ચર ડેવલપ કર્યુ હોય તો જ આ શકય બનશે. એટલે સફાઇ માટે પોતાનું ઘર, પોતાનો મહોલ્લો, પોતાનું શહેર, પોતાનું રાજય, પોતાનો રસ્તો હોવો જરૂરી નથી જરૂરિયાત છે આ સ્વચ્છતા રાખવા માટેનું આપણું કલ્ચર. વીધીન ધ હાર્ટ જો હોય તો કરી શકાય. આ જો આપણે કરી શકીએ તો હું માનું છું કે આ સફાઇની ઝૂંબેશ ચલાવવાની કોઇને જરૂર પડશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦માં સિંગાપોરના વડાપ્રધાનશ્રીએ કિલન સીંગાપોર કેમ્પેઇન ચાલુ કરેલુ. પોતે સવારે એકલા હાથમાં ઝાડું લઇને આ સિંગાપોરની નાની મોટી ગલીઓ સાફ કરતા અને આ સિંગાપોરવાસીઓએ જયારે જોયું ત્યારે તેમાંથી પ્રેરણા લઇને અને આપણાં પ્રધાનમંત્રી જયારે આ શહેરની, આ રાષ્ટ્રની ગલીઓ સાફ કરતાં હોય છે ત્યારે શા માટે આપણે નહીં ? સાહેબ, આ કિલન સિંગાપોરની અંદર આખા સિંગાપોરના હજારો લોકો જોડાયા એન્ડ વી કેન સી ધ ડિફરન્સ. આજે વી કેન સી ધ ડિફરન્સ. આજનું સિંગાપોર તમે જુઓ એ અલ્ટીમેટલી સફાઇ માટે નંબર વન બન્યુ છે અને સાથે સાથે ટુરીસ્ટ ડેસ્ટીનેશન પણ બન્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ત્રણ-ચાર દિવસ પહેલાં બનારસમાં ગંગાનદીના કિનારે અસ્સી ઘાટ પર તેમને સફાઇ કરતા જોયા છે. મેં રિપીટિડલી જોયા છે મેં તેમને તે દિવસે જોયા તેઓ હાથમાં પાવડો લઇને અને પગની અંદર તગારૂં મૂકીને એ પાવડાના માધ્યમથી તગારામાં માટી ભરીને જયારે કચરો ઉલેચતા હતા ત્યારે આપણને એમ થાય કે આ કેટલી ઇન્ટીગ્રેટી છે એમનામાં. આ દેશનો વડાપ્રધાન આ દેશની સફાઇ કરવા માટે પોતે કેટલું બધુ કોન્ટ્રીબ્યુશન આપે છે આ દેશ માટેની તેની લાગણી હોઇ શકે. સાહેબ એ રિપીટિડલી તમે ફિલ્મ જોજો તમને પોતાને પણ પ્રેરણા આપશે કે યસ વી શૂડ ડુ ધીસ.હાથમાં પાવડો, આજે તો ખાત મૂહુર્ત કરવા જઇએ તો પણ આપણાથી એક પાવડો લાગતો નથી, ત્યારે માનનીય વડાપ્રધાનશ્રીએ હાથમાં પાવડો લઇ અને દસથી પંદર જેટલા તગારા ભરીને આપ્યા, મજૂર જે રીતે તગારા મૂકીને ભરે છે તે જ રીતે, જેને આપણે ઘમેલું કહીએ છીએ તેવા તગારા એ રીતે મૂકીને એમણે પાવડાથી ભર્યા હતા. આ નેચરલ કલ્ચર છે. કલ્ચર ડેવલપીંગ માટેનું કામ છે. ફોટા પાડવા માટે સફાઇ કરીએ તો તેનો કોઇ અર્થ નથી રહેવાનો. કલ્ચર એમ કહે છે કે ગંદકી કરો નહી, કચરો નાખો નહીં, તે રીતે કરીશું ત્યારે ભારત દુનિયાભરમાં સ્વચ્છ રાષ્ટ્ર તરીકે ગણના પામશે. એવા ઉદ્દેશ સાથે આ જે પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી અશોકભાઇ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના માનનીય સભ્યશ્રી અશોકભાઇ છેલ્લા દિવસનો સ્વચ્છતા અભિયાન બાબતનો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપી રહી છું. આપણે સૌ ગુજરાતીઓને સમગ્ર વિશ્વમાં જેમણે ગૌરવ અપાવ્યું છે અને સમગ્ર દેશની પ્રજાને ખૂબ જ ટૂંકા ગાળાના શાસનમાં 'અચ્છે દિન આ ગયે' ની પ્રતિતિ કરાવી છે તેવા આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી કરવા જઇ રહ્યા છીએ ત્યારે ગત બીજી ઓકટોબરથી સ્વચ્છ ભારતનું મિશન ચાલુ કર્યું છે. આ દેશના દરેક નાગરિક એવું સમજે કે આ મારો દેશ છે, આ મારું રાજય છે, અને આ મારું શહેર કે મારું ગામ છે અને તેને સ્વચ્છ રાખવાનું મારું કર્તવ્ય છે, એમ સમજીને કામ કરે તો શું આપણે ધાર્યા પરિણામ ન મેળવી શકીએ? સ્વચ્છતાની જવાબદારી ફકત સરકારની નહીં પરંતુ આપણા સૌની છે એમ સમજીને આ દેશની પ્રજા કામે લાગી ગઇ છે. આ અભિયાનને પોતાનું મીશન સમજી અને દેશની પ્રજા અને રાજયની પ્રજા કામ કરી રહી છે ત્યારે જાહેર સ્થળો, દવાખાના, હોસ્પિટલો તેમજ શાળા-કોલેજો, ખુલ્લા પ્લોટ કે જયાં ગંદકી હોય છે તેવા દરેક સ્થળે દેશનો નાગરિક સફાઇનું કામ કરી રહ્યો છે અને પોતાની શ્રેષ્ઠ નાગરિક તરીકેની ફરજ અદા કરી રહ્યો છે. આ સભાગૃહમાં બેઠેલા દરેક સન્માનનીય સભ્યશ્રીઓ જાહેર જીવનમાં કામ કરે છે ત્યારે આ સ્વચ્છતા મીશનની શરૂઆત મારાથી કેમ નહીં એમ સમજીને પોતાના વિસ્તારમાં સ્વચ્છતા મીશનને પાર પાડે તો ચોક્કસ નરેન્દ્રભાઇ મોદી જે સંકલ્પ સાથે કામ કરી રહ્યા છે તે સંકલ્પ પાર પાડી શકીશું.

ગઇ કાલે આ સભાગૃહમાં સફાઇ અને શૌચાલયની ચિંતા થતી હતી. એ લોકો અત્યારે ગૃહમાં હાજર નથી, પણ અગાઉના શાસન કર્તાઓએ જો આ ચિંતા પહેલાથી કરી હોત તો આજે આ ચિંતા આપણે કરવાની જરૂર રહેતી નહીં. આપણે ત્યાં કહેવત છે કે સ્વચ્છતા ત્યાં પ્રભુતા, અને ખરેખર સ્વચ્છતા હોય ત્યાં કોઇ પણ પ્રકારના દુઃખ દર્દ ન હોય. આપણા દેશમાં ગુજરાત વિકાસનું એક મોડેલ બન્યું છે. તે જ રીતે આવનારા દિવસોમાં સ્વચ્છતા અભિયાનમાં પણ ગુજરાત દેશનું મોડેલ બને તેના માટે રાજય સરકાર સ્વચ્છતા અભિયાનમાં ખૂબ સારી રીતે કામ કરી રહી છે. જયારે આપણે સ્વચ્છતા અભિયાનની વાત કરીએ છીએ ત્યારે અમારા રાજકોટની મારે એક વાત કરવી છે. રાજકોટમાં સ્માર્ટ સીટી લોંચીંગ થઇ રહ્યું હતું ત્યારે સ્માર્ટ સીટી કેવું હોવું જોઇએ તેના અમુક મુદ્દાઓ નક્કી કરવામાં આવ્યા હતા. અને એ મુદ્દામાં સફાઇ અને સ્વચ્છતાનો મુદ્દો હતો અને એ વાતને રાજકોટના પ્રજાજનોએ સ્વીકારીને આજે રાજકોટની પ્રજા સફાઇ કામમાં લાગી ગઇ અને રાજકોટને સ્માર્ટ સિટી બનાવવા માટે દરેક પ્રજાજન પોતાનો સહયોગ આપી રહેલ છે.

આપણા વડાપ્રધાન જયારે આપણા મુખ્યમંત્રી હતા ત્યારે એમણે આપણા ગુજરાતને સ્વચ્છ ગુજરાત, નિર્મળ ગુજરાત, હરિયાળું ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત, બેટી બચાવો આમ અનેક સંકલ્પો લેવડાવ્યા હતા ત્યારે મને કહેતા ગૌરવ થાય છે કે આજે આ ગુજરાતનું નેતૃત્વ કર્તા કર્મઠ તેમજ કુશળ વહીવટ કર્તા રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા બહેન શ્રી આનંદીબહેન પટેલે ગતિશીલ ગુજરાતનું સૂત્ર આપ્યું છે અને ખૂબ જ ટૂંકા ગાળામાં એક મહિલાના હાથમાં જો શાસન આપવામાં આવે તો કેવો કુશળ વહીવટ કરી શકે એ સાબિત કરી બતાવ્યું છે.

આજે મારે અહીંયા મારા મત વિસ્તાર રાજકોટ તાલુકાનું એક રાજસમઢીયાળા ગામ છે એની પણ વાત કરવી છે. આ જે ગામ છે એ ગામમાં છેલ્લા ૨૦ વર્ષથી જયાં ત્યાં કચરો ફેંકવામાં આવતો નથી, ગંદકી કરવામાં આવતી નથી તેમજ જે કોઇ લોકો ગંદકી કરે અથવા તો પ્લાસ્ટિકનો ઉપયોગ કરે એની પાસેથી દંડ લેવામાં આવે છે. આમ સ્વચ્છતાનું મોડલ કહી શકાય તેવું આ ગામ છે. આજે સમગ્ર વિશ્વમાં ભારતના શહેરો અને ગામડાં એક ઉત્તમ સંસ્કૃતિનું ઉદાહરણ છે ત્યારે અમુક જગ્યાએ ગંદા વસવાટો રહેલા છે ત્યારે આ ગામડાંમાં ગંદકી અને ગંદા પાણીની ગટરો ઉભરાતી હોય ત્યારે અનેક પાણીજન્ય રોગો થતાં હોય, જંતુઓનો ઉપદ્રવ થતો હોય આ બધી જે સમસ્યાઓ છે એ સમસ્યાઓમાંથી બચવા માટે થઇને લોકોના હિત માટે થઇને આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છ અભિયાનના નિર્માણમાં એમાંય ખાસ કરીને લોકો સહભાગીદારીથી આ કામને ઉપાડે અને સ્વચ્છતા અભિયાન મિશન છે એ મિશનને પાર પાડવા માટે સૌ કામે લાગી ગયા છે ત્યારે ગુજરાતમાંથી પણ આ મિશન માટે સૌ લોકો સહભાગીદારીથી કામ કરી રહ્યા છે અને ભાઇશ્રી અશોકભાઇ જે છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું પણ મારુ સમર્થન આપું છું.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : આ ગૃહના માનવંતા સભ્યશ્રી અશોકભાઇ સ્વચ્છતા અંગેનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

સાહેબ, આ એક પ્રકારનું જે અભિયાન ચલાવવામાં આવ્યું છે. આખી દુનિયાભરમાં વિશ્વભરમાં જેની ચર્ચા ચાલે છે તે અભિયાનની પશ્ચાદભૂમિમાં આપણે જોવા જઇએ તો આજથી દસેક વર્ષ પહેલા સરકારના માધ્યમથી જે તે સમયથી કેન્દ્ર સરકારના માધ્યમથી સ્વછતા અંગે કેટલીક ફિલ્મો ટીવી ઉપર બતાવવામાં આવતી હતી. એમાં હાવરા બ્રિજ ઉપરથી કોઇ કેળાની છાલ નાખે છે તેનાથી લપસી પડવાની સ્થિતિ ઉભી થાય છે એનું નિર્દેશન કરવામાં આવતું હતું. કોઇ ગાડીમાંથી પાણીની બોટલ ફેંકે છે એટલે કોઇ સ્કૂટીવાળાભાઇ એ બોટલને લઇને એને પરત આપે છે આ બધી જાહેરાતો થતી હતી જે કેમ્પેઇનના ભાગ તરીકે થતી હતી એની અસરકારકતા ખૂબ ઓછી હતી પરંતુ જયારે રષ્ટ્રના પ્રધાનમંત્રી અને આપણા સૌના પ્રિય એવા શ્રી નરેન્દ્રભાઇએ ૧૫મી ઓગષ્ટે સ્વાતંત્રય દિને જાહેરાત કરી. સ્વચ્છતા અભિયાન ચલાવવા માટે એમણે જે આહવન કર્યું અને પોતે જયારે જાતે ઝાડું લઇને મિનિટોની મિનિટો સુધી ખાલી ફોટો પડાવવા પૂરતું નહિ, રીતસરની સ્વચ્છતા જેમણે કરી આ હિદુસ્તાનની પ્રજાના મનમાં આ વિષય ઘર કરી ગયો અને એટલે ભલભલા ઉદ્યોગપતિઓ, કલાકારો સામાન્ય જનતા પણ સમગ્ર રાષ્ટ્રમાં મેદાનમાં ઉતરી પડી. હું તો એટલું જ કહેવા માગું છું અનુભવના આધાર ઉપર કે પ્રધાનમંત્રીશ્રીના જે મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાનના કોલ ઉપર અમે વડોદરા મહાનગરમાં જે પ્રકારની સ્વચ્છતાની ઝૂંબેશ ચલાવી. અમે સ્વચ્છતાના જે ધારાધોરણો છે એ અપનાવવા માટે થઇને, લોકોમાં જનજાગૃતિ ફેલાવવા માટે થઇને પ્રત્યેક ઘરોમાં આ અંગેની પ્રચાર પત્રિકા હાઉસ ટુ હાઉસ અમે પહોંચાડી. અમે સવારના ૯-૦૦થી લઇને સાંજના ૬-૦૦ વાગ્યા સુધી સતત કાર્યક્રમો કર્યા અને તે એટલે સુધી કે મહાનગરપાલિકાના જે સફાઇ સેવકો હોય તેની સાથે અમારા કાર્યકર્તાઓ પણ જોડાય અને જે તે વિસ્તારના નાગરિકો પણ જોડાય. આ બધા માટે થઇને કોઇ ૯-૦૦ વાગ્યે આવે અને કામગીરી શરૂ કરે અને પછી તેમણે છૂટા નહીં પડવાનું. બપોરનું ભોજન પણ જે તે સોસાયટી વિસ્તારના કે મહોલ્લાના લોકો અમને કરાવે. આ રીતે સતત અમે આ કામગીરી કરી અને તેને સફળતા મળી. હું એટલી જ ઇચ્છા રાખું છું, હું એટલું સૂચન કરવા માગું છું કે આ ગૃહના ચૂંટાયેલા માનવંતા ૧૮૨ સભ્યો પોતે શહેરી વિસ્તારમાં રહેતા હોય તો પોતાના વિસ્તારમાં, ગ્રામીણ વિસ્તારના જે ધારાસભ્યશ્રીઓ છે તે પોતે પણ પ્રત્યેક ગામને સીલેકટ કરીને તેમાં ગામની સમિતિ બનાવીને તેના માધ્યમથી આ કાર્યક્રમનો વ્યાપ ફેલાવે અને પોતે જાતે એક મિશન સમજીને લાગે તો હું એમ માનું છું કે ઝીરો પર્સેન્ટ પોલ્યુશન પર આપણો દેશ અવશ્ય પહોંચશે. લોકોમાં જે રીતની જાગૃતિ છે, લોકો જે જાગૃતિ દર્શાવે છે એ અદ્વિતિય છે. આ એક એવું પરિવર્તન આવે છે કે

નરેન્દ્રભાઇ જે સૂચન કરે છે, સમજો કે તેના લોજીકલ એન્ડ સુધી લઇ જવા માટે એ હંમેશાં વિચારતા હોય છે. હું એમ માનું છું કે આ સ્વચ્છતા અભિયાનને સફળતા મળવાની જ છે પણ એ મેળવવા માટે થઇને ગુજરાત તેમાં પ્રથમ નંબરે રહે તે રીતનો પુરુષાર્થ કરવા માટે થઇને ગૃહના તમામ સભ્યોને હું વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના આપણાં આ સત્રના સમાપનમાં એક એવો વિષય છેલ્લા દિવસના પ્રસ્તાવ તરીકે માનનીય સભ્યશ્રી અશોકભાઇ દ્વારા અને અમારા પક્ષ દ્વારા લાવવામાં આવ્યો છે કે જે વિષય એ આજીવન વિષય છે, જે વિષય સાથે સમગ્ર દેશની પ્રજા, નાનામાં નાના ગામડાંથી માંડીને મોટા મહાનગર સુધીના વિસ્તારો જોડાયેલા છે અને જે વિષય એ ફકત સ્વચ્છતા માટે નહી પણ સાથે સાથે સ્વચ્છતાને આનુષંગિક સ્વસ્થતા એટલે કે આરોગ્ય સાથે જોડાયેલો છે અને તેની સાથે સાથે સુંદરતા અને ભવ્યતા સાથે પણ જોડાયેલો છે. એવા સુંદર વિષયને લઇને ખૂબ વિશદ ચર્ચાઓ માનનીય સભ્યશ્રી અશોકભાઇના પ્રસ્તાવ ઉપર શ્રી ભૂષણભાઇ ભટ્ટ, શ્રી રણજીતભાઇ ગીલીટવાલા જે પોતે પણ સુરત જેવા મહાનગરના મેયર રહી ચૂક્યા છે. માનનીય ભાનુબેન જેઓ આપણાં રાજકોટના ધારાસભ્યશ્રી છે, શ્રી જીતુભાઇ સુખડીયા જેઓ વડોદરાના ધારાસભ્યશ્રી છે. આ તમામ માનનીય સભ્યશ્રીઓએ પણ ખૂબ સુંદર રીતે આ પ્રસ્તાવ ઉપર જે છણાવટ કરી છે એ આજે દેશ અને દુનિયાનો ચર્ચાનો વિષય બન્યો છે. આપણે બધા જાણીએ છીએ કે કરોડો રૂપિયાની કિંમતના મંદિરો બન્યા હોય, હોસ્પિટલો બની હોય, શાળા, કોલેજો, સરકારી મિલકતો બની હોય, બાગ-બગીચા બન્યા હોય અને આપણે ત્યાં જઇએ તો તેની આજુબાજુ જો ગંદકી હોય, કચરો હોય તો ગમે તેટલું ભવ્ય, વિશાળ મંદિર હોય પણ દર્શનાર્થીને ત્યાં જતાં અરૂચિ થતી હોય છે. રાજય સરકારની કે ખાનગી ગમે તેટલી સુંદર, અદ્યતન, તમામ સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ હોય અને હોસ્પિટલમાં જનાર દર્દીને તેમના સગા-વહાલાને, કર્મચારીઓ, ડોકટરો વગેરેને જો એ હોસ્પિટલમાં જવા માટે ગંદા વિસ્તારમાંથી પસાર થવું પડે. કચરામાંથી કે, ઢોળેલા પાણીમાંથી, કાદવ કિચડમાંથી પસાર થવું પડે તો કેટલી અરૂચી લાગે છે. આપણે સૌ જાણીએ છીએ કે, કરોડો ભારતીયોમાંથી લાખો લોકો જાત્રા કરે છે. આપણા પવિત્ર યાત્રાધામ હોય, આપણા હરવા-ફરવાના સ્થળ હોય કે અન્ય ઐતિહાસિક જોવાલાયક સ્થળ હોય ત્યાં આપણે બધા એ જોવા માટે જઇએ છીએ ત્યારે ખૂબ આનંદમાં, ઉત્સાહમાં, ગાડીમાં, ટ્રેનમાં, પ્લેનમાં જેને જેવી સગવડ હોય એ પ્રમાણે પહોંચે. પણ એ યાત્રા સ્થળ ઉપર પહોંચ્યા પછી ત્યાંની સ્થિતિ આપણે જોઇએ તો આપણને નિસાસો પડે છે. આ ઐતિહાસિક સ્થળ હોય, પવિત્ર નદી હોય, પવિત્ર સરોવર હોય એ જોવા આપણે ગયા હોઇએ. સેંકડો કિ.મી. દૂરથી, હજારો રૂપિયાનો ખર્ચ કરીને આવ્યા હોય અને ત્યાં જેવી સ્થિતિ હોય એ જોઇને આપણા મનમાં દુઃખની લાગણી થાય છે. માનનીય ગિલિટવાલાએ કહ્યું, માનનીય નરેન્દ્રભાઇએ બે દિવસ પહેલાં બનારસમાં ગંગા નદીના ઘાટની સફાઇ શરૂ કરી. આ શરૂઆત કરોડો લોકોને પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન આપવા માટેનો એક પ્રયાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પ્રસ્તાવનામાં જ અશોકભાઇએ એમ કહ્યું છે, અશોકભાઇની સાથે ભૂષણભાઇએ પણ કહ્યું. ગઇકાલે મેં મારા પ્રવચનમાં પણ કહ્યું હતું. આપણે બધા જાણીએ છીએ કે, મહાત્મા ગાંધીજીના જે પ્રિય વિષયો હતા, મહાત્મા ગાંધીજી એમ કહેતા હતા કે, મારા હાથમાં સત્તા હોય તો, આમ તો બધી સત્તા એમના હાથમાં જ હતી. એ કોઇ રાજય સત્તા લેવા માટે કદી કામ કરતા નહોતા. પણ એમની ઇચ્છા એવી હતી કે, મારું કહ્યું આટલું આટલું જો બધા માને તો આખા દેશમાં હું રામરાજય જેવું કામ કરાવડાવું, આખા દેશમાં દારુબંધી કરાવડાવું, આખા દેશમાં સ્વચ્છતા રખાવવા માટે કામ કરું, આખા દેશમાં અસ્પૃચ્છતા નિવારણ માટે તમામ કાર્યવાહી કરું. આ ગાંધીજીના જે પ્રિય સિદ્ધાંતો, કામો અને વિષયો હતા એમાં સ્વચ્છતા પણ એક મોટો વિષય હતો. ગઇકાલે જ દાખલો આપ્યો હતો. એ પ્રમાણે ફરી આજે મારે કહેવું છે કે, પોતાના અંગત જીવનમાં પણ ગાંધીજી પોતાનું શૌચાલય, પોતાનો રૂમ, પોતાનો વિસ્તાર, આશ્રમમાં હોય તો આશ્રમ આ બધી જ સાફ સફાઇ રોજીંદા ક્રમમાં એમના દ્વારા દરરોજ થતી હતી. અને એ જમાનામાં ગાંધીજીના જે અનુયાયી હતા. જે સાચા સત્યાગ્રહ સાથે અને દેશની આઝાદીની લડત સાથે જોડાયેલા હતા. એ બધા પણ આ કામગીરી પોતે કરતા હતા. એ આપણો વારસો આપણને મળેલો. પણ કમનસીબે આઝાદી પછી એવી વ્યવસ્થાઓ થઇ, આઝાદી પછીના એ પ્રમાણેના મંત્રીમંડળો કે નેતાઓ કે કાર્યકરો આવ્યા. વચ્ચે જુદા વિચારોમાંથી એ ઊભા થયા અને જુદી રીતે કામ કરતા થયા. એટલે ગાંધીજીના પ્રિય વિષય ઉપર એક મોટી બ્રેક લાગી ગઇ. આ બ્રેકને ઉપાડવાનું કામ આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કર્યું. અહીંયાં કહેવામાં આવ્યું. ૧૫ મી ઓગષ્ટે કરોડો લોકોએ ધ્વજવંદન, રાષ્ટ્રીય ધ્વજવંદન કર્યા, એ વખતે વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઇ પહેલીવાર ધ્વજવંદન કરતા હતા.

બીજા લોકોને તો એવી કલ્પના હતી કે, ખૂબ મોટી વાતો, ખૂબ મોટા નિર્ણયો, ખૂબ મોટા વિચારો અહીંયાથી વ્યક્ત થશે. પણ નરેન્દ્રભાઇએ વડાપ્રધાન તરીકે એમના પ્રવચનમાં જે વિચારો વ્યક્ત કર્યા, એ પાયાના કામોને એમણે હાથ ઉપર લીધા. સરકાર અબજો રૂપિયા વાપરે અને કોઇ યોજનાઓ થાય. સરકાર કરોડો રૂપિયા વાપરે અને કામો થઇ જાય, રસ્તાઓ થઇ જાય, કરોડો રૂપિયા વાપરે અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર થઇ જાય, આ તો બધું થયે જ જાય છે. પણ એના ઉપર શું? એનાથી વધુ શું? એનાથી વધુ વિકાસ શું? આજીવન શું? એવા વિષયને એટલે કે, સ્વચ્છતાના વિષયને પૂજ્ય મહાત્મા ગાંધીજીની લાગણીને આગળ વધારવા માટે માનનીય નરેન્દ્રભાઇએ આ વિષય મૂક્યો અને આપણે બધાએ જોયું કે, નરેન્દ્રભાઇ મોદીમાં આ દેશની પ્રજાને હવે એટલો બધો વિશ્વાસ છે કે, આ નેતા મારા દેશના ભાવિને પલટી શકે, ઘડતર કરી શકે અને નવા ભારતનું, અખંડ ભારતનું, સશકત ભારતનું, સ્વચ્છ ભારતનું, મજબૂત ભારતનું, સમૃદ્ધ ભારતનું, સ્વમાની ભારતનું નિર્માણ કરી શકે. એવા આ નેતા જયારે મળ્યા છે ત્યારે એમના સંદેશાને ઝીલી આજે નાનામાં નાના બાળકથી માંડી અહીંયા જીતુભાઇએ કહ્યું કે કોઇ બાળકને એમ લાગે કે મેં બીસ્કીટ ખાધુ છે, પીપરમીંટ ખાધી છે, ચોકલેટ ખાધી છે તો એનું રેપર બહાર નાખવાને બદલે ખીસામાં મૂકે એવી એક કેળવણીની શરૂઆત માનનીય નરેન્દ્રભાઇના આ આચરણને કારણે આપણે કરી શકયા છીએ.

ગઇ કાલે કોંગ્રેસના મિત્રો વિધાનસભામાં હાજર હતા એમાંથી એમના એક સભ્યશ્રીએ આ બાબત અંગે એમ કહ્યું કે અમારી સરકારે ભારત નિર્માણ કાર્યક્રમ શરૂ કરેલો અને આ તો અમારી યોજના છે. કોંગ્રેસના મિત્રો અહીં નથી કદાચ વિપક્ષના નેતાશ્રીની ઓફીસમાં મારું પ્રવચન સાંભળતા હોય અથવા તો કાલે પેપરવાળા છાપે તો વાંચીને કહે મને કે તમારા નેતાઓએ, તમારા વડાપ્રધાનશ્રીએ , તમારી યુ.પી.એ.ની કોંગ્રેસ સરકારે દસ વર્ષ સુધી પ્રજામાં જે કાર્યક્રમો આપ્યા એ કોઇ કાર્યક્રમ કાગળીયા ઉપરથી ફાઇલ ઉપરથી પ્રજાની વચ્ચે કદી ગયા છે? આજે રોડ ઉપર જઇને આપણે પૂછીએ નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છતા અભિયાન અંગે તમારે શું કહેવું છે તો સો જણને પૂછો તો નવ્વાણું જણા એમ કહે કે આ અમે જાણીએ છીએ અને અમે આવકારીએ છીએ અને એમાં અમે સહયોગ કરીએ છીએ અને એ જ વ્યકિતઓને જો આપણે પૂછીએ, એ જ નાગરિકોને કે મનમોહનસિંહજીની સરકાર હતી અને ભારત નિર્માણનો કાર્યક્રમ હતો એના વિશે તમે જાણો છો તો નવ્વણું જણા ના કહેશે, એટલા માટે કે એ સરકારની બધી જ વાત ફકત કાગળ ઉપર જ હતી, એમાં રકમની ફાળવણી થતી હતી પણ એ રકમ કયાં જતી હતી એ આજ સુધી કોઇને ખબર નથી પડી એને શોધવાનું કામ આ અમારી નવી સરકારે ચાલુ કર્યુ છે.

અમારા નેતા નરેન્દ્રભાઇ અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનની જે પ્રજાજોગ ઝુંબેશ ઉપાડી છે તે અગાઉની કોંગ્રેસની સરકાર જેમ ફાઇલો કે કાગળ ઉપર નથી આજે પ્રજાની વચ્ચે લાખ્ખો લોકો બીજી ઓકટોબરે સ્વચ્છતા માટે ટોકન સ્વરૂપે તો ટોકન સ્વરૂપે એક પ્રેરણા રીતે માર્ગદર્શન રીતે કહીએ તો એ પ્રમાણે આજે જોડાયા છે. આજે આપણા બધા ભારતીયો કહીએ છીએ, વારંવાર આપણા ભારતીયો પરદેશથી આવે અથવા આપણા કોઇ પરદેશ જાય તો બધા કેવી વાત કરે છે કે દુબઇમાં જઇએ, અમેરિકા જઇએ, ઇંગ્લેન્ડ જઇએ કે બીજા કોઇ પરદેશના દેશમાં જઇએ આપણા એરપોર્ટ પહોંચતા સુધી આપણે બધું જ બહાર નાખીએ, ગમે ત્યાં થૂંકીએ, ગમે ત્યાં કચરો નાખીએ, વિમાનમાં બેસીએ, વિમાનમાંથી બીજા દેશમાં ઉતરીએ એટલે જાણે ત્યાંનું એવું હવામાન લાગી જાય છે કે ત્યાં આપણે કચરો કરતા, ગંદકી કરતા, થૂંકતા પાનની પીચકારી મારતા બધા ડરીએ છીએ, કેમ કે બધા લોકોને ખબર છે કે ભારતમાં ગમે ત્યાં થૂંકશો તો કંઇ વાંધો નહીં, ભારતમાં સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન થીએટર આગળ પાનની પીચકારી મારશો તો વાંધો નહીં કેમ કે કોઇ કહેનાર નથી, જોનાર નથી એવી જૂની લોકોની માનસિકતા હતી અને દુબઇ જાય તો તરત ત્યાં કહે કે ખીસ્સામાં કાગળ મૂકો નહીંતર દંડ થશે, અમેરીકા જાય તો નાક સાફ કરેલો કાગળ હોય તો મૂકો નહીં તો પાંચ ડોલર દંડ થશે, આ જે માનસિકતા છે, આપણા લોકોને ખબર છે કે પરદેશમાં જઇએ તો બધી સાફસફાઇ રાખવાની, આપણે કોઇ ભૂલ કરતા નથી, પણ જેવા પાછા પરદેશમાંથી ભારતના એરપોર્ટ ઉપર ઉતર્યા આપણી હવા લાગી એટલે ત્યારથી જ આપણી મૂળ ટેવો પાછી ચાલુ થઇ જાય છે, આ જે ઝૂંબેશ માનનીય નરેન્દ્રભાઇએ, આપણા મુખ્યમંત્રી માનનીય આનંદીબહેને અને આપણી ભારતીય જનતા પક્ષની સરકારે એન.જી.ઓ.નો આપણા પૂજય સાધુસંતોનો અને સમાજના જાહેર આગેવાનોનો, ક્રીકેટરો હોય ખેલાડીઓ હોય, અભિનેતા હોય આ બધાનો સહયોગ લઇને આપણે એટલા માટે ઝૂંબેશ ઉપાડી છે કે આપણે બધું જ કરી શકીએ છીએ. પણ મૂળ બદલાવ આપણી ટેવની અંદર લાવવાનો છે. આપણા સંસ્કાર, આપણી ટેવ, આપણી રહેણીકરણી સુધારવા માટેનો આ એક મોટો પ્રયાસ છે.

અહીંયા ખૂબ સાચું કહેવાયું કે અત્યારે આપણે પોતે જો બહાર કચરો નાખવાનું બંધ કરીએ તો ગ્રામ પંચાયત હોય, નગરપાલિકા હોય એની ૫૦ ટકા કામગીરી સફાઇ કામદારોની પચાસ ટકા કામગીરી તો આપોઆપ હલ થઇ જાય છે. પણ ગંદકી પણ કરવી, ફરિયાદ પણ કરવી અને પાછું ઉપાડવા માટે ફરિયાદ કર્યા પછી ફોલો-અપ કરાવવું એ બધું આપણે સતત કરીએ છીએ. આપણને બધાને ખબર છે કે અમેરિકામાં તો બરફ પડ્યો હોય, કે ઘર સામે ગંદકી હોય અને જેનું ઘર હોય એના ઘરની બહારની સરકારની, મ્યુનિસિપાલિટીની ફુટપાથ ઉપર પણ કોઇના ઘર આગળ બરફ કે કચરો પડ્યો હોય અને કોઇ લપસી જાય અને ઈજા થાય તો તમને મ્યુનિસિપાલિટી પણ દંડ કરે છે અને જે વ્યક્તિ પડી ગઇ હોય અને ઈજા પામી હોય એ તમારા ઘર આગળના બરફની તમે સફાઇ ન કરી હોય તો એ તમારા ઉપર કોર્ટમાં દાવો પણ કરે છે. અમેરિકામાં કાયદો છે કે તમારા ઘરને ચોખ્ખું રાખવું પણ તમારા ઘરની બહારના એરિયામાં, તમારા ઘરની લિમિટમાં આવતી ફુટપાથ પરનો બરફ વગેરે પણ ચોખ્ખા રાખવાના. આપણે શું કરીએ છીએ? બધાની ટેવ છે કે આપણે ઘર ચોખ્ખું રાખીએ, કાર્યાલય ચોખ્ખું રાખીએ પણ આપણો કચરો સરકારની ફુટપાથ ઉપર, સરકારના જાહેર રોડ ઉપર, આપણી ઓફિસની બહાર, આપણી દુકાનની બહાર, દુકાનની જગ્યાએ ઝગમગાટવાળી કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલી હોય, અંદર ઈન્ટરિઅર ડેકોરેશન કર્યું હોય, પરંતુ કાપડ, ચીજવસ્તુ વેચાય એના રેપર ખરીદનાર અને દુકાનદાર બન્ને રોડ ઉપર નાખી દે. પવનથી ઉડતું ઉડતું એ આમથી આમ ફર્યા કરે. આ પ્રમાણેની ગંદકી આપણે જ્યારે જોઇએ છીએ ત્યારે બધા ફરિયાદ કરે છે પણ આ ગંદુ બરાબર નથી. પણ પોતે ગંદકી દૂર કરવામાં કેવી રીતે સહયોગ આપી શકે એ લાગણી, એ રાષ્ટ્રીય ભાવના કોઇનામાં ઉભી થઇ ન હતી. આ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક વિચાર વ્યક્ત કર્યો અને એક અભિયાન શરૂ કર્યું અને એ અભિયાનને આખા દેશના તમામ નાગરિકોએ પોત પોતાની શક્તિ પ્રમાણે, પોત પોતાની આવડત પ્રમાણે, પોતાની ફરજના ભાગરૂપે જ્યારે ઉપાડી લીધું છે ત્યારે અહીંયા સભ્યશ્રીઓએ જે લાગણી વ્યક્ત કરી કે ૨૦૧૯માં જ્યારે પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ આખો દેશ ઉજવવાનો છે ત્યારે વડાપ્રધાનશ્રીએ લાલ કિલ્લા ઉપરથી જે હાકલ કરી છે કે આપણું ભારત અનેક રીતે આગળ છે. સંસ્કૃતિમાં આગળ છે, ધર્મમાં આગળ છે, વિકાસમાં આગળ છે, બધી જ રીતે જ્યારે આપણે આગળ હોઇએ, સાંસ્કૃતિક ભવ્ય હજારો વર્ષોનો વારસો ધરાવતા હોઇએ અને એક નાના પરદેશનો નાગરિક અહીં આવીને આપણને આંગળી કરે કે તમારો દેશ, તમારું શહેર, તમારું ગામ, તમારી હોસ્પિટલ ગંદી છે એ કલંક અને ટીકા આપણા માથે ન રહે એ ભૂંસવાનું કામ જ્યારે આપણી સરકારે પ્રજાના સહયોગથી, સેવાભાવી કાર્યકરોના સહયોગથી, એન.સી.સી., એન.એસ.એસ. વિદ્યાર્થી પરિષદ આવા બધા સેવાભાવી સંગઠનોના સહયોગથી જ્યારે ચાલુ કર્યું છે ત્યારે આપણી સરકાર ફક્ત વાતોથી અને પ્રવચનોથી વાત પૂરી કરતી નથી. નગરપાલિકાઓને સાધનોની અછત હોય, ગ્રામ પંચાયતોને વધારે અછત હોય, આવક ન હોય, સફાઇ માટેના સાધનો જેવા કે ટ્રેક્ટર, ટ્રોલીઓ બધું વસાવવું પડે એના માટે એ લોકો સરકાર પાસે સ્વભાવિક છે કે અપેક્ષા રાખે. અમે એટલા માટે અમારા શહેરી વિકાસ વિભાગ અને અમારા પંચાયત વિભાગે આ આંદોલનને વેગ આપવા માટે એને વધુ ઝડપથી સફળ બનાવવા માટે અને જે ટાંચા સાધનો ધરાવતી જે આપણી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ છે એના માટે અમારી ગુજરાત સરકારનું બજેટ અને કેન્દ્રના બજેટમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કેન્દ્રમાં જે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં કામ કરી રહી છે એના બજેટમાં આ વર્ષે અબજો રૂપિયાની જે જોગવાઇ કરી છે એમાં ગઇ કાલે જ આપણે જે કાયદો પસાર કર્યો કે ફરજિયાત શૌચાલય જોઇએ. ફરજિયાત શૌચાલય કરીને વાત પૂરી કરતા નથી. શહેરમાં કોઇ ગરીબ હોય અને શૌચાલય ન હોય તો અમે શૌચાલય બનાવવા અમારી સરકાર શહેરમાં ૮ હજાર રૂપિયા અને ગામડામાં ગરીબ હોય અને શૌચાલય બનાવવું હોય તો ૧૨ હજાર રૂપિયા આપણી બન્ને સરકારો અત્યારે સબસિડી આપે છે. આપણે જાન્યુઆરી ૨૦૧૪થી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની શરૂઆત કરી એ પછી જે જે કામો અમે હાથ ઉપર લીધા છે એમાં ૫ હજારથી વધુ વસતિ ધરાવતું ગામ હોય, પંચાયત હોય એને ઘરે ઘરે થી કચરો એકત્ર કરવા માટે જે ગામની જેટલી વસતિ હોય એ વસતિની વ્યક્તિ દીઠ દર મહિને બે રૂપિયા લેખે અમે દરેક ગામડાને ગ્રાન્ટ આપીશું અને ગામમાં લોકો કચરો નાંખે તો એમાં ટ્રેક્ટરમાંથી ભરીને એને દૂર લઇ જવા માટે ૧૦૦૦ની વસ્તી હોય તો મહિને ૨૦૦૦ રૂપિયા, ૧૦,૦૦૦ની વસ્તી હોય તો ૨૦,૦૦૦ રૂપિયા એ પ્રમાણે ગ્રામ પંચાયતોને આપણા પંચાયત મંત્રી માનનીય જયંતિભાઇએ આ યોજના મંજૂર કરી છે એનું કામ આપણે હાથ ઉપર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામમાં પશુપાલકોના જે ઊકરડા હોય છે, ગાય-ભેંસનું છાણ હોય એ આપણે પધ્ધતિ છે કે ગામમાં ઊકરડા કરી ખેડૂતો રાખતા હોય છે તો આવા ઊકરડાને પણ કોઇ ગોબરગેસ

પ્લાન્ટ બનાવીને ગોબરગેસ ઉત્પન્ન કરે તો એમને સાધન સહાય આપવા માટે પણ આપણે ૧ કરોડ ૬૫ લાખ રૂપિયાની જોગવાઇ કરી છે એમાંથી એ લોકોને આપણે લાભ આપીશું. ઘરે ઘરેથી કચરો એકઠો કરીને ગામથી દૂર નક્કી કરેલા સ્થળે એનો નાશ કરવા માટે દરેક જે આપણા જિલ્લાઓ છે એ દરેક જિલ્લાને ૧૦ લાખ રૂપિયા લેખે પહેલા તબક્કાની ગ્રાન્ટ ૮ કરોડ ૯૪ લાખની ફાળવણી કરી છે અને બીજા તબક્કામાં પણ ૧૧ કરોડ ૫૪ લાખ આમ ગ્રાન્ટ ફાળવણી દર વર્ષે નિયત સ્વરૂપે આપણે કરીશું. ગામડામાં સરપંચને એમ ન કહેવાની તક મળે કે, મારે બધું સ્વચ્છ રાખવું છે પણ પૈસા નથી, ટ્રેક્ટર નથી, ટ્રોલી નથી, ડિઝલના પૈસા નથી સરકાર બધું આપશે અને એમાંથી એ સ્વચ્છતા અભિયાનને આગળ વધારે એ પ્રમાણે આપણે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪માં ૮૫૬૧ ગ્રામ પંચાયતોને આપણે લગભગ ૨૯ કરોડ રૂપિયાની ગ્રાન્ટ સ્વચ્છતા કામગીરીને મજબૂત બનાવવા માટે ફાળવણી કરી છે. ૨૦૧૪-૧૫માં આ જ ગૃહમાં આપ સૌ માનનીય સભ્યશ્રીઓએ જે બજેટ મંજૂર કર્યુ એમાં ૪૫ કરોડ રૂપિયા ગામડામાં સ્વચ્છતાની કામગીરી ૧૩ જિલ્લામાં કરવા માટે આપણે ફાળવણી કરી છે. એવી રીતે સરકારી ઓફિસો, સિવિલ હોસ્પિટલો, પી.એચ.સી. કે શાળાઓ, કોલેજો વગેરેમાં પણ સફાઇ કામગીરી માટેનો આખો કાર્યક્રમ આપણે પ્રજાના સહયોગથી, કર્મચારી ભાઇ-બહેનોના સહયોગથી હાથ ઉપર લીધો છે ત્યારે આ બધું જ જ્યારે આપણે ગામડામાં કરતા હોઇએ તો શહેરોમાં નગરપાલિકા અને મહાનગરપાલિકામાં પણ શહેરી વિકાસ વિભાગ તરફથી અનેક આધુનિક સાધનો સ્વચ્છતા માટેના વસાવવા માટે આપણે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરી છે. શહેરી વિકાસ વિભાગ તરફથી જે ફાળવણી કરવામાં આવી છે એ જો આપના ધ્યાન ઉપર મૂકું તો દરેક શહેરોની અંદર ભૂગર્ભ ગટર યોજનાઓ બની જાય એ માટે રાજ્ય સરકારે સંપૂર્ણ ગ્રાન્ટ આપીને આયોજન કર્યુ છે. પીવાનું પાણી પણ મળે અને પીવાનું પાણી ન્હાવા-ધોવા રસોડાના ઉપયોગ પછી જે ગટરમાં જાય એ રોડ ઉપર કે મહોલ્લામાં ના નીકળે અને એનો નિકાલ ભૂગર્ભ ગટર દ્વારા યોગ્ય રીતે થાય એ માટે પણ આપણે આયોજન કર્યુ છે ત્યારે આ બધું જ કામ સ્વચ્છતા અભિયાન હેઠળ આપણે સૌ કરીએ અને ગુજરાતને જેમ સર્વાંગી વિકાસમાં આપણે દેશમાં આગળ રાખેલું એમ માનનીય વડાપ્રધાનશ્રીએ ૨૦૧૯નો ભલે લક્ષ્યાંક આપ્યો હોય પણ મારી આ ગૃહ દ્વારા, આપ સૌ માનનીય સભ્યશ્રીઓ દ્વારા સમગ્ર રાજ્યના નાગરિકોને નમ્ર વિનંતી છે કે, આપણે સફાઇની કામગીરીમાં વધુ ને વધુ સહયોગ કરીએ. ક્યાંય આપણે પોતે ગંદકી કરીએ નહિ કે બીજા કોઇને કરવા દઇએ નહિ અને ક્યાંય હોય તો એનો યોગ્ય રીતે નિકાલ કરવામાં સહયોગ આપીએ. આપણા સરપંચો, આપણી નગરપાલિકાના પ્રમુખો, આપણા મેયરોને અને કોરપોરેટર ભાઇઓને હું વિનંતી કરું છું કે, તમે પણ તમારા વોર્ડમાં, તમારા ગામમાં, તમારા વિસ્તારમાં સ્વચ્છતા માટે વધુ ને વધુ જાગૃત થઇ સઘનતાથી કામ કરો અને ભલે માનનીય વડાપ્રધાનશ્રીએ ૨૦૧૯ નક્કી કરી હોય પણ આપણે ૨૦૧૯ પહેલા ગુજરાતને સ્વચ્છ, સુંદર, સ્વસ્થ અને તંદુરસ્ત બનાવીએ એમાં આપ સૌ સહયોગ આપો એવી વિનંતી.

અધ્યક્ષશ્રી : અશોકભાઇના પ્રસ્તાવની ચર્ચા પૂરી થાય છે, નેકસ્ટ.

વિધાનસભાના મેજ ઉપર મૂકવાના અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો.

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે અને સમયના અભાવે માનનીય સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૬૬ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭ (ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સત્ર સમાપ્તિ**

અધ્યક્ષશ્રી : સભાગૃહની આજની બેઠકનું કામકાજ હવે પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯ (૧) અન્વયે હું આ સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

**સત્રની સમાપ્તિ 'વંદે માતરમ્' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સવારના ૧૧.૨૧ વાગ્યે પૂરું થતા માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું.**

તા. ૧૧મી નવેમ્બર,૨૦૧૪
હાજરી પત્રક

તેરમી ગુજરાત વિધાનસભા
(પાંચમુ સત્ર)
પત્રક ક્રમાંકઃ–
**( જુઓ ફકરા ક્રમાંકઃ)**
**(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી, મુખ્યદંડકશ્રી, નાયબ મુખ્ય દંડકશ્રી, અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| અ.નં | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેરહાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | શકિતસિંહ હરિચંદ્રસિંહજી ગોહિલ | ૨ | – | ૨ | |
| ૨. | છેડા શ્રી તારાચંદ જગશી (મંત્રીશ્રી) | – | – | ૨ | |
| ૩. | આચાર્ય ડૉ. નીમાબેન | – | – | ૨ | |
| ૪. | આહિર શ્રી વાસણભાઇ ગોપાલભાઇ | ૨ | – | ૨ | |
| ૫. | મહેશ્વરી શ્રી રમેશભાઇ વચ્છરાજ | ૨ | – | ૨ | |
| ૬. | મહેતા, પંકજભાઇ અનોપચંદ | ૨ | – | ૨ | |
| ૭. | ચૌધરી શ્રી શંકરભાઇ લગધીરભાઇ(મંત્રીશ્રી) | – | – | ૨ | |
| ૮. | પટેલ શ્રી પરબતભાઇ સવાભાઇ | ૨ | – | ૨ | |
| ૯. | પટેલ શ્રી જોઇતાભાઇ કસ્નાભાઇ | ૨ | – | ૨ | |
| ૧૦. | ખરાડી શ્રી કાન્તીભાઇ કાળાભાઇ | ૨ | – | ૨ | |
| ૧૧. | વાઘેલા શ્રી મણીલાલ જેઠાભાઇ | ૨ | – | ૨ | |
| ૧૨. | પટેલ શ્રી મહેશકુમાર અમૃતલાલ | ૨ | – | ૨ | |
| ૧૩. | રબારી ગોવાભાઇ હમીરાભાઇ | ૨ | – | ૨ | |
| ૧૪. | ચૌહાણ શ્રી કેશાજી શિવાજી | ૨ | – | ૨ | |
| ૧૫. | ખાનપુરા શ્રી ધારશીભાઇ લખાભાઇ | ૨ | – | ૨ | |
| ૧૬. | ઠાકોર શ્રી નાગરજીભાઇ હરચંદજી | ૨ | – | ૨ | |
| ૧૭. | ઠાકોર શ્રી દિલીપકુમાર વિરાજીભાઇ (મંત્રીશ્રી) | – | – | ૨ | |
| ૧૮. | દેસાઇ શ્રી રણછોડભાઇ મહીજીભાઇ | ૨ | ૧ | ૨ | |
| ૧૯. | રાજપૂત શ્રી બલવંતસિંહ ચંદનસિંહ | ૨ | – | ૨ | |
| ૨૦. | ડાભી શ્રી ભરતસિંહજી શંકરસિંહજી | ૨ | – | ૨ | |
| ૨૧. | પટેલ શ્રી નારાયણભાઇ લલ્લુદાસ | ૨ | – | ૨ | |
| ૨૨. | પટેલ શ્રી ઋષિકેશ ગણેશભાઇ | ૨ | – | ૨ | |
| ૨૩. | પટેલ શ્રી રજનીકાન્ત સોમાભાઇ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૪. | ચાવડા શ્રી રમેશભાઇ મગનભાઇ | ૨ | – | ૨ | |
| ૨૫. | પટેલ શ્રી નિતીનકુમાર રતીલાલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૬. | પટેલ શ્રી પ્રહલાદભાઇ ઇશ્વરભાઇ | ૨ | – | ૨ | |
| ૨૭. | ચાવડા રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | ૨ | – | ૨ | |
| ૨૮. | વોરા શ્રી રમણલાલ ઇશ્વરલાલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૨૯. | કોટવાલ શ્રી અશ્વિન | ૨ | – | ૨ | |
| ૩૦. | જોષીયારા ડૉ. અનિલ | ૨ | – | ૨ | |
| ૩૧. | ઠાકોર શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ | ૨ | – | ૨ | |
| ૩૨. | વાઘેલા શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | ૨ | – | ૨ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૩. | બારૈયા શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ | ૨ | – | ૨ |
| ૩૪. | રાઠોડ શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ | ૨ | – | ૨ |
| ૩૫. | ઠાકોર શ્રી શંભુજી ચેલાજી | ૨ | – | ૨ |
| ૩૬. | પટેલ શ્રી અશોકકુમાર રણછોડભાઇ | ૨ | – | ૨ |
| ૩૭. | ચૌધરી શ્રી અમિતભાઇ હરિસિંગભાઇ | ૨ | – | ૨ |
| ૩૮. | ઠાકોર શ્રી બળદેવજી ચંદુજી | ૨ | – | ૨ |
| ૩૯. | પટેલ ડૉ. તેજશ્રીબેન દિલીપકુમાર | ૨ | – | ૨ |
| ૪૦. | પટેલ શ્રી કરમશીભાઇ વિરજીભાઇ | ૨ | – | ૨ |
| ૪૧. | પટેલ શ્રીમતી આનંદીબેન મફતલાલ (મુખ્ય મંત્રીશ્રી) | – | – | – |
| ૪૨. | ચૌહાણ શ્રી કિશોરસિંહ બાબુલાલ | ૨ | – | ૨ |
| ૪૩. | જાડેજા શ્રી પ્રદિપસિંહ ભગવંતસિંહ (મંત્રીશ્રી) | ૨ | – | ૨ |
| ૪૪. | શાહ શ્રી રાકેશભાઇ જશવંતલાલ | ૨ | – | ૨ |
| ૪૫. | શાહ શ્રી અમિત | – | ૨ | ૨ |
| ૪૬. | પંચાલ શ્રી જગદીશભાલ ઇશ્વરભાઇ | ૨ | – | ૨ |
| ૪૭. | વાઘવાણી ડૉ. નિર્મલાબેન સુનીલભાઇ | ૨ | – | ૨ |
| ૪૮. | કાકડીયા શ્રી વલ્લભભાઇ ગોબરભાઇ | ૨ | – | ૨ |
| ૪૯. | રાજપૂત શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ | ૨ | – | ૨ |
| ૫૦. | પટેલ શ્રી હસમુખભાઇ સોમાભાઇ | ૨ | – | ૨ |
| ૫૧. | શેખ શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન | ૨ | – | ૨ |
| ૫૨. | ભટ્ટ શ્રી ભૂષણ અશોક | ૨ | – | ૨ |
| ૫૩. | પટેલ શ્રી સુરેશભાઇ ધનજીભાઇ | ૨ | – | ૨ |
| ૫૪. | પરમાર શ્રી શૈલેષ મનુભાઇ | ૨ | – | ૨ |
| ૫૫. | પટેલ શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ | ૨ | – | ૨ |
| ૫૬. | પટેલ શ્રી રજનીકાંત મોહનલાલ | ૨ | – | ૨ |
| ૫૭. | પટેલ શ્રી બાબુભાઇ જમનાદાસ | ૨ | – | ૨ |
| ૫૮. | ચુડાસમા શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા (મંત્રીશ્રી) | – | – | – |
| ૫૯. | કોળીપટેલ શ્રી લાલજીભાઇ ચતુરભાઇ | ૨ | – | ૨ |
| ૬૦. | મકવાણા શ્રી પુનમભાઇ કાળાભાઇ | ૨ | – | ૨ |
| ૬૧. | શ્રી કિરીટસિંહ રાણા | ૨ | – | ૨ |
| ૬૨. | દોશી શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઇ | ૨ | – | ૨ |
| ૬૩. | ચૌહાણ શ્રી શામજીભાઇ ભીમજીભાઇ | ૨ | – | ૨ |
| ૬૪. | કવાડીયા શ્રી જંયતિભાઇ રામજીભાઇ (મંત્રીશ્રી) | – | – | – |
| ૬૫. | અમૃતિયા શ્રી કાંતિલાલ શીવલાલ | ૨ | – | ૨ |
| ૬૬. | મેતલીયા શ્રી બાવનજીભાઇ હંસરાજભાઇ | ૨ | – | ૨ |
| ૬૭. | પીરઝાદા શ્રી મહમદજાવીદ અબ્દુલમુતલીબ | – | ૨ | ૨ |
| ૬૮. | રાજયગુરૂ શ્રી ઇન્દ્રનિલભાઇ સંજયભાઇ | ૨ | – | ૨ |
| ૬૯. | રૂપાણી શ્રી વિજયભાઇ | ૨ | – | ૨ |
| ૭૦. | પટેલ શ્રી ગોવિંદભાઇ ઉકાભાઇ (મંત્રીશ્રી) | – | – | – |
| ૭૧. | બાબરીયા શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ | ૨ | – | ૨ |
| ૭૨. | ગોહેલ શ્રી ભોળાભાઇ ભીખાભાઇ | ૨ | – | ૨ |
| ૭૩. | જાડેજા શ્રી જયરાજસિંહ ટેમુભા | ૧ | ૧ | ૨ |
| ૭૪. | રાદડીયા શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ (મંત્રીશ્રી) | – | – | – |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૫. | માકડીયા શ્રી પ્રવિણભાઇ મોહનભાઇ | ૨ | – | ૨ |
| ૭૬. | ચાવડા શ્રી મેઘજીભાઇ અમરાભાઇ | ૨ | – | ૨ |
| ૭૭. | પટેલ શ્રી રાઘવજીભાઇ હંસરાજભાઇ | ૨ | – | ૨ |
| ૭૮. | જાડેજા શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા | ૨ | – | ૨ |
| ૭૯. | ત્રિવેદી પ્રો.શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઇ (મંત્રીશ્રી) | – | – | – |
| ૮૦. | શાપરીયા શ્રી ચીમનભાઇ ધરમશીભાઇ | ૨ | – | ૨ |
| ૮૧. | ગોરીયા શ્રી મેરામણભાઇ મારખીભાઇ | ૨ | – | ૨ |
| ૮૨. | માણેક શ્રી પ્રબુભા વિરમભા | ૨ | – | ૨ |
| ૮૩. | બોખીરીયા શ્રી બાબુભાઇ ભીમાભાઇ (મંત્રીશ્રી) | – | – | – |
| ૮૪. | જાડેજા શ્રી કાંધલ સરમણભાઇ | – | ૨ | ૨ |
| ૮૫. | ચાવડા શ્રી જવાહરભાઇ પેથલજીભાઇ | ૨ | – | ૨ |
| ૮૬. | મશરૂ રી મહેન્દ્રભાઇ લીલાધરભાઇ | ૨ | – | ૨ |
| ૮૭. | રીબડીયા શ્રી હર્ષદભાઇ માધવજીભાઇ | ૨ | – | ૨ |
| ૮૮. | લાડાણી શ્રી અરવીંદભાઇ કેશવભાઇ | ૨ | – | ૨ |
| ૮૯. | વાજા શ્રી બાબુભાઇ કાળાભાઇ | ૨ | – | ૨ |
| ૯૦. | બારડ શ્રી જસાભાઇ ભાણાભાઇ | ૨ | – | ૨ |
| ૯૧. | બારડ શ્રી જશુભાઇ ધાનાભાઇ | ૧ | ૧ | ૨ |
| ૯૨. | સોલંકી શ્રી જેઠાભાઇ દાનાભાઇ | ૨ | – | ૨ |
| ૯૩. | વંશ શ્રી પુંજાભાઇ ભીમાભાઇ | ૨ | – | ૨ |
| ૯૪. | કોટડીયા શ્રી નલીનભાઇ નાનજીભાઇ | ૨ | – | ૨ |
| ૯૫. | ધાનાણી શ્રી પરેશભાઇ | ૨ | – | ૨ |
| ૯૬. | ઉંઘાડ શ્રી બાવકુભાઇ નાથાભાઇ | ૨ | – | ૨ |
| ૯૭. | વઘાસીયા શ્રી વલ્લભભાઇ વશરામભાઇ | ૨ | – | ૨ |
| ૯૮. | સોલંકી શ્રી હીરાભાઇ ઓઘવજીભાઇ | ૧ | ૧ | ૨ |
| ૯૯. | મકવાણા શ્રીમતી ભાવનાબેન રાઘવભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૦. | ગોહિલ શ્રી શીવાભાઇ જેરામભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૧. | નાકરાણી શ્રી કેશુભાઇ હીરજીભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૨. | રાઠોડ શ્રી પ્રવિણભાઇ જીણાભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૩. | સોલંકી શ્રી પરસોત્તમભાઇ ઓઘવજીભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૪. | દવે શ્રીમતી વિભાવરીબેન વિજયભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૫. | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઇ સવજીભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૬. | પરમાર શ્રી આત્મારામ મકનભાઇ **(નાયબ મુખ્યદંડકશ્રી)** | – | – | – |
| ૧૦૭. | માણીયા ડૉ. ટી. ડી. | ૨ | – | ૨ |
| ૧૦૮. | પટેલ શ્રી સંજયકુમાર રમણભાઇ | ૨ | – | ૨ |
| ૧૦૯. | પરમાર શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | ૧ | ૧ | ૨ |
| ૧૧૦. | ચાવડા શ્રી અમિત | ૨ | – | ૨ |
| ૧૧૧. | પટેલ શ્રી જયંતભાઇ રમણભાઇ | ૨ | – | ૨ |
| ૧૧૨. | પટેલ શ્રી રોહિત | ૨ | – | ૨ |
| ૧૧૩. | પટેલ શ્રી નિરંજન | ૨ | – | ૨ |
